શ્રીમદ્‌વલ્લભાચાર્યજી

વિરચિત

# શ્રીમદ્ ભાગવત
# દ્વિતીયસ્કન્ધ સુબોધિનીજી

✤ અનુવાદક ✤

**ગો. વા. શ્રી. નાનુલાલ નારાયણદાસ ગાંધી**

એમ.એ., એલ.એલ.બી., ધંધુકા

✤ વર્તમાન પ્રકાશક ✤

✤ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ ✤

કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ, ગુજરાત, પીનકોડ- ૩૭૦ ૪૬૫

ફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩/૨૨૪૩૦૬

E-mail : gosharad@sancharnet.in

Website : http://www.pustimarg.net

✤ મુદ્રક ✤

✤ જસનીલ પ્રિન્ટસ્ ✤

૪/એફ, સુન્દરધામ, એસ. વી. પી. રોડ, રામબાગ લેન,

બોરિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૯૨.

ટે. નં. (૦૨૨) ૨૮૦૭ ૭૮૦૪

પ્રકાશન સમય ૨૦૦૫

પુસ્તક પ્રકાશન સહાય ૩૦૦/-

પ્રત : ૫૦

મ. ગ. શાસ્ત્રી સ્મારકમાલા, ગ્રન્થાંક ૬

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજીવિરચિત

# શ્રીમદ્ભાગવત

# દ્વિતીયસ્કન્ધ સુબોધિનીજીનો

## ગુજરાતી અનુવાદ

અનુવાદકર્તા

વે. શા. સં. કલ્યાણજીભાઈ કાનજીભાઇ શાસ્ત્રી, મુંબઇ

દ્રવ્યની સહાય કરનાર

વડોદરાના ગોલોકવાસી પરમભગવદીય

શેઠ ચીમનલાલ મોતીલાલ શામળ બેચરના પુણ્ય સ્મરણમાં

શેઠ ટોડરમલ ચીમનલાલ શામળબેચર

શેઠ ડાહ્યાભાઇ ચીમનલાલ શામળબેચર

પ્રકાશક

વાડીલાલ નગીનદાસ શાહ,

બી. એ., એલએલ. બી., એડવોકેટ

ભૂલેશ્વર, મુંબઈ ૨

Rs 300

પ્રતિ ૧૧૦૦

મૂલ્ય : પાકું પૂઠું ૩—૦—૦

કાચું પૂઠું ૨—૧૨—૦

સંવત ૧૯૯૮

## મ. ગ. શાસ્ત્રી સ્મારકમાળામાં પ્રકટ થયેલા ગ્રન્થો

| | |
|---|---|
| ૧ શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ (કર્તા: મ. ગ. શાસ્ત્રી) | ૧-૦-૦ |
| ૨ દશમસ્કન્ધ રાજસપ્રમાણ પ્રકરણ સુબોધિની (સંસ્કૃત) | ૧-૦-૦ |
| ૩ પ્રથમસ્કન્ધ સુબોધિનીનો ગુજરાતી અનુવાદ | ૩-૦-૦ |
| ૪ દશમસ્કન્ધ રાજસપ્રમેય પ્રકરણ સુબોધિનીનો ગુજરાતી અનુવાદ | ૨-૮-૦ |
| ૫ યુગલગીત સુબોધિનીનો ગુજરાતી અનુવાદ | ૦-૪-૦ |
| ૬ દ્વિતીયસ્કન્ધ સુબોધિનીનો ગુજરાતી અનુવાદ | ૩-૦-૦ |
| ૭ દશમસ્કન્ધ તામસ ફલ પ્રકરણ સુબોધિની : મૂળ સંસ્કૃત અને નીચે ગુજરાતી અનુવાદ | એક માસમાં પ્રસિદ્ધ થશે. |

### —: પુસ્તકો મળવાનું ઠેકાણું :—

૧ પણ્ડિત ગટ્ટુલાલજીનું મંદિર, કેથિડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર, મુંબઇ, ૨
૨ રા. રા. ગિરધરલાલ જગજીવનદાસ શાહ, બુકસેલર, મોટા મંદિર, ભૂલેશ્વર, મુંબઈ ૨
૩ શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, મોટા મંદિર, સૂરત
૪ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિયાદ
૫ રા. રા. લલ્લુભાઈ છગનલાલ દેશાઈ, બુકસેલર, ટેમલાપોળ કાળુપુર, અમદાવાદ
૬ વૈશ્વાનર બુક એજન્સી, મીઠાખળી, એલિસબ્રિજ, અમદાવાદ

( સર્વ હક્ક સ્વાધીન

મુદ્રણસ્થાન: આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ
મુદ્રક: મણિલાલ પુરુષોત્તમ મિસ્ત્રી, બી. એ.



श्री गोवर्धननाथजी

पाटोत्सव • गुर्जर माघ वदि ९

# પ્રસ્તાવના

**દ્વિતીય સ્કન્ધ સુબોધિનીનો** આ ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરતાં અમને ઘણો આનન્દ થાય છે. આ અનુવાદ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વયોવૃદ્ધ વિદ્વાન શાસ્ત્રી કલ્યાણજી-ભાઇએ તૈયાર કરેલો છે અને તેનું મુદ્રણ કરવાનો બધો ખર્ચ વડોદરાના ભગવદીય શેઠ ટોડરમલ્લ ચીમનલાલ શામળબેચર તથા શેઠ ડાહ્યાભાઈ ચીમનલાલ શામળબેચર તરફથી તેમના ગો. વા. પિતાશ્રી ભગવદ્ધર્મપરાયણ શેઠ ચીમનલાલ મોતીલાલ શામળબેચરના પુણ્ય સ્મરણમાં આપવામાં આવેલો છે. આ ઉદાર અને અનુકરણીય મદદ માટે અમે શેઠ ટોડર-મલ્લભાઇનો તથા શેઠ ડાહ્યાભાઈનો અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. ગો. વા. શેઠ ચીમનલાલભાઇ પોતાની ભગવદીયતાને માટે તથા સામ્પ્રદાયિક સેવાઓને માટે વૈષ્ણવ-સૃષ્ટિમાં ઘણા જાણીતા હતા. વૈષ્ણવ પરિષદ્‌ની સ્થાપનામાં તેમણે ઘણો શ્રમ લીધો હતો અને સામ્પ્રદાયિક સિદ્ધાન્તોનો પ્રચાર વૈષ્ણવોમાં થાય એ સદાશા હમ્મેશાં તે સેવતા હતા; અને તેથી તેમના સ્મારક તરીકે તેમના સત્પુત્રોએ આ ગ્રન્થ જે છપાવ્યો છે તે સર્વથા યોગ્ય અને સ્તુત્ય છે. શેઠ ચીમનલાલભાઇનું જીવન આદર્શ વૈષ્ણવને શોભા આપે એવું હતું અને તેથી તેમના જીવનનો સંક્ષિપ્ત પરિચય આ ગ્રન્થમાં આપવામાં આવેલો છે. રા. રા. શેઠ ટોડરમલભાઇએ પણ પોતાના પિતાની માફક સામ્પ્રદાયિક સાહિત્યનો સારો અભ્યાસ કર્યો છે અને તેઓ સમ્પ્રદાયની દરેક સત્પ્રવૃત્તિમાં સારો રસ લઈ પોતાના કુલની પરંપરા જાળવી રહ્યા છે. આશા છે કે તેઓ આવી રીતે સામ્પ્રદાયિક કાર્યોમાં રસ લઇને પિતાના સ્મરણમાં સામ્પ્રદાયિક સાહિત્યની સેવા કરશે.

જ્યાંસુધી સર્વ સાહિત્ય પ્રકટ ન થાય ત્યાંસુધી શ્રીવલ્લભાચાર્યજીના ગ્રન્થોનું સ્વારસ્ય બરોબર સમજી શકાતું નથી એ વાત વિદ્વાનોના અનુભવની છે. પ્રથમસ્કન્ધ સુબોધિની અને દ્વિતીયસ્કન્ધ સુબોધિની વગેરે ઉપર શ્રીવલ્લભકૃત લેખ હજુ સુધી પ્રસિદ્ધ થયો નથી તેથી સુબોધિની સમજવામાં કેટલીક મુશ્કેલી પડે છે. તો જે સામ્પ્રદાયિક સરસ્વતીભંડારોમાં આ લેખની હસ્તલિખિત પ્રતિ હોય તેમના માલિકોને અમે જાહેર વિનંતી કરીએ છીએ કે તેઓ લેખની પ્રતિ અમને મોકલી આપે, જેથી તે છપાવવાનો પ્રબન્ધ થઈ શકે. જેમની પ્રતિઓ આવી હશે તેમને કાળજી રાખીને તે પ્રતિઓ સમયસર આભારપૂર્વક પાછી મોકલી આપવામાં આવશે.

આ ગ્રન્થમાં છાપવા માટે શ્રીમહાપ્રભુજીનો ત્રિરંગી બ્લૉક કાંકરોલીના વિદ્યાવિભાગ તરફથી મળ્યો છે, તેથી અમે ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજનો તથા પણ્ડિત કણ્ઠમણિજીનો અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. શ્રીનાથજીનો ચારરંગી બ્લૉક આપીને પરમભગવદીય શેઠ રણછોડદાસ વરજીવનદાસ પેટલાદીએ પણ અમને ઉપકૃત કર્યા છે.


આ અનુવાદનાં પ્રૂફ શોધવાનું કામ સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રી કેશવરામ કાશીરામે, પોતાને ઘણું કાર્ય હોવા છતાં પણ, આનન્દથી કર્યું છે તેને માટે અમે તેમનો ઘણો આભાર

માનીએ છીએ. તેમ જ આદિત્ય મુદ્રણાલયના માલિક રા. રા. મણિલાલ પુરુષોત્તમ મિસ્ત્રી, બી. એ. એ અનેક મુશ્કેલીઓ હોવા છતાં આ ગ્રન્થ છાપવામાં જે વિશિષ્ટ કાળજી આપી છે તેને માટે અમે તેમનો પણ અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ ગ્રન્થના આમુખ અને દ્વિતીયસ્કન્ધ સુબોધિનીમાં આવેલા કેટલાક ન્યાયોનું વિવરણ લખી આપવા બદલ અમે પ્રો. ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટનો પણ આભાર માનીએ છીએ.

પૂરતી કાળજી રાખવા છતાં પણ છાપવામાં કેટલીક ભૂલો રહી ગઈ છે તે માટે સુજ્ઞ વાચકોની અમે ક્ષમા માગીએ છીએ. ફક્ત એક મહત્ત્વની અશુદ્ધિ તરફ વાચકોનું લક્ષ્ય ખેંચવાની જરૂર જણાય છે. ૧૮૯ પૃષ્ઠ ઉપર ૨૩ મી પંક્તિમાં ‘મોત વખતે’ એમ જે લખવામાં આવેલું છે તેને બદલે ‘જ્યોતિષ્ટોમની સંસ્થામાં’ એ પ્રમાણે વાંચવું.

૬૮–૭૧, ત્રીજો ભોઇવાડો,
ભૂલેશ્વર, મુંબઇ, ૨
તા. ૨૩–૩–૪૨

**વાડીલાલ નગીનદાસ શાહ**



अखिलभूमण्डलाचार्यवर्य श्री १०८ श्री मद्वल्लभाचार्यचरणाः

प्राकट्य : चैत्र कृष्ण ११ संवत् १५२९ लीलाप्रवेश : आषाढ शुक्ल २ संवत् १५८७

# આમુખ

પ્રથમ સ્કન્ધમાં હીન, મધ્યમ અને ઉત્તમ એ ત્રણ પ્રકારના અધિકારીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ અધિકારીઓએ કયું સાધન કરવું એનો વિચાર દ્વિતીય સ્કન્ધમાં કરવામાં આવે છે.

પ્રથમ સ્કન્ધના છેલ્લા ભાગમાં પરીક્ષિત્ જેવો ઉત્તમ શ્રોતા વૈદિક માર્ગ અને ભક્તિમાર્ગને અનુસરીને શ્રવણ, જપ, કર્તવ્ય, સ્મરણ અને ભજન એ વિશે ઉત્તમ વક્તા શુકદેવજીને પ્રશ્ન કરે છે, અને શુકદેવજી દ્વિતીય સ્કન્ધમાં ઉત્તર આપે છે કે અભયની ઈચ્છા રાખનારે અંગસહિત શ્રવણ કરવું. આ પ્રમાણે દ્વિતીય સ્કન્ધ શ્રવણના અંગનું નિરૂપણ કરે છે. સમ્પૂર્ણ ભાગવત શ્રવણવિધિનું અંગ છે. તેમાં તૃતીયથી દ્વાદશ એમ દશ સ્કન્ધો શ્રવણનો વિષય છે. દ્વિતીય સ્કન્ધ એ ભગવાનનું વામ ચરણારવિન્દ છે.

દ્વિતીય સ્કન્ધમાં ત્રણ પ્રકરણો છે: (૧) તત્ત્વધ્યાન, (૨) હૃત્પ્રસાદ અથવા ચિત્તશુદ્ધિ, અને (૩) મનન. પહેલા પ્રકરણમાં બે અધ્યાય છે. તેમાં પહેલા અધ્યાયમાં સ્થૂલ ધ્યાનનું અને બીજા અધ્યાયમાં સૂક્ષ્મ ધ્યાનનું વર્ણન કરવામાં આવેલું છે. બીજા પ્રકરણમાં પણ બે અધ્યાય છે. તેમાં પહેલા અધ્યાયમાં શ્રોતાના ચિત્તની શાન્તિનું અને બીજા અધ્યાયમાં વક્તાના ચિત્તની શાન્તિનું વર્ણન કરવામાં આવેલું છે. ત્રીજા પ્રકરણમાં બે પ્રકારે વિચાર કરવામાં આવ્યો છે: (૧) ઉત્પત્તિ પ્રકારે, અને (૨) ઉપપત્તિ પ્રકારે. પાંચમો, છઠ્ઠો અને સાતમો એ ત્રણ અધ્યાયમાં ઉત્પત્તિ પ્રકારે વિચાર કરેલો છે. તેમાં પાંચમા અધ્યાયમાં ચૌદ લોકની રચના કરવાને માટે બ્રહ્માણ્ડના કારણરૂપ અનિત્ય મહત્ વગેરે તત્ત્વોની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવેલું છે. આને જ અનિત્યમાં જનન કહેવામાં આવે છે. છઠ્ઠા અધ્યાયમાં પરિચ્છિન્ન જીવોના બ્રહ્માણ્ડમાં જુદે જુદે સ્થાને સમાગમનું, અને પુરુષસૂક્તના અર્થનું વર્ણન કરેલું છે, અને તે પ્રકારે જીવોના સર્વ ફલને સાધી શકે એવા ભગવદ્ભજનનું વર્ણન કરવામાં આવેલું છે. આને જ પરિચ્છિન્નમાં સમાગમ કહેવામાં આવે છે. સાતમા અધ્યાયમાં મૂલભક્તિથી ભજન સિદ્ધ કરવાને માટે નિત્ય અને અપરિચ્છિન્ન એવા ભગવાનના પ્રાકટ્યનું–આવેશ અને અવતારનું–વર્ણન કરવામાં આવેલું છે. છેલ્લા ત્રણ–આઠથી દસ–અધ્યાયોમાં ઉપપત્તિ પ્રકારે વિચાર કરવામાં આવેલો છે.

પહેલાં વર્ણવેલી બાબતમાં જે શંકા કરવામાં આવે છે તેનું વર્ણન આઠમા અધ્યાયમાં છે, અને તે શંકાનું સમાધાન નવમા અધ્યાયમાં કરવામાં આવેલું છે. છેલ્લા અધ્યાયમાં ફલરૂપ શ્રીમદ્ભાગવતનું શ્રવણ કરવું એમ કહેવામાં આવેલું છે. આ પ્રમાણે દ્વિતીય સ્કન્ધમાં એકંદરે દસ અધ્યાયો આવેલા છે.

દ્વિતીય સ્કન્ધનાં સુબોધિનીમાં અનેક મહત્ત્વના વિષયોનું નિરૂપણ કરવામાં આવેલું છે. બ્રાહ્મણ્યદેવતાવાદ, સ્વપ્ન–વિચાર, રાધસ્ શક્તિ, માયા, વિરુદ્ધધર્માશ્રય, યોગસ્વરૂપ, જૈમિનિના સિદ્ધાન્તથી શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તનો ભેદ ઇત્યાદિ વિષયોની સુંદર ચર્ચા આ ગ્રન્થમાં કરવામાં આવેલી છે, અને તેથી વિદ્વાનોને આ ગ્રન્થ વાંચવાથી ઘણું જાણવાનું

મળી શકે છે. પહેલા અધ્યાયના પાંચમા શ્લોકની સુબોધિનીમાં આચાર્યચરણ પોતે રચેલા પૂર્વમીમાંસાભાષ્યનો ઉપન્યાસ કરે છે. તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણના પ્રકાશમાં પણ શ્રીમહાપ્રભુજી પૂર્વમીમાંસાભાષ્યનું સૂચન કરે છે. આ પૂર્વમીમાંસાભાષ્ય અખણ્ડરૂપમાં આપણને આજે પ્રાપ્ત થતું નથી એ આપણા દુર્ભાગ્યની વાત છે. સમ્પ્રદાયના પુસ્તક-ભણ્ડારોમાં હસ્તલિખિત ગ્રન્થોની જો બરોબર તપાસ કરવામાં આવે તો આ વિષય ઉપર પ્રકાશ પડવાનો સંભવ છે. વળી, સાતમા અધ્યાયના ત્રીસમા શ્લોકની સુબોધિનીમાં આચાર્ય-ચરણ આજ્ઞા કરે છે કે यथैतच्चरित्रद्वयं भगवत्त्वं साधयति तथा भाष्ये निरूपितमधिकरणद्वयेन. શ્રીપુરુ-ષોત્તમજી દ્વિતીયસ્કન્ધ સુબોધિનીના પ્રકાશમાં કહે છે કે 'वैश्वानरः साधारणशब्दविशेषात्' ( બ્રહ્મસૂત્ર ૧-૨-૨૪ ) इत्यनेन, 'आमनन्ति चैनमस्मिन्' ( બ્રહ્મસૂત્ર ૧-૨-૩૨ ) इत्यनेन च. અર્થાત્ શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયે જે બે અધિકરણોનું નિરૂપણ આચાર્યચરણે કરેલું છે તે બે અધિકરણો ૧-૨-૨૪ થી ૩૧, અને ૧-૨-૩૨ એ પ્રમાણે છે. વાસ્તવિક રીતે તો આજે આપણી પાસે જે અણુભાષ્ય છે તેમાં તો ૧-૨-૨૪થી૩૨ એમ નવ સૂત્રનું એક જ અધિકરણ મળે છે. તો પછી આચાર્યચરણે જણાવેલાં બે અધિકરણો કયાં એ પ્રશ્ન સ્વાભા-વિક રીતે ઉપસ્થિત થાય છે. આ વિષયમાં બે અનુમાન થઈ શકે એમ છેઃ એક તો શ્રીપુરુષોત્તમજીનું વ્યાખ્યાન આચાર્યચરણના અભિપ્રાયથી ભિન્ન છે; અને બીજું અનુમાન એ કે આચાર્યચરણે પોતાના મૂલ ભાષ્યમાં ( જેને કેટલાક બૃહદ્ભાષ્ય કહે છે તેમાં ) ૨૪-૩૧ સૂત્રોનું એક અધિકરણ અને ૩૨ મા સૂત્રનું બીજું અધિકરણ દર્શાવ્યું હોય. શ્રીપુરુ-ષોત્તમજી પોતાના ભાષ્યપ્રકાશમાં ૨૪-૩૨ એમ નવ સૂત્રનું એક જ અધિકરણ સ્વીકારે છે. દ્વિતીય સ્કન્ધના સાતમા અધ્યાયના ત્રીસમા શ્લોકમાં વિરુદ્ધધર્માશ્રયની જ વાત છે અને બ્રહ્મસૂત્રમાં વૈશ્વાનરાધિકરણમાં ( ૧-૨-૨૪ થી ૩૨ ) જ વિરુદ્ધધર્માશ્રયની ચર્ચા કરવામાં આવેલી છે, એટલે આચાર્યચરણ વૈશ્વાનરાધિકરણનો જ ઉપન્યાસ કરે છે એ વાત સ્પષ્ટ છે; તેથી શ્રીપુરુષોત્તમજીનું વ્યાખ્યાન યોગ્ય છે. પણ બે અધિકરણો કયાંથી લાવવાં? મૂલ-બૃહદ્ભાષ્યની કલ્પના કરીને? સામ્પ્રદાયિક વિદ્વાનો આ બાબત ઉપર પ્રકાશ પાડશે.

દ્વિતીય સ્કન્ધના નવમા અધ્યાયના દસમા શ્લોકની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે अक्षरस्वरूपं च निबन्धे निरूपितम्. આ પંક્તિ ઉપર ટીકા કરતાં શ્રીપુરુષોત્તમજી આચાર્યચરણના ગ્રન્થોનો રચનાક્રમ દર્શાવે છે, અને કહે છે કે આચાર્યચરણે પ્રથમ મૂલ તત્ત્વદીપ નિબન્ધ રચ્યો, પછી સુબોધિની વગેરે સર્વ ગ્રન્થો રચ્યા, અને પછીથી મૂલ તત્ત્વદીપ નિબન્ધના ઉપર પ્રકાશ નામની ટીકા રચી. વળી, શ્રીભાગવતાર્થપ્રકરણના પ્રકાશમાં પણ આચાર્યચરણ ઘણી વાર પોતે રચેલી સૂક્ષ્મ ટીકાનો ઉપન્યાસ કરે છે. શાસ્ત્રાર્થપ્રક-રણમાં પાંચમા શ્લોકના પ્રકાશમાં શ્રીમહાપ્રભુજી પૂર્વમીમાંસાભાષ્ય, ઉત્તરમીમાંસાભાષ્ય અને ભાગવતટીકાનો ઉપન્યાસ કરે છે; એટલે શ્રીપુરુષોત્તમજીએ દર્શાવેલું અનુમાન સ્વીકાર્ય છે.

આવા ઉત્તમ ગ્રન્થનું અધ્યયન અને મનન કરીને વૈષ્ણવો અને વિદ્વાનો કૃતાર્થ થશે એમાં શંકાને સ્થાન નથી.

'શાકુન્તલ',<br>ખારીવાવ રોડ, વડોદરા<br>તા. ૨૪-૧૨-૪૧

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ



પરમભગવદીય ગો. વા. શેઠ ચીમનલાલ મોતીલાલ શામળબેચર

જન્મ : સંવત્ ૧૯૨૫ અવસાન : સંવત્ ૧૯૮૩

# ગો. વા. શેઠ ચીમનલાલ મોતીલાલ શામળ બેચરનું
# સંક્ષિપ્ત જીવનચરિત્ર

**ગો**લોકવાસી પરમ ભગવદીય શેઠ ચીમનલાલભાઇનો જન્મ સંવત્ ૧૯૨૫ના આશ્વિન, શુકલ પૂર્ણિમાને દિવસે અમદાવાદમાં દશાપોરવાળ વૈષ્ણવ વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમના કુળમાં દોઢસો વર્ષ પહેલાં શામળદાસ શેઠ નામના એક મહાન્ સાહસિક પુરુષ થયા હતા. તેઓ વેપારમાં ઘણા કુશલ હતા. વેપારને માટે અમદાવાદ છોડીને તેઓ પગરસ્તે મુંબઈ આવવા નીકળ્યા. રસ્તામાં વડોદરા આવે એટલે વડોદરામાં તેઓ આરામ લેવા થોભી ગયા, અને તે જ વખતે તેમના સગાઓએ તેમને વડોદરામાં જ રોકી દીધા. શામળદાસ શેઠે વડોદરામાં જ વેપાર શરૂ કર્યો અને પોતાની હોશિયારીથી તેઓ લાખો રૂપિયા કમાયા અને વડોદરા રાજ્યને પણ નાણાં ધીરવા લાગ્યા. આ પ્રમાણે શામળદાસ શેઠનો વડોદરા રાજ્ય સાથે સંબંધ બંધાયો અને જેમ જેમ સમય જવા લાગ્યો તેમ તેમ આ સંબંધ વધારે ગાઢ થતો ગયો. શામળદાસ શેઠની પેઢી શામળબેચરની પેઢી તરીકે પ્રસિદ્ધ પામી. કાલક્રમે શેઠ મોતીલાલભાઇ અને વડોદરા રાજ્ય વચ્ચે મતભેદ ઉપસ્થિત થયો અને તેને પરિણામે શામળબેચરની પેઢીની સ્થિતિ અનિશ્ચિત થઈ. પણ જ્યારે તે પેઢીનું સુકાન શેઠ ચીમનલાલભાઈની પાસે આવ્યું ત્યારે તેમણે પોતાની વ્યવહાર-કુશળતા અને સૌજન્યથી કૈલાસવાસી મહારાજા સાહેબ સર સયાજીરાવ ત્રીજાનું મન વશ કરી લીધું; તે એટલે સુધી કે રાજ્યે લઈ લીધેલા પેઢીના હક્કો પેઢીને પાછા આપ્યા, એટલું જ નહિ પણ શેઠ ચીમનલાલભાઈ સાથે મહારાજા સાહેબનો ઘણો અંગત સંબંધ બંધાયો અને તે આજે પણ ચાલુ છે. વડોદરા રેસિડેન્સી સાથે પણ શેઠ ચીમનલાલભાઈનો ઘણો સારો સંબંધ હતો અને તે આજ સુધી ચાલુ રહ્યો છે. શેઠ ચીમનલાલભાઇએ સયાજી મિલ નામની એક મોટી કાપડની મિલ કાઢી અને તેણે દિવસે દિવસે ઘણી પ્રગતિ કરી. શેઠશ્રી વડોદરા રાજ્યની ધારાસભાના સભાસદ હતા; વળી ઑનરરી મેજિસ્ટ્રેટ પણ હતા; અને વડોદરા રાજ્યની પ્રજામાં તેઓ એટલા બધા પ્રિય થઇ પડેલા હતા કે તેમને વડોદરા રાજ્યની પ્રજાએ પોતાના અગ્રણી તરીકે માન્યા હતા.

આ તો વેપારની અને રાજકીય વાત થઈ, પણ સમ્પ્રદાયની બાબતમાં શેઠશ્રી ઘણો રસ લેતા હતા. પોતે કૉલેજમાં ભણેલા અને તેમના સહાધ્યાયીઓમાં ડૉ. આનન્દશંકર ધ્રુવ જેવા વિદ્વાન્ પુરુષો હતા. કૉલેજનું શિક્ષણ લીધા પછી સામ્પ્રદાયિક સાહિત્ય વાંચવાનો તેમને શોખ લાગ્યો, અને આ વિષયમાં રા. રા. રણછોડદાસ પટવારી અને પ્રો. મગનલાલ શાસ્ત્રીના સમાગમથી તેમણે સારી પ્રગતિ કરી, અને તેને જ પરિણામે વૈષ્ણવ પરિષદનું પ્રથમ અધિવેશન વડોદરામાં જ ભરવામાં આવ્યું. ત્યારથી તેમનો અને

પ્રો. મગનલાલ શાસ્ત્રીનો સંબંધ ઘણો ગાઢ થયો અને તે જીવનપર્યન્ત ટકી રહ્યો. સમ્પ્રદાયના જે ગ્રન્થો છપાય તેમાં શેઠશ્રી નાણાંની ઉદાર મદદ કરતા અને આ પ્રમાણે સાહિત્ય-સરિતાનો પ્રવાહ ચાલુ રાખવાને તેઓ પ્રયત્ન કરતા હતા. નામસેવા ઉપરાંત સ્વરૂપસેવામાં પણ તેમને ઘણો રસ હતો. પોતાના કુલમાં ઘણાં વર્ષોથી ચાલી આવેલી સેવાનો પ્રવાહ પણ તેમણે ઘણા આનન્દથી ચાલુ રાખ્યો, અને અત્યારે પણ તે જ પ્રમાણે પરંપરા ચાલુ રહી છે એ સંતોષની વાત છે. આ પ્રમાણે શેઠ ચીમનલાલભાઇએ પોતાનું જીવન ભગવન્મય કરી નાખ્યું હતું. તેમનો સ્વભાવ ઘણો સરલ અને મિલનસાર હતો અને તેમનું સ્મિત કરતું વદન શત્રુઓને પણ નમ્ર બનાવી દેતું હતું. સંવત્ ૧૯૮૩માં અઠ્ઠાવન વર્ષની વયે તેમનો ગોલોકવાસ થયો, અને સંપ્રદાયને એક મહારથીની ખોટ પડી.

શેઠશ્રીને બે પુત્રો છેઃ શેઠ ટોડરમલભાઈ અને શેઠ ડાહ્યાભાઈ. આ બે સત્પુત્રોએ પણ પોતાના પિતાની પરંપરા જાળવી રાખી છે. તેઓ નામસેવા અને સ્વરૂપસેવામાં ઘણો સારો રસ લે છે. અને વધારે આનન્દની વાત તો એ છે કે શેઠ ટોડરમલભાઇએ સામ્પ્રદાયિક સંસ્કૃત ગ્રન્થોનો ઘણો સારો અભ્યાસ કર્યો છે અને આજે પણ અભ્યાસ કર્યા કરે છે. જેવી રીતે ગો. વા. શેઠ ચીમનલાલભાઇને શાસ્ત્રીજી મગનલાલભાઇનો સમાગમ થયો હતો તેવી રીતે શેઠ ટોડરમલભાઇને શાસ્ત્રીજી બદરીનાથભાઈનો સમાગમ થયો છે અને તેને પરિણામે શેઠ ટોડરમલભાઈ સામ્પ્રદાયિક અને ઇતર જ્ઞાન સારી રીતે મેળવી શકયા છે. વળી તેઓ પોતાને ત્યાં દર એકાદશીએ વિદ્વન્મણ્ડન જેવા આકર ગ્રન્થોનું વાચન કરાવે છે અને બીજાઓને પણ તેનો લાભ અપાવે છે. સૂરતની શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા તરફથી જે સામ્પ્રદાયિક પરીક્ષાઓ દર વર્ષે લેવામાં આવે છે તેમાં ચતુર્થ વર્ષની પરીક્ષામાં શેઠ ટોડરમલભાઇને પરીક્ષક તરીકે નીમવામાં આવ્યા હતા, એટલું જ નહિ પણ સૂરતમાં આ વર્ષે ઉજવાયેલી શ્રી ગોકુલેશ જયન્તીના પ્રસંગે ગુજરાતી સાહિત્યના વિભાગના પ્રમુખ તરીકે તેમને પસંદ કરવામાં આવ્યા હતા અને તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ બહુ વખણાયું હતું; એટલું જ નહિ પણ સામ્પ્રદાયિક સાહિત્યને પ્રકટ કરવામાં અને તેને યોગ્ય મદદ કરવામાં તેઓ ઘણો ઉત્સાહ દર્શાવે છે. અણુભાષ્યનો ગુજરાતી અનુવાદ, ચતુઃશ્લોકી ભાગવત, દ્વિતીયસ્કન્ધ સુબોધિનીનો ગુજરાતી અનુવાદ ઇત્યાદિ ગ્રન્થોના મુદ્રણમાં તેમણે સારી મદદ કરેલી છે એ વાત વૈષ્ણવોથી અજાણી નથી. શેઠ ટોડરમલભાઈ નિવૃત્તિપરાયણ જીવન ગાળીને સમ્પ્રદાયના ગ્રન્થોનો વિચાર કર્યા કરે છે, અને આ વૃત્તિને લીધે જ મિલની જવાબદારીમાંથી પોતે મુક્ત થઇ ગયા છે. આ બધી બાબતો ઉપરથી સ્પષ્ટ જણાશે કે શેઠ ટોડરમલભાઇ પોતાના પિતાના માર્ગે જ જઇને પોતાના જીવનની સાર્થકતા સિદ્ધ કરવા માગે છે.

આશા છે કે ગો. વા. શેઠ ચીમનલાલભાઇના સત્પુત્રો આ કુલવ્રતનું પાલન કરીને ભગવદાનન્દનો અનુભવ કરશે અને કરાવશે.

---- * ----

# દ્વિતીય સ્કન્ધ સુબોધિનીમાં આવેલા ન્યાયો

(૧) आहारपृथक्त्वन्यायः–આ પૂર્વમીમાંસાનો ન્યાય છે. વેદમાં ભિન્ન ભિન્ન ફલો માટે યાગનું વિધાન કરવામાં આવેલું છે. તો તેમાં સંદેહ એવો થાય છે કે એક જ વખત યાગ કરવાથી સર્વ ફલ સિદ્ધ થાય કે યાગની આવૃત્તિ કરવાથી સર્વ ફલ સિદ્ધ થાય. આ વિષયમાં સિદ્ધાન્ત એવો છે કે જુદે જુદે સમયે યાગની આવૃત્તિ કરવાથી સર્વ ફલ સિદ્ધ થાય છે. આ ન્યાયને आहारपृथक्त्वन्याय કહેવામાં આવે છે. આહારનું, યજ્ઞનું, પૃથક્ત્વ એટલે આવૃત્તિ; તેથી આહારપૃથક્ત્વ કહેવાય છે. અર્થાત્ દરેક ફલ સિદ્ધ કરવાને માટે દરેક વખતે યાગ કરવો જોઇએ એ આ ન્યાયનું તાત્પર્ય છે. (૨. ૧. ૫)

(૨) सन्नियोगशिष्टन्याय–આ ન્યાય વ્યાકરણનો છે. पूतक्रतोरै च (૪. ૧. ૩૬) એ પાણિનિસૂત્ર ઉપરના મહાભાષ્યમાં આ ન્યાય આવેલો છે. જેનું વિધાન સાથે થયેલું હોય તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાથે થાય છે. મહાભાષ્યમાં દાખલો આપવામાં આવ્યો છે કે देवदत्तयज्ञदत्ताभ्यामिदं कर्म कर्तव्यम् । देवदत्तापाये यज्ञदत्तोऽपि न करोति । આ કામ દેવદત્ત અને યજ્ઞદત્ત એ બે જણે કરવું. તેમાં જો દેવદત્ત કામ ન કરે અને જતો રહે તો યજ્ઞદત્ત પણ તે કામ ન કરે. જુદાં જુદાં ફલ સિદ્ધ કરવાને માટે યાગરૂપી એક જ સાધનનું વિધાન કરવામાં આવેલું છે; અર્થાત્ યાગની સાથે જુદાં જુદાં ફલોનો સંબંધ એક સાથે જ રહેલો છે. તો પછી યાગનું એક ફલ જ્યારે મળે ત્યારે બીજું ફલ પણ મળવું જોઇએ એમ આ ન્યાયનું તાત્પર્ય છે. (૨. ૧. ૫.)

(૩) मग्नश्चेत् पातालं विशेत्–આ લૌકિક ન્યાય છે. જે માણસ પાણીમાં ડૂબે તે પાતાલમાં પહોંચે છે. (૨. ૨. ૫.)

(૪) गुणोपसंहारन्याय–આ ઉત્તરમીમાંસાનો ન્યાય છે. બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના ત્રીજા પાદમાં આ વિષયનો વિચાર કરવામાં આવ્યો છે, તેથી તે પાદને કેટલીકવાર ગુણોપસંહાર પાદ પણ કહેવામાં આવે છે. બ્રહ્મની ઉપાસનાને માટે વેદની જુદી જુદી શાખાઓમાં બ્રહ્મના જુદા જુદા ધર્મોનું વર્ણન કરવામાં આવેલું છે. ઉપાસનાઓ ભિન્ન ભિન્ન હોય છતાં પણ ઉપાસનાનો વિષય–બ્રહ્મ–બધી ઉપાસનાઓમાં એક જ હોવાથી બીજી શાખાઓમાં વર્ણવેલા બ્રહ્મના ધર્મોનો પણ ઉપસંહાર કરવો જોઇએ. અર્થાત્ બ્રહ્મની ઉપાસનામાં બ્રહ્મના બધા ગુણોનો ઉપસંહાર કરવો ઉચિત છે. (૨. ૨. ૬)

(૫) ब्रह्मास्त्रन्याय–આ ન્યાય રામાયણના પ્રસંગમાંથી લેવામાં આવેલો છે. એક વખતે રાક્ષસોએ હનુમાનજીને લંકામાં બ્રહ્માસ્ત્રથી બાંધ્યા, તેથી હનુમાનજી સ્તબ્ધ અને સ્થિર થઇ ગયા. હનુમાનજીને ચેષ્ટા વિનાના જોઈને રાક્ષસોએ તેમને દોરડાથી બાંધવાનો આરંભ કર્યો. આમ કરવાથી રાક્ષસોનો બ્રહ્માસ્ત્ર ઉપરનો વિશ્વાસ જતો રહ્યો અને તેથી બ્રહ્માસ્ત્ર પણ નીકળી ગયું અને હનુમાનજી મુક્ત થઇ ગયા. અવિશ્વાસ કેટલો બાધક છે તે આ ન્યાય ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. (૨. ૨. ૬)

(૬) मुख्ये कार्यसम्प्रत्ययन्याय–આ ન્યાય વ્યાકરણનો છે. नपुंसकमनपुंसकेनैकवच्चास्यान्यतरस्याम् (૧. ૨. ૬૯) એ પાણિનિના સૂત્ર ઉપરના મહાભાષ્યમાં આ ન્યાય આપવામાં આવેલો છે. પતંજલિ કહે છે કે प्रधाने कार्यसंप्रत्ययाच्छेषो भविष्यति. આ ઉપરથી प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः એ પરિભાષા અસ્તિત્વમાં આવી છે. મુખ્ય અને અમુખ્ય એ બન્નેને જ્યાં કાર્ય લાગુ પડતું હોય ત્યાં મુખ્યને જ તે કાર્ય લાગુ પાડવામાં આવે છે. એમ આ ન્યાયનો અર્થ છે. મુખ્ય વસ્તુ અન્તરંગ અને ઉપજીવ્યના કરતાં પણ વધારે બલવાન્ છે એમ हेतुमति च (૩. ૧. ૨૬) એ પાણિનિના સૂત્ર ઉપરના મહાભાષ્ય અને પ્રદીપમાં સિદ્ધ કરવામાં આવેલું છે. (૨. ૨. ૨૧)

(૭) अन्धहस्तिन्याय–આ લૌકિક ન્યાય છે. આંધળા માણસો હાથીનું સ્વરૂપ હાથીના જે ભાગનો તેમણે સ્પર્શ કર્યો હોય તે ભાગ રૂપે વર્ણન કરે છે. તે પ્રમાણે બધાય લોકો ભગવાનના એક ભાગને જ ભગવાન્ તરીકે વર્ણવે છે. (૨. ૨. ૩૫)

(૮) बकबन्धनन्याय–આ લૌકિક ન્યાય છે. બગલાને મેળવવાની ઇચ્છા રાખનારો માણસ બગલાના માથા ઉપર માખણ મૂકે છે, અને તે માણસ એમ ધારે છે કે સૂર્યના તાપથી તેને માખણ ઓગળીને બગલાની આંખમાં જશે અને તેથી બગલો આંધળો થઇ જશે એટલે તેને પકડી શકાશે. અર્થાત્ બગલાને મેળવવાનો આ પ્રયત્ન કેવલ હાસ્યજનક છે, વ્યર્થ છે. જ્યાં વ્યર્થતાનો ભાવ દર્શાવવાનો હોય છે ત્યાં આ ન્યાય વાપરવામાં આવે છે. (૨. ૩. ૧૧)

(૯) तात्स्थ्यात्तद्व्यपदेशन्याय–આ લૌકિક ન્યાય છે. જે સ્થલમાં કોઈ એક પદાર્થ હોય તે પદાર્થ સ્થલના નામથી ઓળખાય છે: દા. ત. ભગવાનના ચરણારવિન્દમાં બધાં પ્રાણીઓ રહેલાં છે, તેથી બધાં પ્રાણીઓને ભગવાનના ચરણારવિન્દ તરીકે ઓળખાવી શકાય. पुंयोगादाख्यायाम् (૪. ૧. ૪૮) એ પાણિનિના સૂત્ર ઉપરના મહાભાષ્યમાં આ ન્યાયનો ઉપયોગ કરવામાં આવેલો છે. ત્યાં मञ्चा हसन्ति (માંચડાઓ હસે છે), અને गिरिर्दह्यते (પર્વત બળે છે) એ બે ઉદાહરણો આપવામાં આવેલાં છે. (૨. ૬. ૧૮)

(૧૦) काकतालीयन्याय–આ લૌકિક ન્યાય પ્રસિદ્ધ છે. કાગડાનું બેસવું અને તાડનું પડવું એ કહેવત વ્યવહારમાં ઘણી પ્રચલિત છે. અકસ્માત્ દર્શાવવાને માટે આ ન્યાયનો ઉપયોગ કરવામાં આવે છે. (૨. ૬. ૨૭)

(૧૧) कैमुतिकन्याय–આ ન્યાય વ્યવહારમાં ઘણો પ્રચલિત છે. किम् અને उत એ બે શબ્દો મળીને किमुत શબ્દ થયો છે, અને તેના ઉપરથી कैमुतिक શબ્દ સિદ્ધ થયો છે. આ ન્યાયનો અર્થ 'તો પછી એમાં કહેવું જ શું?' 'તો પછી કેટલું બધું?' ઇત્યાદિ થાય છે. દા. ત. જે માણસ બીજાંઓનાં બાલકોને ચાહે તે માણસ પોતાનાં બાલકોને કેટલો બધો ચાહે? આ ન્યાયનું બીજું નામ काव्यार्थापत्ति પણ છે. (૨. ૭. ૭)

(૧૨) स्वव्यापारे हि कर्तृत्वं सर्वत्रैवास्ति कारके–આ ન્યાય વ્યાકરણશાસ્ત્રમાં કારક પ્રકરણની અંદર આપવામાં આવેલો છે. कारके (૧. ૪. ૨૩) અને स्वतन्त्रः कर्ता (૧. ૪. ૫૪) એ પાણિનિનાં બે સૂત્રો ઉપરના મહાભાષ્યમાં આ વિષયની સુંદર ચર્ચા કરવામાં આવેલી છે. દરેક કારકને પોતાનો વ્યાપાર હોય છે, અને પોતાના વ્યાપારમાં તે કારક સ્વતંત્ર હોવાથી કર્તા પણ કહી શકાય છે, કારણ કે કર્તા સ્વતંત્ર હોય છે. આ જ વિષયની ચર્ચા કરતાં ભર્તૃહરિ કહે છે કે उत्पत्तिमात्रे कर्तृत्वं सर्वत्रैवास्ति कारके । व्यापार-

भेदापेक्षायां करणात्वादिसंभवः ॥ અર્થાત્ વિવક્ષા પ્રમાણે સવ કારકમાં કર્તૃત્વ આવે છે. કેટલાક વૈયાકરણોનો અભિપ્રાય એવો છે કે કરણ, અધિકરણ અને કર્મ એ ત્રણ કારકો જ વિવક્ષાથી કર્તા બની શકે, પણ અપાદાન અને સંપ્રદાન એ બે કારકો કર્તા બની શકે નહિ. દા. ત. નવમા અધ્યાયના ત્રેવીસમા શ્લોકમાં ભગવાને તપના સાધનથી સૃષ્ટિ વગેરે કર્યું. આમાં તપ એ સાધન–કરણ–છે. છતાં પણ ઉપર જણાવેલા ન્યાયથી આ તપ કર્તા પણ બને છે. (૨. ૯. ૨૩)

(૧૩) पूर्ववद्वा–આ બ્રહ્મસૂત્રમાંનું એક સૂત્ર (૩. ૨. ૨૯) છે. બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના બીજા પાદમાં બ્રહ્મના સ્વરૂપનો વિચાર કરવામાં આવે છે. તેને અંગે બ્રહ્મસૂત્રકાર જુદા જુદા અભિપ્રાયો આપે છે. ૩. ૨. ૧૪–૧૮ એ પાંચ સૂત્રોમાં એકદેશીનો અભિપ્રાય આપવામાં આવેલો છે કે બ્રહ્મ સ્વાભાવિક રીતે નિર્ધર્મક છે અને બ્રહ્મમાં જે ધર્મો જણાય છે તે ઔપચારિક છે. પછીનાં સૂત્રોમાં શ્રીવલ્લભાચાર્યજી આ એકદેશીના મતનું ખંડન કરીને બ્રહ્મમાં સર્વવિરુદ્ધ ધર્મો રહેલા છે તેથી કોઇપણ જાતનો વિરોધ નથી એમ સિદ્ધ કરે છે. ત્યાર પછી સૂત્રકાર पूर्ववद्वा એ સૂત્રમાં કહે છે કે પહેલાં પાંચ સૂત્રોમાં (૩. ૨. ૧૪–૧૮) બ્રહ્મ નિર્ધર્મક છે એ જે સિદ્ધાન્ત કહેવામાં આવ્યો છે તે પ્રમાણે બ્રહ્મ સ્વીકારવું. કેવલ બ્રહ્મ છે, અન્ય કાંઇપણ નહિ, એમ આ ન્યાયનું તાત્પર્ય છે. (૨. ૯. ૩૨)

(૧૪) सापेक्षमसमर्थं भवति–આ ન્યાય વ્યાકરણશાસ્ત્રમાં અને પછી લોકમાં પણ વાપરવામાં આવે છે. જે અપેક્ષાવાળું છે તે અસમર્થ છે. सुप आत्मनः क्यच् (૩. ૧. ૮) એ પાણિનિના સૂત્ર ઉપરના મહાભાષ્યમાં આ ન્યાય આપવામાં આવેલો છે. (૨. ૧૦. ૯)

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ

# અનુક્રમણિકા


| અધ્યાય | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શુકદેવજીનું રાજા પરીક્ષિતને અધિકારીના કર્તવ્યના પ્રમાણ-પ્રમેય નિર્ધારનું કથન ... | ૧ |
| ૨. | એ પ્રમાણે સાધન-ફલ નિર્ધારનું કથન ... ... ... ... | ... ૩૮ |
| ૩. | ભગવત્પ્રાપ્તિના ઉપાય-શ્રવણાદિની આવશ્યકતા ... ... ... | ... ૬૪ |
| ૪. | પરમ પુરુષનું વર્ણન ... ... ... ... ... ... | ... ૮૩ |
| ૫. | સ્થૂલરૂપનો ઉત્પત્તિથી નિર્ણય ... ... ... ... ... | ...૧૦૭ |
| ૬. | વિરાટ્ પુરુષની ઉત્પત્તિનો પ્રકાર ને સ્વરૂપ ... ... ... ... | ...૧૩૫ |
| ૭. | બ્રહ્માજીનું નારદ પ્રતિ જુદા જુદા અવતારોનું તેમ જ સ્વરૂપનું વર્ણન ... | ...૧૬૩ |
| ૮. | ભગવાનના ગુણોના વર્ણન પ્રતિ રાજા પરીક્ષિતની જિજ્ઞાસા ... ... | ...૨૨૫ |
| ૯. | સૃષ્ટિ-ઉત્પત્તિ વખતે બ્રહ્માજીની મૂંઝવણ અને તેમના ચિત્તના વિક્ષેપનું ચતુઃશ્લોકી-ભાગવતદ્વારા ભગવાનથી નિરાકરણ, પછી ભાગવતશાસ્ત્રની પરંપરાનું ચાલવું ... ... ... ... ... ... ... | ...૨૪૭ |
| ૧૦. | ભાગવત-પુરાણના અર્થનું શુકદેવજીએ કરેલું પ્રકારકથન, અને સૃષ્ટિનો વિકાસક્રમ ... ... ... ... ... ... ... | ...૨૯૪ |
| | દ્વિતીયસ્કંધમાં આવેલા શ્લોકોની અકારાદિક્રમે સૂચી ... ... | ... ૩૨૫ |


## સુધારો વધારો

પૃષ્ઠ ૮ મા ઉપર

**तस्मात् सर्वात्मना એ શ્લોકમાં आहारपृथक्त्वन्याय** છે તેની નીચે આ પાદટીપ ઉમેરવી.

"માધવકૃત જૈમિનીય ન્યાયમાળાવિસ્તરના ૨૪૭ પાના ઉપર આ ન્યાય લખ્યો છે. (આનંદાશ્રમ-પૂનામાં મુદ્રિત ઈસ્વીસન ૧૮૯૨ની પ્રતિ જુઓ)

ज्योतिष्टोमश्च सर्वार्थः सर्वं सकृदनुष्ठितेः ।<br>
दद्यात्पृथक्प्रयोगाद्वा सकृत्तस्याविशेषतः ॥<br>
एकैकस्यानपेक्षस्य फलस्यैव हि साधनम् ।<br>
चोदितं तेन कामास्ते पर्यायेण भवन्त्यमी ॥

પ્રથમ કારિકામાં પૂર્વપક્ષ કરે છે કે સર્વ ફલ આપનાર જ્યોતિષ્ટોમ છે તે એક કરવાથી સર્વ ફલ મળે કે એક એક ફલને માટે જુદો યાગ કર્તવ્ય છે ? ત્યાં સિદ્ધાન્ત કહે છે કે દરેક ફલનાં તે યજ્ઞો સાધન હોવાથી દરેક ફલ માટે જુદો યાગ કરવો જોઇએ.

तरति मृत्युं तरति पाप्मानं तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते આ શ્રુતિમાં મૃત્યુ પાપ અને બ્રહ્મહત્યા તરવાનું સાધન અશ્વમેધ કહ્યો છે. તેથી યુધિષ્ઠિરે તે ત્રણ દૂર કરવા માટે ત્રણ અશ્વમેધ કર્યા. જુઓ, સુબોધિની પ્રથમ સ્કન્ધ ૮ મા અધ્યાયનો છઠ્ઠો શ્લોક. ત્યાં લખે છે કે आहारपृथक्त्वपक्षेण अश्वमेधत्रयकरणम्. એવી જ રીતે પ્રકૃતમાં દુઃખાભાવ અને સુખ એ બે ફલ છે તેમાં શ્રવણથી જો બન્ને ફલ મળે તો आहारपृथक्त्वन्याय બાધિત થાય અને એક ફલ મળે તો પરમાનંદ પ્રાપ્ત ન થાય વગેરે સમજવું."

श्रीकृष्णाय नमः ॥
श्रीगोपीजनवल्लभाय नमः ॥
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી-વિરચિત

# શ્રીમદ્ભાગવત-સુબોધિનીજી

ગુજરાતી અનુવાદ

---

## દ્વિતીય સ્કન્ધ : જ્ઞાનલીલા

[ ૧. તત્ત્વધ્યાન : અધ્યાય ૧ થી ૨ ]

### અધ્યાય ૧ લો

स्कन्धे तु प्रथमे प्रोक्तास्त्रिविधा ह्यधिकारिणः ।
तेषां कर्तव्यनिर्धारो द्वितीये विनिरूप्यते ॥ १ ॥
तस्मिन्निर्धारिते पश्चात् क्रियाविषयसंकथा ।
अग्रे च तां प्रवक्ष्यामस्तृतीयादिभिरुत्तमैः ॥ २ ॥
निर्धारणेऽङ्गत्रितयं वस्तुनिर्धारणं पुरा ।
श्रद्धा चैव विमर्शश्च वस्तुनिर्धारणं पुनः ॥ ३ ॥
प्रमाणेन प्रमेयेण साधनेन फलेन च ।
एकत्र मानमेये हि फलं साधनमेकतः ॥ ४ ॥
अतोऽत्र वस्तुनिर्धारं ह्यध्यायद्वितयं मतम् ।
श्रद्धापि द्विविधा लोके श्रोतृवक्तृविभेदतः ॥ ५ ॥
फलोपकार्यङ्गमेतन्नाधिकारे ततो विशेत् ।
विमर्शोऽपि द्विधा पूर्वमुत्पत्त्या चोपपत्तितः ॥ ६ ॥
त्रिविधे द्वे ततस्तत्र षडध्यायास्ततो दश ।
तत्र तु प्रथमेऽध्याये कर्तव्यं विनिरूप्यते ।
वस्तुनस्तत्त्वनिर्धारो मानमेयविभेदतः ॥ ७ ॥

પ્રથમ સ્કન્ધમાં હીન મધ્યમ ઉત્તમ ભેદથી ત્રણ પ્રકારે અધિકારીઓ કહ્યા. તે અધિકારીઓના કર્તવ્યનો નિર્ધાર દ્વિતીય સ્કન્ધમાં કહેવાય છે. (૧) તેનો નિર્ધાર થયા પછી કૃતિનું કથન થશે. તે કર્તવ્ય આગળ ત્રીજા સ્કન્ધથી

દશ ભાગમાં એટલે દ્વાદશ સ્કન્ધ સુધીમાં ઉત્તમ ભગવલ્લીલા કહેવામાં આવશે. (૨) વસ્તુનિર્ધારનાં પ્રથમ વસ્તુનિર્ધાર, શ્રદ્ધા, વિમર્શ અને પુનઃ વસ્તુનિર્ધાર નામનાં ત્રણ અંગો છે. (૩) પ્રમાણ પ્રમેય સાધન અને ફલ વડે તે કહેવાશે. (૪) તેથી વસ્તુનિર્ધાર નામના પ્રકરણના બે અધ્યાય થાય. શ્રદ્ધા નામના બીજા પ્રકરણમાં શ્રોતા અને વક્તાના ભેદથી શ્રદ્ધા બે અધ્યાયથી કહેવામાં આવશે. (૫) શ્રવણના ફલમાં શ્રદ્ધા ઉપકારક છે તેથી તેનો ઉલ્લેખ અધિકારમાં ન કરતાં પૃથક્ કર્યો છે. વિમર્શ નામનું તૃતીય પ્રકરણ છે. તે વિમર્શ ઉત્પત્તિ અને ઉપપત્તિના ભેદથી બે પ્રકારનો છે. પુનઃ તે બન્ને પ્રકારના અવાંતર ત્રણ ત્રણ ભેદને લઇને તેના છ પ્રકાર થયા. તે એક એક અધ્યાયથી કહ્યા છે. તેના છ અધ્યાય થયા. પૂર્વે બે પ્રકરણના ચાર અધ્યાય મળીને દ્વિતીય સ્કન્ધના કુલ દસ અધ્યાય થયા. ( ૬ ) તેમાં પ્રથમાધ્યાયમાં અધિકારીના કર્તવ્યનો નિર્ધાર કહેવાય છે, તેમાં પણ વસ્તુના તત્ત્વનો નિર્ધાર કહેવાનો છે. તેમાં પ્રમાણ અને પ્રમેયનો નિર્ધાર આ પ્રથમાધ્યાયમાં થાય છે. (૭)

પ્રથમ સ્કંધમાં અધિકારી કહ્યા તેમાં પરીક્ષિતને ઉત્તમાધિકારી કહ્યા. તેણે શું કરવું જોઇએ એ પ્રશ્ન થાય તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવત્કૃપાથી સત્પુરુષોનો સંગ થાય તો સર્વતત્ત્વને જાણવાની ઇચ્છાથી તેને પ્રશ્ન કરવો જોઈએ, તેથી સર્વાત્મપણાથી શું કર્તવ્ય અને મરતો હોય તેનું શું કર્તવ્ય એવા બે પ્રશ્નો પ્રથમ સ્કંધના અંતમાં પરીક્ષિતે શુકદેવજીને કર્યા છે. પહેલા પ્રશ્નમાં 'સર્વાત્મના કર્તવ્ય' એનો અર્થ કરે છે કે જે કર્યા વગર કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય, તે સર્વાત્મના કર્તવ્ય કહેવાય. તે પ્રશ્નમાં **मनुष्येषु मनीषिणाम्** એમ બુદ્ધિવાળા મનુષ્ય એમ સામાન્ય કહ્યું છે. તેનો નિર્ધાર કર્યો નથી તે એ પ્રશ્નના ઉત્તરદાન સમયે નક્કી થશે. મરનારના કર્તવ્યનો નિર્ધાર કરવા માટે બીજો પ્રશ્ન છે જેઃ—

**यच्छ्रोतव्यमथो जाप्यं यत्कर्तव्यं नृभिः प्रभो ।**
**स्मर्तव्यं भजनीयं वा ब्रूहि यद्वा विपर्ययम् ॥ १-१९-३८ ॥**

શ્રોતવ્યાદિ પાંચ પ્રશ્નો ઉપરના શ્લોકથી પરીક્ષિતે કર્યા તે ઉપરના બે પ્રશ્નના ઉત્તરથી જ તેના ઉત્તર અપાઇ જશે; કેટલાકનો નિર્ણય આગળ ઉપર થશે. તેથી અહીં તો બે પ્રશ્નો ( સર્વાત્મના કર્તવ્ય અને મરણોન્મુખનું કર્તવ્ય ) એ સમજવાને માટે સર્વ વસ્તુનું તત્ત્વ કહેવું જોઈએ. તેમાં ફલમુખ-અંગરૂપ શ્રદ્ધા અને વિચાર કહેવાં જોઇએ. તેની આવશ્યકતાનું તે તે પ્રકરણમાં વર્ણન કરીશું. તેમાં 'સર્વાત્મના કર્તવ્ય' નામના પહેલા પ્રશ્નનો ઉત્તર **वरीयानेष ते प्रश्नः** એ શ્લોકથી ૧૪મા શ્લોક સુધી કહેવાય છે. પોતે ઉત્તર આપે તે પહેલાં તેના પ્રશ્નને અભિનંદન આપવું જોઈએ, કેમકે પ્રશ્ન કર્યો તો આ કથા કહેવામાં

આવી. ભૂખ્યો હોય તો અન્નદાન યથાર્થ ગણાય. તેમ સાકાંક્ષને કર્તવ્ય કહેવાય. તે કહેવામાં અધિકારનો નિશ્ચય પણ કહેવાશે, કેમકે પહેલાં પ્રશ્ન-શેષપણાથી તેનું વિશિષ્ટ કથન થયું નથી. બુદ્ધિપૂર્વક વિચારીને કરનાર માણસને વિધિ પ્રવર્તાવે તેનું ફલ ન કહે તો તે તે કર્તવ્યમાં પ્રયત્નવાળો ન થાય; તેથી ફલનો નિર્ધાર કરવા માટે અધિકારી કહેવો જોઈએ. તેમાં ત્રણ દોષ દૂર કરવા માટે તે વાત ત્રણ શ્લોકથી કહેવામાં આવે છે. તેમાં પહેલા શ્લોકમાં શુકદેવજી પરીક્ષિતના પ્રશ્નને વખાણે છેઃ

**श्रीशुक उवाच ।**

**वरीयानेष ते प्रश्नः कृतो लोकहितं यतः ।**
**आत्मवित्संमतः पुंसां श्रोतव्यादिषु यः परः ॥ १ ॥**

**શબ્દાર્થઃ**—આત્માને જાણનાર પુરુષો જેમાં સંમત થાય, શ્રોતવ્યાદિમાં શ્રેષ્ઠ અને જેનાથી લોકોનું હિત થાય એવો તમારો પ્રશ્ન અતિશ્રેષ્ઠ છે.

**ભાવાર્થઃ**—શ્રોતવ્યાદિ પ્રશ્નો કર્યા તેમાં પ્રથમ જે કહ્યું છે કે સર્વાત્માથી શું કરવું એ પ્રશ્ન બહુ સારો છે, કેમકે તે પ્રશ્ન તમારો ઉપકારક છે. બીજા પ્રશ્નોમાં બીજાના ઉપકારક થવાનું છે. આ પ્રશ્નમાં મોટાઓ સંમત છે. એ માટે કહે છે કે આત્માને જાણનારને પણ તમારો પ્રશ્ન રોચક છે. આથી આવા પ્રશ્નોત્તરમાં બુદ્ધિ ઉપર ભાર પડતાં તે તીવ્ર થાય છે એમ સૂચના કરી. બધા સ્વતંત્ર વિચાર કરનારા પણ આ તમારા પ્રશ્નમાં સંમત થાય છે, તેથી સર્વાત્માથી શું કરવું એ તમારા પ્રશ્નનો ઉત્તર હું આપીશ, એવો આ કહેવાનો સાર છે. (૧).

ફળની ઈચ્છા રાખનાર અધિકારીનો નિર્ધાર કરવા માટે કહે છે કે બધાનું એક જ કર્તવ્ય નથી હોતુંઃ

**श्रोतव्यादीनि राजेन्द्र नृणां सन्ति सहस्रशः ।**
**अपश्यतामात्मतत्त्वं गृहेषु गृहमेधिनाम् ॥ २ ॥**

**શબ્દાર્થઃ**—હે રાજેન્દ્ર! માણસો ઘરમાં બુદ્ધિ રાખી આત્માના તત્ત્વને ભૂલે છે ત્યારે તેને હજારો બાબતો ઘર સંબંધમાં સાંભળવાની હોય છે.

**ભાવાર્થ**—આગળના પ્રશ્નોને શુકદેવજીએ વખાણ્યા નહિ તેથી એ પ્રશ્નોની ગૌણતા સૂચિત થાય છે, તોપણ રાજાની ઇચ્છા દૃઢ હોય તો પ્રથમ પ્રશ્નને સારી રીતે કહે તોપણ તે ઉત્તર રાજાના મનમાં ન ઊતરે; તેથી અધિકારના પ્રશ્નની વાતમાં સાંભળવાની વાતને ઉડાવે છેઃ તમે રાજા છો. બહુ જાતના લોકો તમે જોયા. બહુ શાસ્ત્રો તમે વાંચ્યાં, તેમાં તેમનો કે તમારો કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થયો. તે તમારા અનુભવમાં હશે, એ

બતાવવા "રાજેન્દ્ર" સંબોધન છે. રાજાના પ્રશ્નમાં 'नृभिः प्रभो' સામાન્યાધિકારીનો પ્રશ્ન છે. એમ છે તેથી ઉત્તર શ્લોકમાં પણ 'नृणाम्' કહ્યું છે તે સામાન્ય અધિકારની વાત છે. તે વાતો કહી કેમ નહિ? ત્યાં કહેઃ તે હજારો છે એટલે મારા કહેવા પહેલાંની તે પ્રચલિત વાતો છે; તેને માટે કહેવી પડે તેવું નથી, કેમકે તે તો સર્વ કોઈ સામાન્ય રીતે જાણે છે. આત્માનું યથાર્થ સ્વરૂપ સામાન્ય અધિકારી નથી જાણતો, કારણ કે તેનો શાસ્ત્રમાં અધિકાર નથી પરન્તુ ઘરમાં છે. લોકમાં સામાન્ય રીતે તો દેહને આત્મા કહે છે. અથવા આત્મા ને દેહ સાથે છે. દેહથી આત્માને જુદો દેખાડવાનો ઉપાય હોય તો તેઓ આત્માનું ખરું સ્વરૂપ કેમ ન જાણે? તેના ઉત્તરમાં કહે છે કે તે તો ઘરમાં કુટુંબ સાથે રહેનાર છે. તે દેહથી જુદો આત્મા જાણે તો તેને તેમાં શો લાભ? તેને તો કુટુંબમાં બુદ્ધિ સ્થિત હોય છે, તેથી તેમાં ઉપયોગી હોય તેટલું તેને જાણવાનું હોય. દેહથી જુદો આત્મા છે એવું જ્ઞાન તો ઘરનો બાધ કરનાર છે, તેથી તેવો વિવેક તેને કામનો નથી. તેની બુદ્ધિ ઘરમાં છે, અહીં સપ્તમી વિભક્તિ નિમિત્તમાં છે, એટલે અમો તો ગૃહસ્થ-ધર્મમાં કુશળ થઈશું. આપણે તો ઘરમાં મન બુદ્ધિ કર્મથી રહેવું જોઈએ; તેથી જેનાથી ગૃહ-સંસાર સારો ચાલે તેવી બુદ્ધિ તે રાખે છે. એવી બુદ્ધિ તો લોકમાં પ્રચલિત વાતો લખી હોય એવા ગ્રન્થો વાંચવાથી વધે; તેને અમારા જેવા ત્યાગીના વાક્યની જરૂર ન હોય; તેથી તમે સામાન્યાધિકારીનો પ્રશ્ન કર્યો તે બરાબર સારો ન કહેવાય. આમ કહેવાથી મરનારે શું કરવું એ પ્રશ્નની સ્તુતિ કે નિંદા ન કરે, તેથી તેનો ઉત્તર આગળ ઉપર આપવાનો સંભવ ખરો. (૨)

લોકમાં બુદ્ધિને સુધારવાના ઉપાયો બહુ છે તે ઉપાયથી તેઓની બુદ્ધિ કેમ ન સુધરે? કેવળ સંસારમાં તેની બુદ્ધિ કેમ રહે? તેના ઉત્તરમાં કહે છેઃ

**निद्रया ह्रियते नक्तं व्यवायेन च वा वयः ।**
**दिवा चार्थेहया राजन् कुटुम्बभरणेन वा ॥ ३ ॥**

**શબ્દાર્થઃ**—ગૃહસ્થ લોકોને રાત્રિ નિદ્રામાં જાય છે અથવા તો ગ્રામ્યધર્મોમાં જાય, દિવસ તો પૈસા મેળવવામાં અથવા કુટુંબનું પોષણ કરવામાં જાય, તેથી તેના આયુષનો અન્યત્ર ઉપયોગ નથી.

**ભાવાર્થઃ**—સત્સંગને સિદ્ધ કરવાનો તેને સમય જ મળતો નથી. તેને જેટલો સમય છે તેટલો જ બીજાં કાર્યોમાં જાય છે. તે કહે છેઃ તેમના આયુષનો અર્ધો ભાગ તો નિદ્રા અથવાં બીજા લૌકિક કામમાં રોકાય છે. રાતના નિદ્રા કરે એટલે તેટલો વખત અજ્ઞાનમાં ગયો. દિવસનું આયુષ પૈસા મેળવવામાં જાય, એટલે અર્ધું અજ્ઞાનમાં અને અર્ધું અન્યથા જ્ઞાનમાં, એમ

તે સામાન્ય લોકનું આખું આયુષ નકામું જાય છે એમ કહ્યું. બધી રાત ઊંઘમાં જતી નથી, તો તેમાં બીજાં કામો કેમ ન થઈ શકે ? તેના ઉત્તરમાં કહેવાનું કે લૌકિક કાર્ય કે તેના સાધનમાં નિદ્રા–વ્યતિરિક્ત સમય જાય છે. એ બે વાતને છોડીને બીજી વાત રાતમાં બનવાનો સંભવ નથી. મૂળ શ્લોકમાં **वयः** શબ્દ કહ્યો છે તેનાથી પુરુષાર્થ સિદ્ધ કરનાર યુવાવસ્થા સમજવાની છે, કેમકે વૃદ્ધાવસ્થા પુરુષાર્થ કરવામાં ઉપયોગી નથી, તેવી જ બાલ્યાવસ્થા કર્મ જ્ઞાન કે ભક્તિમાં ઉપયોગી નથી. ઘર કરીને રહેવું તેમાં ધનની જરૂર છે. તે ધન હોય તો જ ગૃહી થવાય. **च**કાર છે, તેથી દિવસમાં પણ પૈસાવાળા ઊંઘે છે. પૈસાની જોગવાઈમાં વખત ન ગુમાવવો પડે તેટલી પૈસાની સગવડ હોય તે કુટુંબના પોષણમાં તે વખતનો ઉપયોગ કરે છે. (૩)

ગૃહમાં કુટુંબ સાથે રહેનારને પણ વૈરાગ્યનાં સાધનો તો ઉપસ્થિત થાય છે તો તેથી તેને ઘરમાં વિરાગ કેમ થતો નથી ? ત્યાં કહે છેઃ

**देहापत्यकलत्रादिष्वात्मसैन्येष्वसत्स्वपि ।**
**तेषां प्रमत्तो निधनं पश्यन्नपि न पश्यति ॥ ४ ॥**

**શબ્દાર્થ**:—દેહ સ્ત્રી પુત્રાદિ એ આત્માની સેના છે છતાં તે દુષ્ટ છે, આત્માનો નાશ કરનારી છે, તેમાં ગાંડો બનેલો સંસારી તેને મરતાં જુએ છે છતાં તેને મરેલાં ન માનતાં તેને માટે કાર્ય કર્યા કરે છે.

**ભાવાર્થ**:—ઘરમાં મુખ્યતા ત્રણની છે. દેહ પુત્ર અને સ્ત્રીને લઈને બીજા ગણાય છે. તે દેહ પુત્ર અને સ્ત્રી ગુણ અને સ્વભાવથી દુષ્ટ છે, કારણ કે તે આત્માનો નાશ કરનાર છે. જે જેનાં સંબંધિ હોય તે તેનું પોષણ કરે છે. આ ત્રણ આત્માની સેનારૂપ છે છતાં આત્માને શત્રુ પાસે મરાવે છે, તેથી દેહ પુત્ર સ્ત્રી દુષ્ટ છે. દુષ્ટ હોય તો તે શું કરી નાખે તે તો કહો. તે આત્માનો નાશ કરનાર ધન છે. તે ધનથી સ્ત્રી પુત્ર દેહ વગેરેનું પોષણ કરે છે, તેથી તેનુંજ નિધન (નાશ) થાય છે. દુષ્ટનો નાશ થાય ત્યારે તે આત્મામાં નિષ્ઠાવાળો થાય, પણ અન્તઃકરણના દોષોને લઈને આત્મામાં તેની નિષ્ઠા થતી નથી. જેમ ખૂબ સુરાપાન કરનાર પોતાના શરીર ઉપરથી ઊતરી જતા કપડાને અડકે છે છતાં ખુલ્લા દેહને કે પડતા કપડાને યાદ કરતો નથી, તેમ આ પણ મરી જતા દેહ પુત્ર સ્ત્રીને જીવતાં જાણી તેને માટે પ્રયત્ન કરે છે. તેથી ઘરમાં રહેનાર અંદર અને બહારના દોષોથી વ્યાપ્ત છે, આયુષને વૃથા ગુમાવે છે. ઘરમાં ઉપયોગી બુદ્ધિવાળો છે તેથી તેવાને શું શ્રવણ કરવું તે ન પૂછવું.

**बुद्धिरायुश्च दोषाणामभावः कारणं यतः ।**
**यस्य नैते भविष्यन्ति तस्य नास्त्यधिकारिता ॥**

બુદ્ધિ આયુષ અને દોષાભાવ એ અધિકારના કારણરૂપ છે. જેને આ ત્રણ ન હોય તેનો અધિકાર નથી એમ સમજવાનું છે. (૪)

એમ શુકદેવજી રાજાના પ્રશ્નને વખાણીને સાધારણ પ્રશ્નોને છોડીને અભયની ઇચ્છાવાળાએ શું કરવું તે કહે છેઃ

**तस्माद्भारत ! सर्वात्मा भगवान् हरिरीश्वरः ।**
**श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ ५ ॥**

**શબ્દાર્થઃ**—હે ભારત! ભરતના કુલમાં ઉત્પન્ન થયેલ પરીક્ષિત્! અભયને ઇચ્છનાર સર્વના આત્મા-ભગવાન્ હરિ ઈશ્વરનું શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું.

**ભાવાર્થ**ઃ—તમે બે પ્રશ્ન કર્યા તેમાં પહેલો પક્ષ ઉત્તમ છે. સામાન્ય વર્ગનું શ્રેય પૂછયું તે પ્રશ્ન ઠીક નથી. તેથી જેને સંસારથી ભય હોય તે દૂર કરવાનો જે યત્ન કરતા હોય તે અભયની ઇચ્છાવાળાએ ભગવાનનું શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું. જો કે શ્રવણ કરવામાં યુક્તિ કહેવી જોઇએ, પરંતુ બહિર્મુખની બુદ્ધિ યુક્તિને પણ ગ્રહણ કરતી નથી, તેથી સ્વભાવથી અધિકારી કહેવો જોઈએ. તે તમે અધિકારી છો એમ "ભારત" સંબોધનથી કહે છે. આ સંબોધન પરીક્ષિતના વિશિષ્ટાધિકારનું દ્યોતક છે. તેથી મારા કથનમાં તેને વિશ્વાસ રહેશે. શ્રીભાગવતમાં કહ્યું છે કે દુષ્યન્ત રાજાનો પુત્ર ભરત માયાને તરી ગયો, એટલે ભરતને માયામાં મોહ ન હતો, એટલે તેના વંશમાં જન્મેલાને માયાથી મોહ ન હોવાથી કહેલી કથામાં વિશ્વાસ હોય છે.

વેદમાં કહેલા વિધિઓથી અગ્નિહોત્રાદિ કર્મ કરવાનો અથવા આત્માને જાણવાના વિધિઓ વેદમાં કહ્યા છે તે બધાને છોડીને ભગવાનનું શ્રવણ કરવાનો વિધિ કહો છો તે તો અવૈદિક કહેવાય તેનું કેમ ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે પ્રમાણબળ કરતાં પ્રમેયબળ મોટું છે તે આગળ કહેવાશે. તેમાં પ્રમેયમાં યુક્તિ બલવતી છે. આ યુક્તિઃ મોક્ષની ત્રૈવર્ણિકો જ ઇચ્છા કરે એવો નિયમ નથી, જેણે પૂર્વે બહુ પુણ્ય કર્યાં હોય એવા અત્રૈવર્ણિકોને પણ અભય ( મોક્ષ) મેળવવાની ઇચ્છા થાય છે. અત્રૈવર્ણિકને માટે કોઇ વેદે કોઇ વિધાન કરી અભય કરવાનો આદેશ કર્યો નથી. તેને માટે સાધન ( પુરાણે ) કહેવું જોઇએ. તે અત્રૈવર્ણિકને માટે કહેલ સાધનથી જો ત્રૈવર્ણિકનો પણ પુરુષાર્થ સિદ્ધ થતો હોય તો તે અવશ્ય કરવા જેવો અને સહેલથી બની શકતો સર્વોપયોગી (ત્રૈવર્ણિક અત્રૈવર્ણિકને ઉપયોગી) એક ઉપાય કહેવો જોઈએ. તે ઉપાય તો સર્વના આત્મા ભગવાન હોય. ને ભગવાનના સંબંધવાળો ઉપાય કહેવો જોઇએ. તેમાં પોતાનો આત્મા ન સાંભળવો એવું ન હોય. **आत्मा वा अरे श्रोतव्यः** આત્માનું નિશ્ચયપૂર્વક શ્રવણ કરવું. **आत्मलाभान्न परं विद्यते** આત્માના

લાભથી ઉત્તમ કોઈ ફલ નથી; **तरति शोकमात्मवत्** આત્માને જાણનાર શોકને તરી જાય છે; એમ શ્રુતિઓ કહે છે. તે શ્રુતિઓ જો પોતપોતાના આત્માને સાંભળવાનું વિધાન કરતી હોય અને આત્મશબ્દથી દેહનો બોધ થતો હોય તો શ્રુતિના વાક્યનો છેડો જ ન આવે, કેમકે બધા આત્માને કોઇ સાંભળી જ ન શકે; વળી આત્મામાં પ્રકૃતિવિકૃતિભાવ પણ સંભવે નહિ; માટે જે બધાનો એક આત્મા હોય તેને સાંભળવો; તેથી શ્રુતિમાં આત્મપદ સર્વના આત્માનું વાચક છે, જાતિવાચક નથી. જો જાતિવાચક આત્મા લઈએ તો વ્યક્તિરૂપ આત્મા ગૌણ થાય; તે શ્રૌત એટલે શ્રુતિપ્રતિપાદ્ય ન રહે. કર્મમાં **व्रीहिभिर्यजेत** એમ શ્રુતિ કહે ત્યાં જાતિ લઈએ તો વ્રીહિત્વ હોમમાં ઉપયોગી ન હોવાથી ત્યાં જાતિ ઉપરથી વ્યક્તિનો આક્ષેપ થાય છે. તેવું જ્ઞાનમાં હોતું નથી, તેથી શબ્દ સાંભળતાં જાતિનું જ્ઞાન થશે એ જાતિથી વ્યક્તિનો આક્ષેપ થતાં બાધ નહિ આવે તો શ્રુતિએ કહેલ શ્રવણ અધુરું રહેવાનું પહેલાં કહ્યું છે તે દોષ થતાં આત્માને અભયરૂપ ફલ નહિ મળે; આત્માથી દેહનો પણ બોધ થશે. શ્રુતિમાં આત્મશબ્દ લખ્યો છે ત્યાં પ્રકારભેદ કહ્યો નથી; તેથી આત્માને સાંભળવો એટલાથી જ કાર્ય સિદ્ધ થતું હોય તો તેના વિશેષ જ્ઞાન માટે યત્ન કરવો વૃથા થશે. શ્રુતિનું કથન ગૌણરૂપ થશે; તેથી સર્વનો આત્મા હોય તેનું શ્રવણ કરવું એવો તેનો અર્થ કરવો જોઈએ. સર્વાત્મા અને શરીરમાં રહેલ આત્મામાં અંશાંશિભાવે અભેદ હોવાથી આત્મામાં ગૌણતા નહિ આવે. વળી બ્રહ્મસૂત્રમાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન આજ્ઞા કરે છે કે '**फलमत उपपत्तेः**' ફલરૂપ ભગવાન છે, કેમકે સર્વના ફલ તે જ છે. એ ઉપરથી જણાય છે કે કેવળ જ્ઞાનથી મોક્ષ થતો નથી, પણ જ્યારે ભગવાનના ગુણ ગાઇએ ત્યારે ભગવાન પ્રસન્ન થઇ તેને મોક્ષનું દાન કરે. તે ભગવાન જો નિર્ધર્મક હોય વા શારીરાત્મરૂપ હોય તો તે ફલ ન આપી શકે; તેથી ફલ દેવામા સમર્થ હોય એવા આત્માના શ્રવણનું વિધાન શ્રુતિ કરે છે, એટલે ગુણવાળા સમર્થ ભગવાનનું શ્રવણ કરવાનું શ્રુતિ કહે છે. પરમભ્રાન્ત-શાસ્ત્રમાં પ્રતિપાદ્ય આત્મા કેવળ ચિતિશક્તિ લેવાનો નથી. વેદનો અર્થ પણ આત્મશબ્દથી છ ગુણવાળો આત્મા લેવો એવો છે એમ અમો કહીએ છીએ.

હવે ફલમાં 'દુઃખ દૂર થાય' અને 'સુખ મળે' એ બે ફલ ગણાય છે, તેમાં પ્રથમ દુઃખ દૂર થાય તે ઈષ્ટ છે. દુઃખ દૂર કરવામાં બુદ્ધિની પ્રથમ પ્રવૃત્તિ થાય છે. તેમાં શ્રવણ અને શ્રવણથી થતા જ્ઞાનને સર્વ ફલરૂપ માનો વા એક ફલરૂપ કહો તો આહાર-પૃથક્ત્વ ન્યાયથી સર્વ ફલ થાય તો પ્રથમ આ સાક્ષાત્કાર થતાં દુઃખ દૂર થશે પણ પરમાનંદ નહિ મળે. પરમાનંદ

મળશે એમ કહો તો સ્વર્ગની પેઠે દુઃખ નિવૃત્ત નહિ થાય. "સાથે રહે તેની પ્રવૃત્તિ સાથે થાય તેમ નિવૃત્તિ પણ સાથે જ થાય", એ ન્યાયે બે ફલ થવાં જોઈએ, પરન્તુ અહીં તો ફળ આપનાર ભગવાન હોવાથી બે ફલ સાથે ન આપે. જો તેમ કરે તો आहारपृथक्त्वन्यायनो ભંગ થાય, માટે શ્રવણ એવા ભગવાનનું કરવું કે જે દુઃખને હરનાર પણ હોય; તેથી મૂળમાં हरि શબ્દ કહ્યો છે. "ઇશ્વર" શબ્દ કહ્યો છે તે બંને ભગવાનનાં વિશેષણો છે. હરિ છે તે સાંભળનારના બધાં દુઃખ દૂર કરશે, જ્યારે ઈશ્વર છે તે શ્રવણ કરનારને બધાં સુખોનું દાન કરશે. "તેની જેમ જેમ ઉપાસના કરે તેમ તે ફલ આપે છે" એમ શ્રુતિ કહે છે, તેથી ચાર ધર્મ વિશિષ્ટ (સર્વાત્મા ભગવાન હરિ અને ઇશ્વર) એવા આત્માનું શ્રવણ કરવું. એ શ્રવણવિષયરૂપ વિષયને વિશેષણ-ધર્મોથી જુદો પાડીને તેમાં શું કરવું તે હવે કહે છે કે તેનું શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું. ત્યાં હવે શંકા કરે છે કે આ શ્રી ભાગવત તો ભક્તિફલક શાસ્ત્ર છે, તેનાં શ્રવણ વગેરે ધર્મરૂપ નથી, કેમકે ઉત્તમ વક્તા શ્રી શુકદેવજી છે; માટે નવધા ભક્તિ કરવાનું કહેવું જોઈએ ત્યાં શ્રવણ કીર્તન અને સ્મરણ જ કેમ કહ્યાં? ત્યાં કહે છે કે તમારું કથન ઠીક છે, પણ તે બધાં સાધનો પ્રેમ થયા પછી થાય; માટે પ્રેમ થવા માટે પ્રથમ ત્રણ જ ભક્તિ કહી છે. એ શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાથી ભગવાનમાં સ્નેહ થશે; તેથી વગર કહ્યે સ્નેહ જ આગળની ભક્તિ કરાવશે. ત્યાં કહે છે કે આ શ્લોકમાં તો ભગવાનને સાંભળવા એમ કહ્યું તેનો શો અર્થ સમજવો? ભગવદ્વાચક શબ્દો કાનથી સાંભળવા અથવા તે શબ્દોનો અર્થ સમજવો અથવા તેનો અભિપ્રાય જાણવો? તે બધા તદ્વાચક શબ્દોનો કે એકાદ શબ્દનો? પ્રથમ પક્ષ લો તો શ્રોતવ્ય-વિધિ વૃથા છે. જ્ઞાન તો પ્રમાણ વસ્તુને અધીન છે, તેથી કાનવાળો માણસ કોઈક ભગવચ્છબ્દને તો કાનથી સાંભળશે કે તેનું તેને જ્ઞાન થવાનું જ; એટલે તેને માટે વિધિ કરવો વ્યર્થ છે. विधिरत्यन्तमप्राप्तौ કોઇ રીતે પ્રાપ્ત થતું ન હોય તેને વિધિ કહે એવું તેનું લક્ષણ છે. જો સંકેતનું ગ્રહણ કર્યું હશે તો તે શબ્દનું જ્ઞાન પણ તેને થવાનું જ. તેને માટે યત્ન કરવાની પણ જરૂર નથી, કેમકે કોઇ ઉચ્ચાર કરશે કે તેનું જ્ઞાન થશે. બીજો પક્ષ કહે છે કે જો તમે ભગવદ્વાચક બધા શબ્દો સાંભળવા એવો અર્થ કરતા હો તો તેવી તો કોઇની શક્તિ નથી કે ભગવદ્વાચક બધા શબ્દોને કોઇ સાંભળી શકે. તેટલો કાળ કોઈનું જીવન ન રહી શકે. કેમકે એક માણસ ભગવદ્વાચક બધા શબ્દોને કહી પણ ન શકે. યત્કિંચિત્પદ વાક્ય તો બધાં સાંભળે, માટે તેને માટે વિધિની જરૂર નથી. હવે શ્રવણ એટલે પદ વાક્યના શક્તિતાત્પર્યનો નિર્ધાર. તેવાં જ કીર્તન અને સ્મરણ કહો તે ઘટતું નથી, કેમકે બધા

પદ વાકયોનું શ્રવણ કીર્તન કે સ્મરણ કોઇ ન કરી શકે; યત્કિંચિત્પદવાકયનું શ્રવણાદિ તો સર્વથી થઇ જાય જ, તેથી તેના ઉપદેશની જરૂર નથી એમ કોઇએ કહેવું નહિ, કેમકે ' ભગવાન વાસુદેવની દશવિધ લીલા શ્રવણને વિષય છે. તેને માટે બીજી કૃતિ કહી છે. સામાન્ય રીતે પદવાકયગત શક્તિ-તાત્પર્યને નિર્ધાર આ સ્કંધમાં કહેવાય છે; માટે તમે કહો છો તે દૂષણ અહીં સંભવતું નથી.' ભગવાનની દશવિધ લીલાનું શ્રવણ કરવું, એમ ન માનો તો આ શ્લોકમાં સર્વાત્મા ભગવાન્ હરિ અને ઇશ્વર એવાં શ્રવણના વિષયરૂપ ભગવાનનાં વિશેષણોથી શ્રવણ સિદ્ધ થશે તો તદર્થ વિધિ થશે. તૃતીયથી દ્વાદશ સ્કન્ધ સુધીની ભાગવતની કૃતિ પણ વ્યર્થ થશે. તેથી તે બધાના શક્તિતાત્પર્યને નિર્ધાર વ્યાકરણની જેમ મીમાંસાની જેમ અહીં કરાય છે; તેથી કોઈ પ્રકારે દોષ નથી. આ ચાર ગુણો અધિકારીને ફલ આપનારનું નિરૂપણ કરવા માટે કહ્યા છે, શ્રવણ કરવા યોગ્ય હોઇને કહ્યા નથી. તેનો અવચ્છેદકતાથી ઉપયોગ છે. ભગવાનના ગુણ અનન્ત હોવા છતાં તેનો આ દશ લીલામાં અન્તર્ભાવ થાય તેમ આગળ ઉપર કહેવાશે. અનુપ્રવેશ છતાં તેનું અનન્તપણું રહે તેમ કહેવાશે.

હવે કહે છે કે આ શ્લોકમાં શ્રોતવ્ય કીર્તિતવ્ય અને સ્મર્તવ્ય કહ્યા છે, તે ત્રણ કહેવાની અહીં જરૂર નથી. એક પ્રેમ ભગવાનમાં કરવાથી અભય (મોક્ષ) સિદ્ધ થશે. કોઈ કહે કે ત્રણ મળીને અભય સિદ્ધ કરશે તો તેમ કહેવું ઠીક નથી, કેમકે પરીક્ષિતનો મોક્ષ થયો એમ આ ગ્રંથમાં છે અને તેણે આ ત્રણ તો કર્યાં નથી પણ એકલું શ્રવણ જ કર્યું છે; તો જો ત્રણ મળીને અભય કરે એમ કહીએ તો પરીક્ષિતનો મોક્ષ ન થવો જોઇએ. શ્રવણ આવશ્યક છે તેથી તેનો વિકલ્પ કરી અનેક વિધિઓ કરવા ન જોઇએ. અહીં કહે છે કે આ ત્રણ અન્યોન્યનિર્વાહક છે, તેથી ત્રણ કરવાનું વિધાન છે, તે જ બતાવે છે કે કીર્તનનો વિધિ ન કરે તો શ્રવણ જ ન થઈ શકે. ત્યાં કહે છે કે જેમ અધ્યયનનો વિધિ છે તેમ એકનું વિધાન કરવાથી બીજાની એની મેળે પ્રાપ્તિ થશે. ત્યાં તો સંસારી હોય તે સાપેક્ષ હોવાથી ભણાવે એટલે અધ્યયન થશે તેનો વિધિ કરવાની જરૂર નથી, કેમકે વૃત્તિને માટે પણ ભણાવનારો ભણાવશે. અહીં તેવું નથી, કેમકે શ્રવણ કરીને મોક્ષ મેળવશે તેની પ્રવૃત્તિ કીર્તનમાં નહિ થાય. ત્યારે કીર્તનનો વિધિ કરો. કીર્તન કરનારને સાંભળનાર મળશે તો શ્રવણ સિદ્ધ થશે એમ ન કહેવાય, કેમકે પરીક્ષિતે કીર્તન કર્યું નથી અને અભય પ્રાપ્ત કર્યું છે. ત્રણેથી મળનાર મોક્ષમાં કાંઇ તારતમ્ય જણાતું નથી, માટે અતિનિરપેક્ષ શુકાદિની કીર્તનમાં પ્રવૃત્તિ થાય એ હેતુથી કીર્તનનો વિધિ જરૂરનો છે. જ્યારે કીર્તનનો વિધિ

થયો ત્યારે શ્રવણ પણ સહજમાં સિદ્ધ થઇ શકશે. શ્રવણ કીર્તન અને સ્મરણ એ ત્રણેમાં પ્રત્યેકનું ફલ મોક્ષ છે. તે મોક્ષ એટલે ભગવાનમાં પ્રવેશ રૂપ સમજવો. ત્યારે જ સર્વ ભયથી મુક્ત થવાય છે. ત્યારે શ્રવણ કીર્તનના વિધિ ભલે હો, સ્મરણના વિધિની જરૂર નથી, એમ કહો તો તેના ઉત્તરમાં કહેવાનું કે શ્રવણ કર્યાં પછી તેને યાદ ન કરો તો ભુલાઈ જશે તો કીર્તન બની શકશે નહિ; માટે સ્મરણના વિધાનની જરૂર છે. કીર્તન તો અન્ય-લભ્ય હોવાથી તેના વિધિની જરૂર નથી એમ ન કહેવું જોઇએ. એકવાર કર્યાં છતાં વિસ્મરણ થાય છે, તેથી કીર્તનશેષત્વેન સ્મરણ આવશે એમ ન કહેવાય, પણ જો સ્મરણનું વિધાન કર્યું હોય તો શ્રવણ અને કીર્તન સદા બન્યા કરશે, બીજા દોષોનો હૃદયમાં પ્રવેશ નહિ થાય. શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાં તે દેહપાત પર્યન્ત કરો તો તે મોક્ષ આપે. છેવટ સુધી, દેહ પડે ત્યાંસુધી તે કર્યાં કરવાં જોઇએ. સંસારનો ભય થયો કે તરત શ્રવણાદિ કરવાનો આરંભ કરવો જોઇએ. નિરંતર આવર્તન કરવું એને અભ્યાસ કહ્યો છે. નિરંતર કરવાથી સ્મરણાન્તર છૂટી જશે. જો કે સ્નેહ થયા પછી આવૃત્તિનું વિધાન કરવાની જરૂર નથી, કેમકે સ્નેહને લઇને સ્વતઃ તે થયા કરશે, તોપણ કયારેક અન્યાસક્તિ થવાનો સંભવ છે. એમ બને તો તેમ કરનારનો અધિકાર લુપ્ત થશે. તેમાં વિધિની વ્યર્થતા નહિ થાય એમ ન કહેવું, કેમકે અન્ય સ્મરણ ન થવા માટે સ્મરણનું વિધાન છે. માટે સંભવપ્રમાણ દેહ પડે ત્યાંસુધી શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાં. ત્યાં કહે છે કે મનન અને નિદિધ્યાસનનો વિધિ કેમ ન કર્યો, જ્ઞાન સાધ્ય છે એમ કેમ ન કહ્યું? **ज्ञाना-देव तु कैवल्यम्** (જ્ઞાનથી મોક્ષ થાય છે.) એ વિધિનો વિરોધ આવશે. જ્ઞાન તો અર્થાત્ પ્રાપ્ત થશે એમ ન કહેવું. એમ કહો તો જ્ઞાન વ્યાપાર-રૂપ થશે. અહીં તો સ્નેહને વ્યાપાર કહેવાની વક્તાની ઇચ્છા છે, એમ પણ ન કહો. મનન અને નિદિધ્યાસન તો શ્રવણનાં અંગ હોવાથી શ્રવણમાં તે આવી જાય, તે વાત અહીં આગળ કહેવામાં આવશે. શબ્દનું જ્ઞાન તો અહીં સિદ્ધ છે, સાધ્ય નથી. પ્રેમપૂર્વક શ્રવણ કીર્તન અને સ્મરણ કરે તો સાક્ષાત્કાર પણ થાય. છતાં તેમાં શ્રવણાદિ કારણરૂપ કહેવાય. અન્તમાં સાક્ષાત્કાર થાય તે તો ફલથી જુદો ન ગણાય; તે ફલમાં ગણાય છે. જેમ આધ્યાત્મિક શ્રવણથી શ્રવણનો મનમાં સંસ્કાર લાગતાં શારીરાત્મસાક્ષાત્કાર થાય છે તેમ જ ભગવત્-સાક્ષાત્કાર થશે એમ ન કહેવાય, કેમકે ભગવાન પોતે કહે છે કે **नाहं वैदैर्न तपसा** હું તપ વેદ જ્ઞાન યજ્ઞથી વશ થતો નથી. ત્યારે એમ માનો કે શારીરાત્મસાક્ષાત્કાર જ શ્રવણાદિનું ફલ છે! એના ઉત્તરમાં કહે છે કે દેહાદિમાંથી નીકળી કૈવલ્યને પ્રાપ્ત થયા પછી ભગવત્કથાશ્રવણનો મુખ્ય

અધિકાર પ્રાપ્ત થાય છે. **एतावदरे खल्वमृतत्वम्** એમ બ્રહ્મ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે. એનો વિષય બ્રહ્મરૂપ આત્મા છે. પરંતુ ભગવાન તો સ્વતંત્ર છે તેનો આવિર્ભાવ બીજા પ્રકારથી ન થાય. વાકયથી સ્વપ્નની જેમ હું બ્રહ્મ છું એવી સ્ફૂર્તિ થાય, તેમ થતાં સર્વ અવિદ્યા નિવૃત્ત થાય અને પોતે કૃતાર્થ થાય એમ જેઓ કહે છે તે જ્ઞાનદુર્બળોના મનોરથની વાતો છે, કેમકે શુકદેવ તથા સનકાદિ અદ્યાપિ પરિભ્રમણ કરે છે, પણ કૃતાર્થ થયા નથી. **ब्रह्मैव सन् ब्रह्माप्येति** પોતે બ્રહ્મરૂપ થઈ બ્રહ્મને પામે છે, એ શ્રુતિ એ જ વાત કહે છે. ત્યારે તો ઉપનિષદો વ્યર્થ જાય. આ અર્થને પ્રકારભેદથી અને અધિકારીના ભેદથી વિધાનરૂપે કહ્યો છે. ફલ તો એક જ છે. **ते प्राप्नुवन्ति मामेव** એમ ગીતાજીમાં આપ આજ્ઞા કરે છે. **वेदैश्च सर्वैरहमेव वेद्यः** બધા વેદોથી મારું જ્ઞાન થાય છે. **सर्वे वेदा यत्पदमामनन्ति** બધા વેદ જેના પદનું કથન કરે છે. **तद्विष्णोः परमं पदम्, तदेव ब्रह्म परमं कवीनाम्** તે વિષ્ણુનું પરમપદ છે, તે બ્રહ્મ જ કવિઓને પ્રાપ્ય છે. એથી સિદ્ધ થાય છે કે ત્રૈવર્ણિકો વૈદિક પ્રકારથી અને ભાગવતોક્ત પ્રકારથી ભગવાનમાં પ્રવેશને પામે છે. ત્રૈવર્ણિકેતર કેવળ ભાગવતપ્રકારથી ભગવત્પ્રવિષ્ટ થઈ શકે છે. ત્યાં કોઈ વ્યવસ્થિત વિકલ્પ કહે એટલે ત્રૈવર્ણિકો વૈદિક પ્રકારે ભગવત્પ્રવિષ્ટ થાય અને બીજાઓ ભાગવતપ્રકારે ભગવત્પ્રવેશ પામે એમ કાં ન માનો ? એમ ન મનાય, કેમકે ભગવાન એકાદશ સ્કન્ધમાં સત્સંગનો મહિમા કહીને બહુ લોકો તે દ્વારા મને પામ્યા છે એમ કહી પછી 'સ્ત્રી શૂદ્રો મને પ્રાપ્ત થાય તો તે માર્ગે બ્રાહ્મણો મને મળે એમાં તો શું કહેવું' એમ કહે છે; તેથી વ્યવસ્થિત વિકલ્પ નથી એ વાત સિદ્ધ થાય છે. **क्लेशोधिकतरस्तेषाम्** એ વાકયથી પણ એ જ વસ્તુ સિદ્ધ થાય છે; તેથી તે વાતમાં શ્રુતિનો વિપ્રતિષેધ પણ નથી. શાંડિલ્યનું એવું વચન છે તે તો પ્રથમ ચિત્તશુદ્ધિ નહોતી થઈ તેથી ઉપનિષદ્થી તેને ફલ થયું નથી. વૈદિક માર્ગમાં ચિત્તશોધકો કલેશસાધ્ય હોય છે, તેથી સ્વપક્ષસ્થાપનાર્થે ઇતર-વચન-નિંદામાં નિંદા દેખાય, તેથી શ્રુતિનો વિરોધ છે એમ ન કહેવાય. તેથી સૂત્રના વિચારને અનુસરી વૈદિક માર્ગથી અથવા ભગવાન્માર્ગ વડે યથાધિકાર સર્વના પુરુષાર્થ સિદ્ધ થતા હોવાથી સર્વ નિર્દોષ છે. વિધિવિશેષનો વિચાર કરવો ન જોઈએ, કેમકે **तव्य** પ્રત્યયનું વિધિમાં વિધાન નથી. લિઙ્ લોટ્ અને પંચમ લકારનું જ વિધિમાં વિધાન છે. ભગવાન **अतोस्मि लोके** પ્રમાણે લોકવેદમાં પ્રસિદ્ધ હોવાથી તેને વિધિ કહી ન શકે. તે વિધિ વેદમાં હોય. આ તો ભક્તિશાસ્ત્ર છે. ફલ સિદ્ધ કરવાપણું તો તાદર્થ્યથી વિધાન કર્યું હોવાથી અને સમભિવ્યાહારથી પ્રાપ્ત થાય છે. વાકયાર્થ અપૂર્વ છે. ભાવના પક્ષ તો પૂર્વ મીમાંસાના

ભાષ્યમાં ઉડાવી દીધો છે. અહીં **तव्य** પ્રત્યય **कृत्याश्च** એવા પાણિનિના સૂત્રથી કાર્યમાં કહ્યો છે. તે પ્રશ્નને અનુગુણ છે. તેથી ભગવાનમાં પ્રવેશ કરવા માટે જ્યાંસુધી જીવીએ ત્યાંસુધી જેમ બની શકે તેમ શ્રવણ કીર્તન અને સ્મરણની આવૃત્તિ કરવી એ વાત આટલા ગ્રંથથી સિદ્ધ થઇ. શ્રવણ કરીને તેનું કીર્તન કરવું. કીર્તન કરીને તેને સાંભળવા. સ્મરણ કરીને કીર્તન કરવું, એમ કહેવા માટે **च**કાર કહ્યા છે. શ્રવણાદિ ન કરનારને અભય જ નહિ થાય; પણ તે શ્રવણાદિ ન કરે તેને તેનો દોષ નહિ લાગે, એમ **इच्छता** એ પદ મૂળમાં કહ્યું છે, તેથી સૂચિત થાય છે. (૫)

શ્રવણ તો અંગ છે, તેમાં શ્રુતિનો સંવાદ છે, પણ સ્મરણ અને કીર્તનનું ફલમાં કારણપણું સિદ્ધ કરવું જોઇએ, અન્યથા વાદીના મનનો સંદેહ ન જાય. તેમાં સ્મરણમાં બીજા કોઈની જરૂર રહેતી નથી; તે કરવાથી ફલ સિદ્ધ થાય છે તે કહે છેઃ

**एतावान् सांख्ययोगाभ्यां स्वधर्मपरिनिष्ठया ।**
**जन्मलाभः परः पुंसामन्ते नारायणस्मृतिः ॥ ६ ॥**

**શબ્દાર્થઃ**—સાંખ્ય યોગ અને સ્વધર્મમાં પરિનિષ્ઠાથી પુરુષને અન્તે નારાયણનું સ્મરણ થાય તે જન્મમાં પરમ લાભરૂપ છે.

**ભાવાર્થ**—પાંચ સિદ્ધાન્તો સ્વતંત્રતાથી કહેલા છે. તેમાં શ્રુતિ એટલે વેદમાર્ગ અને વૈષ્ણવમાર્ગનું તુલ્ય પ્રાધાન્ય છે. અર્થાત્ બન્ને બરોબરિયા છે, ઓછો વધતો કોઈ નથી. પશુપતિમત તામસ હોવાથી તામસ કલ્પમાં તેનો પરંપરાથી ઉપયોગ અથવા તે ક્રમમુક્તિના કારણરૂપ છે. રહ્યાં સાંખ્ય યોગ અને ધર્મશાસ્ત્ર. તેમનો સર્વમાં અંગત્વેન ઉપયોગ છે. સ્વતંત્રતાથી બ્રહ્મ-મીમાંસામાં તેની નિંદા કરી છે, તેથી બીજે તેનો પ્રવેશ નથી. પણ તે સ્મરણશેષરૂપે રહે ખરા, તેથી તો મૂળ શ્લોકમાં **एतावान् (पुरुषार्थः)** એટલો જ પુરુષાર્થ છે, એ મતલબનું કહેવામાં આવ્યું છે.

**एतावान्**માં બુદ્ધિમાં રહેલ **एतद्** શબ્દનું વિવરણ કરે છે કે "અન્તમાં નારાયણની સ્મૃતિ થાય તે જ જન્મનો લાભ છે." સ્વધર્માચરણનું ફલ પંચાગ્નિ વિદ્યાથી અધિકારી દેહ મળે એ છે. યોગનું ફલ ગીતાજીમાં કહ્યું છે કે "યોગ કરતાં ફલ મળ્યા પહેલાં મરી જાય તો પવિત્ર અને લક્ષ્મીવાળાના ઘરમાં ફરીને તેનો જન્મ થાય," ત્યાંથી આરંભીને "અનેક જન્મ વડે સારી રીતે સિદ્ધ થઇને તે પરમગતિને પામે છે," એમ ઉપસંહાર કર્યો છે. તે ઉપરથી યોગ પણ અન્તિમ દેહને સિદ્ધ કરનાર છે. સાંખ્યમાં પણ "બહુ જન્મને અન્તે જ્ઞાન થયા પછી મને પ્રપન્ન થાય છે, મારી ભક્તિ પામે છે," એ વાક્યથી અને યોગીને જ્ઞાની કરતાં પણ અધિક કહ્યો છે તેથી સાંખ્યનું તાત્પર્ય પણ અન્તિમ જન્મ સિદ્ધ કરવાના સાધનમાં છે. ભગવદ્ધર્મો-વ્રતોપવાસાદિનું તાત્પર્ય

ભગવદીય દેહ સિદ્ધ કરવામાં છે. એથી અન્તિમ દેહ આપવામાં બધા ઉપક્ષીણ થઈ જાય છે. અન્તિમ દેહ મળે તે સ્વરૂપાત્મ હોઇને ફલસાધક થશે એમ સમજવાનું નથી, પણ "અન્તમાં જેવી બુદ્ધિ તેવી ગતિ થાય છે" એ ન્યાય વડે, "જે જે ભાવનું સ્મરણ કરતો દેહ છોડે તેને તેને પામે છે," એ ગીતા-વાકય વડે અન્તમાં ભગવત્સ્મરણનું તે કારણ થાય એ હેતુથી કર્મજ્ઞાન ભક્તિનો ઉપયોગ છે, એમ કહીએ છીએ. એમ ભગવત્સ્મરણ કોઈપણ દેહના અન્તમાં થાય તો **पूर्वात्परबलीयः** એ ન્યાયથી તે દેહ છેલ્લો ન હોવા છતાં ભગવત્સ્મરણથી છેલ્લો થયો, કેમકે છેલ્લે ભગવત્સ્મરણ કરનાર ભગવાનને પામે છે એ આગળ **अन्ते या मतिः, यं यं वापि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम्। तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः**, એ વાકયથી કહેવાયું છે, તેથી તે જ દેહ છેલ્લો થઇને લાભરૂપ થાય છે. યોગાદિ પોતપોતાને માર્ગે ચલાવી દૂર-ફલક હોઇને આની અંદર આવી જાય છે. માટે અન્તિમ-દેહસાધક યોગાદિ અને આ અન્તિમ ભગવત્સ્મરણવાળો દેહ તેનો લાભ એ જ કે અન્તમાં નારાયણનું સ્મરણ થાય. તેથી તે અન્તિમ દેહ સાક્ષાત્ ભગવત્પ્રવેશના કારણ-રૂપ હોવાથી વિધિશેષતાથી શ્રુતિસમ્મતિની તેને અપેક્ષા રહેતી નથી. જો કે ભગવાનના થવું તે પણ જન્મ લાભરૂપ છે, પરંતુ તેનાથી પણ જેના વડે અન્તે ભગવત્સ્મરણ થાય તે જન્મ વિશેષ લાભરૂપ ગણાય. શ્રી ભાગવત પંચમસ્કન્ધમાં 'અત્યંત મોક્ષરૂપ-પરમપુરુષાર્થ પોતાની મેળે પ્રાપ્ત થતો હોય તેનો પણ આદર ન કરતાં ભગવદીયપણાથી સ્વાર્થને સમાપ્ત થયા માને છે,' એમ કહ્યું છે તે વાકયનો વિરોધ કેમ મટાડશો? એ વિરોધપરિહાર એવી રીતે થાય કે જે સાક્ષાત્ ભગવાનની કૃપાથી-પુષ્ટિમાર્ગમાં પ્રવિષ્ટ હોય તે ભગવદીયત્વ તો ફલરૂપ છે. અમે ભગવદીય દેહ મળ્યા છતાં અન્તમાં નારાયણ સ્મરણ થવાનું કહીએ છીએ તે સાંખ્યયોગાદિ સાધાનો વડે જેણે અન્તિમ દેહ સિદ્ધ કર્યો હોય તેને તે દેહ અન્તિમ સ્મરણ કરાવે તો લાભરૂપ થાય, અન્યથા જન્મ લાભરૂપ ન થાય. તેથી પુષ્ટિમાર્ગીય સાધન અને યોગાદિ તો પ્રાવાહિક માર્ગીય સાધન કરી થયેલા, તે ભિન્ન હોઇને વિરોધ આવતો નથી. અધિ-કારીનું **पुंसां** પદથી કથન છે, તેથી જેને અન્તિમ સ્મૃતિ થાય તે ગમે તે હોય છતાં તેનો જન્મ લાભરૂપ થાય છે. એમાં અમુક વર્ણાશ્રમ કે બીજી યોગ્યતા જોવાની નથી. તેથી સાધારણ શબ્દ **पुंसाम्** એમ કહ્યું. આથી સ્મરણ એ જ મહાફલરૂપે હોઇને સર્વે ભગવાનનું સ્મરણ કરે એ સિદ્ધ થયું. (૬)

હવે કીર્તન પણ તેવું છે તે વાત કહે છે:

**प्रायेण मुनयो राजन् निवृत्ता विधिषेधतः ।**
**नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः ॥ ७ ॥**

**શબ્દાર્થ**:—ઘણું કરીને મુનિઓ વિધિ અને નિષેધને છોડીને પોતે નિર્ગુણ ભગવન્નિષ્ઠ થઇને ભગવદ્ગુણના અનુકથનમાં રચ્યા પચ્યા રહે છે.

**ભાવાર્થ**:—સ્મરણ ઉપર કહ્યું. તેનાથી પણ કીર્તન ઉત્તમ છે. જેનો છેલ્લો જન્મ હોય તે ગુણોથી પર એવા ભગવાનમાં એક નિષ્ઠાવાળા જીવનમુકતો હોય છે, જેને પુનર્જન્મની સંભાવના પણ ન કરી શકાય. એવા છતાં ભગવાનના ગુણ સાંભળ્યા પછી તેમનું કીર્તન કરવામાં પરમાનંદનો અનુભવ કરતા સાધન દશામાં આવું સુખ છે તે એ સાધનથી સિદ્ધ થતી દશામાં ફલ કેવું હશે એ જોવાને માટે કીર્તન કરતા જ રહે છે. પ્રસિદ્ધિને કહેનાર **स्म** કહ્યો છે. અહીં **प्रायेण** શબ્દ કહ્યો છે તેનો અર્થ 'ઘણું કરીને' થાય છે, એટલે અસંપ્રજ્ઞાત સમાધિવાળા સિદ્ધિઓને મેળવવામાં તત્પર હોવાથી તેવા લોકો ભગવત્કીર્તનાદિ કરતા નથી. આવું કહેવા માટે **प्रायेण** શબ્દ મૂળમાં કહ્યો છે. **राजन्** સંબોધન કરી પરીક્ષિતને કહે છે કે તમે જેના ગળામાં સર્પ નાખ્યો તે શમીક એવા હતા. તેને તમે જોયા અનુભવ્યા છે, તેની યાદ આપવા માટે આમ સંબોધ્યા છે. આ ભગવાનનો રસ એવો છે કે ગુણોથી પર પણ તેમાં રમ્યા કરે છે. પરંતુ કીર્તન કરીશું તો અમારો ધર્મ સિદ્ધ થશે એમ જાણી રમતા નથી, કેમકે તે કૃતિના ગુણદોષથી તે આગળ પહોંચ્યા છે. તે જ કહે છેઃ વિધિ સહિત નિષેધોથી નિવૃત્ત થયા છે. **द्वयं तथा ब्रह्मणि कर्म नर्च्छति** બ્રહ્મમાં વિધિ અને નિષેધરૂપ કર્મ નથી, એટલે જેમાં તે ન હોય તે બ્રહ્મરૂપ હોય. એકાદશસ્કંધમાં કહ્યું છે કે દોષ છે એમ જાણી દોષ કરતા નથી. વિધિ છે એમ જાણીને તે કરતા નથી, પણ તે બન્નેથી પર હોય છે. વિધિ સહિત નિષેધ આ શ્લોકમાં કહ્યો છે તેથી **बुधो बालकवत् क्रीडेत्, कुशलो जडवच्चरेत्** આ વાકયો વિધિરૂપ જ છે, તોપણ તેનો આગળ નિષેધ ન હોવાથી તેથી તે બન્નેનું ગ્રહણ કરતા નથી. નૈર્ગુણ્ય એટલે ગુણોથી પર ભગવાન તેમાં નિષ્ઠાવાળા હોય છે. ભગવાનના ગુણ તો કહ્યા તેમાં ગુણ શબ્દ વિરોધાભાસ બતાવવા માટે કહ્યો છે. કીર્તન સ્વતંત્ર પુરુષાર્થરૂપ હોવાથી તેમાં શંકા પણ ન કરવી જોઈએ. (૭)

એમ યુક્તિ વડે એનું સમર્થન કર્યું એટલે આ યુક્તિમૂલક હોવાથી અપ્રામાણિક હશે એવી શંકા થાય, તેને દૂર કરવા માટે કહે છેઃ

**इदं भागवतं नाम पुराणं ब्रह्मसंमितम् ।**
**अधीतवान् द्वापरादौ पितुर्द्वैपायनादहम् ॥ ८ ॥**

**શબ્દાર્થ**:—વેદતુલ્ય શ્રીભાગવત નામક પુરાણ હું દ્વાપર યુગના આરંભની પહેલાં મારા પિતા દ્વૈપાયન પાસે ભણ્યો.

ભાવાર્થ:—શ્લોકમાં પુરાણ શબ્દ લખ્યો છે તે પ્રમાણ રૂપ છે. તે પુરાણો ૧૮ છે. તેમાં એકનું નામ ભાગવત છે. આ ભાગવત શબ્દ યૌગિક છે, તેથી ભગવાને કહેલ, ભગવાનને કહેનાર અથવા ભગવાન જેનું ફલ છે એવો તે શબ્દનો અર્થ થાય છે. પુરાણ કહેવાથી નિર્બલ છે એમ સમજવાનું નથી એ બતાવવા કહ્યું છે કે 'ब्रह्मसम्मित' વેદતુલ્ય છે અથવા પરબ્રહ્મ આનાથી ઓળખાય છે. વેદ તુલ્ય હોવાથી પોતાની મેળે વાંચી ન લેવાય, પરંતુ વિદ્યારૂપ હોવાથી ગુરુદ્વારા તે પ્રાપ્ત થવું જોઇએ; તેથી ગુરુપરંપરા બતાવે છે કે મારા પિતા વ્યાસની પાસેથી હું ભણ્યો છું. તે કાળ પ્રાણીની બુદ્ધિનો નાશક હતો. તે કહે છે કે દ્વાપરની પહેલાં જ્યારે લોકોની બુદ્ધિમાં સંદેહ નહોતો આવ્યો. વેદ અર્થાનુસંધાનપૂર્વક નિયમથી ભણાય છે, તેમ હું શ્રીભાગવત ભણ્યો છું. 'पितैवोपनयेत्पुत्रम्' ઉપનયનનો અધિકાર બાપને છે. જે ઉપનયન સંસ્કાર કરાવે તે જ વેદ ભણાવે. તેમ હું મારો ઉપનયન સંસ્કાર કરાવનાર મારા પિતા કૃષ્ણ દ્વૈપાયન પાસેથી આ ભાગવત પુરાણ અર્થાનુસંધાનપૂર્વક નિયમથી ભણ્યો છું. ઉપનયન અને અધ્યાપનનો કર્તા એક હોવો જોઈએ. તે પ્રમાણે મારે થયું છે, તેથી મારો અધ્યયન-વિધિ સારી રીતે સચવાયો છે. (૮)

તમારા અધ્યયનમાં વેદના અધ્યયન જેવી સામગ્રી સાંભળતાં એક વિચાર આવે છે; તેથી આમાં વેદની સંમતિ જોઈએ, કેવળ પુરાણથી નિર્ધાર ન થઈ શકે ! આવી શંકા અહીં થાય તો તેના ઉત્તરમાં કહે છે:

**परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।**
**गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥ ९ ॥**

**શબ્દાર્થ:—હું નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળો હતો છતાં ભગવાનની લીલાએ મારું ચિત્ત ખેંચ્યું, તેથી હે રાજર્ષિ, આ શ્રીભાગવત હું ભણ્યો.**

ભાવાર્થ:—હું ભણ્યો તે બાળક સમજ્યા વગર ભણે એમ ભણ્યો નથી, પરંતુ સમજીને ભણ્યો છું. પ્રથમ તો મેં મારા અધિકારનો વિચાર કર્યો કે મારે શ્રી ભાગવત ભણવું કે કેમ ? ત્યાં શ્રુતિ તો **आत्मलाभान्न परं विद्यते** એમ કહે છે એટલે બધા અધ્યયનનું ફલ તો આત્મલાભ છે. તે તો મને નિર્ગુણમાં એકનિષ્ઠતા હતી જ; તોપણ શ્રી ભાગવતમાં મને રસ પડયો, તેથી તે રસનો મેં અનુભવ કર્યો. તે રસનું અપ્રાકૃતપણું જાણ્યું ત્યારે જેમ બ્રહ્મમાં લીન થયેલ સમાધિને કરવા બેસતો નથી, તેમ હું પણ બ્રહ્મરસ કરતાં અધિક રસને લઇને ભગવદ્ગુણોએ મારું ચિત્ત ખેંચ્યું, તેથી હું શ્રી ભાગવત ભણ્યો. કૂવામાં રહેલ જલ બહાર ન આવે અને પોતાના સ્થાનમાં જ રહ્યું આવે. તે જલમાં કોઈ આવીને ડૂબે તેને તે જલ પોતાના સ્વાદનો અનુભવ કરાવતો

નથી, પણ તે જલ બહાર કાઢી પીનારને જલ પોતાનો સ્વાદ આપે છે, તેમ ભગવાન્ આનંદઘન છે, તેમાં જીવ એકત્ર થાય તેમાં તેવો સ્વાદ ન આવે કે જેવો પોતાના ધર્મરૂપે ભગવાન આપણી સામે પ્રકટી નૃત્યાદિ કરીને દર્શન આપે તેમાં રસ આવે. જ્યારે ભગવાન લીલારૂપે પ્રકટ થઈ લીલા કરે તેમાં જે રસ છે તે જ રસ બ્રહ્મમાં છે. પરંતુ બ્રહ્મમાં તે રસ અપ્રકટ છે એવો નિશ્ચય કરી શા માટે તે બ્રહ્મરસની આશાએ બેસી રહીએ, હમણાં જ તે રસનું પાન કેમ ન કરવું, એવા વિચાર સહિત લીલામાં મારું ચિત્ત લાગ્યું, એટલે હું ભાગવત ભણ્યો. તે ભગવાન ઉત્તમ ભક્તોથી વખણાયેલા છે. વખાણ, ગુણ હોય તેનાં, થાય: ગુણોનાં દર્શન કરે તો વખાણ કરે; માટે ભગવાન ભક્તોના સંબંધમાં આવે છે; તેથી જે કોઈ એવો નિશ્ચય કરે કે ભગવાનનો રસ મારે ભોગવવો છે તેણે ભગવાનની લીલા સાંભળવી. એવો નિશ્ચય મેં પણ કર્યો. શ્રોતવ્ય રસમાં ચિત્ત લાગતાં આ આખ્યાન હું ભણ્યો. તમે રાજર્ષિ છો. એટલે ઋષિદશામાં રાજત્વની સ્ફૂર્તિ અધિક થાય છે, કારણ કે તેમાં જ્ઞાન અને માન બેનું મિશ્રણ છે. તેમ ભગવચ્છ્રવણમાં પણ સમજવાનું છે. એથી યુક્તિમાં પોતાની સંમતિ કહી છે; તેથી અધ્યયન મર્યાદારૂપ ગણાય છતાં તે પુષ્ટિરૂપ છે એમ કહ્યું. (૯)

ઉપર કહ્યો એવા ભાવવાળાએ શ્રીભાગવત સાંભળવું, હું તો કીર્તનના રસમાં ફરતો હતો ત્યાં તમે સાંભળનાર મળી ગયા; તેથી હું તમને શ્રી-ભાગવત સંભળાવીશ; એ કહે છે:

**तदहं तेऽभिधास्यामि महापौरुषिको भवान् ।**
**यस्य श्रद्दधतामाशु स्यान्मुकुन्दे मतिः सती ॥ १० ॥**

**શબ્દાર્થઃ**—તમે મહાપુરુષના સંબંધી છો તેથી તે ભાગવત હું તમને સંભળાવીશ, જેમાં શ્રદ્ધા રાખનારને તત્કાલ મોક્ષદાતા ભગવાનમાં અનન્ય બુદ્ધિ થાય છે.

**ભાવાર્થઃ**—મેં પૂર્વે કહેલ બ્રહ્મામૃત રસરૂપ શ્રીભાગવતનું હું કીર્તન કરું છું. તે તમને સાંભળવાની ઇચ્છા છે તો હું તમને સંભળાવીશ અથવા તમારે લાયક હશે તેટલું તમોને આપી તમારામાં સ્થાપન કરી હું તેનું પાન કરીશ. પ્રથમ પાન કરી તેને પાછું કાઢી બીજામાં રાખીને પુનઃ પાન કરવાથી રસનો આસ્વાદ કાંઈ ઓર જ આવે છે. આ રીત હાથીઓમાં પ્રસિદ્ધ છે. તે પાન કરે છે. **अभितः**શબ્દ કહ્યો છે તેથી ચારે તરફ જળને છાંટે પણ છે. આ અર્થ દ્વૈપાયન શબ્દ ઉપરથો લીધો છે. બે તરફ જળ હોય તે દ્વીપ કહેવાય. હાથી સૂંઢથી જળ લઈ મોઢામાં ઠલવે છે, તેથી દ્વિપ કહેવાય છે. બેટ પણ દ્વીપ

કહેવાય છે. (માત્ર હ્રસ્વ–દીર્ઘનો ભેદ છે.) તેમાં થયેલ દ્વૈપાયન. એટલે અન્દર અને બહારના ગુણને કહેનાર બે ભાગવત વ્યાસજીએ કહ્યાં. ભગવાને કહ્યું અને બ્રહ્માએ નારદને કહ્યું. ઉત્પત્તિરૂપ એક અને ઉપપત્તિરૂપ એક. એમ બે ભાગવતો ભગવાનના અન્તર્બહિર્ગુણના વિચારથી થાય છે. આ બધો અર્થ 'દ્વૈપાયન' શબ્દથી પ્રકટ થાય છે. આમ ન હોય તો ભગવાનનો અનુભવ કરતાં બ્રહ્માને ભગવાન ભાગવત શા માટે કહે ? એટલે ભગવાનના અન્તર્બહિર્ગુણ વડે બે ભાગવત માનવાં જ પડશે. બ્રહ્માએ નારદને કહ્યું તેનું પણ કારણ તે જ સમજવું. તેથી ઉપપત્તિમાં ભગવાન કરતાં તેના ગુણો અધિક છે. ઉત્પત્તિમાં અન્દર રહેલા તે ગુણો બહાર પ્રકટ કર્યા; તેથી હું તમને પણ કહીશ. હું તેનો અધિકારી કેમ થઈ શકું ? ત્યાં કહે છે કે તમે મહાપુરુષના સંબંધવાળા છો. કીર્તિથી મહાપુરુષ થાય છે. ગુણોથી કીર્તિ થાય છે. ગુણોનો આસ્વાદ લેવાથી તદીયતા થાય છે. એમ ન હોય તો મહાપુરુષનો સંબંધ થવો અશક્ય છે. તે કહે છે કે જે આખ્યાનમાં ( ભાગવત કથામાં ) શ્રદ્ધા રાખનારાને આનંદ આપનાર ભગવાનમાં પતિવ્રતારૂપ બુદ્ધિ ને એક જ રસને લેનારી બુદ્ધિ થાય છે. (૧૦)

એમ સ્વરૂપ તથા ફલને કહીને આ મારા એકનો વિચાર હું નથી કહેતો પણ બધા વિચારકોનો એ મત છે, એમાં સર્વ સંમત છે, તે કહે છે:

**एतन्निर्विद्यमानानामिच्छतामकुतोभयम् ।**
**योगिनां नृप निर्णीतं हरेर्नामानुकीर्तनम् ॥ ११ ॥**

**શબ્દાર્થ**:—હે રાજન્, ભગવન્નામનું કીર્તન કરવું એ સંસારથી વિરક્ત થયેલા, મોક્ષ મેળવવાની ઇચ્છાવાળા યોગીઓનું કર્તવ્ય છે એ વાત નિર્ણીત ચોક્કસ થયેલ છે.

**ભાવાર્થ**:—બધાએ ભગવાનના ગુણોનું કીર્તન કરવું આ નિર્ણય કર્યો છે. વૈરાગ્યને ઇચ્છતા હોય અથવા વૈરાગ્યનો અભ્યાસ કરતા હોય, તેવા પુરુષોએ ગુણકીર્તન કરવું જોઇએ. બ્રહ્માનંદની ઇચ્છા માટે યોગાભ્યાસ કરતા હોય તેમણે પણ ભગવન્નામનું કીર્તન કરવું. તેમને માટે ગુણકીર્તન જ કર્તવ્ય છે. પ્રથમ તો બ્રહ્માનંદની ઇચ્છા કરતા હોય અને બ્રહ્માનંદ રસનો યોગમાર્ગ ઉપરથી અનુભવ કરવા જાય, પણ તેવો રસાનુભવ પોતામાં ન થતાં તે રસને પ્રકટાવનાર ભગવાનનાં નામો પ્રથમના ક્લેશને દૂર કરીને તે રસનું પાન કરાવે છે, કેમકે ભગવાન્ હરિ છે ( ક્લેશને હરનાર હોવાથી તેનાં નામો બ્રહ્માનંદ રસનો અનુભવ કરાવે છે ). તે ભગવાનનાં નામો ભગવદ્રસને પ્રકટ કરે છે એમ પહેલાં કહ્યું છે, તે નામથી રસપાન કરીને પછી તે

નામોનું કીર્તન કરવું એ શાસ્ત્રાર્થથી નિર્ધાર થયો છે. તેથી તમે અને અમે બન્ને મહારસમાં પડયા છીએ અને ઉત્તમ અધિકારીઓ છીએ, એમ પણ એથી બતાવ્યું છે. (૧૧)

એમ તમે ગુણોને કહો તો મને સાંભળવામાં રસ આવે, પરંતુ મને શાપ થયો છે તેથી સાતમે દિવસે તો મારું મૃત્યુ થશે તેથી, હું શ્રવણ રસ કેમ લઈ શકું ? એ વિચારથી ખેદ કરતા પરીક્ષિત રાજાને શુકદેવજી કહે છેઃ

**किं प्रमत्तस्य बहुभिः परोक्षैर्हायनैरिह ।**
**वरं मुहूर्तं विदितं घटेत श्रेयसे यतः ॥ १२ ॥**

**શબ્દાર્થઃ**—જેને જીવનની કીમત નથી એવા માણસને અનેક વર્ષનું આયુષ હોય તોપણ તે કાંઇ કામ કરી શકતો નથી. બે ઘડી આયુષ છે એવું જાણનાર તેટલા સમયમાં પણ પોતાનું શ્રેય કરી શકે, તેથી આયુષ જાણવામાં આવે તે શ્રેષ્ઠ છે.

**ભાવાર્થઃ**—બ્રહ્માનંદ રસના અનુભવનું સાધન તો આયુષ છે. તે મારે નથી એવો ખેદ ન કરવો. જેમ માણસને જેની ઇચ્છા હોય તે મળે તો તેમાં તેને રસ પડે, તેમ જીવન આટલું છે એમ જાણતો ન હોય તેને રસ આવતો નથી. તેથી તમને સાત દિવસે મરવાનો શાપ થયો, તેથી સાત દિવસ આયુષનો નિશ્ચય થયો તે ઉત્તમ થયું છે. ઓછું આયુષ ઉત્તમ સમજવું, કારણ કે અંત નજીક જણાય છે, એટલા વખતમાં રસ લઈને તે રસમાં પ્રવેશ થતાં પશ્ચાત્તાપ રહેતો નથી. તેથી જે સ્વાર્થમાં સાવધાન નથી તેને બહુ વર્ષોમાં પણ મરવું છે એનું જ્ઞાન થતું નથી, તેને કાંઇ ફળ મળતું નથી; પણ બે ઘડી પછી મરવું છે એમ જાણનાર બે ઘડીમાં પોતાનું શ્રેય સાધી શકે છે. તેથી આયુષનો નિશ્ચય થયો છે તે તમારું શ્રેય જરૂર કરશે. (૧૨)

તેથી શત્રુના આયુષને ન જાણવાથી જેમ પ્રયોજન સિદ્ધ થતું નથી તેમ પોતાનું આયુષ ન જાણવાથી પ્રયોજન સિદ્ધ થતું નથી. આયુષના નિશ્ચયવાળો પોતાનું ઇષ્ટ સિદ્ધ કરી શકે છે તે દૃષ્ટાન્તથી કહે છેઃ

**खट्वाङ्गो नाम राजर्षिर्ज्ञात्वेयत्तामिहायुषः ।**
**मुहूर्तात् सर्वमुत्सृज्य गतवानभयं हरिम् ॥ १३ ॥**

**શબ્દાર્થઃ**—ખટ્વાઙ્ગ નામનો રાજર્ષિ હતો તેણે એક મુહૂર્ત આયુષ હતું એ જાણ્યું ત્યારે તેટલા વખતમાં બધું છોડી તે ભગવાનના ધામમાં પહોંચી ગયો.

**ભાવાર્થઃ**—ખટ્વાઙ્ગ નામનો દીલિપ રાજા દેવનો પક્ષપાતી હતો. તેણે દેવના રક્ષણ માટે દૈત્યોને માર્યા ત્યારે દેવો પ્રસન્ન થઇ બોલ્યા કે તમે વર માગો. રાજાએ કહ્યું કે મારા આયુષનો નિશ્ચય કરીને કહો તો હું તે પ્રમાણે

વર માગું. એમ દેવોને આયુષ માટે પ્રશ્ન કર્યો. દેવોએ કહ્યું કે તમારું આયુષ બે ઘડી છે. રાજા તે જાણી પૃથ્વી ઉપર આવી ભગવાન વગરનું બધું છોડી તેનું સ્મરણ કરતો ભગવાનને પામ્યો. તેથી વધારે લાંબો કાળ જીવવાની જરૂર નથી. (૧૩)

તમારે તો બસ્સો મુહૂર્તથી વધારે જીવવાનું છે. કામ તો એક મુહૂર્તમાં થઈ શકે છે. તોપણ પ્રથમ અમે કહેલ શ્રવણ દશવિધ ભગવલ્લીલા સાથે થાય તેવો ઉપાય કરોઃ

**तवाप्येतर्हि कौरव्य सप्ताहं जीवितावधिः ।**
**उपकल्पय तत्सर्वं तावद्यत्सांपरायिकम् ॥ १४ ॥**

**શબ્દાર્થઃ**—હે કુરુકુલોત્પન્ન, તમારે તો હજુ સાત દિવસ જીવવાનું છે. તેટલા વખતમાં પરલોકને માટે જે સાધન કરવાનું હોય તે તમો કરી શકો એમ છો, તે કરી લો.

**ભાવાર્થઃ**—જેમ ખટ્વાઙ્ગને મરવાની ખબર પડી તેમ તમારું મરણ પણ ચોક્કસ છે. ખટ્વાઙ્ગને બે ઘડી જીવન હતું, તમારે તો સાત દિવસ જીવવાનું છે. તેટલા સમયમાં તમારે જે પારલૌકિક સાધન કરવાનું હોય તે કરી લો. તે સાધનમાં તો સર્વ છોડી ભગવત્કથાનું શ્રવણ કરો. કેટલાક આગળ કહેવાશે તે કરવાનું કહે છે તે પ્રમેય[1]વિરુદ્ધ હોવાથી ઉપેક્ષણીય છે. (૧૪)

સર્વાત્મના કર્તવ્ય રૂપ એમ પ્રથમ પ્રશ્નનું ઉત્તર એના પરિકર સહિત **अन्ते नारायणस्मृतिः** અને **गतवानभयं हरिम्** એ બે શ્લોકથી દૃષ્ટાંત સહિત કહ્યું છે. **उपकल्पय तत्सर्वम्** એનાથી અન્તકાલનું કર્તવ્ય કહ્યું. જો કે તે કહ્યું છે તે સર્વદા કર્તવ્ય છે, તોપણ રાજાના હૃદયમાં અન્તકાળના કર્તવ્યનો ઉત્તર આપવાનો હોય તો અત્યારે રાજાને કથા શ્રવણ કરાવવી છે તે હૃદયમાં સારી રીતે ન ઉતરે, તેથી વિશેષે કરીને અન્તકાલનું કર્તવ્ય કહેતાં પહેલાં શ્રવણના ઉપકારી અંગ મનન નિદિધ્યાસનને કહે છેઃ

**अन्तकाले तु पुरुष आगते गतसाध्वसः ।**
**छिन्द्यादसङ्गशस्त्रेण स्पृहां देहेऽनु ये च तम् ॥ १५ ॥**
**गृहात्प्रव्रजितो धीरः पुण्यतीर्थजलाप्लुतः ।**
**शुचौ विविक्त आसीनो विधिवत्कल्पितासनः ॥ १६ ॥**
**अभ्यसेन्मनसा शुद्धं त्रिवृद्ब्रह्माक्षरं परम् ।**
**मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन् ॥ १७ ॥**

---

૧ **तस्माद्भारत सर्वात्मा**(૫) એ શ્લોકથી લઈને **तस्मात् सर्वात्मना**(૩૬) એ શ્લોકમાં ઉપસંહાર છે. તેમાં સર્વાત્મના કર્તવ્ય પ્રશ્નનો ઉત્તર હોય એમ પ્રતીત થાય છે, તે જ અહીં પણ છે; તેથી શ્રવણ અત્ર પ્રમેય છે. તેનો વિરોધ હવે પછીનામાં છે.

**શબ્દાર્થ**:—પુરુષનો અન્તકાલ-છેલ્લો સમય આવે ત્યારે તેણે ભય છોડી દેવો. એટલુંજ નહિ પણ દેહ અને દેહના સંબંધીમાં સ્પૃહારૂપ પાશને અસંગરૂપ શસ્ત્ર વડે છેદી નાખવો. ધીર બનીને ગૃહનો ત્યાગ કરવો. પવિત્ર તીર્થોમાં સ્નાન કરવું. પવિત્ર એકાન્ત સ્થાનમાં વિધિ પ્રમાણે આસનની કલ્પના કરીને અકાર-ઉકાર-મકારરૂપ ત્રણ અક્ષરોવાળા પરબ્રહ્મનો મનથી અભ્યાસ કરવો. શ્વાસને જીતવો. મનનું નિયમન કરવું, છતાં બ્રહ્મબીજનું વિસ્મરણ ન થવા દેવું.

**ભાવાર્થ**:—**મનન** એટલે યુક્તિ વડે અનુચિંતન કરવું. તેમાં ભગવાનનું શ્રવણ કરવું. કયા ભગવાનનું શ્રવણ કરવું ? એ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ પાંચમા શ્લોકમાં બતાવ્યા મુજબ સર્વાત્મા ભગવાન હરિ અને ઇશ્વર એ ચાર વિશેષણથી સર્વ પુરુષાર્થરૂપ સર્વફલસાધક એટલે સર્વ ભગવાન્ એવો અર્થ થાય. સર્વ ભગવાન્ કેમ થાય ? તો કહે છે કે **आत्मैवेदं सर्वम्** આ સર્વ આત્મા છે, **ब्रह्मैवेदं सर्वम्** આ સર્વ બ્રહ્મ છે, **अहं हरिः सर्वमिदं जनार्दनः** આ સર્વ હું હરિ જનાર્દન છું, આ પ્રમાણરૂપ વાક્યો વિદ્યમાન છે, છતાં લૌકિક યુક્તિની અપેક્ષા રાખતા હો તો સર્વનો ભગવચ્છરીમાં સમાવેશ થાય છે. પુરુષ ભગવાન્ છે એમાં કોઈ વાદ નથી. **पुरुषो ह वै नारायणोऽकामयत** નારાયણ પુરુષ છે એ નિશ્ચય છે, તેણે કામના કરી, એમ શ્રુતિ કહે છે. **पुरुष एवेदं सर्वम्** આ સર્વ પુરુષ છે. એથી બધાનો પુરુષ-શરીરમાં અન્તર્ભાવ ન કરીએ ત્યાંસુધી પુરુષ સર્વસ્વ છે એમ કોઈ માને નહિ; તેથી આ બધાનો પુરુષ-શરીરમાં નિવેશ કહે છે. વળી આ બધું પુરુષના શરીરમાં છે એમ મોઢેથી કહો છતાં અનુભવમાં તેમ ન લાગે તોપણ લોક બધું પુરુષમાં છે એ માનવાને તૈયાર ન થાય, માટે તે પુરુષને ધ્યાનરૂપે કહે છે. ધ્યાન કરતાં કદાચ સાક્ષાત્કાર થાય તો તેના શ્રીઅંગમાં સર્વ જોઇને ધ્યાતા નિઃસંદેહ થાય; માટે મનન ઠેઠ નિદિધ્યાસન સુધી જેનું ફલ સાક્ષાત્કાર છે તે તત્ત્વ કહેવા માટેનો બોધ આપતાં, પાક્ષિક એક એક પક્ષમાં દોષ દેખાતો હોય તેને દૂર કરવો જોઇએ એવો ન્યાય છે, તેથી કોણ નક્કી કહી શકે કે અન્તકાલમાં ભગવાનનું જ સ્મરણ થશે ? બીજું પણ યાદ આવી જાય; તેથી બીજા સ્મરણ ન થવા માટે ચિત્તવૃત્તિના નિરોધરૂપ રહેલો યોગ કહેતાં તેના અંગરૂપ ધ્યાનના વિષય ભગવાન્નું સ્વરૂપ બનાવવું, તે માટે અન્તકાળમાં શું કરવું એ પ્રશ્નનો ઉત્તર પણ આપે છે. **अन्तकाले तु** અહીં **तु** કહ્યો છે, તેથી 'યોગથી ધ્યાન કરવાનું અહીં કહે છે', તે કામ તમારે કર્તવ્ય નથી એમ જણાવ્યું છે. અથવા પુરુષ-પક્ષમાં કહેલ પક્ષની વ્યાવૃત્તિ **तु** શબ્દથી સમજવી. અન્તકાળ-મરણનો કાળ અથવા કાળનો અન્ત-આયુષનો છેવટનો વખત. રાજદન્તાદિની જેમ તેનો પરનિપાત થયો છે. અથવા અન્તકનો કાળ આવ્યો જાણીને ભયને

છોડવો એ પહેલું સાધન, તે માટે પ્રથમ કહી ગયા તે કરવું. ત્યાર પછી અસંગરૂપી શસ્ત્રથી–વૈરાગ્યરૂપ હથિયારથી દેહમાં અને તેની પછી તેના સંબંધીઓ (ઘર સ્ત્રી પુત્ર ધનાદિ) માંથી મન કાઢી નાખવું. એ મારાં છે, તેણે મારી ચાકરી કરી છે અથવા કરશે એવી આશા છોડી દેવી. અન્તઃકરણમાં તેની અપેક્ષા ન રાખે, એ ત્રીજું સાધન. ટાઢ તડકો પડે તો ધીરજ રાખવી એ ચોથું સાધન. એટલા યમ થયા. હવે નિયમને કહે છેઃ પવિત્ર જલમાં સ્નાન કરવું. જલ તો તીર્થમાંથી ગાગર ભરીને પણ જ્યાં લઈ જવી હોય ત્યાં લઈ જવાય, માટે તીર્થજળ કહ્યું. એટલે ઉદ્ધૃત જળ મુખ્ય કલ્પ નહિ પણ **अनुकल्प** છે. **पुण्य** શબ્દથી કામ્ય તીર્થ છોડી દેવાનું કહ્યું. અથવા પવિત્ર કરનાર તીર્થ એટલે ગંગા અથવા તીર્થનો અર્થ ઘાટ પણ થાય છે. **तीर्थे हि ते तां प्रावेशयन्** તે તેને તીર્થમાં લાવ્યા, એવી શ્રુતિ છે. **आप्लुतः** સારી રીતે સ્નાન કરવા માટે એ શબ્દનો પ્રયોગ છે. શુચિ એટલે પવિત્ર અને વિવિક્ત એટલે એકાન્તમાં વિધિ પ્રમાણે, એટલે વસ્ત્ર મૃગચર્મ અને કુશ એ ત્રણ ઉપરાઉપર આવે એવું આસન બનાવવું તેની ઉપર બેસીને ધ્યાનનો અભ્યાસ કરવો. પ્રાણાયમ કહે છેઃ સબીજ પ્રાણાયામ કરવાથી વાયુ જલદી સ્થિર થાય છે. પાપને લીધે વાયુ ચાલે છે, માટે અકાર ઉકાર મકાર એ ત્રણ અક્ષરોથી બનેલો ૐ બ્રહ્મવાચક છે તેનો ઉચ્ચાર વિઘ્નાભાવ અને મંગળને માટે કરવો. પરા પશ્યન્તી મધ્યમા અને વૈખરીએ ચાર પ્રકારની વાણીમાંથી પ્રથમ પ્રકારની વાણીથી અથવા પ્રથમ **अकार** થી આરંભ કરવો. એનો અભ્યાસ કરતાં વાયુ ઉપર જય થશે, ત્યાર પછી પ્રત્યાહાર કરવો. એ હવે કહે છે કે શ્વાસને જીતીને મનનું નિયમન કરવું. શ્વાસનો જય ૐકારથી કરવો. તેથી કહે છે કે બ્રહ્મના બીજને ભૂલ્યા વગર શ્વાસને જીતી મન ઉપર જય મેળવવે. (૧૫–૧૬–૧૭)

પ્રત્યાહારમાં મનનો તથા ઇન્દ્રિયોનો પરસ્પર હેતુહેતુમદ્‌ભાવ હોવાથી શુકદેવજી તેનો ભેદ કહે છેઃ

**नियच्छेद्विषयेभ्योऽक्षान् मनसा बुद्धिसारथिः ।**
**मनः कर्मभिराक्षिप्तं शुभार्थे धारयेद्धिया ॥ १८ ॥**

શબ્દાર્થઃ—બુદ્ધિને સારથિ બનાવીને મન વડે ઇન્દ્રિયોને વિષયો તરફ જતી અટકાવવી, કર્મો વડે મન ક્ષુબ્ધ થાય તેને ભગવાનરૂપ શુભ અર્થમાં લગાવવું.

ભાવાર્થઃ—મન વડે ઇન્દ્રિયોને વિષય તરફ જતાં રોકી દેવી. વિષયો દોષવાળા છે એવી બુદ્ધિ મન વડે ઇન્દ્રિયોને વિષયો તરફ જતી બંધ કરે, ત્યારે તે બુદ્ધિ સારથિ બને છે. પ્રાણાયામ કરવાથી મનની

ચંચળતારૂપ ક્રિયા મટે છે એ પ્રથમ કહ્યું છે; હમણાં પ્રત્યાહાર (વિષયોથી ઈન્દ્રિયોને પાછી ખેંચવા રૂપી) કર્મથી વિષયોથી છેટું પડેલું મન થયું, એટલે તે વિષયજ્ઞાનને પ્રતિકૂલ થયું, ત્યારે તેને લગાડવું તો જોઈએ; તે લગાડવાનો વિષય તો ભગવાન્ છે. તે શુભ અર્થ છે, વિષય જેવો બંધનકર્તા નથી. તેમાં મનને લગાડવું. તેનો પ્રકાર બતાવે છે કે સર્વ અવયવમાં વ્યાપ્ત થયેલ બુદ્ધિ વડે માનસી મૂર્તિની કલ્પના કરીને સર્વાવયવમાં વ્યાપક મનને તે મૂર્તિમાં ધારણારૂપે સ્થિર કરવું. 'સર્વાવયવમાં મનની સ્થાપના કરવી તેને યોગશાસ્ત્રમાં ધારણા કહે છે.' 'ભગવાનના એક અવયવમાં મનને સ્થિર કરવું તે ધ્યાન કહેવાય.' એવો ધારણા અને ધ્યાનમાં ભેદ છે. (૧૮)

હવે ધ્યાન બતાવે છે:

**तत्रैकावयवं ध्यायेदव्युच्छिन्नेन चेतसा ।**
**मनो निर्विषयं युक्त्वा ततः किञ्चन न स्मरेत् ॥ १९ ॥**

**શબ્દાર્થ**:—બધાં અવયવોમાં લાગેલા મનને તેમાંથી છૂટું ન કરતાં મૂર્તિના એક અવયવમાં લગાડી તેનું ધ્યાન કરવું, પછી મનને તેમાં લીન કરીને કાંઈ પણ યાદ ન કરે તેનું નામ સમાધિ.

**ભાવાર્થ**:—પહેલાં મનને સર્વ અવયવમાં વ્યાપ્ત કર્યું હોય તેના સંસર્ગની સાથે તેને એક અવયવમાં યોજવું. એથી ખંડધ્યાનનું નિવારણ કર્યું. એક અવયવ બીજા અવયવથી સંબદ્ધ છે એવું ધ્યાન કરવું. એવું ધ્યાન કરતાં મન વિષયની વાસનાને છોડી દે ત્યારે તેને એ વિષય પણ છોડાવી નિર્વિષય બનાવી દેવું, યોગયુક્ત કરીને મનની બધી વૃત્તિઓ રોકી દેવી, પછી કાંઈ સ્મરણ ન કરવું, યોગની સાધના કરીને મનને રોકીને રહેવું. (૧૯)

ત્યાં જે થાય તે હવે કહે છે:

**पदं तत्परमं विष्णोर्मनो यत्र प्रसीदति ।**
**रजस्तमोभ्यामाक्षिप्तं विमूढं मन आत्मनः ।**
**यच्छेद् धारणया धीरो हन्ति या तत्कृतं मलम् ॥ २० ॥**

**શબ્દાર્થ**:—રોકેલું મન જ્યાં પ્રસન્નતામાં રહે છે તે વિષ્ણુનું પરમપદ કહેવાય. રજોગુણ અને તમોગુણથી ખેંચાયલું મન મૂઢ બની જાય છે, તેને ધારણા વડે નિરુદ્ધ કરે તો તે ધારણા ધીરપુરુષના મનના મેલને દૂર કરે છે.

**ભાવાર્થ**:—એમ ચિત્તને નિર્વિષય રોકી રાખવાથી તેની મેળે તે પ્રસન્ન થાય છે, અને ધ્યાનરૂપે પરિણામ પામે છે. તે પરિણામનો આધાર તે જ વિષ્ણુનું પરમ પદ કહેવાય છે. બીજી જગ્યાએ તેને રોકો તો તેને વ્યક્ત કરે અથવા ખેદ પામે. માટે જ્યાં રોકવાથી રાજી રહે તે આધારના

સામર્થ્યથી જ રાજી રહે છે. તે પ્રસન્ન થવાનો આધાર ભગવત્પદ છે. ચિત્તની પ્રસન્નતામાં જે પ્રકાશે છે તે જીવનું સ્વરૂપ છે. તે પુરુષોત્તમનું સ્થાન છે. 'तस्याः शिखाया मध्ये परमात्मा व्यवस्थितः' તે શિખાની મધ્યમાં પરમાત્મા વ્યવસ્થિત રહ્યા છે, એમ શ્રુતિ કહે છે; તેથી વહ્નિશિખા નામે કહેવાતી પણ જીવકલા છે. અથવા અક્ષર ભગવાનનું ચરણ કહેવાય છે. તેનો અંશ જીવ છે. તે પણ ભગવત્પદ કહેવાય. એમ જ્યાંસુધી મન પ્રસન્ન રહે ત્યાંસુધી રહેવું. रजः सत्त्वं तमश्चैव એ ન્યાયથી કારણરૂપ રજોગુણ તમોગુણ કાળની પ્રેરણાથી મનને ભગવાનનું ધ્યાન કરતાં છોડાવે અથવા મૂઢ બનાવે, ત્યારે યોગબળથી બીજાનાં મન પણ ભગવાનના ચરણમાં દેખાય, કેમકે ત્યાં સર્વે જીવો એકત્ર થાય છે. ત્યાં બીજાના મનનો વિક્ષેપ દેખાય તો કાંઈ ન કરવું. પણ પોતાનું મન રજોગુણ વડે કર્મ કરવામાં જાય અથવા તમોગુણથી મૂઢ બને તો તે દોષ દૂર કરવા માટે ફરી ધારણા કરીને મનને તેનાથી રોકી દેવું. જ્યારે મનને રોકશો ત્યારે વાસના વડે રજોગુણ વિષયોને દેખાડશે, તમોગુણ નિદ્રાદિને દેખાડશે, ત્યારે ધીરજ રાખીને રજોગુણ અને તમોગુણના દોષોને દૂર કરવા. દેવી કે શિવની ધારણા ન કરવા માટે કહ્યું કે વિષ્ણુના પદમાં ધારણા કરવાથી રજસ્તમોદોષ નિવૃત્ત થાય છે. (૨૦)

એવી ધારણા કરવી કે જે ધારણાથી યોગ સિદ્ધ થાય. ઘણા યોગો ચિત્તનો નિરોધ કરનાર કર્માદિરૂપે છે. તેમાં પણ ભક્તિયોગ જેનાથી થાય એવી ધારણા કરવી; તે કહે છેઃ

**यत्र संधार्यमाणायां योगिनो भक्तिलक्षणः ।**
**आशु संपद्यते योग आश्रयं भद्रमीक्षतः ॥ २१ ॥**

**શબ્દાર્થ**:—જે ધારણા કરતાં યોગીને જલદીથી ભક્તિલક્ષણવાળો યોગ સિદ્ધ થાય, જે ભક્તિયોગમાં કુશળ આશ્રયરૂપ ભગવાનનું ધ્યાન થાય છે.

**ભાવાર્થ**:—જે ભગવાનના સર્વાવયમાં ચિત્તવૃત્તિ લાગી હોય તે યોગીને ભક્તિ જેનો અસાધારણ ધર્મ છે, જેમ ગાયને સાસ્નાદિમત્તા–ગળે ગોદડી વગેરે છે, એવો યોગ ઉત્પન્ન થાય છે. યોગને ભક્તિલક્ષણવાળો શા માટે કહેવો જોઈએ? ત્યાં કહે છે કે તેમાં ધારણાના આશ્રયરૂપ ભગવાનનું રૂપ હોય છે. ભગવાનનું ધ્યાન કરવાથી ભક્તિયોગ સિદ્ધ થાય છે. (૨૧)

રાજા પરીક્ષિત્ તેમાં વિશેષ પ્રશ્ન કરે છેઃ

राजोवाच ।

**यथा संधार्यते ब्रह्मन् धारणा यत्र संमता ।**
**यादृशी वा हरेदाशु पुरुषस्य मनोमलम् ॥ २२ ॥**

**શબ્દાર્થ**:—રાજાએ કહ્યું, હે બ્રહ્મન્, ધારણા કરવાનું આપે કહ્યું તે ધારણા કયાં કરવી, કેવી રીતે કરવી? જેવી ધારણા કરવાથી પુરુષના મનના દોષ દૂર થાય તેવી ધારણા આપ કહો.

**ભાવાર્થ**:—આ ધારણા કેવી રીતે કરવી? શું માનસી મૂર્તિ કરી તેમાં મનને સ્થાપન કરવું, અથવા સાંભળેલી ભગવાનની મૂર્તિમાંનું સ્મરણ કરીને મનને રોકવું? જેમાં યોગીઓની સંમતિ હોય તે કહો, કેમકે ભગવાનનાં તો અનન્તરૂપો છે. જે મૂર્તિમાં સર્વ યોગીઓ ધ્યાન કરવામાં સંમત હોય તે **यादृशी** શબ્દથી કહ્યું, અથવા યાદશી મૂર્તિ એમાં રૂપનું પ્રાધાન્ય લેવું કે ધર્મનું પ્રાધાન્ય લેવું. સ્થૂળ મૂર્તિમાં કે સૂક્ષ્મમાં કે નિરાકારમાં કે સાકારમાં ધારણા કરવી; શાન્ત મૂર્તિમાં કે આગ્રહવાળીમાં ધારણા કરવી? જે ધારણા પુરુષના મનના મેલને દૂર કરે તે કહો. ગુરુની પાસે બેસીને તમે કહો, એમ તેમને ફરજ ન પડાય એથી વાકય અધૂરું રાખ્યું; 'કહો' એમ ન બોલ્યા. (૨૨)

તેને ઉત્તર કહે છે:

**श्रीशुक उवाच।**

**जितासनो जितश्वासो जितसङ्गो जितेन्द्रियः।**
**स्थूले भगवतो रूपे मनः संधारयेद्धिया ॥ २३ ॥**

**શબ્દાર્થ**:—શુકદેવજીએ કહ્યું, આસનનો જય મેળવવો, શ્વાસને જીતવો, સંગને જીતવો, ઇન્દ્રિયોને જીતવી અને ભગવાનના સ્થૂલરૂપમાં બુદ્ધિ વડે મનને સારી રીતે ધારણ કરવું.

**ભાવાર્થ**:—**यादृशी** એવો પ્રથમ શ્લોકમાં પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર કહે છે કે આસનને જીતીને ધારણા કરવી. આસનાદિજય સહિત ધારણા મનના દોષને દૂર કરે. વિષયનો સંગ જીતવો. એથી મનનું નિયમન કરવાનું કહ્યું. **यत्र संमता** કહ્યું છે તેના ઉત્તરમાં કહે છે કે **स्थूल** ભગવદ્રૂપમાં ધારણા કરવી; તે પણ નિશ્ચયાત્મક બુદ્ધિથી કરવી. (૨૩)

ત્યાં શંકા કરે છે કે ભગવાનને વળી સ્થૂલ રૂપ કેવું? જો વ્યાપકરૂપ કહે તો તે તો ફલરૂપ હોઇને તેમાં તો ધારણા ન થઇ શકે. બીજા મત્સ્યાદિરૂપનું તો પરિમાણ નિશ્ચિત નથી હોતું; માટે સ્થૂલરૂપ કેવું? તેનો ઉત્તર આપે છે:

**विशेषस्तस्य देहोऽयं स्थविष्ठश्च स्थवीयसाम्।**
**यत्रेदं दृश्यते विश्वं भूतं भव्यं भवच्च यत् ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—જેમાં આ આખું વિશ્વ થયું થશે અને થાય છે એ ત્રિકાળ યુક્ત દેખાય છે તે સ્થૂલમાં પણ સ્થૂલતર જગદ્રૂપ ભગવાનનો દેહ છે.

**ભાવાર્થ**:—વિશેષ એટલે પૃથ્વી. બધા વિશેષ પૃથ્વીરૂપ છે. **अतो विशेषो भावानां भूभावे वोपलक्ष्यते** એમ તૃતીય સ્કન્ધમાં કહ્યું છે. અથવા વિશિષ્ટ છે શેષ જેમાં, એવો અર્થ વિશેષનો કરવો, અથવા **वेः** એટલે કાળનો શેષ તે **विशेषः**, કેમકે અહીંનાનો સ્વેચ્છાથી કાળ ગ્રાસ કરે છે; માટે ભગવાનનો દેહ એ જ વિશેષ. કાલ ભગવાનની ચેષ્ટારૂપ છે. તે ચેષ્ટાનો આધાર દેહ જ હોય. દેહનો અને આત્માનો સંયોગ સંબંધ છે, એમ કેટલાક સાંખ્યવાદીઓ કહે છે. તેના એકદેશી યોગીઓ કહે છે કે દેહમાં આત્માનો અધ્યાસ છે. કેટલાક કહે છે કે દેહમાં આત્માનો આવેશ થાય છે, લોહના ગોળામાં અગ્નિની જેમ. કેટલાક કહે છે કે અહંકારથી હુંપણું આવે છે. તે ચાર પક્ષ ભગવાનના દેહને કહેનારા નથી, પરંતુ ભગવાનનો અને જીવનો સ્વસ્વામિભાવ સંબંધ છે. તે **तस्य** એ ષષ્ઠી વિભક્તિથી કહ્યો છે. **दिह उपचये** એ ધાતુને **अच्** પ્રત્યય લાગતાં "દેહ"શબ્દ સિદ્ધ થાય છે. આ ભગવાનનો **उपचय** છે. પોતાના સ્વરૂપમાં રહીને ભગવાન સર્વ કરવાને સમર્થ છે છતાં સર્વનું પોષણ કરવા માટે સ્વરૂપથી પણ વધારે સુખ આપવાને માટે પોતે પુષ્ટ થઇને સર્વ કાર્ય કરે છે. તે રૂપ ભગવાનની ધારણાનો વિષય છે. આ અર્થમાં સર્વ સમ્મત છે. આ પ્રત્યક્ષ છે. એ જો કે એક સ્થળમાં જ દેખાય છે છતાં બીજે હોવાનું અનુમાન તેનાથી થઇ શકે છે, તેથી જ બીજા અવયવોની સાથે પ્રત્યક્ષ સામગ્રી વિશિષ્ટ જ્ઞાનને ઉત્પન્ન કરે છે તે **अयम्** આ રહ્યા, એમ કહ્યું છે. વેદમાં કહ્યું છે કે **पृथनात् पृथिवी** મોટી હોવાથી સ્થૂલ છે, વધારે સ્થૂલ છે. ભાગવતશાસ્ત્રમાં વિરલ અવયવ તે સૂક્ષ્મ અને ઘણા અવયવો એકત્ર થાય તે સ્થૂલ કહેવાય છે, માટે આકાશ વગેરે સૂક્ષ્મ કહેવાય છે જ્યારે પૃથિવી વગેરે સ્થૂલ કહેવાય છે. આકાશનો વ્યવહાર ન થઈ શકે, પૃથ્વીનો બધા ઉપયોગ કરે. ભેગા થયેલા ઘણા અવયવો અવયવીને ઉત્પન્ન કરે છે, તેમ દેહથી પણ ભગવાન પ્રકટ થાય છે. ધ્યાન કરવાને માટે ભગવાન પણ પ્રકટ થાય છે તેનું સ્થૂલપણું કહ્યું છે. તે ભગવાન બુદ્ધિમાં પ્રવેશ કરે તો બુદ્ધિને પણ શુદ્ધ કરે. પછી તે સ્થૂલબુદ્ધિ સૂક્ષ્મ વિષયને ન ગ્રહણ કરે, માટે મનના રજોગુણ તમોગુણ દોષોને ભગવાન દૂર કરે. તેમાં **चकार** છે તેથી તે ભગવાન સુંદર છે. સર્વ વિશેષના તે સમવાયરૂપ છે, તેથી તેમાં બુદ્ધિ સ્થિર થાય છે. આકાશાદિ સ્થૂલ કરતાં પણ ભગવાન સ્થૂલ છે, કેમકે તેમના અવયવો વૃદ્ધિને પામ્યા છે; માટે જ આકાશ શરીર બ્રહ્મ છે એમ કહ્યું છે. **वायुरात्मा, ज्योतिषां ज्योतिः, तोयात्मने नमः** વાયુ આત્મા છે,પ્રકાશના પ્રકાશક છે, જળરૂપ આત્માને નમું છું, એ વાક્યોથી બધાં ભૂતો ભગવાનના શરીરરૂપ છેઃ આને લીધે જ તેની ધારણા કરવાનું કહ્યું છે. વળી બધાં રૂપોનો આ ભગવદ્રૂપમાં સંભવ છે, પણ

ભગવદ્રૂપ કયાંય અન્યત્ર નહિ મળી શકે, માટે જ આ ધ્યાનનું સ્થાન થયું છે. જે રૂપમાં સર્વ જગત પ્રતીત થાય છે, સમુદ્ર સૂર્ય વાયુ આકાશ વગેરે સર્વે તે રૂપમાં જોઇ શકાશે. બીજા પણ અવાંતર સૂક્ષ્મભૂત અહંકારાદિનાં કારણ-રૂપ છે. પોતે પણ **पातालमेतस्य हि पादमूलम्** એ શ્લોક કહેશે. કાર્યદ્વારા કાળ પણ તેમાં પ્રવેશ કરે છે. ભવિષ્યત્ ભૂત અને વર્તમાન કાળ ઉદયાસ્ત-શૂન્ય કાળને ભૂતત્વતેજ સિદ્ધ કરે છે. કોઇક સંબંધથી કાળ ગયો એમ કહેવાય છે. તેમાં ઉત્પત્તિ સ્થિતિ અને નાશ એ ગુણનાં કાર્યોથી તે કાળ પણ ત્રણ ગુણવાળો થાય છે. તેથી પોતાના કાર્યસહિત કાળ ભગવચ્ચેષ્ટારૂપ હોવાથી આ લોકમાં પ્રકાશે છે, તેથી પણ આ ભગવત્કાર્ય છે એમ સ્પષ્ટ જાણવામાં આવે છે. થયું થશે અને થાય છે. **चकार**થી ત્રણ કાળ રહિત પ્રાણ જીવ વગેરે આ ભગવાનમાં દેખાય છે. આમાં કાંઈ છાનું નથી, એટલે તેમાં વધારે પ્રમાણ આપવાની જરૂર નથી. (૨૪)

અહીં શંકા થાય કે જડનું ધ્યાન કેમ થાય? જેનું ધ્યાન કર્યું તેણે ફલ અવશ્ય આપવું જોઇએ. ક્રિયાન્તરની પેઠે ધ્યાન અદૃષ્ટદ્વારા ફળ આપતું નથી. ધ્યેયનો સાક્ષાત્કાર એ તો દૃષ્ટ છે. ભગવાનના સંબંધથી ધ્યેયપણું તેમાં હોય તોપણ **गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः** ગૌણ અને મુખ્યમાં મુખ્યથી કામ લેવું જોઇએ, એ ન્યાયથી તેના દેહનું ધ્યાન કરવા કરતાં ભગવાનનું ધ્યાન કરવું એમ કેમ નથી કહેતા? ત્યાં કહે છે:

**आण्डकोशे शरीरेऽस्मिन् सप्तावरणसंयुते ।**
**वैराजः पुरुषो योऽसौ भगवान् धारणाश्रयः ॥ २५ ॥**

**શબ્દાર્થ**:—પૃથ્વી જળ તેજ વાયુ આકાશ અહંકાર અને મહત્તત્ત્વ એ સાત જેનાં આવરણ છે એવા બ્રહ્માણ્ડકોશાત્મક શરીરમાં જે વૈરાટ પુરુષ રહે છે તે ભગવાન્ ધારણાના આશ્રયરૂપ છે.

**ભાવાર્થ**:—વૈરાજ ધ્યાનનો વિષય નથી પણ આશ્રય છે. તેથી **यथा संधार्यते** એ શ્લોકમાં પૂછયું તે પણ કહ્યું: સાક્ષાત્ વિષય ભગવાન્ છે જ્યારે તેના આધારરૂપ વિરાટ્ પુરુષ છે. જો કે સ્વઆત્મા જીવ જ આધારરૂપ કહેવા યોગ્ય છે તોપણ આની આગળના અધ્યાયમાં તેને મતાંતરલેખે કહેવામાં આવશે. તોપણ બહાર રહેલા ભગવાન્ અંદર પ્રવિષ્ટ થવા જોઇએ તેથી અધિક સ્નેહ સિદ્ધ થવા માટે પ્રયત્ન સફલ થવા માટે સ્વાત્મામાં સિદ્ધ ભગવદ્રૂપ છે તેના કરતાં સિદ્ધ સાધન દોષ ન હોવાથી સ્મરણ માત્રના વિષય ભગવાન હોવાથી ધ્યાન સિદ્ધ થવા માટે બ્રહ્માણ્ડના આધારરૂપ ભગવાન્ ધ્યાનના વિષય થાય છે. અણ્ડ સંબંધીને "આણ્ડ" કહેવાય. તે જ કોશ, એટલે કમળની કળી જેમ

કળીરૂપ શરીર સમજવું. भूतैर्यदा पञ्चभिरात्मसृष्टैः એ શ્લોકમાં કહ્યા પ્રમાણે ભગવાને શરીર કર્યું છે, તેથી આમાં જે કર્યું હોય તે તેના ભોગ માટે હોય, કેમકે ભોગાયતન એવું શરીરનું નામ છે. તેથી જ સ્વાત્મા કરતાં પણ આ બ્રહ્માણ્ડ પુરુષ ધ્યાન કરવા યોગ્ય છે. કોશ કહેવાથી બીજા દેહમાં જેમ અચ્છિદ્રતા છે તેમ આમાં નથી. તેથી તેમાં જ મકરન્દનું પાન થાય છે. આ શરીર સારી રીતે રક્ષાયેલું છે, એમ કહેવા માટે ભગવાન સિવાયનાં બધાં તત્ત્વો આમાં છે, કેમકે તે સાત આવરણવાળું છે એમ કહે છે. संयुक्त શબ્દ અહીં કહ્યો છે તેથી તેની મધ્યમાં શૂન્ય સ્થાન નથી. જલથી લઈને પ્રકૃતિ સુધી સાત છે તેમાં વૈરાજ પુરુષ તે બીજા પુરુષરૂપે સર્વ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે અનુભવથી સિદ્ધ થયેલ છે, તેથી મૂળમાં असौ કહ્યો છે. જે વૈરાજ વિરાટ શરીરમાં રહે છે, તે કોઈ જીવ વિશેષ નથી, એ કહેવા માટે મૂળમાં તેને भगवान् કહેલ છે. જે વૈરાજ પુરુષ તે જ ભગવાન્, જેને યોગીઓ પ્રત્યક્ષ કરે છે. તેથી અતિ વિશેષ અભ્યાસથી 'આ' એમ પ્રત્યક્ષ અનુભવ કરીને કહે છે. તે જ ધારણાના આશ્રયરૂપ છે. તે વૈરાજનો આશ્રય કોશ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ રહે છે તેમ, જેમ કમળમાં રહેલો ભ્રમર, જેમ મહેલમાં રહેતો રાજા. "આશ્રય" પદથી ધારણાનું ફલ પોતાને શરણે આવનારને અવશ્ય આપશે, એમ સૂચવ્યું છે. (૨૫)

હવે સર્વ સૂક્ષ્મ આધારવાળાનો તેમાં સન્નિવેશ થાય છે, એટલે તેને તો તેનો ભાર લાગે; એમ ન થવા માટે તેને તેના અવયવરૂપે ગણાવે છે:

> पातालमेतस्य हि पादमूलं पठन्ति पार्ष्णिप्रपदे रसातलम् ।
> महातलं विश्वसृजोऽथ गुल्फौ तलातलं वै पुरुषस्य जङ्घे ॥ २६ ॥
> द्वे जानुनी सुतलं विश्वमूर्तेरूरुद्वयं वितलं चातलं च ।
> महीतलं तज्जघनं महीपतेर्नभस्तलं नाभिसरो गृणन्ति ॥ २७ ॥
> उरःस्थलं ज्योतिरनीकमस्य ग्रीवामहर्वदनं वै जनोऽस्य ।
> तपोरराटीं विदुरादिपुंसः सत्यं तु शीर्षाणि सहस्रशीर्ष्णः ॥२८॥

શબ્દાર્થઃ—પાતાળલોક એ વૈરાજપુરુષના ચરણનું મૂળ છે. પેની અને ફણો રસાતળ છે. મહાતળ ઘૂંટી છે. ઘૂંટી અને ગોઠણની વચ્ચેનો ભાગ જંઘા કહેવાય છે તે તળાતળ લોક છે. બે ગોઠણ સુતળ છે. વિશ્વમૂર્તિ તે વૈરાજના બે સાથળ એ વિતળ તથા અતળ છે. હે મહીપતિ, મહીતળ તેનું જઘન છે. આકાશ તેની નાભિ છે. ઉરઃસ્થળ તે જ્યોતિઃસ્થાન છે. મહર્લોક તેની ડોક છે. જનલોક તેનું મુખ છે. તપ લોક આદિપુરુષ વૈરાજનું લલાટ છે. સહસ્ર મસ્તકવાળા વૈરાજનું મસ્તક સત્યલોક છે.

**ભાવાર્થઃ**—ચૌદ લોક તે ચૌદ અવયવરૂપ થઈને ધ્યાનના વિષયરૂપ બને છે. પણ ભગવાનના અવયવમાંથી લોક બન્યા નથી, એમ માનો તો ઉત્તમને હીનભાવ થાય; તેથી તેનું ધ્યાન ન થાય. તે જ કહે છે કે સર્વની નીચેનો લોક તે પાતાળ તે ભગવાનના ચરણનો રતાશવાળો ભાગ, એટલે તેમાં રહેનાર વાસુકિ વગેરે નાગો એ ચરણની રેખારૂપ બને છે. તેથી કહે છે કે **पठन्ति**; એ વેદને કહેનાર પણ એમ કહે છે કે એ પ્રસિદ્ધ વાત છે. શ્લોકમાં **पतस्य** નો અર્થ 'શરીર' કરવાનો છે. ભગવત્પક્ષમાં સાકાર બ્રહ્મની તેમાં વ્યાપ્તિ છે. તે બ્રહ્મ ચરણભાવને પામ્યું છે. પેની એ ચરણનો પાછલો ભાગ ગણાય છે. પ્રપદ એ પગનો આગલો ભાગ ગણાય. પ્રત્યાહારથી તેનો વચલો ભાગ એ બન્ને રસાતળ છે. પાતાળની ઉપરનો લોક તે રસાતળ કહેવાય. એમ આગળ પણ પહેલાં કહ્યા પછી જે કહેવાય તે તેની ઉપરનો લોક છે એમ સમજી લેવું. તે પછીથી કહેવાય છે. મહાતળમાં **महत्** પદનો પ્રયોગ કેમ કર્યો ? એમ શંકા થાય તો ત્યાં કહે છે કે ત્યાંથી આરંભીને સૃષ્ટિ વધી છે એમ કહેવા માટે **विश्वसृज** એવું વૈરાજપુરુષનું વિશેષણ કહ્યું છે. તે ખંડ જુદો છે એમ બતાવવા માટે **अथ** શબ્દ ભિન્નતાદ્યોતક મૂકયો છે. એથી પંચાત્મક પુરુષ કહેવામાં આવ્યો. તેમાં બે લોકનો એક ખંડ કહ્યો. **अथ** શબ્દ લખ્યો છે તેથી જુદી વાત કહેવાય છે. એટલે તે ઘૂંટીરૂપ છે. આમ કહેવામાં ત્રણ ગુણોના પાંચ ભેદ પણ કહેવામાં આવ્યા છે. તે આ પ્રમાણે સમજવાઃ ૧ કેવળ તમસ્, ૨ રજસ્તમસ્, ૩ રજસ્, ૪ રજઃસત્ત્વ, ૫ સત્ત્વ. તે પાંચમાં પહેલા ખંડથી કેવળ તમસ્ કહ્યું. મહાતળથી સુતળ સુધીનો બીજો ખંડ તેમાં પીંડીઓ તળાતળ છે. પુરુષની જંઘા કહી તેથી તે ઉપર રુવાડાં સમજવાં. તે પીંડીઓ બે પગની બે છે. અથવા બન્નેને આધારપણાથી કહ્યા. સુતળ એ બે ગોઠણ છે. **जानुनी** શબ્દ કહેવાથી બેનો બોધ થાય છે, છતાં **द्वे** શબ્દ કહ્યો, તે એ લોકનાં બે રૂપ છે એમ જાણવા માટે એ શબ્દ લખ્યો છે. માટે આગળ જતાં **सुतलम् शुद्धम्** એમ કહેશે. તે બે શબ્દથી સાધારણ સ્થાન અને પોતાને રહેવાનું સ્થાન એમ બે સમજવાનાં છે. જ્યાં બલિરાજા રહે છે તે સ્થાન શુદ્ધ ગણાય છે. તે બલિને દેખાડેલું વિશ્વરૂપ યાદ કરાવવા માટે **विश्वमूर्तेः** એવું વૈરાજને વિશેષણ આપ્યું છે. વિતળ અને અતળ એ બે સાથળ છે. તેમાં એક અતળ, બીજું વિતળ છે. કેટલાક આગળનો ભાગ અતળ અને પાછળનો ભાગ વિતળ એમ કહે છે, તે લૌકિક પુરુષના ન્યાયથી સંભવે છે. પણ પંચમ સ્કન્ધમાં **ततोऽधस्तात्** એ શબ્દથી તેનું વર્ણન કર્યું છે ત્યાં નીચે-ઉપર કહ્યું છે, તેથી આગળ પાછળ કહેનારનો મત વિચારણીય છે. અથવા અહીં બે **च**કાર શ્લોકમાં છે, તેથી તેવો અર્થ થઇ શકે ખરો.

અથવા તે લોકનો જ અવાંતર ભેદ સમજો. મહાદેવની ક્રીડાનું સ્થાન અથવા મયના પુત્રનું સ્થાન જેને સ્વર્ગ કહે છે તે સમજવું. મહીતળ એટલે પૃથ્વી તે ભગવાનનું જઘન (ડૂંટી નીચેનો ભાગ) છે. આ વ્યવસ્થા ઊભો રહેલો પુરુષ હોય તેનાં અંગ જે રીતે રહે તેની સમજવી, અથવા ઊર્ધ્વ ગોળની વ્યવસ્થા સમજવી. ધ્યાન તો તે પુરુષનું જ કરવાનું છે. **महीपति** શબ્દ કહ્યો છે તેથી ભગવાનની અહીં રાજારૂપે સ્થિતિ છે. નભસ્તલને નાભિરૂપી તળાવ કહ્યું, તેથી અન્તરિક્ષમાં જળ છે એમ કહ્યું. પ્રત્યક્ષ હોય તો વિરોધ આવે છે, કેમકે આધાર વગર ન રહે; પણ તેને પ્રમાણ આપે છે કે **गृणन्ति** એટલે શ્રુતિ કહે છે. આ રહી શ્રુતિ, **सलिलं वा इदमन्तरासीद्, यदन्तरं तत्तारकाणां तारकत्वम्** મધ્યમાં જલ રહે છે, જે મધ્યમાં રહે છે તે જ તારાઓનું તારાપણું છે. અહીં ભગવાનની મૂર્તિ નથી, એ તો શિવનું સ્થાન છે. બ્રહ્મા એમાંથી ઉત્પન્ન થયા છે તેથી તેને તળાવરૂપે વર્ણવ્યું છે. હવે વક્ષઃસ્થળ એ ધ્રુવાદિ જ્યોતિશ્ચક્ર છે, ત્યાં કોઈ બીજું રહેતું નથી. શિશુમાર જ ભગવાન છે, હૃદય એ જીવને રહેવાનું સ્થાન છે, માટે શિશુમારમાં ભગવાનનું ધ્યાન કરવું. ગ્રીવા મહર્લોક છે. વદન (ડાઢીથી ભ્રુકુટી સુધી) જનલોક છે. આ પણ કેવળ ભગવાનનો લોક છે. નિત્ય સુખનું સ્થાન છે, તે આગળ કહેવામાં આવશે. તપોલોક ભગવાનનું લલાટ છે એટલે તે સ્થાન પણ શૂન્ય છે. **रराटी** એ સ્ત્રીલિંગ શબ્દ મૂક્યો છે, તેથી તે શૃંગારના આધારરૂપ છે એમ બતાવ્યું છે. **आदिपुंसः** એવું ભગવાનનું વિશેષણ કહ્યું, તેથી તે તપથી મળી શકે છે, એમ સૂચવ્યું. સત્ય લોક ભગવાનનાં મસ્તક છે. ઘણાં કહ્યાં તેનું કારણ ભગવાન **सहस्रशीर्षा** છે આ શબ્દથી તે, તે છે. શ્રુતિપ્રતિપાદ્ય છે એમ બતાવ્યું છે તેમાં બ્રહ્માદિ લોકો ઘણા છે, તે બધાની ઉપર કહેવા માટે શીર્ષનું બહુવચન કહ્યું છે. (૨૬, ૨૭, ૨૮)

એમ લોકોનો ક્રમ કહીને તેમાં રહેતા જીવોનું વર્ણન કરે છેઃ

**इन्द्रादयो बाहव आहुरुस्राः कर्णौ दिशः श्रोत्रममुष्य शब्दः ।**
**नासत्यदस्रौ परमस्य नासे घ्राणं च गन्धो मुखमग्निरिद्धः ॥२९॥**
**द्यौरक्षिणी चक्षुरभूत्पतङ्गः पक्ष्माणि विष्णोरहनी उभे च ।**
**तद्भ्रूविजृम्भः परमेष्ठिधिष्ण्यमापोऽस्य तालू रस एव जिह्वा ॥३०॥**
**छन्दांस्यनन्तस्य शिरो गृणन्ति दंष्ट्रा यमः स्नेहकला द्विजानि ।**
**हासो जनोन्मादकरी च माया दुरन्तसर्गो यदपाङ्गमोक्षः ॥३१॥**
**व्रीडोत्तरोष्ठोऽधर एव लोभो धर्मः स्तनोऽधर्मपथश्च पृष्ठः ।**
**कस्तस्य मेढ्रं वृषणौ च मित्रौ कुक्षिः समुद्रा गिरयोऽस्थिसंघाः ॥३२॥**

नद्योऽस्य नाड्योऽथ तनूरुहाणि महीरुहा विश्वतनोर्नृपेन्द्र ।
अनन्तवीर्यश्वसितं मातरिश्वा गतिर्वयः कर्मगुणप्रवाहः ॥ ३३ ॥

ईशस्य केशान् विदुरम्बुवाहान् वासस्तु सन्ध्ये कुरुवर्य भूम्नः ।
अव्यक्तमाहुर्हृदयं मनश्च स चन्द्रमाः सर्वविकारकोशः ॥३४॥

विज्ञानशक्तिं महिमामनन्ति सर्वात्मनोऽन्तःकरणं गिरित्रम् ।
अश्वाश्वतर्युष्ट्रगजा नखानि सर्वे मृगाः पशवः श्रोणिदेशे ॥३५॥

वयांसि तद्व्याकरणं विचित्रं मनुर्मनीषा मनुजो निवासः ।
गन्धर्वविद्याधरचारणाप्सरः स्वरः स्मृतीरसुरानीकवर्यः ॥३६॥

ब्रह्माननं क्षत्रभुजो महात्मा विड्रुरङ्घ्रिः श्रितकृष्णवर्णः ।
नानाभिधाभीज्यगणोपपन्नो द्रव्यात्मकः कर्मवितानयोगः ॥३७॥

**શબ્દાર્થ**:—બાહુરૂપ ઈન્દ્રાદિ દેવો લોકોને કર્મનાં ફલ આપનાર છે, દિશાઓ તેના કાન, એનો શબ્દ તે ભગવાનના કાન છે, આશ્વિનીકુમારો ભગવાનની નાસિકા છે. ગન્ધ તેમનું ઘ્રાણઇન્દ્રિય છે, પ્રકટ અગ્નિ તેનું મુખ છે. દ્યૌલોક ( સ્વર્ગ ) ભગવાનનાં બે નેત્રો છે, સૂર્ય તેની ચક્ષુરિન્દ્રિય છે, રાતદિવસ એ વિષ્ણુની પાંપણો છે, તેની ભ્રૂકુટીનો વિલાસ એ બ્રહ્માનું સ્થાન છે, જળ તેનું તાળવું છે, રસ તેની જિહ્વા છે. છન્દો અનન્તના યશને ગાય છે, ભગવાનની દાઢ યમરૂપ છે, તેમના દાંતો સ્નેહની કલા છે, જનોને ઉન્માદ કરાવનારી માયા ભગવાનનો હાસ છે, નિત્યપ્રવાહ સૃષ્ટિ ભગવાનનો કટાક્ષપાત છે. લજ્જા ઉપલો હોઠ છે, નીચલો હોઠ લોભાત્મક છે. તનું સ્તન ધર્મનું સ્થાન છે. તેનો પાછળનો ભાગ અધર્મનું સ્થાન છે. બ્રહ્મા તેનું ગુહ્યેન્દ્રિય છે, મિત્રો તેના વૃષણો છે. સમુદ્રો તેનું પેટ છે. પર્વતો તેનાં હાડકાનાં સમુદાય છે. નદીઓ તેની નાડીઓ છે. હે રાજન્, વિશ્વ શરીરવાળા તેનાં રોમ (રુવાડાં) છે. અનન્ત પરાક્રમવાળા ભગવાનનો શ્વાસ વાયુ છે. ગતિ (ગમન) તે આયુષ્ છે. ગુણનો પ્રવાહ તે ભગવત્કર્મ છે. તેના કેશ મેઘ છે. હે કુરુવર્ય, તેનું વસ્ત્ર બન્ને સંધ્યા છે, પ્રધાન તેનું હૃદય છે. ચંદ્રમા તેનું મન છે, જે સર્વ વિકારની કળીરૂપ છે. મહત્તત્ત્વ જેની જ્ઞાનશક્તિ છે. મહાદેવ જેનો અહંકાર છે. ઘોડા, ખચ્ચર, ઊંટ, હાથી એ તેમના નખ છે, બધાં મૃગો અને પશુઓ તેની શ્રોણિ (કડનો પાછલો ભાગ) છે. પક્ષીઓ તેમનો વિચિત્ર નમૂનો-કારિગરી છે, મનુ તેની બુદ્ધિ છે, મનુષ્ય તેમનું રહેવાનું સ્થાન છે. ગંધર્વાદિ તેના સ્વર અને સ્મૃતિ છે, અથવા ગંધર્વ સ્વર અને પ્રહ્લાદ તેની સ્મૃતિ છે. બ્રાહ્મણ તેનું મુખ, ક્ષત્રિયો તેની ભુજા છે, વૈશ્યો તેના સાથળ છે, શૂદ્ર તેના ચરણ છે. નાના દેવગણથી યુક્ત જે દ્રવ્યનો સમુદાય તે તેનો યજ્ઞ છે.

**ભાવાર્થ**:—જો કે જે જેનું સ્થાન હોય તે તે સ્થાનમાં રહે એ તો વૃશર કહ્યે સમજાય તેવી બાબત છે, તોપણ જેમનું ચોક્કસ નથી એવા જીવોનાં સ્થાન કહે છે: દેવો સર્વ લોકમાં ફર્યા કરે છે. અથવા ભગવાનની ઇન્દ્રિયોને આધારપણું નહિ હોય એમ કોઈ કહે તેથી તેનું નિરૂપણ જુદી રીતે કરે છે. તે દેવો ઇન્દ્રિયોના અધિદેવો છે. બીજા બે પ્રકરણમાં કહેલા તે રૂપ સમજવાના છે. ઇન્દ્રાદિ દેવો કર્મના ફલને આપનાર છે. ભાર ઉઠાવવામાં સમર્થ હોય તે उस्र કહેવાય. ઊંચે સરકે તે ઉસ્ર उस्रावेतं धूरूषाहौ એ જગ્યાએ એમ કહેવામાં આવ્યું છે. ભગવાનના બાહુ ફલ આપનાર છે, ભગવાનના કાન તે બ્રહ્માણ્ડમાં દિશાઓ છે. જે શબ્દ છે તે ભગવાનનું શ્રોત્રેન્દ્રિય છે. અશ્વિનીકુમારો તે યજ્ઞ ભગવાનના બે નાક રૂપ છે. યજ્ઞમાં જ તે ઉપકારક છે. આપણી ઇન્દ્રિયોના અધિષ્ઠાતા તે ભગવાનની ઇન્દ્રિયોના ગોલક છે. આપણા વિષયો તે ભગવાનની ઇન્દ્રિયો. ગંધ ભગવાનની ઘ્રાણ ઇન્દ્રિય છે. બળતો અગ્નિ તેનું મુખ છે. તેથી અગ્નિમાં આહુતિ આપવી તે પ્રકટાગ્નિમાં આપવી; તે ભગવન્મુખ છે. સ્વર્ગલોક શિશુમાર સ્થાનરૂપ છે. આંખ, ગોલક, ચક્ષુ ઇન્દ્રિય, સૂર્ય દેવ. પડતો ચાલે તે પતંગ કહેવાય. ભગવાનનું નેત્ર અમારી ઉપર પડતું ચાલે એ માટે પતંગ શબ્દ કહ્યો. બે આંખની ૪ પાંપણો આંખને ઉઘાડે અને બીડે છે. વિષ્ણુ કહ્યા છે તેથી કાલરૂપ અવવા યજ્ઞરૂપ ભગવાન્ સમજવા. अहनी એ દ્વિવચનથી રાત અને દિવસ બે લેવાં, અને દેવ અને મનુષ્યના ભેદથી ચાર ભેદ થયા. चकार છે તેથી પિતૃ અને બ્રહ્મા પણ લઇ શકાય. પરમેષ્ઠી બ્રહ્માનું સ્થાન તે ભગવાનની ભ્રુકુટીનો વિકાસ છે. જેની તરફ ભ્રુકુટી પ્રસન્નતાથી લંબાવે તેને બ્રહ્માનું સ્થાન આપે છે. આપ્-જલ વરુણ દેવની સ્ત્રીરૂપ ગણાય છે. આ ભગવાનનું તાળવું. ગોલકરૂપ જિહ્વા છે. જિહ્વા શબ્દથી ઇન્દ્રિય લેવી. एवकारथी રસવાળું દ્રવ્ય ન લેવું એમ કહ્યું. ગાયત્રી વગેરે હજારો છંદો છે, તેમાં સાત મુખ્ય છે તે ભગવાનની કીર્તિરૂપ છે. गृणन्ति થી પ્રમાણ કહ્યું. ભગવાનની દાઢ તે યમ. સ્નેહકલા એટલે મોહ વગેરે તે દાંત સમજવા. ભગવાનનો હાસ તે પ્રાણીને ઉન્માદ કરાવનારી માયા છે. चकार છે, તેથી ઉન્માદ ન કરાવે એવી ભક્તિ પણ છે. પહેલી માયા કહી છે. નિત્યપ્રવાહરૂપ સૃષ્ટિ તે ભગવાનનો કટાક્ષપાત છે. વ્રીડા—લજ્જા તે બ્રાહ્મણો ઉપર થાય છે. अधर શબ્દથી નીચેનો હોઠ—નીચેનાને જ લોભ થાય છે. एव કહ્યો છે તેથી ઉપરનાને લોભ હોતો નથી એમ કહ્યું. ધર્મ એ બ્રહ્માનો પુત્ર અને નરનારાયણનો બાપ લેવો, અથવા ચાર પગવાળો ધર્મ લેવો. એ ભગવાનના એક સ્તનરૂપ છે, તે પણ જમણા સ્તનરૂપ છે. ડાબું સ્તન અધર્મરૂપ છે. અધર્મમાર્ગ તે પાછળનો ભાગ છે. બ્રહ્મા તેનું ગુહ્ય ઇન્દ્રિય છે. "અર્થ" સ્થાને, ઇન્દ્રિયને

પ્રકાશકાર કહે છે કે अघ इन्द्रिय એમ હોવું જોઇએ. મિત્ર અને વરુણ અથવા બે મિત્રો છે, તે બે વૃષણરૂપ છે. સર્વ સમુદ્રો ભગવાનનું પેટ છે, પર્વતો તેનાં હાડકાં છે. ગંગાદિ નદીઓ તેની નાડીઓ છે. તેનાં રુવાડાં છ પ્રકારનાં વૃક્ષોની જાતો છે. અહીં अथ શબ્દ કહ્યો છે તે અચેતન સૃષ્ટિના સંનિવેશ માટે છે. અથવા રાજસોના લોકો તામસ છે. દેવાદિના અહીં સુધી સાત્ત્વિક છે. विश्वतनौ એ ભગવાનનું વિશેષણ કહ્યું છે, તેથી ભગવાન વિશ્વરૂપ છે એ જ અન્નાછાદન, ખાવાનું અને શરીર ઢાંકવાનું કામ કરે છે; અથવા તે રૂપ પોતે થાય છે એમ બતાવવા માટે કહ્યું છે. नृपेन्द्र એમ રાજાને સંબોધ્યા છે, એથી એમ કહ્યું કે રાજાના મહારાજ્યમાં એક વૃક્ષ પણ કોઈ કાપે તો તેથી રાજાને તેના વાળ ખેંચવા જેટલો આઘાત થાય છે. તે તમારા અનુભવમાં છે. તે અનન્તવીર્ય ભગવાનની નાસિકામાં ચાલતો વાયુ તે આ વાયુ છે. ભગવાનનું હલનચલન તે લોકનું આયુષ્ છે. સત્ત્વ રજસ્ અને તમસ્ તેમાંથી દેવો પશુઓ અને મનુષ્યોનો પ્રવાહ તે ભગવાનનું કર્મ છે. મેઘો ભગવાનના કેશ છે. ભગવાનનું વસ્ત્ર પીતાંબર તે સવાર સાંજની સંધ્યા છે. "કુરુવર્ય" એવું રાજાનું સંબોધન તેની મોટાઈ બતાવવા માટે છે. પ્રકૃતિ ભગવાનનું હૃદય છે. ચંદ્રમા સર્વ વિકારના બીજરૂપ ભગવાનનું મન છે. તે મન તો આધિદૈવિક છે. તેના વિકાસથી બધાના મનમાં વિકારો ઉત્પન્ન થાય છે. જ્ઞાનશક્તિ તે મહત્તત્ત્વ છે. અહંકાર મહાદેવ છે, સર્વાત્માનો અહંકાર, તેથી તે અહંકારની સર્વત્ર સ્થિતિ કહી. અશ્વ ખચ્ચર ઊંટ અને હાથી એ ચાર શ્રીહસ્તપગના નખ છે. તેમાં બે હાથના નખ ઘોડા અને ખચ્ચર છે. ડાબા હાથના નખનો સ્ત્રીમાં ઉપયોગ થાય છે એમ બતાવવા માટે अश्वतरी એ સ્ત્રીલિંગ પ્રયોગ કર્યો છે. ભગવાનને અવયવ નથી તોપણ બધાં પશુઓ ભગવાનના કટિપશ્ચાદ્ભાગ-રૂપ છે. મૃગો અને પશુઓ એમ બે કહ્યા તે શ્રોણિ પણ બે છે. પક્ષીઓ તેની હુન્નરકલા છે. "જેણે મયૂરને ચીતર્યા છે" એવું વાકય છે. મનુ તેની ઇચ્છા છે. મનુષ્ય તેનું ઘર છે. ગંધર્વ વિદ્યાધર ચારણ અપ્સરાઓ એ બધાં ભગવાનના રાગવિશેષ સ્વર છે. પ્રહ્લાદ તેના સ્મરણરૂપ છે. પાઠાન્તર હોય તો અપ્સરાન્ત અને પ્રહ્લાદ એ બન્ને સ્વર અને સ્મૃતિ છે. અથવા અસુરની સેના તેનું પરાક્રમ છે. असुरानीक એ શબ્દના સમાસમાં ઉદ્દેશ્ય વિધેય ભાવ છે. બ્રહ્મભાવ એ એક ધર્મ છે, તે ધર્મ જેનામાં વિદ્યમાન હોય તે પુરુષ બ્રાહ્મણ કહેવાય, જેને બ્રાહ્મણપણું કહે છે. બ્રાહ્મણપણું તો જાતિ થઈ! એમ ન કહેવું, કેમકે જાતિ વ્યક્તિને છોડતી નથી. બ્રાહ્મણપણું વ્યક્તિ છતાં અલગ થાય છે; દાખલા તરીકે 'ब्राह्मण्यादेव हीयते' તેનું બ્રાહ્મણપણું જતું રહે છે,

એવું ધર્મશાસ્ત્રનું વાક્ય છે, તેથી જાતિનું લક્ષણ એમાં ઘટતું નથી. બ્રાહ્મણ્યમાં વૃત્ત્યન્તરની કલ્પના કરવી તેમાં પ્રમાણ મળતું નથી. નિયતવ્યંજકતા તેમાં નથી, માટે જાતિની પેઠે નિયતવ્યંજકતા ન હોવાથી તે જાતિ નથી એમ સિદ્ધ થયું. બ્રાહ્મણીમાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ તે બ્રાહ્મણ કહેવાય એમ લક્ષણ બાંધો તો તે લક્ષણ બ્રહ્મામાં તથા સનકાદિમાં વ્યાપ્ત થઈ શકતું નથી, કેમકે તે બ્રાહ્મણીમાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયા નથી, તેથી તે બ્રાહ્મણ નહિ કહેવાય. ઋષભદેવના સો પુત્રોમાંથી ૮૧ બ્રાહ્મણો થયા, એ જગ્યાએ પણ લક્ષણ અવ્યાપક થશે. તેથી તો શાસ્ત્રનાં બહુ વાક્યનો વિરોધ આવશે; માટે બ્રાહ્મણ્ય એ કોઈ દેવતાવિશેષ છે એમ સ્વીકારવું જોઈશે. તે દેવતા જે દેહમાં પ્રકટ થાય તે દેહ બ્રાહ્મણ કહેવાય. તેથી જ શાપાદિથી બ્રાહ્મણ શૂદ્ર થઈ જાય છે; ચાંડાળ બની જાય છે; અનુગ્રહથી બ્રહ્મત્વ આવે છે. તે બ્રાહ્મણ્ય ઉપનયન સંસ્કારથી દેહમાં આવે છે, એમ માનીએ તો બહુ વાક્યોની સંગતિ થાય છે. એવી રીતે ક્ષત્રત્વ પણ દેવતા સમજવી, માટે પરશુરામમાં બ્રાહ્મત્વ અને ક્ષત્રત્વ એ બન્ને દેવતા હોવાથી તેણે બન્નેનાં કાર્યો કર્યાં. બ્રહ્મ જેનું મુખ છે, ક્ષત્ર જેના બાહુ છે. પહેલાં પ્રકટાગ્નિ મુખરૂપે કહ્યો છે તે વાણીના પ્રકાશ માટે કહ્યો છે, તેથી વાણીના દેવતા અગ્નિ કહ્યા છે. ઇન્દ્રાદિ હવિ ભોગવનાર ભગવાનના બાહુ કહ્યા છે. અહીં તો રસની અધિષ્ઠાત્રી દેવતા વરુણ છે. રસનું ભોકતા બ્રાહ્મણ્ય છે, તેમ રક્ષાકર્તા ક્ષત્ર છે. વિટ્ ઊરુ છે; જેના વિતળ અને અતળરૂપ બે ઊરુને વૈશ્યપણું છે. ઊરુ સ્થિતિસાધક છે તેમ વૈશ્ય સ્થિતિસાધક છે તે પ્રથમ કહ્યું છે. વૈશ્યની કૃષિ ગોરક્ષા વાણિજ્ય કુસીદ એ ચાર વૃત્તિ હોવાથી **विशः** એમ બહુવચન પ્રયોગ કર્યો છે. વિશ્ છે ઊરુ જેના, એવો સમાસ કરવો. આશ્રય કર્યો છે કૃષ્ણવર્ણ જેણે એ શૂદ્રત્વ કહેવાય; અથવા વેદ સિવાયની વિદ્યા કહેવાય. કર્મ સ્વાભાવિક અને વૈશેષિક એવા ભેદથી બે પ્રકારનું છે, તેનો અર્થ એટલો જ કે સ્વાર્થ કર્મ અને પરાર્થ કર્મ તેના પ્રકાર. તેમાં પરાર્થ કર્મ પ્રથમ **कर्मगुणप्रवाहः** (૩૩ મો) એ શ્લોકથી કહ્યું. સ્વાર્થ કર્મ તે કર્મનો વિસ્તાર એટલે સપ્તતન્તુ (યજ્ઞ)નો વિસ્તાર તે. સત્ર અને અહીનાદિ યાગમાં ભગવાનનું કર્મ આવે છે, તેનાં બે અંગ છે. યજ્ઞમાં અગ્નિ સૂર્ય ઇન્દ્રાદિ નામવાળા દેવગણો એ એક અંગ યજ્ઞનું ગણાય. તેમાં પ્રધાન ગુણભાવ હોય તેના વડે યજ્ઞ સિદ્ધ થાય છે. બીજા અંગમાં વ્રીહિ યવ વગેરેના પુરોડાશને દેવતાના ઉદ્દેશથી તેનું નામ લઇને અગ્નિમાં તેનો હોમ કરવો. એથી 'દેવતાને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ' એનું નામ યાગ કહેવાય, તે યાગનું લક્ષણ સિદ્ધ થાય છે, તેમાં દેવતા અને દ્રવ્ય એ બે અંગ છે. (૩૭)

એમ સર્વ પદાર્થો ભગવદ્રૂપ છે એમ કહેવા માટે સર્વ પદાર્થો ભગવાનના શ્રીઅંગમાં રહે છે એમ કહીને તેનો ઉપસંહાર કરે છેઃ

**इयानसावीश्वरविग्रहस्य यः संनिवेशः कथितो मया ते ।**
**संधार्यतेस्मिन्वपुषि स्थविष्ठे मनः स्वबुद्धया न यतोस्ति किंचित् ॥३८॥**

**શબ્દાર્થઃ**—મેં તમને જે વિરાટ્ દેહનો પ્રકાર કહ્યો તેટલો જ વિરાટ્ દેહ છે તે ભગવાનનું સ્થૂલરૂપ છે. તે સિવાય બીજું કાંઈ જુદું નથી. એ ભગવન્મૂર્તિ સ્થૂલ છે, તેમાં પોતાની બુદ્ધિની સાથે મનને લગાવવું.

**ભાવાર્થઃ**—વિરાટ્ દેહનો અવયવવિન્યાસ મેં કહ્યો તેટલો છે. તેનાથી કાંઈ વધારે નથી, એટલું જ સમજો, એટલે બીજું કાંઈ જાણવાનું ન રહે. અથવા જેની આપણે વાત કરીએ છીએ તે વિરાટ્ એટલું છે. તેથી જુદું આનંદમય શરીર ભગવાનનું છે, તે આગળ ઉપર કહેવાશે, અહીં તો પદાર્થો નામ માત્રથી કહેવાના હોઈને અમોએ તેનું વ્યાખ્યાન કર્યું નથી, કેમકે તેનું વિમર્શ પ્રકરણમાં વ્યાખ્યાન કરવામાં આવશે. વિરાટ્ના દેહવિન્યાસને કહેવાનું પ્રયોજન કહે છેઃ આ વિરાટ્ દેહમાં યોગીઓ મનને ધારણ કરે છે. યોગનું અંગ ધારણા છે. તે ધારણા આ સ્થૂલ રૂપમાં કરવી. દેહને અહીં **वपुस्** કહ્યો છે. સુખને વધારે તે **वपुस्** કહેવાય. તે દેહનું બીજું નામ છે. દેહના તુલ્ય 'વપુનો' અર્થ હોવાથી અહીં **वपुस्** પદનો પ્રયોગ કર્યો છે. **स्वबुद्धया** એ શબ્દ મૂળ શ્લોકમાં કહ્યો તેથી આત્મારૂપ બુદ્ધિ લેવી. એમ ન લઈએ તો સર્વ તેમાં આવી ન જાય, પરમભક્તિ ન થાય, અભિલાષ ન જાય, ફલ તે ન કહેવાય, ભોગ અને અતિક્રમ પણ ન થાય. આ ધારણા કરવાથી કયાં ધારણા કરવી કયાં ન કરવી એનો સંદેહ ન થાય, કેમકે તેમાં સર્વનો સમાસ થતાં તે સિવાય બીજું કાંઇ નથી કે જયાં મન લાગે. (૩૮)

પ્રથમ સ્કંધ-શ્રીભાગવતના ૧૯ મા અધ્યાયના ૩૮ મા શ્લોકમાં "જે સાંભળવા યોગ્ય, જે જપ કરવા યોગ્ય, કરવા યોગ્ય, યાદ કરવા યોગ્ય અને ભજવા યોગ્ય હોય તે કહો," એમ રાજાના ૫ પ્રશ્ન છે, તેમાં 'શું કરવું' એ પ્રશ્નમાં સાંભળવાનું અને સ્મરણ કરવાનું આવી જાય; નામના કીર્તનમાં જપ આવી જાય; કર્તવ્યમાં કર્તવ્ય કહેવાઈ ગયું; પણ **यद्वा** એ શબ્દથી વિકલ્પ પૂછયો છે, તેથી ભજનીય પણ બાકી રહ્યો છે, તેને આ છેલ્લા શ્લોકથી કહે છેઃ

**स सर्वधीवृत्त्यनुभूतसर्व आत्मा यथा स्वप्नजनेक्षितैकः ।**
**तं सत्यमानन्दनिधिं भजेत नान्यत्र सज्जेद्यत आत्मपातः ॥३९॥**

**શબ્દાર્થઃ**—સ્વપ્નમાં અનેક દેહોનો જોનાર આત્મા એક છે, તેમ તે વિરાટ્ સર્વાત્મા હોવાથી સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. તે સત્ય

છે, આનંદના નિધિ છે, તે ભજનીય છે. બીજે આસક્ત થનારનો પાત (સંસાર) થાય છે, માટે તેને છોડી બીજામાં આસક્ત ન થવું.

ભાવાર્થ:—અહીં જે ધારણાનો વિષય કહ્યો, જેને સર્વનો આત્મા કહ્યો, શ્રોતવ્યનો વિષય કહ્યો, જેના વિવરણમાં તેનો સ્થૂલ દેહ કહ્યો, તેને શ્રવણાદિ વડે ભજવા. શ્રવણાદિ વડે તેની પાસે પહોંચીને અથવા તેના સાયુજ્યને પામીને સાક્ષાત્ તેને ભજે. બીજા ફલમાં બીજા સાધન વડે અથવા અત્ર કહેલ સાધન વડે આસક્ત થાય તે ભગવાનથી છૂટો પડે, જે અવસ્થામાં હોય તેનાથી પણ નીચે પડે. તેથી પહેલાં બીજામાં ફલને માટે મનવાળો હોય પછી તેને માટે યત્નવાન્ પણ થાય એ પક્ષ ઉડાવી દીધો. આને ફલતા કે ભજનીયતા કેમ સંભવે ? તેના ઉત્તરમાં કહે છે કે તે આનંદના નિધિ છે. ભજનીય હોય તે ફલ હોય. સાધન તો પુરુષને માટે છે. ફલ પણ જો કે પુરુષને માટે છે, કેમકે મૂળનો અનુભવ પણ પુરુષ કરે છે, પરંતુ રસપણાથી કે રસની પ્રધાનતાથી ભોગ કરે તો ભોગમાં રસિકતા આવે, માટે રસનું સેવન કરવું તે ફલ તો પરમાનંદ છે, તે પણ ગણનાવાળો નહિ પણ અગણિત છે. તેવો આનંદ તો પરમાનંદ કહેવાય. બ્રહ્માનંદ ગણત્રીવાળો છે, પરમાનંદ આનંદના નિધાનરૂપ છે. આનંદ જેમાં રહે તે પરમાનંદ; તેવા ભગવાન તેની સેવા કરવી. પ્રથમ આનંદ પુષ્ટ થવાનું કહ્યું છે તો જે પુષ્ટ થાય તે ઘટે પણ ખરો, એમ કહે તો ત્યાં કહે છે કે તે સત્યરૂપ છે. ત્રિકાલમાં એકરૂપ હોવાથી તે ઘટ-વાનો સંભવ નથી. બીજા ફલમાં ચિત્ત જાય તો શું કરવું ? 'અતિ ઉત્કૃષ્ટ કામ થયો તેનો નિષેધ ન થઈ શકે' એ ન્યાયથી તે ફલ પણ મેળવવું જોઇએ ! ત્યાં કહે છે કે તે ભજનીય, સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરે છે. જે કોઈ ફલ જેને ઉપભોગ્ય હોય તે ઇન્દ્રિયદ્વારા આપે, તે જ ભોગવે છે; એટલે તેને ફલાન્તરની ઇચ્છા થતી નથી; તેથી જ જેમ સ્વરૂપથી આનાથી બહાર બીજું કાંઈ નથી તેમ તેનાથી પર બીજું ફલ પણ નથી કે જેના ફલનો અનુભવ આ પરમાનંદે ન કર્યો હોય. તમે કહો છો કે આ પરમા-નંદ જ સર્વફલભોગ કરે છે તે કેમ સંભવે ? ભોગવનાર ઇન્દ્રિયો તો જુદી હોય છે; તેના દેવો જુદા હોય તે ભોક્તૃરૂપ કેમ ગણાય ? ત્યાં કહે છે કે તે તે ઇંદ્રિયોના અધિષ્ઠાતા દિગાદિ છે છતાં આત્મા સર્વેન્દ્રિયથી સર્વનો અનુ-ભવ કરે છે, તેમ ભગવાન પણ તે એકદેશાભિમાનીની અવગણના કરી તે તેના અધિદેવો છે છતાં તે ઇન્દ્રિયોથી સર્વાનુભવ કરે છે. ત્યાં શંકા કરે છે કે આત્મા ઇન્દ્રિયોના દેવોને જાણતો નથી પણ ઇન્દ્રિયોને પોતાની માની પોતે તે દ્વારા સર્વાનુભવ કરે છે ! ત્યાં કહે છે કે આત્માને તેના વિષયનો અનુભવ ઇન્દ્રિયોદ્વારા થઈ શકે. ભગવાન તો સર્વના આત્મા સમષ્ટિરૂપ છે, તેને વ્યષ્ટિના

ઇન્દ્રિયો દ્વારા અનુભવ કેમ થાય? જેમ વ્યષ્ટિ દેહમાં રહેલા કીટનો અનુભવ આત્માને થતો નથી એમ સમષ્ટિને વ્યષ્ટિ આત્માના વિષયનો અનુભવ ન થાય; તે વ્યષ્ટિમાં તેને સ્વાત્મત્વ પણ નથી, તેથી ભગવાન્ વ્યષ્ટિના ઇન્દ્રિયોથી કેમ અનુભવ કરી શકે? ત્યાં કહે છે કે સ્વપ્નમાં જોનાર એક જ છે. જો કે સ્વપ્ન માયિક છે, છતાં તેમાં જ્ઞાન થાય છે તે માયિક હોતું નથી, કેમકે તે જ્ઞાન આત્મરૂપ છે. તેમાં આપણે સ્વપ્નમાં પુરુષો જોઇએ તે આપણને જુએ છે. સ્વપ્નમાંથી ઊઠયા પછી આપણે જાણીએ છીએ કે તે મને જોતા હતા. તેમાં પુરુષના જે દેહ જોયા તે તો માયિક હતા એમ ન્યાયસિદ્ધ છે. પરંતુ તેમાં જે આપણી તરફ જોવાની પ્રતીતિ આપણને થઈ તે માયિક નથી. જોનાર તો ચૈતન્ય છે, તે અહીં સ્વપ્નમાં આત્મા અથવા ભગવાન્ ચૈતન્યરૂપ છે. તેમાં પોતે દ્રષ્ટા નથી. ઇન્દ્રિયોના ગોલક સ્વપ્નમાં આરામ લે છે. તે દ્વારા આત્મા જોઈ શકે માટે આત્મા તો તે વખતે ઇન્દ્રિયોનો ઉપભોગ કરતો નથી, તેથી તે દ્રષ્ટા નથી. સ્વપ્નમાં આદમીઓ આંખે જોતા હતા તે તો માયિક હોવાથી મિથ્યા છે, તેથી તે સમયે ભગવાન્ જુએ છે એ વાત યુક્તિથી સિદ્ધ થાય છે. નિદ્રાને લીધે આત્મા અને ભગવાન્ જુદા છે એમ ભેદ દેખાતો નથી. જેમ સ્વપ્નમાં ભગવાન્ જુએ છે તેમ અન્યત્ર પણ ભગવાન જુએ છે એ વાત નિશ્ચિત છે, તેમાં સ્વપ્નનો દૃષ્ટાન્ત છે તેથી દેહોમાં જીવ હો યા ન હો પણ તેમાં દ્રષ્ટા તો ભગવાન્ છે, એવો નિશ્ચય થાય છે. તેને આપણી ઇન્દ્રિયોના ગોલકની અપેક્ષા નથી, કેમકે આપણી ઇન્દ્રિયોના દેવતા તે ભગવાનની ઇન્દ્રિયોના ગોલક છે, જેમ આપણા નેત્રના દેવતા સૂર્ય છે તે સૂર્ય ભગવાનના નેત્ર–ગોલકરૂપ છે. ભગવાન્ સૂર્ય દ્વારા જુએ છે. આપણા વિષયો તેની ઇન્દ્રિયો છે. તે વિષયોમાં આપણી ઇન્દ્રિયોનો લય થાય છે. **इन्द्रियाणि स्वयोनिषु** એ વાકયથી કારણમાં લય થાય છે એવો પક્ષ છે; તેમાં પણ વાસના તો વિષયોની હોય છે તે વાસનામાં તેનો લય થાય છે. કારણમાં લય ન માનીએ તો લય થયા છતાં તેનો પ્રકાશ થવો જોઇએ; માટે લય માનીએ તો ગૌરવ થાય, તેથી ઇન્દ્રિયોનો વિષયમાં લય માનવો જોઇએ. એમ ન માનો તો નિદ્રા વ્યવધાન કરનારી ન ગણાય; તો તો ફરીને ઇન્દ્રિયો ઉદ્બુદ્ધ થઈ વિષયને કેમ ગ્રહણ કરી શકે? અહંકાર તો આત્માના અધ્યાસરૂપ હોવાથી ઇન્દ્રિયની પેઠે લીન થાય છે, તે વખતે તે ઇન્દ્રિયના કારણભૂત નથી રહેતો. જો ઇન્દ્રિયના કારણરૂપ અહંકાર હોય તો ઇન્દ્રિયો તેમાં મળે તો પુનઃ સૃષ્ટિ નહિ હોવાથી ઇન્દ્રિયો પાછી વિષય તરફ આવી ન શકે; માટે વિષયમાં લીન થયેલી ઇન્દ્રિયો ભગવાનની ઇન્દ્રિયોમાં લીન થાય છે; તેથી સ્વપ્નના દ્રષ્ટાનો વિચાર કરીએ તો જેમ સર્વમાં

વ્યાપીને સર્વના આત્મા થઇને રહે છે તેમ સર્વ જુએ છે. તેમ જાગરણના વખતે પણ તે તે વિષયમાં પ્રવેશ કરે ત્યારે તે વિષયો ભગવાનની ઇન્દ્રિયરૂપ હોવાથી તે ઇન્દ્રિયો ભગવાનની ઇન્દ્રિયોમાં પ્રવિષ્ટ થાય છે; તેથી આપણી ઇન્દ્રિયો પણ ભગવજ્જ્ઞાનને સિદ્ધ કરનારી થાય છે. અન્યથા ભગવાનને વિષયાતિરિક્ત ઇન્દ્રિય ન હોવાથી કોનું ગ્રહણ કરે ? ઇન્દ્રિયથી જોડાયેલ આત્માનું ગ્રહણ કરે છતાં જાણવાની ઇચ્છા થાય તો આત્માને વેદ્યતા ન હોવાથી પર ઇન્દ્રિય તો ઇન્દ્રિયો જ દેખાય. આત્મા દેખાતો નથી તેથી ઇન્દ્રિયને જ વેદ્યપણું છે; તેથી પણ આપણી ઇન્દ્રિયોની અપેક્ષા છે. તે સર્વાત્મા સર્વત્ર એક છે. એ આત્માને જુદો માનવામાં કોઈ પ્રમાણ નથી. સ્વપ્નના દૃષ્ટાન્તથી વ્યાવર્તકનું અવ્યાવર્તકપણું છે, તેથી તેનાથી જ ભોગ સર્વત્ર સિદ્ધ હોવાથી પુનઃ પ્રયત્ન કરી ભોગ સિદ્ધ ન કરવો. એમ કરવાથી આત્માનો પાત થવા સંભવ છે. દેહમાં રહેલા કીડાઓને આત્મા જાણતો નથી એમ જે પહેલાં કહેવામાં આવ્યું તેનો ઉત્તર તો એટલો જ કે દેહમાં રહેલો આત્મા સર્વાત્મા નથી રહ્યો, તેથી તે દેહમાં રહેલા કીડાઓને જાણતો નથી. ભગવાન્ તો અંદર બહાર સર્વ જાણનાર હોવાથી તે દૃષ્ટાન્ત બંધબેસતું નથી, કેમકે દેહસ્થિત આત્મા વ્યષ્ટિ છે; અહીં સમષ્ટિ આત્મા પ્રસ્તુત છે; તેથી ઉભય ભિન્ન છે. ૩૯

**ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધમાં શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં**
**પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો**

## અધ્યાય ૨ જો

मानमेयविनिर्धारस्तत्त्वार्थे विनिरूपितः ।
फलसाधननिर्धारो द्वितीये विनिरूप्यते ॥ १ ॥
द्विविधस्तत्त्वनिर्देशो बाह्याभ्यन्तरभेदतः ।
बाह्यो निरूपितस्तत्र मानमेयपुरःसरम् ॥ २ ॥
आन्तरं भिन्नमार्गेण फलसाधनबोधनः ।
अतः साधननिर्धारः प्रथमं क्रियते स्फुटः ॥
पश्चात्फलस्य निर्धारस्ततस्तत्त्वं फलिष्यति ॥ ३ ॥

ભગવાનના ખરા તત્ત્વને જાણવા માટે પ્રથમ અધ્યાયમાં પ્રમાણ અને પ્રમેયનો નિર્ધાર કર્યો. શ્રુતિમૂલક યુક્તિ અને યોગસાધક મન એ અહીં પ્રમાણ; સર્વ ભૂતને અવયવવિન્યાસ કર્યો તે પ્રથમાધ્યાયનું પ્રમેય છે. (૧) તે બેની સાથે ભગવાનનું બહારનું સ્વરૂપ પ્રથમાધ્યામાં કહેવાયું, કેમકે આંતર જ્ઞાન એ બહારના જ્ઞાનને અધીન હોવાથી તેને પ્રથમ કહેવું પડયું. એમ તત્ત્વનો નિર્ધાર અંદર બહારના જ્ઞાનને અધીન હોવાથી તેમ કર્યું છે. (૨) અંદરનું જ્ઞાન યોગથી ન થાય, **यन्न योगेन सांख्येन** ઇત્યાદિથી કહ્યું છે તેથી આંતર ભક્તિ-માર્ગથી સિદ્ધ થાય છે, તે પણ ફલ અને સાધનને જાણવાથી થાય છે; માટે પ્રથમ સાધનથી અને પછી ફલથી તેનો નિશ્ચય કરે છે. તેથી કહેવાશે એવા સાધન ફલનું શેષ તત્ત્વજ્ઞાન લૌકિક બુદ્ધિના વિષયરૂપ થશે. (૩)

એમ સર્વ વસ્તુનો નિર્ધાર કરવા માટે પ્રથમ અધ્યાયમાં પ્રમાણ અને પ્રમેય કહ્યાં. જુદાં દેખાતાં છતાં બ્રહ્માણ્ડનો ભગવાનમાં પ્રવેશ છે, ભગવાન તેના દ્રષ્ટા છે, તેથી ભગવાન સાધન અને ફલરૂપ છે એમ પ્રસંગથી કહ્યું તો-પણ તે બહારનું ભગવાનનું રૂપ છે, તેથી તેના ખરા રૂપનો નિર્ધાર થઈ ન શકે; તેથી આ બીજા અધ્યાયમાં કયા રૂપથી તે સાધન અને અને કયું તેનું રૂપ ફલરૂપ છે તેનો અહીં વિચાર છે. તે સર્વ ત્યાજ્ય છે એટલે ત્યાગ સાધન છે, અને અવાંતર ફલપણાથી ફલરૂપ પરિત્યાગ કરનારું જીવનું સ્વરૂપ સાધન છે. બ્રહ્મનું સ્વરૂપ તેનું ફલ છે એવો તેમાંથી નિર્ધાર થશે. તેમાં પૂર્વે કહેલ ફલ અથવા સાધનનો આ આંતર ફલમાં ઉપયોગ કહેવા માટે તેનો વૈરાગ્ય કરાવવામાં ઉપયોગ છે તે શ્રીશુકદેવજી કહે છેઃ

श्रीशुक उवाच ।

**एवं पुरा धारणयात्मयोनिर्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ।**
**तथा ससर्जेदममोघदृष्टिर्यथाप्ययात्प्राग्व्यवसायबुद्धिः ॥ १ ॥**

**શબ્દાર્થ**:—શુકદેવજીએ કહ્યું કે એમ પ્રથમ બ્રહ્માજી, નષ્ટ થયેલી બુદ્ધિને ભગવાનની ધારણા કરી તેને પ્રસન્ન કરીને પાછી તે સૃષ્ટિ કરવાની બુદ્ધિને મેળવીને ઉદ્યોગ કરવાની બુદ્ધિથી પ્રલયની પહેલાં જેવું જગત હતું તેવું જગત સર્જન કરવા લાગ્યા, કેમકે તેમનું જ્ઞાન સફલ છે.

**ભાવાર્થ**—બ્રહ્મામાં સૃષ્ટિ કરવાનું સામર્થ્ય આવ્યું તે જ ફલ છે એમ કેટલાક કહે છે, તે તો બ્રહ્મામાં સ્વતઃસિદ્ધ હતું તો તેને સ્મૃતિનો નાશ થયો હતો અને ધારણા કરવાથી ભગવાન્ પ્રસન્ન થયા અને તે જ્ઞાન ભગવાને તેને આપ્યું એ કહ્યું તેનો વિચાર કરવો જોઈએ. જો બ્રહ્માને જ્ઞાન સર્વથા નષ્ટ થયું હતું તે ભગવાનના સંતોષથી પાછું પ્રાપ્ત થયું એમ કહીએ તો તેમાં ભગવાનનો સંતોષ જ સ્મરણનું કારણ છે. સામર્થ્ય આવ્યું તેનું કારણ ભગવાન નથી, કેમકે તે સામર્થ્ય તો તેમનામાં હતું; તેથી સામર્થ્યને કેટલાક ફલ કહે છે તે મત સારો નથી. અહીં તો પહેલાં વિસ્મરણના બોધનું કારણ દૃઢ વૈરાગ્ય છે અથવા ભગવાનનો સંતોષ છે; તે જ પ્રથમ કહે છે કે પ્રથમ—એટલે દૈનંદિન પ્રલય થયા પછી આવી ધારણા કરી તેથી પદાર્થરચનાનું બ્રહ્માને જ્ઞાન થયું ત્યારે તેમણે રચ્યું. **तुष्टात्** એ હેતુમાં પાંચમી વિભક્તિ કહી છે, અથવા 'પ્રસન્ન થયેલ ભગવાનથી' એવો તેનો અર્થ છે. પહેલાં જેવું જગત્ હતું તેવું બનાવ્યું. ભગવાનના સંતોષમાં પહેલું જ્ઞાન હતું તે કારણરૂપ છે. જે કોઈ પદાર્થ બાળક પાસે હોય તેને તેનો બાપ છુપાવી દે પરંતુ બાળક તેને ઉપાય વડે જાણી જાય તો બાપ ખુશી થાય છે, તેમ અહીં સૃષ્ટિની પૂર્વે બ્રહ્મા ભગવાનની પાસે હતા તે ભૂમિના ભોગને માટે પૃથ્વીમાં આવ્યા એટલે જ્ઞાન નષ્ટ થયું; તેમણે ધારણારૂપ ઉપાયથી જ્ઞાન સંપાદન કર્યું, તેથી ભગવાન્ સંતુષ્ટ થઈ તેના મિત્ર થયા; તેમ સ્વસ્વરૂપનું દાન કરે તેમાં મુખ્ય સાધન પ્રથમ કહેલી ધારણા જ છે. તેમના સંતોષનું સાધન જો તેને ગણો તોપણ **तुष्टे च तत्र किमलभ्यम्** તે પ્રસન્ન થાય તો શું બાકી રહે, એ ન્યાયથી ભગવાન્ પ્રસન્ન થાય તો સર્વ સુગમ થાય છે; તેથી તેમને પ્રસન્ન કરવાનું સાધન અવશ્ય કર્તવ્ય છે. બ્રહ્મામાં સૃષ્ટિ કરવાનું સામર્થ્ય આવ્યું એમ કહેવું અર્થ વગરનું છે. એ તો પોતાના અધિકારને લીધે એ સામર્થ્ય પ્રતિબદ્ધ હતું. આત્મયોનિ એટલે બ્રહ્માને નાશ પામેલી સ્મૃતિ એટલે પદાર્થ-જ્ઞાન, તે ભુલાઈ ગયું. પહેલાં પણ સ્મરણથી તે જ્ઞાન થયેલું, તેથી તેમના સંસ્કારનો નાશ નથી થયો. તે પ્રસન્ન થયેલ ભગવાનથી સ્મરણ થતાં ભગ-વાનમાં લીન થયેલ જ્ઞાન પ્રાપ્ત થયું; તેથી પ્રથમની જેમ સૃષ્ટિ કરવા લાગ્યા. જેવી પ્રલય પહેલાં કરી હતી, તે કરવામાં બુદ્ધિનો વ્યવસાય રાખ્યો અને પોતાનું કર્તવ્ય (સૃષ્ટિસર્જન) કર્યું. (૧)

હવે આ લોકના અને પર લોકના ભોગમાં વૈરાગ્ય સાધન છે તે સર્વ વિષયના ત્યાગને માટે કહે છેઃ

**शाब्दस्य हि ब्रह्मण एष पन्था यन्नामभिर्ध्यायति धीरपार्थैः ।**
**परिभ्रमंस्तत्र न विन्दतेऽर्थान् मायामये वासनया शयानः ॥२॥**

**अतः कविर्नामसु यावदर्थः स्यादप्रमत्तो व्यवसायबुद्धिः ।**
**सिद्धेऽन्यथार्थे न यतेत तत्तत्परिश्रमं तत्र समीक्षमाणः ॥ ३ ॥**

**શબ્દાર્થ**:—શબ્દબ્રહ્મ એટલે વેદપ્રતિપાદિત માર્ગની રીતિ એવી છે કે ખોટાં નામોથી સાધકની બુદ્ધિ ધ્યાન કર્યા કરે તેથી તે સાધક, તેનાથી તે તે ફલની વાસના રહ્યા કરે છે, તે માર્ગમાં ફરે છે છતાં તેને તે તે અર્થો મળતા નથી. તે માયામય વાસનામાં સૂતો રહે છે. તે અજ્ઞાનમાં રહ્યા કરે છે છતાં તેમાંથી નીકળી શકતો નથી, તેથી ડાહ્યો માણસ તે વેદમાર્ગમાં જેટલો અર્થ હોય તેટલો સાવધાનીથી નિશ્ચયાત્મક બુદ્ધિથી કરે; બીજી રીતે તે પ્રાપ્ત થતો હોય તેમાં ખોટી મહેનત ન કરે.

**ભાવાર્થ**:—બધા વિષયો છોડવા જોઈએ. મોટાઓને તે છોડવામાં લૌકિક બાધ નથી આવતો પણ વેદનાં વચનોનો તેમાં બાધ આવે છે. “સ્વર્ગની કામનાવાળો, પ્રજાની કામનાવાળો અને પશુની કામનાવાળો જ્યાંસુધી જીવે ત્યાંસુધી અગ્નિહોત્ર કર્યા કરે,” એમ વેદ કહે છે, તેમાં यावज्जीवं અધિકાર તો નિત્ય થયો, તે સ્વર્ગ પ્રજા અને પશુકામના પણ નિત્ય ઠરી તો પછી વૈરાગ્ય તો તે રાખી ન શકે અથવા વિરક્ત રહે તો મનથી રહે, પણ બહારથી તો તે કરવું જ પડે, છોડી ન શકાય; તેથી આત્મામાં અગ્નિનું આરોપણ કરે, તે આત્મા અગ્નિમાં અગ્નિહોત્ર કરે અને ત્યાગ રાખે, અથવા जरामर्याग्निहोत्र કરે; આ બધાં વાકયો વેદમાં કહ્યાં છે એટલે તે કલ્પના નથી. તેથી સાધનમાં અને ફલમાં જેવા પદાર્થો વેદે કહ્યા હોય તેને વેદથી જ જાણવા, તેથી તો વૈરાગ્ય અને વેદનો અભિપ્રાય શો છે તે બે બનતાં નથી, એવી શંકા કરીને સર્વવેદનો અર્થ કરે છે કે જેવા પરબ્રહ્મ છે એવો શબ્દનો સમુદાય વેદ છે તે પણ બ્રહ્મ જ છે, જલના સમુદાયની જેમ. જેમ બ્રહ્મમાં સર્વ આનંદ છે તેમ શબ્દબ્રહ્મમાં સર્વત્ર ફલ પૂર્ણ છે, કેમકે તે સ્વયંબ્રહ્મ છે. પરંતુ તે શબ્દ શાસ્ત્ર હોવાથી તે ફલ (નામમાત્રથી શબ્દરૂપ જ ) છે. તે શબ્દો સ્વર્ગ પ્રજા કે પશુ કહ્યા હોય તેનો અર્થ તો પરબ્રહ્મ જ છે. તે પરબ્રહ્મની અંદર જ રહે છે. એમ ન માનો તો એક જ અગ્નિહોત્રાદિ કર્મ દરેક સાધનમાં ધર્મરૂપે અને ધર્મિરૂપે જુદું હોય છે, તેની ક્રિયાઓ પણ જુદી જુદી હોય છે; તેથી તેમાં કહેલાં ફલો પ્રામાણિક ન કહેવાય; અથવા તો એક ક્રિયાથી એક ફલ થાય તો બીજાં

ફલ કહેલાં વૃથા થાય, જેમકે 'આ સ્વર્ગ લોકને માટે હોમ થાય છે' એમ કહીને દાક્ષિણ હોમમાં ચાર આહુતિ દક્ષિણના સંસ્કાર માટે કરે છે તેમાં બે આહુતિ ગાર્હપત્ય અગ્નિમાં આપે છે. **आग्नीध्र**માં એક એક આહુતિ આપે છે, તે પણ ઉત્તરવેદીમાં અપાય છે. તે દરેક કર્મમાં સંખ્યા વગેરેનું માહાત્મ્ય વેદ જ કહે છે. "**द्वाभ्यां गार्हपत्ये जुहोति द्विपाद्यजमानः प्रतिष्ठित्या** યજમાન બે પગે ઊભો રહે છે, માટે ગાર્હ-પત્ય અગ્નિમાં બે આહુતિ આપે." જો યજમાનની પ્રતિષ્ઠા બે આહુતિથી જ સિદ્ધ થતી હોય તો બીજું જે કરે છે તે વૃથા થાય, અથવા વિરોધથી પ્રમાણરૂપ તે વાકય ન ગણાય; એટલે કોઈ ન આપે તે પણ બે પગે તો ઊભો રહી શકે તો વેદનાં વાકય પ્રમાણરૂપ ન ગણાતાં અર્થ વગરનું થઇ જાય છે. તેમાં વિકલ્પ તો સંભવતો નથી કે કરે અથવા ન કરે તો ચાલે, કેમકે કર્મ તો એક છે. બીજું વાકય આ જુઓ "**आग्नीध्रे जुहोति अन्तरिक्ष एव आक्रमते** ( આગ્નીધ્રમાં હોમ કરનાર અન્તરિક્ષમાં ચાલે છે )" જો આગ્નીધ્ર હોમ માત્રથી આકાશમાં ઊડવાનું સામર્થ્ય મળતું હોય તો તે શ્રુતિ પ્રમાણ-રૂપ ગણાય. પરંતુ તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે, કેમકે તે હોમ કરનારમાં આકાશમાં આક્રમણ જોવામાં આવતું નથી. "**आहवनीये जुहोति स्वर्गमेवैनं लोकं गमयति** આહવનીય નામના અગ્નિમાં હોમ કરનારને તે અગ્નિ સ્વર્ગમાં પહોંચાડે છે." તેમ જો થાય તો યજમાન તો તરત સ્વર્ગવાસી થાય. તે તો અનિષ્ટ ગણાય, કેમકે તે સ્વર્ગમાં જાય તો અગ્નિકર્મ અધૂરું રહી જાય. વળી બે આહુતિથી અહીં યજમાનની પ્રતિષ્ઠા કહીને "**सौरीभ्यां ऋग्भ्यां गार्हपत्ये जुहोति अमुमेवैनं लोकं समारोहयति** (સૂર્યના બે મંત્રોથી ગાર્હપત્યમાં હોમ કરવાથી તે જ લોકમાં તેને પહોંચાડે છે.)" એ મંત્રમાં હોમ જેનાથી સિદ્ધ થાય તે મંત્ર સૂર્યનો હોવાથી સૂર્યમાં પ્રકાશરૂપ ધર્મ છે તેથી તે સ્વર્ગનો રસ્તો દેખીને ત્યાં પહોંચે છે, તે સંખ્યાના ફલથી વિરુદ્ધ છે, કેમકે સંખ્યા તો બે છે અને જનાર તો એક છે. નિર્દેશથી જણાશે કે કયાંક ઘણાં ફલ કહ્યાં, કયાંક પર-સ્પર વિરુદ્ધ ફલ, કયાંક ફલનો બાધ થાય છે. આમાં ફલોને વેદ કહે તો તે પ્રમાણરૂપ ન ગણાય. તેથી તે બધાં વાકયો પ્રમાણ ઠરે એવું તે વાકયનું તાત્પર્ય કાઢવું જોઈએ. શબ્દ (વેદ) અર્થ (પરમાત્મા) એ બંનેનો બાધ ન આવે તેમ કહેવું જોઇએ.

અહીં યજ્ઞ કહેવો છે. તેમાં સોળ ઋત્વિજોની સાથે યજમાન એ યજ્ઞ-રૂપ છે. તે યજ્ઞ એટલે સર્વ લોકમાં રહેલા ભગવાનની એક લીલા (ક્રિયા) સર્વત્ર કહેવાય છે, કેમકે તે ભગવાન્ એક જગ્યાએ રહેલા સર્વ રસનો જે રીતે ભોગ થઇ શકે તેમ લીલા કરે છે. જો કે ભગવાન્ સર્વત્ર અને સર્વ-પૂર્ણ છે છતાં એકત્ર લીલા કરે છે તેની લીલાને વેદ કહે છે, એવો નિશ્ચય

થાય છે. તેથી બન્ને કાણ્ડમાં આ વિરાટસ્વરૂપ ભગવાન્ જેને ક્રિયારૂપ યજ્ઞના નામથી વેદ કહે છે, જે આપણે સ્થૂળ ધારણા કહી, વેદ પણ તે જ કહે છે. તેથી શબ્દ બ્રહ્મનો અમે કહ્યો તે માર્ગ ખરો છે; પરંતુ લોકોને વેદના અર્થમાં ભ્રમ થાય છે; તે વાકયના અર્થને સમજતો નથી. જે વાકયોમાં રહેલ નામો વડે તે સ્વર્ગાદિ શબ્દનો વાકયાર્થમાં સબંધ નથી, છતાં તે પદાર્થનો નિશ્ચય કરીને ખંડપણાથી તેને સાધન માનીને તે તે સ્વર્ગ પશુ પુત્રાદિની ઇચ્છા કરે છે, તે જ અર્થોનું ધ્યાન કરે છે. પદો વાકયાર્થનો બોધ કરે તેમાં પદોના અર્થોનો બોધ થતો નથી. એક કાલાવચ્છિન્ન બે વૃત્તિ ન થઇ શકે, તેથી પદ પોતાના અર્થમાં ખોટું છે છતાં તેને સાચું માની લોકો ભમી જાય છે. તેથી પોતાની બુદ્ધિથી વેદનો અર્થ કરીને તે તે ફલની ઇચ્છા કરનારને તે ફલ માટે યજ્ઞ કરનારને તેમાં કહેલું ફલ મળતું નથી; પરંતુ વાસનાથી તે ફલમાં તેની કામના દૃઢ બને છે, તેથી તેનું ધ્યાન કરતો તેમાં જ રહે છે, મોહમાં પડી જાય છે. તેથી અમે કહ્યું અને વેદે કહ્યું તેમાં સંદેહ ન કરવો. જો વેદ બીજી રીતે કહેતો હોય તો તેનાથી લોકોના કોઇ પુરુષાર્થ સિદ્ધ ન થવા જોઇએ, કેમકે વેદ સિવાયમાં સર્વ કરવાનું સામર્થ્ય ન હોઇ શકે; તેથી તમે કહો છો તે ઠીક નથી, એમ કહે તો તેના ઉત્તરમાં કહે છે કે વેદ તો સિદ્ધ અર્થનો અનુવાદક છે; તે મહાવાકયના ઉપયોગ માટે અવાન્તર ફલનો અનુવાદ કરે છે. તે ફલો લોકમાં સિદ્ધ છે. તેનાં યુક્તિયુક્ત સાધનો તે તે ફલને માટે કરવાં જોઇએ. જેમ 'મારવાડ દેશમાં પ્યાઉ છો' એમ અગ્નિની સ્તુતિમાં લોકસિદ્ધ પ્યાઉનું દૃષ્ટાન્ત આપ્યું છે. વૃષ્ટિની કામનાવાળો કારીરી નામનો યજ્ઞ કરે, અભિચાર કરનાર શ્યેન યાગ કરે, એવાં ફલ પ્રત્યક્ષનાં સંવાદી છે. તે ભગવાનની લીલા માટે કહ્યાં છે. તે મહાવાકયાર્થમાં ઉપયોગી છે. વેદનું તાત્પર્ય લોકદૃષ્ટાન્તમાં છે, તે જાણવા માટે જે અનુવાદના ફલમાં જે સાધન કહ્યું હોય તે ફલની પોતાને જરૂર હોય તો તેટલું માત્ર સાધન કરી તેના ફલને હાથ કરવું એ ક્રિયાની વાત કહી "शान्तोदान्त उपरतस्तितिक्षुः શાન્ત ઇન્દ્રિય નિગ્રહ કરનાર, વ્યવસાય છોડી બેસનાર, સહન કરનાર" ઇત્યાદિ શ્રુતિમાં શમાદિના આરંભ કરીને પછી કહે છે કે "आत्मन्यात्मानं पश्येत् सर्वे सर्वमिदं जगत् ससभूतं स भव्यम् આત્મામાં આત્મા ભગવાનને જોવો, તે સર્વ જગદ્રૂપ છે, તે થયું અને થશે" એમ કહીને "य एवं विदुरमृतास्ते भवन्ति જે આમ જાણે છે તે અમર થાય છે." એમ ઉપસંહાર કરે છે. જેનો જેનો અધિકાર હોય તેટલું તે કાર્ય કરે તે પણ સાવધાન થઇને કરે. કેવળ એટલું જાણે અને કરવાનું કહ્યું છે તે ન કરે, તોપણ આગળ કાર્યસિદ્ધિ ન થાય. ત્યાં હવે શંકા કરે છે કે પોતાને ઉપયોગી હોય તેટલું જ કરવું તે તો ઘઉંના ઢગલામાં ભળી ગયેલ

જવને શોધવા જેવું થયું. તે તો વ્રત કરનારને આંખમાં તે જ ન હોય તો તેને શોધવું જ અશકય થઈ પડે! તે શંકાના ઉત્તરમાં કહે છે કે વ્યવસાય-બુદ્ધિ થાય, નિશ્ચયવાળી બુદ્ધિ રાખે, અત્યન્ત વિચારપૂર્વક આગળ પાછળનું સર્વ તપાસી પોતાનું કર્તવ્ય તેમાંથી નક્કી કરી તેનું સાધન દૃઢ થાય. તેમાં શું કરવું ? તો કહે છે કે પ્રથમ તો લોકદૃષ્ટિથી દેહાદિનિર્વાહનું કાર્ય કરવાનું પ્રાપ્ત થાય તે ન કરવું. કાળ, ભગવાન્, કર્મ કે સ્વભાવથી જ લોકથી જે કામ થવાનું છે તે દેહનિર્વાહનું કાર્ય અન્યથાસિદ્ધ થયું તે ન કરે, તેને માટે પ્રયત્ન ન કરે. પોતે થોડો પ્રયત્ન કરી શકે તેટલો પ્રયત્ન દેહનિર્વાહમાં કરી લે તો ભગવાનની સેવામાં કાંઈ ન કરે, માટે દેહનિર્વાહનું ભગવાનની ઉપર રાખી જે થોડો પ્રયત્ન થાય તે ભગવત્સેવામાં કરવો; બીજામાં તેનો વિનિયોગ ન કરવો; કેમકે બીજાઓ તે પ્રયત્નો કરે છે, તેને જોઇને તેવો પ્રયત્ન ન કરે. તે અન્યથાસિદ્ધ છે, એટલું જ નહિ પણ એકએક શય્યા વગે-રેને માટે લોકો કેટલી મહેનત કરે છે, તેને સારી રીતે જોઈ તે ન કરે તોપણ ચાલે, એમ વિચારી તેનાથી વિરક્ત રહેવું. (૨-૩)

અન્યથાસિદ્ધિ તથા ક્લેશને બતાવે છે:

**सत्यां क्षितौ किं कशिपोः प्रयासैर्बाहौ स्वसिद्धे ह्युपबर्हणैः किम् ।**
**सत्यञ्जलौ किं पुरुधान्नपात्र्या दिग्वल्कलादौ सति किं दुकूलैः ॥४॥**

**શબ્દાર્થ**:—પૃથ્વી સૂવાને માટે છે તો પછી શય્યાને માટે મહેનત શા માટે કરવી? બે ભુજાઓ આપણે કાયમ છે તો ઓશીકાને માટે કાં પ્રયાસ કરવો ? બે હાથને ભેગા રાખવા એ અંજલિ કહેવાય; તે અંજલિરૂપી પાત્ર છે તો પછી ઘણા થાળી વાડકા શા માટે જોઇએ ? દિશા અને વલ્કલ એટલે ઝાડની છાલ મળે છે તો પછી રેશમી વસ્ત્રથી શું કાર્ય છે?

**ભાવાર્થ**:—વિસ્તૃત પૃથ્વી સૂવાને માટે તૈયાર હોય અથવા કોમળ રેતીવાળી જગ્યા હોય તેને મેળવવાનો ક્લેશ પડે નહિ. એમ મળી શકતી હોય તો ગાદલાં ખાટલા મેળવવામાં ક્લેશ કોણ ઉઠાવે? કેમકે ગાદલાં કરીએ તો લૂગડું જોઇએ, રૂ જોઇએ, પીંજાવવું જોઈએ, ભરાવવું જોઈએ, ટાંકા મરાવવા, એ પ્રયાસનું શું ફળ મળે? સાધનસુખ તો તુલ્ય છે. જે નિદ્રા પલંગ પર આવે તે જ જમીન ઉપર પણ આવે. પણ પલંગમાં દુઃખ ઘણું હોવાથી તેને માટે યત્ન ન કરવો. વળી ભગવાને હાથ તો બધાને આપ્યા છે તેનું ઓશીકું કરી લઈએ તો ગાલમસૂરિયાં ઓશીકાં વગેરેનું કામ ન પડે. કોઇને હાથ ન હોય તેણે શું કરવું, એ શંકાના ઉત્તરમાં કહે છે કે મોટી સમૃદ્ધિ છોડી ભગવાનને મેળવવા પ્રયાસ કરતા હોય એવા મહાપુરુષને હાથ ન હોય એમ બને નહિ. **उपबर्हण** એટલે સૂતી વખતે માથાની નીચે રાખવાનું સાધન, જેના વડે માથું

ઊંચું રહે. તેને બહુવચન કહ્યું છે, તેનું કારણ એ કે માથા નીચે, ગાલ નીચે, પગ નીચે એમ અનેક ઓશીકાં થાય છે. ઓશીકાંનું પહેલાં કહ્યું તેનાથી કામ ચાલત છતાં અહીં બીજીવાર કહ્યું તે બન્નેની એકવાક્યતા કરી લેવા છે. હાથમાં લઈને પણ ખાઇ લેવાય તો પછી ઘણાં થાળી વાડકા તપેલાંની શી જરૂર છે? કેમકે તેને મેળવવામાં ઘણી મહેનત પડે તેમ છે. એ સર્વત્ર જોઈ લેવું. ઉષ્ણકાળમાં નાગા ફરવાથી ચાલે, શીતકાળમાં ઠંડી સહન ન થાય તો ઝાડની છાલથી શરીરનું આચ્છાદન થઈ શકશે, તોપછી મોટાં કીમતી રેશમી વસ્ત્રોની શી જરૂર રહે છે? કાંઈ જરૂર નથી. મોટા વૈરાગ્યવાળો હોય તેને તો માણસોમાં રહેવાની પણ જરૂર નથી રહેતી, કેમકે બધા લોકોને પણ છોડવા જોઇએ. (૪)

સર્વત્ર સર્વ પદાર્થો છે પણ તે બીજાના છે, તેને મેળવવાનું સાધન કરવું જોઇએ. જમીન પણ બીજાની માલેકીની હોય છે, તેની આજ્ઞા મળે અથવા તે રહેવા માટે આગ્રહ કરે તો રહેવાય. દેહ પરાધીન છે. વલ્કલ પણ ઝાડમાંથી કાઢવું, તેનાં સાધનો હોય તો નીકળે. તેથી સર્વકાળમાં સર્વનિરિપેક્ષતા ન ચાલી શકે. તમે કહો કે કામ પૂરતી અપેક્ષા રાખવી તો તો 'ડૂબ્યો પાતાળમાં પહોંચે' એ ન્યાયથી સર્વદા સાપેક્ષતા રહે તો ઠીક! એમ કહે ત્યાં કહે છેઃ

**चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां**
**नैवांघ्रिपाः परभृतः सरितोऽप्यशुष्यन् ।**
**रुद्धा गुहाः किमजितोऽवति नोपपन्नान्**
**कस्माद्भजन्ति कवयो धनदुर्मदान्धान् ॥५॥**

**શબ્દાર્થઃ**—લોકોએ ફેંકી દીધેલાં વસ્ત્રોના ટૂકડા રસ્તામાં ઓછા મળે છે શું? પગથી જળ પીનાર પારકાને માટે દેહ ધરનાર વૃક્ષો ભિક્ષા આપતાં નથી? જળનું કામ પડે તો નદીઓ શું સુકાઈ ગઈ છે? રહેવું હોય તો ગુફાઓનાં બાર પર કોઇએ પહેરા રાખ્યા છે શું? ત્યાં રહેનાર ભગવાનને શરણે હોય તો ભગવાન્ રક્ષણ કરવામાં કાચા છે? જો આ બધું સાચું છે તો ધનના મદમાં આંધળા બનેલાઓની ખુશામત વિદ્વાનો શા માટે કરે છે?

**ભાવાર્થઃ**—ચીર એટલે વસ્ત્રના ટૂકડા. માર્ગમાં મળે એટલે તેને મેળવવાનો પ્રયાસ પડતો નથી એમ કહ્યું. અંઘ્રિપ–ઝાડો પારકાનુંજ પોષણ કરનાર છે. તેને ફલ આવે છે પણ તે વૃક્ષનું કાંઇ શ્રેય કરતાં નથી. તે વૃક્ષો પણ પાકેલ ફલને પોતે જ છોડી દે છે. થોડું કાચું ફળ વૃક્ષને ઝંઝેડવાથી પડે છે. તે વૃક્ષો દેવતારૂપ છે અને વૈષ્ણવ છે. ભગવાનના જીવોને માટે જગત ઉત્પન્ન કર્યું છે, તેમાં એક છોડી દે તે બીજાનું થાય છે; તેથી વસ્ત્રો ફેંકી દીધેલાં હોય

તે ભગવાનનાં કહેવાય. માર્ગો પણ ભગવાનના ગણાય. ચાલવા માટે તેનો ઉપયોગ બધા કરે છે, તેમાં તેમાં વસ્ત્ર પડયું હોય, તેને લેતાં માર્ગો અટકાયત કરતા નથી. પગમાં આવે છે તે, માર્ગ જ પગમાં ભેટ કરે છે; એમ લક્ષણાવૃત્તિથી જણાય છે. વૃક્ષો પાસે જતાં જ ક્ષણવારમાં ભિક્ષા આપે છે. તેના હાથ અશુદ્ધ નથી એ કહેવા માટે "અંઘ્રિપ" કહ્યાં છે. તે જલ વિના બીજું કાંઇ ખાતાં નથી. જે જળ લે છે, તે પણ પગ વડે લે છે. તેની શાખા ઉપર સૂર્યનાં કિરણો પડે છે, તેથી પવિત્ર થાય છે. વનમાં રહે તે સહનશીલ પણ હોય છે. પારકાને માટે સમગ્ર જીવન તેમનું છે; તેથી માધુકરી તો તેવા ગુણવાળાં વૃક્ષો પાસે જ કરવી. જળને માટે પણ લોકને બોલાવવાની જરૂર નથી. નદીઓ સુકાય ત્યારે કૂવાની જરૂર રહે, પણ તે નદીઓ ઘણી છે અને મોટી હોવાથી તેમાં સદા જળ રહે છે. ટાઢ તડકો વર્ષા વાયુથી બચવા માટે પણ બીજાની જરૂર નથી. ગુફાઓને કોઇએ પૂરી દીધી નથી. ગુફામાં રહેવાનું તો ઠીક પણ ત્યાં વાઘ રહેતો હોય તો મારી દે ને? તેને માટે શું કરવું? અતિ સમર્થ ભગવાનને શરણે જનાર જીવને તે રક્ષા કરી નથી શકતા શું? કરે છે જ. અહીં સર્વત્ર આગ્રહપૂર્વક કહેવાનું તાત્પર્ય તો એટલું જ કે તેવા વિરક્તો પણ આ પ્રમાણે ભગવાનમાં વિશ્વાસ રાખી શકતા નથી. આમ જે જોઇએ તે ભગવાને સર્વત્ર તૈયાર રાખ્યું છે, છતાં જે અધિકારી થઇને ધનના પુષ્ટ મદવાળા, તેથી જ આંધળા બનેલા, ને આવનાર ભક્તના સ્વરૂપને નહિ જાણનાર; માટે જ તેવા આંધળાને કવિઓ શા માટે ભજે છે, તે અમો જાણી શકતા નથી; કેમકે તે ન ભજે તોપણ નિર્વાહ તો થઇ શકે છે. (૫)

એમ પ્રસંગથી બીજાને ઉપદેશ કરીને હવે તેવા નિરપેક્ષે શું કરવું જોઈએ તે કહે છેઃ

**एवं स्वचित्ते स्वतः एव सिद्धे आत्मा प्रियोऽर्थो भगवाननन्तः ।**
**तं निर्वृतो नियतार्थो भजेत संसारहेतूपरमश्च यत्र ॥६॥**

**શબ્દાર્થ**:—ભગવાન્ સર્વત્ર વ્યાપ્ત હોવાથી આત્મા, પ્રીતિરૂપ ષડ્ગુણયુક્ત અને અનન્ત, એ પોતાની મેળે ચિત્તમાં પ્રવેશે છે તેને નિયમથી સુખરૂપ હોય તે ભજે તો સંસારનાં બધાં કારણો શાન્ત થઈ જાય છે.

**ભાવાર્થ**:—ભજનીય ભગવાનને શોધવાનો કલેશ કરવો પડતો નથી. એ સર્વ નિરપેક્ષતાથી અંતઃકરણની પ્રેરણાથી સિદ્ધ કરાય છે. તે અંતઃકરણમાં રહે છે એ નિર્વિવાદ વાત છે. અથવા સ્વચિત્ત એટલે સ્વાધીન ચિત્તમાં વગર મહેનતે સિદ્ધ થાય છે. તેને ભજવા. તેવા ભગવાનનું ભજન કરવા યોગ્ય રૂપ કહેવા માટે સર્વ પુરુષાર્થના કારણરૂપ પાંચ ધર્મો તેનામાં છે તે કહે છે કે તે આત્મા છે; આત્મા, માટે પ્રિય છે; અર્થરૂપ હોવાથી તે ભગવાન છે;

ભગવાન હોવાથી તે અનન્ત છે; એમ ભગવાનનાં વિશેષણોનો હેતુહેતુમદ્‌ભાવ છે. માણુસોને સેવા કરવા યોગ્ય પાંચ રૂપ છે: આત્મા, દેહ, ધન, ઇશ્વર અને નિત્યકર્મ. તે ભગવાન પાંચ રૂપવાળા છે. તે સર્વના આત્મા છે. અધિકારીના હૃદયમાં આત્મરૂપે પ્રકાશે છે, તેથી તે અવશ્ય સેવા કરવા યોગ્ય છે. રુચિથી સેવવા જોઇએ; તેથી કહે છે કે તે પ્રિય છે, જેવા પ્રાણુ, જેવો દેહ પ્રાણીને વહાલો હોય છે. આત્મા કહેવાથી પ્રીતિના વિષય છે એમ કહેવાયું છતાં બીજી વાર "પ્રિય" કહેવાનું કારણ કે એ પ્રીતિ પરિચ્છન્ન છે. તે પ્રીતિ એકમાં જો પેઠી તો બીજામાં તેવી જાતની ન રહી શકે; માટે સર્વરૂપ એકમાં જ પ્રીતિ કરવી. ખંડરૂપમાં કરવાથી, એકરૂપવાળા એકમાં કરવાથી તે સર્વપુરુષાર્થરૂપ ફળને સિદ્ધ કરી શકતી નથી. પ્રીતિ તો ભગવાનનો ધર્મ છે. ભગવાને જીવોને સુખ માટે થોડી થોડી બધાને આપી છે, માટે જ્યાં પ્રસન્ન થાય ત્યાં સુખ થાય છે, તેથી પોતાનું સુખ પોતાને થાય છે. તેમાં પણ વિષય પણ સુખરૂપ હોય. તેમાં તેનું દાન કર્યું હોય તો મોટું સુખ થાય છે. માટે દેહાદિમાંથી પ્રીતિને ખેંચી કાઢીને તે પ્રીતિ ભગવાનમાં સ્થાપન કરો એમ કહેવાનું તાત્પર્ય છે. અર્થ, ધનરૂપ છે. જે કાર્ય ધન કરશે તે કાર્ય ભગવાન કરશે. અર્થના પણ પાંચ અર્થો છે. તે પાંચરૂપ પણ ભગવાન છે. સર્વ વેદાર્થ-સર્વ ધનરૂપ, સર્વ વસ્તુરૂપ, સર્વ નિવૃત્તિરૂપથી સર્વનિવર્ત્તક છે. ભજનમાં તે ધર્મો ભજનીયમાં ગુણોપસંહાર ન્યાયથી ગ્રહણ કરવા, તેથી સર્વાત્મકતાથી ભજન થાય. ભગવાન છ ઐશ્વર્યગુણવિશિષ્ટ છે. ઐશ્વર્યાદિને માટે પણ તેમની સેવા થાય છે. "શ્રી"શબ્દથી અહીં શોભા લેવાની છે. તે અનંત છે એટલે દેશકાલથી જેની ગણના ન થાય તેવા નિત્ય છે. એ કહેવાથી પચીસ તત્ત્વો અને છ મહાવિષ્ણુ કલા. છવીશ પ્રકારે તેની સેવા કરવી. તેમાં આત્મા જીવ અને બ્રહ્મ એમ બે પ્રકારે છે. પ્રિય એકાદશવિધ છે. એકાદશ ઇંદ્રિયોથી તે ભોગ્ય છે; પ્રથમ પાંચ પ્રકારનો અર્થ કહ્યો છે. ભગવાન છ પ્રકારે છે. અનંત બે પ્રકારના છે, એમ સર્વ પ્રકારે સેવવા યોગ્ય છે. સેવક અધિકારી જોઇએ તેના બે ધર્મો છે: નિર્વૃત અને નિયતાર્થ. એક અન્યનિવૃત્તિને માટે અને બીજું ભગવાનમાં દઢતા માટે જરૂરનું છે. એ બે ધર્મો જરૂરી છે. જો તે બે ધર્મો ન હોય તો સર્વ પ્રકારે સેવો તોપણ પુરુષાર્થરૂપ તે ન થાય. સર્વથી નિર્વૃત થાય, એકનિષ્ઠ થાય. એમ ન રહે તો બ્રહ્માસ્ત્ર ન્યાય થાય. નિયત એટલે ભગવાનમાં જ પુરુષાર્થ માને. ભગવાન્ અથવા અર્થ છે એમ માને. અન્યથા સંશયાત્મા થાય તો તેનો નાશ થાય. જો કે ભગવાન જ ફલ છે, બીજાની અપેક્ષા નથી, તોપણ આનુસંગિક ફલ સંસારના હેતુરૂપ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, અથવા ભગવાનથી બહિર્મુખતાની નિવૃત્તિ થાય છે. चकार છે તેથી સાસુજ્યાદિક થાય છે. (૬)

એમ ભજનની સર્વોત્તમતા કહીને તેમાં ભજન નથી કરતા તેનો શોક કરતા કહે છે:

**कस्तां त्वनादृत्य परानुचिन्तामृते पशूनसतीं नाम युञ्ज्यात् ।**
**पश्यन् जनं पतितं वैतरिण्यां स्वकर्मजान् परितापान् जुषाणम् ॥७॥**

**શબ્દાર્થ**:—પરમેશ્વરનું ચિંતન છોડીને પશુ વગરનો કયો માણસ એવી ખોટી ચિંતા કરે ? કેમકે તે પોતાના કર્મથી ઉત્પન્ન થયેલ દુઃખોને ભોગવતા અને વૈતરિણીમાં પડેલા લોકને તે જુએ છે.

**ભાવાર્થ**:—તે ચિંતન એટલે ભગવાનનું ધ્યાન કરી તેના રૂપનું ચિંતન કરવા સિવાયની પશુ વિના અસતી ચિંતા કે જે ભગવાનના ચિંતનનો નાશ કરનારી છે તે દેહ પુત્રાદિ ચિંતાને કોણ કરે ? અસતીનો અજ્ઞાનથી યોગ થવા સંભવ છે, પણ તેનું અસ્તિત્વ જાણીને તો કોઈ તેનો યોગ અસતી સ્ત્રીની જેમ ન કરે. વાત દૃષ્ટાન્તથી કહે છે કે જેમ ભગવાનનું ભજન કરનારને ભગવાનના છ ગુણો પ્રાપ્ત થાય છે તેમ દેહાદિનું ભજન કરનારમાં દેહાદિના છ દોષો પ્રવેશ કરે છે. ઉત્પત્તિ, નાશ, દુઃખ, કર્મ, પરિતાપ અને હીનતા એ છ દોષ છે તે દેહાદિના દોષ છે. તે છ વિશેષણથી કહે છે કે તે **जन** એટલે ઉત્પન્ન થનાર છે; **पतित** શબ્દથી સ્વસ્થાનથી પડેલો છે, એટલે મરેલો એવો તેનો અર્થ થાય છે; **वैतरिणी** યમના દ્વારમાં રહેલી નદી તેમાં પડે છે, એથી એમ કહ્યું કે અસતીનો પરિગ્રહ કરનાર મરીને વૈતરિણીમાં પડે છે. પોતે કરેલાં જુદાં જુદાં કર્મના ફળને ભોગવે છે; શોકાદિ દુઃખના ભોગ તેને કરવા પડે છે; તેથી અમૃતને છોડીને વિષનું ભક્ષણ કોણ કરે ? એથી ભગવદ્-ભજનમાં રુચિ થવા માટે બહુ કહેવાની જરૂર નથી. (૭)

**केचित्स्वदेहान्तर्हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तम् ।**
**चतुर्भुजं कञ्जरथाङ्गशङ्खगदाधरं धारणया स्मरन्ति ॥८॥**
**प्रसन्नवक्त्रं नलिनायतेक्षणं कदम्बकिञ्जल्कपिशङ्गवाससम् ।**
**लसन्महारत्नहिरण्मयाङ्गदं स्फुरन्महारत्नकिरीटकुण्डलम् ॥९॥**
**उन्निद्रहृत्पङ्कजकर्णिकालये योगेश्वरास्थापितपादपल्लवम् ।**
**श्रीलक्ष्मणं कौस्तुभरत्नकन्धरमम्लानलक्ष्म्या वनमालयाञ्चितम् ॥१०॥**
**विभूषितं मेखलयाङ्गुलीयकैर्महाधनैर्नूपुरकङ्कणादिभिः ।**
**स्निग्धामलैः कुञ्चितनीलकुन्तलैर्विरोचमानाननहासपेशलम् ॥११॥**
**अदीनलीलाहसितेक्षणोल्लसद्भ्रूभङ्गसंसूचितभूर्यनुग्रहम् ।**
**ईक्षेत चिन्तामयमेनमीश्वरं यावन्मनो धारणयावतिष्ठते ॥१२॥**

**एकैकशोऽङ्गानि धियानुभावयेत्पादादि यावद्धसितं गदाभृतः ।**
**जितं जितं स्थानमपोह्य धारयेत्परं परं शुद्धयति धीर्यथा यथा ॥१३॥**

**શબ્દાર્થઃ**—કેટલાક પોતાના દેહની મધ્યમાં હૃદયાકાશમાં રહેતા ચારભુજાવાળા, કમળ ચક્ર શંખ અને ગદારૂપ ચાર આયુધને ચાર હસ્તમાં ધારણ કરનાર પ્રાદેશમાત્ર પુરુષનું ધારણા વડે સ્મરણ કરે છે. પ્રસન્ન મુખવાળા, કમળની પાંખડી સરખા વિશાળ નેત્રવાળા, કદમ્બના કિંજલ્ક જેવા પીત વસ્ત્રવાળા, મોટાં રત્નોથી શોભતા સોનાના બાજૂબંધવાળા, અમૂલ્ય રત્નજડિત કિરીટકુંડલવાળા, પ્રફુલ્લ હૃદયરૂપ કમળની મધ્યમાં યોગેશ્વરોએ જેને આસન આપ્યું છે એવા, લક્ષ્મીના ચિહ્નવાળા, કાંધમાં કૌસ્તુભમણિને ધરનાર, તાજી પગ સુધી લાંબી ફૂલની માળાથી પુજાયલા, કટિમેખળા અને વીંટીઓથી શોભતા, મોટી કીમતવાળાં નૂપુર અને કંકણોથી શોભતા, શુદ્ધ અને સ્નિગ્ધ વાંકડિયા કેશપાશથી શોભાયમાન મુખમાં હાસની સુંદરતાને બતાવતા, ઉદાર લીલા, હસવું, જોવું, ભ્રુકુટીક્ષેપ વડે અતિ અનુગ્રહને સ્થાપન કરતા અને ચિંતનથી હૃદયમાં પ્રકટેલા ઈશ્વરને જોઈ તેમાં મનની ધારણા કરે. જ્યાંસુધી મન તેમાં રહે ત્યાંસુધી તેને ધારણાથી હૃદયમાં રોકે. પછી પગથી લઇને હાસ સુધી એક એક અંગની બુદ્ધિથી ધારણા કરે. જીતેલાં સ્થાનને છોડતા આગળ વધતા જાય. જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થાય તેમ તેમ ધારણા કરે.

**ભાવાર્થઃ**—સર્વ અર્થનો નિશ્ચય કરી ભક્તિમાર્ગને અનુસરીને ભગવાનનાં શ્રવણ કીર્તન સ્મરણ વગેરે કરે, એ વાત સિદ્ધ કરી કેટલાકના મનમાં બધો નિર્ધાર કરવો વૃથા છે. મુખ્ય ભગવાનના ચતુર્ભુજાદિ રૂપ આનંદમાત્રકરપાદમુખાદિરૂપને જાણી તેનું ભજન કરવું. તેથી ભગવાનની સ્થૂલ ધારણામાં સ્થૂલ રૂપની જગ્યા એ આનંદરૂપને લે છે. "કેટલાક," એમ કહ્યું છે તેથી આમાં સર્વની સંમતિ નથી. તેનું કારણ કે તે આનંદરૂપની ધારણાથી આનંદને પ્રકટ કરે છે, પણ દોષની નિવૃત્તિ કરતા નથી. જો કે જેના વગર ન ચાલે એવાં નાંતરીયક-સહજ પાપને મટાડે છે; પરંતુ તે સર્વભાવ સંપાદક ન હોવાથી તેનાથી રાગાદિ દોષો જતા નથી. ભગવાનનાં ચાર રૂપો ધ્યાન કરવા યોગ્ય છેઃ અંગૂઠા જેવડું, પ્રાદેશમાત્ર, પુરુષ જેવડું, અને પ્રથમ કહ્યું તે. તેમાં પોતાની નજીક તો પ્રાદેશ માત્ર છે. વૈશ્વાનર વિદ્યામાં તે રૂપને સિદ્ધ કરેલું છે. શુદ્ધ હૃદયમાં તે રૂપ રહી શકે છે, અથવા "**अत्यतिष्ठद्दशाङ्गुलम्**" અથવા પુરુષથી અતિરિક્ત રૂપને પોતે અતિરેક (લોકોથી વધવા)ને માટે ભજે છે. લોકથી અતિરિક્ત પણ પુરુષના આકારવાળું હૃદયમાં રહેતું રૂપ **प्रथमं महतः** ઇત્યાદિ કારિકામાં કહેલ ત્રીજા પુરુષરૂપ છે તેનું સ્થૂલ રૂપ બતાવે છે. ચાર ભુજાવાળું કમળ ચક્ર વગેરે ચાર શ્રીહસ્તમાં આયુધધારી, તેથી તે સર્વથી રક્ષા કરનાર રૂપ છે એમ સૂચવ્યું. પ્રવેશ કરે તોપણ તત્ત્વરૂપ તે આયુધોને શ્રીહસ્તમાં રાખીને પ્રવેશ કરે છે. પહેલાં કહેલી ધારણાથી સ્મરણ કરે તે વિદ્યમાનનું સ્મરણ

થાય માટે કલ્પના કરવાની અપેક્ષા રહેતી નથી. પુનઃ તેનું વર્ણન કરે છે. ભક્તોને ફલ આપવા માટે પ્રસન્ન મુખ બતાવે છે. નલિનના જેવાં મોટાં નેત્ર છે. કદમ્બના ફૂલમાં રેખા જેવા કિંજલ્ક હોય તેના સરખા અરધા પીળા અને લાલ રંગવાળા પીતાંબરના છેડા સોનેરીવાળા છે. તેમાં છેડે મોતી ભરેલાં છે. મોતી જડેલાં રેખાકારે દેખાય છે. એવું વસ્ત્ર ધારણ કરેલું છે. સમગ્ર જીવને કૃતાર્થ કરવા માટે તે વેદરૂપ પીતાંબરને પોતે ધારણ કર્યું છે. એવું પીતાંબર છે. સોનાના બાજૂબંધમાં રત્નો જડેલાં છે. તે અંગદ ભુજામાં પહેરવાનું આભૂષણ છે. મોટાં રત્નો કિરીટ અને કુંડળમાં પણ પ્રકાશે છે. હૃદયરૂપી કમળની વચ્ચેનો ભાગ કર્ણિકા નામથી કહેવાય છે. તેમાં સૂર્ય ચંદ્ર અને વાયુ પણ જઇ શકતા નથી. એવા તે દેશમાં યોગીઓ ભગવાનના ચરણને સ્થાપન કરે છે. શ્રી જેનું લક્ષણ છે. કંઠમાં કૌસ્તુભ નામનો મણિ છે. જેની શોભા ઓછી નથી થઇ એવાં તાજાં ફૂલની માળા વડે જેની પૂજા થયેલી છે. મેખલા એટલે કટીમાં પહેરવાનો દોરો. મોટી કીમતની વીંટીઓ. महाधन વિશેષણ બેય બાજુ લેવું. નૂપુર આ એક મહારાજાનું ચિહ્ન છે. આદિ શબ્દથી બંગડીઓ વગેરે લેવાં. શુદ્ધ અને ચીકણા નિર્મલ વળેલા કેશથી શોભતા મુખારવિંદના હાસથી શોભે છે. ઉદાર એવો લીલાહાસ તે છે. સર્વ યાચકોને સર્વ આપતાં પણ જેને જરા સંકોચ ન આવે તે 'અદીન' કહેવાય. લીલાહાસ યુક્ત જોવું તેમાં ભ્રુકુટીનો ભંગ કરીને પોતાનો મોટો અનુગ્રહ પ્રકટ કરે છે. એવું ભગવાનનું રૂપ ચિંતન કરતાં હૃદયમાં પ્રકટે છે. એ રાજાધિરાજરૂપને જોયા કરવું. સર્વાંગમાં કરેલી ધારણામાં મન જ્યાંસુધી સ્થિર રહે એટલે મન ચંચળ ન થાય ત્યાંસુધી જોયા કરવું, સર્વાઙ્ગની સ્ફૂર્તિ ન થાય એટલે પોતાને સ્વાધીન થાય ત્યારે એક એક અંગની મનથી ધારણા કરે. એકને ધારે તેની સ્થિરતા થાય, એટલે પોતાને સ્વાધીન થાય ત્યારે તેને છોડી બીજા અંગને બુદ્ધિમાં ધારણ કરે. તે ધારણામાં ક્રમ રહેવો જોઈએ તેથી કહે છે કે પગથી લઇને હાસ સુધી. એ તૃતીયસ્કન્ધમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવશે. गदाभृत् શબ્દથી પ્રાણની નિશ્ચલતા કહી છે. જીતેલ એટલે સ્વાધીન સ્થાનને છોડીને. પગથી લઇને એટલે બુદ્ધિમાં આગળ હોય તેને પાછળ કરીને બીજાને આગળ કરે. એમ આગળ ચાલતાં ભગવાનના અધિક ગુણોનું સ્મરણ કરવું જેથી બુદ્ધિના દોષો દૂર થતા જાય. તે દોષો જતાં બુદ્ધિ શુદ્ધ થાય છે, એટલે બીજો અવયવ બુદ્ધિમાં આવી શકે છે. એમ ઉત્તરોત્તર કરવું. જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થાય તેમ તેમ બીજા અવયવને મનમાં લેતાં જવું. (૮-૯-૧૦-૧૧-૧૨-૧૩)

જેને ભક્તિ થઈ હોય તેને આ ધારણા થાય છે. જ્યાંસુધી ભક્તિ ન થાય ત્યાંસુધી પહેલાં ધારણા કરવી, તે કહે છે:

**यावन्न जायेत परावरेऽस्मिन् विश्वेश्वरे द्रष्टरि भक्तियोगः ।**
**तावत्स्थवीयः पुरुषस्य रूपं क्रियावसाने प्रयतः स्मरेत ॥१४॥**

**શબ્દાર્થઃ**—પર અને અવર રૂપ વિશ્વેશ્વરમાં જ્યાંસુધી ભક્તિ ન થાય ત્યાંસુધી ભગવાનનું સ્થૂલરૂપ કહ્યું છે તે રૂપનું અગ્નિહોત્રાદિના અંતમાં શુદ્ધ બુદ્ધિથી સ્મરણ કરવું.

**ભાવાર્થઃ**—પર ને અવર જેનાથી પર અને અવરની સ્ફૂર્તિ થવી તે પ્રેમ ભક્તિનું અંગ છે કે જેને માહાત્મ્ય જ્ઞાન કહે છે. પોતે ભક્તિથી તેને જોઈને કહે છે કે તે દ્રષ્ટા છે. સર્વ સાક્ષી છે. વસ્તુ માત્રમાં ચૈતન્યરૂપે તે રહે છે. અથવા પ્રત્યગ્રૂપે (અંદરના રૂપથી) પ્રકાશમાન છે. 'ભક્તિયોગ'માં 'યોગ'પદ કહ્યું છે તે ભક્તિના સાધનરૂપ ભક્તિનું સ્થિર રૂપ કહ્યું. ત્યાંસુધી સ્થૂળરૂપ પહેલાં કહ્યું છે તેનું સ્મરણ કરવું. અગ્નિહોત્ર કર્યા પછી અવ્યગ્ર અવસ્થામાં ધ્યાન કરવું. કેટલાક સંન્યાસ લઈને સ્મરણ કરવાનું કહે છે, ત્યારે નિરંતર સ્મરણ થઈ શકે છે, પરંતુ તેમાં (સંન્યાસરૂપ) કર્મ કારણ રૂપ થતું નથી, કેમકે પ્રતિબંધકની કલ્પના કરતાં સાધકની કલ્પના કરવી શ્રેષ્ઠ છે. **एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च, कर्तव्यानि; स्वर्गः सत्त्वगुणालयः** એ સાધક વચનો છે. **पुण्यतीर्थजलाप्लुतः** એ વચનો પ્રથમ જ કહ્યાં છે. તે નિયમોયુક્ત સાવધાન થઈને સ્મરણ કરે. નિયમમાં પણ ધર્મ છે. અથવા બીજી ભાવના ન થવા માટે નિયમિત રહેવું. (૧૪)

એમ અંતકાળમાં પાક્ષિક દોષના પરિહાર માટે યોગ સાધીને તે દૃષ્ટફળક ઉપાય છે, એમ બતાવવા બુદ્ધિપૂર્વક મરણનો પ્રકાર કહે છે:

**स्थिरं सुखं चासनमास्थितो यतिर्यदा जिहासुरिममङ्ग लोकम् ।**
**देशे च काले च मनो न सज्जयेत् प्राणान्नियच्छन् मनसा जितासुः ॥१५॥**
**मनः स्वबुद्ध्याऽमलया नियम्य क्षेत्रज्ञ एनां निनयेत्तमात्मनि ।**
**आत्मानमात्मन्यवरुध्य धीरो लब्धोपशान्तिर्विरमेत कृत्यात् ॥१६॥**

**શબ્દાર્થઃ**—સ્થિર અને સુખરૂપ આસન ઉપર બેઠેલો સંન્યાસી જ્યારે આ લોક છોડવાની ઇચ્છા કરે ત્યારે દેશમાં કે કાલમાં મનને ન લગાવે, પ્રાણોનું નિયમન કરે, મનથી પ્રાણને રોકે, બુદ્ધિ વડે મનને રોકી બુદ્ધિને ક્ષેત્રજ્ઞમાં રોકે, તેને આત્મામાં રોકે, આત્માને પરમાત્મામાં જોડી ધીર થઇ શાન્તિ મેળવતો કાર્યથી વિરમે.

**ભાવાર્થઃ**—બુદ્ધિપૂર્વક મરવું આ ફલસુખ અંગ છે. આ સ્મરણમાં બહુ સમીપમાં છે. કેટલાક તેને ઉત્તરાંગ કહે છે, એટલે ફલ ઉત્પન્ન થવામાં સહકારિ છે એમ કહે છે. બીજાઓ તેને-મરણને અવાંતર વ્યાપાર કહે

છે. આસન સ્થિર એટલે હલવું ન જોઈએ, કોમળ જોઇએ. પદ્માસન પણ આસન કહેવાય. પાથરવાનું પણ આસન કહેવાય. आस्थित એટલે મન પણ બીજે ન જવું જોઈએ. આ વખતે સંન્યાસ નિત્ય છે. યતિએ પ્રાણાયામ કરીને, પંચાક્ષર સન્યાસ મંત્ર ૩ વાર જપીને, अभयममयं भूतेभ्यः એમ ભૂતને અભયદાન આપીને, બ્રહ્મનો ત્રણ વાર નિર્દેશ કરીને, वसुरण्वो विभुरसि એ મહોપનિષદના અર્થની ભાવના કરી બ્રહ્મમાં પ્રણવદ્વારા જીવને જોડવો. તેનું નામ યતિત્વ કહેવાય. એવો યતિ થઇને દેહને છોડે અથવા જ્યારે દેહ છોડવાનો વખત થાય ત્યારે આ લોક એટલે દેહને છોડે ત્યારે લોક છૂટી જાય. એટલે આ લોકનો અર્થ દેહ કર્યો છે. જ્યારે તેવો સમય થાય ત્યારે દેશકાલનો વિચાર ન કરે. દેશ એટલે બદરિકાશ્રમાદિ પવિત્ર સ્થળ, ઉત્તરાયણાદિ પવિત્ર કાલ સમજવો. ચકાર છે તેથી દેશકાલના ધર્મોમાં મનની આસક્તિને રાખે. વિશિષ્ટ દેશમાં ચિત્ત ન કરતાં કેવળ ભગવાનમાં મન રાખે. જે દેશાદિથી થશે તે ભગવાનથી થશે એમ મનને સ્થિર કરી પ્રાણાયામ કરે. મૂલાધારથી અપાન વાયુનો સંકોચ કરી ત્યાં પ્રાણને રાખીને કુંડલિનીને જગાડીને, તેને પ્રાણ અને અપાનની સાથે સુષુમ્ણાના છિદ્રમાં લઈને વાયુને ઊંચો લેવો. મન અને બુદ્ધિને સાથે રાખી દેહને ચલાવ્યા વગર રહેવું. આ સામર્થ્ય પ્રાણાયામ કરનારમાં હોય, તેથી કહે છે કે એવો પ્રાણને જીતનાર થઇને અથવા એમ કરીને પ્રાણને વશ કરે. જ્યારે કોઇ પોતાના ગામમાંથી બીજાને કાઢી મૂકે ત્યારે તેનો જય કહેવાય. ત્યારે મનને અને પોતાની બુદ્ધિને સંઘાતથી જુદી પાડે અને ભક્ત્યાદિથી તે બુદ્ધિને શુદ્ધ કરે. તેને સ્થિર કરે, પ્રયત્ન કરતી છોડાવે. જેમ લાકડીને ફેંકે તેમ બુદ્ધિના પ્રયત્નોને ફેંકે. તે બુદ્ધિને શરીરાભિમાની આત્મામાં જોડી દે. જે 'દેહાદિ હું છું' એમ માને છે તે ક્ષેત્રજ્ઞ, તેમાં બુદ્ધિને જોડે. તે ક્ષેત્રજ્ઞને જીવતા સમુદાયરૂપ આત્મામાં યોજે. "अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः હે ગુડાકેશ, હું સર્વ ભૂતના આશય અંતઃકરણમાં રહું છું," એ ભગવાનના વાકયથી જે વિભૂતિરૂપ આત્મા કહેવામાં આવ્યો તેમાં ક્ષેત્રજ્ઞને લગાવે. તેને તે ભગવાનના રૂપમાં જોડે, તેને એક કરી તેમાંથી જુદા પડવાની ઇચ્છા ન રાખીને ધીર થઈ આત્મામાં શાંતિ સ્થાપીને કરોડો જન્મમાં કરતાં આવેલાં કામોને છોડે. બધા પ્રયત્નોને છોડીને વિરક્ત થાય. સમાધિ કરી પાછો ન આવે. અહીં તેની મુક્તિ થઈ એમ કેટલાકનું કહેવું છે. આમ કરતાં દેહ તેના કારણમાં લીન થતાં ચાલ્યો જાય છે, તેને યાદ કરતો નથી. આ વાત તૃતીય સ્કન્ધમાં કહેવામાં આવશે. (૧૫, ૧૬)

હવે તે જીવની મુક્તિને કહે છે:

**न यत्र कालोऽनिमिषां परः प्रभुः कुतो नु देवा जगतां य ईशिरे ।**
**न यत्र सत्त्वं न रजस्तमश्च न वै विकारो न महान् प्रधानम् ॥१७॥**

**શબ્દાર્થ**:—દેવોનો નિયન્તા છે તેને પણ નિયમન કરનાર કાળ છે. તે જ્યાં કાંઈ કરી શકતો નથી, તો જે જગતને નિયમન કરનાર દેવો છે તેનું તો ત્યાં શું ચાલે? જ્યાં સત્ત્વ રજસ્ તમસ્ અહંકાર મહત્તત્વ કે પ્રધાન–પ્રકૃતિ તેને ચળાવી શકતી નથી; એથી તે મુક્ત થાય છે.

**ભાવાર્થ**:—જીવ કારણમાં લીન થતો આત્મરૂપ થયો, તેને ચલિત કરવામાં કાળ સમર્થ નથી. દેવોનો તે મુખ્ય અધિકારી છે. તેમનો પણ નિયન્તા છે, તેથી કાળનો અધિકાર તથા સામર્થ્ય કહ્યાં. પરંતુ જીવ તો ભગવાનમાં આવી પહોંચ્યો, ત્યાં તે કાળ કાંઈ કરી શકતો નથી, ત્યારે ઇન્દ્રિયોના દેવો તો તેને ક્યાંથી ખસેડી શકે? તે દેવો સમાધિમાં રહેલાને પાછો લાવી શકે, તે ભગવાનમાંથી લાવવાને સમર્થ થતા નથી. એ કૈમુતિક ન્યાયથી તેનું અસામર્થ્ય કહ્યું. જે જગતના નિયામક છે, જે જગતની ઉપર પ્રભુતા કરે છે; આથી કાલ અને કાલનિયમ્યનું ત્યાં સામર્થ્ય નથી એ કહ્યું. જો કે કાલની સૂચના વગર સત્ત્વાદિ ગુણો ક્ષોભ પામતા નથી. ક્ષોભ ન પામે ત્યાં ગુણો સ્વરૂપથી પાડી શકતા નથી, તોપણ ક્ષોભમાં કાળ ગુણને અધીન છે તેથી કાલાદિનું જુદી રીતે નિરાકરણ કર્યું છે. **ચ**કાર છે તેથી પ્રકૃતિના અને અહંકારના ગુણ પણ તેને ચલિત કરી શકતા નથી. **વૈ** નિશ્ચયાત્મક છે તેથી અહંકાર પણ તેને ચળાવતો નથી, નહિ તો તે તો સર્વદા સ્વરૂપ ભુલાવનાર છે. મહત્તત્ત્વ અને પ્રકૃતિ અથવા એમ રહેનાર કોઇ તે ભગવાનમાં પહોંચેલાને પાછો સંસારમાં લાવી શકતાં નથી. (૧૭)

એવું તે ભગવાનના સ્થાનનું માહાત્મ્ય કેમ છે? ત્યાં કહે છે:

**परं पदं वैष्णवमामनन्ति तद् यन्नेति नेतीत्यतदुत्सिसृक्षवः ।**
**विसृज्य दौरात्म्यमनन्यसौहृदा हृदोपगुह्यार्हपदं पदे पदे ॥ १८ ॥**

**શબ્દાર્થ**:—જે ભગવાન્ મેળવી આપનાર નથી તેને છોડનારા દેહાદિમાં આત્મબુદ્ધિરૂપ દુષ્ટતાને છોડનાર, અનન્ય સૌહૃદ રાખનાર વિષ્ણુને ક્ષણે ક્ષણે હૃદયમાં આલિઙ્ગન કરનારા તે વૈષ્ણવપદને સર્વશ્રેષ્ઠ માને છે; તે કૃતાર્થ થાય છે.

**ભાવાર્થ**:—તે સ્થાન સર્વથી ઉત્કૃષ્ટ છે. પદ અક્ષરરૂપ છે; શ્રી પુરુષોત્તમના ચરણ રૂપ છે; માટે તે 'વૈષ્ણવ પદ' કહેવાય છે, જે વૈષ્ણવપદ પરમ પદ કહેવાય છે. **यत्** ઉદ્દેશ્ય છે, **आमनन्ति** એ પ્રમાણ છે. કેવળ શ્રુતિને પ્રમાણરૂપ ગણે તો તેને ગૌણતા પણ આવી જાય; તેથી કહે છે કે જે આત્મા વગરનું છે તેને છોડી દેવાને જેઓ ઇચ્છે છે, તેઓ આને 'વૈષ્ણવપદ' કહે છે;

તેથી તે વૈષ્ણવપદને રાખીને બીજાને છોડી દેવું, એવો તે નિશ્ચયાત્મક વિવેક કરે છે. તેના ઉત્તમ અધિકારથી તેને તે પદની સ્ફૂર્તિ થતી હશે એમ કોઈ કહે તો તેના ઉત્તરમાં કહે છે કે તેને ત્રણ ગુણો તો અપેક્ષિત છે. તે સર્વદા દેહાદિમાં આત્માને જોતા નથી પણ આત્માને દેહથી જુદો જાણે છે. તેમાં સર્વ દોષોનો અભાવ છે. જેને ભગવાન સિવાય બીજા પદાર્થમાં સૌહૃદ નથી. આથી પહેલાં કહ્યા પ્રમાણે તેની ભગવાનમાં પરમ પ્રીતિ કહી. સાધન પણ કરે છે તે સાધન ભગવાનના ચરણને માને છે; તેને ક્ષણક્ષણમાં મનને રોકવાનું સ્થાન માને છે; તેને મનથી આલિઙ્ગન કરે છે. તેવા પુરુષો જે કહે તે ખોટું ન હોય. (૧૮)

**इत्थं मुनिस्तूपरमेद्व्यवस्थितो विज्ञानदृग् वीर्यसुरन्धिताशयः ।**
**स्वपार्ष्णिना पीड्य गुदं ततोनिलं स्थानेषु षट्सून्नमयेज्जितक्लमः ॥१९॥**
**नाभ्यां स्थितं हृद्यधिरोप्य तस्मादुदानगत्योरसि तं नयेन्मुनिः ।**
**ततोऽनुसंधाय धिया मनस्वी स्वतालुमूलं शनकैर्नयेत ॥ २० ॥**
**तस्माद्भ्रुवोरन्तरमुन्नयेत निरुद्धसप्तायतनोऽनपेक्षः ।**
**स्थित्वा मुहूर्तार्धमकुण्ठदृष्टिर्निर्भिद्य मूर्धन् विसृजेत्परं गतः ॥२१॥**

**શબ્દાર્થ**ઃ—એવા નિશ્ચયવાળો મુનિ વિજ્ઞાનદૃષ્ટિથી જેણે અન્તઃકરણને શુદ્ધ કર્યું છે તે પોતાની પાની વડે ગુદદ્વારને દબાવીને ત્યાંથી પવનને ઊંચે ચઢાવે; તે ચક્રોના સ્થાનમાંથી બહાર કાઢીને ઊંચે લેતાં ક્લેશને પણ ગણે નહિ. પવનને નાભિમાંથી હૃદયમાં લઈ ઉદાનના માર્ગે તેને ઉરઃસ્થળમાં રોકે. પછી મનસ્વી થઇ બુદ્ધિ વડે તે વાયુને પોતાના તાળવાના મૂલમાં રોકે. ત્યાંથી ઉપાડીને બે ભ્રુકુટીની વચ્ચે રોકે. ત્યાં સાત છિદ્ર છે તેમાંથી પવન નીકળી ન જાય તેનું ધ્યાન રાખે. ત્યાં એકઘડી પ્રાણને રોકી જેનું જ્ઞાન પરિપકવ થયું છે એવો યોગી પવનને ભગવાનમાં લગાવી દેહનો ત્યાગ કરે.

**ભાવાર્થ**ઃ—એવો થાય એટલે બાહ્ય કર્તવ્ય પૂરું થયું. એમ કરવાથી દેહાદિ પોતાની મેળે છૂટી જશે એમ કહ્યું. બીજો પક્ષ કહે છે તેથી **मुनिस्तु** એમ શબ્દ કહ્યો. **तु** બીજા પ્રકારનો સૂચક છે. તે પક્ષમાં જો ન રહેવાય તો મનની જેમ બીજા સાધનપર થાય. તેમ કરતાં તેનું સ્વરૂપ જુદું દેખાય તો તે સાધન કરતો બંધ થાય. બીજા પ્રકારથી પુરુષાર્થને સિદ્ધ કરે. વિશેષથી તે ચરણમાં મનને સ્થિર કરીને, આત્માને તેમાં મેળવીને, ભગવાનનો સાક્ષાત્કાર અથવા બ્રહ્મભાવ—જીવબ્રહ્મની એકતાનો ઘણા સમય સુધી અનુભવ કરીને, વિજ્ઞાનમયના બળને મેળવીને, તેના અનુભવરૂપ જ્ઞાનના સામર્થ્યથી સર્વ અજ્ઞાનને દૂર કરવારૂપ સામર્થ્ય મેળવીને, અન્તઃકરણમાંથી રાગાદિનું નિરાકરણ કરીને, હૃદયને શુદ્ધ કરીને સ્વયં શુદ્ધ થાય. ત્યારે તે શુદ્ધ ચિત્તમાં દેહ છોડવા

માટે પ્રયત્ન કરે. તેમાં પોતાના પગની પાની વડે મૂલાધારને દબાવી દે. મૂલાધારનું સ્થાન ગુદા છે. ત્યાં કુંડલિનીને જગાડે. ત્યાં રહેલા વાયુને ઊંચો લઇને શરીરમાં રહેલાં ચક્રોને ભેદીને ઊંચો લે. તેમાં શરીરમાં વાયુને રહેવાનાં છ ચક્રો છેઃ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહતવિશુદ્ધિ, અગ્નિચક્ર અને સહસ્રદલ ચક્ર એ તેમનાં ક્રમથી નામો છે. મૂલાધાર ગુદામાં છે. લિઙ્ગના મૂળમાં સ્વાધિષ્ઠાન ચક્ર છે. નાભિમાં મણિપૂર ચક્ર છે. હૃદયમાં અનાહત વિશુદ્ધિ ચક્ર છે. તાળવામાં સહસ્રદલ ચક્ર છે. બે ભ્રુકુટી વચ્ચે અગ્નિચક્ર છે. તેને કમળરૂપે કહ્યાં છે. ચાર દળ, છ દળ, અષ્ટદળ, દ્વાદશ દળ, ષોડશ દળ, દ્વિદળ એવાં તેના રૂપો છે, તેમાંથી વાયુને લઈ જવો. તે સરલતાથી જતો નથી તેથી બીજે જતો રહે. તેનાં સાધન કહે છે. વાયુને ખેંચવામાં ગ્લાનિ ન થવી જોઈએ. તે વાયુ નાભિ સુધી તો સરળ રીતે પહોંચે; પછી તે વાંકો ચાલે છે; તેથી નાભિએ પહોંચેલાને મહામહેનતે હૃદયમાં લેવો. ત્યાં હૃદયકમળ ઊંચે નાલ અને નીચે મુખ છે. તેવું છે, તેને વાયુ વડે ઊર્ધ્વમુખ કરવું. તેમાં પ્રયત્ન વધારે પડે માટે નાભિમાંથી હૃદયમાં લેવો એમ કહ્યું. ત્યાંથી તાળવામાં લેવામાં ઘણો શ્રમ પડે છે. 'ઉરઃસ્થળમાં ઉદાનવાયુ રહે છે. બીજો પણ વાયુ ત્યાં આવે તો તે ઉદાન ભાવને પામે છે. તેથી કહ્યું કે ઉદાનની ગતિથી તેને ઉરસ્માં લેવો. પ્રથમ અધિકારમાં તો વાયુ હૃદય સુધી જ આવે છે. આને તો તેનાથી આગળ લેવો છે તેથી તે લેનારને 'મુનિ' કહ્યો છે. ત્યાં સમાનભાવ પ્રાપ્ત થાય છે. તે ભાવને આગળ જવા માટે છોડીને પૂર્વભાવનું અનુસંધાન કરી, ગ્રહણ સ્થાપનમાં સમર્થ એવી મોટી બુદ્ધિવડે તે મનસ્વી બુદ્ધિવાળો તાલુના મૂળમાં તેને પહોંચાડે. તેને પહોંચાડવામાં જલદી ઉતાવળ કરે તો ત્યાં વાયુને જવાનાં સાત છિદ્રો છે તેમાંથી તે બહાર નીકળી જાય; તે માટે તે બહાર ન જાય તેમ ધીમેથી લેવો. તેમાં લઇ જવામાં અને સ્થિર કરવામાં બુદ્ધિ સૂક્ષ્મ કરવાની જરૂર છે, તેથી **सुधीः** એમ સાધકનું વિશેષણ કહ્યું છે. તાળવાના મૂળમાં રાખેલ વાયુને મુખ કાન નાક અને આંખનાં સાત છિદ્રોથી જવાનો સંભવ છે, તેથી તે સાતે છિદ્રોને બંધ કરવાં. એમ કરીને તાળુના મૂળમાંથી પવનને લઇને ભ્રુકુટીની વચ્ચે અગ્નિચક્રમાં પહોંચાડવો. ત્યાં તેને સ્થિર કરવો. અન્તઃકરણશુદ્ધિ તો પહેલાં કહી ગયા છે એટલે નિરપેક્ષ થઇને ત્યાં ભગવાનનું ધ્યાન કરતાં ભગવાન્ પ્રકટે તેમાં એક ઘડી દૃષ્ટિ એટલે જ્ઞાનની શિથિલતા ન થાય ત્યાંસુધી ધ્યાન કરીને ભગવાનના સાયુજ્યને પ્રાપ્ત થાય. વાયુને કાઢવાનો પ્રયત્ન તો પ્રથમથી કરેલો હતો. તે વાયુને મસ્તક ભેદીને બહાર કાઢે. ઇન્દ્રિયોને પણ છોડી દે. કેટલાક કહે છે કે પ્રાણ પણ મૂર્ધભેદથી નીકળે છે, આગળ તેમનો પણ ઉપયોગ છે. કેટલાક કહે છે કે **इहैव समवनीयन्ते प्राणाः** એ વાક્યના અનુરોધથી પ્રાણો–આ આત્મા,

પોતાના મૂળરૂપ આસન્યની સાથે તે પ્રાણની સ્થિતિ રહેવી જોઈએ એમ ઇચ્છે છે. ભોગ સિદ્ધ કરવાનું કામ પ્રાણનું છે. **तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति** એ તો અમુક્તિ–વિષયની શ્રુતિ છે. ઉત્ક્રાંતિ ચરણના વિચારમાં પણ **वाङ्मनसि संपद्यते** ઇત્યાદિમાં પ્રાણ શબ્દ છે તે ઇન્દ્રિયોનો વાચક છે. ગમનમાં આયુષની સ્થિતિ જોઇએ. **मुख्ये कार्यसंप्रत्ययः** એ ન્યાયથી મુખ્યને અનુસરનાર પ્રાણનો આસન્યમાં લય થાય છે; તેથી ઇન્દ્રિયો અને તેના સંબંધવાળો પ્રાણ બહાર નીકળે છે. ( ૧૯, ૨૦, ૨૧)

અમે સદ્યોમુક્તિ બે પ્રકારે કહી. ઉત્તમ અને મધ્યમ એ તેના ભેદ છે. પ્રથમાધિકારીને વાસના મટતી નથી. તે તો ભોગથી મટે માટે તેને દૂર કરવા માટે ક્રમમુક્તિને કહેતાં ઇન્દ્રિયોને તે પોતાની સાથે લઈ લે છે તે કહે છેઃ

**यदि प्रयास्यन्नृप पारमेष्ठ्यं वैहायसानामुत यद्विहारम् ।**
**अष्टाधिपत्यं गुणसन्निवाये सहैव गच्छेन्मनसेन्द्रियैश्च ॥ २२ ॥**

**શબ્દાર્થઃ**—જો બ્રહ્માના સ્થાનમાં જવું હોય, વિમાનમાં બેસી આકાશમાં ફરતા દેવોનાં વિહારસ્થાન જોવાં હોય, બ્રહ્માણ્ડમાં અણિમાદિ અષ્ટ ઐશ્વર્યનો ભોગ કરવો હોય, તો મન અને ઇન્દ્રિયોને સાથે રાખીને ત્યાં જાય.

**ભાવાર્થઃ**—જો ફરતા ફરતા જવું હોય તો મન ઇન્દ્રિયોને સાથે લઇને જવું. **नृप** એમ સંબોધન છે તેનો ભાવ એવો છે કે રાજાને સર્વ પુરુષાર્થ સિદ્ધ હોય છતાં મૃગયા વગેરે કરવાની વાસના તેની મટતી નથી, તેમ ભગવાનમાં સાયુજ્ય થાય ત્યારે બાકી કરવાનું રહેતું નથી, છતાં વાસનાને અનુસરીને ફરવા જાય છે. જે સ્થળમાં જાય છે તેને ગણાવે છેઃ તે પ્રથમ બ્રહ્માના સ્થાનમાં જાય છે. વિમાનમાં બેસી સ્ત્રીઓની સાથે આકાશમાં ફરતા દેવોનાં રમવાના સ્થાનોમાં જાય. અથવા અષ્ટવિધ ઐશ્વર્ય, બીજું શું, બ્રહ્માણ્ડમાં ઉપર નીચે મધ્યમાં જ્યાં જવું હોય ત્યાં ( મન ઇન્દ્રિયોની) સાથે જાય છે. **चकार** છે તેથી વાસના અથવા પ્રાણની સાથે જાય છે. (૨૨)

એવું જીવને સામર્થ્ય કયાંથી મળે ? એ શંકાના ઉત્તરમાં કહે છે :

**योगेश्वराणां गतिमाहुरन्तर्बहिस्त्रिलोक्याः पवनान्तरात्मनाम् ।**
**न कर्मभिस्तां गतिमाप्नुवन्ति विद्यातपोयोगसमाधिभाजाम् ॥२३॥**

**શબ્દાર્થઃ**—પવનમાં જેનો દેહ (લિઙ્ગ શરીર) રહે છે એવા યોગીઓની ગતિ ત્રિલોકીની અંદર અને બહાર હોય છે. તેવી ગતિ કર્મ કરનારની હોતી નથી, કેમકે યોગીઓ વિદ્યા તપ યોગ અને સમાધિમાં ભગવદ્ભજન કરે છે.

**ભાવાર્થઃ**—જેને યોગ અધીન થયો છે તે યોગેશ્વર. જો કે ત્રિલોકમાં જવાનું સામર્થ્ય જીવનું નથી પણ યોગથી જીવ જઈ શકે છે. ત્રણ લોકથી

અંદર અને બહાર એટલે બહાર હોય તો અંદર જાય અને અંદર હોય તો બહાર જાય છે, કેમકે યોગીઓનાં લિંગ શરીરો પવનમાં હોય છે. અહીં ત્રણ લોકથી બ્રહ્માણ્ડ લેવાનું નથી, પણ ત્રણ લોક સમજવાના છે. યદ્યપિ કર્મ વડે પણ બ્રહ્માણ્ડમાં સર્વત્ર ફરી શકાય છે, પરન્તુ તે પોતાની ઇચ્છા હોય ત્યાં જઈ શકતા નથી. યોગીઓની જે સ્વચ્છન્દ ગતિ છે તેવી કર્મકોની નથી હોતી. બન્ને ઉપાય તો તુલ્ય છે તો કર્મની ઉત્તમતા મુખ્ય અને યોગની ગૌણતા કેમ ? ત્યાં કહે છે કે કર્મ તો સ્વતંત્ર અસહાય જીવને સ્વાધીન કરે છે. યોગમાં તો વિદ્યા તપ યોગ સમાધિ એ ચાર સહાયક હોય છે. તે ચાર ગુણ વિશિષ્ટ જીવને યોગ પોતાને તાબે કરી શકતો નથી, તેમ બીજા પણ તેને સ્વાધીન કરતા નથી. તેથી જીવ સ્વતંત્ર છે. બીજા ગૌણ છે તે સ્વેચ્છાથી જતો હોય તેને સહાયક થાય છે. વિદ્યા એટલે મંત્રપ્રકારપૂર્વક ઉપાસના. તપ એ કૃચ્છ્રાદિ અથવા તપ એટલે જ્ઞાન. યોગ તે યમનિયમાદિ અષ્ટાંગયોગ. હૃદયમાં રહેલા ભગવાનના દર્શન વડે દર્શનજન્ય ભક્તિની સાથે પરમધર્મ એ 'સમાધિ' શબ્દથી લેવાનો છે. એમાં કરણદશામાં એટલે એ યોગ તપ સમાધિ વગેરે કરતા હોઈએ ત્યારે પણ પુરુષ સ્વવંત્ર રહે છે; કર્મમાર્ગમાં વિધિને અધીન રહેવાનું હોય છે. (૨૩)

એમ પુરુષની સ્વાધીનતા કહીને જવાનો પ્રકાર કહે છે:

**वैश्वानरं याति विहायसा गतः सुषुम्णया ब्रह्मपथेन शोचिषा ।**
**विधूतकल्कोऽथ हरेरुदस्तात् प्रयाति चक्रं नृप शैशुमारम् ॥ २४ ॥**
**तद्विश्वनाभिं त्वतिवर्त्य विष्णोरणीयसा विरजेनात्मनैकः ।**
**नमस्कृतं ब्रह्मविदामुपैति कल्पायुषो विबुधा यद्रमन्ते ॥ २५ ॥**
**अथो अनन्तस्य मुखानलेन दंदह्यमानं स निरीक्ष्य विश्वम् ।**
**निर्याति सिद्धेश्वरजुष्टधिष्ण्यं यद्द्वै परार्धं तदु पारमेष्ठ्यम् ॥ २६ ॥**

**શબ્દાર્થ**:—સુષુમ્ણા એ દેહની બહાર પણ છે. તે પ્રકાશવાળી હોવાથી તે માર્ગે આકાશમાર્ગે ચાલતાં અગ્નિના અભિમાનવાળી દેવતાના લોકમાં જાય છે. ત્યાં તેના મેલ દૂર થાય છે ત્યારે ભગવાનનું શિશુમાર ચક્ર ઉપર છે ત્યાં જાય છે. વિષ્ણુનું ચક્ર વિશ્વની નાભિરૂપ છે તેને ઓળંગીને, જ્યાં રહેનાર કલ્પજીવી છે, બ્રહ્મને જાણનાર જેને નમન કરે છે, ત્યાં (મહર્લોકમાં) સૂક્ષ્મ લિંગ શરીરથી એકલો યોગી જાય છે, જ્યાં ભૃગુ આદિ રમે છે. ત્યાં કલ્પ સુધી રહ્યા પછી પ્રલયના સમયમાં અનન્તના મુખમાંથી નીકળેલા અગ્નિથી ત્રણલોક બળી જાય છે તેને જોઈને મહર્લોકમાં પણ તેની ગરમી લાગવાથી, જે બે પરાર્ધ સુધી રહે છે, જે પરમેષ્ઠી બ્રહ્માજીનું સ્થાન છે, જ્યાં સિદ્ધેશ્વરો નિવાસ કરે છે, એવા બ્રહ્મલોકમાં તે જાય છે.

ભાવાર્થ:—છેવટમાં આનંદમય થાય ત્યાંસુધી તે જાય છે. વૈશ્વાનર એ અગ્નિ જેમાં મુખ્ય છે એવો લોક છે. अग्निर्ज्योतिः એ ગીતાવાકયમાં કહ્યા પ્રકારે ત્યાં પહોંચાય છે. તે તો દૂર હોવાથી ઘણાકાલે પહોંચાય. વચમાં ભોગ ન મળે. ભોગની આશાએ તો એ શ્રમ ઉઠાવ્યો છે તેથી તે અંતે પાછો તો નથી આવતો ? તેના ઉત્તરમાં કહે છે કે તે આકાશમાર્ગે ગયો હોય છે. પહેલાં જ पवनान्तरात्मनाम् કહેલ છે. તેથી વાયુ જાય તેમ તે જાય છે. વાયુ તો આમ તેમ ચાલે તેમ આ પણ સરળ માર્ગે નહિ જઈ શકતો હોય ! ત્યાં કહે છે કે સુષુમ્ણાના માર્ગે ચાલે છે એટલે તમે ધારો છો તેમ થવા સંભવ નથી. સુષુમ્ણા પણ બીજે કેમ ન જાય, એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે બ્રહ્મને પહોંચાડનાર માર્ગ છે. તે વ્યાપિ વૈકુંઠમાં પહોંચે છે. સુષુમ્ણા તો નાડી છે, તે દેહની બહાર કેમ જઈ શકે ? તેના ઉત્તરમાં કહે છે કે તે નાડી તેજોરૂપ છે. એમ તે માર્ગથી વૈશ્વાનર લોકમાં જાય છે. તે પ્રથમ જળમાં થઈને જાય છે, તેથી તેને કામના ઘણી હોવાથી તે સકલ્ક થાય છે, એટલે સદોષ થાય છે. તે લોકના ભોગ કરવાથી તેના દોષનો શોષ થઈ જાય છે. પછી તે સૂર્યથી ધ્રુવ સુધી પહોંચે છે. તેથી તેના બધા દોષો જતા રહે છે. તેનું શરીર તેજોમય થાય છે. ભગવાનના શરીરરૂપ શિશુમાર ચક્રમાં તે જાય છે. જો કે શિશુમાર ચક્ર ભૂમિની ચારે તરફથી છે તેથી તે સર્વત્ર ફરે છે, તોપણ તે ઉપર જ ચાલે છે. "હે નૃપ" એમ સંબોધન છે તે, શુદ્ધ સત્ત્વાત્મકની ઊર્ધ્વ ગતિ હોય તે સંવાદી વાકય છે તે તમે જાણો છો, એમ બતાવવા માટે છે, જેમ રાજાને માણસો અદ્ધર લઈ જાય છે. શિશુમારનું સ્વરૂપ પંચમ સ્કન્ધમાં કહેવાશે. તેમાં ધ્રુવનું સ્થાન શિશુમારને છેડે છે. તે બ્રહ્માણ્ડની નાભિરૂપ છે. તેની આગળ ચાર લોક છે તેમાં પહેલા રૂપ કરતાં બીજું જ રૂપ છે. બીજું ધ્રુવમાં રૂપ થાય છે. विष्णोः એ બન્ને તરફ લેવાય છે. ત્યાં જઈ શકે એવા શરીરનું વર્ણન કરે છે. પૂર્વ કરતાં સૂક્ષ્મ, કેમ કે તેમાં વાયુનું પ્રાધાન્ય છે એટલે શિથિલ અવયવો છે. તેમાં પણ રજોગુણ રહિત છે. વાયુને ત્રણલોકમાં રજનો સંબંધ છે. અથવા પૂર્વે તામસ શરીર હતું તે વૈશ્વાનર લોકમાં છોડયું, બીજું શરીર ધ્રુવમાં છોડયું, ત્રીજું શરીર આ છે. તમસ્ રજસ્ નથી તેથી વિરજ કહ્યું. કેવળ સત્ત્વમય અથવા સત્ત્વમિશ્ર કેવળ સત્ત્વથી બ્રહ્માણ્ડનો ભેદ કહેવાશે. આત્માથી એટલે પહેલાં કહ્યું તેમ આત્મપણાથી જે દેહ ધર્યો છે તેને આત્મા કહ્યા છે. ત્યાં વિમાનમાં બેસનારા જઈ શકતા નથી, તેથી તે એકલો જાય છે એમ કહ્યું છે. બીજાઓ તો તેને નમે છે. કેવળ જ્ઞાનીને રહેવા લાયક મહર્લોક છે, જે મહર્લોકમાં રહેનાર કલ્પાયુષવાળા હોય છે, બ્રહ્માના કલ્પ સુધી જેનું આયુષ છેઃ વિશેષ જ્ઞાનવાળા ભૃગુ વગેરે રમે છે અને

જ્યાં ભગવાનના ગુણના સ્મરણ વડે રમે છે, અથવા જ્ઞાનથી સમાધિમાં રમે છે. આ પણ ત્યાં જઇ કલ્પ સુધી રહે છે. તે પછી જ્યારે ભગવાન પોઢે છે, ત્યારે સંકર્ષણના મુખમાંથી અગ્નિ નીકળે છે, તે ત્રિલોકીને બાળે છે, તેને જોઇને ભૃગુ આદિની સાથે ત્યાંથી નીકળી જાય છે. ગમન ઘણાકાલે થયું તેથી અથો પદ કહ્યું છે. સિદ્ધેશ્વરોએ સેવેલાં સ્થાનો જનલોક તપોલોક થઈ બ્રહ્માના સ્થાનમાં આવે છે. તે પણ સિદ્ધેશ્વરથી સેવાયેલું છે. (૨૪, ૨૫, ૨૬)

ત્યાં મુક્તિ જેવું સુખ છે તે કહે છેઃ

**न यत्र शोको न जरा न मृत्युर्नार्तिर्न चोद्वेग ऋते कुतश्चित् ।**
**यच्चित्ततोऽदः कृपयानिदंविदां दुरन्तदुःखप्रभवानुदर्शनात् ॥ २७ ॥**

**શબ્દાર્થઃ**—જ્યાં (બ્રહ્મલોકમાં) શોક નથી, વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, મનની પીડા નથી, ઉદ્વેગ નથી; પરંતુ જે ભગવાનને મેળવવાનું આ સાધન આ માર્ગનો પ્રકાર વગેરેને જાણતા નથી તે દુરંત દુઃખ ભોગવે છે તેનું તેના મનમાં દુઃખ છે, બીજું નથી.

**ભાવાર્થઃ**—તે બ્રહ્મલોકમાં શોક નથી, કેમકે શોક તો અજ્ઞાનનું કાર્ય છે. તે અજ્ઞાન ત્યાં નહોય. જરા નથીઃ વૃદ્ધાવસ્થા દેહનો ધર્મ છે. ત્યાં મૃત્યુ નથી. મનની પીડા નથીઃ તે અન્તઃકરણનો ધર્મ હોવાથી તે નથી. મૃત્યુ પ્રાણને લેનાર હોવાથી તે અધિમૃત્યુ ધર્મ છે એમ કેટલાક કહે છે. ઉદ્વેગ બુદ્ધિનો ધર્મ છે અથવા અસહિષ્ણુતા એટલે કોઇ કાલે તે સહન ન થાય, પણ તેનાથી દુઃખ થાય, તે ઉદ્વેગ. એ અસહિષ્ણુતા અને ઉદ્વેગ એ બ્રહ્મલોકમાં પણ છે, છતાં તે પારકાથી નથી પણ પોતાનાથી છે. તે માટે કહે છે કે આ બધું તેને મનથી થાય છે. તે અનુભવથી જણાય છે તેથી તેને વધારે સ્પુટ કરીને કહી શકાતું નથી. તેનું સ્વરૂપ બતાવે છે કે આ સ્થાન (બ્રહ્મલોક), તેનું સાધન (જ્ઞાન), તેને મેળવવાના માર્ગનો પ્રકાર જે લોકો જાણતા નથી તે સંસારમાં પડે છે. તેને અંત વગરનાં અનેક દુઃખો ભોગવવાં પડે છે. એકવાર ઉત્પન્ન થાય છે, સંસાર મોક્ષનો વિવેક જાણે છે, છતાં પાછાં સંસારમાં પડી ને દુઃખનો અંત જોતા નથી. એવા લોકોનું એમને દુઃખ થાય છે. (૨૭)

પછી તે પોતાની ઇચ્છાથી બ્રહ્માણ્ડને ભેદે છે, તે કહે છેઃ

**ततो विशेषं प्रतिपद्य निर्भयस्तेनात्मनापोऽनलमूर्तिरत्वरन् ।**
**ज्योतिर्मयो वायुमुपेत्य काले वाय्वात्मना खं बृहदात्मलिङ्गम् ॥२८॥**

**શબ્દાર્થઃ**—પછી તે સત્યલોકમાંથી ચાલે છે ત્યારે તેમાં ન હતું તે વિશેષ એટલે પ્રથમ આવરણરૂપ પૃથ્વીને મળે છે, તેનાથી નિર્ભય રહીને પૃથ્વીરૂપે પૃથ્વીમાં રહી પોતે જ જલરૂપ થઇ જલમાં જાય છે. ત્યાંથી તે તે ભોગ ભોગવતો જાય છે, ઉતાવળ કરતો નથી. ત્યાંથી જવાનું મન થાય ત્યારે બીજે

જાય છે. તે અગ્નિનું રૂપ લઈ અગ્નિનુ ઉલ્લંઘન કરી, વાયુરૂપ લઈ, વાયુમાંથી બહાર નીકળી, આકાશ જે ભગવાનનું શરીર કહેવાય છે, તે આકાશ સુધીને છોડતાં ભૂતાંશ ગયા, હવે વિષયોને છોડે છે તેમાં પ્રથમ ઇન્દ્રિયોનો ત્યાગ બતાવે છે.

ભાવાર્થ:—અશ્વમેધ યજ્ઞથી ભગવાનને ભજનાર બ્રહ્મલોકમાં જાય છે. તેમાં હિરણ્યગાર્ભોપાસક અને પ્રથમ કહ્યા ક્રમમુક્તિના અધિકારીઓ જાય છે. તેમાં **आब्रह्मभुवनाल्लोकाः** એ ગીતાજીમાં કહ્યા પ્રમાણે કર્મ કરનાર બ્રહ્મલોકથી પુનઃ પૃથ્વીમાં આવે છે. હિરણ્યગર્ભોપાસકની બ્રહ્માની સાથે બ્રહ્માની ગતિ જેવી ગતિ થાય છે, ક્રમમુક્તિવાળો બ્રહ્માણ્ડને ભેદીને બ્રહ્મલોકમાંથી જાય છે. તે સત્યલોકથી ચાલી પ્રથમ પૃથ્વીનું આવરણ આવે છે તે સાધક પણ પૃથ્વી રૂપ થઇ પૃથ્વીનો અતિક્રમ કરે છે, પૃથ્વીનું સાયુજ્ય પામીને તેને છોડે છે; પછી જળરૂપે જળને છોડે છે. એમ આકાશને છોડે ત્યાંસુધી તે રૂપોને પકડે અને છોડે છે. તે પોતાના આત્માથી તે તે રૂપે થાય છે. તે ગંધાદિ વિષયોનો તે તે રૂપમાં ભોગ કરતો રહે છે. ભોગની ઇચ્છા તૃપ્ત થાય ત્યાંસુધી નિરાંતે રહે છે, ઉતાવળ કરતો નથી. આકાશ અનન્ત છે, શબ્દબ્રહ્મરૂપ, નાદરૂપ, ભગવચ્છરીરરૂપ, ભગવાનનું વ્યાપકરૂપ, અંદર બહારનાં વ્યાપકરૂપ, વિભાગના કારણરૂપ, શબ્દ બ્રહ્મના આશ્રયનું બોધક એવું આકાશરૂપ છે; તદ્રૂપે તેને છોડે છે. (૨૮)

**घ्राणेन गन्धं रसनेन वै रसं रूपं च दृष्ट्या श्वसनं त्वचैव ।**
**श्रोत्रेण चोपेत्य नभोगुणत्वं प्राणेन चाकूतिमुपैति योगी ॥ २९ ॥**

શબ્દાર્થ:—તે યોગી પછી નાસિકા ઇન્દ્રિયદ્વારા ગંધ ગુણને પામે છે, રસનાદ્વારા રસરૂપ થાય છે, દૃષ્ટિદ્વારા રૂપને ધારણ કરે છે, ત્વચાથી વાયુરૂપ થાય છે શ્રોત્રદ્વારા આકાશરૂપ થાય છે, અને પછી પ્રાણદ્વારા ક્રિયાવંચકરૂપ બની તે તે રૂપોમાં ભોગ કરી તે બધાંને છોડી દે છે.

ભાવાર્થ:—**प्राणेन** એવો પાઠ હોય તોપણ તે જ અર્થ થાય છે. સર્વત્ર તે તે રૂપે તેનો ભોગ કરી તેને છોડે છે એમ સમજવું. નભ–આકાશનો ગુણ શબ્દ. પ્રાણ વડે એટલે કર્મેન્દ્રિયો અથવા કર્મેન્દ્રિયરૂપ વડે એવો અર્થ છે. પાંચ કર્મેન્દ્રિય તે આકૂતિ કહેવાય છે. તે બધાને છોડે છે. યોગી કહ્યો એટલે ત્યાંસુધી તે પોતાના યોગસામર્થ્યને ભૂલતો નથી. (૨૯)

અહંકારાદિને છોડવાનો પ્રકાર કહે છેઃ

**स भूतसूक्ष्मेन्द्रियसंनिकर्षं मनोमयं देवमयं विकार्यम् ।**
**संप्राप्य गत्या सह तेन याति विज्ञानतत्त्वं गुणसंनिरोधम् ॥३०॥**

**तेनात्मनात्मानमुपैति शान्तमानन्दमानन्दमयोऽवसाने ।**
**एतां गतिं भागवतीं गतो यः स वै पुनर्नेह विषज्जतेऽङ्ग ॥ ३१ ॥**

**શબ્દાર્થ**:—તે યોગી ત્રણ પ્રકારના અહંકારને પામીને, ભૂતસૂક્ષ્મ ઇન્દ્રિયોના દેવો–તે તે રૂપ થઇને તેની સાથે મહત્તત્ત્વને પામે છે, પછી જ્યાં ગુણનો લય છે એવા પ્રધાનને પામે છે, પછી આનંદમય થઇને આનંદરૂપ ભગવાનને પામે છે. એ બે ગતિ જે તમે મને પૂછી હતી તે ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિ મેં તમને કહી. તે રસ્તે જનારો પાછો, હે અંગ, આ લોકમાં આવતો નથી.

**ભાવાર્થ**:—તે યોગી ભૂતોની અને સૂક્ષ્મ ઇન્દ્રિયોની ઉત્પત્તિના સ્થાનરૂપ તામસ રાજસ અહંકાર, મનોમય દેવમય સાત્ત્વિક અહંકાર, વિકાર્ય શબ્દથી મૂળ અહંકાર, તે રૂપે તેની સાથે જાય છે, એટલે તે ક્રિયા અને અહંકાર તેને છોડે છે. વિજ્ઞાનમય એટલે મહત્તત્ત્વ. ગુણસન્નિરોધ એટલે પ્રકૃતિ. તે તે બધા રૂપ થઈ તેમાં લય પામે છે. આગળ પુરુષનું આવરણ આવે છે. ત્યાં આત્મા વડે તે આત્મામાં પહોંચે છે. તે પછી શાન્ત એટલે અક્ષર આવે છે. પછી આનંદ પુરુષોત્તમ છે. તેને સ્વયં આનંદમય થઈને પામે છે. તે છેલ્લું સ્થાન છે; તેની આગળ કાંઈ નથી. मामुपेत्य तु कौन्तेय એ ગીતા–વાક્ય આવા યોગીઓને કહેનાર છે. જે આ ગતિને પામ્યો એટલે બ્રહ્માણ્ડમાં કે હૃદયમાં અથવા બ્રહ્માણ્ડની બહાર જ્યાં આનંદમય થઈને આનંદરૂપ પુરુષોત્તમને પામ્યો તે પાછો સંસારમાં આવતો નથી. (૩૦, ૩૧)

**एते सृती ते नृपदेव गीते त्वयाभिपृष्टे च सनातने च ।**
**ये वै पुरा ब्रह्मण आह पृष्ट आराधितो भगवान् वासुदेवः ॥ ३२ ॥**

**શબ્દાર્થ**:—હે નૃપદેવ, સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ નામના બે માર્ગો જે અનાદિથી ચાલતા આવ્યા છે, જે તમે પૂછ્યા હતા, તે મેં તમને કહ્યા. હું જ કહું છું એમ નથી પણ પ્રથમ બ્રહ્માએ વાસુદેવને પૂછેલ. તેમણે તેની આરાધનથી પ્રસન્ન થઇને બ્રહ્માને કહ્યા હતા તે મેં તમને કહ્યા છે.

**ભાવાર્થ**:—આ બે અધ્યાયમાં જે જે પદાર્થો કહ્યા તે ભગવત્સ્વરૂપાત્મક છે એવું જ્ઞાન થવા માટે જેવો ક્રમ જેવો ઉપયોગ હશે તે પ્રમાણે યુક્તિથી વિચાર કરતાં ત્રીજા વિમર્શ–મનન પ્રકરણમાં તેનું સ્વરૂપ સ્પષ્ટ થશે, અહીં તો ઉદ્દેશ માત્ર કહ્યો છે. વિમર્શ પ્રકરણમાં તેનું સ્પષ્ટ વ્યાખ્યાન કરવામાં આવશે. હે નૃપદેવ, તમે રાજા છો એટલે તમને સુખ થવા માટે મેં કીર્તનરૂપે તે બે માર્ગ કહ્યા જે તમે તમે મને પૂછ્યા હતા. સાધનનો છેડો ફલમાં આવે. સાધન પૂછ્યું તેથી ફલ પણ પૂછ્યું સમજવું. તે બંને માર્ગ અનાદિ છે. આ માર્ગમાં હમણાં જ કોઈ પણ મૂકે છે એમ નથી, પણ તે અનાદિસિદ્ધ છે. અહીં જનાર વિશે આગળ સ્પષ્ટ થશે. અનાદિ છે એમાં પ્રમાણ બતાવે છે કે બ્રહ્માએ પૂછ્યા, તે બ્રહ્માને

વાસુદેવે કહ્યા. તે પૂછયું માટે કહ્યા, તેથી આરાધિત એમ કહ્યું છે, કેમકે વાસુદેવ મોક્ષ આપનાર છે તેથી તેમણે કહ્યા. (૩૨)

એમ ફલ બતાવી આ માર્ગમાં પ્રવેશના કેટલા ઉપાયો છે જેની બ્રહ્મા આરાધના કરી, તે કહે છેઃ

**न ह्यतोऽन्यः शिवः पन्था विशतां संसृताविह ।**

**वासुदेवे भगवति भक्तियोगो यतो भवेत् ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—સંસારમાં પ્રવેશ કરનારને એ મુક્તિમાર્ગ કહ્યા. ઉપર કહ્યા તેના જેવો સુખરૂપ બીજો માર્ગ નથી, જેમાં ચાલતાં વાસુદેવ ભગવાનમાં ભક્તિ થાય છે.

**ભાવાર્થ**:—આ પ્રથમ કહી ગયા તેનાથી બીજો કલ્યાણરૂપ માર્ગ નથી. તે માર્ગ સાધનદશામાં પણ સુખરૂપ છે. પ્રથમ તેમાં પ્રવેશ કરનારને ભ્રમ ન થવા માટે, રાજમાર્ગ છે, આવો બીજો માર્ગ નથી, રાજમાર્ગે હજારો ચાલ્યા જાય, એમ કહ્યું છે. તે બહુની ગતિ કરનાર છે. આને જાણતા નથી તે અજ્ઞાનથી સંસારમાં પહોંચે છે, પણ પહોંચ્યા નથી એવા એક સંસારી સ્વભાવવાળા નથી તેને માટે આ માર્ગ છે, એનું સ્મરણ કરાવે છેઃ ભગવાન્ જીવને મોક્ષનું દાન કરવા પૃથ્વી ઉપર પધારે છે, તે સાક્ષાત્પર-બ્રહ્મ છે. તે સત્ત્વ આકારથી સાત્ત્વિક અંતઃકરણમાં સત્ત્વાસન ઉપર ષડ્ ઐશ્વર્ય સહિત પ્રકટ થાય છે. તેને મળવાનો ઉપાય જેનાથી તેમાં પરમપ્રીતિ થાય તે એક જ છે. તેમાં શ્રવણ કીર્તન સ્મરણથી સ્નેહ થાય છે, પછી મનન અને નિદિધ્યાસનરૂપ ધ્યાનથી સર્વ ભાવાત્મક સ્નેહ થાય છે, પછી સૂક્ષ્મધ્યાન કરતાં હૃદયમાં ભગવાન પધારે; તેમાં જે પરમ સ્નેહ થાય, તે ભગવાનમાં સાક્ષાત્પ્રવેશના કારણરૂપ થાય છે. તે ફલરૂપ, અવાન્તર સાધનરૂપ અને અવા-ન્તર વ્યાપારરૂપ છે. તેના કારણરૂપ આ માર્ગ છે. ઘરથી નીકળીને આપણે જ્યાં પહોંચવાનું હોય ત્યાંસુધી લાંબો રસ્તો એ માર્ગ કહેવાય છે. તે માર્ગમાં પહેલો ભાગ સાધનરૂપ છે. મધ્ય ભાગ અવાન્તર વ્યાપારરૂપ છે, આગળનો ભગવાનના સંબંધવાળો ભાગ ફલરૂપ ગણાય છે. તેમાં શ્રવણાદિ અને સ્થૂલ સૂક્ષ્મ ધ્યાન એ ક્રમ છે. વિસ્તૃત ભૂમિ છે, પ્રીતિ બે ચરણરૂપ છે, તે જો પ્રીતિ તે માર્ગે ત્યાંસુધી ચાલી જાય તો તે ભગવાનને મેળવી દે; બીજો ઉપાય નથી.(૩૩)

ફલ અને સાધનનો નિર્ધાર પ્રથમ થયો છે તે કહે છે.

**भगवान् ब्रह्म कात्स्न्र्येन त्रिरन्वीक्ष्य मनीषया ।**

**तदध्यवस्यत्कूटस्थो रतिरात्मन्यतो भवेत् ॥ ३४ ॥**

**શબ્દાર્થ**:—સમગ્ર વેદને બુદ્ધિપૂર્વક ત્રણવાર વાંચી વિચારીને ભગવાન બ્રહ્માએ એવો નિશ્ચય કર્યો કે ભગવાનમાં પ્રીતિ કરવી એવો વેદનો સાર છે.

**ભાવાર્થ**:—પ્રમેય બળથી શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું પણ પ્રમાણથી

પણ તેને સિદ્ધ કરી આપવું જોઇએ, તેથી પ્રથમ કહેલા અનાદિ વેદસમૂહને બ્રહ્માજીએ ત્રણવાર વિચારક બુદ્ધિથી વિચારીને જોયું તો ફલરૂપ ભગવાન્ છે એમ સિદ્ધ થયું. તે ભગવાનને મળવાના સાધનનો વિચાર વેદમાં તપાસતાં **यमैवेष वृणुते** ઇત્યાદિ વાકયથી પ્રીતિ અવાંતર વ્યાપારરૂપ છે એમ જાણ્યું **भक्त्यैव तुष्टिमभ्येति** ભક્તિથી પ્રસન્ન થાય છે, એ વિચારતાં ભક્તિ મુખ્ય સાધન અને તે ભક્તિને માટે બધાં સાધનો છે એવો નિશ્ચય કર્યો, તે પણ વિચાર કૂટસ્થ-નિશ્ચલરૂપે કર્યો. (૩૪)

એમ પ્રમાણ અને યુક્તિથી ભક્તિમાર્ગને સ્થિર કરીને હવે બીજા માર્ગોનો પરંપરાથી ભક્તિમાં ઉપયોગ છે એ કહે છે:

**भगवान् सर्वभूतेषु लक्षितः स्वात्मना हरिः ।**
**दृश्यैर्बुद्ध्यादिभिर्द्रष्टा लक्षणैरनुमापकैः ॥ ३५ ॥**

**શબ્દાર્થ**:—સર્વભૂતોમાં ભગવાન્ હરિ લક્ષિત થાય છે. દૃશ્ય બુદ્ધ્યાદિથી અને અનુમાપક લક્ષણોથી દ્રષ્ટા જણાય છે.

**ભાવાર્થ**:—પ્રતિ પુરુષ અને પ્રતિ વિષયમાં શાસ્ત્રોની પ્રવૃત્તિ છે, એટલે દરેક પુરુષને જાણવાનાં તેમ જ દરેક વિષયને કહેનારાં શાસ્ત્રો છે તે બધાં નિરર્થક નથી, પરંતુ તેનો ભગવાનમાં પરંપરાથી ઉપયોગ છે. ભગવાન્ તે સર્વ વડે સર્વ પ્રાણિમાત્રમાં લક્ષિત થાય છે. લક્ષણાવૃત્તિથી બધાં શાસ્ત્રો ભગવાનને કહે છે. નૈયાયિકો ભગવાન્‌ને કર્તા કહે છે. મીમાંસકો ભગવાનને ક્રિયારૂપ માને છે. વેદાન્તમાં ભગવાન્ આત્મારૂપે કહેલ છે. સાધ્યાદિ દેવો ભગવાનને અસાધારણ કારણરૂપે કહે છે. બીજાઓ તે તે ભેદથી કોઇ જ્ઞાનરૂપ, તો કોઇ જ્ઞાતૃરૂપે માને છે. બીજાઓ જ્ઞાનના અધિષ્ઠાનરૂપે ભગવાનને કહે છે. બધા ભગવાનને એકદેશથી કહે છે, આંધળો હાથીને જુએ તેવી રીતે. (આંધળા દેખે તો નહિ. તેઓને કોઇએ કહ્યું, તમારે હાથી જોવો હોય તો આ હાથી છે. એમ કહ્યું ત્યારે દરેકે અકેક અવયવ જોયો તેને હાથી માન્યો: કોઇએ પગ જોયો, તેણે સ્તંભ જેવો હાથી માન્યો. કોઇએ પૂછ જોયું, તેણે તેવો માન્યો. કોઇએ પેટ જોયું, તેણે તેવો માન્યો. એ અંધહસ્તિન્યાય કહેવાય.) અને અનુભવ યુક્તિથી આત્માથી અને અનુભવથી દૃશ્ય બુદ્ધયાદિથી દ્રષ્ટા-લક્ષણ અસાધારણ ચિહ્ન તે જીવમાં પ્રવેશ પામતાં નથી. પણ ક્રિયાત્મક છે તે પરોક્ષ જ્ઞાન કરાવનાર છે, અનુમાપક તર્કની સાથે જ્ઞાન કરાવે છે, તેથી લક્ષિત થાય છે. લક્ષણાવૃત્તિથી આવ્યા તે તે બધાં જણાવે છે. (૩૫)

તેથી સર્વ દર્શનો ભગવાનમાં અપ્રયોજક છે, ભગવાનને બતાવી શકતાં નથી, પણ લક્ષણથી અનુમાન બાંધે છે, તેથી પહેલાં કહ્યા પ્રમાણે શ્રવણાદિથી તેનું ભજન કરવું કહે છે અને આ વાતને સમાપ્ત કરે છે:

**तस्मात् सर्वात्मना राजन् हरिः सर्वत्र सर्वदा ।**
**श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यो भगवान्नृणाम् ॥ ३६ ॥**

**શબ્દાર્થ**:—તેથી હે રાજન્, સર્વાત્મા વડે ભગવાન્ સર્વદા સર્વત્ર હોવાથી તેનું શ્રવણ કીર્તન સર્વત્ર કરવું.

**ભાવાર્થ**.—સર્વાત્મના એટલે ઉત્તરાંઙ્ગ સહિત. **राजन्** કહીને ધારણ કરવાનું સામર્થ્ય તમારામાં છે એમ કહ્યું. સાધન કરતાં દુઃખ થાય તેને દૂર કરવા માટે ભગવાનને હરિ કહ્યા છે. સર્વત્ર સર્વદા કહેવાથી ભજવામાં દેશ કાલનો વિચાર કરવાનો નથી. શ્રોતવ્યનું ફલ આપનાર છે એમ બતાવવા ભગવાન્ કહ્યા છે. **नृणाम्** કહેવાથી ભક્તિમાં મનુષ્ય માત્રનો અધિકાર છે, એમ બતાવ્યું છે. અમુક વર્ણ જ કરે, હીન ન કરે, એવું નથી. (૩૬)

એમ માર્ગ અને ખરી વસ્તુ બતાવીને આ પ્રકરણ સમાપ્ત કરતાં સાધારણ શ્રવણ પણ શુદ્ધિ કરનાર હોવાથી ભગવાનને પ્રાપ્ત કરાવનાર છે, તે કહે છે:

**पिबन्ति ये भगवत आत्मनः सतां कथामृतं श्रवणपुटेषु संभृतम् ।**
**पुनन्ति ते विषयविदूषिताशयं व्रजन्ति तच्चरणसरोरुहान्तरम् ॥३७॥**

**શબ્દાર્થ**:—સત્પુરુષના આત્મારૂપ ભગવાનનું કથામૃત શ્રવણરૂપી પડિયામાં ભરેલું જે પાન કરે છે, તે વિષયથી દૂષિત થયેલા અંતઃકરણને પવિત્ર કરી ભગવાનના ચરણકમળની પાસે પહોંચે છે.

**ભાવાર્થ**:—બહાર રહેલને હૃદયમાં લેવું તેનું નામ પાન કહેવાય છે. ભગવાન સર્વને ભગવદ્રૂપે દેખાય છે ત્યારે સત્પુરુષોને તે આત્મારૂપે ભાસે છે. સર્વ સકામ છે જ્યારે સત્પુરુષો પ્રેમાળ છે. કથા જ અમૃત છે. શ્રવણ એટલે કાન ઊંચા કરીને કથા ભરી રાખી છે. તેને સાંભળતાં વિષયવાળું અંતઃકરણ પવિત્ર થાય છે. જેમ અસાધ્ય રોગવાળો રોગી હોય તેને વૈદ્ય અમૃતરસથી સિદ્ધ કરે છે, તેમ અંતઃકરણ પણ વિષયોથી વિશેષ ફલિત હોવાથી સન્માર્ગને લાયક નથી, છતાં કથા તેમાં પ્રવેશે તો તેને પવિત્ર કરે છે. ક્રમથી તે ભગવાનના ચરણકમળની નજીક એટલે વૈકુંઠમાં કે ભગવદ્ભક્તિના સમાગમમાં આવે છે.(૩૭)

ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધમાં શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ
શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં
દ્વિતીય અધ્યાય સંપૂર્ણ થયો.

## અધ્યાય ૩ જો

श्रोतव्यविषयत्वेन तत्त्वमेवं निरूपितम् ।
उद्देशेनास्य निपुणं साधनं विनिरूप्यते ॥ १ ॥
अदृष्टं साधनं वाच्यं दृष्टं चाप्यत्र संमतम् ।
अन्यथा क्रियमाणस्तु विमर्शो व्यर्थतां व्रजेत् ॥ २ ॥
इन्द्रियाणामदुष्टत्वे ह्यनुकूले तथेश्वरे ।
साध्यं संपद्यते पूर्णमतोऽत्र द्वयमीर्यते ॥ ३ ॥
श्रद्धापि तदभिप्रायाच्छ्रोतुर्वक्तुश्च गम्यते ।
तस्मात्साधनसंयुक्तः शृणुयान्नेतरो वृथा ॥ ४ ॥

શ્રવણ કરવાનો વિષય કોણ છે એવો નિર્ણય પૂર્વ અધ્યાયમાં શુકદેવજીએ વસ્તુતત્ત્વ બતાવી ઉદ્દેશથી કર્યો. હવે શ્રવણ વિના સાધનને આ ત્રીજા અધ્યાયમાં કહે છે. (૧) સાધન અદૃષ્ટ અને દૃષ્ટ એવા ભેદથી બે પ્રકારનું હોય છે. જો એમ ન હોય તો જે વિચારનું પ્રકરણ હવે પછી કહેવાનું છે તે વ્યર્થ થાય. (૨) ઇન્દ્રિયો દોષ રહિત હોય અને તેવી રીતે ઇશ્વરની પણ અનુકૂલતા હોય તો આપણે જે સાધવાનું હોય તે પૂર્ણ થાય. તેથી આ પ્રકરણમાં બે ઇન્દ્રિયદોષનો અભાવ અને ભગવાનની કૃપા એ કહેવાય છે. (૩) તેને લીધે શ્રોતા અને વક્તા બન્નેની શ્રદ્ધા પણ કહેવાશે, માટે સાધનવાળો હોય તે ભગવાનનું શ્રવણ કરે. સાધન ન હોય તે ભગવાનનું શ્રવણ કરે તો ફલ ન મળે, માટે તેણે વૃથા શ્રવણ ન કરવું. ભગવાનમાં અનન્ય શ્રદ્ધા શ્રોતા વક્તાને હોવાથી આ શ્રદ્ધા પ્રકરણ કહેવાય તેમાં કાંઈ ખોટું નથી. તેથી શ્રદ્ધા એટલે ભગવાનમાં અનન્યતા, ઇન્દ્રિયોની શુદ્ધિ અને ભગવાનની કૃપા એ ત્રણસાધનવાળાએ શ્રવણ કીર્તન કરવું. (૪)

એમ બે અધ્યાયો કહ્યા તેમાં શ્રવણ અને તેનો વિષય કહ્યો. મહાફલવાળા શ્રવણમાં લોકોની પ્રવૃત્તિ જણાતી નથી તેનું કાંઇક કારણ હોવું જોઇએ જેને લઇને બધા શ્રવણ કરતા નથી. તેમાં વિષય તો ભગવાન્ છે. તે નિર્દોષ પૂર્ણ ગુણ છે, તેથી સાધન ઇન્દ્રિયો અથવા તેના અધિષ્ઠાતા દેવોનો દોષ હોવો જોઇએ, એવો વિચાર કરીને ઇન્દ્રિયો અને તેના દેવોમાં પણ દેવો બળવાન ગણાય તેનો જ દોષ, કેમકે તે પ્રતિબંધ કરે તો ઇન્દ્રિયોથી શ્રવણાદિ ન બને એ વાત નક્કી કરી હવે દેવનો પ્રતિબંધ તો તેનું ભજન કરવાથી દૂર થાય તેથી બીજા દેવનું ભજન સિદ્ધ કરવું જોઇએ, પછી ઇન્દ્રિયોને શુદ્ધ કરવી જોઇએ. બીજા એટલે ભગવાન સિવાયના દેવનું ભજન કરવાથી બહિર્મુખતા

થાય. અથવા તે નક્કી કરેલું ફલ આપી શકે, તેથી પ્રતિબંધ મટાડવા તેનું ભજન કરતાં દોષાન્તર પેદા થાય. તે દેવો નિયત ફલ દેનાર છે તે કહેવું છે, માટે પ્રથમ ચાલતા પ્રસંગનો ઉપસંહાર કરે છે, કેમકે તેનો અહીં સંબંધ નથી:

श्रीशुक उवाच ।

एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान् मम ।
नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ॥ १ ॥

શબ્દાર્થ:—શ્રી શુકદેવજી બોલ્યા: મનુષ્યોમાં જે બુદ્ધિવાળા હોય, મરવાને તૈયાર હોય તેનું કર્તવ્ય તમે મને પૂછ્યું હતું તે મેં ગત બે અધ્યાયથી તમનેઉત્તરરૂપે કહ્યું.

ભાવાર્થ:—મને પૂછ્યું હતું. મનુષ્યની અંદર જે મરવાની તૈયારીવાળો હોય, તે મનુષ્યમાં પણ જે બુદ્ધિવાળા હોય તેને માટે શ્રવણાદિ કરવાનું મેં કહ્યું. (૧)

ब्रह्मवर्चसकामस्तु यजेत ब्रह्मणस्पतिम् ।
इन्द्रमिन्द्रियकामस्तु प्रजाकामः प्रजापतीन् ॥ २ ॥
देवीं मायां तु श्रीकामस्तेजस्कामो विभावसुम् ।
वसुकामो वसून् रुद्रान् वीर्यकामोऽथ वीर्यवान् ॥ ३ ॥
अन्नाद्यकामस्त्वदितिं स्वर्गकामो दितेः सुतान् ।
विश्वान् देवान् राज्यकामः साध्यान् संसाधको विशाम् ॥ ४ ॥
आयुष्कामोऽश्विनौ देवौ पुष्टिकाम इलां यजेत् ।
प्रतिष्ठाकामः पुरुषो रोदसी लोकमातरौ ॥ ५ ॥
रूपाभिकामो गन्धर्वान् स्त्रीकामोऽप्सरउर्वशीम् ।
आधिपत्यकामः सर्वेषां यजेत परमेष्ठिनम् ॥ ६ ॥
यज्ञं यजेद्यशस्कामः कोशकामः प्रचेतसम् ।
विद्याकामस्तु गिरिशं दाम्पत्यार्थमुमां सतीम् ॥ ७ ॥
धर्मार्थमुत्तमश्लोकं तन्तुं तन्वन् पितॄन् यजेत् ।
रक्षाकामः पुण्यजनान् ओजस्कामो मरुद्गणान् ॥ ८ ॥
राज्यकामो मनून् देवान् निर्ऋतिं त्वभिचरन् यजेत् ।
कामकामो यजेत् सोममकामः पुरुषं परम् ॥ ९ ॥

શબ્દાર્થ:—બ્રહ્મતેજની કામનાવાળો બ્રહ્માને પૂજે. ઇન્દ્રિયપાટવની કામનાવાળો ઇન્દ્રને પૂજે. પ્રજાની કામનાવાળો પ્રજાપતિ (મરીચ્યાદિ)ને પૂજે. લક્ષ્મીની કામનાવાળો માયારૂપી દેવીને પૂજે. તેજની કામનાવાળો અગ્નિને પૂજે. દ્રવ્યની

કામનાવાળો વસુ નામના દેવોને પૂજે. વીર્યની કામનાવાળો રુદ્રોને પૂજે તો બળવાળો થાય. અન્ન વધારે ખાવાની ઇચ્છા કરે તે અદિતિને પૂજે. સ્વર્ગની કામનાવાળો દ્વાદશાદિત્યોને પૂજે. રાજ્યની કામનાવાળો વિશ્વેદેવોનું પૂજન કરે દેશની પ્રજા ઉપર પોતાની સત્તા જમાવવા ઇચ્છતો હોય તે સાધ્યાના પુત્રે સાધ્યદેવોનું યજન કરે. લાંબા આયુષને ઇચ્છનાર અશ્વિનીકુમારોનું યજન કરે શરીરની સ્થૂલતાને ઇચ્છનાર પૃથ્વીનું પૂજન કરે. જે પુરુષ એટલે મર્દ હોય તે લોકમાં પ્રતિષ્ઠાની ઇચ્છા કરતો હોય તે પૃથ્વી અને આકાશરૂપ લોકની માતાઓને પૂજે. રૂપની ઇચ્છાવાળો ગંધર્વોને પૂજે. સ્ત્રીની કામનાવાળો ઉર્વશી નામની અપ્સરાનું પૂજન કરે. બધાની ઉપર આધિપત્ય ઇચ્છતો હોય તે બ્રહ્માનું યજન કરે. યશની કામનાવાળો યજ્ઞ કરે. ખજાનાની ઇચ્છા હોય તે વરુણનું આરાધન કરે. વિદ્યાની કામનાવાળો મહાદેવનું યજન કરે. સ્ત્રી પુરુષ વચ્ચે પ્રીતિને ઇચ્છતો સતી ઉમા(પાર્વતી)ની પૂજા કરે. ધર્મને ઇચ્છતો ઉત્તમશ્લોક ભગવાનની આરાધના કરે. વંશ વધારવાને ઇચ્છે તે પિતૃઓને પૂજે. રક્ષણની ઇચ્છાવાળા પુણ્યજન નામના યક્ષોનું યજન કરે. ઇન્દ્રિયો બળવાળી કરવાને ઇચ્છતો ૪૯ મરુદ્ગણ દિતિના પુત્રોને પૂજે. રાજ્યકામના કરતો મનુઓને પૂજે. અભિચાર (શત્રુને મારવાનો પ્રયોગ) કરતો માણસ મૃત્યુદેવને પૂજે. કામની કામના કરતો ચંદ્રનું યજન કરે. નિષ્કામ થવાને ઇચ્છતો માણસ પરમાત્માનું ભજન કરે.

**ભાવાર્થઃ**—પહેલાં કહેલું સમાપ્ત કરીને અન્ય દેવનું ભજન કરવા માટે આ ભાગવત મતમાં ૨૮ દેવો તત્ત્વરૂપ છે. વેદમાં ૩૩ દેવો કહ્યા છે, વસુઓ ૮, રુદ્રો ૧૧, આદિત્યો ૧૨, ઇન્દ્ર ૧, પ્રજાપતિ ૧, તે પણ અહીં તત્ત્વરૂપે કહ્યા છે. વધારે શું કહેવું પણ એ અઠાવીશ તત્ત્વમાં આ વૈદિક ૩૩ દેવોનો અન્તર્ભાવ થાય છે, એટલે તે ૨૮ તત્ત્વો જ દેવો છે. **एते देवाः कला विष्णोः** એ ભગવાનની કળાઓ છે તે અહીં પ્રજાપતિથી લઇને સોમ સુધી ૨૮ કહ્યા છે. તેમાં પ્રથમ રજોગુણના અભિમાની દેવ બ્રહ્મણસ્પતિ વેદાદિના કર્તા અને જગતના નિર્માતા છે. તેના ભજનથી બ્રહ્મતેજ વધે છે. તેથી બ્રહ્મતેજની કામનાવાળો તેને ભજે. ત્યારપછી સત્ત્વાભિમાની દેવતા ઇન્દ્ર છે, તે યજ્ઞાદિરૂપ છે. તેના ભજનથી ઇન્દ્રિયો સિદ્ધ થાય છે. ઇન્દ્રિયને સિદ્ધ કરવા ઇચ્છતો હોય તે તેને ભજે. એમ ઉત્તરોત્તર પ્રજાકામ=પુત્રકામવાળો મરીચ્યાદિ પ્રજાપતિને ભજે. તે તમોધિષ્ઠાત્રી દેવતા છે. દેવી માયા પ્રકૃતિની અધિષ્ઠાત્રી દેવતા છે. શ્રીકામ એટલે સંપત્તિરૂપ ધનની કામનાવાળો તે દેવીને ભજે. પોતાની કાન્તિને કોઈ સહન ન કરી શકે એવું તેજ વધારવા ઇચ્છતો હોય તે અગ્નિને ભજે. કેવલ ધનની કામનાવાળો દ્રોણાદિ વસુઓને ભજે. રુદ્રો વામ ઉગ્ર વૃષાકપિ વગેરે ૧૧ છે. તેને પરાક્રમી થવા ઇચ્છતો હોય તે ભજે તો તે તરત જ વીર્યવાળો થાય છે; તેથી અથ કહ્યો છે. વાણીની

અભિમાનિની દેવતા અગ્નિ છે. ગંધની અભિમાનિની દેવતા વસુઓ છે. રુદ્રો આકાશાભિમાની દેવો છે. અદિતિ ભૂમિની અધિષ્ઠાત્રી છે. અન્ન ખાઇ શકું એવી કામનાવાળો અથવા અન્નસમૃદ્ધિની ઇચ્છાવાળો **अन्नाद्यकामः** શબ્દનો અર્થ સમજવો. સ્વર્ગકામ એટલે સ્વર્ગલોકમાં જવાની ઇચ્છાવાળો અદિતિના પુત્રો ૧૨ આદિત્યોને ભજે. તે તેજોભિમાની દેવતા છે. વિશ્વેદેવ તે **विश्वा** ના પુત્રો છે. રાજ્યકામ એટલે રાજત્વની કામનાવાળો. સાધ્યો એ **साध्या** ના પુત્રો છે. દેશમાં રહેતી પ્રજાને સ્વાધીન કરવા ઇચ્છતો માણસ **विशाम्** પદથી લેવાનો છે. વિશ્વેદેવો જળના અધિષ્ઠાતા છે. સાધ્યો વાયુની અધિષ્ઠાત્રી દેવતા સમજવી. આયુષ વધવાની ઇચ્છાવાળો અશ્વિનીકુમારોનું ભજન કરે. અશ્વિનીકુમારો ઘ્રાણાધિષ્ઠાત્રી દેવતા છે. સ્થૂળ થાઉં એમ ઇચ્છતો અથવા બધું સ્થૂલ થાય એમ ઇચ્છતો ભૂમિને ભજે. તે શબ્દની અધિષ્ઠાત્રી છે. લોકમાં સન્માન મળે એમ ઇચ્છતો પુરુષને ભજે છે. 'પુરુષ' શબ્દ કહેવાનું કારણ તો એટલું જ કે આવી કલ્પના કરનારા બહુ થોડા હોય છે. એમ બીજે ઠેકાણે પણ જાણવું. **रोदसी** દ્યાવાપૃથિવ્યો લોકમાતા લોકમાં માતા કહેવાય છે. લોકમાતૃત્વ તેનો ગુણ છે. માતૃકાપૂજનમાં તેનું પૂજન થાય છે. તેને પૂજે તો પ્રતિષ્ઠા થાય. તેને હસ્તની અભિમાનિની દેવતા સમજવી. રૂપ એટલે શરીરની સુંદરતા; તેને ઇચ્છતો હોય તેણે ગંધર્વોને પૂજવા. વિશ્વાવસુ આદિ દેવો રાષ્ટ્રભૃત્ કહેવાય છે. **एते वै गन्धर्वाप्सरसो यद्राष्ट्रभृतः** એમ શ્રુતિ કહે છે. સુંદર સ્ત્રી મળે એમ ઇચ્છતો હોય તે અપ્સરારૂપ ઉર્વશીનું ભજન કરે. તે નીચેની અરણીની દેવતા છે. અથવા તેને દેવની પત્નીમાં ગણેલી છે. ગંધર્વો રૂપાધિષ્ઠાત્રી દેવતા, અપ્સરાઓ રસની અધિષ્ઠાત્રી દેવતા છે. સર્વની ઉપર મારો અધિકાર થાય એમ ઇચ્છતો હોય તે ગુહ્ય ઇન્દ્રિયના અધિષ્ઠાતા બ્રહ્માને ભજે. યજ્ઞને ભજવાનું કહ્યું તે યજ્ઞપુરુષ સમજવા. તે ચરણાધિષ્ઠાત્રી દેવતા છે. કીર્તિકામ યજ્ઞને ભજે. કોશકામ–ખજાનો મારે થાય એમ ઇચ્છતો વરુણને ભજે. રસના ઇન્દ્રિયની અધિષ્ઠાત્રી દેવતા વરુણ છે. બ્રહ્મવિદ્યાદિ વિદ્યાની કામનાવાળો મહાદેવને ભજે; તે અહંકારની દેવતા છે. દંપતીમાં પ્રીતિને ઇચ્છતો સતી ઉમા એટલે પ્રથમ જન્મે સતી અને બીજે જન્મે મહાદેવને મળ્યાં ત્યારે ઉમા થયાં તે મહાદેવની સ્ત્રીને ભજે. ધર્મસિદ્ધિને માટે ઉત્તમશ્લોક એટલે વેદવેદ્ય ભગવાનને ભજે. સંતતિ વધવાની કામનાવાળો પિતૃ અગ્નિષ્વાત્તાદિને ભજે. ભૂતાદિથી અથવા શત્રુથી રક્ષણ ઇચ્છતો યક્ષો–પુણ્યજનોને ભજે. ઇન્દ્રિયબળની કામનાવાળો દિતિના પુત્રો મરુદ્ગુણને ભજે. રાજ્યકામ-રાજ્યનો રાજા થવા ઇચ્છતો સ્વાયંભુવાદિ મનુઓ દેવો છે તેને ભજે. તે મન્વન્તર દેવોને ભજે. નિર્ઋતિ–મૃત્યુદેવ. શત્રુ મારવાને

ઇચ્છે તે મૃત્યુને ભજે. કામની વૃદ્ધિ ઇચ્છતો સોમને ભજે. અકામ હોય એટલે જેને કોઇ પણ કામના ન હોય તે પુરુષોત્તમને ભજે. આ ૨૯મા સર્વ તત્ત્વના પતિ છે. સોમ મનના દેવ, નિર્ઋતિ ગુદાના દેવ, મનુ અને દેવો નેત્રના દેવ અને મરુદ્‌ગણ ત્વચાના દેવ છે. પુણ્યજન જળના દેવ, પિતૃઓ મહત્તત્ત્વના દેવ; ઉત્તમશ્લોક પુરુષના વ અને ઉમા શ્રોત્રાધિષ્ઠાત્રી સમજવી.

એમ કામના ભેદથી પ્રકૃતમાં (ભગવાનના ભજનમાં) ઉપયોગી બળ સિદ્ધ થવા માટે તેતે દેવતાનું ભજન કરવાનું કહ્યું. વૈરાગ્યને માટે ભગવાનને ભજવા. તેમાં કામનાવિષયો બ્રહ્મતેજ વગેરે કહ્યા. આ કામનાના ભેદથી ભક્તિ સાક્ષાત્પરબ્રહ્મ વાસુદેવનો અસાધારણ ધર્મ છે તે ત્યારે જ પ્રકાશે કે જ્યારે તેમાં ભગવાન ભક્તિપ્રકાશક તેજ મૂકે. વેદ તો બ્રહ્મનો પ્રકાશ કરે પણ બ્રહ્મના ધર્મનો તે સાક્ષાત્ પ્રકાશ ન કરે, તેમ પ્રત્યક્ષ પણ તે ધર્મને વેદ ન બતાવી શકે; પ્રત્યક્ષના તે સમવેતા છે. પરંતુ તેના અભિવ્યંજક વિના તે પ્રકાશ ન પામે, તેથી બ્રહ્મનું તે તેજ આપણામાં આવે તો હાથમાં દીવાવાળો બધું જોઈ શકે તેમ આ ભક્ત પણ બધું જોઈ શકે. તેથી પહેલાં બ્રહ્મવર્ચસ કામના કરવી. અથવા વેદમાં રહેલું પ્રકાશન સામર્થ્ય,-આંખ વગર પ્રકાશમાં પડેલો ઘડો જોઈ ન શકાય તેમ આ બ્રહ્મધર્મ અથવા વેદનો પ્રકાશક ધર્મ કોણ આપી શકે એ વિચાર કરતાં જે વેદનો અને તેના અર્થનો નિયામક બ્રહ્મણસ્પતિ છે, જેણે તે સામર્થ્ય તેમાં મૂકયું છે,-તે જ આપી શકે; તેથી બ્રહ્મના ધર્મો જગતમાં પ્રકટ કરવા માટે રજોગુણની જે દેવતા તેની ઉપાસના કરવી. તે બ્રહ્મતેજ પ્રકટ કરવા માટે જ પ્રકટેલા છે. કૂટસ્થ પણ તેને માટે પ્રકટ થયા નથી, તેથી તેને આપી ન શકે. એમ આગળ ઉપર સર્વત્ર આ રીતિ સમજવી. જીવાત્મામાં તે સામર્થ્ય આવ્યું તોપણ તેને ઇંદ્રિયો ન હોય તો તે પણ તે પ્રકાશને બહાર પાડી ન શકે; માટે ઇન્દ્રિયો અપેક્ષિત છે. ઇન્દ્રિયવાળાને ભગવચ્છાસ્ત્રમાં અધિકારી કહ્યો છે. **को नु राजन् इन्द्रियवान्** ત્યાં તે જ વાત કહી છે. તે ઇન્દ્રિય શરીર મળે ત્યારે મળે છે. તે જ્ઞાનક્રિયાનું કામ પણ કરે છે તોપણ તે પરમાર્થબોધક સ્વરૂપત્વ તેમાં ન હોવાથી ભક્તિમાં જે ઇન્દ્રિયોની જરૂર છે તે કામ તેનાથી થતું નથી. **इन्द्रस्य वृत्रंजघ्नुषः इन्द्रियं वीर्यम्** ઇત્યાદિ શ્રુતિમાં તે ઇન્દ્રિય કહ્યું છે. એવું ઇન્દ્રિય ઇન્દ્રનું અલૌકિક ન હોય તો વૃત્રને મારવાનું અને પ્રજાપતિની સ્તુતિ કરવાનું કાર્ય બને નહિ; માટે અલૌકિક જ્ઞાન કરાવે એવા ઇન્દ્રિયની પ્રાપ્તિને માટે ઇન્દ્રની ઉપાસના કર્તવ્ય છે. ઇન્દ્રે પણ અલૌકિક ઇન્દ્રિયને માટે ઉપાસના કરી ત્યારે તેને તે મળેલ છે. જો કે પ્રજાપતિ તેમાં પ્રયોજક હતા-(પ્રેરક હતા) તોપણ તે પદાર્થરસના અનભિજ્ઞ છે. ગાયો પણ તેવી છે; તેથી ઇન્દ્ર જ સેવ્ય

છે. જો એમ ન હોય તો ઈન્દ્રે વારંવાર પ્રાર્થના કરી તે બને નહિ. धिनोति સુધીનો રસ તો ઇન્દ્ર જ[1] જાણે છે, તેથી તેને ભજવા. ઇન્દ્રિયકામની વાત પૂરી થઈ છે. ત્રણ ઋણ દૂર કરવા માટે પ્રજાની અપેક્ષા છે. વૃદ્ધાવસ્થામાં સહાયતા માટે પણ પ્રજા અપેક્ષિત છે. એમ જેને પ્રજા ન હોય તેને ભગવાન ભજવામાં નિશ્ચિંતતા થતી નથી. તે જો પોતાની મેળે પ્રજા થાય તે આપણી અપેક્ષા હોય તેમ ન કરે. આપણે ઇચ્છીએ તેમ કરે એવી પ્રજાને માટે મરીચ્યાદિને ભજવા જોઈએ, કેમકે મરીચ્યાદિએ તેના બાપની ઇચ્છા હતી તેમ કર્યું હતું. તે બાપની ઇચ્છાને પૂર્ણ કરનાર હોવાથી તેનું ભજન કરે તો બાપની ઈચ્છા પૂર્ણ કરનાર પુત્ર થાય; તેથી તેને ભજવાનું કહ્યું છે. ભગવત્સેવામાં લક્ષ્મીરૂપ સંપત્તિની જરૂર છે. તે લક્ષ્મી ભગવાનમાં નિષ્ઠાવાળી છે. તેનો ભગવાનમાં વિનિયોગ થવો જોઇએ. બીજી સંપત્તિનો ભગવાન અંગીકાર ન કરે, માટે ભજનોપયોગી સંપત્તિની ઈચ્છાવાળો માયાને ભજે, તેમાં એક માયા મોહ કરનારી છે, બીજી જગત કરનારી છે, તે બન્ને સેવવા યોગ્ય નથી, કેમકે તેનો અધિકાર ભગવત્સેવામાં નથી, પણ ભગવદ્વિમુખ કરવામાં તથા જગત્સર્જનમાં છે. આ માયા તો દેવતારૂપી સાત્ત્વિકી મોક્ષ આપનાર વાસુદેવની માયા. મોક્ષ આપવા માટે ભગવાન વાસુદેવરૂપ ધરે છે; તેનાં ઉપયોગી સાધન સંપાદન કરવા માટે લક્ષ્મી આવે છે. તે જ કહ્યું છે કે

इत्थं विचिन्त्य परमः स तु वासुदेवनामा बभूव निजकारणमुक्तिदाता।
तस्याज्ञयैव नियताथ रमापि रूपं वव्रे द्वितीयमिव यत्प्रवदन्ति मायाम् ॥

(એમ વિચારીને પરમેશ્વર ભગવાન્ વાસુદેવ નામ ધારણ કરીને નિજ જનને મુક્તિનું દાન કરવા પ્રકટ થયા. તેની આજ્ઞાથી લક્ષ્મી પણ તેને વર્યાં છે તે બીજારૂપ સ્રીરૂપે પ્રકટયાં જેને લોકો માયા કહે છે). એવું વાકય છે, તેથી એ માયાને ભજવી; ઉપર કહેલી બે માયાને તજવી. બીજી વાત કહે છે કે ઇન્દ્રિયો સંપત્તિઓ સહાયતા અને પ્રકાશ એ બધા ભગવદ્ધર્મો પોતાનામાં ધારણ કરવા માટે પોતાનામાં તેજ હોવું જોઈએ. તે તેજ સર્વને હરાવે, સર્વ રૂપોને પોતાના જેવું કરી દે એવું જોઈએ. તે ભગવાનમાં રહેલા અગ્નિથી

---

૧. इन्द्रस्य वृत्रं जघ्नुषः इन्द्रियं वीर्यं पृथिवी मनुष्याच्छंत् तदोषधयो वीरुधोऽभवन् इति स प्रजापतिं पशूनब्रवीदेतस्मै सन्नयतेति तेध्यात्मन् समनयत् तत्प्रत्यदुहात् ઈત્યાદિ કહીને પછી इन्द्रे न तु मयि श्रयते એમ કહ્યું एतदस्मै श्रितं कुरुत એ આજ્ઞા કરી ત્યારે તેનો આશ્રય કર્યા પછી ઈન્દ્રે न तु मा धिनोति એમ કહ્યું ત્યારે एतदस्मै दधि कुरुतेति એ મંત્રથી ઈન્દ્રનું એ સામર્થ્ય બતાવ્યું છે. તેથી તે ઈન્દ્રનું ભજન કરવું યોગ્ય છે. ઇન્દ્રે આ મંત્રમાં વારંવાર પ્રજાપતિની પ્રાર્થના કરી છે; તેમાં પ્રજાપતિ પ્રેરક છે છતાં તેના ભજનથી તે રસ ન મળે પણ જેણે તેનો અનુભવ કર્યો હોય તેનાથી મળે એમ ઉપર કહ્યું, તે બધું આ મંત્રના ભાષ્ય સાથે મનન કરતાં સ્પષ્ટ થાય છે.

વ્યાપ્ત છે. વિશેષ પ્રકાશરૂપ ધન છે જેને તે વિભાવસુ કહેવાય. એથી તેજની ઇચ્છાવાળો વિભાવસુને સેવે. તેમ જ ભગવદ્ભક્તને બોલાવવા માટે, શ્રવણ સિદ્ધ થવા માટે, ઉપદેશ કરવા માટે ધન જોઇએ. સાધનરૂપ શ્રવણાદિ દ્રવ્યસાધ્ય છે. શુકદેવજી સંભળાવે છે તે નિરપેક્ષ હોવાથી તેની પાસેથી શ્રવણ ફલરૂપ થાય છે. તે ફલ દૃષ્ટ છે, માટે દ્રવ્યની અપેક્ષા છે, તે તેતે નામના વસુ પાસે રહ્યું છે. **इमं लोकमयजन्** એમ શ્રુતિ કહે છે. તેવી જ રીતે વીર્યનું; એટલે બળ પણ સેવામાં અપેક્ષિત હોવાથી બલના આધારરૂપ, વાયુના સ્થાનરૂપ અન્તરિક્ષના દેવો રુદ્ર છે, દેવતા પણ રુદ્રને અધીન હોવાથી વીર્યકામ રુદ્રનું યજન કરે. **ते अन्तरिक्षमयजन्** એમ શ્રુતિ કહે છે. એવું અન્નાદિનું અથવા અન્ન ખાવાનું પણ સમજવું. **यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः** એ ન્યાયથી અન્નાદિ પણ ભગવાનને અર્પણાર્થ કામ્ય છે. તેમાં અદિતિ ભૂમિની અધિષ્ઠાત્રી દેવતા. **सा अदितिरब्रवीद्वरं वृणा इति अथ मया अभिगृह्णीध्वम्** એ ઉપાખ્યાન વેદમાં છે તેમાં તે અદિતિમાં તેનું સામર્થ્ય કહ્યું છે. ભૂમિમાં ભગવદ્ભજન કરીને સ્વર્ગના દિવ્ય પદાર્થો લોકમાં ન મળે તેને માટે સ્વર્ગમાં જવાની ઇચ્છા થાય. તે સ્વર્ગના પ્રભુ આદિત્યો છે. **तेऽमुं लोकमयजन्** એમ શ્રુતિ કહે છે. વિશ્વેદેવોનો રાજ્ય ઉપર અધિકાર છે. સર્વ દેવના અધિષ્ઠાતા તે છે. રાજા સર્વ દેવતામય છે. તેથી અહીં સર્વ સંપત્તિથી ભજન સિદ્ધ થવા માટે રાજાપણું જોઈએ. ભક્તિમાર્ગ તો અલૌકિક છે. અસાધ્યસાધક પદાર્થ સિદ્ધ થવા માટે સાધ્ય દેવોનું યજન કરે. સર્વ પ્રજા જો સ્વાધીન થાય તો સર્વત્ર ભક્તિનો પ્રચાર થાય, તેથી ભક્તિનો ફેલાવો કરવા માટે તે રાજ્યસિદ્ધિ કરવી જોઇએ. આયુષનો ઉપયોગ ભક્તના અંગાદિમાં સ્પષ્ટ છે. તે આયુષના પ્રભુ અશ્વિનીકુમારો છે, તેથી તેને રાજી કરવા. તેમ પુષ્ટિ પણ લોકાતીત છે, ભગવાનનું કાર્ય સિદ્ધ કરાવનારી છે, તેને માટે સર્વનું પોષણ કરનારી ભૂમિનું ભજન કરવું, કેમકે પૃથ્વીમાં બીજ પડયું તો તેમાંથી અંકુરપત્રાદિ થાય છે. એમ પ્રતિષ્ઠા પણ. તેનું લોક અનુકરણ કરે, તેથી પ્રતિષ્ઠા જોઇએ. પ્રતિષ્ઠા તો માહાત્મ્ય વડે અથવા તો વિચિત્રતા વડે થાય. તે દ્યાવાભૂમિમાં બન્ને પ્રસિદ્ધ છે. ભગવાનના અધિષ્ઠાનમાં રૂપ પ્રકટ કરવાના સામર્થ્ય માટે, **रूपमिति गन्धर्वाः** એમ શ્રુતિ કહે છે, તેથી ગંધર્વોનું સેવન કરવું જોઇએ. નૃત્યાદિ કરી ભગવાનને પ્રસન્ન કરવા માટે, એવી નાચનારી સ્ત્રીની કામના થાય તેને માટે અનેક રૂપ કરવામાં સમર્થ એવી ઉર્વશીનું ભજન કરવું, કેમકે તે નારાયણથી ઉત્પન્ન થઇ છે. વસિષ્ઠ અગસ્ત્ય વગેરે ઋષિની તે માતા છે; વૈરાગ્યનો ઉપદેશ કરી મુક્તિ આપનારી છે. પૂર્વચિત્તિ વગેરે તેવા ગુણવાળાં નથી, તેથી ઉર્વશીના નામનો નિર્દેશ કર્યો છે. હુકમ કરવાનું સામર્થ્ય સિદ્ધ થવા માટે બ્રહ્માનું પૂજન કરવું

જોઇએ. તે સર્વને હુકમ કરે છે. આજ્ઞાપન એ ભક્તિમાં કરણરૂપ છે. તેવી રીતે યશનું પણ સમજવું, કેમકે કીર્તિથી બધું પ્રાપ્ત થાય અથવા બધા પાસે આવે અને પછી તેનું અનુકરણ કરે. યજ્ઞ ભગવાને યશ પ્રાપ્ત કર્યું. **देवा वै सत्रमासतर्द्धिपरिमितं यशस्कामा प्रचेताः** ત્યાં યજ્ઞથી યશ પ્રાપ્ત થયાનું કહ્યું છે, તેથી યજ્ઞ ભગવાનની તેને માટે સેવા કરવી. પ્રચેતા નિધિપતિ છે, તે અલૌકિક અર્થનું દાન કરે તો ભગવદુત્સવ થાય. વિદ્યાનો તો સાક્ષાત્ ઉપયોગ છે. **ईश्वराज्ज्ञानमन्विच्छेत्** એવું વાક્ય છે, તેથી તે ભજવા યોગ્ય છે. તેમ જ કહ્યું છે કે **प्रतिकूले गृहं त्यजेत्** ભક્તિમાં સ્ત્રી અનુકૂલ ન હોય તો તેને છોડી દેવી. તેથી દાંપત્ય ભગવત્સેવા માટે જરૂરનું છે. તેમાં ઉમા (પાર્વતી) શિવની પરમભક્તા છે. તે શિવમાં એકનિષ્ઠાવાળાં છે. બહુ જન્મ લઈને તે શિવમાં સિદ્ધ થયાં છે. તેમનું સ્ત્રીપુરુષમાં પ્રીતિની કામનાવાળાએ ભજન કરવું. ધર્મથી ભક્તિ થાય છે એમ પ્રથમ કહી ગયા. ઉત્તમો તો લોકવેદમાં ધર્મને કહેનારને સેવે છે. ભક્તિમાર્ગની પરંપરા સિદ્ધ કરવા માટે પ્રજાની જરૂર છે. તે માટે પિતૃઓ તે આપનાર હોવાથી તેનું ભજન કરવું. રક્ષા તો ક્રૂરથી થાય, માટે રક્ષાને માટે યક્ષો ક્રૂર હોવાથી તેનું ભજન કહ્યું છે. **ओजस्** ઇન્દ્રિયોમાં નેત્ર અને કાન પોતાના વિષયો–જોવું સાંભળવું તેમાં કુશળ હોવા જોઈએ, તેને માટે મરુદ્ગણને ભજવા, કેમકે તેને ઇન્દ્રિયપાટવ ઉત્તમ છે. તેના ઇન્દ્રે બહુ કકડા કર્યા તોપણ તે મર્યો નહિ, મહાપુરુષની પૂજા દિતિએ કહી તેથી તે સિદ્ધ બનેલા છે. તેણે દોષો બધા છોડી દીધા છે, તેથી તેની સેવા ઇન્દ્રિયપાટવતા માટે કરવી. અધિકારીને સર્વ વિનિયોગમાં સામર્થ્ય હોય, તેને માટે મન્વન્તરના અધિપતિઓનું ભજન અપેક્ષિત છે. પ્રતિબંધકનિવૃત્તિ થવી જોઈએ. તેને માટે નિર્ઋતિનું યજન કરવું. સર્વ વસ્તુ તેની કામના હોય તો થાય, તેથી ભગવાનની કામના થવા માટે રાસપ્રકરણમાં કહેલા સોમ(ચંદ્ર)નું ભજન કરવું. તેણે ભગવાનના કામને પણ પૂર્ણ કર્યો. તે તેવા કામનો પિતામહ છે. (૨–૯)

એમ ભગવાનના અંશો ભક્તની કામનાને પૂર્ણ કરે છે એ કહીને સસાધન ભક્તિ સિદ્ધ થવા માટે પણ ભગવાનને સેવવા, તે કહે છેઃ

**अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः ।**
**तीव्रेण भक्तियोगेन भजेत पुरुषं परम् ॥ १० ॥**

**શબ્દાર્થ**:—અકામ હોય કે સર્વકામ હોય કે મોક્ષની કામનાવાળો હોય તે ઉદારબુદ્ધિવાળો તીવ્ર ભક્તિયોગ વડે પરમ પુરુષને ભજે.

**ભાવાર્થ**:—વૈરાગ્ય કામનાવાળો, પૂર્વાધ્યાયમાં કહેલો સ્વતંત્ર રીતે

નિષ્કામ, અથવા આ અધ્યાયમાં કહેલો કામનાવાળો સર્વ કામનાવાળો અથવા મોક્ષની કામનાવાળો અથવા ઉદાર બુદ્ધિવાળો સ્વતંત્ર, તે બધા તીવ્ર ભક્તિયોગ વડે-એ ભગવાન પાસે લઈ જાય એવા ભક્તિયોગ વડે-પહેલા કહ્યા તે પરપુરુષને ભજે. ભગવાનથી જ સસાધન સાધ્ય સિદ્ધ થશે. (૧૦)

કામના જ ન થાય તો ભજન કયાંથી સિદ્ધ થાય, તેથી આ તમારો પ્રયાસ બગલાને બાંધવા જેવો વ્યર્થ છે, એમ શંકા કરીને કામના વડે તેની સાધના કરવામાં પણ જે અન્તરંગ સાધનને સિદ્ધ કરનાર હોય તેને સેવવા, એ અભિપ્રાયથી આગળ કહે છે:

**एतावानेव यजतामिह निःश्रेयसोदयः ।**
**भगवत्यचलो भावो यद्भागवतसंगमः ॥ ११ ॥**

**શબ્દાર્થ:**—અહીં યજન કરવાનું કહ્યું તે બધામાં મોક્ષ આપતાર સાધન તો એટલું જ કે ભગવાનમાં ન ફરે એવો અચળ ભાવ અને ભગવદ્ભક્તનો સમાગમ એ બન્ને નિષ્પન્ન થાય છે.

**ભાવાર્થ:**—સર્વ સાધનો ભગવદ્ભજનમાં કહ્યાં તે બે સાધનમાં અન્તર્ગત થાય છે. તે ભક્તનો સંગ સિદ્ધ કરાવે, ભગવાનમાં પ્રીતિ કરાવે, એ બે સાધન જો સિદ્ધ થયાં તો બીજાં સાધનોની કામના ન કરવી. તેથી જેનાથી યજન કરનારમાં આ ભક્તિમાર્ગમાં નિઃશ્રેયસનો પરમ ઉદય આટલો છે તે બે કહ્યા.(૧૧)

તેમાંનું પણ એક સાધન છે જેનાથી ઉપર કહ્યાં બંને ફળ થાય છે, તે કહે છે:

**ज्ञानं यदा प्रतिनिवृत्तगुणोर्मिचक्र-**
**मात्मप्रसाद उभयत्र गुणेष्वसङ्गः ।**
**कैवल्यसंमतपथस्त्वथ भक्तियोगः**
**को निर्वृतो हरिकथासु रतिं न कुर्यात् ॥ १२ ॥**

**શબ્દાર્થ:**—જેનાથી ગુણની ઊર્મિઓનું ચક્ર શાંત થાય છે, આત્મા અંતઃકરણ પ્રસન્ન થાય છે, આ લોક-પરલોકના ગુણોમાં વૈરાગ્ય થાય છે, કેવલ ભગવત્પ્રાપ્તિમાં સંમત એવો ભક્તિમાર્ગ છે તો સુખી માણસ કોણ એવો નીકળે કે જે તેમાં પ્રીતિ ન કરે?

**ભાવાર્થ:**—ભગવત્કથામાં પ્રીતિ એ પૂર્વોક્ત બન્ને ( ભક્તસંગ તથા ભગવાનમાં પ્રેમ ) સાધનોને સિદ્ધ કરનારી છે. કથાપ્રીતિમાં આસક્ત હોય તેને કહેનાર મળી રહે છે. પ્રેમ પણ તેને થાય છે. આનુષંગિક ઘણું કથારતિથી સિદ્ધ થાય છે. જે કથારતિથી ઉત્પત્તિ વગેરે ગુણોમાં રાગાદિ નિવૃત્ત થાય છે. સર્વ અવિદ્યાને દૂર કરનાર જ્ઞાન થાય છે. તેને સિદ્ધ કરનાર અંતઃકરણ

પ્રસન્ન રહે છે. તેનું સાધન આ લોક પરલોકના ફળમાં વૈરાગ્ય તે પણ થાય છે. એમ સાધન સહિત જ્ઞાન કહ્યું. આ જ્ઞાન ફલમાં સાપાય એટલે ફલ ન પણ અપાવે. મોક્ષમાં અનુકૂળ તો ભક્તિમાર્ગ છે, તેથી અહીં **અથ** શબ્દ લખ્યો છે. જ્યાં જુદાઇ કહેવી હોય ત્યાં **અથ** શબ્દનો પ્રયોગ થાય છે; એથી ભક્તિમાર્ગ જ્ઞાનનું સાધન નથી પણ સ્વતંત્ર છે, જ્ઞાનનો સહાયક પણ નથી. પરંતુ અધ્યાયના આરંભમાં જે કામનાઓ કહી છે તેનાથી સિદ્ધ સાધન કરીને મેળવેલો ભક્તિમાર્ગ છે, જેનાં જ્ઞાન અને ભક્તિ અવાંતર ફલ છે; એટલે ભક્તિ કરતાં તે બન્ને તો વગર કર્યે થઇ જાય તે **आनुषङ्गिक** કહેવાય. ભગવાનમાં પ્રેમ અને ભક્તનો સંગ એ બે પ્રધાનફલ છે. એવી કથા છે તો તે કથામાં, સન્માર્ગમાં રહેતો કયો પુરુષ રતિ ન કરે ? તેમાં પણ પ્રવૃત્તિમાર્ગને છોડીને નિવૃત્તિમાં ચાલનાર તો કથાનું જ શ્રવણ કરે, જેનાથી ભગવાનમાં પ્રીતિ થાય અને ભગવદ્ભક્તનો સત્સંગ સહજમાં થાય. (૧૨)

એમ ભક્તિમાર્ગ સાધન સાથે કહ્યો. શુકદેવજી એટલું બોલ્યા પછી હવે રાજા પ્રશ્ન કરે તો કહેવું એમ નક્કી કરી બોલતા બંધ થયા. સૂતજી શૌનકને એટલું કહીને તેના મનમાં શું છે તે જાણવા માટે બોલતા બંધ થયા. આ વાત ગુપ્ત રીતે કહી છે તે શૌનકાદિના હૃદયમાં આવી કે નહિ એ સંદેહથી બોલતા જ્યારે બંધ થયા ત્યારે શૌનકાદિ પણ પોતાનો મત આપવા માટે જે ગુપ્ત વાત કહી તે પ્રકટ કરવા બોલ્યા. તે આ અધ્યાય સમાપ્ત થતાં સુધી તે જ બોલશે, તે આમાં એટલું સમજ્યા કે ભગવાનની ભક્તિ સિવાયનાં જે સાધનો જગતમાં વિદ્યમાન છે તે ખોટાં છે ( ફલ આપનાર નથી, ) એટલે તેનાથી વૈરાગ્ય રાખવું, ત્યારે ભક્તિનાં સાધનોમાં પ્રવૃત્તિ થાય છે. જેને સાધનો ફળ્યાં છે તેને તો ભગવાનનો સંગ હોય, કથામાં રતિ હોય તોપણ સ્નેહને માટે યત્ન બાકી છે, એથી આપણા કરતાં પરીક્ષિત મોટા છે તેથી તેણે પૂછ્યું હોય તેના જેવું જ આપણે ભક્તિના ઉપાયમાં જાણવાનું છે, એ વિચારથી પ્રશ્ન કરે છે. ચાર શ્લોક શૌનક બોલે છે:

**शौनक उवाच ।**

**इत्यभिव्याहृतं राजा निशम्य भरतर्षभः ।**
**किमन्यत्पृष्टवान् भूयो वैयासकिमृषिं कविम् ॥ १३ ॥**

**શબ્દાર્થ:**—શૌનક બોલ્યા: શુકદેવજીનું કથન સાંભળીને ભરતવંશશ્રેષ્ઠ પરીક્ષિત રાજાએ બીજું ફરીને શું પૂછ્યું ? કેમકે શુકદેવજી વ્યાસના પુત્ર છે, મંત્રના દ્રષ્ટા છે અને પરમ વિદ્વાન્ છે. તેણે કાંઈ સારું કહ્યું હોય તે કહો.

**ભાવાર્થ:**—**अभि** એટલે ચારે તરફથી કહ્યું એટલે પરીક્ષિતને ઉપદેશ કર્યો. તે શુકનો અભિપ્રાય જાણીને તે ભરતર્ષભ હોવાથી મોહમાં ન પડ્યા.

તેથી પહેલાં કહેલ ન પૂછ્યું હોય પણ બીજું જ પૂછ્યું હશે. જો કે કહેવાનું તો બધું કહી દીધું તોપણ તેને દૃઢ કરવા માટે બીજું પૂછ્યું હશે. શુકદેવ વધારે વખત કયાંય રહેતા નથી તેથી ખોટી કરે એવો પ્રશ્ન નહિ કર્યો હોય એમ કહે, તેના ઉત્તરમાં કહે છે કે શુકદેવજીના પિતાનું નામ વ્યાસજી છે. વ્યાસ એટલે વિસ્તાર કરનાર. તેના પુત્ર પણ ઉત્તરમાં વિસ્તાર કરે, ટૂંકામાં પતાવે તેવા નથી. તેમાં ભાગવતરૂપ મંત્રના અધિષ્ઠાતા ભગવાનના અભિપ્રાયને જાણનાર હોવાથી તે ઋષિ કહેવાય છે, તેથી તે કીર્તિરૂપ કહેવાય છે. તેથી તે કીર્તિરૂપ હોવાથી સર્વ કહેશે એ અભિપ્રાય બતાવવા પણ **ऋषि** પદ કહ્યું છે. તેમાં વિશેષરૂપથી કહેવાનું સામર્થ્ય પણ છે એ બતાવનાર **कवि** પદ કહ્યું છે. (૧૩)

તે પરીક્ષિતે પૂછ્યું હોય તે જાણી તમારે શું કરવું છે ? તેનો ઉત્તર આપે છે:

**एतच्छुश्रूषतां विद्वन् सूत नोऽर्हसि भाषितुम् ।**
**कथा हरिकथोदर्काः सतां स्युः सदसि ध्रुवम् ॥ १४ ॥**

**શબ્દાર્થ:**—હે વિદ્વાન્, એ બધું સાંભળવાની અમે ઇચ્છા રાખીએ છીએ તો તે અમને સંભળાવવાને તમે યોગ્ય છો. સત્પુરુષોનો સમાગમ થાય ત્યાં હે સૂત, જેનું છેવટ ભગવત્કથામાં આવતું હોય એવી કથાઓ થાય છે.

**ભાવાર્થ:**—એ સાંભળવાની અમારી મોટી ઇચ્છા છે: તમે જાણો છો, સર્વત્ર કહેવામાં તમારો અધિકાર છે, એમ બતાવવા માટે **विद्वन्** એમ સંબોધન આપ્યું છે. બીજું સંબોધન **सूत** એમ કહ્યું છે, તેથી અમને કહેવાને યોગ્ય તમે છો. શ્રોતાવક્તાની વાત અમે નથી કહેતા પણ સત્પુરુષોની સભામાં બીજી વાતો થાય તોપણ તેના ઉત્તર ફલમાં તો ભગવત્કથા જ આવે. હરિની કથા એ જ છે ઉદર્ક એટલે ઉત્તરફલ જેનું તે **हरिकथोदर्क** શબ્દનો અર્થ છે. બીજી વાતો પણ છેવટે ભગવાનની વાતો થઇ જાય એ તેનો સ્પષ્ટાર્થ છે. **ध्रुवम्** એમ છેલ્લે કહ્યું છે. એમાં સંદેહ નથી એમ તેનો અર્થ કરવો. (૧૪)

સત્પુરુષની સભામાં એવું બને છે. તેમાં પણ પ્રથમ સત્સંગમાં તે બન્નેની સત્તા કહીને તે બન્ને ભેગા મળે ત્યાં કથા જરૂર થાય. તેમાં સમાગમ થવો તે પૂછનારને અધીન છે. તે પૂછનાર ભગવદ્દભક્ત હોવો જોઇએ. તે કહે છે:

**स वै भागवतो राजा पाण्डवेयो महारथः ।**
**बालक्रीडनकैः क्रीडन् कृष्णक्रीडां य आददे ॥ १५ ॥**

**શબ્દાર્થ:**—એ પાંડુના વંશમાં ઉત્પન્ન થયેલ મહારથ ભગવદ્દભક્ત રાજા પરીક્ષિત બાળકનાં રમકડાંની રમતમાં પણ કૃષ્ણની ક્રીડા કરતો હતો.

**ભાવાર્થ**:—રાજા પણ તે ભગવદ્ભક્ત હતો. અથવા રાજા બહુ પૂછનાર હોય છે. તેમાં ભક્ત રાજા હોય તો ભગવાનની વાત પૂછે છે. તેનાં સાધનમાં બે વાત છેઃ એક તો તે પાંડુના કુલમાં ઉત્પન્ન થયો છે, બીજું તે પોતે પણ ભગવાનનો છે, ભગવદીયના વંશમાં થયો, ભગવદ્ધર્મમાં નિષ્ઠાવાળો. ફલમુખ અન્તરંગ સાધન એ છે કે તેનું ચિત્ત સ્વાભાવિક રીતે ભગવત્પરાયણ છે કે જે બાલક હતો, રમકડાંથી રમતો હતો ત્યારે પણ તે ભગવાનને પધરાવી તેનો સેવક પોતે બનીને, રાજાને તેનો સેવક ઉપચાર કરે તેમ રાજલીલા કરીને રમતો હતો. અથવા વૃંદાવનની ભગવાનની ક્રીડાને પોતે કરી બતાવતો એવી રીતે રમતો. (૧૫)

શુકદેવ પણ ભગવદ્ભક્ત હતા તે કહે છેઃ

**वैयासकिश्च भगवान् वासुदेवपरायणः ।**
**उरुगायगुणोदाराः सतां स्युर्हि समागमे ॥ १६ ॥**

**શબ્દાર્થ**:—ભગવાન્ વ્યાસપુત્ર શુકદેવજી પણ વાસુદેવપરાયણ હતા. તેવા સત્પુરુષોનો મેળાપ થાય ત્યાં બહુ ભક્તોએ ગાયેલા ભગવાનનો ગુણાનુવાદ અવશ્ય થાય.

**ભાવાર્થ**:—શ્રોતા તો ભગવદીયોના વંશનો એટલે ભક્ત હતો અને શુકદેવજી વક્તા તે ભગવાનના પુત્ર હતા, છતાં ભગવાન વાસુદેવને સર્વસ્વ માનતા. બીજાઓ પણ ત્યાં ભેગા થયેલા તેવા જ હતા. એ **चकार** થી કહ્યું. તેવો બધા સત્પુરુષોનો ત્યાં મેળો થયો. તે પણ પ્રથમ જ મળ્યા. ત્યાં બધા ભક્તો ભગવત્કથામાં એકમત થાય. સર્વ પુરુષાર્થના સ્વતંત્રતાથી સાધન રૂપ ન હોવા છતાં સર્વ પુરુષાર્થને આપનાર ભગવદ્ગુણો તે તેનામાં હોવાથી તે એકબીજાને કહે સાંભળે, તેથી ત્યાં ભગવત્કથા થાય જ. (૧૬)

અત્યારે જે હયાત છે, તે જો ભક્તિ સિદ્ધ ન કરી શકે તો તેનો જન્મ વૃથા છે; ભક્તિને કરે તો જન્મની સફળતા સમજવી, એ કૈમુતિકન્યાયથી હવે કહે છેઃ

**आयुर्हरति वै पुंसामुद्यन्नस्तं च यन्नसौ ।**
**तस्यर्ते यत्क्षणो नीत उत्तमश्लोकवार्तया ॥ १७ ॥**

**શબ્દાર્થ**:—ભગવાનના ભજન વગર જે ક્ષણ ગુમાવે છે તેમના આયુષને ઊગતો આથમતો સૂર્ય હરિ લે છે. જે ઉત્તમશ્લોકની વાતોમાં વખત ગાળે છે તેના આયુષને તેમ લેતો નથી, પણ બીજાનું આયુષ આપી તેને દીર્ઘાયુષી કરે છે.

**ભાવાર્થ**:—योऽसौ तपन्नुदेति स सर्वेषां भूतानां प्राणानादायोदेति, मा मे प्रजाया मा पशूनां मा मम प्राणानामायोद्गाः ॥ असौ योऽस्तमेति स सर्वेषां भूतानां प्राणानादायास्तमेति । मा मे प्रजानां मा पशूनामिति (જે આ સૂર્ય ઊગે છે તે સર્વ

ભૂતોના પ્રાણને સાથે લઇને ઉદય પામે છે. મારી પ્રજા, મારાં પશુ અને મારા પ્રાણ લઈને ઊગે છે. અસ્ત થાય ત્યારે બધાના પ્રાણોને લઇને અસ્ત થાય છે. તેનું કારણ પણ તે જ કે કોઈ મારી પ્રજાના પ્રાણને કે પશુના પ્રાણને લે નહિ,) એવી શ્રુતિ છે. તેમાં ઊગતાં અને અસ્ત થતાં બધાના આયુષને સૂર્ય સાથે લઈ જાય છે, એ કહ્યું, તેમાં મારી પ્રજા, મારાં પશુના પ્રાણ કોઈ ન લે એમ કહ્યું છે, તેથી કેટલાકના આયુષને ઓછું કરતો નથી. તે કોણ છે કે જેના આયુષને સૂર્ય હરતો નથી ? એના ઉત્તરમાં કહે છે કે જેના આયુષ-ને હરવા માટે સૂર્યે અધિકાર આપ્યો છે તે અધિકારી સૂર્યનો અંતરંગ હોય તેનું આયુષ હરતો નથી. હરેલું બીજાનું આયુષ ભગવદ્દભક્તોને આપે છે, કેમકે લીધું તે કોઇને આપવું તો જોઇએ, તેથી ભક્તોને આપે છે. જો કે તે વાકયમાં જે સૂર્યની પ્રાર્થના કરે તેનું આયુષ સૂર્ય ન હરે; તેથી તે હરે છે બધાનું એવો નિયમ નથી; એથી હરણ અનિત્ય છે. તેથી કોઇનું આયુષ હરતો નથી પણ વધારે છે. તે એકના વગરના બધાનું આયુષ હરે છે. તેઓ કોણ કે જે ભગવાનના નામ વિના વખત કાઢે છે; તેઓનું આયુષ હરે છે. પુરુષને સો વર્ષનું આયુષ હોય છે. એક વરસે સર્વ બ્રહ્માણ્ડને ફરીવળીને એક વર્ષના આયુષને સૂર્ય હરે છે. તે નામ નહિ લેનારના આયુષને હરે છે. આયુષને નામસ્મરણમાં કાઢનાર સિવાયના જે છે તેમનું આયુષ હરી લે છે. शतायुर्वै पुरुषः જે એક આયુષમાં એ ક્ષણ હોય કે ભગવ-દીયની સમીપમાં ભગવન્નામ લઈ નિર્ગમન કર્યો હોય તેનું આખું આયુષ સૂર્ય નથી લઈ લેતો. यद् तद्નો નિત્ય સંબંધ છે તેથી तत् શબ્દથી ક્ષણ લેવો. સંબંધ સ્વરૂપ સાથે છે, તેથી આયુષ લીધું છે. એનો સ્પષ્ટાર્થ એ થયો કે એક વર્ષમાં એક ક્ષણ પણ ભગવાનની વાતોમાં સ્વાર્થ કે પરાર્થમાં નિર્ગમન કરી તે આખા વર્ષને સૂર્ય હરતો નથી. પોતાને આયુષ હરવું તે ભગવદ્વાર્તાએ હર્યું, તેથી બાકી રહેલું આયુષ પણ ભગવદ્વાર્તા હરશે, એમ ધારી એવા ભગવન્નામ લેનારનું આયુષ સૂર્ય હરતો નથી. (૧૭)

એમ ક્ષણ માત્ર કથાના સંબંધથી આખું આયુષ સફળ થાય છે, એ ઉપલક્ષણથી બધા કથાથી કૃતાર્થ થાય એવું સિદ્ધ થયું. એ જો ન બને તો દેવની પ્રાર્થનાથી મેળવેલું આયુષ પણ વૃથા છે. એ દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ

**तरवः किं न जीवन्ति भस्त्राः किं न श्वसन्त्युत ।**
**न खादन्ति न मेहन्ति किं ग्रामपशवोऽपरे ॥ १८ ॥**

**શબ્દાર્થઃ**—વૃક્ષ શું જીવતાં નથી ? ધમણો કયાં શ્વાસ લેતી નથી ? બીજાં ગામનાં પશુઓ ખાનપાન શું કરતાં નથી ? પણ તેથી તે બધાં કૃતાર્થ થતાં નથી, તેવો ભજન ન કરનારો છે.

ભાવાર્થઃ—વૃક્ષો ક્યાં બહુ કાલ જીવતાં નથી? પરન્તુ તે પોતાના જીવને છોડાવી શકતાં નથી. તેથી દેવને પ્રાર્થના કરી બહુકાળ જીવન મેળવે તે વૃથા છે. તેના આયુષમાં પ્રાણ નથી, તેથી તેનું આયુષ લાંબું છતાં વૃથા છે. તો હવે પ્રાણ ધારણ કરનારમાં તો ધમણ છે તેમાંથી પવન નીકળ્યા જ કરે છે. તે ધમણ નાસિકાના ચામડા જેવી ચામડામાંથી બનેલી છે. તેમાંથી વાયુ આવે છે. માણસને જેમ પ્રાણ નાસિકા વાટે ચાલે છે, તેમ ધમણમાં પ્રાણ આવે છે અને જાય છે, તેથી પ્રાણ ચાલે તેનાથી કાંઇ કાર્ય સિદ્ધ થતું નથી. માણસ તો પોતાનો અને પારકાનો ઉપકાર કરે, તેથી ધમણનો દષ્ટાંત બંધ બેસતો નથી એમ કહે તો ત્યાં उत પ્રસિદ્ધિવાચક શબ્દ કહ્યો છે. કોયલા ધમણના પવનથી તપે છે, તે લોઢાને તપાવે છે તો તેના ઉપર માર પડે છે. તેથી પારકાને તપાવીને ઉપદ્રવ કરનારા તે થાય છે. તેના જીવનથી જગતને ફાયદો નથી. પુરુષાર્થ ધમણ નથી કરતી તેમ વૃથા જીવનવાળો પુરુષ પણ નથી કરતો. વારુ, ભોગ તો છે, તો? ત્યાં કહે છે કે અન્ન ખાય છે, તેથી લોક જાણે છે કે આ ભોગ કરે છે તે લોકનો ભ્રમ છે, કેમકે ગામના કૂતરા વગેરે અન્ન ખાય છે, પચાવીને ગુદાથી બહાર કાઢે છે, તેટલાથી ભોગ સિદ્ધ થતો નથી, તેમ પૃથ્વી કે વૃક્ષમાંથી નીકળેલું પોતાના મોઢામાં નાખીને પાછું બહાર કાઢે છે. ભૂંડણાં આપણું નીકળેલું ખાય છે. તેનાથી તે કાંઇ વિશેષ કાર્ય કરતો નથી. ખરી રીતે તો એક દ્વારથી દાખલ થાય તે બીજા દ્વારથી નીકળે. માણસને નીકળે તેમ ભૂંડણાંને નીકળે એ બેમાં તફાવત શો? જેને માણસમાં અને ભૂંડણામાં તફાવત દેખાતો નથી તેને આ વાત કહેવામાં અનિષ્ટ રહેલું છે; બ્રહ્મવાદીને કહેવામાં અનિષ્ટ નથી. તે પશુ જેવો પ્રાકૃત પોતાને બહુ સારો માને છે. अपर=બીજા કહેવાથી આવો માણસ પણ એક પશુ જ છે. શ્રુતિ કહે છે કે त्रयः पशूनां हस्तादानाः (ત્રણ પશુના હસ્તથી લેનારા છે) તેનું વાક્યશેષ पुरुषो हस्तिमर्कट ત્યાં પુરુષને પણ પશુની સાથે ગણ્યો છે, તેથી પુરુષ પણ પશુ થાય છે. (૧૮)

એમ ભજન ન કરનારની નીચની સાથે તુલ્યતા કહી. તેનાથી ય નીચને કહે છેઃ

**श्वविड्वराहोष्ट्रखरैः संस्तुतः पुरुषः पशुः ।**
**न यत्कर्णपथोपेतो जातु नाम गदाग्रजः ॥ १९ ॥**

શબ્દાર્થઃ—જેના કાનમાં ગદના મોટાભાઇ કૃષ્ણ સંભળાયા નથી તે પુરુષ પશુ છે. કૂતરાં, ભૂંડણાં, ગધેડાં, અને ઊંટોની તે સ્તુતિ કરાવે છે કે આવા પુરુષ કરતાં કૂતરાં, ભૂંડણાં, ઊંટ, ગધેડાં સારાં, એમ માણસો તેને સારાં કહે છે તે આને જોઇને કહે છે. તેથી તે ચાર અધમ પ્રાણીને સારાં કહેવરાવે છે. તે તેનાથી પણ નીચ છે, એમ સિદ્ધ થયું.

**ભાવાર્થ**:—આ ચાર પ્રાણીઓ લોકમાં નિંદિત છે, તેની સ્તુતિ કોઈ પણ કરતા નથી, પણ તે જયારે ભગવદ્વિમુખને જુએ છે ત્યારે આનાથી તો કૂતરાં ગધેડાં વગેરે સારાં એમ તેની ભલાઈને કહે છે. તે કૂતરાં, ગધેડાં વગેરે જાણે છે કે આ ભગવદ્વિમુખ અમને સારાં કહેવડાવે છે; તેથી તે ભલો માણસ છે એમ કૂતરાં, ગધેડાં, ભૂંડણાં, ઊંટ તેની સ્તુતિ કરે છે. જો કે કૂતરો પૂંછડું હલાવે છે, એક કટકા રોટલામાં પોતાની લાલચ બતાવે છે, પરન્તુ તેના ઘરમાં રહે છે, પોતાના સ્વામીનું હિત કરે છે, થોડાથી સંતોષ માને છે. પ્રાકૃત માણસ થોડાથી સંતોષાતો નથી. ખાય છે તેનું અહિત કરે છે, તેથી તે અધમ છે, એમ વિડ્વરાહ જગતમાં કોઈને કામમાં ન આવે એવી વિષ્ઠામાં આસક્તિ રાખે છે, તે ખરાબ સ્થાનમાં જ રહે છે, તેમ આ હરિવિમુખ પણ ખરાબ ખાનારો અને ખરાબ સ્થાનમાં રહેનારો છે. તે કરતાં વિડ્વરાહ સારો, કેમકે જેમાં કોઈ ભાગ ન પડાવે એવી અનુપયોગી વસ્તુથી પોતે જીવન ચલાવે છે. બહિર્મુખ તેમ ચલાવી શકતો નથી, પણ લોકોપયોગી વસ્તુમાં ભાગ પડાવે છે, તેમ બીજાના ભાગનું પણ પોતે ખાઈ જાય છે. ઊંટ કાંટા વગેરે જેનો કોઈ ઉપયોગ ન કરે તેવું રુક્ષ ખાનાર છે. તે સ્વામીનો ભાર ઉઠાવી અન્યત્ર પહોંચાડે છે. આ બહિર્મુખ તો સારું ખાય અને ભગવાન જે આપનાર છે તેની સેવા કરતો નથી. જો કે ગધેડાંને જયારે ગધેડી પાછલા પગની લાત મારે ત્યારે નિવૃત્ત થાય છે તોપણ તે સ્વામીના કામમાં હઠ નથી કરતો તેમ વાંકો ચાલતો નથી. તેના દોષ છે તે આ બહિર્મુખમાં છે, તે ગધેડાના ગુણ આનામાં નથી, તેથી તેના કરતાં ગધેડો ઉત્તમ છે એમ સમજો. [1]**मोघमन्नं विन्दते अप्रचेताः।** [2]**अन्नेन प्राणाः। अन्नात्प्राणा भवन्ति** એ શ્રુતિમાં વ્યર્થ ખાનારો અને ભગવાનને ધરીને ખાનારો તેમાં વૃથા ખાનારો વૃથા જીવે છે, એમ કહ્યું છે. ખાવાનો ઉપયોગ જ્ઞાનભક્તિમાં છે, તેમાં વૈયર્થ્ય પક્ષમાં તુલ્યતા છે. તે બહિર્મુખને તો કૃષ્ણ કેવળ ભક્તિનો પ્રકાશ કરવા પ્રકટ થયા છે તે આના કાન સુધી કદી પહોંચતા નથી, પ્રભુ તો પોતાના જનના કાનદ્વારા હૃદયમાં પધારે છે, તેથી આ બહિર્મુખ

૧ તૈત્તિરીય બ્રાહ્મણ દ્વિતીયાષ્ટકમાં આ શ્રુતિ છે. मोघमन्नं विन्दते अप्रचेताः सत्यं ब्रवीमि वध इत्सतस्य नार्यमां पुष्यति नो सखायं केवलाघो भवति केवलादी તે મંત્રમાં સ્ત્રીપુત્રાદિને કુક્ષિંભર કહીને નિન્દા કરી છે.

૨. આગળના બે મંત્રો બૃહન્નારાયણીયોપનિષદમાં છે. अन्नेन प्राणाः प्राणैर्बलं बलेन तपः तपसा श्रद्धा श्रद्धया मेधा मेधया मनीषा मनीषया मनो मनसा शान्तिः शान्त्या चित्तं चित्तेन स्मृतिः स्मृत्या स्मारं स्मारेण विज्ञानं विज्ञानेनात्मानं वेदयति तस्मादन्नं ददत् सर्वाण्येतानि ददाति अन्नात्प्राणा भवन्ति भूतानां प्राणैर्मनो मनसश्च विज्ञानं विज्ञानादानन्दो ब्रह्मयोनिः એમ એક પ્રકરણમાં બે વાર કહ્યું છે. તે બન્નેનો અહીં ઉપયોગ કર્યો છે.

તદીય નથી એવો નિશ્ચય થાય છે. તેથી તેનામાં જ્ઞાન કે ભક્તિ નથી. ગદ તો માતાપિતાનાં દુઃખ મટચા પછી થયા છે. ભગવાનને જ્યાં દુઃખ દૂર કરનાર કહેવા હોય ત્યાં ભગવાનને ગદાગ્રજ કહેવાય છે. (૧૯)

એમ આયુષ અને ભોગાયતન દેહની વ્યર્થતા કહીને હવે ઇન્દ્રિયની વ્યર્થતા કહે છેઃ

बिले बतोरुक्रमविक्रमान् ये न शृण्वतः कर्णपुटे नरस्य ।
जिह्वाऽसती दार्दुरिकेव सूत न चोपगायत्युरुगायगाथाः ॥ २० ॥
भारः परं पट्टकिरीटजुष्टमप्युत्तमाङ्गं न नमेन्मुकुन्दम् ।
शावौ करौ नो कुरुतः सपर्यां हरेर्लसत्काञ्चनकङ्कणौ वा ॥ २१ ॥
बर्हायिते ते नयने नराणां लिङ्गानि विष्णोर्न निरीक्षतो ये ।
पादौ नृणां तौ द्रुमजन्मभाजौ क्षेत्राणि नानुव्रजतो हरेर्यौ ॥ २२ ॥
जीवच्छवो भागवताङ्घ्रिरेणून्न जातु मर्त्योऽभिलभेत यस्तु ।
श्रीविष्णुपद्यामनुजस्तुलस्याः श्वसञ्छवो यस्तु न वेद गन्धम् ॥२३॥

**શબ્દાર્થઃ**—જે માણસના કાન ઉરુક્રમ ભગવાનના પરાક્રમને સાંભળતા નથી તેના કાન ઉંદરનાં દર જેવાં શરીરનાં દર છે. હે સૂત, જે જિહ્વા ભગવાનની કથાને કહેતી નથી તે અસતી દેડકી જેવી છે. માથા ઉપર પટ્ટ અને કિરીટ ધરાતો હોય પણ તે મસ્તક જો મુકુંદને ન નમતું હોય તો તે માથે ભાર રાખ્યા બરાબર છે. જે સેવા કરતા નથી તેના બે હાથ મડદાંના હાથ જેવા સમજવા, પછી ભલે તેમાં સોનાની બંગડીઓ પહેરી હોય. વિષ્ણુના વિગ્રહનાં દર્શન ન કરે તે તો મોરપીંછના ચાંદલા કહેવાય, આંખો ન કહેવાય. મનુષ્યના પગ જો ભગવાનના મંદિર તરફ ન જતા હોય તો તે વૃક્ષના જેવા જન્મવાળા ગણાય. ભગવદ્ભક્તના ચરણની રજની જે ઈચ્છા ન રાખે તે તો જીવતાં છતાં તે જીવ વગરનો છે, શ્વાસ લેતો હોય છતાં જો ભગવાનના ચરણમાં ધરાતી તુલસીના ગંધને જો ન જાણે તો તે પણ જીવતું મુડદું છે એમ જાણવું.

**ભાવાર્થઃ**—बत ખેદને કહેનાર છે. ઉરુક્રમ ભગવાન્ અતિ વિચિત્ર ચરિત્રવાળા છે. તેના ચરિત્રને સાંભળતા નથી તે પુરુષના કાન નહિ પણ દેહનાં બે છિદ્ર છે (સર્પને રહેવા લાયક ભોણ છે). તેમાં પોતાને જોઈતી ઇન્દ્રિય ન હોવાથી જીવનું બૂરું કરનાર સર્પરૂપ પ્રાકૃત ઇન્દ્રિય તેમાં વિદ્યમાન હોવાથી તે શરીરમાં બૂરું કરનારાં બે છિદ્રો છે, કાન નથી, એમ સમજો. જેમ તેવા ઘરમાં સર્પ પેસી જાય તો વખત ઉપર ઘરધણીને કરડે તેમ લૌકિક કથા સાંભળતાં તે પ્રાકૃત કાનમાં પેસે તે જીવનો સર્વથા નાશ કરે. तास्तान् क्षिपन्त्यशरणेषु तमःसु हन्त એવું વાકય છે કે બહિર્મુખ; ઇન્દ્રિયો જીવને

નરકાદિકમાં નાખે છે. જિહ્વાને ભગવાને સર્વથી જુદી સારી રીતે રક્ષણમાં રાખી છે તે જો અસતી થાય તો એટલે તે ભગવાનનું નામ ન લે તો તે અસતી એટલે વ્યભિચારિણી થાય, કેમકે ભગવાન સિવાયનાં વખાણ કરે તે તેનો વ્યભિચાર છે, તેથી તે દેડકી ગણાય. દેડકાની જિહ્વા ભગવાને જુદી કરી નથી, તેને દાંત પણ મોઢામાં કર્યા નથી; તે તો સ્વરૂપથી રૂક્ષ છે; તે નાના કીડાઓને ખાય છે. જેમ ભગવદ્વિમુખની જિહ્વા પણ કોઇ તેનો નિયામક ન હોવાથી પારકાને મારવામાં પ્રવૃત્ત થાય છે, તેથી તેને દેડકી જેવી કહી છે. એવી દુષ્ટ છતાં તેનો વિષય ગાવાનો છે તે જો ભગવાનની કથાનું ગાન કરતી હોય તો તે સારી ગણાય; પણ તે તેમ કરતી નથી, તેથી તેને અસતી કહી છે. પટ્ટાભિષેક થાય તે રાજાનું માથું કયાંય પણ નમે નહિ તેવું અણનમ હોય. પટ્ટ અને કિરીટ તેની ઉપર રખાતા હોય, પ્રીતિથી માથા ઉપર રેશમી પાગ અને સોનાના મુકુટ રખાતા હોય, પણ તે મસ્તક જો મોક્ષ આપનાર ભગવાનને નમતું ન હોય તો તે મસ્તક ઉપર ભાર રાખ્યા બરોબર છે; તે પોતે જ ભારરૂપ છે. સામાન્ય ઉપયોગ પણ તેમાંથી સિદ્ધ થતો નથી. ભોગ અને જીવનનો તો પ્રથમ નિષેધ કરેલો છે જ. જેણે માથે મોટો ભાર રાખ્યો હોય તે પણ બીજાને માથું નમાવી શકતો નથી. હાથ પણ સેવા ન કરે તે પ્રાણ રહિત મુડદાના હાથ હોય તેવા સમજવા. ઉપર શોભા કરે છે તે તો મડદાને પણ શ્મશાને લઇ જાય ત્યારે શણગારે છે, તેવો શૃંગાર સમજવો. તેવાં સોનાનાં કંકણ તેવાં સમજવાં. તેના અનાદરને કહેનાર વા શબ્દ કહ્યો છે. નેત્ર મુખને શોભાવે છે. તે તેનું કામ ન કરે એટલે ભગવાનના રૂપનું પાન ન કરે તો મોરપીછમાં નેત્ર હોય તેવાં તે નેત્રો સમજવાં. તે જેમ ભગવાનની કારીગરી બતાવનાર છે તેવાં આને પણ જાણવાં, પણ તેમાં ચૈતન્ય છે એમ ન સમજવું. ભગવાનની સૃષ્ટિ બે પ્રકારની છે: ચેતન અને અચેતન. ભગવાનનું કામ ન કરે તે અચેતન કહેવાય. ચૈતન્ય તો ભગવદ્રૂપ છે. બર્હની પેઠે આચરે તે બર્હાયિત કહેવાય. ભગવાનનાં લિઙ્ગ બે છે: ભક્તો અને ભગવાનની મૂર્તિ. તે બંનેને જે ન જુએ તે મોરપીંછના ચાંદલા જેવાં સમજવાં. પગ પણ જો મંદિર સુધી ચાલતા ન હોય તો તે પણ વૃક્ષના જેવા સમજવા. તે પીવાના સાધન એટલે પગથી વૃક્ષ પાણી ખેંચે છે, તેમ બહિર્મુખના પગ પાણી ખેંચનાર નથી થતા તોપણ તે ભૂમિ ઉપર રહે છે તેટલા અંશમાં વૃક્ષ તુલ્યતા છે. તે વૃક્ષો જેમ ઊંચાં છે તેમ આ પગ પણ અવયવીને ઊંચે રાખે છે. જીવતો શબ કહ્યો તેમાં શબના બે ભેદ છે: અર્ધ જલમાં પડયો તે મરવાની અણી ઉપર હોય અને મરી ગયો હોય. તેમાં ભગવત્સંબંધી ચરણરેણુને જે મસ્તક ઉપર લેતો નથી તે જીવતો શબ છે. જે ભગવદ્ભક્ત

ઘેર આવે તેને પૂજતો નથી, અથવા જેને ઘેર ભક્તો આવતા જ નથી તે તો કેવળ મરવાને માટે જ જીવે છે. જે ભગવત્પ્રસાદને મેળવતો નથી તે તો જીવતો પણ નથી. જીવનરૂપ ભગવદીય રસ છે તે તેને મળતો નથી. પણ તે શ્વાસ લે છે તે જેમ અર્ધ જળમાં જીવતો હોય, પણ તે ઘડી બે ઘડીમાં મરવાનો હોય તેવો છે, તે બીજાઓને પણ કામ કરતા અટકાવે છે. તેમ જ વિષ્ણુના પદમાં નિષ્ઠાવાળી તુલસી છે. તેનો ગંધ જેણે કોઈ દિવસ લીધો નથી; ભગવાનના પ્રસાદ તરીકે તેનો ઉપયોગ નથી કર્યો તે, કેવળ સર્પના પુચ્છને કાપો તો જુદું પડીને તરફડે છે, તેમ તે પણ કેવળ શ્વાસ લે છે, તેટલી ક્રિયા તેનામાં છે. તેમાં ભગવદુપયોગી ચેતન નથી. તે જીવતું મુડદું છે. (૨૩)

અન્તઃકરણની વિફલતાને કહે છેઃ

**तदश्मसारं हृदयं बतेदं यद्गृह्यमाणैर्हरिनामधेयैः ।**
**न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षः ॥ २४ ॥**

**શબ્દાર્થઃ**—ભગવાનનાં નામ લેતાં નેત્રમાં જલ ન ભરાય અને શરીરમાં રોમાંચરૂપ વિકાર ન થાય તે હૃદયને પાકા લોહ (અથવા ચકમક) જેવું સમજવું, જે કોઇ રીતે વિકૃત ન થાય એવા લોહ જેવું જાણવું.

**ભાવાર્થઃ**—बत એવો ખેદવાચક અવ્યય કહ્યો છે. જો કે ધીરજ એક ગુણ છે. ભગવાનનું ચરિત્ર સાંભળીને ધીર રહે તોપણ એ તેનું ધૈર્ય લોહ જેવું છે. પથ્થરના સારરૂપ લોહ છે. ભક્તિના આવેશમાં પોતાના હૃદયની પણ નિંદા કરે છે, તેથી તેવા કઠણ હૃદયમાં ભગવાનના ચરણની સ્થાપના થવાનો સંભવ જણાતો નથી; માટે તેને પ્રક્ષાલન કરવું વ્યર્થ છે. પોતે ભગવાનનાં નામ લે અથવા બીજો કોઇ લેતો હોય તેને સાંભળે. તે દુઃખની અસર કાઢવા માટે ભગવાન હરિનાં નામ એટલે તેનાં વાચક પદોને સાંભળતાં હૃદયમાં વિકાર ન થાય. જેને ઘેર ભગવાન પધારવાના હોય તેના ઘરમાં બુહારી કાઢે, જળસિંચન કરે, પણ જ્યાં કોઇ આવનાર ન હોય ત્યાં તેવા સંસ્કારો નહોય. જેમ ચાંડાળના ઘરમાં પાણી ન છંટાય તેમ તે હૃદયમાં વિકારોથી પાણી ન આવે, રોમાંચ પણ ન થાય. તેવું જ્ઞાન થવા માટે વિકારોને કહે છેઃ અન્તઃકરણમાં વિકાર થાય ત્યારે તેને બે રીતે બીજો જાણી શકે. નેત્રમાં જળ આવે અને રુવાડાં ઊભાં થઈ જાય ત્યારે તેના હૃદયમાં વિકાર થયો છે એમ જણાય છે. તેવો વિકાર એ ભગવાનના હોવાનો પરિણામવિશેષ છે. ત્યારે તેમાં વૈષ્ણવતા આવી સમજાય. તેમાં રુવાડાં તો વૃક્ષરૂપ છે. તે ઊભાં થાય તે વૈષ્ણવ હોવાથી થાય, કેમકે અન્તઃકરણમાં રસ ભરાઇ જાય ત્યારે રોમકૂપથી વધારે હોય તે

બહાર નીકળે. નેત્ર તો કમળ છે. તે તો જળવાળું હોય જ. તે પોતે પોતાની જગ્યાથી ખસે ત્યારે સુકાઇ જાય છે; માટે જળનો તેને સંબંધ છે. (૨૪)

તેથી સર્વ ઇન્દ્રિયો અને દેહાદિને સફલ કરવા માટે ભગવાનની કથા અમને તમે કહો, એમ શૌનક સૂતપૌરાણિકને કહે છેઃ

**अथाभिधेह्यङ्ग मनोनुकूलं प्रभाषसे भागवतप्रधानः ।**
**यदाह वैयासकिरात्मविद्याविशारदो नृपतिं साधु पृष्टः ॥ २५ ॥**

**શબ્દાર્થઃ**—હે અંગ, માટે જે સારી રીતે રાજાના પૂછવાથી આત્મવિદ્યામાં નિપુણ વ્યાસના પુત્ર શુકદેવજીએ જે ઉત્તર આપ્યું હોય તે, તમે પણ ભગવદ્ભક્ત છો તેથી મનને અનુકૂળ હોય તેમ કહો.

**ભાવાર્થઃ**—'અઙ્ગ' એમ કોમળ સંબોધન છે. અર્થ અને અભિપ્રાયનો વિચાર કરતાં પહેલાં સાંભળવા માત્રથી તમારા વાકયમાં મનોહરતા (દેખાય છે) અનુભવાય છે; માટે તમે ભગવદ્ભક્તોમાં મુખ્ય છે. તમારા વાકયમાં ભગવાનનો સંબંધ છે તોપણ તમે પરીક્ષિતના પૂછવાથી શુકદેવે જે કહ્યું તે અમને કહો, કેમકે તે બ્રહ્મવિદ્યામાં નિપુણ છે, અને વ્યાસના પુત્ર છે, અને રાજાને તેણે પ્રશ્ન કર્યો ત્યારે જ તે કહેવાવાળા થયા છે; તેથી તે લોક વેદ અને ભક્તિમાં વિરોધ ન આવે એવું બોલ્યા હોય, એમ કહ્યું. (૨૫)

ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધમાં શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ
શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં
તૃતીય અધ્યાય સંપૂર્ણ થયો.

सांधनं द्विविधं प्रोक्तं क्रियाकर्तृविभेदतः ।
पूर्वाध्याये क्रियाङ्गानि वर्णितानि द्विरूपतः ॥ १ ॥
प्रश्नेऽप्युत्तरशेषत्वात् क्रियायाश्च निरूपणात् ।
स्वरूपतो ज्ञानतश्च कार्यसिद्धिर्यतो द्विधा ॥ २ ॥
साधनं श्रोतृवक्त्रोश्च विमर्शाधिक्रिया यतः ।
तदुच्यते मुख्ययोर्हि प्रश्नस्त्वाद्ये ससाधनः ॥ ३ ॥
ज्ञात्वाथ नमनं देवे गुरावपि विशेषतः ।
सामान्यमुत्तरं यद्धि विवक्तुरधिकारकृत् ॥ ४ ॥
अतोऽध्याये चतुर्थे तु परीक्षिच्छुकयोः क्रमात् ।
विमर्षणाधिकारो हि विचाराङ्ग निरूप्यते ॥ ५ ॥
व्यवसायात्मिका बुद्धिर्ममतात्याग एव च ।
कथायाः श्रवणे श्रद्धा सन्न्यासो ज्ञानमेव च ॥ ६ ॥
प्रश्नाच्चतुष्टयं पूर्वं श्रोतुरङ्गमिहोच्यते ॥ ६½ ॥

પૂર્વ અધ્યાયમાં ક્રિયા[1] અને કર્તાના[2] ભેદથી બે પ્રકારે સાધન[3] કહ્યું. તેમાં ક્રિયાનાં અંગો[4] બે કહ્યાં. એ બધું ત્રીજા અધ્યાયમાં આવેલું તેનો અનુવાદ કર્યો. (૧) શૌનકે પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર દેવાનો છે. તે ઉત્તરરૂપે સત્સંગ કહ્યો છે. અથવા શૌનકનો પ્રશ્ન ઉત્તર અપાવનારો છે. તેથી પોતે શ્રોતા છે એ કાર્ય સિદ્ધ થયું. તે કાર્યસિદ્ધિ સ્વરૂપ અને જ્ઞાનથી બે પ્રકારની છે. आयुर्हरति वै पुंसाम् એનો સાર ક્રિયારૂપે કહ્યો. અને શૌનકને તેનાથી ભક્તિ સિવાયમાં વ્યર્થતા દેખાઈ એ જ્ઞાન થયું. તેનાથી સાધન, ગત અધ્યાયમાં કહ્યું. (૨) હવે સાડાચાર શ્લોકથી ચતુર્થાધ્યાયનો અર્થ કહે છે, તેમાં પ્રથમ પરીક્ષિત અને શુકદેવ મુખ્ય શ્રોતા છે તે બંનેને સાધન એક છે કે જુદાં એ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ શ્રોતાના સાધનનો નિર્દેશ કરે છે. (૩) શ્રોતા સદ્બુદ્ધિથી

---

૧. શ્રવણકીર્તનરૂપ ક્રિયા બે પ્રકારની કહી. શ્રા. લેખકાર, તે તે કામનામાં તે તે દેવનું ભજન તે ક્રિયા કહે છે સામાન્ય જીવની अकामः सर्वकामो वा એ ભગવદીયની ક્રિયા. કર્તા પણ સામાન્ય અને અધિકારી એ બે પ્રકારે છે. ૨. શ્રવણ કરનાર અને કીર્તન કરનાર એમ બે કર્તા સમજવા. ૩. દૃષ્ટ અને અદૃષ્ટ એમ સાધનના બે પ્રકાર કહ્યા. ભગવાનમાં રતિ અને ભક્તોનો સંગ એ શ્રવણાદિનાં અંગો સમજવાં. તે બંનેને સિદ્ધ કરનારી કથા કહી, તેના સાક્ષાત્ અને પરંપરાથી બે ભેદો છે. લેખકાર ઇન્દ્રિયપાટવાદિ અનેક અંગ કહે છે, તેના એ ભૂતસામાન્ય જીવ અને અધિકારી જીવ એ બે ભેદ ગણે છે.

પ્રશ્ન કરે તો તે વિમર્શ=મનનનો અધિકારી છે. શુકદેવજી વક્તા ઉત્તર આપતાં પહેલાં દેવ અને ગુરુને નમસ્કાર કરે તો તે વિમર્શના વક્તા ગણાય.(૪) તે બન્ને, આ અધ્યાયમાં શુકદેવ અને પરીક્ષિતનો વિચારમાં અધિકાર છે એ વાતને સિદ્ધ કરે છે. (૫) શ્રોતાની બુદ્ધિ વ્યવસાયયુક્ત જોઇએ, મમતા છોડવી જોઇએ, કથાને સાંભળવામાં શ્રદ્ધા જોઇએ, સંન્યાસ સાથે જ્ઞાન જોઇએ, એ ચાર શ્રોતાનાં અંગ પ્રશ્નની પહેલાં કહેવામાં આવે છે. (૬½)

એમ ત્રીજા અધ્યાયના અંતમાં પરીક્ષિત અને શુકદેવની કથા સાંભળવાનો પ્રશ્ન શૌનકે કર્યો છે તેનો સૂત ચાર શ્લોકથી ઉત્તર આપે છે:

सूत उवाच ।

**वैयासकेरिति वचस्तत्त्वनिश्चयमात्मनः ।**
**उपधार्य मतिं कृष्णे औत्तरेयः सतीं व्यधात् ॥ १ ॥**

**શબ્દાર્થ:**—આત્માનો નિશ્ચય કરાવનાર શુકદેવજીનાં વચનોને પરીક્ષિતે હૃદયમાં રાખીને શ્રીકૃષ્ણમાં સતી મતિને ધારણ કરી.

**ભાવાર્થ:**—પહેલાં ભગવાનમાં સતી મતિ ઉત્પન્ન થઈ. જો કે પ્રથમથી પરીક્ષિતની મતિ ભગવાનમાં તો હતી જ, તોપણ તે ભગવાનમાં શ્રદ્ધાને લીધે તે મતિ થઇ હતી, તેમાં ભગવત્સ્વરૂપનું જ્ઞાન નહોતું, તેથી તે મતિ અસતી હતી. અત્યારે તો સામાન્ય ભગવત્સ્વરૂપને જાણ્યું ત્યારે, કોઇ ભગવાન છે, તે ફલરૂપ છે અને ભક્તિથી તે સાધ્ય છે, શ્રવણાદિથી સેવા કરવા યોગ્ય છે, તે સર્વરૂપ છે અને સર્વના અંદર પણ છે, તેનું ધ્યાન કરો તો તેના સાયુજ્યરૂપ ફળ થાય, તેથી તેના ભજન માટે બધી કામના કરવી, સાધન માત્રનો તેમાં ઉપયોગ કરવો, એ શુકનાં વચન સાંભળતાં નક્કી કર્યું; ભગવાન સર્વદા આરાધ્ય છે એવી સદ્બુદ્ધિ કરી. (૧)

પહેલાં પરીક્ષિતે સામાન્ય ઘર છોડેલ, પણ તેમાં મમતા રહી હતી, તેથી ન છોડયા જેવું હતું, તે આ શુકદેવજીએ હમણાં વચનો કહ્યાં, તેથી તેની વાસનાને પણ હૃદયમાંથી હાંકી કાઢી, તે કહે છે:

**आत्मजायासुतागारपशुद्रविणबन्धुषु ।**
**राज्ये चाविकले नित्यं निरूढां ममतां जहौ ॥ २ ॥**

**શબ્દાર્થ**—દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, દ્રવ્ય, બન્ધુ અને સંપૂર્ણ રાજ્યમાં દૃઢ થયેલી મમતાને પરીક્ષિત રાજાએ છોડી દીધી.

**ભાવાર્થ:**—મમતા સ્ત્રી પુત્રાદિમાં દૃઢ હતી, તે તેમાંથી નીકળીને ભગવાનમાં દૃઢ થઈ; તેથી મમતા અનિત્ય વિષયને છોડી ઉત્તમ નિત્ય

ભગવદ્રૂપ વિષયને પ્રાપ્ત થઇ. ત્યાર પહેલાં મમતાનો વિષય સારો નહોતો તે પુત્રાદિને છોડી દીધાં. મૂળમાં આત્મા કહ્યો છે તે દેહ સમજવો. જાયા સ્ત્રી, સુત એટલે પુત્ર, આગાર–ઘર, ગાયો દ્રવ્ય, અને બંધુઓ, રાજ્યો અને તેનાં સાધનો, સિંહાસનો, જેમાં આજ સુધી દૃઢ મમતા હતી કે આ મારાં છે તેને છોડયાં. (૨)

**पप्रच्छ चेममेवार्थं यन्मां पृच्छथ सत्तमाः ।**
**कृष्णानुभावश्रवणे श्रद्धधानो महामनाः ॥ ३ ॥**

**શબ્દાર્થ**:—હે સત્તમો, તમે મને પૂછો છો તે જ અર્થ મોટા મનવાળા પરીક્ષિતે કૃષ્ણનો મહિમા સાંભળવા માટે શ્રદ્ધા રાખીને શુકદેવજીને પૂછયો.

**ભાવાર્થ**:—ચકાર કહેલું બધું લેવા માટે છે. તેણે કેટલુંક પૂછયું. કહેલા અર્થની સાધનતા સિદ્ધ કરવા પૂછયું. તેથી પહેલાં પૂછયું તેનો ઉત્તર મળ્યો; તેથી હમણાં પણ પૂછયું; અને પરીક્ષિતને પૂછયું, તેમાં સરસ્વતીનો સંવાદ થયો, એટલે તમે પૂછયું તે જ એમણે પૂછયું તે સંવાદ કહેવાય. તે કહે છે કે હે સત્તમો, સત્પુરુષોમાં અત્યંત ઉત્તમો, જે તમે મને પૂછો છો તે જ પ્રશ્ન શુકદેવને પરીક્ષિતે કર્યો. શુકનું વાકય સાધનરૂપ હતું તે તો તે પરીક્ષિતને અને તમને બન્ને શ્રોતાઓ છો તેથી બુદ્ધિ ઉત્પન્ન થઈ તે સારી થઇ; પરંતુ કાંઇક અવાન્તર ભેદ છે. તમારે તેના વાકયના પ્રકાર પ્રમાણે પદાર્થજ્ઞાન કરવું છે ત્યારે પરીક્ષિતને ભગવાનનું જ્ઞાન જ ઈષ્ટ છે. તે કહે છે કે કૃષ્ણનો અનુભાવ જાણવા માટે મોટા મનવાળો થયો; એટલે તેને સાંભળવામાં શ્રદ્ધા અને મનની વિશાળતા એ બે લાભ સાથે થયા. શ્રદ્ધાથી તે ગ્રહણ કરતો ગયો એ પણ મન એવું વધ્યું કે તે પૂરું ભરાઇ ન ગયું. (૩)

**संस्थां विज्ञाय संन्यस्य कर्म त्रैवर्गिकं च यत् ।**
**वासुदेवे भगवति आत्मभावं दृढं गतः ॥ ४ ॥**

**શબ્દાર્થ**:—સાતમે દિવસે પોતાનું મૃત્યુ છે એ જાણીને ધર્મ અર્થ કામ એ ત્રિવર્ગનાં કામો છોડી દીધાં અને ભગવાન વાસુદેવમાં અંતઃકરણની પ્રીતિને દૃઢ કરીને પૂછવા લાગ્યો.

**ભાવાર્થ**:—સાતમે દિવસે મરણ થશે એ જાણીને ધર્મ–અર્થ–કામો-પયોગી કર્તવ્ય છોડીને તેનાં સાધનો પણ છોડી દીધાં. મોક્ષ આપનાર વાસુદેવ ભગવાનમાં અંતઃકરણનો ભાવ એટલે પ્રીતિને દૃઢ કરીને પૂછવા બેઠો. આત્મા અથવા સ્વરૂપની સત્તા આગળ કેવા રૂપમાં રહેશે તે આત્મપણું પૂછયું. (૪)

राजोवाच ।

**समीचीनं वचो ब्रह्मन् सर्वज्ञस्य तवानघ ।**
**तमो विशीर्यते मह्यं हरेः कथयतः कथाम् ॥ ५ ॥**

**શબ્દાર્થઃ**—રાજા બોલ્યાઃ હે અનઘ, તમે સર્વજ્ઞ છો; તમારાં વચનો સારાં છે. હે બ્રહ્મન્, ભગવાનની કથા તમે કહો છો તેનાથી મારું અજ્ઞાન દૂર થાય છે.

**ભાવાર્થઃ**—જો કે તમે સર્વજ્ઞ હોવાથી તમારાં વચનનો અર્થ હું જાણતો નથી, પણ તે વચનો સ્વરૂપથી સારાં છે, કેમકે આપ દોષરહિત છો; તેથી **ब्रह्मन** કહ્યા છે. **अनघ**=નિષ્પાપ એ અભિમાનના અભાવને માટે સંબોધન છે તોપણ મને સ્વરૂપના અજ્ઞાનરૂપ તમ આપનાં વાકય સાંભળવાથી ઊડી જાય છે એ તો મને મોટો લાભ થયો ગણાય જ. મેં આપના કથન ઉપરથી આટલો નિશ્ચય કર્યોઃ તમે મારે માટે જ આ કહ્યું. તમારા વાકયથી મારું અજ્ઞાન નાઠું. તમે કહ્યું તે ભગવાનની કથા સંબંધી કહ્યું એ ત્રણ બાબતે મારો નિશ્ચય થયો.(૫)

અર્થનું જ્ઞાન ન થતાં સંદેહ થવાથી હવે વિશેષ પૂછે છેઃ

**भूय एव विवित्सामि भगवानात्ममायया ।**
**यथेदं सृजते विश्वं दुर्विभाव्यमनीश्वरैः ।**
**यथा गोपायति विभुर्यथा संयच्छते पुनः ॥ ६ ॥**

**શબ્દાર્થઃ**—ફરીને હું જાણવા માગું છુંઃ ભગવાન પોતાની માયા વડે અનીશ્વરના મનમાં ન આવે એવું જગત ઉત્પન્ન કરે છે, રક્ષા કરે છે અને સંહાર કરે છે.

**ભાવાર્થઃ**—**विवित्सामि** જાણવાની ઇચ્છા કરું છું, તેમાં પાંચ સંદેહ છેઃ ઉત્પત્તિ, સ્થિતિ, લય, આધાર અને સાધનનો, એમ પાંચ પ્રશ્નો છે. તેમાં ઉત્પત્તિમાં સંદેહ કહે છેઃ આ જગતને કેમ સરજે છે? શું કુંભારની પેઠે બનાવે છે કે સિદ્ધપુરુષની પેઠે બનાવે છે અથવા પ્રકટ કરે છે? અથવા યોગિની પેઠે મનથી કરે છે? અથવા કલ્પવૃક્ષની જેમ પ્રકટ કરે છે? તે ઉત્પત્તિમાં પાંચ પ્રશ્નો છે. તે જ પાંચે ય રક્ષામાં અને પ્રલયમાં પણ ચાલ્યા આવે છે. જે મેં પાંચ સંદેહ કર્યા તે પાંચ ભગવાનમાં નથી સંભવતા કે જે ઉત્પન્ન કરે છે તે મનમાં પણ આવી શકતું નથી. ત્યારે ભગવાન નથી કરતા એમ નિશ્ચય કાં કરી લેતા નથી? ત્યાં કહે છે કે તે **विभु** છે. **पुनः** શબ્દથી નાશ થાય તેનું ઉત્પાદન કરે છે અને ઉત્પન્ન થયું તેનો નાશ કરે છે. (૬)

ચોથો પ્રશ્ન કહે છેઃ

**यां यां शक्तिमुपाश्रित्य पुरुशक्तिरयं पुमान् ।**
**आत्मानं क्रीडयन् क्रीडन् करोति विकरोति च ॥ ७ ॥**

**શબ્દાર્થ**:—અનન્ત શક્તિવાળા આ પુરુષ જે જે શક્તિઓને પાસે રાખીને જીવને રમાડતા પોતે રમે છે (ક્રીડા કરે છે) અને કાંઇક કરે છે, નથી પણ કરતા.

**ભાવાર્થ**:—અહીં પેદા કરવાનો પદાર્થ કયો છે? કેવળ આત્મા જ છે કે તે શક્તિની સાથે છે? સાથે છે તો શું આત્મા જ ઉત્પન્ન થાય છે કે શક્તિ થાય છે? એવો સંદેહ થાય; તેમાં પણ કાલભેદ અને કૃતિભેદથી વ્યવસ્થા હોય તો એક કૃતિમાં જો શકિતનો ઉપયોગ કરે તો બીજીમાં બીજીનો કરે કે કેમ? એ પાંચમાં સંદેહ થાય. તેના પણ અંદરના ભેદો છે. તેવી અનેક શકિત ભગવાનમાં છે. કાલના પણ અનન્ત ભેદો છે, કેમકે કાલાદિનો નિયામક આ પુરુષ છે. તે આત્માને જ કરે છે, વિરુદ્ધ પણ કરે છે, ન પણ કરે, જુદી જુદી જાતથી પણ કરે. અથવા આત્માને રમાડે છે અને કરે છે કાંઇક બીજું, અથવા ક્રીડા કરતા આત્માને જ કરે છે. **चकार** મૂળમાં છે તેથી બીજા પણ પક્ષો પોતાના મનથી ઊભા કરવા. (૭)

એમ જો અનેક પ્રશ્ન શ્રોતાને થાય તો તેટલું ગુરુને પુછાય નહિ, કેમકે તે વધુ પડતું કહેવાય; તેથી બીજા કોઇને પૂછજો! એ શંકાના ઉત્તરમાં કહે છે:

**नूनं भगवतो ब्रह्मन् हरेरद्भुतकर्मणः ।**

**दुर्विभाव्यमिवाभाति कविभिश्चापि चेष्टितम् ॥ ८ ॥**

**तथा गुणांस्तु प्रकृतेर्युगपत्क्रमशोऽपि वा ।**
**बिभर्ति भूरिशस्त्वेकः कुर्वन् कर्माणि जन्मभिः ॥ ९ ॥**

**શબ્દાર્થ**:—હે બ્રહ્મન્, અદ્‌ભુત કર્મવાળા હરિનું આ કામ ડાહ્યા પુરુષની પણ બુદ્ધિમાં ન આવે તેવું લાગે છે. તે પોતે એક છે છતાં તેવા તેવા પ્રકૃતિના ગુણને પોતે ધારણ કરે છે અને જન્મો વડે કર્મો કર્યા કરે છે; તે અનેક કર્મો કરે છે.

**ભાવાર્થ**:—**ब्रह्मन्** એમ સંબોધન તો એટલા માટે આપ્યું કે આપ બ્રહ્મરૂપ છો તેથી મારા પ્રશ્નમાં કાંઈ અતિશય જોઇને પણ ક્ષોભ નહિ પામો. દુઃખ નથી દેતા પણ સુખ આપે છે. એ બે વાત **भगवत्** અને **हरि** શબ્દથી બતાવી છે. વળી ભગવાનનું સામાન્ય ચક્ર પણ બુદ્ધિમાં એવું છે તે કયા ગુણો વડે કરે છે? તે પણ હરિ હોવાથી બીજાનાં દુઃખ નિવારવા કરે છે. તે બીજાનો છેડો નથી તેમ તેમના દુઃખોનો છેડો નથી. શું કરવાથી બધાંના દુઃખો જાય એ જણાતું નથી. તેમાં પણ ભગવાન્ અદ્‌ભુત કર્તા છે: કરે બીજું અને થાય બીજું; એટલે ડાહ્યામાં ડાહ્યો પણ તેનામાં મૂંઝાય. તેની અનેક કલ્પનાઓ ત્યાં કામ ન દે. તેથી બીજો તે પ્રશ્નને ઉકેલી ન શકે તેથી તેને એ ન પુછાય. વળી કયા સાધનથી તે કરે છે? તમે કહો કે ગુણોથી કરે છે તો તે ગુણોને ક્રમથી લે છે કે ત્રણને

સાથે લે છે? બધા સાથે જન્મતા નથી તેમ જ સાથે સાથે મરતા નથી. અથવા વારંવાર ગ્રહણ કરે છે? પ્રકૃતિના ગુણોને વધારીને તેના ઢગલાને ગ્રહણ કરે છે? અથવા પોતે એક છે તે અનેક થઇને એકી સાથે એવા ભેદથી ગ્રહણ કરે છે? વળી પોતે જ જન્મો લઇને કર્મો કરે છે? નાના જન્મો લઈને કર્મ કરાવે છે અને કરે છે? કર્મને અધીન થઇને કરે છે? (૮-૯)

એ પાંચ પ્રશ્ન કરીને સાકાંક્ષ હોય તેમ ઉપસંહાર (સમાપ્તિ) કરે છેઃ

**विचिकित्सितमेतन्मे ब्रवीतु भगवान्यथा ।**
**शाब्दे ब्रह्मणि निष्णातः परस्मिंश्च भवान् खलु ॥ १० ॥**

**શબ્દાર્થ**:—આપ ભગવાન છો, માટે મારા સંદેહને મટાડો, કેમકે આપ નિશ્ચયે વેદવિદ્યા અને બ્રહ્મવિદ્યામાં નિષ્ણાત (નિપુણ-કુશળ) છો.

**ભાવાર્થ**:—મારે આ જાણવાની ઇચ્છા છે. તે યથાર્થ આપ મને કહો. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ વિદ્યામાં આપ નિષ્ણાત છો. **खलु** પ્રસિદ્ધિનો વાચક અવ્યય કહ્યો એટલે હું જ કહું છું એમ ન માનો, પણ આપ પ્રસિદ્ધ છો. એટલો અર્થ તે અવ્યયથી મળી શકે. (૧૦)

શુકદેવજી સાધન સહિત તેનો ઉત્તર આપે છે તે સૂતજી કહે છેઃ

**सूत उवाच ।**

**इत्युपामन्त्रितो राज्ञा गुणानुकथने हरेः ।**
**हृषीकेशमनुस्मृत्य प्रतिवक्तुं प्रचक्रमे ॥ ११ ॥**

**શબ્દાર્થ**:—સૂતજી બોલ્યાઃ ભગવાન હરિના ગુણ કહેવા માટે શુકદેવજીને રાજાએ વિનંતી કરી ત્યારે ભગવાનનું સ્મરણ કરીને શુકદેવે તેને કહેવાનો આરંભ કર્યો.

**ભાવાર્થ**:—ઉપામંત્રણ એટલે પ્રાર્થના. તે બધા સંદેહને દૂર કરનાર ભગવાન છે. તે હૃષીક ઇન્દ્રિયોના નિયામક છે. તેનું સ્મરણ કરી ઉત્તર આપવાનો ઉપક્રમ કર્યો. उपक्रम એટલે દેવતા અને ગુરુને નમસ્કાર કરવા. **गुणानुकथने उपामन्त्रितः** ગુણોનું અનુકથન કરવાને આમંત્રણ આપ્યું, એમ સ્કન્ધના આદિમાં નથી કહ્યું તેનું કારણ આ છે. કહ્યા વગર કહેવાય નહિ એવી રીત છે.

सर्वशास्त्रार्थनिर्धारः सप्तभिर्नमनोक्तिभिः ।
पञ्चभिः प्रार्थनावाक्यैः माहात्म्यं तस्य वर्ण्यते ॥ १ ॥
षकेन व्यासनमनमेतावच्छुकभाषितम् ।
अन्यत्कथाप्रसङ्गेन परोक्त्या वा निरूपितम् ॥ २ ॥
नमनादेव भगवान् सर्वसंशयवारकः ।
प्रार्थितः कामनां दद्यान् नान्यथेति द्वयेरणम् ॥ ३ ॥

શુકદેવજીએ સાત શ્લોકથી ભગવાનને નમન કર્યું. તેમાં સર્વશાસ્ત્રનો નિશ્ચય કર્યો છે. પાંચ પ્રાર્થનાવાક્યમાં ભગવાનનું માહાત્મ્યજ્ઞાન કહેવામાં આવે છે. (૧) એક શ્લોકથી વ્યાસને (પોતાના પિતાને) નમન કરે છે. આટલી શુકદેવજીની ઉક્તિ છે. બીજું તો કથાના પ્રસંગને માટે બીજાની ઉક્તિથી નિરૂપણ કર્યું છે. (૨) ભગવાનને નમન કરવાથી તે સર્વ સંદેહનો નાશ કરે છે. જો તેની પ્રાર્થના કરો તો કામના પૂર્ણ કરે, તે સિવાય તે પ્રાર્થના ન પૂરે; માટે એ બતાવ્યાં. (૩)

જો કે રાજાએ પાંચ પ્રશ્નો કર્યા તથાપિ સર્વ સંદેહ મટાડવા માટે ભગવાનનું સ્મરણ કર્યું, તેથી તે તે સંદેહની નિવૃત્તિપૂર્વક ભગવાનનો અનુવાદ કરીને નમન કરે છે. તેમાં પ્રથમ ઉત્પત્તિના પ્રકારમાં રાજાને સંદેહ છે તે પ્રકારને કહેતા શુકદેવજી ૧૩ શ્લોકથી નમન કરે છે:

श्रीशुक उवाच ।

**नमः परस्मै पुरुषाय भूयसे सदुद्भवस्थाननिरोधलीलया ।**
**गृहीतशक्तित्रितयाय देहिनामन्तर्भवायानुपलभ्यवर्त्मने ॥ १२ ॥**

**શબ્દાર્થ:**—શ્રીશુકદેવજી બોલ્યા: પરમપુરુષને નમું છું. જે સદ્રૂપ જગતની ઉત્પતિ સ્થિતિ અને નાશને માટે પ્રાણશકિતને ધારણ કરે છે અને પ્રાણીઓના અંદર પ્રકટ થાય છે, જેના માર્ગને કોઇ જાણતો નથી એવા મોટા મહિમાવાળા ભગવાનને મારા નમસ્કાર છે.

**ભાવાર્થ**—પ્રથમ ભગવાન પર અસંગ ઉદાસીન એક હતા: ત્યાર પછી તે અસંગ હતા તે પુરુષ થયા. તેથી અશરીર અને વ્યાપક વિષ્ણુએ પુરુષ-શરીરનો સ્વીકાર કર્યો એ કહ્યું. પછી बहु स्याम् હું બહુ રૂપે થાઉં, એ ઇચ્છાથી એક જ બહુરૂપે થયા; ત્યાર પછી જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયને માટે ત્રણ પ્રકારથી પોતાની માયાના ગુણોને ધારણ કર્યા. ત્યાં सत् કહ્યું છે તેથી असत्થી ઉત્પત્તિ થતી નથી એમ બતાવ્યું. असत्ની સત્તા માનવાની નથી. તેની ઉત્પત્તિ પાલન અને સંહાર લીલાર્થ કરે છે. સદ્રૂપે ભગવાન પ્રકટે છે, સ્થિતિ કરે છે, લીન થાય છે. એથી ક્રમ પણ બતાવ્યો. સદંશ વ્યાપક છે, ઉત્પન્ન થતો અપરિચ્છિન્ન છે. એક સાથે જ દેશભેદથી એકત્ર ક્રમથી જેમ લીલા થાય તેમ કરે છે. પછી તેમાં અંતર્યામીપણાથી પ્રવેશ કરે છે. તે પણ બહારથી અંદર જતા નથી, પણ અંદર જ પ્રકટ થાય છે. નામ અને રૂપ એમ બે જાતની સૃષ્ટિમાં નામસૃષ્ટિ માટે બધું સર્જીને સર્વમાં પછી પ્રવેશ કરીને તે પણ કોઈ તેનો માર્ગ જાણે તેમ પ્રવિષ્ટ થઇને દેખાય છે; તેથી તેનું જ્ઞાન ગુરુ અને વેદાદિથી થાય છે. (૧૨)

એમ ભગવાનનાં મૂળરૂપ, સમષ્ટિરૂપ, વ્યષ્ટિરૂપ, અન્તર્યામિરૂપ અને ફલરૂપ એમ પાંચ રૂપ બતાવ્યાં તે સૃષ્ટિ સ્થિતિ લય ભોગ અને મોક્ષ એ પાંચ કાર્ય માટે પાંચ રૂપ થયાં છે. હવે અવાન્તરના પ્રયોજન વિષયક સંદેહને દૂર કરતા શ્રીશુકદેવજી નમન કરે છે:

**भूयो नमः सद्वृजिनच्छिदे सतामसंभवायाखिलसत्त्वमूर्तये।**
**पुंसां पुनः पारमहंस्य आश्रमे व्यवस्थितानामनुमृग्यदाशुषे ॥ १३ ॥**

**શબ્દાર્થ**:—સત્પુરુષના પાપને મિટાવનાર, સત્પુરુષના સંસારને દૂર કરનાર, તેને ફલ આપવા માટે સર્વ સત્ત્વમૂર્તિને ધરનાર, પરમહંસાશ્રમ પદમાં વસતા સંન્યાસીઓને તેને જોઈતું તત્ત્વ આપનાર ભગવાનને હું પુનઃ પુનઃ નમન કરું છું.

**ભાવાર્થ**:—અન્તરમાં રહીને પાપ નાશ કરે જ છે પણ બહાર રહીને પણ નાશ કરે છે એમ કહેવાય, માટે भूयः પદ પ્રયોજ્યું છે. અથવા અત્યુપકારી હોવાથી નમસ્કારનું વિશેષણ भूयः પદ છે; એટલે વારંવાર નમન હો, એવો તેનો અર્થ થાય. ભગવાન ભૂતળ ઉપર અવતાર ધરે તે સત્પુરુષનાં દુઃખ દૂર કરવાના હેતુથી ધારણ કરે. જો કે બીજી રીતે પણ દુઃખ દૂર કરવાને ભગવાન્ સમર્થ છે તોપણ દુઃખ સર્વાત્મથી નિવૃત્ત ન થાય, તે દુઃખનો પ્રવાહ ભગવાન્‌માંથી છૂટા પડયા ત્યાંથી તેમનામાં પ્રવેશ કરીએ ત્યાંસુધી પ્રકટ કે અપ્રકટરૂપે રહે જ છે; તેને દૂર કરવાને તો ભગવાનનો સંબંધ જ સમર્થ થાય છે. તેથી મધ્યમાં પ્રકટ થઈ તે દુઃખ-પરંપરાને દૂર કરે છે, તે સત્પુરુષને પુનર્જન્મ શરૂ કરવા માટે પધારે છે; પરબ્રહ્મને દેહ ધરવામાં કે પ્રકટ થવામાં બીજું નિમિત્ત નથી જોઈતું. સત્પુરુષો ભગવાનના સંબંધથી સત્ત્વને પ્રાપ્ત થાય છે, પણ તે ચિદાનંદને પામતા નથી. ફરીને જગતમાં ન આવે તો સત્ત્વમાં પણ સંદેહ રહે. તેનાં કરેલાં સાધનો તો સત્ત્વરૂપ કરવામાં જ ખર્ચાઇ ગયાં; તેથી એવા સત્પુરુષોનો પુનર્જન્મ ન થવા માટે ભગવાન પ્રકટ થાય છે. માટે દુઃખ દૂર કરવું તો અલ્પ છે, પણ તેનો ભાવ પણ પોતે અંગીકાર કરે છે. સર્વ સત્ત્વો તેના સ્વરૂપમાં છે, સર્વાંશે સત્ત્વગુણ ધરે છે તેથી સાધનની જરૂર હોય તો પોતે સર્વ સાધન કરે છે, અથવા દેવોને પ્રકટ કરે છે. એટલા માટે જ સત્ત્વગુણનો આવિર્ભાવ થાય છે એમ લોકમાં પ્રસિદ્ધિ થાય છે. અથવા બધા સાત્ત્વિક જીવો જે સ્વરૂપમાં છે, એવો અર્થ કરવો. તેથી અનન્ત જન્મ થાય તો તેના પ્રતિનિધિરૂપે સર્વ પ્રકારના સર્વ જીવોને ઉત્પન્ન કર્યા; તેથી તેમને ભગવદવતારથી પ્રતિનિધિપણાથી પોતાનો અવતાર છે, તેથી એના જેવો કોઈ ભક્તવત્સલ કોઇ નથી. એનાથી ભગવાનનું ભજનીય રૂપ કહ્યું. વળી કેવળ ભક્તના ઉદ્ધાર માટે જ ભગવાન

પધારે છે એવું નથી, પણ જ્ઞાનીને માટે પણ પધારે છે. પારમહંસ્ય આશ્રમમાં હોય તે દરેક કલ્પના અન્તમાં સંન્યાસીરૂપે ઉત્પન્ન થયેલ સનકાદિકના જ્ઞાનને પામીને પદાર્થને નજીક દેખતા. દૂર છતાં દૂર છે, એવું જેને ભાન નથી, તેને માટે અતિ ક્લેશ પામતા જ્ઞાનીઓને શોધવા લાયક ક્રમમુક્તિ, સદ્યોમુક્તિ, અવાંતર ભેદ અને સામીપ્યાદિને આપનાર અથવા અનુમૃગ્યના દેનાર. **दाशुषे** એ વૈદિક પ્રયોગ કર્યો છે તેથી ફ્લને કેવળ વૈદિકતા કહી છે. અથવા અનુમૃગ્ય એટલે વિચાર કરવા યોગ્ય. આજ પણ અને કરોડો જન્મે પણ તે પદ વિચારણીય જ છે; તેથી તેવા જ્ઞાનીઓના ક્લેશ દૂર કરવા માટે પોતાનો આત્મા તેને આપે છે. બીજી રીતે ભગવાન આત્મા છે તે મળે નહિ. જ્ઞાનથી પણ આત્માપણાથી ભાસે છે. બાળકને હથેળીમાં ચાંદો દેખાય તેમ, વારંવાર આન્તનિષ્ઠારૂપ આશ્રમમાં પ્રવેશ કરનાર ભગવાનથી બહિર્મુખ થતા નથી. હંસો તો માનસે (સરોવરમાં) પણ રમે છે. પરમહંસો તો તેનાથી અન્તરતમ આત્મામાં રમે છે; આત્મ અને અનાત્મના સંઘાતમાં આત્માને શોધે છે; તેથી જ તે જ્ઞાનીઓને અનુમૃગ્ય રહે છે. (૧૩)

એમ અવતારનો સંદેહ દૂર કરીને સર્વ વર્ણોને આવશ્યક ભજનીયપણાનો નિર્ધાર કરે છે. હવે પ્રયોજન વિષયક સંદેહ દૂર કરતાં ભગવાન એક ભક્તિથી જ મળે છે, એ વાત યુક્તિપૂર્વક કહેતા નમન કરે છેઃ

**नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् ।**
**निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥१४॥**

**શબ્દાર્થ**:—ભક્તોના પાલક, ભક્તિ રહિતથી ઘણા દૂર રહેનાર, જેની તુલ્ય કે જેનાથી અધિક કોઈ નથી એવા ઐશ્વર્યની સાથે બ્રહ્મરૂપી સ્વધામમાં આવનારને મારા નમસ્કાર છે.

**ભાવાર્થ**:—શુકદેવજી ભક્તિના ઊભરાથી બહુવાર નમસ્કાર કરતા તે જ પ્રાર્થના કરે છે. શાસ્ત્રમાં પૂર્ણ છે તેને ભગવાનનાં દર્શન થતાં તેણે નમસ્કાર કરવો યોગ્ય છે. એ સદુપદેશ આપતાં બીજું ભક્તનું કર્તવ્ય નથી, કેમકે તેનું બીજુ વધારે શું કરી શકાય, તે વાત **किमासनं ते गरुडासनाय** એ શ્લોકથી કહી છે. તેથી એવા અમોને ભગવત્સાક્ષાત્કાર થાય તો અમે એવો નમસ્કાર કરીએ; એ પ્રાર્થનામાં કારણ એ જ છે. એ બધાં સાધનમાં નમનને મુખ્ય સાધન કહ્યું. તે નમસ્કાર તમારે માટે હો; તે મારે માટે ન હો. અથવા તે પદથી 'તેથી' એવો અર્થ કરવો. આથી વધારે પ્રયોજન અમારે તમારી પાસે નથી, એ શાસ્ત્રસંગ્રહ છે. બધાં શાસ્ત્રો ભગવાનનાં દર્શન થાય તો નમસ્કાર કરવા એમ પોકારીને કહે છે તે શાસ્ત્રસંગ્રહનો અર્થ છે. '**तदधीनवचने साति:**' એ પાણિનિના સૂત્રથી **सात्** પ્રત્યય અધીન અર્થમાં છે.

જેમ કે आत्मसात् એટલે આત્માને અધીન; भस्मसात् ब्रह्मसात् ભસ્મરૂપ, બ્રહ્મરૂપ એવા અર્થમાં થાય છે તે सात् વાળા सात्वत् કહેવાય; એટલે ભગવાનને અધીન ભક્તો. તેના ઋષભ એટલે શ્રેષ્ઠ સ્વામી ભગવાન છે. આવો અધીનતારૂપી ભાવ થયો તે ભગવાન સ્વામી છે તેથી નથી થયો, પણ નમન કરવા માત્રથી. નમન અધીનતામાં પરિણામ પામ્યું ત્યારે તેનામાં અધીનતા-રૂપ ધર્મ આવ્યો. ત્યારે અધીન હોય તેને તો ભગવાન સેવા પણ આપે; તેથી વંદન પછી દાસ્યભક્તિ થાય છે તેનું કારણ એમાં બતાવ્યું. જે લોકો યોગાદિ સાધનથી આપણે ભગવાનને મેળવીશું એમ કહેનારા કુયોગી છે. कु નો અર્થ પૃથ્વી કરીને કહે છે કે તે લોકો પૃથ્વીમાં જ યોગ કર્યા કરો, કેમકે પૃથ્વીમાં રહેનારો બ્રહ્માણ્ડની બહારની વસ્તુને જાણી ન શકે. આ યોગ તો ક્ષુદ્ર છે; તે પૃથ્વીના ક્ષુદ્ર ફળને આપી શકે છે. માટે જ યોગના ફલમાં अणिमादि સિદ્ધિઓ ગણાવી છે. યોગ તો, કરે તેને સ્વાધીન થાય છે. ભગવાન સ્વાધીન થતા નથી, પણ યોગના ઈશ્વર છે. માટે યોગમાં જેની બુદ્ધિ લાગી છે તેવા યોગીઓને કઇ દિશામાં ભગવાન છે એ દિશાનું પણ જ્ઞાન થતું નથી. તે ભગવાનને પ્રાપ્ત કરવાનાં સાધનો તેનાથી પણ દૂર છે. આથી બીજાં સાધનોથી આ ભગવાન પ્રાપ્ત થતા નથી. એકવાર કુયોગ કરે પણ પછી દિવ્ય યોગ કરતો રહે તો ભગવાનને મેળવે પણ ખરો. પરંતુ વારંવાર કુયોગ કર્યા કરે તેણે ભગવાન મળવાની આશા પણ ન રાખવી. કોઇ દિવસ પ્રાપ્તિની આશા નહિ એ विदूरकाष्ठा શબ્દનો અર્થ સમજવો. તેમાં मुहुः કહ્યું છે તેથી તેને ભગવાન મેળવવાનું સાધન જ નથી મળતું એમ કહ્યું. તેથી અન્વય વ્યક્તિરેકથી ભક્ત્યેકલભ્યપણું સિદ્ધ કર્યું છે. જ્યાં ભક્તિ ત્યાં ભગવાન, એ અન્વય કહેવાય. જ્યાં ભક્તિ નહિ ત્યાં ભગવાન નહિ એ વ્યતિરેક કહેવાય. વળી ભગવાનની પાસે કોઈ એક સિદ્ધિ છે એવી સિદ્ધિ ક્યાંય બીજે નથી. તેના જેવી પણ બીજી સિદ્ધિ નથી, તેનાથી અધિક પણ નથી. તે સિદ્ધિ ભગવાનને અધીન છે, તેથી તેની સાથે ભગવાન પોતાના ઘર આગળ જ રમ્યા કરે છે. તેનું ઘર અક્ષરાત્મક બ્રહ્મ છે. रंस्यत् પદનો અર્થ કરે છે કે પોતાનો રસ તેના સંબંધથી તેમાં પ્રકટ કરે છે, એટલે સ્વરૂપમાં રહ્યા સિવાય બીજે ક્યાંય પણ રમતા નથી. ભગવાનનો રસ સ્વરૂપથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. ઘર પણ તેનું જ છે. તેનું સાધન સામ્ય અને અતિશય વગરની સિદ્ધિ જ છે; તેથી તે રસની પ્રાપ્તિ બીજાને દુર્લભ છે, પણ ઘરના સેવકને તે સુલભ છે. તે તો પોતાને ઘેર તેને લઇ જઇને તેની સાથે રમશે જ. આ યુક્તિપ્રમાણે ભગવાન એક ભક્તિથી જ પ્રાપ્ત થઇ શકે છે. પોતાનું ધામ કહ્યું એટલે બીજો ત્યાં જઇ ન શકે, રહી પણ ન શકે. વળી તે બ્રહ્મ છે તેથી તેને છોડાય પણ નહિ. નિરન્તર રસપ્રવાહ ચાલ્યા કરે છે, તેથી સાયુજ્યની અપેક્ષા રહેતી

નથી, એટલે એવી ભક્તિ ન થાય ત્યાંસુધી ભગવાનને નમન કરવું. એ કહેવા માટે કહે છે કે એવા ભગવાનને મારા નમસ્કાર હોજો. એવા ભગવાનને જાણીને નમવું યોગ્ય છે. શુક વગેરેને તે નમનમાં છેવટ છે એમ સૂચવ્યું તે પણ, આગળ પહોંચ્યા નથી પણ તે તેમને એવા જાણીને નમન કરે છે, તે માટે. (૧૪)

એમ પ્રેમભક્તિવાળાને કાંઈ કરવાનું નથી એમ કહીને બાહ્ય ભક્તિના ફલને નિયમિત કરીને નમન કરે છે:

**यत्कीर्तनं यत्स्मरणं यदीक्षणं यद्वन्दनं यच्छ्रवणं यदर्हणम् ।**
**लोकस्य सद्यो विधुनोति कल्मषं तस्मै सुभद्रश्रवसे नमोनमः ॥१७॥**

**શબ્દાર્થઃ**—જેનું કીર્તન, જેનું સ્મરણ, જેનું દર્શન, જેનું વંદન, જેનું શ્રવણ, જેનુ પૂજન લોકના પાપને તરત દૂર કરે છે એવા કલ્યાણ યશવાળા ભગવાનને વારંવાર નમન હો.

**ભાવાર્થઃ**—બહારની છ પ્રકારની ભક્તિ સંસારીઓનાં પાપનો તત્કાળ નાશ કરે છે. ઈક્ષણ[1] પાદસેવનસાધ્ય છે. અહીં પાપક્ષયમાં તારતમ્ય બતાવવા માટે ભક્તિનો ક્રમ જુદો રાખ્યો છે. તેમાં કીર્તન તો કહેનાર અને સાંભળનાર બધાનાં પાપને હરે છે, માટે શ્રવણ કરતાં પણ મોટું કહેવા માટે કીર્તનને પહેલો નંબર આપ્યો છે. પછી તે કીર્તનના મૂળરૂપ, જેનાથી કીર્તન કરી શકાય, પોતાના અન્તઃકરણ માત્રથી સિદ્ધ થાય, આધ્યાત્મિક પાપને દૂર કરીને અન્તઃકરણને શુદ્ધ કરે, એવા સ્મરણને બીજો નંબર આપ્યો છે. એમ કીર્તન અને સ્મરણ કરતાં પ્રેમ ઉત્પન્ન થયો ત્યારે જે ભગવાનનું દર્શન થાય તે કાંતો પ્રેમ હોય તો ભગવાન આવે અથવા પ્રેમની પ્રેરણાથી ભક્ત ભગવાન પાસે પહોંચે ત્યારે દર્શન થઇ શકે છે. જેમાં ભગવાનનો પ્રતાપ જોઈ શકાતો હોય તે ભગવાનનો પ્રતિનિધિ કહેવાય. પ્રીતિ તો થોડી હોય તો ભગવાનને તે ચલાવી ન શકે, એટલે ભગવાન ચાલીને ન આવે તો બહારથી તેનું દર્શન થાય. અથવા અન્તઃકરણમાં ભાવનાથી દર્શન કરવું. તે દર્શનથી આધિદૈવિક પાપ નિવૃત્ત થાય છે. "**यद्देवानां चक्षुष्यागोस्ति**" એ મન્ત્રમાં તે પાપનું સ્વરૂપ બતાવ્યું છે. તે ભગવાનની દૃષ્ટિનો વિષય થાય તો તેની ક્રૂર દૃષ્ટિ નિવૃત્ત થાય છે, એટલે તે દોષ મટે છે. પછી વંદન કરવાથી ભગવદીયના અપરાધરૂપ દોષ મટે છે. ખરી રીતે તો જીવ ભગવાનનો સેવક થયો, પણ તે ઘણો વખત સેવા વગર રહ્યો. તે સ્વધર્મ છોડયો તે અધર્મ થયો. તે અધર્મ

---

૧ ઈક્ષણ નવવિધ ભકિતમાં નથી, તેને અહીં ભકિતમાં કેમ ગણ્યું, એ શંકા ન થવા માટે કહે છે કે પાદસેવન ભકિત ઈક્ષણસાધ્ય છે, તેથી ઈક્ષણ એ પાદસેવન ભકિતમાં ગણાય છે, તેથી તેનો ભકિતમાં ઉપયોગ છે.

દર્શન કર્યા પછી વંદન કરવાથી મટે છે. પછી ભગવદીયોના મુખથી ભગવદ્-વાક્ય સાંભળવું, તેથી સર્વ વસ્તુનું ખરું સ્વરૂપ સમજાય; તેથી તેના અજ્ઞાનરૂપ મૂળ પાપ નિવૃત્ત થાય. તે માહાત્મ્ય જાણ્યા પછી ક્ષણ ક્ષણમાં પૂજન કરવાથી તે ભગવાનની માયાના મોહરૂપી પાપ નિવૃત્ત થાય છે. તે પૂજન શરણાગતિરૂપ છે. અનન્યતા નથી રહી તેથી અર્હણ કહ્યું. એમ ભક્તિમાર્ગના આવેશવાળા બીજા પણ એમ કરે તો તે પાપ જતાં સર્વપાપનિવૃત્તિરૂપ ફલ મળે છે. આ બધાનું મૂળ ભગવત્કીર્તન છે. તે ભગવત્કીર્તિ સુભદ્રા છે. ભદ્ર અને અભદ્ર તુલ્ય છે તેમાં અભદ્રનો નાશ કરે તે સુભદ્ર કહેવાય. પ્રથમ શ્રવણ તો હૃદયમાં આવીને બધાં ભૂતોમાં ભટકતાં પણ પાપને મટાડી શકતું નથી, તેથી આ શ્લોકમાં પહેલું શ્રવણ કહ્યું નથી. કીર્તન તો દેહનાં પાપોને કાઢવાને સમર્થ હોવાથી પ્રથમ કહ્યું. એમ ક્રમ ફેરવવાનો હેતુ સમજવો. (૧૫)

એમ છ પ્રકારની ભક્તિ છ પ્રકારના પાપને દૂર કરે એમ કહ્યું. કીર્તિ જો બધાં પાપ દૂર કરે તો મોક્ષ ન કરી શકે, તેથી શાસ્ત્રનો વિરોધ આવે; તેથી પ્રકારાંતરથી કીર્તિ મોક્ષપર્યવસાયી છે તે હવે કહે છેઃ

**विचक्षणा यच्चरणोपसादनात् सङ्गं व्युदस्योभयतोऽन्तरात्मनः ।**
**विन्दन्ति हि ब्रह्मगतिं गतक्लमास्तस्मै सुभद्रश्रवसे नमोनमः ॥१६॥**

**શબ્દાર્થઃ**—વિચક્ષણ લોકો જેના ચરણનો આશ્રય કરી આ લોક પરલોકનો સંગ છોડી ગ્લાનિ રહિત થઇ બ્રહ્મગતિને પામે છે, એવા સુંદર યશવાળા ભગવાનને વારંવાર નમન હો.

**ભાવાર્થઃ**—અચતુરોને માટે ભક્તિના આ છ પ્રકાર કહ્યા. તે ભક્તિ કરતાં કરતાં તે વિચક્ષણ થાય છે, ત્યારે ભગવાનના ચરણમાં તે રહે છે, એટલે તે બીજાના ઉપયોગના રહેતા નથી. ત્યારે ચરણમાં જ રહીને આ લોક પરલોકના સંગને છોડે છે. જ્યારે એકમાં જ રહ્યા ત્યારે સંગની શિથિલતા થાય. તે પણ અન્તઃકરણથી ભગવાનમાં રહે; તેથી સંગ પણ અન્તઃકરણથી છૂટે છે, ત્યારે અન્તઃકરણને ખેંચનાર કોઈ ન રહ્યો, તેથી તે જીવને ભગવાન પાસે જવાનું સામર્થ્ય આવે છે. ચરણમાં જે ચોટ્યા તે ચરણની સાથે ચાલે, તેનાથી જુદા પડીને નથી ચાલતા, એટલે તે બ્રહ્મગતિને પામે છે, બ્રહ્મની સાથે ચાલે છે અથવા બ્રહ્મમાં જાય છે. અક્ષરને ભગવાનના ચરણરૂપ ગણો કે ગૃહરૂપ ગણો તોપણ તે શરણરૂપ તથા અક્ષરરૂપ તે બન્ને બને છે. તેથી માર્ગાન્તરથી પણ એવું સાધન કરો તોપણ સર્વતુલ્યતા થાય છે, કેમકે બન્નેનો એક જ અર્થ છે; માટે હવે જે કહેવાશે તે યોગ્ય જ કહેવામાં આવશે.

ભક્તિની ગતિ જ્ઞાનરૂપ છે. તેથી જ જ્ઞાનને ક્રિયાપણું અને ધાત્વર્થપણું ઘટે છે. જ્ઞાનને ક્રિયાપણું ભગવાનની ક્રિયા વડે છે. ભગવાનને ઇન્દ્રિયો ન હોવાથી ભગવાનની ક્રિયા ઇન્દ્રિયજન્ય નથી, તેમ નિત્યક્રિયા પ્રસિદ્ધ નથી. યોગ તો ક્રિયારૂપે ભગવાન જ પ્રકટે છે. બીજા પદાર્થની પેઠે ક્રિયા પણ એક ભગવાનનું રૂપ છે. **तदेजति तन्नेजति** ઇત્યાદિ શ્રુતિઓ તો, ભગવાન વિરુદ્ધ ધર્મના આશ્રય છે તેથી ભગવાન્ ધર્મરૂપે પ્રકટે છે, તે રૂપનું પ્રતિપાદન કરે છે; તેથી સચ્ચિદાનંદની પેઠે ક્રિયા સ્વરૂપભૂત નથી બનતી; તેથી જ્ઞાન જ પ્રકાશ સ્વભાવવાળું હોવાથી જતું હોય તેમ દેખાય છે. સ્મરણ કરતાં મન જાય છે એમ કહેવાય છે તેમ ભગવાનનું જ્ઞાન પણ ક્રિયાવાળું છે, તેથી ભગવાનની ગતિ–ચૈતન્યરૂપને તે જીવો પ્રાપ્ત થાય છે, અલભ્ય લાભની જેમ પ્રાપ્ત થાય છે. **चिति तन्मात्रेण तदात्मकत्वात्** એ પ્રકારે ભગવાનને તેથી જ મુખ્ય સિદ્ધાન્તથી પણ ફલમાં ભેદ છે. **हि** આ અર્થ યોગ્ય છે એમ સૂચવે છે, કારણ કે કીર્તિ મુક્તિમાં પરિણામ પામે છે. **गतक्लम** કહેવાથી જ્ઞાનાદિમાર્ગથી પણ અક્ષરરૂપ ફલને પામે છે છતાં **क्लेशोऽधिकतरस्तेषाम्** એ ગીતાના કથન પ્રમાણે તેને ક્લેશ થાય છે, ત્યારે કીર્તનની પ્રણાડીથી જે ભગવચ્ચરણ અક્ષરને પામે છે તેને ક્લેશ થતો નથી, એમ સમજવું. આમ બીજાં સાધનોથી ભક્તિની વિલક્ષણતા કહી. તેથી કીર્તિને આગળ કરીને અહીં નમન કર્યું છે કે સુંદર કીર્તિવાળા તે ભગવાનને મારા નમસ્કાર હો. બહારની ભક્તિ કરનાર ઉપર પણ આવો મોટો અનુગ્રહ કરે છે, તેથી તેની આદરથી વારંવાર કીર્તિ ગાતા નમસ્કાર હો. એમ છેલ્લે **नमो नमः** એમ બે વાર નમન કહ્યું છે. આ બે વાર નમન કહ્યું છે તે આદરસૂચક છે. (૧૬)

એમ જ્ઞાન અને ભક્તિમાર્ગને સારી રીતે કહીને ભજનની આવશ્યકતાને બતાવતા શુકદેવજી સ્વરૂપનો સંદેહ[1] દૂર કરે છે:

**तपस्विनो दानपरा यशस्विनो मनस्विनो मन्त्रविदः सुमङ्गलाः।**
**क्षेमं न विन्दन्ति विना यदर्पणं तस्मै सुभद्रश्रवसे नमोनमः ॥१७॥**

**શબ્દાર્થઃ**—તપ કરનાર, દાન દેનાર, યશ માટે યત્ન કરનાર, વાવ[2] કૂવા ધર્મશાળા કરાવનાર, મંત્ર જાણનાર, યોગીઓ તથા સદાચારથી ચાલનારા જેને અર્પણ કર્યા વગર તપ આદિના ફલને મેળવી શકતા નથી, એવા સુન્દર કીર્તિવાળા પરમેશ્વરને મારાં વારંવાર નમન હો.

૧. કેવળ કર્મઠ શુદ્ધ કર્મવાળો કહેવાય કે ભગવાનને કર્મ અર્પણ કરનાર શુદ્ધ કહેવાય એ સંદેહને દૂર કરવા માટે આગળ કહેવામાં આવે છે.

૨. વાવ, કૂવામાં 'આદિ' શબ્દ કહ્યો છે તેથી કવિતા કરનાર પણ યશોગાન કરનાર હોવાથી તેમાં આવી જાય છે.

**ભાવાર્થ**:—યશસ્વી એટલે કૂવા બગીચા વગેરે બનાવનાર. મંત્રોપાસકો અથવા યજ્ઞ કરાવનાર **मन्त्रविद्** શબ્દથી લેવા. સુમંગળ=સદાચારી એ છ કર્મમાર્ગીઓ ગણાવ્યા. તપ[1] સંતાપ કરાવનારું છે. તે તો પાકની જેમ સાધનરૂપ છે, તે સુખ આપનાર નથી. દેહ અને ઇન્દ્રિયો કલેશ પામે તેથી સુખ નથી થતું તેનું શાસ્ત્રમાં વિધાન કર્યું છે, તેથી ફલ દેવામાં પણ દેનારનો સંબંધ તે કરાવી શકતું નથી. આજ્ઞા માત્રથી તે કરવાનું છે તોપણ પોતાના આત્માનું અર્પણ થાય છે. તે અદૃષ્ટદ્વારા ફળ આપે છે એમાં કાંઈ પ્રમાણ નથી. **कर्षयन्तः शरीरस्थं भूतग्रामम्** એમ કહેવાથી તેમાં કલેશરૂપ બાધ છે. **मत्त एव पृथग्विधाः** મારાથી જ જુદાં જુદાં ફલ બધાને મળે છે, એમાં ફલમાં હેતુ ભગવાન્ છે. પરંપરાકલ્પનામાં કાંઇ પ્રમાણ નથી. ભગવાનની ક્રીડામાં ઉપયોગને લાયક દેહ કરી આપે તેથી તે દેહ ભગવાનને યોગ્ય બને. જો કહેવામાં આવે છે કે ભગવાન સર્વના આત્મા છે, તે જીવનો કલેશ જોઈને ફલ આપે છે અથવા બીજાના કલેશ મટાડવા માટે ફલ આપે છે, તે ફલ ક્ષેમરૂપ ન સમજવું, કેમકે ભગવાન આપે એ ફલ સ્પર્ધા અસૂયાવાળું ન હોય. એમ બહુ ભાગવાળાનું પોતે એકને આપીને તપાવીને પાત્રને શુદ્ધ કરે તેમ અવશેષ રહે તેને શોધે છે. હવે દ્રવ્યદાનની વાત કહે છેઃ તે પણ

---

૧. કર્મ ભગવદર્પણ ન થાય તો ફલ ન મળે એમ ન કહેવાય. ગીતામાં કહ્યું છે કે कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः। એ વાક્યથી કેવળ કર્મથી સિદ્ધિ કહી છે તો પછી તે કર્મ ભગવાનને અર્પણ કરવાથી શો લાભ છે? ત્યાં કહે છેઃ કર્મ ભગવદર્પણ થાય તો જ ફલ આપનાર થાય છે. એ વાત કહેવા માટે પ્રથમ તપનો દાખલો આપે છે. તે કર્મના અવાંતર ભેદરૂપ છે तप संतापे એ સંતાપાત્મક तप ધાતુ ઉપરથી તે શબ્દ સિદ્ધ થયો છે, કારણ કે તેમાં કૃચ્છ્રાદિ કરવાનાં હોય છે તે સંતાપ કરનાર હોય છે, તે તો શરીરને પકાવે છે. પકાવવામાં તાપ આપવો પડે ત્યારે અનાજ ખાવા યોગ્ય થાય, તે ખાવાથી સુખ આપે છે, તેમ શરીરને તપાવવાથી તે તેના સુખના સાધનરૂપ ભોગને યોગ્ય થાય પણ સુખ આપનાર થતું નથી. તેના સાધનને સિદ્ધ કરવામાં તે ક્ષીણ થાય છે તેથી તપ સુખ આપે છે એમ તપને ન કહેવાય.

૨. એકલું તપ ફલ ન આપે એમ ન કહેવાય. तपसा देवा देवतामग्र आयन् ઇત્યાદિમાં તપનું વિધાન શ્રુતિ કરે છે. તેના ફલનું પણ વિધાન છે તેથી દેવો દ્વારા તેનું ફલ મળશે ! એ શંકાના ઉત્તરમાં કહે છે કે તેનું શ્રુતિએ વિધાન કર્યું તે ફલવાળું કહેવાય. તે દેવત્વાદિ યોનિ આપીને ક્ષીણ થાય. તેથી તપ ફલભોગ વખતે ન હોવાથી તે સુખ સાધનને ઉત્પન્ન કરીને ક્ષીણ થાય છે. ત્યાં શંકા કરે છે કે ब्रह्मणे दर्शयन् रूपं ઇત્યાદિ વાક્યનો વિરોધ આવશે ! ત્યાં કહે છે કે ભગવાને તપની આજ્ઞા કરી હોય તો ભગવાનના વિચાર પ્રમાણે તપ કરવું જોઇએ. અને તેમને તે અર્પણ કરે એવા અભિપ્રાયથી જ तप એવી ભગવાને બ્રહ્માને સમાધિમાં આજ્ઞા કરેલી; તેથી તું મારો થઇ તપ કરી મને અર્પણ કર એવી આજ્ઞાથી તપ છે; કેવળ તપનું

ભગવાને અર્પણ કરવું જોઇએ. એમ ન કરો તો પૈસાનો અનેકવિધ ઉપયોગ થતાં જે ઉદ્દેશથી દાન કર્યું હોય તે ફલને તે અપાવી ન શકે. જો તેનો ભગવાનમાં વિનિયોગ કરો તો ઘણાનું તેમાંથી પોષણ થાય, અર્પણ ન કરો અને મોટી રકમ એકઠી કરો તો તેમાં ચોરી વગેરેનો ભય રહે છે, તેથી તેનાથી ક્ષેમપ્રાપ્તિ કોઇ રીતે થતી નથી. કૂવા બગીચા વગેરે બનાવવામાં ભગવાનની ઇચ્છા પ્રમાણે તે લોકને વિશ્રામ આપે છે. તેથી દાનની રીતે તેનો નિર્ણય સમજવો. મનસ્વી કહ્યા છે તેથી યોગી લેવાના છે. તે તો कुयोगीના વિચારથી જ વિચારવાના છે. સર્વનો નિરોધ કરવામાં તો તેના વચનથી કર્યું છે એટલે કોઇ જાતનો દોષ નથી. ધર્મમાર્ગમાં પણ धर्मः क्षरति कीर्तनात् ઇત્યાદિ વચનથી કરેલા ધર્મનો પણ નાશ થાય છે. તેથી જે કરવું તે ભગવાનને અર્પણ કરવું ઠીક છે. લોકમાં અમે પણ મોટા રાજાને આપવાથી ભોગ મળે તેનો કાળે નાશ થાય, ભગવદીયનો તો કાળ નાશ કરતો નથી. તેથી ભગવાન ભગવાન ભોગ કરે તો તે ભગવાનનું થાય અથવા તો પાછું મળે તો પ્રસાદરૂપે મળે; તો જ્ઞાન કે ભક્તિમાર્ગમાં પ્રવેશ થશે; તેથી સુભદ્ર યશવાળા ભગવાનને વારંવાર મારા નમસ્કાર હો. ત્રણ માર્ગમાં ભગવાનની કીર્તિ છે. બીજાનો તેમાં પ્રવેશ નથી, તેથી આદરથી તેમને નમસ્કાર કરે છે. (૧૭)

એમ સાક્ષાત્ ભગવાનના સંબંધીનો ભગવાનમાં પ્રવેશ થાય તેનો પ્રકાર કહ્યો, જેને ભગવાનનો સાક્ષાત્ સંબંધ નથી તેને ભગવાનમાં પ્રવેશ કરવાનો પ્રકાર હવે કહે છે, કારણ કે જન્મમરણાદિ પ્રવાહને છોડવા માટે તે છે. તે જ ભગવાન કહેશે. उदासीनोरिवद्धज्यः (ઉદાસીનને શત્રુની જેમ હણી તેનો

---

તે ફલ સમજવાનું નથી. પણ બ્રહ્માએ તપ ભગવાનને અર્પણ કર્યું તેનાથી પ્રસન્ન થયેલા ભગવાને જ ફલ આપ્યું. તે જ વાત સાતમા અધ્યાયમાં तप्तं तपः ત્યાં અને નવમા અધ્યાયમાં दुस्तोषः क्रूरयोगिनाम् ત્યાં એ વાત સ્પષ્ટ થશે. અદષ્ટ દ્વારા ફલ મળે છે એ વાતમાં અમો પ્રમાણ જોતા નથી. દૃષ્ટસમર્પણથી ફલ થાય છે એ પ્રત્યક્ષ છે તેને ન માનતાં અદષ્ટથી ફલ માનવું એ અન્યાય ગણાય. ગ્રહિલતાથી અદષ્ટને માનો તોપણ कर्षयन्तः शरीरस्थं भूतग्रामं એ વાકયમાં ભૂતગ્રામકર્ષણથી અદષ્ટની કલ્પના પણ થઈ શકતી નથી. ત્યાં શંકા કરે છે કે ભગવદર્પણથી ભગવાન ફલ આપે તેમ फलमत उपपत्तेः એ ન્યાયથી ફલ તો ભગવાન જ આપે તો પછી અર્પણમાં વિશેષ શું? તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાને કહ્યું છે કે મારા તરફથી સર્વ ફલ મળે છે; તો ભગવાન તેને પોતાની સેવામાં ઉપયુક્ત દેહ આપે ઇત્યાદિ કહીને તેનો નિર્ણય આપે છે કે ભગવાના વિચાર પ્રમાણે તપ કરે તો ભગવદીય કહેવાય. વિહિત તપ કરીને ભગવદર્પણ કરે તો શુદ્ધ કર્મઠ કહેવાય. તપ કરે પણ ભગવાનને તે અર્પણ ન કરે તો તે તપ અશુદ્ધ કહેવાય. અવિહિત કરે તો આસુર કહેવાય. એમ તપના ભેદનો વિવેક સમજવો. એવાં અનેક શંકાસમાધાન હોવાથી અત્રે જ વિરમીશું.

સંગ ન કરવો:) તેમાં ભગવાનનો આશ્રય કરનાર અને ભક્તનો આશ્રય કરનાર એક (મિત્ર) પક્ષમાં બીજા બીજા (શત્રુ) પક્ષમાં (મિત્ર શત્રુ ઉદાસીન તેમાં શત્રુ ઉદાસીન એક કોટી, મિત્ર એક કોટી, પહેલાં ગણાવ્યા તે એક કોટી, એમ બે કોટી સમજવી), એવો નિર્ધાર થાય છે તે કહે છે:

**किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्का यवनाः खसादयः ।**
**येन्ये च पापा यदपाश्रयाश्रयाः शुद्ध्यन्ति तस्मै प्रभविष्णवे नमः॥१८॥**

**શબ્દાર્થ:**—કિરાત હૂણ આન્ધ્ર પુલિન્દ પુલ્કસ આહીર કંક યવન અને ખસ વગેરે એ બધી હલકી જાતો તે તે દેશમાં રહેનાર છે, તે પાપી લોકો છે, તે પણ જે ભક્તનો આશ્રય કરવાથી શુદ્ધ થાય છે તે પ્રભવિષ્ણુ ભગવાનને મારા નમસ્કાર હો.

**ભાવાર્થ:**—કિરાત વગેરે તે તે દેશની પર્વતમાં રહેનારી અંત્યજની જાતો છે. તેનાં કામ પણ દોષવાળાં હોય છે. તે ભક્તનો સારી રીતથી આશ્રય કરવાથી શુદ્ધ થાય છે, ભક્તની પેઠે ભગવાનની સેવા કરવા લાયક થાય છે. બીજા પણ જેને પ્રાયશ્ચિત્તનો અધિકાર નથી તે પણ લાયક થાય છે. એ નવ પ્રકાર શ્લોકમાં કહ્યા છે. આઠ દિશામાં રહેતા તેમણે ભકત દ્વારા ભગવાનનું માહાત્મ્ય જાણ્યું તેથી તે સેવાયોગ્ય બન્યા, એ કહેવાથી ભગવાનનું પ્રભવિષ્ણુત્વ બતાવ્યું. 'अपपरी वर्जने' એ સૂત્રના જ્ઞાપકથી अप ઉપસર્ગ અતિશયાર્થમાં પણ ગણાય, અથવા વ્યાપ્તિ અર્થ થાય; અથવા परितः (ચોતરફ) અર્થમાં; તેથી ભગવાન વિશ્વાધાર છે છતાં દુષ્ટ દૈત્યોના આશ્રયરૂપ થતા નથી.(૧૮)

એમ સ્વરૂપથી અને પ્રમાણથી સર્વ સંદેહ નિવૃત્ત કરીને ફલ અને સાધનથી સર્વ સંદેહ દૂર કરવા માટે તેનું માહાત્મ્ય કહે છે:

**स एष आत्मात्मवतामधीश्वरस्त्रयीमयो धर्ममयस्तपोमयः ।**
**गतव्यलीकैरजशंकरादिभिर्वितर्क्यलिङ्गो भगवान् प्रसीदताम् ॥२०॥**

**શબ્દાર્થ:**—આત્મજ્ઞાનીઓના તે આત્મા છે, અધીશ્વર છે, વેદમય છે, ધર્મમય અને તપોમય છે, બ્રહ્મા શિવ કપટ છોડીને તપાસતાં તેના લિંગનો તર્ક માત્ર કરી શકે છે. એવા ભગવાન પ્રસન્ન થાઓ.

**ભાવાર્થ:**— પ્રથમ તો સાધનનો નિર્ધાર કરે છે કે આપ પ્રસન્ન થાઓ. સાધન અને ફલ ભગવત્પ્રસાદ છે, એ સાધનથી અને ફલથી નિશ્ચય થાય છે. બીજાં સાધનો તો ભગવાનનો પ્રસાદ મેળવવા સુધીમાં ક્ષીણ થઈ જાય છે. લોકને લઇને અને પોતાના અનુભવને લઇને બધાં શાસ્ત્રો રચાયાં છે. વેદનો અર્થ પણ લોક અને આત્માનુભવને અનુકૂળ થાય છે.

अधिकारी प्रमाणं च सन्तश्च प्रीतिहेतवः ।
एतेऽप्यापाततः प्रोक्तास्तस्मात्संप्रार्थनं वरम् ॥१॥

संप्रार्थने हि सुमहान् साधनं फलमेव वा।
कायादिभिः करोत्येव तस्मात्साधननिश्चयः ॥२॥

[1]અધિકારી પ્રમાણ અને સત્પુરુષો એ ભગવાનની કરાવનાર પ્રીતિ છે, પણ તે ઉપર ઉપરથી પ્રીતિ કરાવનારાં છે; તેથી ભગવાનની પ્રાર્થના કરવી શ્રેષ્ઠ છે. (૧) પ્રાર્થનામાં પણ સાધન કે ફલ તે ભગવાન કાયાદિથી કરે છે; એ જ મુખ્ય સાધન છે; એટલે यमैवेषः એ શ્રુતિમાં કહ્યું તેમ પોતે જ દાન કરે તો તે પ્રસન્ન કરી શકે. (૨)

તેમાં અધિકારીઓ બે પ્રકારના છેઃ જે ભગવાનના પ્રસાદને લાયક તે આત્મવન્ત છે. ' આત્મ ' શબ્દથી અન્તઃકરણ અને આત્મા બન્ને લેવાય. તેમાં જે આત્મવન્ત છે તેના ભગવાન આત્મા થઇને પ્રકાશે છે. જે અન્તઃકરણ-વાળા છે તે અન્તઃકરણને ભગવત્સુખરૂપ કરી શકે છે; તેના તો ભગવાન સ્વામી છે. અથવા તેના અન્તઃકરણને ભગવાન પ્રેરે છે તેથી તેની પાસે પોતાની સેવા કરાવે છે અથવા તેને યોગ્ય કરે છે. એ અધિકારીની વાત થઈ છે. પ્રમાણથી ત્રણ વેદ સ્મૃતિ અને પુરાણ લેવાં. તેમાં પણ વેદ મુખ્ય છે. તે વેદે ભગવાનને યજ્ઞરૂપે કહ્યા છે; તેથી વેદત્રયી યજ્ઞને કહે છે તેથી પ્રમાણ છે. સ્મૃતિઓ તો ધર્મને કહેનાર હોવાથી અને તેનું પ્રામાણ્ય ધર્મમાં હોવાથી ધર્મ શબ્દ પ્રયોજ્યો છે. પુરાણ તો તપને કહેનારું છે; જેટલાં ફલ કહે છે તે તપથી થાય છે એમ કહે છે. તે વેદ સ્મૃતિ અને પુરાણરૂપ ભગવાન છે. અર્થથી અને સ્વરૂપથી ત્રણરૂપ હોવાથી અધિકારીથી શું થાય અને પ્રમાણથી પણ શું થાય તે બન્નેનો ફલકોટિમાં પ્રવેશ છે. સત્પુરુષના આશ્રયમાં પણ તે જ છે, કારણ કે બ્રહ્મા અને મહાદેવ સત્માં મોટામાં મોટા છે. બ્રહ્મા કે મહાદેવને, બ્રહ્માના પુત્રો કે તેના શિષ્યોને પણ તેના સ્વરૂપનો તર્ક જ છે, પણ તે આ જ ભગવાન એમ પ્રત્યક્ષ બતાવી શકતા નથી. તર્ક કરીએ તે પ્રમાણ હોય અને ન પણ હોય .તે પણ પોતાનું માહાત્મ્ય જોઇને આપણી મોટાઇ ભગવાનની કૃપાથી છે તે ભગવાનના સાક્ષાત્કારથી તેના પ્રસાદના સ્વરૂપનો નિર્ણય કલ્પે છે, એટલે આ ભગવાન આમ પ્રસન્ન થાય છે એમ કલ્પના કરે છે. તેમાં પ્રમાણ ઘણા પ્રકારનાં છે. લોક પણ બહુ જાતના છે તેમાં એક નિશ્ચય થતો નથી. શબ્દ કરતાં પ્રત્યક્ષ બળવત્, તેથી વિશેષ તર્ક કરે છે; તેથી જણાય છે કે કૃપા મેળવવાને માટે ભગવાનની જ પ્રાર્થના કરવી, બીજાને બોલાવવો નહિ; બીજો પ્રકાર ન કરવો. (૧૯)

માટે પ્રાર્થના થઈ શકે છે, તેથી તે સિવાય બીજું ન કરવું એ નક્કી

---

૧. પહેલા શ્લોકથી, આત્મજ્ઞાની, અધિકારી, ત્રયીપ્રમાણરૂપ અને સત્પુરુષોમાં પ્રસન્નતાનું કારણપણું ઉપર ઉપરથી હોવાથી ભગવાનની પ્રાર્થના ચોક્કસ સાધન હોઈ ને તે જ કર્તવ્ય છે.

કર્યું. પ્રાર્થના કરતાં ભગવાન કોપ ન કરે, કેમકે લોકમાં અનધિકારી પ્રાર્થના કરે તેથી ક્રોધ થાય છે. જો કે ભગવાનનો પ્રસાદ સામન્ય રીતે બીજાઓ માગતા નથી, તેથી ક્રોધ ન સંભવે, તોપણ સામાન્ય છતાં અનધિકારી ઉપર ક્રોધ થાય જ; માટે જ એવી રીતે તેનો નિર્ણય કરવા માટે પ્રાર્થનાયોગ્ય સ્વરૂપને કહે છેઃ

**श्रियः पतिर्यज्ञपतिः प्रजापतिर्धियां पतिर्लोकपतिर्धरापतिः ।**
**पतिर्गतिश्चान्धकवृष्णिसात्वतां प्रसीदतां मे भगवान् सतांपतिः ॥२०॥**

**શબ્દાર્થઃ**—લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાના પતિ, બુદ્ધિના પતિ, લોકના પતિ, પૃથ્વીના પતિ તથા વૃષ્ણિ અન્ધક અને સાત્વત કુલના તો પતિરૂપ અને ગતિરૂપ એવા ભગવાન્ સત્પુરુષોના પતિ પ્રસન્ન થાઓ.

**ભાવાર્થઃ**—પતિની પ્રાર્થના થાય એ તો શંકાવગરની વાત છે, પછી તે ક્રોધ કરો કે પ્રસન્ન થાઓ; તેથી ભગવાન જેના પતિ છે તેણે તો ભગવાન પાસે માગવું યોગ્ય છે. તેમાં ભગવાન છ પ્રકારના લોકોના પતિ છે. તે કહે છેઃ પહેલાં તો તે લક્ષ્મીના પતિ છે, અને લક્ષ્મીના અંશરૂપ સ્ત્રીઓ છે તેના પણ પતિ ભગવાન થયા, તેથી તેણે તો ભગવાનની પ્રાર્થના કરવી. તેને તો ક્રોધ નહિ કરે, તેથી સ્નેહમાર્ગમાં ચાલતા બીજાઓ પણ જો પ્રાર્થના કરે તો ભગવાન ક્રોધ ન કરે, એ વાત સિદ્ધ થઈ. એમ ભગવાન યજ્ઞપતિ છે, તેથી યજ્ઞપુરુષો કામના કરે તો ભગવાન્ ક્રોધ નહિ કરે. તેથી યજ્ઞમાં ઘણે ઠેકાણે **यः प्रार्थयेत** એવું વચન આવે છે. તે યજ્ઞના પતિ ભગવાન છે તેથી તેવાં વચનો છે. ભગવાન પ્રજાના પતિ છે. જે કેવળ લૌકિકો પ્રજારૂપ છે, સારી રીતે પેદા થયેલ છે તેના પતિ ભગવાન્ છે; તેથી સાધારણ પણ ભગવાનને પ્રાર્થના કરી શકે. થોડાક વિશેષવાળાએ[1] પણ પ્રાર્થના કરવી. તે ભગવાન બુદ્ધિઓના પતિ છે. જે કોઈ જ્ઞાન અથવા ક્રિયામાં બુદ્ધિને રોકે છે, શબ્દથી કે અર્થથી, તે પણ ભગવાન પાસે પ્રાર્થી શકે. વળી તે લોક એટલે સ્વર્ગાદિના પતિ છે. તે સ્વર્ગાદિમાં જનારે પણ ભગવાનની પ્રાર્થના કરવી. તે પૃથ્વીના પણ પતિ છે; તેથી પૃથ્વી ઉપર રહેનારે પણ ભગવાનની પ્રાર્થના કરવી.

**स्त्रीभिश्च याज्ञिकैर्लोकैर्बुद्धिमद्भिः स्थितैः क्वचित् ।**
**असाधनैरपि ह्येतैः प्रार्थनीयो हरिः पतिः ॥**

સ્ત્રીઓ, યજ્ઞ કરનારા, બુદ્ધિવાળા લોકો ક્યાંય પણ રહ્યા હોય તો એ બધા સાધનરહિત હોય તો હરિ ભગવાન પતિ હોવાથી તેમની પ્રાર્થના કરે. (૧)

૧. થોડો વિશેષ એટલે મોટા કુલમાં જન્મ વગેરે સાધનોવાળા પણ પ્રાર્થના કરી શકે એમ કહ્યું.

વળી તે ભગવાન અન્ધક વૃષ્ણિ અને સાત્વત નામના યાદવકુલના પતિ અને ગતિરૂપ છે. પહેલામાં તે આવી જાય છે છતાં પુનરુક્તિ કેમ? ત્યાં ફ્લને લાયક છે એમ કહેવા માટે અહીં જુદા ગણાવ્યા છે. પતિ કહેવાથી ફલરૂપ છે. ગતિ કહેવાથી તે પોતારૂપ સાધન બતાવે છે. તે ફલ પોતાનામાં આવીને સાધનરૂપ થાય તો ફલનો ભોગ થાય. પોતાના સુખમાં દૂર રહ્યો હોય તે, સાધન ન હોય તે અથવા સ્વતંત્ર હોય તે સુખરૂપ ક્રિયાનું કારણ ન થઈ શકે. તે ભગવાનને યાદવોએ પ્રાર્થના કરી, તેથી પોતે તેના પતિ હોવાથી તેની ક્રિયામાં સાધનરૂપ[1] થયા; તેથી ભગવાન જેટલું કરે તેટલું તેનું થાય; તેથી યાદવાના ભગવાન ફલસુખ પોતે છે એ સિદ્ધ થયું. તેના ઉપર ક્રોધ કરે એવી સંભાવના પણ ન કરાય. ચકાર છે તેથી ક્રિયાથી પણ સાધ્ય થાય છે, તામસ રાજસ સાત્ત્વિક પુરુષને ભગવાન ભજનીય છે એમ બતાવવા માટે ત્રણ પ્રકારના યાદવો ગણાવ્યા. જ્યારે ગુણથી વ્યાપેલાં પણ ભગવાનની પ્રાર્થના કરી તેને પામે છે તો પછી આપણા જેવાની તો વાત જ શી કરવી? એ કહેવા માટે 'મને પ્રસન્ન થાઓ' એમ શુકદેવજી બોલ્યા છે. તે ભગવાન્ **सतां पतिः** એટલે જે ભગવાન્‌માં છે છતાં ભગવાન્‌ના ગુણો દ્વારા ભગવાન્‌નો આશ્રય કરનારા છે તેના પણ ભગવાન્ પતિ છે. બીજાઓ પ્રત્યે તો ભગવનાનું પતિ-પણું ગૌણ છે. યુક્તિથી અને શાસ્ત્રોથી તો ભગવાન સત્પુરુષોના જ પતિ છે; તેથી પણ શુકદેવજી કહે છે કે તે પ્રભુ મને પ્રસન્ન થાઓ. (૨૦)

ત્યાં કહે છે કે તમને, ભગવદ્‌ગુણ કહો એમ પૂછ્યું, તેના જવાબમાં તો તમે ભગવાન્‌ની પ્રાર્થના કરવા લાગ્યા, તેનો અહીં શો ઉપયોગ અથવા તે કયાં ઉપયોગી છે? તેનો ઉત્તર શુકદેવજી કહે છે:

**यदङ्घ्र्यनुध्यानसमाधिधौतया धिया नु पश्यन्ति हि तत्त्वमात्मनः ।**
**वदन्ति चैतत्कवयो यथारुचं स मे मुकुन्दो भगवान् प्रसीदताम् ॥२१॥**

**શબ્દાર્થ**:—જેના ચરણના ધ્યાનરૂપ સમાધિથી શુદ્ધ બુદ્ધિ થતાં લોક આત્માના સ્વરૂપને જાણે છે, ડાહ્યા પુરુષો જે તત્ત્વને કહી શકે છે, તે મુકુન્દ ભગવાન્ મને પ્રસન્ન થાઓ.

**ભાવાર્થ**:—કેવળ પ્રાર્થના કર્યા વગર, ચરણનું ધ્યાનમાત્ર કરવાથી અને તડકામાં બેસીને સમાધિ કરવાથી બુદ્ધિને શુદ્ધ કરવાથી પણ સર્વ પ્રમાણથી ન જણાય તેવું આત્માનું તત્ત્વ છે. તેવું આત્મતત્ત્વ ભગવાનના વાસ્તવિક સ્વરૂપનું છે. શુદ્ધ થયેલી બુદ્ધિમાં પણ એ તત્ત્વ આવી શકતું નથી. બુદ્ધિ વસ્તુનો પ્રકાશ કરનારી છે. તે તે બુદ્ધિ ઉત્પન્ન થાય તોપણ પોતાની ઉપરના

1. 'सौवीरराजमहिषीं भोजानामाहरद्बलात्' એ મહાભારતના વાક્યથી પરાક્રમ કરે છે, તેથી યાદવોના ક્રિયારૂપ કહ્યા છે.

આવરણથી અથવા તો વિષય ઉપરના આવરણથી વસ્તુના સ્વરૂપને બતાવી શકતી નથી. ઇન્દ્રિયોના આવરણમાં તો ઉત્પન્ન જ થતી નથી. બુદ્ધિની ઉત્પત્તિમાં વિષયમાત્ર કારણરૂપ છે. પરંતુ જેવી બુદ્ધિ તેવા વિષયને કારણપણું નથી, એમ હોય તો શુક્તિમાં રજતનો ભ્રમ ન થાય; તેથી વસ્તુમાત્રને આગળ કરીને બીજી સામગ્રીને વશ થઇને વસ્તુના ખરા કે ખોટા સ્વરૂપને બુદ્ધિ કહે છે. તેમાં શુદ્ધ બુદ્ધિ વસ્તુનું ખરું તત્ત્વ બતાવે છે. આ ભગવચ્છાસ્ત્રમાં સર્વ પદાર્થો નિત્ય છે. કારણપણાથી માનેલ બુદ્ધ્યાદિથી પદાર્થ દેખાય છે. તે પદાર્થ એક છે. તેમાં જાતિ કે વ્યક્તિનો ભેદ નથી. એક જ ઘટ અનેકરૂપે થાય છે, થાય છે અને જાય છે; કેમકે બધા પદાર્થો ભગવદ્દૂરૂપ છે. શબ્દ પણ નિત્ય છે એવું તો સર્વ વિદ્વાનોનું મત છે. તે મત કાત્યાયનાદિએ **'नित्ये शब्दार्थसंबन्धः'** ઇત્યાદિથી સિદ્ધ કરેલ હોવાથી અમારે તે સંબંધે વિશેષ કહેવાની જરૂર નથી. **नित्ये शब्दार्थसंबन्धः**નો અર્થ એ કે નિત્ય શબ્દની સાથે અર્થને સંબંધ છે. એવું તેનું વ્યાખ્યાન કરેલું છે. આશ્રય ન હોય તો જાતિ અને સંબંધની કલ્પના અત્યંત અપ્રામાણિક કહેવાય. દૃષ્ટ પદાર્થનું ખરું સ્વરૂપ ન જણાય તો શાસ્ત્રથી તેને જાણવું. માટે ઘડો એક છે પણ તે ભગવદ્દૂરૂપ હોવાથી અનેક રીતે થાય છે. **स एकधा भवति** એ શ્રુતિના બળથી જ્યારે સમજવામાં આવે ત્યારે પોતાની બુદ્ધિથી તેને જુદી રીતે માનવું પ્રમાણરૂપ ન ગણાય, કેમકે એમ માનવામાં બહુ કલ્પના કરવી પડશે. તેથી એક જ બુદ્ધિ બહુ પ્રકારે શુદ્ધ કરવાથી, શોધક દ્રવ્યથી ખૂબ ઘસવાથી શુદ્ધ નિર્મલ થાય છે. જેમ દર્પણને રાખથી ખૂબ માંજવાથી તેનો મેલ જતાં વસ્તુનું પ્રતિબિંબ લેવામાં દર્પણ યોગ્ય થાય છે, તેમ બુદ્ધિમાં ભગવાનનાં બે ચરણારવિંદને બન્નેને સાથે ઘસવાથી બુદ્ધિમાં શુદ્ધિ વિશેષ ઉત્પન્ન થાય છે. શોધક દ્રવ્યના તારતમ્યથી મળ જવાનું શાસ્ત્રમાં કહ્યું છે. નેત્રના અંજનમાં એ વાત પ્રસિદ્ધ દેખાય છે. એવાં અંજન બને છે કે જેને આંખમાં આંજવાથી દેવોનાં દર્શન થાય છે. તેવું અહીં પણ સમજવું. માટે ભગવાનના ચરણના ધ્યાનથી બુદ્ધિ શુદ્ધ થાય છે એ કથન યોગ્ય છે. બીજી રીતોથી બુદ્ધિને સંસ્કાર આપો એ બુદ્ધિ વસ્તુતત્ત્વને જણાવી શકતી નથી, કેમકે તેમ કરવાથી બુદ્ધિના દોષો જતા નથી. જેમ જેમ બુદ્ધિમાંથી દોષ દૂર થતા જાય તેમ તેમ તે બુદ્ધિ વસ્તુના ખરા સ્વરૂપને જોઈ શકે છે. માટે અભ્યાસ અને બારીકાઇથી જોવાનું વગેરે તેમાં ઉપયોગી છે. વિષય તો બ્રહ્મરૂપ હોવાથી તેમાં દોષ નથી જ. તેમાં પણ ભગવદ્વિષય અને આત્મવિષય નિર્દોષતમ છે. **अपहतपाप्मा** એમ શ્રુતિ પણ કહે છે. **नु** એ નિશ્ચયાર્થક અવ્યય છે. **अनुध्यान** એટલે તત્પરાયણ થઈ તેનું ચિંતન કરવું. તેમ ચિંતન કરવાથી પણ તદાત્મક થવાય છે, એ **समाधि** શબ્દથી સમજવાનું

છે. અહીં 'સમાધિ' શબ્દ અષ્ટાંગયોગાન્તર્ગત નથી. એ આત્મતત્ત્વને ડાહ્યા પુરુષો પોતાની બુદ્ધિ પ્રમાણે કહે છે. કવિપદથી ઉત્પ્રેક્ષાનું સામર્થ્ય કહ્યું છે. કોઇ જેવી પોતે ઉત્પ્રેક્ષા કરે તેવું બીજાને કહે છે, તેથી લૌકિક વાક્યથી ખરી વસ્તુ જણાતી નથી. ભગવાન 'મુકુન્દ' એટલે મોક્ષ આપનાર છે. ખરી વસ્તુની સ્ફૂર્તિ થવી એ મોક્ષનું અંગ ગણાય છે. તે ખરી વસ્તુ ત્યારે જ સમજાય છે કે જ્યારે ભગવાન્ મોક્ષ કરવાની ઇચ્છા કરે. એવી ભગવાન્ ઇચ્છા ક્યારે કરે કે જ્યારે તેના ચરણનું ધ્યાન કરે. તેથી જે કોઈ કાંઈપણ જાણવાને ઇચ્છે તો તેણે ભગવાનની પ્રાર્થના કરવી. સર્વ રીતે તે સંબંધમાં સિદ્ધિ મેળવવાની ઇચ્છાવાળાએ પ્રાર્થના કરવી જરૂરની છે. ભગવદ્ગુણોને જાણીને બીજાને કહેવા જ્ઞાનનું સાધન ભગવચ્ચરણનું અનુધ્યાન સમજવું. કેવળ ધ્યાન પણ નહિ પણ તે ધ્યાન સાથે પ્રાર્થના પણ કરવી. ભગવાન્ તો સ્વતંત્ર છેઃ ધ્યાન માત્રથી તેમ ન પણ કરે. તેથી કહે છે કે આપ પ્રસન્ન થાઓ. જો કે ભાગવત કર્યું તેનો પ્રસાર કરવામાં પ્રસાદ તો છે જ, પરંતુ અમારે માટે ફરીને પ્રસાદ કરો તો અમને પણ તે ભગવદ્રૂપ સિદ્ધ થાય છે; તેથી ચરણના ધ્યાનની સાથે મને પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના પણ કરવી. (૨૧)

એમ સામાન્ય રીતે પ્રસાદની પ્રાર્થના કરીને હવે આ ભાગવત પરીક્ષિતને કહેવામાં ઉપયોગી થાય તેવા પ્રસાદની હમણાં જરૂર છે, એવી પ્રાર્થના કરે છેઃ

**प्रचोदिता येन पुरा सरस्वती वितन्वताजस्य सतीं स्मृतिं हृदि ।**
**स्वलक्षणा प्रादुरभूत्किलास्यतः स मे ऋषीणामृषभः प्रसीदताम् ॥२२॥**

**શબ્દાર્થઃ—**સૃષ્ટિના આરંભમાં બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિના સામર્થ્યના સ્મરણરૂપ પવિત્ર સરસ્વતીની જે પ્રભુએ પ્રેરણા કરવાથી બ્રહ્માના મુખથી ભગવદ્રૂપ લક્ષણવાળી સરસ્વતી નીકળી, ઋષિમાં શ્રેષ્ઠ તે ભગવાન મને પ્રસન્ન થાઓ.

**ભાવાર્થઃ—**ઇન્દ્રિયોના વ્યાપાર કરતાં અવશ્ય ભગવાન્‌ની પ્રાર્થના કરવી જોઇએ. તેમાં પણ વાણી બોલતાં પહેલાં ભગવાન્‌ને વિનંતી કરવી. તેમાં પણ ભગવાન્‌રૂપ પદાર્થ કહેવાનો હોઇ તેમાં તેની આવશ્યકતા છે, કારણ કે પ્રથમ બ્રહ્માએ ભગવદ્ધ્યાન કરતાં પ્રાર્થના કરી ત્યારે ભગવાને તેના હૃદયમાં પ્રવેશ કર્યો, ત્યારે પોતાનો પ્રકાશ કરનારી વેદરૂપ સરસ્વતીને મુખ દ્વારા પ્રકટ કરી; તેથી ભગવાનના ગુણ કહેતાં નિત્ય વાણી બોલવી જોઇએ; તેથી આ વિષયમાં ભગવાનની પ્રાર્થના કરવાનું આવશ્યક છે. ત્યાં સંદેહ કરે છે કે યોગથી પદાર્થોનું સ્મરણ કરી તેના વાચક પદોને બોલે તો ચાલે, ભગવાનનું ધ્યાન

કરવાનું તેમાં શું કારણ છે ? ત્યાં કહે છે કે ભગવાને બ્રહ્માના હૃદયમાં સતી સ્મૃતિનો વિસ્તાર, બ્રહ્માએ ધ્યાન કરવાથી જ કરેલો છે, તેથી યોગથી નહિ પણ ભગવાનના ધ્યાનથી કાર્યસિદ્ધિ બ્રહ્માને થઇ છે; તેથી ધ્યાન કરવું આવશ્યક છે. અહીં વાક્ય અને તેનો અર્થ નિત્ય છે તોપણ પૂર્વાનુભૂત વિષયનું સ્મરણ આવશ્યક છે. સ્મરણ માત્ર પ્રમાણ નથી તેથી સ્મૃત પદાર્થના અનુભવ સહિત સ્મૃતિ જરૂરની છે. યોગની પેઠે ભગવદ્ધ્યાનને પણ પ્રત્યાસત્તિ (સંબંધ) છે, તેથી પહેલાં ભગવાનના અનુભવરૂપ સ્મૃતિને ભગવદીય પદાર્થના નિર્માણને માટે કરીને પછી તે ભગવત્પ્રેરણાથી હૃદયમાં આવી મુખદ્વારા વેદરૂપ વાણી નીકળી. વાણી ભગવાનની સ્ત્રી છે. ભગવાનની આજ્ઞા વગર બહાર નીકળી ન શકે. આ વાર્તા કહેવા યોગ્ય નથી, તેથી किल અવ્યય કહ્યો છે. તે વાણી એવી નીકળી કે ભગવાનના જેવું તેનું પણ સત્યત્વ બ્રહ્મશબ્દવાચ્યત્વ અનન્તત્વાદિ લક્ષણ થયું, અથવા પોતે વાણી જ જેને લક્ષણરૂપા થાય છે. વેદાદિનું અસાધારણ ચિહ્ન એ જ કે તે ભગવાનને કહે છે; તેથી પહેલાં અનુભવેલનું સ્મરણ થતાં હૃદયમાંથી બહાર નીકળે છે તોપણ ભગવાન સર્વ ઇન્દ્રિયોના પ્રેરક હોવાથી તેની પ્રાર્થના કરે છે કે તે ભગવાન મને પ્રસન્ન થાઓ. (२२)

એમ શબ્દો ભગવાનને અધીન હોવાથી તે શબ્દો મારા મોઢાથી નીકળે એવી ઇચ્છાથી ભગવાનની પ્રાર્થના કરીને હવે કહે છે કે વાણીનો અર્થ પણ ભગવાનને અધીન છે, તેથી અમારા મુખમાંથી નીકળેલ વાણીમાં ભગવાન તેના આભરણરૂપે પ્રવેશ કરો, એ માટે પ્રાર્થના કરે છેઃ

**भूतैर्महद्भिर्य इमाः पुरो विभुर्निर्माय शेते यदमूषु पूरुषः ।**
**भुङ्क्ते गुणान् षोडश षोडशात्मकः सोलंकृषीष्ट भगवान् वचांसि मे॥२३॥**

**શબ્દાર્થઃ**—જે ભગવાન પાંચ ભૂતોમાંથી આ શરીરો ઉત્પન્ન કરે છે તેમાં પોતે રહીને પાંચ ભૂત અને અગિયાર ઇન્દ્રિયરૂપ થઇને તેના રસને ભોગવે છે, તે ભગવાન મારા વચનને શોભારૂપ થાઓ.

**ભાવાર્થઃ**—स्थितिर्भोगश्च सर्वत्र भगवत्कर्तृकौ यतः ।
अतो वाचि स्थितः कृष्णस्तां भुङ्क्तामितिकामना ॥

સર્વત્ર રહેવું અને ભોગવવું એ ભગવાનથી જ બને છે, માટે મારી વાણીમાં રહેલા શ્રીકૃષ્ણ તે વાણીનો ભોગ કરો એવી શુકદેવજીની કામના છે. (૧) જો કે વિરાટ્ પુરુષ જ ગણાય છે એવી પ્રક્રિયા સર્વ પ્રસિદ્ધ છે, તોપણ પુરુષત્વમાં કાંઈ તફાવત નહિ છતાં તેનું ભગવત્ત્વ પોતે જ સિદ્ધ કર્યું પણ આ ભગવાનનું શરીર છે એમ અભિમાન ન થવા માટે વ્યષ્ટિમાં પણ સમષ્ટિ જેવી પ્રક્રિયા કહે છે. પંચમહાભૂત પોતાનાં બનાવેલાં છે. તેનાથી આ દેવ-પશુ મનુષ્યનાં

શરીરો બનાવી તેમાં પોતેજ શયન કરે છે, એટલે ઊંઘતા નથી પણ રહે છે. એમ ન કરે તો ભગવાન પુરુષ ન કહેવાય. **पुरि शेते** એ વ્યુત્પત્તિથી પુરુષ શબ્દ સિદ્ધથાય છે. આ શયન ઊંઘવા માટે નથી, પણ ભોગ માટે છે. તેથી જ જમણી આંખમાં ઇન્દ્ર, બીજી આંખમાં ઇન્દ્રાણી એ ઉપાખ્યાન ભોગાર્થે જ વેદમાં કહ્યું છે. અહીં તો શયન કરે તેમાં સ્પર્શમાત્ર નથી કરતા, પણ સોળ ગુણને સોળ રૂપે થઇને ભોગવે છે. જડ અને સૂકામાં રસ નથી હોતો. ભગવાન્ વ્યાપક અને આનંદમય છે, તેથી સ્વરૂપથી સ્વરૂપનો અનુભવ કરે તેમાં રસ ન આવે. સ્ત્રી અને પુરુષોના અવયવોમાં તેવું જોવામાં આવે છે. તેથી પોતામાં રહેલા રસને પ્રકટ કરીને સ્પષ્ટ ભોગ માટે પોતે આત્માથી ભિન્ન થઈને તેમાં પોતે પ્રવેશ કરી બહુ પ્રકારે જુદા થઇને પરસ્પરના રસનો અનુભવ કરે છે. દેહ ધારણ કરવામાં પ્રયત્ન પડે એટલી ભોગમાં ખામી આવે. તે ન આવવા માટે સૂઇને ભોગવે છે. જોકે વિષયો પાંચ છે તોપણ ત્વચામાં કોઈ એક સ્થાનમાં સુખ વિશેષ ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયની સાથે વિષય જુદો કહ્યો તેથી ૧૬ કહ્યા. જ્યાં ઇન્દ્રિયો ગૌણ હોય ત્યાં વિષય મુખ્ય, જ્યાં વિષય ગૌણ ત્યાં ઇન્દ્રિયોને પ્રાધાન્ય સમજવું. ભોગમાં ક્યાંક ઇન્દ્રિયોને પ્રાધાન્ય હોય છે, ક્યાંક અપ્રાધાન્ય હોય છે, મહારાજના શરીરની જેમ. ભગવાનમાં તો બધું હોવાથી ષોડશાત્મા પોતે થઈને ભોગવે છે. એમ સર્વત્ર ભગવાનનું પૂર્ણ માહાત્મ્ય જણાય છે. મારાં વચનને શોભાવો. અહીં છાંદસ દીર્ઘ પ્રયોગ છે. એમ અનેકરૂપે થાય છે એવા ભગવાનને વાણીના અલંકાર માટે કેમ કહેવાય ? ભગવાન્ પોતાથી પ્રાર્થ્ય છે. **वचांसि** બહુ વચન કહેલ છે, તેથી ભાગવતના સાત અર્થો છે એ અભિપ્રાય બહુવચનથી જણાય છે, **मे** એક વચન કહ્યું તે મારામાં સાત અર્થો નથી પણ શ્રીભાગવતમાં સાત અર્થો છે, તે બતાવવા. (૨૩)

એમ ભગવાનની પ્રાર્થના કરીને પોતાના (પિતા) ગુરુ વ્યાસજીને નમન કરે છે:

**नमस्तस्मै भगवते वासुदेवाय वेधसे ।**
**पपुर्ज्ञानमयं सौम्या यन्मुखाम्बुरुहासवम् ॥ २४ ॥**

**શબ્દાર્થ:**—જે ભગવાન્ વાસુદેવ મોક્ષનો ઉપાય કહેનાર છે તેને હું નમું છું કે નટ લોકો જેના મુખકમળમાંથી નીકળેલા જ્ઞાનરૂપ માદકરસનું પાન કરે છે.

**ભાવાર્થ:**—તે ભગવાનને મારા નમન હો. તે વ્યાસનો મોક્ષદાનને માટે અવતાર છે તેથી વાસુદેવ કહ્યા છે. શબ્દરૂપ સૃષ્ટિને વ્યાસ કરે છે તેથી તેને શબ્દના વેધા (બ્રહ્મા) કહ્યા છે, એટલે મોક્ષનો ઉપાય તેમણે બતાવ્યો છે. વ્યાસના નમનનું કારણ કહે છે કે સર્વવસ્તુના યથાર્થ જ્ઞાનને બતાવનાર ભારતાદિના

જ્ઞાતાના કથનનું શાંત લોકો પાન કરે છે. સૌમ્યો કહ્યા તેથી જ્ઞાનનિષ્ઠાને લાયક જ ક્રિયાનો અનુભવ કરી શકે છે. જેનું મુખ જ કમળ છે. તેમાં રહેલો મકરંદરૂપી રસ પ્રપંચવિસ્મારક હોવાથી તેને આસવ કહ્યો છે. મોક્ષ ફળરૂપ છે. વક્તા ભગવાન્ છે તેથી મુખ અને આસવમદથી પાન ન કરવું જોઈએ તોપણ થઈ જાય છે. કામિનીના મુખની સુગન્ધમાં તેમ થાય છે, તેથી સર્વના ગુરુ અને ભગવદ્રૂપ વ્યાસજી હોવાથી સભામાં પણ નમસ્કાર કરે છે તે યોગ્ય જ છે. (૨૪)

એમ દેવતા અને ગુરુને નમન કરીને મોટા પ્રબંધથી તે ભાગવત કહેવાને માટે પહેલાં પ્રશ્ન કર્યો તેનો ઉત્તર શુકદેવજી આપે છેઃ

**एतदेवात्मभू राजन् नारदाय विपृच्छते ।**
**वेदगर्भोऽभ्यधात्साक्षाद् यदाह हरिरात्मने ॥ २५ ॥**

**શબ્દાર્થઃ**—હે રાજન્, એ તમે પૂછયું તે જ નારદના પૂછવાથી બ્રહ્માએ કહ્યું તે એ કે જે ભગવાને બ્રહ્માને કહ્યું હતું.

**ભાવાર્થઃ**—જે તમે મને પૂછયું તે જ નારદે બ્રહ્માને પૂછયું હતું. બ્રહ્મા પ્રમેય બળથી પુષ્ટ છે; જેના પેટમાં બધા વેદો છે; એટલે પ્રમાણબળથી પુષ્ટ તો છે તોપણ પ્રમેયબળ (સ્વરૂપબળ)થી વિશેષ બળવાળા થયા છે. જે ભગવાને પોતાને કહ્યું તે બ્રહ્માએ નારદને કહ્યું, એ ઉત્તરથી તમારો સંદેહ દૂર થશે. પૂર્વની પેઠે સંદેહ મટાડવા માટે બીજીવાર પૂછવું ન પડે તેથી તેમનું કહેલું કહ્યું. પહેલાં ઇન્દ્રિયોના દોષમાં તારતમ્યની વાત તો કરી છે, તેથી અહીં તેને કહેતાં પુનરુક્તિ નથી થતી. "સાક્ષાત્" એ બન્નેનું વિશેષણ છે, એટલે બ્રહ્માને સાક્ષાત્ ભગવાને કહ્યું અને નારદને સાક્ષાત્ બ્રહ્માએ, એમ બેમાં સંબંધ લેવો. **आत्मने** એટલે બ્રહ્માને કહ્યું. પરંપરાથી કહેવામાં કહેનારમાં દોષ હોય તે વાણીમાં આવી જાય, તેથી સાક્ષાત્ કહેવાની જરૂર છે, તેથી પોતે પણ કહેવાનું બંધ કર્યું. દોષાભાવ કહ્યો તે પ્રાર્થના કરી. રાજાએ અને શુકદેવજીમાં તે કહેવાનું જ્ઞાન છે, તેથી તેમાં દોષ ન રહ્યો. આથી ઉત્પત્તિથી અને ઉપપત્તિથી એ વિચાર કહેવાની પ્રતિજ્ઞા કરી, એ સૂચવ્યું. (૨૫)

**ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં**
**ચતુર્થ અધ્યાય સંપૂર્ણ થયો.**

## અધ્યાય ૫ મો

विमर्शः षड्भिरध्यायैः क्रियते स द्विधा मतः ।
उत्पत्त्या चोपपत्त्या च तत्राद्योऽपि द्विधा मतः ॥ १ ॥
स्थूलान्तर्यामिभेदेन मूर्तामूर्तविभेदतः ।
स्थूलोऽपि द्विविधस्तत्र स्थूलमूर्तविमर्शने ॥ २ ॥
उत्पत्त्या पञ्चमाध्यायः सोपपत्त्या निरूपकः ।
पुरुषः क्रमतः शक्तित्रयं गृह्णन् भवादिकृत् ॥ ३ ॥
इत्युक्त्वा नारदाजाभ्यां जन्मभिर्नेति गद्यते ।
एकीभूते प्रवेशेन निर्गमादपि विह्वलः ॥ ४ ॥
अथवा दार्ढ्यतासिद्ध्यै नारदः पृच्छति स्फुटम् ।
प्रश्नत्रयं नारदेन क्रियते तत्त्वनिर्णये ॥ ५ ॥
आत्मनो जगतश्चापि निर्धारो भजनस्य च ।
द्वयोर्निधारशेषत्वं तेन प्रत्युत्तरं ततम् ॥ ६ ॥
द्वितीयस्य द्विरूपत्वं बहिरन्तर्व्यवस्थया ।
विराजोऽन्तर्मुखत्वाद्धि विपरीतेन वर्ण्यते ॥ ७ ॥
स्थूललिङ्गविभेदो वा तेनाध्यायद्वयं मतम् ।
प्रथमस्योत्तरं पश्चात् तदन्तर्यामिसंभवे ॥ ८ ॥

હવે છ અધ્યાયથી વિમર્શ પ્રકરણ કહેવાય છે. તે વિમર્શ બે જાતનો છે. એક ઉત્પત્તિથી વિચાર અને બીજો ઉપપત્તિથી વિચાર એ તેના પ્રકાર છે. તેમાં ઉત્પત્તિના પણ સ્થૂલ અને અન્તર્યામી એવા બે ભેદ છે, અથવા મૂર્ત અને અમૂર્ત એવા ભેદો છે. સ્થૂલ મૂર્ત એટલે બ્રહ્માણ્ડ. તેના વિચારમાં યુક્તિ સહિત ઉત્પત્તિસાધક પ્રમાણ સહિત વિરાટોત્પત્તિમાં પાંચમો અધ્યાય નિરૂપક છે. સ્થૂલ મૂર્તરૂપ કાર્યની કારણાત્મકતા બતાવનારો છે. પુરુષ ક્રમથી સત્ત્વાદિ ત્રણ શક્તિને ગ્રહણ કરીને ઉત્પત્તિ પાલન અને લય કરે છે, એમ નારદ અને બ્રહ્માએ કહ્યું. તે જન્મમાં નિમિત્તરૂપ[1] થઇને જગતના કર્તા નથી, પણ અભિન્નનિમિત્તોપાદાનપણે છે એ વાત કહે છે. નારદ તો જ્ઞાનીઓના

---

૧. નારદે બ્રહ્મને ઊર્ણનાભિના દૃષ્ટાન્તથી કહ્યું. બ્રહ્માએ આગળ બે વાક્યો કહ્યાં તે બન્ને ઉપરથી ભગવાન જગતના અભિન્નનિમિત્તોપાદાન છે એમ સિદ્ધ થયું, તેથી કાર્ય એટલે જગત બ્રહ્મરૂપ છે એમ સિદ્ધ થયું.

શિરોમણિ છે તે મૂર્ખના જેવો પ્રશ્ન કેમ કરે? તેના ઉત્તરમાં કહે છે કે પ્રલયમાં જ્યારે બધું ભગવાનના પેટમાં ગયું ત્યારે બધું એક થઈ ગયું. પછી સર્ગ વખતે જેમ ગયું હતું તેમ નીકળવા લાગ્યું તેનાથી નારદ મૂંઝાયા.[1] આ કર્મના ભેદથી આમ સર્ગ થાય છે કે સ્વરૂપથી થાય છે એ સંદેહમાં વ્યાકુલ થઇને પૂછે છે તે પ્રશ્નનો ઉત્તર વિસ્તારથી કેમ આપ્યો? નારદે **तद्विजानीहि**, એથી આત્મનિર્ધારનો પ્રશ્ન કર્યો; **यद्विज्ञान**-ઇત્યાદિથી જગતના તત્ત્વનો નિર્ધાર કરવા પ્રશ્ન કર્યો. **स भवानचरद् घोरं** એ શ્લોકથી ભજન નિર્ધારનો પ્રશ્ન કર્યો. આગળ ૧૩ પ્રશ્ન કરશે તે બધાનો ત્રણમાં અન્તર્ભાવ થશે. તેમાં આત્મવિષયક અને જગદ્વિષયક પ્રશ્ન ભજન[2]શેષ હોવાથી તેના ઉત્તરમાં વિસ્તાર થયો છે. ત્યાં શંકા કરે છે કે આત્મવિષયક પ્રશ્નનો ઉત્તર પ્રથમ જોઇએ પછી જગદ્વિષયકનો ઉત્તર આપવો જોઇએ, તે અહીં જગતનો ઉત્તર પ્રથમ કેમ આપ્યો? ત્યાં કહે છે: વિરાટ્સ્વરૂપનું જ્ઞાન આત્મજ્ઞાનનું પ્રયોજક છે, એટલે તે અન્તરંગ ગણાય, તેથી અન્તરંગ બહિરંગ ન્યાયથી તેનો ઉત્તર પ્રથમ આપ્યો તે યોગ્ય કર્યું છે. જગત બહાર અંદરના ભેદે બે પ્રકારનું હોઈ તેના બે અધ્યાય છે. વિરાટ્નું વર્ણન પહેલું કર્યું તેનું કારણ કહ્યું. અથવા સ્થૂલ પ્રપંચ અને લિઙ્ગ પ્રપંચથી તેના બે ભેદ હોવાથી બે અધ્યાય છે. પ્રથમનો ઉત્તર સાતમા અધ્યાયમાં અન્તર્યામીના નિરૂપણમાં કહેવાશે. (૧થી૮)

એમ પૂર્વ અધ્યાયમાં પરીક્ષિત અને શુકનું ફલમુખ સાધન કહ્યું, તે સાધનના વિચારને માટે હવે છ અધ્યાય કહેવામાં આવશે. તેમાં પાચમાં અધ્યાયમાં સ્થૂલરૂપનો ઉત્પત્તિથી નિર્ણય કહેવાય છે. તેમાં પ્રથમ તત્ત્વની દુર્જ્ઞેયતા કહેતાં નારદજી વક્તાને વખાણે છે:

**श्रीनारद उवाच**

**देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज ।**
**तद्विजानीहि यज्ज्ञानमात्मतत्त्वविमर्शनम् ॥ १ ॥**

**શબ્દાર્થ:**—હે પૂર્વજ, હે પ્રાણીઓને જન્મ આપનાર, હે દેવના દેવ, આપને નમસ્કાર હો, આત્માના તત્ત્વનો વિચાર હોય તેવું જ્ઞાન આપ મને કહો.

---

૧. અભેદ તાત્ત્વિક છે વા ભેદ છે (જગત ભગવાનનો) એ વ્યાકુલતાથી નારદનો પ્રશ્ન છે. અથવા સ્થૂણાખનનન્યાયથી તે જગત બ્રહ્મરૂપ છે એ વાતને દૃઢ કરવા માટે પ્રશ્ન કર્યો છે.

૨. આત્મજ્ઞાનથી સ્નેહ અને જગતના જ્ઞાનથી માહાત્મ્ય સિદ્ધ થતાં ભજનનો નિર્ધાર થાય, તેથી બે પ્રશ્નને ભજનશેષ કહ્યા છે. તેથી ૨ અધ્યાયથી જગદ્વિષયકનો ઉત્તર અને એક અધ્યાયથી આત્મવિષયક પ્રશ્નનો ઉત્તર આપતાં વિસ્તાર થયો છે.

**ભાવાર્થ**:—આ નારદનો નમસ્કાર પ્રશ્ન કરવા માટે છે. નારદ જાણવાની ઇચ્છાથી આવ્યા છે, તો તેણે દેવને નમસ્કાર કેમ ન કર્યા? તેનો ઉત્તર કહે છે કે હે "દેવના દેવ" એમ પિતાને સંબોધે છે, તેથી દેવતા અને ગુરુરૂપ બ્રહ્માને ગણ્યા છે, તેથી જુદો તેને નમસ્કાર નથી કર્યો. અસ્તુ કહ્યું છે તેથી પ્રમેયની સમાપ્તિ સુધી મંગલ ચાલ્યા કરે. તેવા હેતુથી પ્રાર્થનામાં આજ્ઞાર્થનો પ્રયોગ કર્યો છે. બ્રહ્માજી આત્માનો ઉપદેશ કરશે એમાં હેતુજ્ઞાપક વિશેષણ કહે છે કે ભૂતોને આપ ઉત્પન્ન કરો છો, શુદ્ધ કરો છો, પોતે, વેદ અગ્નિરૂપ છે તેને પેટમાં રાખીને તેમાં સર્વ જીવોને શુદ્ધ કરીને પછી બહાર કાઢો છો, તેથી આપ શોધક છો. 'પૂર્વજ' એટલે 'હે પિતા.' સંદેહ પડે તે પૂર્વજને જ પુછાય, અથવા જગત્થી પણ પહેલાં આપ ઉત્પન્ન થયા છો તેથી તમારાથી કોઇ મોટો નથી, માટે તમને જ પૂછું છું. એમ પહેલાં સ્તુતિ કરીને હવે પૂછવાનું છે તે કહે છેઃ તે વિશેષપણાથી આજ્ઞા કરો કે જ્ઞાન શું છે. બધા જ્ઞાન જ્ઞાન કહે છે, તે જ્ઞાન એટલે આત્મા કે આત્માનો સાક્ષાત્કાર? અથવા ભગવાનનો સાક્ષાત્કાર? શ્રુતિના હેતુ અથવા પ્રવેશના કારણરૂપ? ભક્તિ ઉત્પન્ન કરનાર કે કોઇ પરોક્ષ વસ્તુ છે અથવા સ્મરણરૂપ છે? તે બધામાંથી નિર્ધાર કરી આપ મને કહો, જેથી આત્માના ખરા અર્થનો વિચાર થાય. તેથી જ્ઞાનનાં બન્ને અંગો પૂછ્યાં. કયો આત્મા અને કયું તત્ત્વ, તેમાં પણ તે લોકપ્રસિદ્ધ નથી, પણ વિચારસાધ્ય છે, તેથી વિચાર પણ કહો. એમ ચાર[1] પ્રશ્નો કર્યા. (૧)

હવે હું તત્ત્વના ભેદને કહું છુંઃ

**यद्रूपं यदधिष्ठानं यतः सृष्टमिदं प्रभो ।**
**यत्संस्थं यत्परं यच्च यत्तत्त्वं वद तत्त्वतः ॥ २ ॥**

**શબ્દાર્થ**:—હે પ્રભુ, તેનું જે રૂપ જેનામાં એ રહેતું હોય, જેનાથી તે ઉત્પન્ન કર્યું હોય, જેમાં તે લીન થતું હોય, જે તેનો નિયામક હોય, જે તેનું તત્ત્વ હોય, તે યથાર્થ કહો.

**ભાવાર્થ**:—અનારોપિત રૂપ તત્ત્વશબ્દવાચ્ય છે. તે સર્વ જગત્ તો ઉત્પન્ન થાય છે, તેથી આત્મા પણ પ્રકટ થાય છે; તેથી સર્વ આરોપિત વિષય છે; તેથી તેનું રૂપ કહો, જે રૂપ-સ્વરૂપ છે જેનું. આરોપિત અને અનારોપિત અધિષ્ઠાનવાળાં હોય છે, શક્તિનો આરોપ છીપમાં કરાય તેમ; તેથી તેના આધારને પણ કહો. જગત્નો તત્ત્વ શબ્દથી વ્યવહાર થાય છે. તત્ત્વનો પણ

૧. જ્ઞાનિપદની પ્રવૃત્તિનું નિમિત્ત એવું જ્ઞાન શું એ એક પ્રશ્ન તેનું સ્વરૂપ નિર્વિષય આત્મા તો આત્મા શું એ બીજો પ્રશ્ન. સવિષય હોય તો વિષયરૂપ તત્ત્વ શું એ ત્રીજો, વિમર્શનું લક્ષણ અને પરીક્ષા એ ચોથો પ્રશ્ન છે.

તત્ત્વથી વ્યવહાર થાય છે. તેનું મૂળ તત્ત્વ ન હોય તો તેવો વ્યવહાર સંભવે નહિ; તેથી જગત્‌ના કારણરૂપ તત્ત્વને કહો. વાદીઓ વિરુદ્ધ કલ્પના કરે છે તેથી જેનાથી થયું હોય તે તત્ત્વ કહો. વળી જેમાં તે રહે તે બતાવો અથવા સંસ્થા એટલે મૃત્યુ થાય તે કહો. વિચારના અંગપણાને કારણે જગતનો પ્રશ્ન છે. ત્યારે તત્ત્વમાં બે પ્રશ્નો, સૃષ્ટિમાં ચાર પ્રશ્નો છે. ઉત્પત્તિ સ્થિતિ પ્રલય અને સ્વરૂપ એ ચાર પ્રશ્નના વિષયો છે. તેનો ભાવ તત્ત્વ કહેવાય. ભગવાનનો ભાવ તે જ જગત્. તેજ આત્મા. અથવા સામાન્ય રીતે તત્ત્વનો વિચાર કરાય છે, તેથી એક અથવા અનેક રૂપ ફલ થશે. જેનાથી પર નિયન્તા એ **यत्पर** કહેવાય. આથી સ્થિતિ કહી છે. એક પક્ષમાં તે તત્ત્વ કિંપર છે. તે તત્ત્વનો ગ્રાહક કોણ છે? રૂપ બે જાતનું છે અને સ્વરૂપથી, તેમાં **यद्रूप** શબ્દથી પ્રમાણથી રૂપ પૂછ્યું. **यच्च** એનાથી સ્વરૂપથી રૂપ પૂછ્યું. તત્ત્વ જગત્‌રૂપ હોય કે જગત્‌થી જુદું હોય તો તેનાં છ અંગો પૂછ્યાં. આ ભેદોનું જ્ઞાન જેમ તત્ત્વથી થાય તેમ કહો. (૨)

આપ જેવું જાણો છો તેવું જ્ઞાન અમને કરાવો, એ અભિપ્રાયથી તેની સર્વજ્ઞતાને કહે છેઃ

**सर्वं ह्येतद्भवान् वेद भूतभव्यभवत्प्रभुः ।**
**करामलकवद्विश्वं विज्ञानावसितं तव ॥ ३ ॥**

**શબ્દાર્થ**:—આ બધું આપ જાણો છો. ત્રણ કાલમાં થતાં પ્રાણીઓ પેદા કરનાર આપ છો. હાથમાં આમળાનું ફલ રાખવાથી તેનું જ્ઞાન થાય તેમ આ બધાને આપ જાણો છો.

**ભાવાર્થ**:—થઈ ગયું અને થવાનું જ્ઞાન નહિ થાય, કેમકે તેવું જ્ઞાન તો કાલસાધ્ય છે, પરંતુ આપ કાળરૂપ અથવા તેના નિયામક આપ છો. તે કહે છેઃ જેમ રેંટનાં ડબલાં કેટલાંક ભરેલાં હોય, કેટલાંક ઠાલાં હોય, તે ઠાલાં બૂડે ને ભર્યાં ઠલવાય, તેમ કાલમાં જગત ડૂબી જાય અને કાળમાંથી પાછું નીકળે, તેથી કાળથી જે બહાર હોય તે સર્વ જાણે; જેમ જળમાં પડે અને તેની બહાર પણ રહી શકે. યોગજ ધર્મથી પણ આપને બધું પ્રત્યક્ષ છે. જેમ હાથમાં આમળું રાખ્યું હોય તે સ્પષ્ટ દેખાય તેમ આપના જ્ઞાનમાં બધું રહેલું છે, અથવા આપે સર્વ પદાર્થનો નિશ્ચય કરેલો છે. **आवेशितम्** પાઠ હોય તો આગળ કામ પડે માટે આપે સર્વ વસ્તુ જ્ઞાનમાં રાખી છે; હાથમાં આમળું હોય તેમાં કોઇને સંદેહ થતો નથી, એમ અર્થ કરવો. (૩)

તમારે તમારું પોતાનું સ્વરૂપ પણ કહેવું તે કહે છેઃ

**यद्विज्ञानो यदाधारो यत्परस्त्वं यदात्मकः ।**
**एकः सृजसि भूतानि भूतैरेवात्ममायया ॥ ४ ॥**

**आत्मन् भावयसे तान्येव पराभावयन् स्वयम् ।**
**आत्मशक्तिमवष्टभ्य ऊर्णनाभिरिवाक्लमः ॥ ५ ॥**

**શબ્દાર્થ**:—આ જ્ઞાન તમને કોનાથી પ્રાપ્ત થયું? તમારો આધાર શું? નિયન્તા કોણ? તમે કેવા છો? તમારું સ્વરૂપ શું? તમે એકલા પોતાની માયા વડે ભૂતોને ઉત્પન્ન કરો છો? હે આત્મન્, આપ તે બધાનું રક્ષણ પોતાની શક્તિથી કરોળિયાની પેઠે કરો છો, તેનો નાશ કરો છો; એટલું કરતાં છતાં તમે ગ્લાનિ રહિત છો.

**ભાવાર્થ**:—જેનાથી તમને આ જ્ઞાન મળ્યું હોય, એટલે તમને વિશેષ જ્ઞાન આપનાર કોણ? તમારો આધાર કયો? તમારો નિયામક કોણ? તમો કેવા રૂપવાળા છો? એમ ચાર પ્રશ્નો છે, તેનો ઉત્તર કહો કે જેવા બધા છે તેવો હું છું તો તેવા સાધારણ તમે નથી, કેમકે તમે એકલા જ દેવ પશુ મનુષ્ય વગેરેને પૃથ્વ્યાદિ ભૂતોમાંથી જ બનાવો છો. 'આત્મમાયા વડે' ઈત્યાદિ આગળના શબ્દ તમારી સ્વતંત્રતાનો હેતુ કહેનાર છે, અથવા તમારા માહાત્મ્યને કહેનાર છે. તે સર્વ શ્લોકનો જ ભાગ છે. પોતાની બધા રૂપ બનવાના સામ્યર્થવાળી માયા વડે તે ભૂતોને ઉત્પન્ન કરો છો; આત્મામાં જ પાલન કરો છો, તેનો તમે પોતે જ નાશ કરો છો, **तानि न पराभावयन्** પાઠ હોય તો તેનો તિરસ્કાર કરતા નથી, અર્થાત્ તમે તમારી શક્તિ વડે જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશને કરો છો, અથવા આત્માને દુઃખી નથી કરતા અને ઉત્પત્તિ અને પાલન કરો છો. એ કરો છો, તે બધા જુએ છે. તેમ કરવામાં દૃષ્ટાન્ત આપે છેઃ જેમ પક્ષી આકાશમાં ઊડે તેમાં તેની શક્તિ સિવાયની બીજી મદદ ન હોય, તેમ આપ પણ સ્વશક્તિથી બધું કરો છો. **ऊर्णनाभि** ( કરોળિયો ) નામનો એક નાનો જીવડો થાય છે, એ તેના મોઢામાંથી લાળ કાઢે છે, તેમાંથી રમવાની જગ્યા બનાવી તેમાં રમે છે, પાછો તે લાળને પોતે ગળી જાય છે, છતાં તે થાકતો નથી, તેવા આપ છો. (૪–૫)

એવું તમારું પોતાનું સામર્થ્ય છે, બીજાની તમે મદદ માગતા હો એમ જણાતું નથી. મને પણ એમ જ નિશ્ચય થાય છે, તે કહે છેઃ

**नाहं वेद परं त्वस्मिन् नापरं न समं विभो ।**
**नामरूपगुणैर्भाव्यं सदसत्किंचिदन्यतः ॥ ६ ॥**

**શબ્દાર્થ**:—તમારાથી જુદું એટલે તમારાથી અધિક ન્યૂન કે સમાન કાંઈ હોય એમ હું જાણતો નથી. હે વિભો, નામ રૂપ અને ગુણથી સારું નરસું બીજાથી થતું હોય એમ મારા જાણવામાં નથી.

**ભાવાર્થ**:—આ જગતમાં જે થાય છે તે તમારાથી જ થાય છે તે હું જાણું છું. તમારાથી શ્રેષ્ઠ, તમારાથી હીન કે તમારા જેવું કાંઈ નથી, કેમકે તમે જ સમર્થ છો. નામ-વેદ, રૂપ-જગત્, ગુણો બ્રાહ્મણાદિ, તેનાથી થતું સત્ અસત્ એટલે કાર્યકારણરૂપ તમારા સિવાય બનતું હોય એમ મારું માનવું નથી.(૬)

મારાથી જગત્ થાય છે તેથી તમારે શું છે? ત્યાં કહે છે:

**स भवानचरद् घोरं यत्तपः सुसमाहितः ।**
**तेन खेदयसे नस्त्वं पराशङ्कां प्रयच्छसि ॥ ७ ॥**

**શબ્દાર્થ**:—ઉપર કહ્યું તેવા આપ છો છતાં ઘોર તપ કરો છો, તે જોઈ મને ખેદ થાય છે. અને તમારો પણ કોઇ નિયામક હોય એવી શંકામાં અમને નાખો છો.

**ભાવાર્થ**:—સ્વતંત્ર હોય તે ઘોર તપ કરે. બ્રહ્માનું તપ ઘોર કહ્યું તેથી ભગવત્તપ એ ન હોય. નરનારાયણકૃત તપ શાન્ત ગણાય છે. તેમાં પણ અતિ સાવધાન રહીને તપ કરો છો, તેથી સાધારણ તપ પણ નથી. **'तपो मे हृदयं साक्षात्'** 'यस्य ज्ञानमयं तपः' એ સ્વાભાવિક તપ છે. તેમાં અન્તઃકરણમાં ચિંતા ન રાખવી પડે. તેથી જણાય છે કે આપનાથી મોટો કોઇ હોય જેને માટે આટલી કાળજીથી તપ કરો છો, તેનાથી અમને દુઃખ થાય છે. અમને તો એમ હતું કે અમારા બાપ બધાના કરનાર કરાવનાર છે, તેનાથી પર કોઈ બીજું નથી; પરંતુ જ્યારે તમને તપ કરતાં જોયા ત્યારે તમે જ સ્વતંત્ર છો એ વિચાર ચાલ્યો જાય છે. બીજો કોઈ એવો છે કે જેને પ્રસન્ન કરવા માટે તમારે પણ આવો શ્રમ લેવો પડે છે; તેથી સંદેહ થાય છે કે તમારાથી બીજો કોઈ છે કે કેમ? (૭)

એ બધું કહો:

**एतन्मे पृच्छतः सर्वं सर्वज्ञ सकलेश्वर ।**
**विजानीहि यथा चेदमहं बुद्ध्येऽनुशासितः ॥ ८ ॥**

**શબ્દાર્થ**:—હે સર્વજ્ઞ, હે સર્વના નિયામક, આ મારા બધા પ્રશ્નના ઉત્તર આપો; વિશેષ વિચાર કરીને કહો કે તમારા કહેવાથી હું બધું જાણી શકું.

**ભાવાર્થ**:—અહીં સુધીમાં નારદે ૧૩ પ્રશ્ન પૂછ્યા: જ્ઞાનનો પ્રશ્ન, આત્માનો પ્રશ્ન, તત્ત્વના છ પ્રશ્ન, બ્રહ્મવિષયક ચાર પ્રશ્નો, અને આ છેલ્લો ૧૩ મો છે. તે બધાનો વિચાર કરીને મને કહો, સમજાવો, તમારા ભણાવવાથી હું જેમ સમજી જાઉં તેમ શીખવો. તમે સર્વજ્ઞ છો, તેથી કહેવાને

સમર્થ છો, સર્વના ઇશ્વર છો, તેથી મને સમજાવવાનું સામર્થ્ય પણ આપનું છે. પ્રશ્ન માત્રથી ન કહે તેથી તે ભગવાનમાં ભાવવાળા છે એમ કહ્યું. આ વગર સમજ્યે પૂછ્યું છે એમ ન માનતા, પરંતુ બાપ કહે તેવી રીતિથી પ્રશ્ન કર્યા છે. તે ઉપપત્તિ વિમર્શમાં કહેવામાં આવશે. એમ પ્રશ્નના ઉત્તરમાં આગળ વિચાર કર્તવ્ય છે એમ કહ્યું. હું જેમ સમજું એમ કહેવાથી સર્વ પદાર્થનું ઉત્પત્તિથી સ્વરૂપ એમ પૂછ્યું, નહિ તો ભગવાને ઉત્પત્તિ કહી નથી તેથી બ્રહ્મા પણ ન કહત; તેથી જેવો અધિકાર તેવા પદાર્થો કહી બતાવો એમ નિશ્ચય કર્યો. (૮.)

એમાં પ્રથમ છેલ્લા પ્રશ્નનો ઉત્તર આપતાં બધા પ્રશ્નોનો વિષય એક છે તે વાત બ્રહ્માજી કહે છે:

ब्रह्मोवाच ।

**सम्यक्कारुणिकस्येदं वत्स ते विचिकित्सितम् ।**
**यदहं चोदितः सौम्य भगवद्वीर्यदर्शने ॥ ९ ॥**

**શબ્દાર્થ**:—હે વત્સ, તારો સંદેહ સારો છે, કેમકે તું દયાવાળો થયો, કેમકે તેં ભગવાનનાં પરાક્રમ કહેવાને મને પ્રેર્યો છે.

**ભાવાર્થ**:—તમારા સર્વ પ્રશ્નોનો એક જ ઉત્તર કે ભગવાન્ છે તે જ જ્ઞાન વગેરે છે. તેના બાર આંતર ભેદ છે તે જ બાર સ્કન્ધોના અર્થરૂપે પર્યવસાન પામશે. તે કેમ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાનના વીર્યના જ્ઞાનને માટે તમે મને પ્રેરણા કરી છે, તે જ્યારે સર્વ પ્રશ્નનો ઉત્તર ભગવાન્ થતો હોય તો જ ઘટે; પરંતુ ગમે તે રીતે તે પ્રશ્નોના ઉત્તરરૂપ ભગવાન્ છે. તે ભગવાનનાં રૂપોનું આગળ વર્ણન કરીશું, તેથી જ તે પ્રશ્નોને બ્રહ્માએ વખાણ્યા છે. જો એમ ન હોય તો આટલા બધા સાથે પ્રશ્નની ઉપર તો કોપ જ થાય, પરંતુ આમાં તો ભગવાનનાં વીર્યો કહેવાનાં છે, તેથી બ્રહ્માને કોપ ન થયો પણ તેનાં વખાણ કર્યાં. તે તમે દયાળુ ગણાઓ કે મને ભગવાનના ગુણ તરફ લઈ જાઓ છો, તેથી તમારા મનમાં તમારું શ્રેય કરવાનો વિચાર છે તે કરતાં આખા જગતને મુક્ત કરવાનો અને મને પણ કૃતાર્થ કરવા માટે તમે પ્રશ્ન કર્યા છે, નહિ તો તમે પણ ભગવાનના છો તે આ બધું ન જાણતા હો એવું બને નહિ એવો બ્રહ્માના બોલવાનો અભિપ્રાય જણાય છે. **વત્સ** એ સ્નેહનું બોલાવવું છે. માના સ્તનમાંથી દૂધ નીકળે તેમ બ્રહ્માના હૃદયમાંથી ભગવચ્ચરિત્ર નીકળ્યું એ બતાવે છે. વિચિકિત્સિત એટલે વિચાર કરેલ અથવા જાણવાને ઇચ્છિત, એવા અર્થમાં અહીં છે. (૯)

એમ પ્રશ્નનાં વખાણ કરીને સંતોષથી વક્તાના અધિકારને કહીને છેલ્લા પ્રશ્નનો ઉત્તર બ્રહ્માજી આપે છે:

**नानृतं तव तच्चापि यथा मां प्रब्रवीषि भोः ।**
**अविज्ञाय परं मत्त एतावत्त्वं यतो हि मे ॥ १० ॥**

**શબ્દાર્થ**:—મારા પણ આરાધ્ય દેવ છે તેને તમે ન જાણ્યા, તેથી મને જગત્‌નો કર્તા તમે માન્યો તે પણ કાંઇ ખોટું નથી.

**ભાવાર્થ**:—જે તમે કહ્યું કે 'તમારાથી કોઈ મોટો નથી' તે તમારું બોલવું ખોટું તો નથી. ખોટું એટલે એક રીતે જાણીએ અને બીજી રીતે કહેવું, પણ ન જાણતા હોઈએ અને કહીએ તે ખોટું ન કહેવાયઃ તે તેવું બોલે તો તેને લોક કહે કે એ જાણતો નથી, એ ખોટું બોલે છે. એમ તો જાણતો હોય અને અન્યથા બોલે તેને જ ખોટું કહેવાય; તેથી તેનું બોલવું અને ખોટા બોલનારનું બોલવું તેમાં અપ્રામાણ્ય તો બન્નેમાં સરખું છે તોપણ અજ્ઞાનથી બોલનારને ખોટા બોલ્યાનો દોષ નથી લાગતો; તેથી તમે મને 'મોટા છો' તે અજ્ઞાનથી કહો છો તેમાં તમારો દોષ નથી, પણ તે સત્ય વચન તો ન જ કહેવાય. મારા માલેકને તમે જાણતા નથી, તેથી તમે મને જ મોટો કહો. એ તમારો માલેક કયો છે ? તેના ઉત્તરમાં કહે છે કે જેનાથી હું આટલો મોટો ગણાઉં છું તે મારો નિયામક છે. તમે મારા જે ઉત્કૃષ્ટ ધર્મો ગણાવ્યા તે બધા ધર્મો તેના સંબંધથી મારામાં આવ્યા છે. તેનું નામ જ ભગવાન્ અને તે જ તમારા પ્રશ્નોનો ઉત્તર. (૧૦)

એમ છેલ્લા પ્રશ્નનો ઉત્તર કહી દઈને હવે પ્રથમ પ્રશ્નનો ઉત્તર દે છેઃ

**येन स्वरोचिषा विश्वं रोचितं रोचयाम्यहम् ।**
**यथार्कोऽग्निर्यथा सोमो यथर्क्षग्रहतारकाः ॥ ११ ॥**

**શબ્દાર્થ**:—જેણે પોતાના પ્રકાશથી જગતને પ્રકાશિત કર્યું છે તેને હું પ્રકાશું છું, જેમ સૂર્ય ચંદ્ર ગ્રહો નક્ષત્રો તારાઓ પ્રકાશ આપે છે તેમ.

**ભાવાર્થ**:—ભગવાન્ જે રૂપથી જ્ઞાનરૂપ થાય છે તે રૂપને કહે છેઃ જ્ઞાન સ્વપ્રકાશ છે; તે બધાને પ્રકાશ આપે છે; દીવાને પણ પ્રકાશ આપે છે, તેથી સર્વ-પ્રકાશ એવું ચૈતન્ય તે જ ભગવદ્રૂપજ્ઞાન કહેવાય. જે ભગવાન્ સ્વપ્રકાશ છે તેનાથી આ બધું પ્રકાશી રહ્યું છે. અથવા પોતાના આત્માને પ્રકાશ આપે તે "સ્વરોચિઃ" કહેવાય. વિશ્વ તેણે જ પ્રકાશયુક્ત કર્યું છે. અવ્યક્તમાં લીન થયેલું વિશ્વ ભગ-વત્પ્રકાશથી પ્રકાશવાળું થયું છે. ત્યારે સ્થૂલતાથી બ્રહ્મ દેખાય છે; જેમ અગ્નિ તો મોટો છે, કેમકે કાષ્ઠ મોટું છે, પણ તે કાષ્ઠમાંથી મથીને અગ્નિ કાઢવો હોય તો ઘાસ વગેરે હલકી વસ્તુ તેની ઉપર રાખવાથી તે મોટો થાય. તે જ રીતે સૂર્ય અગ્નિ ચંદ્ર તારકો પ્રકાશ કરે છે. બીજા તો જડ છે તેમાં પ્રકાશ નથી. તે જ પોતે

પ્રકાશે છે અને બીજાને પણ પ્રકાશિત કરે છે, તેને જો ભગવાન્ પ્રકાશ આપે તો એમાં સંદેહ કરવાનું જ ન રહે તે વાત આ શ્રુતિ કહે છે. **न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति** (તેને સૂર્ય પ્રકાશ આપતો નથી, ચંદ્ર તારાઓ પ્રકાશ આપતા નથી, વીજળી પ્રકાશ દેતી નથી તો અગ્નિ તો ક્યાંથી પ્રકાશ દે? તે જ પ્રકાશ કરનાર છે. તેની પછી બીજાઓ તેને પ્રકાશ આપે છે. તે ભગવાનના પ્રકાશથી જ બધું પ્રકાશે છે. તેમાં વીજળી ક્યારેક દેખાય છે, તેથી મૂળમાં વીજળી લીધી નથી. જેમ સૂર્ય જ્ઞાનથી પ્રકાશ પામેલાને પ્રકાશ આપે છે. **यदादित्यगतं तेजः** એ ગીતાના વાક્યથી તેને પ્રકાશ આપનાર પણ ભગવત્તેજ છે. તેવું જ મારું પણ તમે સમજો. અગ્નિ વગેરે પણ તેવા જ સમજો. નક્ષત્રો અશ્વિનાદિ ૨૭ છે. બુધ વગેરે ગ્રહો છે. બાકીના તારક કહેવાય છે. (૧૧)

એમ જ્ઞાનસ્વરૂપ ભગવાનને કહીને તેને બીજું કર્તવ્ય ન હોવાથી ભક્તિથી નમન કરે છે:

**तस्मै नमो भगवते वासुदेवाय धीमहि ।**
**यन्मायया दुर्जयया मां ब्रुवन्ति जगद्गुरुम् ॥ १२ ॥**

**શબ્દાર્થ:**—જેની દુર્જય માયા વડે જગત મને જગતનો ગુરુ કહે છે, એવા ભગવાન્ વાસુદેવને હું નમું છું.

**ભાવાર્થ:**—લોકવેદમાં પ્રસિદ્ધ તે **तत्** શબ્દ થાય છે. તેને ભગવાન્ કહ્યા તેથી તે ભગવાનનું જ્ઞાન ધર્મરૂપ નથી તેમ અંશરૂપ પણ નથી પણ તે સ્વરૂપાત્મક છે. તેનું પ્રયોજન તો મોક્ષ છે. તે કહે છે કે તે વાસુદેવ છે. ભક્તિ નમન છે, નિદિધ્યાસન અન્તરંગ સાધન છે, તેથી તેનું ધ્યાન કરીએ છીએ એમ કહ્યું. અથવા તેને અમારા નમસ્કાર હો. એમ જ્ઞાનની વાત કહી. સર્વને અજ્ઞાન છે તે યોગ્ય છે, તેમાં વિરોધ ન આવવા માટે કહે છે કે જે જ્ઞાનરૂપ ભગવાનની કોઈક શક્તિનું નામ માયા છે તે જગત્કર્તાની માયાથી જુદી છે. એ માયાનું કાર્ય જગતને મોહ કરવાનું છે. જગત્કર્તાની માયા તો મોહ નથી કરતી પણ જગત્‌ને વધારે છે. તે ભગવદાજ્ઞાથી કર્તા પણ થાય છે, નહિ તો કરણરૂપા રહે છે. તે માયાનું સામર્થ્ય એવું છે કે તે કોઈથી જિતાતી નથી, તેને પ્રાણિમાત્ર જીતી ન શકે. આ માયાને વેદની શ્રુતિઓએ **अजां जहि** એ વેદસ્તુતિના શ્લોકથી મારવાની પ્રાર્થના કરી છે. તે વેદો જ્ઞાનનો બોધ કરે છે, આ માયા તો ભુલાવે છે, મોહ કરે છે. તેનું ફલ મોટામાં પણ દેખાય છે. તે માયાના મોહને લઈને મને લોકો જગતનો ગુરુ કહે છે. ક્રિયાશક્તિ અન્યને અધીન છે તોપણ મને જગતનો ગુરુ કહે છે, એ જ ભગવાનની માયાનો મોહ સમજવો. (૧૨)

ત્યારે તો આ શક્તિ મોહ કરનારી હોવાથી પોતાના આશ્રયને પણ મોહ કરશે! એવી શંકાના ઉત્તરમાં હવે કહે છે:

**विलज्जमानया यस्य स्थातुमीक्षापथेऽमुया ।**
**विमोहिता विकत्थन्ते ममाहमिति दुर्धियः ॥ १३ ॥**

**શબ્દાર્થ**:—એ માયાના મોહમાં પડેલા દુર્બુદ્ધિને લીધે હું અને મારું એમ પોતાની મોટાઈ કર્યા કરે છે;તે ભગવાનની દષ્ટિના માર્ગમાં પણ આવતી લાજે છે.

**ભાવાર્થ**:—તે ભગવાનની માયા છે એટલે કે સ્ત્રી છે તે પોતે ભગવાનની સાર્થે રમણ સિદ્ધ કરવા માટે બીજાને મોહ કરે છે, એ તેના દોષને ભગવાન્ જાણે છે, તેથી ભગવાન સામે જોવામાં તેને લાજ આવે છે, તેથી જે ભગવત્સંમુખ જીવો છે તેને તે મોહ નથી કરતી. જે બહિર્મુખો છે તેઓની બુદ્ધિમાં મોહ કરે છે. તેનાથી મોહ પામેલા કરેલા હું અને મારું કરી લડાઈ કરે છે, કારણ કે તે બુદ્ધિને જ મોહિત કરી દે છે. (૧૩)

એમ જ્ઞાન અને તેના પરિકરને[1] કહીને હવે આત્માને કહેવા માટે તત્ત્વોને કહે છે:

**द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च ।**
**वासुदेवात्परो ब्रह्मन् न चान्योऽर्थोऽस्ति तत्त्वतः ॥ १४ ॥**

**શબ્દાર્થ**—દ્રવ્ય (ભૂતાદિ), કર્મ (જન્મનું નિમિત્ત), કાલ (ગુણક્ષોભક), સ્વભાવ (પરિણામનો હેતુ) અને જીવ એ પાંચે વસ્તુ, હે બ્રહ્મન્, વાસુદેવ ભગવાનથી જુદી નથી.

**ભાવાર્થ**:—આ તત્ત્વ ઘણાં નથી. સર્વનું સ્વરૂપ એક જ છે. તેમાં બધાં પાંચ અંગવાળાં છે. તે પાંચનું તત્ત્વ જો ભગવાન જ હોય તો તેના કાર્યનું ખરું સ્વરૂપ ભગવાન જ ગણાય. તે પાંચ તત્ત્વોને ગણાવે છે: દ્રવ્ય એટલે અધિભૂત. સમવાયિ કારણ મહાભૂતાદિ. કર્મ જગતમાં જન્મ આપવાનું નિમિત્ત. ચકારથી ભૂતસંસ્કારરૂપ (અદષ્ટરૂપ) કર્મ લેવું. કાલ પ્રકૃતિના ગુણનો ક્ષોભક અને ચકાર છે તેથી નિમિત્તભૂત પણ કાલ લેવો, જે સર્વનો આધાર કહેવાય છે. સ્વભાવ પરિણામના હેતુરૂપ. જીવ ભોક્તા ભગવાનનો અંશ. ચકારથી તે અભિમાનવાળી દેવતા લેવી. તેમાં કાલ કર્મ અને સ્વભાવ "તત્ત્વદીપ નિબન્ધમાં" અમે સારી રીતે કહ્યા છે. જીવને પણ જુદો નિરૂપિત કર્યો છે. દ્રવ્ય તો અહીં કહીએ છીએ. પ્રકૃતિનું બધું કાર્ય આગળ નિરૂપણ કરાશે. એ બધા વાસુદેવથી જુદા નથી. તે દેવસ્વરૂપ હોવાથી તેનું તત્ત્વ કહેવા માટે સત્ત્વમૂર્તિ[2] ભગવાનનું

૧. જ્ઞાનને વધતું અટકાવનાર માયા. મોહ તેના પરિકરમાં ગણાય છે.

૨. અહીં સતનો ભાવ તે સત્ત્વ લેવું; પ્રાકૃતિના ગુણરૂપ સત્ત્વ અહીં લેવાનું નથી. એમ લઇએ તો ભગવાન્ પ્રાકૃત થઇ જાય, જે સિદ્ધાન્ત વિરુદ્ધ ગણાય.

નિરૂપણ કર્યું છે. तत्त्वतः કહ્યું છે તેથી અન્યપણું પ્રતીત થાય છે, છતાં અન્ય નથી. પરમાર્થથી તે એક જ છે, કારણ કે अस्तित्व તેનું જ છે. આ નિરૂપણ કરેલો અર્થ અસંભવિત નથી એમ કહેવા સંબોધન ब्रह्मन् કહ્યું. તે બ્રહ્મરૂપ તમે જ છો. તમે બ્રહ્મ છો તો પછી બીજાના બ્રહ્મપણામાં સંદેહ કેમ થાય? च કાર છે તેથી ધર્મને પણ ભેદ નથી. अन्य શબ્દથી સ્વરૂપભેદ નિવૃત્ત કર્યો. पर શબ્દથી અનુષ્ઠાન ભેદ નથી. अर्थ કહેવાથી યુક્તિ કહી. શબ્દ અને અર્થને નિત્ય સંબંધ છે, તેમાં શબ્દો અને અર્થો નિત્ય છે તે જો ભગવદ્રૂપ હોય તો સદા એકરૂપ નિત્યપણું સિદ્ધ થાય. (૧૪)

એમ સર્વનું તત્ત્વ ભગવાન એમ ઉત્તર કહીને વિમર્શ પૂછવો છે તેનો ઉત્તર દે છેઃ

**नारायणपरा वेदा देवा नारायणाङ्गजाः ।**
**नारायणपरा लोका नारायणपरा मखाः ॥ १५ ॥**
**नारायणपरा योगा नारायणपरं तपः ।**
**नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ॥ १६ ॥**

**શબ્દાર્થ**:—નારાયણપરાયણ વેદ છે. દેવો નારાયણના અંગથી ઉત્પન્ન થયા છે. લોકો નારાયણપર છે. યજ્ઞો નારાયણપર છે. યોગનું તાત્પર્ય નારાયણમાં છે. તપ નારાયણપર છે. જ્ઞાનની પરાકાષ્ઠા નારાયણ છે. બધાની ગતિ પણ નારાયણ છે.

**ભાવાર્થ**:—જો આ બધું ભગવાનથી જુદું હોય તો ઘણો વિચાર કરવો પડે તેમ છે. તેમ. સ્વરૂપથી,[1] અર્થથી, સાધનથી, ફળથી અને પરંપરાથી વિચાર કરવો પડે. દ્વિતીય કાણ્ડમાં[2] પણ સાધનથી, કાર્યથી અને ફલથી ભગવાન જ છે; માટે કોઈ અંશમાં વિવાદ ન હોવાથી ભગવાન જ બધાનું ખરું સ્વરૂપ છે એ વાત વિચારથી સિદ્ધ થાય છે. તેમાં વેદનો વિચાર કરીએ તો તે ભગવાનના નિઃશ્વાસમાંથી[3] ઉત્પન્ન થાય છે, પુનઃ તેમાં જ પ્રવેશ કરે છે. તેનું તાત્પર્ય નારાયણ હોય એ નિર્વિવાદ છે. મધ્યમાં પણ તે સ્વાર્થ દેખાડે છે. તે અર્થ પણ ભગવાન્ છે. તે મધ્યમાં પણ ભગવત્પરાયણ થાય છે. બીજું

---

૧. મૂળ શ્લોકમાં नारायणापरा वेदाः વેદ ભગવત્સ્વરૂપ છે. વેદના અર્થરૂપ દેવો છે. ધ્રુવાદિ ભગવાનના અવયવ છે. देवा नारायणाङ्गजाः એ કહ્યું. તૃતીય વૈદિક કર્મના ફલરૂપ લોક છે તે પણ નારાયણપર હોવાથી ફલ પણ નારાયણ છે. સ્વર્ગાદિલોકના સાધનરૂપ યજ્ઞ છે તે પણ નારાયણ છે. એ એક શ્લોકથી પૂર્વકાંડનો વિષય બતાવ્યો.

૨. વેદના દ્વિતીય કાંડમાં સાધન કાર્ય અને ફલ તેમાં યોગ અને તપ સાધનરૂપ છે. તપ અને યોગના કાર્યરૂપ વિજ્ઞાન છે. નારાયણપર ગતિ કહેવાથી ગતિને ફલ કહ્યું છે. તે બધાનું ફલ નારાયણ છે. એ બીજા શ્લોકનું તાત્પર્ય.

૩. एतस्य महतो भूतस्य निःश्वसितं यदृग्वेदो यजुर्वेदः सामवेद इत्यादि श्रुतेः ।

વૈદિક ચાર પ્રકારનાં પદો[1] ભગવાનની બુદ્ધિમાં રહેલા અર્થને પોતાનામાં લઇને લોકમાં પુરુષના પ્રયત્નથી પ્રકટ થતાં તથા નાશ પામતાં ભગવદ્હૃદયસ્થ અર્થને કહે છે. પછી તેનું કામ પૂરું થયું એટલે તે ચતુર્વિધ પદ નિવૃત્ત થાય છે. તે પદનો સ્વાર્થ તો ભગવાનની બુદ્ધિમાં રહેલા અર્થને લોકોને જણાવવો તે છે. તે માટે તે પ્રયત્ન કરે છે. તેથી તે મહાદિ ભગવદભિપ્રેતાર્થસાધક હોવાથી ભગવત્પર વેદ છે એ દેખીતું છે. તે વેદો શબ્દોથી, તેના અર્થોથી અને તેનાં નામોથી ભગવાનને કહેનાર છે? ત્યાં કહે છે કે પદો અને વાકયોના સંબંધથી તેનો ઇચ્છિત અર્થ થઈ શકે છે. તે અર્થો વેદમાં વિધિ[2] અર્થવાદ[3] મન્ત્ર[4] અને નામધેય[5] એવા નામથી થાય છે. તેમાં વિધ્યર્થનું પુરુષપ્રવચનમાં (પ્રેરણામાં) તાત્પર્ય છે. અથવા પુરુષપ્રયત્નથી અભિવ્યક્ત થતા ભાવોમાં વિધિનું તાત્પર્ય છે. વિધેય અર્થની સ્તુતિમાં અર્થવાદનું તાત્પર્ય છે. મંત્રો પણ યાજ્યા સિવાયના દેવતાના પ્રતિપાદનમાં અથવા સ્તુતિમાં ઉપયોગી છે.

નામધેય જ્યોતિષ્ટોમાદિ નામોમાં પણ તાત્પર્ય રહેલ છે. તે પોતપોતાનું કામ કરીને ઉપક્ષીણ થાય છે. તે બધાનું ભગવાનમાં તાત્પર્ય છે એમ કહો તે સંભવતું નથી! એ શંકાના ઉત્તરમાં કહે છે કે **देवा नारायणाङ्गजा:** સર્વ વેદ પૂર્વોક્ત ચારરૂપે પ્રવર્તતો યાગમાં ઉપયોગી છે, કેમકે વેદનો મહાવાકયાર્થ યાગ છે. તેમાં યાગ કરણ છે, સ્વર્ગાદિ સાધ્ય છે. હમણાં પુરુષપ્રયત્નથી અભિવ્યક્ત થતા યાગો દેવતાપ્રીતિને સંપાદન કરે છે. જો તેમાં દેવતાપ્રીતિરૂપ વ્યાપાર ન માનીએ તો યાગનું કરણપણું જ રહેતું નથી. અદૃષ્ટાદિ વ્યાપાર નથી, કેમકે યાગથી અદૃષ્ટ થતું નથી. થાય છે એવી કલ્પના કોઈ કરે છે તેમાં પ્રમાણ દેખાતું નથી. દૃષ્ટવ્યાપાર તો પ્રત્યક્ષ છે. તે યજ્ઞ કરનારો દેવતાનાં નામ લઈને દ્રવ્ય અગ્નિમાં હોમે છે, તેનાથી સ્વર્ગ મેળવે છે. દેવતાઓ બીજાઓનું હવિષ વિધિ વડે ગ્રહણ કરે તે કાંઇક ઉપકાર કરવાને યોગ્ય થાય છે, કેમકે લોકમાં કોઇ આપે તેને સામો બદલો આપવાની રીતિ પ્રચલિત છે. (દેવતાની પ્રીતિને વ્યાપાર) ન માનીએ તો દેવતાના ઉદ્દેશથી દ્રવ્યત્યાગને યાગમાં ન કહેવામાં આવે. આ દ્રવ્યના સંસ્કાર માટે પણ દેવતાનો ઉપયોગ છે એમ કહેવું પણ યોગ્ય લાગે છે. નિર્વાપથી લઈને તે દેવતાના સંબંધી વચનોને પ્રોક્ષણની જેમ સંસ્કારપરતા પણ સંભવે

૧. નામ ક્રિયા નિપાત અને ઉપસર્ગ એ ચાર, એનાથી અર્થને કહેનાર છે.
૨. પ્રયોજનવાળા અર્થનું વિધાન કરે તે વિધિ કહેવાય. विधिरत्यन्तमप्राप्ते इत्यादि.
૩. वायुर्वै क्षेपिष्ठा देवता ઈત્યાદિ વાયુની સ્તુતિરૂપ અનુવાદ છે તે ત્રિધા છે.
૪. बर्हिर्देवसदनं यामि ઇત્યાદિ પ્રયોગ સમવેત મંત્રો અર્થને કહેનારા છે.
૫. उद्भिदा यजेत चित्रया यजेत ઈત્યાદિમાં उद्भिदादि યજ્ઞનાં નામો છે.

છે. જો કે દેવતાપદમાં ચતુર્થી વિભક્તિ છે, પણ તે તાદર્થ્ય ચતુર્થી નથી, કેમકે તે ઉપપદ વિભક્તિ છે. દેવની પ્રીતિ પણ અનિત્ય છે, કેમકે તે પ્રીતિ આપવાથી થઈ હતી તે ન આપવાથી જતી રહે, તેથી **देवाः स्वार्था न साधवः, ये भजन्ति यथा देवान् देवा अपि तथैव तान्**, એ ન્યાયથી યાગ કર્યા પછી તે યજમાન તો ઘણું જીવે તો દેવોને તેનું સ્મરણ કરાવનાર કોઈ ન રહે. એટલે અનિત્ય પ્રીતિવાળા તેને મરણ વખતે ભૂલી જાય, તેથી સ્વર્ગાદિ ન મળે. કોઈ સ્મારકની કલ્પના કરીએ તો તેમાં ગૌરવ છે, કેમકે ચતુર્થી નિરર્થક ન થવા માટે તેનો અર્થ કહેવો જોઈએ તે બીજે સિદ્ધ છે, અને તેથી સંપ્રદાન અર્થ લઈએ. દેવતાનો યાગમાં ઉદ્દેશ પ્રસિદ્ધ છે. **यस्यै देवतायै हविर्गृहीतं स्यात्** ત્યાં **अग्नये जुष्टं निर्वपामि इत्यादि**માં **अग्नये** ત્યાં તાદર્થ્ય ચતુર્થી છે, કેમકે ત્યાં **नमः स्वस्ति स्वाहा** પદ નથી. યાગમાં તો સ્વર્ગ ફલરૂપ છે; કેવળ દેવતાનો ઉદ્દેશ નથી. બીજા પણ અવાંતર વ્યાપાર કહેવાના હોઈને **नमः-स्वस्तिस्वाहास्वधालंवषड्योगाच्च** એ ઉપપદ વિભક્તિનું વ્યાકરણમાં પાણિનિએ સૂત્ર બાંધ્યું છે. માટે તે ઉપપદ વિભક્તિથી અહીં ચતુર્થી **स्वाहा**ના યોગમાં છે. તેના યોગથી અહીં પ્રીતિ છે, તે નિત્ય હોવાથી ઉપર કહી અડચણ અહીં આવતી નથી. ત્યાં કહે છે કે અહીં પ્રીતિને વ્યાપાર[1] ન માનો; તે તો બીજાનો ધર્મ છે, તે સ્વર્ગને મેળવી ન આપે. દેવો તો સ્વર્ગના અધિકારી હોવાથી સ્વર્ગરૂપ ફલને તેઓ આપી શકે. દ્રવ્ય આપવાથી દેવતા પ્રીતિ કરે તેને વ્યાપાર માનવો જોઈએ. તે દેવતા નિત્ય છે, ચેતન છે, જેને જેવું ફલ દેવું તે આપવાને સમર્થ છે. પરંતુ તે અપુરુષાર્થરૂપ હોવાથી પુરુષને ઇચ્છિત નથી તેથી યાગ [2]અન્યથાસિદ્ધ થતો નથી. તેથી મધ્યમાં દેવતા પરત્વેમાં પણ તે દેવતાઓ ભગવાનના શ્રીઅંગમાં રહેનારી હોવાથી દેવોને ભગવત્પરતા છે, તેથી કહ્યું **देवा नारायणाङ्गजाः।** અંગની સેવા કરનારને અંગમાં મતલબ હોતી નથી પણ અંગીમાં હોય છે. જો કે અહીં અંગજ કહ્યા તેને અંગરૂપ કહેવા જોઈએ, પરંતુ અહીં તો ભગવદ્વિગ્રહ જ અંગ છે, એટલે દેવોને અંગજ કહ્યા. પ્રીતિ પક્ષમાં પણ દૃષ્ટ ફલ છે તેથી અને પ્રામાણિકતાથી સ્મરણાદિની કલ્પનામાં ગૌરવરૂપ દોષ નથી આવતો. જ્યાં દેવતા વ્યાપારરૂપ કહ્યા ત્યાં સ્વર્ગાદિ ઉદ્દેશ્ય છે. તે સ્વર્ગથી લોક લો કે આત્મસુખ લો,

---

૧. तज्जन्यत्वे सति तज्जन्यजनको व्यापारः આંખથી દેખતાં દર્શનરૂપ ફલનો જનક એ વ્યાપાર કહેવાય, જેનાથી ઉત્પન્ન થાય તજજન્ય ફલનો જનક એ વ્યાપાર કહેવાય.

૨. अन्यथासिद्धः अवश्यनियतपूर्ववर्तिनः कार्यसंभवे तत्सहभूतः । જેમ અવશ્ય નિયત પૂર્વ દેહાદિથી ઘટ થાય છે તેની સાથે રહેલ દંડત્વ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય. આ વાત ગત દ્વિતીય અધ્યાયમાં सिद्धेऽन्यथार्थे न यतेत तत्र परिश्रमं तत्र समीक्षमाणः ત્યાં બતાવેલ છે.

તેનાથી ભગવદીયપણું વ્યભિચરિત થતું નથી, કેમકે લોક પણ ભગવદવયવ છે. મોક્ષ પણ **अस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति** એ શ્રુતિથી અમૃત પણ ભગવદાનંદ છે. તે યાગ કરનારને સ્વર્ગાદિસંપાદનમાં ભગવાદાનંદના ઉપજીવક છે. એમ સ્વર્ગાદિ લોક અવાંતર છેઃ તેથી તજ્જન્ય સુખ પણ ભગવત્પર છે. એમ સ્વર્ગાદિલોક અવાંતર ફલ અને આત્મસુખ મહાફલ, એને માટે પ્રવૃત્ત થયેલ યોગ ભગવત્પર છે એ વાત શંકા વગરની છે; તેથી વેદના વાક્યાર્થના કથનમાં પણ ભગવત્પર તે વાક્યો છે એમાં વિવાદ નથી; તેથી ભગવત્પરતા વેદની વિચારી. હવે પુરાણની ભગવત્પરતાનો વિચાર કરવાનો રહ્યો, તે તો **इतिहासपुराणं वेदानां पञ्चमो वेद** ઇતિહાસ (મહાભારતાદિ) પુરાણો વેદમાં પાંચમો વેદ છે એમ કહ્યું છે, તેથી તેનો વિચાર વેદના વિચારમાં આવી ગયો, છતાં કોઈ એમ કહે કે તે તો પાંચમો કહ્યો તેથી ચાર વેદમાં ન ગણાય, તેથી અહીં પાક્ષિક દોષ ગણી તેનું તાત્પર્ય ભગવાનમાં છે એ વાત કહે છે. પુરાણમાં ચાર અર્થો સાંખ્ય, યોગ, પશુપતિમત અને વૈષ્ણવમત એ વર્ણવ્યા છે. તેમાં છેલ્લો વૈષ્ણવ-મત તો વૈદિક હોવાથી તેમાં શંકા નથી. યોગ ચિત્તવૃત્તિના નિરોધરૂપ છે. તે સ્વતઃ અપુરુષાર્થરૂપ છે, છતાં પુરુષાર્થના સાધનરૂપ છે. તેમાં વેદવિરુદ્ધાર્થની કલ્પના કરવાની નથી, કેમકે નહિ તો યોગ અપ્રમાણ ગણાશે. અણિમાદિ આઠ સિદ્ધિઓ તેનું મુખ્ય ફળ નથી, એમ માનીએ તો તે મોક્ષ આપનાર નહિ હોવાથી યોગશાસ્ત્ર જ નહિ રહે. સિદ્ધિઓ તો ભગવાનમાં અન્તરાયરૂપ હોવાથી કાર્યનિર્ગમના કારણરૂપ છે એ આગળ કહેવાશે. તેથી મોક્ષને સાધતો પણ યોગ ભગવાનમાં ચિત્તની એકાગ્રતા સિદ્ધ કરીને ભગવાનને સાધે છે, કેમકે તેમાં સબીજ નિર્બીજ ધ્યાન ભગવાનના ચરણારવિંદનું થાય છે. તેથી પણ અવાંતર વ્યાપાર કહેવાની ઇચ્છાએ કરી પૂર્વ જેમ ભગવત્પ્રીતિ અવાન્તર વ્યાપારરૂપ છે, એમ યોગ ચિત્તને સંસ્કાર કરે છે તોપણ ફલ તો ભગવાનને અધીન હોવાથી ભગવાનના સુખ તરફ તેને જોઈ રહેવું પડે છે. **योगाः** એમ બહુવચન મૂળમાં કહ્યું છે તેથી બધા યોગના ભેદો ભગવત્પર છે એ વાત આગળ ૩જા સ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવશે. તે ભગવત્પ્રાપ્તિના ઉપાય-રૂપ છે તેથી સામાન્ય રીતે યોગની ભગવત્પરતા તો વિવાદ વગરની છે. તપ તો ભગવાનને ઉપયોગી છે. અને દેહેન્દ્રિયનું સંપાદક હોવાથી ભગવત્પર એમ ન માનીએ તો તપમાં ક્લેશ છે તે ક્લેશ પુરુષાર્થ પર્યવસાયી ન થાય. પશુપતિમત તો તપમાં જ ઉપક્ષીણ થાય છે. જ્ઞાન બે પ્રકારનું છેઃ ઉપનિષત્પ્રતિપાદ્ય અને સાંખ્યશાસ્ત્રથી સિદ્ધ. તે બન્ને જો કે પરસ્પર વિરુદ્ધ છે. ઔપનિષદ્જ્ઞાન સર્વ ભગવત્પર છે એમ પ્રતિપાદન કરે છે તેથી આત્મારૂપે સર્વવિષયક છે. સાંખ્યજ્ઞાન સર્વની વ્યાવૃત્તિ કરીને આત્માને કહેનાર છે, તોપણ પ્રથમ જ્ઞાનમાં પ્રવૃત્ત થાય તેને આત્માનાત્મસંસ્કારથી

જુદા પાડીને આત્મા જણાવવો એ તેનું મુખ્ય કાર્ય છે. એમ ન માનો તો સર્વને આત્માપણું કહેવું એ આત્માના અજ્ઞાનથી અશક્ય થઇ પડે. જ્ઞાનીનું તાત્પર્ય જ્ઞેયમાં હોય છે. તે જ્ઞેય અહીં નારાયણ છે, કેમકે તે આત્મા છે, સર્વ છે અને બ્રહ્મ છે. ગતિ પણ પહેલાં કહી તેમ ભગવત્પર જ છે. તે ગતિ બ્રહ્મજ્ઞાનફલા છે. તે જ કહ્યું છે કે **विन्दन्ति हि ब्रह्मगतिं गतक्लमाः** (બ્રહ્મરૂપ ગતિને મેળવે છે, છતાં તેમને ક્લેશ થતો નથી.) (૧૫–૧૬)

એમ વિમર્શ કહીને **यद्रूपम्** ઇત્યાદિ છ પ્રશ્નો આગળ વિસ્તારથી કહેશે તે પહેલાં **यद्विज्ञान०** ઇત્યાદિ ચાર પ્રશ્નોનો ચાર શ્લોકથી ઉત્તર આપે છે:

**तस्यापि द्रष्टुरीशस्य कूटस्थस्याखिलात्मनः ।**
**सृज्यं सृजामि सृष्टोऽहमीक्षयैवाभिचोदितः ॥ १७ ॥**

**શબ્દાર્થ**:—દ્રષ્ટા ઇશ્વર કૂટસ્થ સર્વના રૂપ તે ભગવાનની જ્ઞાનદૃષ્ટિથી પ્રેરેલો હું તેને સરજવાનું છે તે ઉત્પન્ન થઇને સરજું છું.

**ભાવાર્થ**:—તેમાં પ્રથમ **यद्विज्ञान०** એ પ્રશ્નનું ઉત્તર કહે છે: આ જ્ઞાન જગદ્રૂપ કાર્યના ઉપાય તરીકે છે. તેથી પૂર્વે આત્મરૂપ મોક્ષના ઉપાય તરીકે જ્ઞાન કહ્યું છે તેનાથી આ ગતાર્થ નથી. પ્રશ્ન એવો છે કે જેનાથી વિજ્ઞાન થાય છે તે **यद्विज्ञान** કહેવાય, માટે તે પ્રશ્નની પહેલાં તેનું વિજ્ઞાન કહેવું જોઇએ. ઉપાદાનના વિષયરૂપ પ્રથમ જ્ઞાન અને તેના સાધક પ્રકાશથી સાધનજ્ઞાન, એ બંને જ્ઞાન ભગવાનમાં છે. તે જ કહે છે: તે ભગવાનને જે સરજવાનું છે તે તેની પ્રેરણાથી હું સરજું છું, એવો શ્લોકનો સંબંધ છે. તેને સરજવાનું કારણ કહે છે કે તે દ્રષ્ટા છે. વિશ્વરૂપ કાર્ય ભગવાનનું સજ્ય છે. તે જ દ્રષ્ટા હોવાથી દ્રષ્ટા જ કાર્ય કરી શકે. કેવળ જ્ઞાન માત્રથી કાર્ય ન કરી શકાય; તેથી તે ઈશ છે તે સર્વ કરી લે. ત્યાં શંકા કરે છે કે ભગવાનમાં ક્રિયા–જ્ઞાનશક્તિ છે પરંતુ, વ્યાપાર કરતાં ક્લેશ થાય તો આત્મામાં વિકાર થઈ જાય તેથી, ભગવાનમાં કર્તૃત્વપણું સંભવે નહિ ! એવી શંકાના ઉત્તરમાં કહે છે કે તે **કૂટસ્થ** છે. તે સર્વ કરે તો પણ **કૂટસ્થ** જ રહે છે; તેમાં વિકાર થતો નથી, જેમ કામધેનુ કલ્પવૃક્ષ અને ચિંતામણિ અથવા યોગી જેમ મનથી સરજે છે. તેથી કૂટસ્થ હોય તે જ કર્તા થઇ શકે, તેથી પણ તમે શંકા કરો છો તેવું કાંઈ ભગવાનમાં વિકાર આવી શકે તેવું નથી. ત્યાં વળી કહે છે કે ભગવાન્ સૃષ્ટિ કરવાને યોગ્ય નથી, કેમકે પ્રયોજનનો તેમાં વિરોધ આવે. તે જ બતાવે છે કે તે કરે તો પોતાને માટે અથવા જીવને માટે જગત કરે. પોતાને માટે કરે અને જીવને ઉત્પન્ન ન કરે તો ભક્તિમાર્ગનો વિરોધ આવે; બધા માર્ગોનો વિરોધ થાય. બન્ધ મોક્ષ ન હોવાથી વિચિત્રતા કે અજ્ઞાન ન થાય, તેથી ઉભયને માટે કરે

છે. અથવા કેવળ જીવને માટે જગત કરે છે એમ માનવું જોઈએ. તેમાં પોતાના અંશ કરે તો પોતાનું આનંદપૂર્ણપણું જતું રહે. પરાર્થે કરે તો વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય રૂપદોષ ભગવાનને લાગે! તે શંકાના ઉત્તરમાં કહે છે કે તે ભગવાન બધાના આત્મા છે; તેથી આત્માની સૃષ્ટિમાં વૈષમ્યાદિ દોષ નથી હોતા. તેમ આનંદાદિનો વિરોધ પણ નથી, કેમકે અખિલ[1]-રૂપ તે જ છે. જે આત્માઓ ખિલ ન થાય તેમને માટે સૃષ્ટિ કરે છે. ઉપભોગ પણ સંપાદન કરે છે, તેથી પોતાના પૂર્ણ આનંદના પણ તે આત્મા છે. ભોગ કરીને તેમાં વધારો કરે છે, તોપણ તેમાં અનિષ્ટપણું કે ન્યૂનતા આવતાં નથી. તેથી બન્ને પ્રકારની સૃષ્ટિ ભગવાન કરી શકે તોપણ ઈશ્વર છે તે ભક્તિમાર્ગની વ્યવસ્થા કરવા માટે મને ઉત્પન્ન કરી નેત્રના ઈસારાથી મને જણાવી મારા દ્વારા સર્વ સરજીને પોતે તો મૂળ રૂપે જ રહ્યા, ત્યારે મેં તેમને સરજવાનું હતું તે સરજ્યું, પરંતુ તેમાં જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ જોઈએ તે ભગવાન પાસેથી લઈને મેં કર્યું છે. **ईक्षया** દૃષ્ટિથી પ્રેરણા કરવાથી મને અભય પ્રાપ્ત થયું. (૧૭)

ઉપરના શ્લોકમાં સામાન્ય રીતે ભગવાન્ આ જગતના આધાર છે તથા નિયામક છે તે વાત કહી, પરંતુ તેનું કારણ શોધવાનું છે કે ભગવાન્ તમને કે બીજાને કેમ ઉત્પન્ન કરે છે ? વળી આત્મા તો એક છે તેમાં એક તો તાબેદાર અને બીજો તેનો નિયામક એ કેમ સંભવે ? ત્યાં કહે છેઃ

**सत्त्वं रजस्तम इति निर्गुणस्य गुणास्त्रयः ।**
**स्थितिसर्जनिरोधेषु गृहीता मायया विभोः ॥ १८ ॥**
**कार्यकारणकर्तृत्वे द्रव्यज्ञानक्रियाश्रयाः ।**
**बध्नन्ति नित्यदा मुक्तं मायिनं पुरुषं गुणाः ॥ १९ ॥**

**શબ્દાર્થઃ—ભગવાન્ જગતની સ્થિતિ, ઉત્પત્તિ અને સંહારને માટે પોતે નિર્ગુણ છતાં માયા વડે સત્ત્વ, રજ અને તમોગુણને ધારણ કરે છે, કેમકે તે તેમ ગુણ ગ્રહણ કરવામાં સમર્થ છે.**

---

૧ અહીં 'અખિલ'પદ લખ્યું છે. તે તો વસ્તુ હોય અથવા જીવ હોઈ શકે. તે બન્ને ભગવાનમાં ન હોવાથી આનંદાદિ વિરોધ કેમ ન થાય? ત્યાં કહે છે કે અહીં સર્વાદિ પદાર્થો કહ્યા નથી અને अखिल શબ્દ મૂક્યો છે તેમાં ખિલ એટલે ઓછું–એ ઓછાપણું તો આનંદ ન હોય અથવા સર્વરૂપ ન હોય તો થાય. ભગવાન્ ખિલ નથી, એમ કહેવાથી સર્વરૂપ અને આનંદરૂપ હોવાથી તેના સ્વરૂપમાં આનંદાદિનો વિરોધ નથી; તેથી જ કહ્યું કે પોતાના પૂર્ણ આનંદના પણ આત્મા છે, એથી આનંદને વધારે છે.

ભાવાર્થ:—अवस्थितेरिति काशकृत्स्नः-તે તે અવસ્થામાં રહેલ બ્રહ્મ જ તે તે શબ્દથી વ્યવહાર થાય છે.' એવો કાશકૃત્સ્નનો મત છે તે અહીં સિદ્ધ થશે. જેમ કરોળિયો પોતે મોઢામાંથી એક લાળ બહાર કાઢે છે તે ગૌણ હોવાથી ગુણ શબ્દથી તેનો વ્યવહાર કરાય છે. ભગવાન સચ્ચિદાનંદ છે તેમાં સત્માંથી સત્ત્વ થયું. કેવળ ચિદ્રૂપથી નીકળ્યું તેમાં ક્રિયાશક્તિ મુખ્ય હોવાથી અને સદાનંદન હોવાથી रजः શબ્દવાચ્ય રજોગુણ થયો. આનંદ નામના અંશથી તમ થયું. તે ભગવદ્રૂપ જ ભગવાને ઉત્પન્ન કર્યા. તે ગુણો પ્રથમ ભગવાનમાં ન હતા. પહેલાં હોય તો ભગવાનથી જુદા ગણાય. જેમ કાપુસમાં સૂત્ર નથી પણ તે પાછળથી કપાસના અવયવો પૂર્વાપર ભાવને પામે તેમાંથી સૂત્ર થાય છે, તેમ ભગવાન-માંથી જેમ જેમ કામ પડયું તેમ તેમ ગુણો થયા, એટલે ભગવાન્ નિર્ગુણ ઠર્યા. જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયને માટે પોતે તે ગુણો સ્વસ્વરૂપમાંથી કાઢયા. તેનું ગ્રહણ પણ માયાથી કર્યું. આ માયા જગત્કર્ત્રી છે, મોહ કરનારી નથી, કેમકે તે વિભુની માયા છે. તે સર્વરૂપ ભગવાનની શક્તિ છે. સર્વ રૂપમાં ભગવાનના સંબંધથી સર્વની પ્રતિકૃતિરૂપા માયા છે. ભગવાન્ જગત કરે તેમાં તે કરણરૂપા છે. તે કરણાંશ માયાનો છે. કરણરૂપથી નીકળેલા ગુણો માયાએ ગ્રહણ કર્યા: તે ગુણો તેના પુત્રો હોય તેમ માયાને તાબે રહે છે, તેથી ભગવાનના અંશરૂપ જે જીવ તે માયામાં અથવા માયાના કાર્યમાં રમવાની ઇચ્છા કરે તેને તે બાંધે છે. તે કહે છે કે કાર્ય એટલે અધિભૂત દેહ, કારણ અધ્યાત્મ ઇંદ્રિયો, કર્તા આધિદૈવિક-અન્તઃકરણ, તેનો ભાવ કાર્યકારણકર્તૃત્વ કહેવાય. એટલે તે સંઘાત દેહ નામથી બોલાય છે. જીવને દેહનું તે નિમિત્ત છે. જેમ કેવળ જીવ હતો તે આથી દેહરૂપવાળો થયો. તે ગુણો માયાએ ગ્રહણ કરીને પોતાની પાસે રાખ્યા છે. તે કહે છે કે દ્રવ્ય એટલે અધિભૂત, જ્ઞાન અધિદૈવ અને ક્રિયા અધ્યાત્મરૂપા. તે આધિ-ભૂતાદિ ત્રણના આશ્રય એક એકનો એક આશ્રય છે. તે પોતપોતાના આશ્રયમાં જીવને બાંધે છે. આધ્યાત્મિકતાને છોડીને કેવળ તે થઇ શકતા નથી, પણ સર્વદા તેને બંધનમાં રાખે છે. બાંધવામાં કારણ તેને માયાનો સંબંધ છે. સંબંધ માત્ર જ કારણ હોય તો ભગવાનને પણ સંબંધ હોવાથી તેને બાંધે, પણ તે ગુણો તો 'હું છું' એમ અભિમાન કરે તેને બાંધે છે. તેને સાધનપણાથી કામને માટે ગ્રહણ કરે તેને તે માયા બંધન કરતી નથી, પણ જે તેમાં સ્વતંત્રતા દેખાડે છેઃ 'તેનો પતિ હું છું' તેને તે માયા બાંધે છે, પણ કરણરૂપે કાર્યને માટે ગ્રહણ કરનારને તે બાંધતી નથી. તેથી ગુણમાં બંધાયો તે તાબેદાર, ગુણનો કર્તા તે નિયામક, એમ એકમાં બે રૂપ થવાનું કારણ માયા કહી. (૧૮-૧૯)

એમ જીવ અને બ્રહ્મભાવનો ભેદ કહ્યો. એમ સામાન્ય ઉત્તર તો આપ્યો, હવે यदाधार० વગેરે પ્રશ્નોનો વિશેષરૂપે ઉત્તર આપે છેઃ

**स एष भगवांल्लिङ्गैस्त्रिभिरेभिरधोक्षजः ।**
**स्वलक्षितगतिर्ब्रह्मन् सर्वेषां मम चेश्वरः ॥ २० ॥**

**શબ્દાર્થ:**—જે માયાને વશ કરનાર છે તેને આ ત્રણ ગુણોથી કોઇ જાણી શકતું નથી. હે બ્રહ્મન્! જેને ભક્તો જ જાણી શકે છે, તે બધાના અને મારા ઇશ્વર છે.

**ભાવાર્થ:**—માયા અને તેનાં કાર્ય દ્રવ્યજ્ઞાનાદિ તે વિશેષ આધાર છે, જ્યારે ભગવાન્ સામાન્યાધાર છે. તેનો ઉત્તર આપીને તે માયાવાળા કહેવાય છે તેથી વિશેષાત્મા પણ છે. તેથી यत्पर એ પ્રશ્નનો ઉત્તર બાકી રહ્યો. નિયામકનું દર્શન કરે ત્યારે આ તો પહેલાં મારા આત્મા છે એવું જ્ઞાન થતાં નિયમન નહિ થઈ શકે, તેથી તે ત્રણ ગુણો એને જાણતા નથી એમ કહ્યું છે; જો કે તે આત્મા જ આ છે. જે સ્રષ્ટા છે તે જ બંધાયો છે, તોપણ સ્રષ્ટા ભગવાન્ છે. આ તો ગુણો છે, જેનાથી ભગવાન્ જણાય. એ સ્વરૂપથી બહાર નીકળ્યા ત્યારે ધુમાડાની જેમ લોકમાં પોતાને પ્રસિદ્ધ કરે છે; બીજાને પોતાનું સ્વરૂપ દેખાડે છે. તે બંધનરૂપ ત્યારે થતા નથી. બીજા કોઈથી તો જીવ બંધાતો નથી. ગુણો તો ત્રણ જ છે. તે ભગવાનને બાંધતા નથી તેનું કારણ ભગવાન અધોક્ષજ છે. તે જો ગુણોને જુએ અથવા તેની કૃતિમાં વ્યાપ્ત થાય તો તેને બાંધે, પણ તે તો ભગવાનમાં અસંભવિત છે; તેથી ભગવાનની ગતિને કોઈ જાણતું નથી. અથવા જે બંધાયા નથી તે જ તેને જાણે છે. ખરી રીતે તો ભગવાનની આગળ પાછળ ભક્તો સાથે જ હોય છે, એ નિશ્ચય છે. તેથી નારદને ब्रह्मन् સંબોધન આપ્યું છે કે તમે તેવા છો, છતાં તમારા અને મારા તથા બીજાના ભગવાન નિયન્તા છે, એ વાત સિદ્ધ કરી. (૨૦)

એમ ચાર પ્રશ્નો કહીને હવે છ પ્રશ્નો यद्रूप० ઇત્યાદિ કર્યા તેનો ઉત્તર આપે છેઃ

**कालं कर्म स्वभावं च मायेशो मायया स्वया ।**
**आत्मन् यदृच्छया प्राप्तं विबुभूषुरुपाददे ॥ २१ ॥**

**શબ્દાર્થ:**—હે આત્મન્, માયાના ઇશ પોતાની માયા વડે કાળ, કર્મ અને સ્વભાવ એની મેળે આવ્યા તેને પોતે જગદ્રૂપે થવા માટે ગ્રહણ કર્યા.

**ભાવાર્થ:**—આ છ પ્રશ્નોમાં ત્રણનો ઉત્તર આ અધ્યાયમાં આપશે, જયારે ત્રણનો આગળના અધ્યાયમાં ઉત્તર મળશે. તેમાં પ્રથમ यद्रूप० એ પ્રશ્ન

કર્યો છે તેનો ઉત્તર આપે છે. સ્વભાવથી જે થશે તે આગળ કહેવાશે. જે રૂપો દેખાય છે તેનાથી આ કાળ કર્મ અને સ્વભાવરૂપ જુદું છે. તે બધાનો આધાર તો તત્ત્વો છે. તેની સાથે ભગવાનથી આ કાળાદિ સૃષ્ટિ થઇ છે. તેમાં સર્વ જગતમાં કાળ કર્મ અને સ્વભાવ જણાય છે તે ભગવાને તેને પહેલાં ગ્રહણ કર્યાં તેથી જણાય છે. એ કાળ કર્મ અને સ્વભાવ એ ભગવાનનાં વિશેષ રૂપો જ છે; એ અક્ષર બ્રહ્મના ભેદો છે. તે સર્વત્ર ભ્રમણ કરી રહ્યા છે. તે ફરતા ફરતા ભગવાન પાસે આવ્યા ત્યારે ભગવાને તેને ગ્રહણ કર્યાં ને કરણ-કોટિમાં રાખ્યાં. ત્યાં તો માયા છે તેણે તેને રાખ્યા, પણ અહીં માયા કરણ-રૂપા છે, કર્ત્રી નથી. તે પણ વ્યામોહિકા નથી, પણ ભગવાનની પોતાની છે. ભગવાન માયાને વશ રાખનાર છે, પરંતુ માયામાં માયારૂપ નથી થયા. આ સૃષ્ટિમાં જીવને બંધનમાં અને ઉત્પત્તિ સ્થિતિ લયમાં ગુણોનો ઉપયોગ છે; પોતાને અનેક રૂપ થવામાં ગુણનો ઉપયોગ નથી. વિશેષ રૂપ થવાને ઇચ્છતા ભગવાને તે ગુણોને ગ્રહણ કર્યા. પછી તેને માયાએ ગ્રહણ કર્યાં ત્યારે તે માયાના તાબામાં આવ્યા. (૨૧)

તેથી તેનો નિયોગ કહે છે:

**कालाद् गुणव्यतिकरः परिणामः स्वभावतः ।**
**कर्मणो जन्म महतः पुरुषाधिष्ठितादभूत् ॥ २२ ॥**

**શબ્દાર્થ:**—કાળથી ગુણનો સંબંધ થયો, સ્વભાવથી ગુણનો સંબંધ થતા તે પરિણામવાળા ગુણો થયા. કર્મને ગુણોનો સંબંધ થતાં મહત્તત્ત્વનો જન્મ થયો. તે બધામાં પુરુષે પ્રવેશ કર્યો ત્યારે થયું.

**ભાવાર્થ:**—પહેલાં ગુણોને માયાએ રાખ્યા, પછી કાલાદિ ત્યાં આવ્યા તે પણ ગુણોમાં પ્રવિષ્ટ થયા; તેથી કાળને ગુણોનો સંબંધ થયો. પછી સ્વભા-વનો સંપર્ક થયો ત્યારે તેનું પરિણામ આવ્યું તે ત્રણ ગુણના કાર્યરૂપ જન્મ રૂપે પરિણમ્યું; એથી સૃષ્ટિ પણ ત્રણ ગુણથી ત્રિપ્રકાર થઈ. કાળને ગુણનો સંપર્ક થયો તેમાં ભૂત ભવિષ્યત્ અને વર્ત્તમાન નામના ત્રણ ભેદ થયા તે સંવત્સર-રૂપે થયો, તેમાં જ્યારે સ્વભાવ પેઠો ત્યારે અધિક થવો જોઈએ તેથી જડાદિ વસ્તુઓ થઈ. ઘડા ફૂરડાં વગેરે તે કાળમાં પરિણમ્યાં. સ્વભાવ મળવાથી તેહવું થયું. તેમાં જ્યારે કર્મ પેઠું ત્યારે ત્યારે જીવને રહેવા લાયક દેહાદિનો જન્મ થયો. તે બધાં થયાં તેમાં પુરુષનું અધિષ્ઠાન તો સર્વમાં સમજવું; તોપણ પરિણામ તો મહત્તત્ત્વના જન્મમાં આવ્યું. તેનું બીજું નામ ન હતું, પણ સ્થૂળ હતું તેથી મોટું તત્ત્વ જાણી તેને મહત્ત કહ્યું છે. (૨૨)

એમ એક જીવને કાળ, કર્મ સ્વભાવ વડે દેહનો સંબંધ થયો. ભગવાનની પ્રેરણાથી ગુણો મહત્તત્ત્વને લાગુ પડયા, તે હવે કહે છે:

**महतस्तु विकुर्वाणात् रजःसत्त्वोपबृंहितात् ।**
**तमःप्रधानात्त्वभवद् द्रव्यज्ञानक्रियात्मकः ॥ २३ ॥**

**શબ્દાર્થ**:—મહત્તત્ત્વમાં ગુણો પેઠા અને ભગવાને પ્રેર્યા ત્યારે મહત્તત્ત્વ પણ વિકારવાળું થયું. તેમાં રજોગુણ સત્ત્વગુણ ગૌણ, અને તમોગુણ મુખ્ય છે, એવો દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાત્મક પદાર્થ ઉત્પન્ન થયો.

**ભાવાર્થ**:—કાળ, કર્મ અને સ્વભાવને ગુણોનો સંબંધ થતાં તેમાં વિકાર ઉત્પન્ન થયો. તેમાં રજોગુણ અને સત્ત્વગુણ તો સહાયક થયા અને તમોગુણ પ્રધાન થયો. તેમાંથી ત્રણ ગુણવાળો પદાર્થ થયો તે દ્રવ્ય જ્ઞાન અને ક્રિયારૂપ એક જ પદાર્થ થયો. (૨૩)

તેનું નામ નીચેના શ્લોકથી કહે છે:

**सोऽहंकार इति प्रोक्तो विकुर्वन् समभूत् त्रिधा ।**
**वैकारिकस्तैजसश्च तामसश्चेति यद्भिदा ॥**
**द्रव्यशक्तिः क्रियाशक्तिर्ज्ञानशक्तिरिति प्रभो ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—હે પ્રભો ! એ ત્રણ પદાર્થ એકરૂપે થયા તે અહંકાર કહેવાયો. તેમાં વિકાર થતાં સાત્વિક રાજસ અને તામસના ભેદથી દ્રવ્યશક્તિ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એવા તેના ભેદો થયા.

**ભાવાર્થ**:—પહેલાં તો સ્થૂળ એક જ કાર્ય ઉત્પન્ન થયેલ તેને ભગવાને મહાન્ કહ્યું. આ તત્ત્વનો પેદા કરનાર બાપ તો મહાન્ છે. તે મોટાનો પુત્ર થયો તેનો તેને અહંકાર થયો. બીજા નામની તેને ખબર ન હતી. તેણે પોતાને અને પ્રકૃતિને જોયાં. તે બન્નેનો નામમાં ઉપયોગ કર્યો, એટલે અહંકાર કહ્યો. તેના બાપે અહંકાર નામ કહ્યું. તે પણ પ્રથમને થયું છે તેમ, કાલ કર્મ અને સ્વભાવનો સંબંધ થવાથી વિકૃત થયું. ગુણોને પ્રધાન ગુણભાવમાં કોઈ નિયામક ન હોવાથી તેણે સ્વતંત્ર રીતે પોતાના સ્વતંત્ર આધારને ત્રણ પ્રકારે વહેંચ્યો. તેના ભેદો સાત્વિક રાજસ. તેના અવાંતર ભેદ પણ चकार છે તેથી લેવા. એમ તામસનું પણ સમજવું. એથી અહંકાર ત્રણ ભેદવાળો કહેવાયો. તેનું પોતપોતાના કાર્યનું સામર્થ્ય કહે છે કે તામસ અહંકારમાં દ્રવ્યજનન-સામર્થ્ય છે. તે દ્રવ્યને ઉત્પન્ન કરે છે, તેથી તેનું ગૌણ નામ દ્રવ્યશક્તિ છે: દ્રવ્ય કરવામાં શક્તિ છે જેની. એમ રાજસ અહંકાર ક્રિયાશક્તિનું ઉત્પાદન

કરનાર હોવાથી તેનું ગૌણ નામ ક્રિયાશક્તિ છે. સાત્ત્વિકાહંકારનું નામ જ્ઞાન-શક્તિ છે. હે "પ્રભો" એમ સંબોધનથી એ સૂચવ્યું કે તમારો અહંકાર જ્ઞાન-શક્તિરૂપ છે. (૨૪)

આ ત્રણ કાલ કર્મ સ્વભાવના સંબંધવાળા છે, સૃષ્ટિ કરનાર છે, તેમાં પ્રથમ તામસ અહંકારને કહે છે:

**तामसादपि भूतादेर्विकुर्वाणादभून्नभः ।**
**तस्य मात्रागुणः शब्दो लिङ्गं यद् द्रष्टृदृश्ययोः ॥ २५ ॥**

**શબ્દાર્થ**:—ભૂતાદિ એટલે તામસ અહંકારથી વિકૃતિ થઇને આકાશ થયો તેનો માત્રાગુણ શબ્દ થયો, જે દ્રષ્ટા અને દૃશ્યને કહેનારું લિંગ છે. શબ્દથી બન્ને જણાય છે.

**ભાવાર્થ**:—તામસ અહંકારનું ભૂતાદિ એવું બીજું નામ છે. પૃથ્વીથી આકાશ સુધીનાનું સામાન્ય નામ ભૂત છે. ભૂત એટલે થયેલું. એ ભૂતો તામસ છે, તેથી જે તામસ થાય છે તે ભૂતો કહેવાય છે. તેનું આદિકારણ તે ભૂતાદિ એટલે અહંકાર છે. તે પણ જ્યારે વિકૃત થાય છે, કાર્ય ઉત્પન્ન કરવાને તૈયાર થાય છે, ત્યારે તેને પ્રથમની પેઠે કાલાદિનો સંબંધ થયો ત્યારે કાંઇક કાર્ય થયું. તે અત્યંત તામસ હોવાથી પ્રકાશ અને પ્રવૃત્તિ રહિત હોવાથી **न विद्यते भाः यस्य** એવી વ્યુત્પત્તિ કરતાં, **भा दिप्तौ** એ ધાતુને **असु** પ્રત્યય અને આકાર લોપ કર્યાથી **नभस्** શબ્દ થયો. જ્યારે તેમાં પ્રકાશ કે પ્રવૃત્તિ નથી તો તેની પ્રતીતિ કેમ થાય વારુ? તેનો ગુણ શબ્દ છે. મા નિષેધાત્મક માયા, તેને **त्रायते** રક્ષે તે "માત્રા" કહેવાય. ભગવાનના આવરણરૂપ માયાની રક્ષા કરે તે "માત્રા" કહી, એથી માત્રામાં આસક્ત થયો તે ભગવાન પાસે પહોંચતો નથી; તેથી વર્ણાત્મક શબ્દ છે એ વાતનો નિષેધ કર્યો, તેથી તે આકાશનો ગુણ છે: આત્માને બાંધનારો છે, કેમકે પહેલાં ગુણોને બંધક કહ્યા છે. માત્રા એટલે પરિણામવિશેષ. સમગ્ર આકાશ વ્યવહારમાં શબ્દમાત્ર કહેવાય છે. શબ્દમાત્રથી આકાશનો વ્યવહાર થાય છે. વળી તે દ્રષ્ટા અને દૃશ્યનું સૂચન કરનાર લિઙ્ગ છે. માત્રાપણું અને ગુણપણું એ શબ્દમાં રહેલા ધર્મો છે, તે શબ્દનો અસાધારણ ધર્મ નથી; તેથી તે શબ્દનું અસાધારણ લક્ષણ નથી, પણ દ્રષ્ટૃ દૃશ્યનું બતાવનાર લિઙ્ગ શબ્દ છે. હાથી, હાથી, એમ પોકાર સાંભળતાં સ્વર ઉપરથી ઘરમાં રહેલો પુરુષ હાથી અને તેના જોનારને જાણી શકે છે કે દેવદત્ત હાથીને જોઈ રહ્યો છે. (૧૫)

તામસ અહંકારથી આકાશની ઉત્પત્તિ કહી. આકાશથી વાયુ વગેરેની ઉત્પત્તિ થાય છે તેને હવે કહે છે:

**नभसोऽथ विकुर्वाणादभूत्स्पर्शगुणोऽनिलः ।**
**परान्वयाच्छब्दवांश्च प्राण ओजः सहो बलम् ॥ २६ ॥**

**શબ્દાર્થ:**—આકાશમાં વિકાર થતાં સ્પર્શગુણવાળો વાયુ થયો. તેનો પ્રધાન ગુણ સ્પર્શ અને તેના કારણ આકાશનો ગુણ શબ્દ તેનામાં આવ્યો, તેથી તે બે ગુણવાળો થયો. તે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય વગેરે પ્રાણના દશ પ્રકાર છે. ઇન્દ્રિયશક્તિ ઓજ, મનની શક્તિ સહ, શરીરની શક્તિ બલ એ બધાં તેનાં કાર્યો છે:

**ભાવાર્થ:**—સ્પર્શ જેનો ગુણ છે એ વાયુ થયો. વાયુના બે ગુણો છે: તેનો સ્વાભાવિક ગુણ સ્પર્શ છે; કારણમાંથી ઊતરી આવેલો શબ્દ ગુણ આગંતુક છે. તેનામાં બે કાર્ય વધારે છે. પ્રાણના દશ ભેદ છે. ઇન્દ્રિયશક્તિ મનઃશક્તિ અને શરીરશક્તિ તે ઓજ સહ અને બળ શબ્દથી વ્યવહાર્ય છે. તે તેનાં કાર્યો કહ્યાં. જો કે પ્રાણો રાજસ અહંકારનું કાર્ય છે એમ આગળ કહેશે, તોપણ તે ઘ્રાણેન્દ્રિયના સહકારી ગંધને ગ્રહણ કરનાર છે તે પ્રાણ અહીં લેવાનો છે. અથવા બુદ્ધિ અને પ્રાણ રાજસ અહંકારનું કાર્ય છે, એ મતાંતર છે. પ્રાણાદિ રૂપ વાયુ છે. જ્યાં કાળ કર્મ અને સ્વભાવતઃ એમ ન કહ્યું હોય ત્યાં પણ તે લઇ લેવા; અથવા અહંકાર અને આકાશ એ કાળ કર્મનાં કાર્યો નથી; લોકપ્રતીતિથી ત્યાં કાળ કર્માદિ કહ્યાં નથી. (૨૬)

વાયુથી તો સાધનથી વિજાતીય કાર્ય ઉત્પન્ન થાય છે; તે નિમિત્તમાત્ર નથી, તેથી વિશેષરૂપે તેનું વર્ણન કરે છે:

**वायोरपि विकुर्वाणात्कालकर्मस्वभावतः ।**
**उदपद्यत तेजो वै रूपवत्स्पर्शशब्दवत् ॥ २७ ॥**
**तेजसस्तु विकुर्वाणाद् आसीदम्भो रसात्मकम् ।**
**रसवत्स्पर्शवच्चाम्भो घोषवच्च परान्वयात् ॥ २८ ॥**
**विशेषस्तु विकुर्वाणात् अम्भसो गन्धवानभूत् ।**
**परान्वयाद्रसस्पर्शशब्दरूपगुणान्वितः ॥ २९ ॥**

**શબ્દાર્થ:**—કાલ, કર્મ અને સ્વભાવથી વાયુમાં વિકાર થતાં તેમાંથી તેજ ઉત્પન્ન થયું. તેમાં રૂપ શબ્દ અને સ્પર્શ એ ત્રણે ગુણ આવ્યા. તેજનો વિકાર થતાં રસાત્મક જળ તેમાંથી ઉત્પન્ન થયું. રૂપ અને સ્પર્શ પણ તેમાં આવ્યા. અને પરાન્વયથી શબ્દ આવ્યો. જળમાં વિકાર થતાં ગંધવાળો વિશેષ (પૃથ્વી) ઉત્પન્ન થયો તેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણ આવ્યા.

**ભાવાર્થ:**—उदपद्यत નો અર્થ ઉત્પન્ન થયું. वै નિશ્ચયાત્મક છે, એટલે એમાં સંદેહ કરવા જેવું નથી. વધારે ગુણ થતાં તેમાં વિલક્ષણતા પ્રતીત

...થાય છે. વાયુમાંથી કાર્ય નથી થતું એમ માનવાનું નથી, કેમકે वायोरग्निः એમ શ્રુતિ કહે છે. તેજના ત્રણ ગુણ થયા. રૂપવાળું સ્પર્શવાળું અને શબ્દવાળું તેજ છે. તે ત્રણે ગુણોની પ્રતીતિ તેજમાં થાય છે. જે નૈયાયિકો વગેરે આકાશ વાયુમાં કાર્ય કારણ ભાવ માનતા નથી, પણ કારણ કાર્યભાવમાં વિવાદ કરે છે, તે શ્રુતિના વિરોધથી સિદ્ધાન્તમાં ઉપેક્ષા કરવા યોગ્ય છે. જે વિજાતીયથી વિજાતીયનો આરંભ ન થાય એમ કહે છે તે તો તંતુપટમાં વ્યભિચરિત જણાય છે. તન્તુ અને પટ એક જાતિવાળાં નથી. તન્તુત્વ અને પટત્વ એક ન કહેવાય. તેમ અહીં પૃથિવી વગેરે જાતિઓ લેવાની નથી, કેમકે તે લેવામાં કોઈ નિયામક નથી; મોટા અગ્નિનું કારણ તો વાયુ ગણાય છે, તેમાં પણ વાયુના અવયવો જેમ લૂગડામાં તન્તુના અવયવો દેખાય તેમ દેખાતા નથી; તેથી શ્રુતિ અને પ્રત્યક્ષથી બાધિત શાસ્ત્ર ઉપેક્ષણીય છે. રસાત્મક એટલે રસ-તન્માત્રાવાળું પરાન્વયથી રૂપ સ્પર્શ અને ઘોષ આવે છે. ઘોષ શબ્દથી ધ્વયાન્મક શબ્દ લેવાનો છે. જળના વિકારથી વિશેષ (પૃથ્વી) ઉત્પન્ન થયો. આમાં સર્વથી વિલક્ષણતા છે. ગંધ તેમાં મુખ્ય ગુણ છે. કારણના ગુણો ચાર તેમાં આવ્યા એટલે પાંચ ગુણો તેનામાં છે. (૨૭–૨૮–૨૯)

वैकारिकान्मनो जज्ञे देवा वैकारिका दश ।
दिग्वातार्कप्रचेतोऽश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः ॥ ३० ॥

શબ્દાર્થઃ—સાત્ત્વિકાહંકારથી મન ઉત્પન્ન થયું અને ઇન્દ્રિયોના દશ દેવો ઉત્પન્ન થયા. દિશા, વાયુ, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમારો, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર અને બ્રહ્મા એ દશ ઇન્દ્રિયો શ્રોત્ર ત્વક્ ચક્ષુ જિહ્વા ઘ્રાણ વાક્ પાણિ પાદ, પાયુ અને ઉપસ્થના ક્રમથી દેવતાઓ સમજવા.

ભાવાર્થઃ—સત્ત્વ નામનો ગુણ ભગવાનના સદ્રૂપનો પ્રથમ વિકાર હોવાથી સાત્ત્વિકની વૈકારિક સંજ્ઞા છેઃ વૈકારિક એટલે સાત્ત્વિક, અહંકારથી મન અને દશ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો થયા. આ સિદ્ધાન્તમાં મનને દેવતાની અપેક્ષા નથી. આત્મા તેની નજીક છે તે આત્મા જ તેની દેવતા છે. દિશાઓ વગેરે દશ દેવો, શ્રોત્ર વગેરે દશ ઇન્દ્રિયો હવે કહેવાશે. તેના તે ક્રમથી દેવો, "અશ્વિ" શબ્દથી અશ્વિની કુમારો લેવા. मित्र અને क એ બે જુદા ગણવા. (૩૦)

રાજસ અહંકારના કાર્યને કહે છેઃ

तैजसात्तु विकुर्वाणाद् इन्द्रियाणि दशाभवन् ।
ज्ञानशक्तिः क्रियाशक्तिः बुद्धिः प्राणश्च तैजसौ ॥
श्रोत्रं त्वग्घ्राणदृग्जिह्वा वाग्दोर्मेढ्राङ्घ्रिपायवः ॥ ३१ ॥

**શબ્દાર્થ:**—રાજસ અહંકાર વિકૃત થતાં તેમાંથી દશ ઇન્દ્રિયો થઇ. જ્ઞાન-શક્તિ, બુદ્ધિ અને પ્રાણ એ રાજસાહંકારનું કાર્ય; શ્રોત્ર ત્વક્ ઘ્રાણ દૃક્ જિહ્વા વાક્ હસ્ત મેઢ્ર અંઘ્રિ અને પાયુ એ દશ ઇન્દ્રિયો છે.

**ભાવાર્થ:**—ઇન્દ્રિયો: ઇન્દ્ર એટલે આત્મા જેનાથી પ્રાપ્ત થાય તે ઇન્દ્રિય કહેવાય. આત્મા નજરે દેખાતો નથી, બીજી ઇન્દ્રિયોથી પકડાતો નથી, પરંતુ તું દેવદત્ત, આ વિષ્ણુદત્ત, એમ વ્યવહારમાં આવે છે. તે સાંભળે છે જુએ છે એમ પ્રતીતિ થાય છે. તે ઇન્દ્રિયોની સંખ્યા દશ છે. ત્યાં કહે છે કે જ્ઞાનેન્દ્રિય સાત્ત્વિક હોવી જોઇએ. તેમાં જ્ઞાન પ્રધાન છે. કર્મેન્દ્રિયો જડ હોવાથી તામસ હોવી જોઇએ, છતાં તેમ ન કહેતાં તે બંનેને રાજસ કેમ કહ્યાં તેના ઉત્તરમાં કહે છે કે અહીં ઇંદ્રિયોને રાજસ કહેવાનું કારણ જુદું છે. બુદ્ધિ અને પ્રાણ એ રાજસ અહંકારનાં કાર્ય છે, તે પણ અસંગત કાં ન કહો ? ત્યાં કહે છે કે બુદ્ધિ જ્ઞાનરૂપ છે: **सत्त्वात्संजायते ज्ञानम्** એ વાકયથી બુદ્ધિને સાત્ત્વિક કહેવી જોઇએ. પ્રાણ તે વાયુ છે. શ્વાસોચ્છ્વાસમાં તે વાયુ દેખાય છે. અમારા મતમાં બુદ્ધિ જ્ઞાન નથી, પણ જ્ઞાનની શક્તિ છે, જ્ઞાન કરાવનારી છે શક્તિ જેની એવી બુદ્ધિ છે. જે બુદ્ધિમાન હોય તેને પદાર્થજ્ઞાન હોય છે. આ સારી બુદ્ધિવાળો છે, પદાર્થોને જાણે છે, ત્યાં જ્ઞાનના કારણરૂપે બુદ્ધિને કહી છે. કાર્ય કારણના અભેદોપચારથી જ્ઞાન બુદ્ધિ પર્યાયરૂપ બની ગયાં છે. જો બુદ્ધિ ન હોય તો બાળકને પદાર્થજ્ઞાન સારી રીતે ન થઇ શકે. પ્રાણ પણ વાયુથી જુદો છે. **अथ हैनमासन्यं प्राणमूचुः** ત્યાં પ્રાણરૂપ દેવતા જુદી માની છે. **यो वायुः स प्राणः** તે તો ભગવત્પ્રાણ વાયુરૂપ છે. તેથી જ્ઞાન ઉત્પન્ન કરવાના સામર્થ્યવાળી બુદ્ધિ જ્ઞાનથી જુદી છે. તે પોતે સાત્ત્વિકી નથી. તે ઇંદ્રિય માત્રથી સાધ્ય નથી. જો તે જ્ઞાનેન્દ્રિયથી સાધ્ય હોત તો તે બુદ્ધિ જ્ઞાનેન્દ્રિયને ટેકો આપનારી થાય છે તે ન થાય. જે સાત્ત્વિક અદ્રવ્ય છે તે ઇંદ્રિયસાધ્ય છે, એવી વ્યાપ્તિ છે; તેથી જ્ઞાન ઉત્પન્ન કરવાની જેની શક્તિ છે, ક્રિયા ઉત્પન્ન કરવાની જેનામાં શક્તિ છે તે રાજસ અહંકારનું કાર્ય છે, તેથી તે બન્ને ઇન્દ્રિયો પણ રાજસ અહંકારના કાર્યરૂપ છે. તે ઇન્દ્રિયોને ગણાવે છે: લિઙ્ગ અને પગના બ્રહ્મા અને વિષ્ણુ દેવો છે. મિત્ર પાયુના દેવ છે. બીજા ક્રમથી જાણવા. તેમ દિશા અને વાયુ કાન અને ત્વચાના દેવો. ઘ્રાણ અને નેત્રના જુદા છે. ઇન્દ્ર બાહુના દેવ છે. અશ્વિનીકુમાર નાસિકાના દેવ છે. પ્રચેતા જિહ્વાના દેવ છે. આંખના દેવ સૂર્ય છે. એવો ક્રમ સમજવો. (૩૧)

એમ સર્વની ઉત્પત્તિ કહીને તે અધિષ્ઠાન છે તે કહેવા માટે તત્ત્વોની કાર્ય-સૃષ્ટિને કહે છે:

यदैतेऽसंहता भावाः भूतेन्द्रियमनोगुणाः ।
यदायतननिर्माणे न शेकुर्ब्रह्मवित्तम ॥ ३२ ॥

तदा संहत्य चान्योन्यं भगवच्छक्तिचोदिताः ।
सदसत्त्वमुपादाय चोभयं ससृजुर्ह्यदः ॥ ३३ ॥

**શબ્દાર્થ**:—એ ભૂતો ઇન્દ્રિયો મન અને ગુણો જ્યાંસુધી છૂટાં રહ્યાં ત્યાંસુધી હે બ્રહ્મવિત્તમ! પોતાનું સ્થાન નિર્માણ કરવામાં સમર્થ ન થયાં ત્યારે તે અન્યાન્ય મલીને ભગવાનની શક્તિની પ્રેરણા વડે સદસત્ત્વને લઇને આ બ્રહ્માણ્ડ બન્ને રીતે બનાવ્યું: સમષ્ટિ–વ્યષ્ટિરૂપે.

**ભાવાર્થ**:—જ્યારે તે ભાગો ભેગા ન થયા, કારણ કે તે ત્રણ ગુણના કાર્યરૂપ હતા; તામસાદિ ભિન્ન સ્વભાવવાળા હોવાથી એકત્ર મળે નહિં, તે જ્યારે અણુને બનાવી ન શક્યા ત્યારે ભગવાનની પ્રેરણાથી તેણે બ્રહ્માણ્ડને ઉત્પન્ન કર્યું. ભૂતો ઇન્દ્રિયો મન અને ગુણોથી દેવો અથવા શબ્દાદિ લેવા. તામસોને આદિ અને અંતમાં ગણાવ્યા તે તામસ ઘણા છે એ બતાવવા માટે છે. આયતન એટલે ભગવાનનું શરીરરૂપ બ્રહ્માણ્ડ. "બ્રહ્મવિત્તમ" એ સંબોધન આ બાબત આપ સર્વ જાણો છો તેમાં સંમતિ લેવા માટે કહ્યું છે. **तमप्** પ્રત્યય ભગવાનનો ઉત્કર્ષ બતાવવા માટે કહ્યો છે. ત્યારે તે ઇન્દ્રિયાદિ પરસ્પર મળીને **चकार** છે તેથી ગુણભાવને પણ સ્વીકારીને ભગવાનની આજ્ઞાશક્તિની પ્રેરણાથી સત્ અને અસત્ એટલે ઉચ્ચ નીચ ભાવને પામીને અથવા કાર્યકારણ ભાવને અવલંબીને અથવા સદ્ બ્રહ્મ અસત્ જગત્ અથવા પ્રકાશભાવ અને અપ્રકાશભાવને પામીને, **चकार** થી બીજા જીવગણો તથા તેના અદૃષ્ટો તેના સંસ્કૃત ભૂતો વગેરેને ઉભય સમષ્ટિ વ્યષ્ટિરૂપ જગતને ઉત્પન્ન કરવા લાગ્યા. અથવા સ્થૂળ શરીર અને લિઙ્ગ શરીરરૂપ બે રૂપે આ પ્રસિદ્ધ જગતને ઉત્પન્ન કર્યું તે યોગ્ય છે. એ યુક્તતા કહેવા માટે हि કહ્યો છે. આ બાબતની યુક્તિઓ તૃતીય સ્કન્ધમાં કહેવામાં આવશે. (૩૨–૩૩)

તેણે અણ્ડ બનાવ્યું, ભગવાનને રહેવા માટે ત્યારે ભગવાન પધાર્યા તે કોને માટે ભગવાન્ પધાર્યા તે હવે કહે છે:

वर्षपूगसहस्रान्ते तदण्डमुदकेशयम् ।
कालकर्मस्वभावस्थोऽजीवोऽजीवमजीवयत् ॥ ३४ ॥

स एव पुरुषस्तस्माद् अण्डं निर्भिद्य निर्गतः ।
सहस्रोर्वङ्घ्रिबाह्वक्षः सहस्राननशीर्षवान् ॥ ३५ ॥

**શબ્દાર્થ**:—હજારો વર્ષોને અન્તે જળમાં રહેલ તે અજીવ અણ્ડને કાલ કર્મ સ્વભાવયુક્ત અજીવ ભગવાને જિવાડ્યું. તે પુરુષ તે અણ્ડને ભેદીને તેમાંથી બહાર નીકળ્યો. તેના હજારો સાથળ પગ બાહુ આંખો, હજારો મોઢાં અને માથાં હતાં.

**ભાવાર્થ**:—વર્ષના સમુદાયનાં સહસ્ર એટલે પાંચ પ્રકારનાં હજાર વર્ષ ગયાં ત્યાંસુધી તે અણ્ડ જળમાં જીવ વગરનું રહ્યું. તેમાં કોઇ ભોગ - કરનાર જીવે પ્રવેશ કર્યો નહોતો, એટલા માટે ભગવાને વિલંબ કર્યો. હવે તો આ અણ્ડ જો વધારે વાર જળમાં રહેશે તો જળમાં લીન થશે એમ જીવ રહિત ભગવાને તે અણ્ડને જીવયુક્ત કર્યું. પોતે તેમાં પ્રવેશ કરીને તેને પ્રાણયુક્ત કર્યું, ત્યારે તો ભગવાન્ અને પ્રાણના અધિષ્ઠાનવાળો વિરાટ પુરુષ કહેવાવા લાગ્યો. ત્યારે તે પુરુષ તેથી અથવા જળથી અણ્ડને ફોડીને, કેટલાક કહે છે કે કટાહને ભેદીને નીકળ્યા, કેટલાક કહે છે કે એ કટાહથી ગોલકને જુદાં કરીને નીકળ્યા. અર્થાત્ અણ્ડના કટાહ અને આત્માને જુદો કર્યો. ખરી રીતે કહીએ તો અણ્ડનું રૂપ બદલી તે પુરુષરૂપ થયા અને જેમ સુખ થાય તેમ ફરવા લાગ્યા. તે રૂપને કહે છે કે હજારો સાથળો હજારો પગો બાહુઓ આંખો જેને છે એવા, હજારો મોઢાં અને માથાંવાળા થયા, તેથી **सहस्रशीर्षा पुरुषः** એટલા પુરુષ સૂક્તના મંત્રના અર્થરૂપ તે થયા. (૩૪-૩૫)

તે પુરુષ સર્વના આધારરૂપ બન્યા તે કહે છે:

**यस्येहावयवैर्लोकान् कल्पयन्ति मनीषिणः ।**
**कट्यादिभिरधः सप्त सप्तोर्ध्वं जघनादिभिः ॥ ३६ ॥**

**શબ્દાર્થ**:—જેના અવયવો વડે ડાહ્યા પુરુષો લોકની કલ્પના કરે છે, તે કટિની નીચે અતળાદિ લોક અને જઘનથી ઉપર ભૂર્ભુવઃસ્વર્ મહઃ જન તપ સત્યલોકની કલ્પના કરવામાં આવે છે.

**ભાવાર્થ**:—આટલું કહેવાથી **यतः सृष्टं, यद्रूप०** એ બે પ્રશ્નના ઉત્તર આવી ગયા. જેના અવયવો પાદ વગેરેથી લોકો પાતાળાદિની કલ્પના ડાહ્યા પુરુષો ધ્યાનને માટે કરે છે. કટિથી પાછળના ભાગની વ્યવસ્થા લેવી. જઘનથી આગળ ઉપરના લોકની કલ્પના કરવી. નીચેનો ભાગ તો ઉપરના ભાગથી વિમુખ છે, એટલે કટિ અને જઘન બે ગણાય તેમાં વિરોધ નથી. (૩૬)

એમ સામાન્ય રીતે ઉદ્દેશ કહીને ભગવાનના બાહુ મુખ વગેરે અવયવની અંદર આવી જાય છે તોપણ મુખ્ય મુખ્યને આગળ કહે છે:

**पुरुषस्य मुखं ब्रह्म क्षत्रमेतस्य बाहवः ।**
**ऊर्वोर्वैश्यो भगवतः पद्भ्यां शूद्रोऽभ्यजायत ॥ ३७ ॥**

**શબ્દાર્થ**:—આ પુરુષનું મુખ બ્રાહ્મણ છે. તેમની ભુજાઓ ક્ષત્રિયો છે. તેમના સાથળ વૈશ્યો છે. અને બન્ને પગથી શૂદ્ર ઉત્પન્ન થયેલ છે.

**ભાવાર્થ**:—પુરુષનું મુખ બ્રહ્મ છે. ऊर्वोः એમ ભેદથી કહ્યું છે તે તેને ભગવદ્‌ભાવ નથી થતો એમ કહેવા માટે છે. વૈશ્ય શૂદ્રોને મુક્તિ ન થવા માટે પૃથગુક્તિ છે. पद्भ्याम् એ પાંચમી વિભક્તિ લેવી. એ બ્રાહ્મણાદિ અધિકારી પુરુષો તે તે જાતિના અધિષ્ઠાતા દેવતારૂપ સમજવા. (૩૭)

હવે લોકની કલ્પના કહે છે:

**भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः ।**
**हृदा स्वर्लोक उरसा महर्लोको महात्मनः ॥ ३८ ॥**
**ग्रीवायां जनलोकश्च तपोलोकस्तनद्वयात् ।**
**मूर्धभिः सत्यलोकस्तु ब्रह्मलोकः सनातनः ॥ ३९ ॥**

**શબ્દાર્થ**:—તે પુરુષના બે પગ વડે ભૂર્લોકની કલ્પના કરવી. એની નાભિથી ભુવર્લોક જાણવો. હૃદયથી સ્વર્ગલોક; ઉરઃસ્થળ એ મહર્લોક કલ્પાય છે. તેની ગ્રીવામાં જનલોક; તેની બે નાસિકામાં તપોલોક, તેનાં મસ્તકો વડે સનાતન સત્યલોક જેને બ્રહ્મલોક કહે છે, તેની કલ્પના થાય છે.

**ભાવાર્થ**:—પગ વડે સપ્તલોકપક્ષ કહે છે. પાદથી લઇને કટિ સુધી ભૂર્લોક, આની નાભિમાં ભુવર્લોક, હૃદય નીચો ભાગ, ઊપડતો ભાગ ઉરસ્; અહીંથી જ્ઞાનીનો વાસ હોવાથી महात्मनः એવું પુરુષનું વિશેષણ કહ્યું છે. મોટા આત્માઓ જ્યાં રહે છે. તે મહાત્મા સ્તનદ્વય એટલે નાસિકા બે લેવી. स्तन शब्दे એ વ્યુત્પત્તિથી નાસિકા લેવી. મસ્તકો ઉપર સત્યલોક લેવો. तु શબ્દથી મતાંતરમાં ત્યાં બીજા લોકો કહ્યા છે, તેનો અહીં નિષેધ કર્યો. (૩૮-૩૯)

હવે ચતુર્દશલોક પક્ષ કહેવા માટે પૂર્વે કહ્યા તે ઉપરના લોકો લેવા અને નીચેના સાત હવે લેવા, તે કહે છે:

**तत्कट्यां चातलं क्लृप्तमूरुभ्यां वितलं विभोः ।**
**जानुभ्यां सुतलं शुद्धं जङ्घाभ्यां तु तलातलम् ॥ ४० ॥**
**महातलं तु गुल्फाभ्यां प्रपदाभ्यां रसातलम् ।**
**पातालं पादतलत इति लोकमयः पुमान् ॥ ४१ ॥**

**શબ્દાર્થ**:—તેની કટિમાં અતળની કલ્પના કરવી, ઊરૂમાં વિતળની કલ્પના કરવી. એ વિભુની જાનુમાં (ગોઠણમાં) શુદ્ધ સુતળ કલ્પવું. ગોઠણની નીચેનો ભાગ જંઘા તેમાં તળાતળ કલ્પવું. ઘૂંટીમાં મહાતળ, પગની ઉપરના ભાગમાં રસાતળ, પગ નીચેના ભાગમાં પાતાળની કલ્પના કરવી. એમ પુરુષને લોકમય માનવા.

**ભાવાર્થ**:—ઉપરના લોકો ઉત્તમ છે તેમાં ભગવાનના અવયવો કારણરૂપ છે. અતળમાં તો મયનો પુત્ર રહે છે. તેમાં મોહકબાહુલ્ય છે, તેથી તેમાં તો ભગવાનના અવયવ આધારમાત્ર છે. તામસ હોવાથી વિશેષ ધ્યાનમાં તેનો ઉપયોગ નથી. વિતળમાં મહાદેવ રહે છે, તેથી ભગવાનની મોટાઇ બતાવવા **विभोः** એવું વિશેષણ આપ્યું છે. તે મોટા એમ કે તે મહાદેવને પણ સુખનું દાન કરે છે. સુતળમાં ભગવાન્ રહે છે માટે તેને શુદ્ધ કહ્યું છે. અવયવો વડે કલ્પેલા લોકોનો ત્યાં નિવાસ હોવાથી ભગવાન્ લોકમય થયા. આ ઉપાસના માટે કથન નથી, કિંતુ પુરુષનું સ્વરૂપ જ આવું છે. (૪૦–૪૧)

લોકત્રય પક્ષ કહે છે:

**भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः ।**
**स्वर्लोकः कल्पितो मूर्ध्ना इति वा लोककल्पना ॥ ४२ ॥**

**શબ્દાર્થ**:—પુરુષના બે પગ વડે ભૂર્લોક, નાભિ વડે ભુવર્લોક, મસ્તક વડે સ્વર્ગલોક એવી કલ્પના થાય છે. લોકો એ પક્ષ પણ સ્વીકારે છે.

**ભાવાર્થ**:—કટિપર્યન્ત પગથી પૃથ્વીલોક, નાભિથી ગ્રીવા સુધીમાં ભુવર્લોક, અને ગ્રીવાથી બ્રહ્મરંધ્ર સુધી સ્વર્ગલોક એમ ત્રણ લોક સ્વરૂપમાં કલ્પો તો તે પક્ષ પણ છે, કેમકે અહીં ગુણથી વિદ્યાથી અને યજ્ઞથી કલ્પના થાય છે. સાત્ત્વિકનો ચતુર્દશલોક પક્ષ છે, રાજસોનો સપ્તલોક પક્ષ છે, તામસોનો ત્રિલોકપક્ષ છે. (૪૨)

**ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં**
**પંચમ અધ્યાય સંપૂર્ણ થયો.**

# અધ્યાય ૬ ઠ્ઠો

अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागमः ।
नित्यापरिच्छन्नतनौ प्राकट्यं चेति सा त्रिधा ॥ १ ॥
उत्पत्तिः स्थानसंबन्धरूपा षष्ठे निरूप्यते ।
स्थूलस्यामूर्तरूपस्य तदभेददृशिः फलम् ॥ २ ॥
नारायणपरा वेदा इत्यनेन निरूपितम् ।
सामान्येन तदेवात्र विस्तरेण निरूप्यते ॥ ३ ॥
पौरुषेण च सूक्तेन निर्धारितमिहोदितम् ।
कार्यस्य वस्त्वभेदोऽपि माहात्म्यं परतस्तथा ॥ ४ ॥
अमूर्तरूपं साधर्म्यं सर्वत्रैव हरेर्बृहत् ।
तेन सिद्धो वस्त्वभेदः स्थूलं ध्यानं च सिद्ध्यति ॥ ५ ॥

આ ઉત્પત્તિ પ્રકરણ હોવાથી તેનો પ્રકાર બતાવે છે: તે અનિત્ય પદાર્થનો જન્મ થાય છે. નિત્ય અને પરિછિન્ન વસ્તુનો સમાગમ થાય છે. નિત્ય છતાં જેનો પરિચ્છેદ નથી એવું પ્રાકટય થાય છે. એટલે જન્મ સમાગમ અને પ્રાકટય એ ઉત્પત્તિના ભેદ છે. (૧) આ છઠ્ઠા અધ્યાયમાં સ્થૂલ અમૂર્તરૂપ સ્થાનના સંબંધરૂપ ઉત્પત્તિ કહેવાય છે. તેનું ફલ અભેદજ્ઞાન છે. (૨) તે પૂર્વ અધ્યાયમાં **नारायणपरा वेदाः** એ શ્લોકમાં કહેવામાં આવ્યું છે. પણ ત્યાં સામાન્ય રીતે કહ્યું છે તેનો અહીં વિસ્તાર કર્યો છે. (૩) આ ઉત્પત્તિનો પુરુષસૂક્તની સાથે નિર્ધાર કર્યો છે, એટલે વેદે કહ્યું છે તે જ શ્રી ભાગવત વિસ્તારથી કહે છે એવું નક્કી થાય છે, કારણ કાર્યની અભિન્નતા પણ સિદ્ધ થાય છે. ભગવાનનું માહાત્મ્ય તેનાથી કહેવાય છે. (૪) સર્વત્ર અમૂર્તરૂપના સાધર્મ્યમાં ભગવાનનું રૂપ બૃહત્ અક્ષર છે. તેથી વસ્તુમાં ભેદ નથી રહેતો. અને પૂર્વે કહેલ સ્થૂલ ધ્યાન પણ સિદ્ધ થાય છે. (૫)

પાંચમા અધ્યાયમાં પહેલાં કહેલ મૂર્ત પદાર્થની ઉત્પત્તિ કહી જેનો ઉદ્દેશ નથી કર્યો તે પણ ભગવદ્રૂપ છે એમ સ્પષ્ટ કહ્યું. અહીં અમૂર્ત (જીવો)નો મૂર્ત (દેહાદિ)ની સાથે સંબંધ કહેવાય છે. પહેલાં જે દેવાદિની ઉત્પત્તિ કહી છે તે પણ વિશિષ્ટ (દેહાદિ સાથે) ઉત્પન્ન થયા છે, તેમાં જે અમૂર્ત રૂપ છે તેને જુદું કરી, સ્થૂલરૂપવાળા ભગવાન અમૂર્ત વિરાટમાં પેઠા તેનો સંબંધ બતાવે છે. આ જીવનું પ્રકરણ હોવાથી તેનું સાધન તથા ફલ ઉત્પત્તિથી કહેવાય છે. ભગવાનનું માહાત્મ્ય અમૂર્ત છે; તે પણ અહીં કહે છે. તેમાં પ્રથમ બધા જીવના લિઙ્ગ શરીરની સામગ્રી ભગવાનના લિઙ્ગ શરીરમાં સંબંધવાળી છે તે બ્રહ્માજી બતાવે છે;

ब्रह्मोवाच।

वाचां वह्नेर्मुखं क्षेत्रं छन्दसां सप्त धातवः।
हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरसस्य च॥ १॥
सर्वासूनां च वायोश्च तन्नासे परमायने।
अश्विनोरोषधीनां च घ्राणे मोदप्रमोदयोः॥ २॥
रूपाणां तेजसां चक्षुर्दिवः सूर्यस्य चाक्षिणी।
कर्णौ दिशां च तीर्थानां श्रोत्रमाकाशशब्दयोः॥ ३॥
तद्गात्रं वस्तुसाराणां सौभगस्य च भाजनम्।
त्वगस्य स्पर्शवायोश्च सर्वमेधस्य चैव हि॥ ४॥

**શબ્દાર્થઃ**—બ્રહ્માએ કહ્યુંઃ વાણી અને અગ્નિનું સ્થાન મુખ છે. ગાયત્ર્યાદિ સાત છંદનું સ્થાન ત્વક્ચર્માદિ સાત ધાતુઓ છે. હવ્ય (દેવને આપવાનું અન્ન), કવ્ય (પિતૃઓને આપવાનું અન્ન), અમૃત (તે બન્નેને આપ્યા પછી બચેલું મનુષ્ય અન્ન) તે બધાં અન્ન અને મધુરાદિ સર્વ રસનું સ્થાન જિહ્વા સ્થાન છે. બધા પ્રાણ અને પવન વિરાટ્ પુરુષની નાસિકા સ્થાન છે. ઓષધિઓનું અશ્વિનીકુમારોનું અને મોદ પ્રમોદનું નાસિકામાં રહેલ ઘ્રાણ ઇન્દ્રિય સ્થાન છે. રૂપ અને તેજનું સ્થાન નેત્રમાં રહેલ ચક્ષુ ઇન્દ્રિય છે. દ્યુલોક અને સૂર્યનું સ્થાન પુરુષની આંખ છે. દિશાઓ અને તીર્થોનું સ્થાન સમષ્ટિ પુરુષના કાન છે. આકાશ અને શબ્દનું સ્થાન શ્રોત્ર ઇન્દ્રિય છે. વસ્તુના સાર અને સૌભાગ્યનું સ્થાન તે પુરુષનું શરીર છે. સ્પર્શ અને વાયુનું સ્થાન તેનું ત્વચેન્દ્રિય છે. સર્વ યજ્ઞનુ સ્થાન પણ તે જ છે:

**ભાવાર્થઃ**—તેમાં આપણી વાગિન્દ્રિય અને તેના અધિષ્ઠાતા અગ્નિ એમનું ક્ષેત્ર ભગવાનનું મુખ છે. મુખ એટલે જેમાં ભોજનનો કોળિયો મૂકવામાં આવે છે તે ભગવાનને બે મુખ છેઃ ઇન્દ્રિયરૂપ એક અને ગોલકરૂપ. એક તેમાં ગોલકને બ્રાહ્મણપણું પહેલાં કહ્યું છે. આ ઇન્દ્રિયરૂપ મુખવિવર વાણી અને અગ્નિનું ક્ષેત્ર છે. તે તત્ત્વોમાંથી થયેલા ભગવદ્દેહના તત્ત્વને કહેવા માટે પૂર્વે કહેલ છે. પાતાલાદિની પણ ભગવદવયથી ઉત્પત્તિ અને ભગવાનમાં સ્થિતિ થાય છે, તેથી પાતાલાદિરૂપ પણ ભગવાંન્ છે. અહીં તો જગતને ઉદ્દેશીને ભગવાન-પણાનું વિધાન થાય છે. પહેલાં તો ભગવાનને ઉદ્દેશી જગત કહેવાયું. આધાર-પણાથી ભગવાન કહેવાના છે, તેથી છંદો અમૂર્ત છે તેમનું સ્થાન ભગવાનના જે અમૂર્ત અવયવો છે તે ક્ષેત્રરૂપ છે. ગાયત્રી જગતી ઉષ્ણીક ત્રિષ્ટુભ્ અનુ-ષ્ટુભ્ પંક્તિ અને અને બૃહતી, સાત ધાતુઓ ત્વચા માંસ રુધિર મેદ મજ્જા સ્નાયુ અને અસ્થિરૂપ દેવો છે. એમ ભગવન્મુખમાં મુખ સંબંધી સર્વ પદાર્થો શબ્દ અને અર્થરૂપનો સંબંધ કહીને તેમાં રસના નામની ઇન્દ્રિય છે તેનો

સંબંધી કહે છે. હવ્ય કવ્ય અમૃતરૂપ અન્નનું સ્થાન રસનેન્દ્રિય છે. તે કહે છે કે હવ્ય એટલે દેવોનું અન્ન. આ અન્નમાં જ મન્ત્રથી હવ્યનો આરોપ થાય છે; ત્યારે પુરોડાશાદિ લૌકિક હોય છે તે હવ્યતાને પ્રાપ્ત થાય છે. એવું જ કવ્ય પિતૃઓનું અન્ન અમૃત. અતિથ્યાદિ જમ્યા પછી બચેલું અથવા વગર માગ્યે મળેલું પણ અમૃત કહેવાય છે. બ્રાહ્મણભોજનથી બચેલું પણ અમૃત કહેવાય. અથવા તે પ્રાણાદિ દ્વારા જ્ઞાનસાધક હોવાથી અમૃત કહેવાય છે. તે બધાનું સ્થાન ભગવાનની જિહ્વા છે. છ પ્રકારના મધુર તિક્ત લવણ કટુ આમ્લ કષાય એ રસનું સ્થાન પણ તે જ છે. હવ્યમાં પણ તે રસો હોય છે. આપણી ઇન્દ્રિયો અને તેના અધિષ્ઠાતા વરુણનું સ્થાન પણ તે જ છે. તેથી હવ્યાદિ વ્યતિરિક્ત રસનું સ્થાન ભગવાનની જિહ્વા નથી એ વિચારથી પ્રાપ્ત થાય છે. કોઈ કહે છે કે **सर्वरसस्य च** કહ્યું છે તેથી સર્વનું સ્થાન ભગવાનની જિહ્વા છે. તેમ જ આપણા બધાના પ્રાણવાયુના અને તેનો અધિષ્ઠાતા વાયુ **चकार** છે તેથી ઘ્રાણ સંબંધી સર્વના ક્ષેત્ર તરીકે તેનું નાસાસ્થાન છે. એના પુટ બે છે તે આધિદૈવિક છે. "પરમ" કહેવાથી આધિદૈવિકનો લાભ થાય છે. બે નાસાના પુટ સર્વના સ્થાનરૂપ સમજવા. તેમાં ઘ્રાણ નામનું ઇન્દ્રિય છે તે અશ્વિનાદિનું ક્ષેત્ર છે. વ્રીહિ વગેરે ઓષધિનું સ્થાન પણ તે જ છે. **तस्मालोमशा अन्तरतः प्राणाः इतिश्रुतेः।** એવી શ્રુતિ છે. ઓષધિઓ દર્ભ જેવી છે તેનું સ્થાન ભગવાનની નાસિકામાં રહેલી ઘ્રાણ ઇન્દ્રિય છે. **घ्राणं** કહેવું જોઇએ ત્યાં **घ्राणे** એમ દ્વિવચન કહ્યું છે તેનું કારણ કે મોદ અને પ્રમોદ નામના સુગન્ધવિશેષનું પણ તે જ સ્થાન છે; તેમાં દૂરથી વાતો હોય તે મોદ કહેવાય; પ્રમોદ તો બધા ગંધને નીચે રાખી ઉપર આવે; તે બન્નેનું સ્થાન ઘ્રાણઇન્દ્રિય છે. અનેકવિધ રૂપનું–નક્ષત્રાદિ તેજનું ભગવાનની આંખ જે ગોલકરૂપ છે તે સ્થાન છે. સ્વર્ગ અને સૂર્યનું, **चकार** છે તેથી તેના સંબંધીનું સ્થાન પણ આંખો ઇન્દ્રિયરૂપ સમજવી. અથવા ગોલકના ભેદથી ઇન્દ્રિયના અંશમાં પણ ભેદ આવે. દિશાઓ જે આપણા કાલના આધિદૈવિક છે, **चकार** છે તેથી ઇન્દ્રિયરૂપ ગંગાદિ તીર્થનું કર્ણ ગોલકરૂપ સ્થાન માનો. આકાશ અને શબ્દનું સ્થાન શ્રોત્ર નામનું ઇન્દ્રિય માનો. કર્ણશષ્કુલીમાં રહેલો આકાશ તેમાં શબ્દ થાય, તે કાનથી સંભળાય. તે વિષય અને તેના આધારનું સ્થાન ભગવાનનું શ્રોત્રેન્દ્રિય સમજવું. વસ્તુમાં જે સારરૂપ જેવાં કે સોના હીરા વગેરે અથવા ઉત્કૃષ્ટ એટલે પરમાર્થથી દેવતારૂપ સૌંદર્યનું, તે સંબંધી બીજાનું પણ ભગવાનનું શ્રીઅંગ સ્થાન છે. **भाजन** શબ્દ મૂકયો છે તે વ્યવહારદશામાં પણ તેનું સ્થાન છે એમ સમજવા માટે મૂકયો છે. ભગવાનની ત્વક્ ઇન્દ્રિય સ્પર્શાદિના સ્થાનરૂપ

સમજવી. મેઘ-પવિત્રતા. એ બધાની પવિત્રતા ભગવાનના ત્વગિન્દ્રિયમાં રહે છે. લોકમાં તો જળથી શુદ્ધિ થાય છે તે જળ અહીં ભગવાનના સ્વેદરૂપ છે, તેથી ભગવાનની પવિત્રતામાં સંદેહ ન કરવો. एवकारથી ત્વચા જ તેનું સ્થાન છે, બીજું નથી, એમ નક્કી કર્યું. મૂળમાં हि युक्तार्थे છે. ૩-૪.

**लोमान्युद्भिज्जजातीनां यैर्वा यज्ञः सुसंभृतः ।**
**केशश्मश्रुनखान्यस्य शिलालोहाभ्रविद्युताम् ।**
**बाहवो लोकपालानां प्रायशः क्षेमकर्मणाम् ॥ ५ ॥**

**શબ્દાર્થ**:—જેનાથી યજ્ઞની તૈયારી થાય છે, તે વનસ્પતિઓનું સ્થાન પ્રભુનાં રુવાડાં છે. શિલા, લોહ, વાદળ, વીજળીનાં સ્થાન પ્રભુના કેશ અને દાઢી-મૂછ છે. મોટે ભાગે કલ્યાણ કરનારા લોકપાલોનું સ્થાન પ્રભુના બાહુઓ છે.

**ભાવાર્થ**:—ભગવાનનાં રોમ (રુવાડાં) છે તે ઉદ્‌ભિજ્જાદિનું સ્થાન છે. તેનાથી યજ્ઞ સિદ્ધ થાય છે. તેની અંદર ધાવણો ખેરિયો ખાખરો એવી જાતો છે તેનું સ્થાન ભગવાનનાં રોમ છે અથવા બેડાં વગેરે પાપવૃક્ષોનું સ્થાન ભગવાનનાં રોમ નથી તેથી કહ્યું છે કે જેનાથી યજ્ઞ થાય છે. અથવા પીપળા વગેરે લેવાં. હવે શિલા લોહ અભ્ર વાદળાં વીજળીઓ તેનું સ્થાન ભગવાનના કેશ દાઢી મૂછ અને નખો છે. તેમાં શિલાનું સ્થાન નખ, લોઢાનું સ્થાન નખ, વાદળાંનું સ્થાન કેશ, વીજળીનું સ્થાન ભગવાન વિરાટની દાઢી મૂછો, કેમકે તે हिरण्यश्मश्रु છે. બાહુઓ ભગવાનના ઈન્દ્રિયરૂપ છે. તે પાલન કરનારા દેવો ઇન્દ્રાદિનાં સ્થાન છે. બીજા પણ ધર્મકર્તાઓનાં સ્થાન ભગવાનના બાહુ છે, કેમકે તે જ જગતની રક્ષા કરનારા છે. सप्तभिर्धार्यते मही એવું વાકય છે. प्रायशः એમ કહીને સકામ કર્મ કરનારનું સ્થાન તે નથી થતો એમ જણાવ્યું છે. (૫)

**विक्रमो भूर्भुवः स्वश्च क्षेमस्य शरणस्य च ।**
**सर्वकामवरस्यापि हरेश्चरण आस्पदम् ॥ ६ ॥**

**શબ્દાર્થ**:—ભગવાનનો વિક્રમ ભૂઃ ભુવઃ સ્વઃ છે. ક્ષેમ અને શરણનું પણ સ્થાન તે જ છે. સર્વકામ અને વરનું સ્થાન ભગવાનનું ચરણ છે.

**ભાવાર્થ**:—ભગવાનનો પગ મૂકવો તે વિક્રમ કહેવાય છે. તે પૃથ્વી, ભુવઃ અને સ્વર્ગનું સ્થાન છે. ભૂરાદિ શબ્દો અવયવો છે, તેથી છઠ્ઠી વિભક્તિમાં પણ તેનું તે રૂપ રહે. લોકમાં મળેલાંને સાચવી રાખવું તેને ક્ષેમ કહે છે. અને શરણ આશ્રિતનું રક્ષણ કરવારૂપ અર્થમાં વપરાય છે. चकारથી પ્રપત્તિ અને ભક્તિનું પણ સ્થાન ભગવાનનો પાદન્યાસ છે. જો કે પગ સ્થાન છે તો-પણ પગ એકલો નહિ પણ ક્રિયા કરતો પગ તેનું સ્થાન છે. સર્વ કામનું

સ્થાન, દેવના પ્રસાદરૂપ વરનું સ્થાન, **अपि** શબ્દથી અણિમાદિનું સ્થાન અને મોક્ષનું સ્થાન ભગવાનનું ચરણ છે (૬)

**अपां वीर्यस्य सर्गस्य पर्जन्यस्य प्रजापतेः ।**
**पुंसः शिश्न उपस्थस्तु प्रजात्यानन्दनिर्वृतेः ॥ ७ ॥**

**શબ્દાર્થ**—જલ, વીર્ય, સર્ગ, વૃષ્ટિ, પ્રજાપતિ એ બધાનું સ્થાન પુરુષનો શિશ્ન છે. પ્રજા અને આનંદના સુખનું સ્થાન તેમાં રહેલ ઉપસ્થ ઇન્દ્રિય છે.

**ભાવાર્થ**:—જલનું વીર્યનું સૃષ્ટિનું મેઘનું પ્રજાપતિનું આ કહેનાર બ્રહ્માનું સ્થાન–હમણાં સૃષ્ટિનો અભિનિવેશ જતો રહ્યો છે તેથી 'મારું' એમ ન કહ્યું–એ બધાનું સ્થાન ભગવાનની ગુહ્યેન્દ્રિય ગોલકરૂપ છે તે સમજવું. તેમાં ઇન્દ્રિય ઉપસ્થ છે. અહીં **तु** શબ્દ પૂર્વપક્ષથી આ વાતને જુદી પાડે છે. અથવા લોકમાં જે પ્રસિદ્ધ છે તે અહીં લેવાનું નથી એમ કહેનાર **तु** શબ્દ છે. પ્રજા નિમિત્ત જે આનંદ–પોતાની સ્ત્રીમાં ઋતુકાલમાં સંભોગ કરતાં જે આનંદ અને કામ શાંત થાય તે બન્નેનું સ્થાન ભગવાનનું **उपस्थ** ઇન્દ્રિય છે. અથવા **प्रजाति** શબ્દથી વીર્યપાત લેવો; સ્પર્શનું સુખ તે આનંદ; નિર્વૃતિ કામની શાંતિઃ એ ત્રણનું સ્થાન **उपस्थ** છે. (૭)

**पायुर्यमस्य मित्रस्य परिमोक्षस्य नारद ।**
**हिंसाया निर्ऋतेर्मृत्योर्निरयस्य गुदः स्मृतः ॥ ८ ॥**

**શબ્દાર્થ**:—હે નારદ, યમ મિત્ર અને મળત્યાગનું સ્થાન ભગવાનનું પાયુ ઇન્દ્રિય છે. હિંસાનું નિર્ઋતિનું, મૃત્યુનું, નરકનું સ્થાન ગુદા છે.

**ભાવાર્થ**:—ભગવાનની પાયુ યમાદિનું સ્થાન છે. યમ પિતૃના રાજા છે. મિત્ર પાયુના અધિષ્ઠાતા દેવ છે. પરિમોક્ષ એટલે મળત્યાગ કરવો, એટલે વ્યવહાર સહિત ઇન્દ્રિયનું કાર્ય કહ્યું. "નારદ" એ સંબોધન કહ્યું તે, જેટલા કલહ કરનાર છે તેનું પણ તે સ્થાન છે એ બતાવવા માટે નારદને સંબોધ્યા છે. અથવા નારદ હરીતકીરૂપ છે. કલહ ન હોય ત્યાં કલહ કરાવી તે દ્વારા તે કલહને મટાડનાર છે. પ્રાણિવધનું સ્થાન તે છે. નિર્ઋતિ દિશાના પતિરૂપી દેવતા છે. મૃત્યુ મારનાર છે. નરકનું સ્થાન તે જ છે. ખરાબનું તે સ્થાન છે એમ કહેતાં શુકને ભય લાગ્યો તેથી કહ્યું કે તે **स्मृत** છે એટલે પુરાણાદિમાં એ પ્રમાણે કહ્યું છે. પાયુ અને ગુદા તે ઇન્દ્રિય અને ગોલકરૂપે ભિન્ન સમજવાં. (૮)

**पराभूतेरधर्मस्य तमसश्चापि पश्चिमः ।**
**नाड्यो नदनदीनां च गोत्राणामस्थिसंहतिः ॥ ९ ॥**

अव्यक्तरससिन्धूनां भूतानां निधनस्य च ।
उदरं विदितं पुंसो हृदयं मनसः पदम् ॥ १० ॥
धर्मस्य मम तुभ्यं च कुमाराणां भवस्य च ।
विज्ञानस्य च तत्त्वस्य परमात्मा परायणम् ॥ ११ ॥

શબ્દાર્થઃ--પરાજય, અધર્મ, અજ્ઞાન, અથવા અંધકાર એ બધાનો આશ્રય વિરાટ પુરુષનો પાછળનો ભાગ છે. ભગવાનની નાડીઓ નદ અને નદીઓનાં સ્થાનરૂપ છે. પર્વતો ભગવાનના અસ્થિરૂપ છે. પ્રકૃતિ ક્ષારાદિ સમુદ્રો પંચમહાભૂતો અને પ્રલયમાં પ્રવેશ કરવાનું સ્થાન ભગવાનનું ઉદર છે. મનનું સ્થાન ભગવાનનું હૃદય છે. ધર્મનું મારું તારું સનકાદિકુમારોનું શિવનું વિજ્ઞાનનું સ્થાન પરમાત્મા પોતે છે.

ભાવાર્થઃ—પરાભૂતિ એટલે હારવું. અધર્મે પાપ કરવું. તમ અજ્ઞાન અથવા અંધકાર. તેનું ભગવાનનો પૃષ્ઠ ભાગ સ્થાન છે. ચકાર છે તેથી સંસારનું સ્થાન પણ તે જ છે. ભગવાનની નાડીઓ નદ અને નદીના આશ્રયરૂપ છે. પર્વતોનું સ્થાન ભગવદસ્થિસંઘાત છે. પ્રકૃતિનું ક્ષારાદિ સાત સમુદ્રોનું પંચ-મહાભૂતોનું અને આપણું સ્થાન-પ્રલયમાં પ્રવેશ કરવાનું સ્થાન, ચકારથી પ્રલયનું સ્થાન ભગવાનનું પેટ છે. તેમાં પ્રમાણ કે તે विदित-જાણેલું છે. આગળ પણ ભગવાનનું હૃદય આપણા મનનું સ્થાન છે.

ધર્મનું એટલે બ્રહ્માના સ્તનથી થયેલો ધર્મ છે તેનું, હું ચતુર્મુખ, તું એટલે નારદ, અથવા તારું જે ભક્તિજનક રૂપ છે તેનું સ્થાન ભગવાન્ છે; તેથી ભક્તોનું પણ તે જ સ્થાન છે. સનકાદિ કુમારો, મહાદેવ, ચકાર છે તેથી જ્ઞાની (શુકાદિ), વિજ્ઞાન એટલે મહત્તત્ત્વ ચકારથી સૂત્ર લેવું. એ બધાનું સ્થાન પરમના આત્મા અંતઃકરણનું છે. (૯-૧૦-૧૧)

એમ સર્વ પરિચ્છિન્નોની ઉત્પત્તિ કહી જેને માટે આ કહ્યું તે સાડાત્રણ શ્લોકથી કહે છેઃ

अहं भवान् भवश्चैव य इमे मुनयोऽग्रजाः ।
सुरासुरनगा नागाः खगा मृगसरीसृपाः ॥ १२ ॥
गन्धर्वाप्सरसो वृक्षा रक्षोभूतगणोरगाः ।
पशवः पितरः सिद्धाः विद्याध्राश्चारणा द्रुमाः ॥ १३ ॥
अन्ये च विविधा जीवा जलस्थलनभौकसः ।
ग्रहर्क्षकेतवस्तारास्तडितः स्तनयित्नवः ॥ १४ ॥

શબ્દાર્થઃ—હું, તું, શિવજી અને બીજા આ તમારા મોટા ભાઈઓ સનકાદિ તથા મરીચ્યાદિ સુર, અસુર, નાગ, નગ, પક્ષીઓ, મૃગો, સર્પો, ગંધર્વો,

અપ્સરાઓ, વૃક્ષો, રાક્ષસો, ભૂતગણો, ઉરગો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો, બીજા નાનાવિધ જીવો, જળચર, સ્થળચર અને આકાશમાં ફરનારા ગ્રહો, ધૂમકેતુઓ, તારાઓ, નક્ષત્રો, વીજળીઓ, મેઘોની ગર્જનાઓ, એ બધા પુરુષરૂપ છે, એમ આગળ સંબંધ છે.

**ભાવાર્થ**:—બ્રહ્માદિ બધા ભગવત્સ્વરૂપ છે. સમુદાય ભગવાન છે. પ્રત્યેક ભિન્ન છે એમ કેટલાક કહે છે. હવે પછી ફલનિરૂપણ કરવા માટે અધિકારી અને સાધનનું નિરૂપણ કરતાં પુરુષસૂક્તમાં જે કહેલ છે તે જ પ્રકારે અહીં નિરૂપણ કરે છે. **पुरुष एवेदं सर्वम्** એ પુરુષ સૂક્તના વાક્યમાં ગુણત્રય-કાર્ય ત્રણ શ્લોકથી જણાવે છે. તેમાં હું એટલે બ્રહ્મા, **भवान्**-નારદ, મહાદેવ, ચકાર છે તેથી તેના સંબંધીઓ, **एव** કહ્યો છે તેથી તેમાં સંદેહ કરવા જેવું નથી એમ સૂચવવામાં આવ્યું છે, કેમકે વિશેષરૂપે પણ તે બધા ભગવદ્રૂપ છે. જે આ મરીચ્યાદિ મુનિઓ, બીજા પણ મુનિઓ તમારા તે મોટાભાઇઓ સનકાદિકો છે એ બધા શુદ્ધ સત્ત્વના કાર્યરૂપ છે. સુરો મિશ્ર સત્ત્વના કાર્ય છે. અસુરો રજોગુણ મિશ્રના કાર્યરૂપ છે. પર્વતો વગેરે તમોમિશ્ર કાર્યરૂપ છે. નગ એટલે પર્વત. નાગ એટલે હાથી. ખગ પક્ષીઓ. મૃગ હરણ વગેરે. સરીસૃપ સર્પો, એ બધા શુદ્ધ તામસ છે. ગંધર્વો અને અપ્સરાઓ રજોમિશ્ર કાર્ય છે. યક્ષ રક્ષ આદિ તમોમિશ્ર કાર્ય છે. ઉરગ જાતિસર્પો, પશુઓ સત્ત્વામિશ્ર. પશુમાં ગાય વગેરે. સિદ્ધ વિદ્યાધર અને ચારણ અન્તરિક્ષમાં સત્ત્વાદિપ્રધાન કાર્યો છે. દ્રુમ કેવળ તામસો છે. બીજા વિવિધમાં મત્સ્યાદિ જળમાં રહેનાર, સ્થળમાં રહેનાર, ગ્રહો બુધ વગેરે, વૃક્ષો, અશ્વિન્યાદિ નક્ષત્રો, ધૂમકેતુઓ, તારા, તે વગરનાં નક્ષત્રો, વીજળીઓ અને મેઘનાં ગર્જિતો એ બધાં પુરુષરૂપ છે એમ આગળના શ્લોકમાં અન્વય છે. (૧૨–૧૩–૧૪)

સર્વને ઉદ્દેશથી કહીને તેમાં પુરુષત્વનું વિધાન કરે છેઃ

**सर्वं पुरुष एवेदं भूतं भव्यं भवच्च यत् ।**
**तेनेदमावृतं विश्वं वितस्तिमधितिष्ठति ॥ १५ ॥**

**શબ્દાર્થ**:—જે થયું હશે અને થાય છે તે બધું પુરુષ છે. આ બ્રહ્માણ્ડ તેનાથી મપાયેલ છે. તેનાથી એક વેંત પોતે વધે છે.

**ભાવાર્થ**:—પહેલાં કહેવાયું તે બધું પુરુષરૂપ છે. આ જે જડ દેખાય છે તે બધું પુરુષ જ છે. ત્રણ કાલને અધીન પુરુષરૂપ નહિ હોય એ શંકા કરીને કહે છે કે થઈ ગયું, થશે અને થાય છે તે ત્રણ કાલમાં ઉત્પન્ન થયેલ પણ તેમાં લેવાં. **यत्** જે પ્રસિદ્ધ છે, તે સર્વ પુરુષ છે તે શ્રુતિમાં પ્રસિદ્ધ હોવાથી યુક્તિ કહેવાની જરૂર નથી. આથી પુરુષસૂક્તની **पुरुष एवेदं सर्वम्** એ અર્ધી ઋચાનો અર્થ કહ્યો. ભગવાનને વિશ્વ જેવડા કહીએ તો તેનું

માપ થઈ ગયું ગણાય, માટે તેને અપરિચ્છિન્ન કહેવા માટે કહે છે કે તેનાથી વિશ્વનું માપ લેવાય છે, તે વિશ્વ ભગવાનને માપી નથી શકતું. જાતિની[1] પેઠે પરિચ્છેદનું વારણ કરે છે, કેમકે જાતિ તેટલામાં રહીને તેને વ્યાપ્ત થાય છે. આ પુરુષ તો તેટલામાં રહીને એક વેંત વધારે રહે છે. अत्यतिष्ठद् दशाङ्गुलम् એમ પુરુષસૂક્ત દશાંગુલ અધિક કહે છે. વેંત બાર આંગળની થાય છે. તે ઝીણી આંગળીઓ બાર થતી હશે એ હિસાબે વિતસ્તિ કહી છે. અથવા તો વેંતનાં દસ આંગળ ગણતા હશે. અંગૂઠો અને ટચલી આંગળીની વચ્ચે સહેજ આંગળ અંતર દેખાય છે, આથી સ્થૂલ સૂક્ષ્મ ધ્યાનમાં સંપૂર્ણ ભગવાન જણાઈ રહે છે, તેથી વિશ્વાત્મક સ્થૂલ છે. વિતસ્તિરૂપ જુદા છે. પ્રમાણમાં તુલ્ય થાય છે. આઠ વેંતનો પુરુષ થાય. સર્વત્ર તો પ્રભુ આઠ વેંત થાય, એક વેંત વધારે પણ થાય. માટે જેટલા ભગવાન્ તેટલું બધું જગત. પછી પ્રભુ તેનાથી પણ અધિક છે, તેથી તે માપમાં આવતા નથી. વેંત ભરમાં જ રહે છે એમ પણ નથી. તેથી પણ અધિક છે, તેથી તે આટલા જ છે એમ ચોક્કસ થતું નથી. (૧૫)

ત્યાં રહ્યા છતાં અધિકમાં વ્યાપ્ત થાય છે તેમાં દૃષ્ટાંત કહે છેઃ

**स्वधिष्ण्यं प्रतपन् प्राणो बहिश्च प्रतपत्यसौ ।**
**एवं विराजं प्रतपन् तपत्यन्तर्बहिः पुमान् ॥ १६ ॥**

**શબ્દાર્થઃ—જેમ સૂર્ય પોતાના મંડલને પ્રકાશ આપતો બહાર પણ પ્રકાશ ફેંકે છે તેમ આ પુરુષ પણ વિરાજને પ્રકાશ આપતાં અંદર અને બહાર પણ પ્રકાશ કરે છે.**

**ભાવાર્થઃ**—જેમ સૂર્ય પોતાના મંડળને તપાવે છે અને બહાર આખા બ્રહ્માંડને તપાવે છે. પ્રાણ એટલે આસન્ય, મુખમાંથી નીકળતો વાયુ શરીરને અંદર સજીવન કરીને બહાર પણ ફૂંફાડા મારે છે, નિઃશ્વાસ નાખે છે, કાષ્ટને અગ્નિવાળાં કરે છે. ફૂંકવાથી તેમ થાય છે. એમ પુરુષ વિરાજને તપાવીને તેની બહાર પણ તપાવે છે. પ્રાણાદિની મધ્યમાં પ્રકાશન-શક્તિ નથી, કેમકે તે અંદરથી પોલા નથી હોતા; તેથી મંડળની વચ્ચેનો ભાગ જ તપાવે છે. આ પુરુષ તો બ્રહ્માણ્ડની મધ્યમાં પણ પ્રકાશ કરે છે; પુરુષ સ્ત્રીને[2] સર્વત્ર પ્રકાશ કરે છે (૧૬)

---

૧ અહીં જાતિથી પરિચ્છેદ કહ્યો છે. તે સિદ્ધાન્તમાં જાતિને પદાર્થાંતર માનતા નથી પણ સામાન્ય દૃષ્ટાંતમાં તેને અહીં લીધી છે. પરપ્રસિદ્ધ છે તેથી બોધ થવા માટે લીધી છે.

૨. અહીં પુરુષને સ્ત્રી કહ્યો. નૃસિંહપુરાણમાં કહ્યું છે કે 'स एव वासुदेवोयं साक्षात्पुरुष उच्यते । स्त्रीप्रायमितरत्सर्वं जगद्ब्रह्मपुरःसरम् ॥' તેથી ભગવાન જ પુરુષ છે, બાકીનું બધું તેના પ્રકાશથી પ્રકાશવાળું છે; તેથી અહીં સ્ત્રીને પ્રકારે છે એમ કહ્યું છે.

તે અપરિચ્છિન્ન અને સ્વપ્રકાશ છે એમ કહ્યું એથી તેનું બ્રહ્મપણું સિદ્ધ થઈ ગયું; તે પ્રપંચ અને નિષ્પ્રપંચને ફલ આપનાર છે એ સિદ્ધ કરવા માટે બન્નેના સ્વામી તે છે એ હવે કહે છેઃ

**सोऽमृतस्याभयस्येशो मर्त्यमन्नं यदत्यगात् ।**
**महिमैष ततो ब्रह्मन् पुरुषस्य दुरत्ययः ॥ १७ ॥**

**શબ્દાર્થઃ**—તે પુરુષ નિત્ય સુખ અને મોક્ષસુખના ઈશ્વર હોવાથી તે વિરાટ શરીરથી પર છે; તેથી કોઇથી નાશ ન થાય એવો પુરુષનો મોટો મહિમા છે.

**ભાવાર્થઃ**—તે પુરુષ નિત્ય સુખ અને મોક્ષસુખના સ્વામી છે. બન્ને દેવાને સમર્થ છે. તેનું તેવું સામર્થ્ય કહે છે કે મરણાત્મક વિરાટ શરીરથી પર થઇને તે રહે છે, માટે તે અમૃત આપી શકે. અન્ન એટલે ખવાય તે, એટલે પ્રાણીઓ મૃત્યુ અને કર્મનું ફળ એ અર્થ થાય. તે બધાને છોડી આગળ વધ્યા છે તેથી તે મોક્ષ આપવાને સમર્થ છે. **उतामृतत्वस्येशानः** એ આ અર્ધો મંત્ર કહ્યો. **अन्नेनातिरोहति** અન્નના કારણથી તિરોભાવને પામતાં નથી, મૃત્યુથી અથવા પોતાનાં કર્મોથી તિરોભાવને પામે છે. આની એ વ્યવસ્થા નથી. ત્યાં કહે છે કે જે સર્વ છે તે સર્વથી જુદા નથી; જે સર્વ નથી અથવા જુદા છે તે સર્વ નથી. પ્રપંચનું અર્ધપરિચ્છેદકપણું નથી. એમ હોય તો તે નિજાનંદનો ઇશ ન થાય. માટે અવિરોધ થાય એવું સમર્થન થતું નથી. પરસ્પર વિરુદ્ધધર્માશ્રય રહે ત્યાંસુધી અભેદ ન થાય! એ શંકાના સમાધાનમાં કહે છે કે વિરુદ્ધ ધર્મના આશ્રય છે એ ભગવાનનો મહિમા છે. વિરુદ્ધ ધર્મો આશ્રયનો ભેદ કરી શકતા નથી. એક આશ્રયમાં જ બન્ને થાય છે. પણ ધર્મનો પરસ્પર વિરોધ હોય તે લોકની જેમ કાર્ય ન કરી શકે તે જ પોતાના આશ્રયનો મહિમા વધારે છે. સર્વત્ર સમર્થ હોય તે જો કોઈ વાતે અસમર્થ થાય તો તેનો મહિમા વધે છે, કે જેને લીધે તે પોતાનું કાર્ય કરવાને સમર્થ થતો નથી. તેથી ભગવાન વિરુદ્ધ ધર્મના આશ્રય છે, એ પણ એક તેનો મહિમા છે. તે ધર્મ ભગવાનમાં જ છે, બીજામાં નથી. તેનું કાર્યસાધકત્વ નથી, તેથી તે મહિમાની કોઈ પ્રતિબંધકતા નથી, કેમકે ધર્મ એવો છે કે કોઈ તેની સમાન કે તેથી વધે તેવો નથી. બન્ને ધર્મો અવિરુદ્ધ રીતે કેમ રહે? બોલવામાત્રમાં જ વિરોધ છે, તેથી વિરુદ્ધ ધર્મના પ્રભુ જે આશ્રય છે, તેથી જ ભગવાનનો મહિમા છે, કેમકે તે અલૌકિક છે, તે મહિમાનો છેડો નથી. કોઈ તેને બુદ્ધિથી કે શક્તિથી અતિક્રમ કરવાને સમર્થ થતો નથી. લોકમાં બંને કાર્યો કરે છે તે દેખાય છે, **ब्रह्मन्** સંબોધન માહાત્મ્યના સૂચન માટે કહ્યું છે. સૂક્તમાં તો મહિમાનું "એટલાપણું"

કહીને તેનાથી પુરુષનું માહાત્મ્ય કહ્યું છે. મોટાઈથી માહાત્મ્ય વધે છે, તે જ ઇત્થંભાવયથાર્થરૂપ છે. (૧૭)

એમ ભગવાનનો અપરિચ્છેદ કહ્યો તેનાથી ભગવાનનું માહાત્મ્ય કહ્યું, તેથી પ્રભુ અમૃત અને અભયરૂપ ફલના સ્વામી છે, એમ કહ્યું. લોકમાં તે જ્યાંસુધી એ મહિમાને પ્રકટ ન કરે, ત્યાંસુધી તે વૃથા કહેવાય. તે પ્રકટ કરવા માટે પુરુષભેદ અને ફલભેદને હવે કહે છે:

**पादेषु सर्वभूतानि पुंसः स्थितिपदो विदुः ।**
**अमृतं क्षेममभयं त्रिमूर्ध्नोऽधायि मूर्धसु ॥ १८ ॥**

**શબ્દાર્થ**:—સ્થિતિ એટલે ત્રણ લોક છે પગમાં જેને, તે સ્થિતિપાત્ ભગવાન્, તેના ચરણમાં બધા લોકો છે, અને ત્રિમૂર્ધના મૂર્ધરૂપ મહર્લોકની ઉપરના ત્રણલોકમાં અમૃત ક્ષેમ અને અભય (જન, તપ, સત્ય,) લોક રહ્યા છે.

**ભાવાર્થ**:—પગ એટલે ભૂરાદિલોકમાં સર્વભૂતોનો નિવાસ છે. આ કથનથી સ્થાનભેદથી ફલભેદ થશે એ સૂચવ્યું. સર્વલોક સર્વ અવયવમાં કહેવાથી પગમાં બધાં લોક કેમ આવી શકે ? એ શંકાના ઉત્તરમાં **पुंसः स्थितिपदः तिष्ठन्त्यस्मिन्निति ष्ठाः भूरादि** લોકો સ્થિતિ શબ્દથી કહ્યા છે. તે છે પગમાં જેના તે **स्थितिपात** કહેવાય. સર્વલોકો અવયવો છે તે અવયવી ભગવાનના ચરણ છે. તે તે સ્થાનના આધારરૂપે ભગવાન્ રહ્યા છે. તેમાં પ્રમાણ કહે છે કે **विदुः पादोऽस्य सर्वाभूतानि** એ ભગવાનના માહાત્મ્ય માટે સર્વભૂતોને ભગવાનનો એક પાદ કહ્યો છે. અથવા "પાદ" શબ્દથી પાદમાં રહેલા પુરુષો લેવા. **तात्स्थ्यात् तद्व्यपदेशः** (તેમાં રહ્યા તે તેના નામથી કહેવાય) એવો ન્યાય છે, તેથી પુરુષો વગેરે સર્વ ભૂતો ભગવાનના પાદ છે. એકવચન જાતિના હિસાબથી કહ્યું છે. એમ ભગવાનના અવયવમાં સર્વ જીવની સ્થિતિ કહીને તેમાં ભગવાનના ફલની સ્થિતિ કહે છે: ભગવાનમાં ચાર સુખ છે, એક અનિત્ય સુખ છે: ત્રણ જાતનાં નિત્યસુખ છે. એ નિત્યસુખ ત્રણ કહ્યાં તેનાં નામાંતર અમૃત, ક્ષેમ અને અભય છે. તેનું સ્થાન ત્રણ લોકનું મસ્તક મહર્લોક, તેની ઉપરના ત્રણ લોક જન, તપ, અને સત્યલોક, તેમાં અમૃત ક્ષેમ અને અભયને રાખ્યાં છે. અહીં આ વ્યવસ્થા છે. ત્રણ લોક ભૂ: ભુવ: સ્વર્ગ લોકમાં અનિત્ય સુખ છે. મહર્લોકમાં સ્થાનત્યાગરૂપ દુઃખ છે. **यान्त्युष्मनामहर्लोकाज्जनं भृग्वादयोर्दिताः** એવું વાક્ય છે, એટલે પ્રલયમાં જ્યારે ત્રિલોકી બળે છે ત્યારે ત્યાં તાપ લાગતાં દુઃખી થયેલ ભૃગ્વાદિ જનલોકમાં ચાલ્યા જાય છે. જનલોકમાં અમૃતસુખ છે તેનો પ્રલયમાં નાશ થતો નથી. તપોલોકમાં કેવલ ક્ષેમ છે. ત્યાં અક્ષેમ જોવું પડતું નથી, જનલોકમાં તો મહર્લોકથી નાસીને જનલોકમાં આવે છે

તેનું દુઃખ જનલોકવાસીઓને જોવું પડે છે. જનલોકમાં સ્વતઃ દુઃખ નથી, કેમકે તેને તપોલોકમાં જવું પડતું નથી. તેથી ત્યાં ક્ષેમ છે. સત્ય લોકમાં અભયસુખ છે. તે મોક્ષની નજીક આવી જાય છે, તેથી ત્રણ લોકમાં નિત્ય સુખ કહ્યું. આ અભયસુખ જ્ઞાનીઓ અને સંન્યાસીઓને મળે છે, તે આગળ કહેવામાં આવશે. **त्रिपादस्यामृतं दिवि** એ મંત્રનો આવો જ અર્થ છે. આનું ત્રણ પાદનું અમૃત દિવ–ઉપરના લોકમાં છે. ત્રણ લોકના અભિપ્રાયથી 'दिवि–દિવમાં' શબ્દ અહીં કહ્યો છે. (૧૮)

એ સુખના ભોગવનારને વિશે કહે છેઃ

**पादास्त्रयो बहिश्चासन्नप्रजानां य आश्रमाः ।**
**अन्तस्त्रिलोक्यास्त्वपरो गृहमेधोऽबृहद्व्रतः ॥ १९ ॥**

**શબ્દાર્થ**:—આ ભગવાનના ત્રણ પાદ ત્રણ લોકની બહાર છે, જે બ્રહ્મચારી વાનપ્રસ્થ અને સંન્યાસી પ્રજારહિત કહેવાય તેના આશ્રમ છે. ત્રણ લોકોની અંદર તેનાથી જુદો ગૃહસ્થાશ્રમી કે જેને બ્રહ્મચર્યવ્રત નથી હોતું તે રહે છે.

**ભાવાર્થ**:—ભગવાનના ચાર વર્ણો તે ચાર પાદ ગણાય છે, કેમકે ભગવાન તેમાં રહે છે. તેમાં ત્રણ પાદ બ્રહ્મચારી વાનપ્રસ્થ અને સંન્યાસી, તે ત્રણ લોકની બહાર રહે છે. **च** છે તેથી ઇચ્છાથી ત્રણ લોકની અંદર પણ આવે છે. તે ત્રણ સંન્યાસી વાનપ્રસ્થ અને બ્રહ્મચારીમાં એક સાધર્મ્ય છે તે એ કે જેને પ્રજા નથી થતી તે અપ્રજ કહેવાય છે, તે ગૃહસ્થ નથી કહેવાતા. તેમના આશ્રમો છે. આશ્રમના ધર્મથી તે પુત્રાદિરૂપે થતા નથી, પણ તે વાંઝિયા નથી, તે ત્રણ સુખનો ભોગ કરનારા છે. હવે નિત્ય સુખના ભોક્તાને વિશે કહે છેઃ ત્રણ લોકની અંદર ઉપર ગણાવ્યા કરતાં નીચા દરજ્જાનો ગૃહસ્થાશ્રમ કહે છે; એટલે જેની ઘરમાં જ બુદ્ધિ છે. એ બહારનો દોષ છે. બ્રહ્મચર્ય તે રાખતા નથી એ અંદરનો દોષ છે. મોટું ઉચ્ચ વીર્ય રાખવાનું જેને વ્રત નથી તે **अबृहद्व्रत** કહેવાય છે. (૧૯)

એમ ચાર વર્ણોનું સ્વરૂપ અને ફલ કહ્યું, હવે તેની વિલક્ષણતા બતાવે છેઃ

**सृती विचक्रमे विश्वङ् साशनानशने उभे ।**
**यदविद्या च विद्या च पूरुषस्तूभयाश्रयः ॥ २० ॥**

**શબ્દાર્થ**:—બે માર્ગો તે એક કર્મનું ફળ ભોગવે છે, બીજો કર્મફલને છોડી દે છે; જેમાં એકને અવિદ્યા કહે છે જ્યારે બીજાને વિદ્યા કહે છે. તે ઉભયનો આશ્રય પુરુષ એટલે ભગવાન કરે છે; તે માર્ગે ચાલે છે.

**ભાવાર્થ**:—તે સ્વભાવથી જ તેવા થયા નથી, પણ ભગવાન જ બે માર્ગે ચાલે છે. તેને લઈને લોકો પણ તેમનું અનુગમન કરે છે. તે જ કહે છે કે તે બે માર્ગો

છે. તેમાં વિશેષે કરીને ભગવાન ફરે છે. એવા ફરે છે કે એક માર્ગમાં કોઈ ભાગમાં તે ન ફર્યા હોય એવા રહેવા દેતા નથી. તે બેને જુદા પાડનાર ધર્મને કહે છે કે એક તો કર્મફલને ભોગવનાર છે, બીજા કર્મફલને ભોગવતા નથી. બે જણ આમાં છે, બીજા કોઈ નથી. ભગવાનને બે માર્ગમાં ચાલવાની જરૂર શું ? ત્યાં કહે છે કે ભગવાનને ચાલવામાં બે શક્તિ કામ દે છે: એકનું નામ અવિદ્યા છે, બીજીનું નામ વિદ્યા છે. તેમાં અવિદ્યા કર્મફલ ભોગવનારના માર્ગમાં છે અને વિદ્યા કર્મફલ નહિ ભોગવનારના માર્ગમાં છે. ભગવાન તો બન્નેનો આશ્રય કરી બન્ને માર્ગમાં ચાલે છે. જો બન્નેમાં ન ચાલે તો બે ભગવચ્છક્તિ કહેવાય છે તે ન કહેવાય. च છે તેથી તેમનું કાર્ય અને તેમની સામગ્રી તેમાં જ રહે. છે, બીજા માર્ગમાં જતી નથી. (૨૦)

એમ માર્ગના ભેદથી ભોગવનારનો ભેદ કહીને તે પુરુષથી આ વિરાટ્ પુરુષ જુદો છે એમ કહે છે કે તે ભગવાનથી આ વિરાટ્ પુરુષ ઉત્પન્ન થયો છે:

**तस्मादण्डं विराट् जज्ञे भूतेन्द्रियगुणात्मकः ।**
**तद्द्रव्यमत्यगाद्विश्वं गोभिः सूर्य इवातपन् ॥ २१ ॥**

**શબ્દાર્થ**:—તે ભગવાનમાંથી અધિભૂતાદિ ભેદવાળું, ત્રણ ગુણવાળા ભૂત-ઇન્દ્રિય-ગુણવાળું અણ્ડ ઉત્પન્ન થયું. તે પોતે તે આખા પ્રદેશને વ્યાપીને તેનાથી બહાર નીકળી રહ્યા, તે જેમ સૂર્ય પોતાના મંડળીને તપાવી બહાર પ્રકાશ આપે છે તેમ.

**ભાવાર્થ**:—તે પર પુરુષ નારાયણથી અણ્ડ એટલે બ્રહ્માણ્ડ ઉત્પન્ન થયું. તે નારાયણ આધિદૈવિકથી આ બ્રહ્માણ્ડ આધ્યાત્મિક થયું. તે અણ્ડથી વિરાટ્ ઉત્પન્ન થયો; તે ભૂત ઇન્દ્રિય અને ગુણયુક્ત થયો. ભૂત એટલે અધિભૂત એટલે દ્રવ્ય, અને ઇન્દ્રિયો અધ્યાત્મ, ગુણો અધિદૈવ; અથવા મહાભૂતો ઇન્દ્રિયો અને તેના વિષયો થયા. શરીર ઇન્દ્રિય અને વિષયથી ભોગ કરનાર વિરાટ્ થયો. તે પણ તેના બાપની જેમ આક્રમણ કરવા લાગ્યો. તે વિશ્વાત્મક બ્રહ્માણ્ડ શરીરનું તેણે આક્રમણ કર્યું. જેમ ભગવાન શરીરને વ્યાપીને દશ આંગળ વધ્યા હતા તેમ આ વિરાટ્ પણ દશ આંગળ વધ્યો. બ્રહ્માણ્ડને પણ વ્યાપ્ત થયો, તે કેવળ સ્વરૂપની મોટાઈનું સામ્ય નથી પણ પ્રકાશમાં પણ તે ભગવાન જેવો છે. જેમ સૂર્ય પોતાના કિરણોથી પોતાના મંડળને તપાવતો બહાર પણ તપાવે છે તેમ આ પણ પોતાના શરીર (બ્રહ્માણ્ડ)ને પ્રકાશતો બહાર પણ પ્રકાશયુક્ત થાય છે. (૨૧)

એમ બે પ્રકારનું વિશ્વ કહ્યું; નિયમ નિયામકભાવ માટે બે પુરુષ કહ્યા. તેમાં અમૂર્તોનો સમાગમ કહ્યો. યજ્ઞરૂપ ભગવાનનો પણ સર્વ પદાર્થમાં સંબંધ છે; તે યજ્ઞ સાધનભૂત પદાર્થો ભગવાનથી જુદા હોય તો સર્વરૂપ

ભગવાન થયા ગણાય, એમ શંકા કરીને તે બધાનું તત્ત્વ ભગવાન છે, એ હવે કહે છેઃ

**यदास्य नाभ्यान्नलिनादहमासं महात्मनः ।**
**नाविदं यज्ञसंभारान् पुरुषावयवादृते ॥ २२ ॥**

શબ્દાર્થઃ—જ્યારે તે મહાત્માના નાભિકમળમાંથી હું ઉત્પન્ન થયો ત્યારે તેના અવયવો સિવાય બીજા યજ્ઞમાં ઉપયોગી પદાર્થોને મેં ન જોયા.

ભાવાર્થઃ—જો અહીં આ વાત ન કહેવામાં આવે તો જૈમિનિ-સિદ્ધાન્તની રીતે પદાર્થને બનાવનારાં ભગવત્સ્વરૂપાત્મક વાક્યો અર્થવાદરૂપ ગણાય, તો મોટા કષ્ટથી બધું ભગવદ્રૂપ કહ્યું તે ન કહ્યા જેવું થઈ જાય; તેથી યજ્ઞોપયોગી પદાર્થો પણ ભગવાનના અવયવરૂપ છે, તે બ્રહ્મા પોતે જ કહે છે. જ્યારે આ ભગવાનની નાભિમાં એક કમળ થયું તેમાં હું પણ કમળમાં થયો, ત્યારે મેં વિચાર કર્યો કે જેની નાભિમાંથી હું થયો તે મોટા છે તો તેનું મારે આરાધન કરવું જોઈએ. મોટો આત્મા અથવા અંતઃકરણ જેનું હોય તે મહાત્મા કહેવાય છે. આનું આરાધન કરું તો તે મોટું ફલ આપશે. પણ આરાધન કેમ કરવું? શું તેને આપીએ કે તે રાજી થઈ જાય? ત્યારે બ્રહ્માએ યોગજ ધર્મથી જાણ્યું કે ભગવાનને પ્રસન્ન કરવા હોય તો યજ્ઞ કરવો જોઈએ. તે યજ્ઞ કેમ થઈ શકે? તે પણ વેદને જોવાથી જણાયું કે સામગ્રી ભેગી કરી પશુ અને પુરોડાશથી યજ્ઞ કરવો. પણ તે પશુ અને પુરોડાશ કયાંથી લાવવા? તે પણ યોગજ ધર્મથી મેં જાણ્યું કે ભગવાનના શ્રીઅંગ વગર પશુ પુરોડાશ વગેરે કાંઈ નથી; ત્યારે તે પુરુષ યજ્ઞરૂપે પ્રકટ થયા. આથી સાધનરૂપ પણ ભગવાન છે એ વાત કહી. (૨૨)

તેના અવયવોમાં યજ્ઞમાં ઉપયોગી કયા કયા પદાર્થો જોયા તે જણાવે છેઃ

**तेषु यज्ञस्य पशवः सवनस्पतयः कुशाः ।**
**इदं च देवयजनं कालश्चोरुगुणान्वितः ॥ २३ ॥**
**वस्तून्योषधयः स्नेहा रसलोहमृदो जलम् ।**
**ऋचो यजूंषि सामानि चातुर्होत्रं च सत्तम ॥ २४ ॥**

**नामधेयानि मन्त्राश्च दक्षिणाश्च व्रतानि च ।**
**देवतानुक्रमः कल्पः संकल्पः सूत्रमेव च ॥ २५ ॥**
**गतयो मतयश्चैव प्रायश्चित्तं समर्पणम् ।**
**पुरुषावयवैरेते संभाराः संभृता मया ॥ २६ ॥**

**શબ્દાર્થ**:—તેમાં યજ્ઞનાં પશુઓ, વનસ્પતિઓની સાથે દર્ભો, દેવયજનની ભૂમિ, ઉત્તમ ગુણવાળો કાળ, વસ્તુઓ, ઓષધિઓ, સ્નેહો (ઘી વગેરે), રસો, લોઢાં, મૃત્તિકા, જળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, હે સત્તમ! તેના સ્વરૂપમાં ચાતુર્હોત્ર, નામધેય, મન્ત્રો, દક્ષિણા, વ્રતો, દેવતાનો અનુક્રમ-યજ્ઞ કરવાના કલ્પસૂત્રાદિ ગ્રંથો, સંકલ્પો, સૂત્રો, ગતિ, બુદ્ધિ, પ્રાયશ્ચિત્ત, સમર્પણ, એ બધા યજ્ઞોપયોગી પદાર્થો મેં પુરુષના અવયવોમાંથી લીધા.

**ભાવાર્થ**:—તે યજ્ઞના પદાર્થો ભગવાનના અવયવોથી મળ્યા. તેનાં નામનિર્દેશપૂર્વક કહે છે: પશુઓ-બકરાં વગેરે. વનસ્પતિમાંથી યૂપ થાય. તેની સાથે દર્ભો. ત્યારે વનસ્પતિ અને કુશને જુદા ગણો તો વનસ્પતિથી પિપ્પલ વૃક્ષો, કુશથી દર્ભ લેવા. આ દેવને આરાધન કરવાની ભૂમિને દેવયજન કહેવાય. इदं કહ્યું તેથી યજ્ઞ કરીને ત્યાં જ શૌનકાદિક ભાગવતની કથા કહે છે એમ જણાય છે. ચકારથી તેથી બીજા દેવના પૂજનની જગ્યાઓ પણ જોઈ. વસંતાદિ કાળ જોયો. ચકારથી નૈમિત્તિક કાળ-યોગ વિશેષ પણ જોયો. એ કાળ મોટા ગુણવાળો જોયો. શ્રુતિ કહે છે કે જો તે વખતે સૂર્ય ન પેદા થાય ને આગળ ચંદ્ર ઊગે, તો ધાન્યની સંપત્તિ થાય. કાળના બીજા પણ ઘણા ગુણો વેદમાં કહ્યા છે. એવા ઉત્કૃષ્ટ ગુણવાળો કાળ. વસ્તુઓ એટલે પાત્રો વગેરે. ડાંગર વગેરે ઓષધિઓ. ઘી વગેરે સ્નેહો. દહીં, મધ વગેરે રસો. દાતરડાં વગેરે લોઢાનાં હથિયારો. મૃત્તિકાઓ મહાવીર નામનું ધર્મપાત્ર થાય છે તેને માટે. જળો વસતીવરી વગેરે. (પ્રોક્ષણમાં કામ લાગતું જળ વસતીવરી કહેવાય છે.) ઋગ્, યજુઃ, સામ એ ત્રણ વેદના મંત્રો. હોત્રાદિ ચતુર્ગુણ સાધ્યકર્મ ચાતુર્હોત્ર કહેવાય. અથવા ચાર હોતાદિ જેના કારણ છે એવું કર્મ ચાતુર્હોત્ર કહેવાય. અહીં "સત્તમ" સંબોધન વિશ્વાસ માટે કહ્યું છે. નામધેય-જ્યોતિષ્ટોમાદિ. મંત્રો સ્વાહાકારાદિ. ચકાર છે તેથી નિગદો લેવા. દક્ષિણા ગાયો. ચકાર છે તેથી બીજા વર આપવા તે દક્ષિણા ગણાય છે. વ્રતો એટલે દીક્ષા વગેરે. ચકાર છે તેથી માંસભક્ષણાદિના નિષેધરૂપ વ્રતો લેવાં. દેવતાનો અનુક્રમ ઇજ્ય દેવમાં આ પ્રથમ, આ બીજા, એમ તેમને પૂજવાનો ક્રમઃ કાળી ડોકવાળો અગ્નિ, તેને માટે ઇત્યાદિ. કલ્પ-કલ્પસૂત્રો. સંકલ્પ એટલે કામનાનો વિષય બતાવવો. સૂત્ર ન્યાયનાં સૂત્રો અથવા કર્મ કરવાની પદ્ધતિ. ગતિ વિષ્ણુક્રમાદિ. મતિઓ દેવતાનાં ધ્યાન. ચકાર છે તેથી કર્મના અભિસમીક્ષણાદિ. પ્રાયશ્ચિત્ત અજાણતા પાપ થાય તેને દૂર કરવાને માટે કર્મ. સમર્પણ સંસ્થા અથવા નિવેદન. એટલા યજ્ઞમાં પદાર્થો જરૂર જોઇએ તે પુરુષના અવયવોમાંથી કર્યા. અહીંની અવયવાદિની વ્યવસ્થા તૃતીયસ્કંધમાં કહેવામાં આવશે. એ બધા પદાર્થો પુરુષના અવયવોમાંથી એકઠા કર્યા. મેં કર્યા, એનો અર્થ એવો કે સાધારણ પુરુષ આટલા પદાર્થોને એકત્ર ન કરી શકે, એ મેં કર્યા તેમ જાણવાનું છે. (૨૩-૨૬)

તે પછી શું કર્યું તે કહે છેઃ

**इति संभृतसंभारः पुरुषावयवैरहम् ।**
**तमेव पुरुषं यज्ञं तेनैवायजमीश्वरम् ॥ २७ ॥**

**શબ્દાર્થઃ**—એમ યજ્ઞોપયોગી પદાર્થો એકત્ર કરીને જે પુરુષના અંગમાંથી તે પદાર્થો લીધા તે યજ્ઞરૂપ પુરુષ ઈશ્વર છે તેમને તે પદાર્થો વડે યજન કર્યું.

**ભાવાર્થઃ**—ઉપર કહ્યા પ્રમાણે પુરુષના અવયવોમાંથી બધા પદાર્થો ભેગા કરીને તે યજ્ઞરૂપ ભગવાનનું તેનાથી જ યજન કર્યું. યાગ ફલને માટે નહિ પણ ઈશ્વર માટે કર્યો. જેમ યાગ મેં કર્યો તેમ સર્વે યાગ ફલની આશા વિના કરવા જોઈએ. યજ્ઞના પદાર્થોને ભક્તિથી ભગવાનના અવયવમાં પ્રકટ કરીને ભગવાનની પ્રીતિને માટે તેનાથી ભગવાનનું પૂજન કરવું; કર્મ કરવું. ભગવાનને કાંઈક સ્વાર્થ માટે પણ કર્તવ્ય છે. જેમ પુરુષને પોતાને માટે બધાં કામ કરવાનાં હોય છે તેમ ભગવાનને પોતાને માટે બધા યજ્ઞો કરવાના હોય છે. તે જો ભગવાનના અવયવથી ઉત્પન્ન થાય તો (પશુ વગેરે ભગવાનથી થાય) તો તે ભગવાનને માટે ફલ-રૂપ થાય. જો કે લૌકિક પદાર્થો પણ તેમ જ ઉત્પન્ન થયા છે છતાં તે સર્વને માટે છે, તેથી તે પદાર્થો યાગના ફલને સિદ્ધ કરાવી શકતા નથી. મધ્યમા-ધિકારી, તે યજ્ઞ માટે છે એમ જાણી, તેનાથી યાગ કરે તો તેને ફલ મળે છે. પણ તે ફલ ભગવાનને અર્પણ કરવું જોઈએ. જો અજ્ઞાનથી તે પદાર્થોથી યાગ કરે તો તેનું ફલ ભગવાન ગ્રહણ કરતા નથી. બીજાની ચીજથી થાય તેનું ફલ ભગવાન ગ્રહણ ન કરે. જે પદાર્થો યાગને માટે મેળવ્યા નથી પણ સાધારણ રીતે પ્રાપ્ત થયા છે તેનાથી તો ફલ ન જ મળે. કદાચ ફલ થાય તો કાકતાલીય ન્યાયથી ફલ થાય, તો તે પદાર્થો ઉપયોગમાં આવે. એમ યાગના ચાર ભેદ થયાઃ ઉત્તમ મધ્યમ નિકૃષ્ટ અને નિષ્ફલ. એ ભેદથી ચતુર્વિધ યાગ થયો. તેમાં પશુઓ ભગવાનના ઊરુ દેશમાંથી ઉત્પન્ન થયાં. રુવાડામાંથી વૃક્ષો થયાં. પસીના સાથે રોમો દર્ભો થયા. પગ વડે દેવયજનભૂમિ થઈ. કાલ પાપણમાંથી થયો. વસ્તુઓ ઓષ્ઠથી થઈ. સ્નેહો દૃષ્ટિથી થયા. રસો જિહ્વાથી થયા. નાસિકાથી મૃત્તિકા થઈ. જલ નાડીમાંથી થયું. ઋક્ યજુઃ સામ કાન અને મસ્તકમાંથી થયા. ચાતુર્હોત્ર કર્મ બાહુથી થયું. મોઢેથી નામ થયાં. મસ્તકના અવયવથી મંત્રો થયા. દક્ષિણા અને ગાયો વામ ઊરુપ્રદેશમાંથી થયાં. વ્રતો મનથી થયાં. પર્વમાંથી દેવતાનો અનુક્રમ થયો. બલમાંથી કલ્પ થયો. સંકલ્પ બુદ્ધિથી થયો. પ્રાણથી સૂત્ર થયું. અથવા વિહાર યોગરૂપ સૂત્ર સમજવું. વિક્રમથી ગતિ થઈ, જ્ઞાનેન્દ્રિયથી મતિ થઈ. કર્મેન્દ્રિયોથી પ્રયાશ્ચિત્ત

થયું. આત્માથી સમર્પણ થયું. બીજા પણ યજ્ઞના પદાર્થો જેમ યોગ્ય લાગે તેમ તર્કથી સમજી લેવા. માટે વેદમાં સર્વ યજ્ઞના પદાર્થો ભક્તિવાળો સાક્ષાત્ જોઈ શકે છે. પછી તે પદાર્થોમાંથી તે તે પદાર્થોને જુદા કરી ગ્રહણ કરે છે. ત્યાર પછી યાગ કરે છે. જો એમ ન હોય તો अपश्यत्-જોયું, आहरत्-લીધું, अयजत्-યજ્ઞ કર્યો. એ પ્રયોગો વ્યર્થ થાય. (૨૭)

**ततस्ते भ्रातर इमे प्रजानां पतयो नव ।**
**अयजन् व्यक्तमव्यक्तं पुरुषं सुसमाहिताः ॥ २८ ॥**
**ततश्च मनवः काले ईजिरे ऋषयोऽपरे ।**
**पितरो विबुधा दैत्या मनुष्याः क्रतुभिर्विभुम् ॥ २९ ॥**

**શબ્દાર્થ**:—પછી તમારા મરીચ્યાદિ નવ ભાઇઓ કહેવાય છે તેમણે સ્પષ્ટ અને અસ્પષ્ટ રીતે તે યજ્ઞ પુરુષનું યજન કર્યું. સારી રીતે ચિત્તની એકાગ્રતાથી તે કામ કર્યું. પછી મનુ અને બીજા ઋષિઓએ તેના કાળમાં યજ્ઞો કર્યા. પિતૃઓ દેવો દૈત્યો અને મનુષ્યોએ યજ્ઞો કરી વિભુ યજ્ઞેશ્વરને પ્રસન્ન કર્યા.

**ભાવાર્થ**:—મેં કર્યા પછી તમારા ભાઈઓ મરીચ્યાદિ પ્રજાના પતિઓ છે તેમણે નવવિધ પ્રજાના પોતે નવવિધાથી સ્વામી બનીને યજ્ઞથી ભગવાનનું આરાધન કર્યું. તેમાં સાત્ત્વિક-સાત્ત્વિકમાં ભગવાન પ્રકટ થયા અને તામસ-તામસોમાં ભગવાન અપ્રકટ રહ્યા. મધ્યમ વર્ગમાં વ્યક્ત અને અવ્યક્ત બન્ને રીતે સાવધાન થઈને યજ્ઞ કર્યા. સાવધાન કહેવાનું કારણ એટલું જ કે બીજાને માટે પદાર્થો હોય તેને યજ્ઞાર્થમાં મેળવવા નહિ, તેને માટે ચિત્તને સાવધાન રાખવું જોઇએ. પદાર્થો યજ્ઞાર્થ છે તેનું જ્ઞાન થવા માટે સમાહિત રહેવું પડે; તેને ઉત્પન્ન કરવા માટે સાવધાની રાખવી પડે. ત્યાર પછી ઘણો કાળ ગયા પછી મનુઓએ યજ્ઞો કર્યા; બીજા ઋષિઓએ કર્યા. આ સત્ત્વ આદિ બીજા વર્ગના સમજવા. ત્રીજી કક્ષામાં પિતરો વિબુધો દૈત્યો રાજસ સાત્ત્વક તામસો. મનુષ્યો ચોથા વર્ગમાં; તે ગુણસન્નિપાતરૂપ એક પ્રકારના છે. તે ભ્રમથી કરે તોપણ કામિત કાંઈક ફ્લ મેળવે છે, કેમકે ભગવાન્ સમર્થ છે. તેથી કહ્યુ કે विभुम् । સમર્થ છે તે કાંઇક આપે જ. क्रतुभिः એથી બાર દિવસે સિદ્ધ થતો યાગ લેવો. (૨૮-૨૯)

એમ સર્વ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનમાંથી કહીને સ્થિતિને કહે છે:

**नारायणे भगवति तदिदं विश्वमाहितम् ।**
**गृहीतमायोरुगुणः सर्गादावगुणः स्वतः ॥ ३० ॥**

**શબ્દાર્થ**:—ભગવાન નારાયણમાં આ જગત રહ્યું છે. સૃષ્ટિ કરવામાં માયાના મોટા ગુણોને ધારણ કર્યા છે છતાં તે સ્વતઃ નિર્ગુણ છે.

ભાવાર્થ:—વિશ્વાધારથી ભગવદ્દાધારાવાન કહેવા માટે નારાયણ કહ્યા છે. **आपो नारा इति प्रोक्ताः** એ ન્યાયથી પુરુષ નારાયણ છે, તે આ લૌકિક વૈદિક જગત્ નારાયણમાં છે. (પાણી એ નાર, તેમાં રહે છે તે **નારાયણ.**) (૩૦)

જો ભગવાન્ ઉત્પત્તિ કરે અને પાળે છે તો પ્રલય પણ તે જ કરે, તો પછી બધું તે કરે તો તમારો તેમને શો ઉપયોગ છે? ત્યાં કહે છે:

**सृजामि तन्नियुक्तोऽहं हरो हरति तद्वशः ।**
**विश्वं पुरुषरूपेण परिपाति त्रिशक्तिधृक् ॥ ३१ ॥**

શબ્દાર્થ:—તેની આજ્ઞાથી હું જગતને ઉત્પન્ન કરું છું, મહાદેવજી તેને તાબે રહીને જગતનો લય કરે છે. તે ત્રણ શક્તિવાળા ભગવાન્ પુરુષરૂપથી જગતનું પાલન કરે છે.

ભાવાર્થ:—ભગવાન પ્રકાર બતાવવાને માટે બધા પદાર્થોને ઉત્પન્ન કરે છે. પછી પરસ્પર પેદા કરવા માટે મને આજ્ઞા કરે છે. સંહાર કરવા માટે મહાદેવને આજ્ઞા કરે છે. તેથી જેઓને ભગવાને ઉત્પન્ન કર્યા, તેના વંશનાં જે હોય તેને ભગવાન જ મારે; મહાદેવ તેને ન મારે; તે માટે ભગવાન્ અવતાર ધરે છે. પાલન તો ભગવાન જ કરે છે. તે પુરુષરૂપે વિશ્વનું ચારે તરફથી પરિપાલન કરે છે. તેને અનુસરીને હર સંહાર કરે છે. તેથી તેને "વશ" કહેલ છે. જો કે ઉત્પત્તિ પ્રલય બ્રહ્મા અને શિવ કરે છે, તોપણ તે કરવાનું સામર્થ્ય ભગવાનમાં જ છે. તે કહેવા માટે કહ્યું કે તે ત્રણ શક્તિને ધારણ કરનાર છે. (૩૧)

એમ ત્રણ અંશ કહીને માહાત્મ્ય કહેવા માટે પ્રથમ કહ્યું છે તેનો ઉપસંહાર કરે છે:

**इति तेऽभिहितं तात यथेदमनुपृच्छसि ।**
**नान्यद्भगवतः किंचिद्भाव्यं सदसदात्मकम् ॥ ३२ ॥**

શબ્દાર્થ—જે તમે પૂછયું તે બધું મેં તમને કહ્યું. હે તાત, ભગવાન્ વગર કાર્ય કારણાત્મક જગત્ વગેરે કાંઇ થતું નથી.

ભાવાર્થ:—તમે આટલું જ પૂછેલું હતું. માહાત્મ્ય કહેવાનું તો તેમાં આવી જાય છે, તે આગળ હું કહીશ. તમે જેટલા મને પ્રશ્નો કર્યા, તે સ્વરૂપથી કે પ્રકારથી કર્યા તે બધાનો ઉત્તર ભગવાન જ છે, કેમકે ભગવાન વિના કાંઇ બીજું નથી. ત્યાં શંકા કરે છે કે સર્વના આધારરૂપ અને સર્વ વસ્તુના સ્વરૂપરૂપ તો બીજાઓ પણ ભગવાનને માને છે તો પછી આ ભાગવત માર્ગમાં શું વિશેષ છે? ત્યાં કહે છે કે જે ક્રિયાથી ઉત્પન્ન થશે, જેમાં ક્રિયાનો વ્યાપાર થાય છે તે ભગવાન્ છે. વારુ, બ્રહ્મવાદમાં સર્વ બ્રહ્મ છે, તેથી આ માર્ગમાં વિશેષ શું છે? ત્યાં કહે છે, સદસદ્વ્યવહારયોગ્ય ઘટાદિ અને

શશશૃંગાદિ, અને ભ્રમનો વિષય હોય તે પણ બ્રહ્મ છે; તેથી જ્યાં મિથ્યા જ્ઞાન હોય, તેના વિષય પણ ભગવાન્ છે. જો તેમ ન હોય તો તેનું ભાન અને જ્ઞાન થાય છે તે ન થાય, અને પછીનો વ્યવસાય[1] પણ ન થાય. (૩૨)

એમ પૂર્વે કહેલું સમાપ્ત કરી તેનું માહાત્મ્ય કહેતાં પ્રથમ તેના ધર્મોનું માહાત્મ્ય કહે છેઃ

**न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते न वै क्वचिन्मे मनसा मृषा गतिः ।**
**न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः ॥३३॥**

**શબ્દાર્થ**—હે અંગ, મારી વાણી ખોટી પડતી નથી. મારા મનમાં કાંઇ ખોટી વાત આવતી નથી. મારી ઇંદ્રિયો ખોટે રસ્તે જતી નથી. મેં ઉત્કંઠાવાળા હૃદયમાં હરિને ધારણ કર્યા છે, તેને લીધે એ બધું સામર્થ્ય મારામાં આવ્યું છે.

**ભાવાર્થઃ**—હૃદયમાંથી ભગવાન્ તિરોધાન થતાં તે ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરે છે તેથી મેં પ્રેમથી ઊછળતા હૃદયમાં ભગવાનને ધારણ કર્યા છે. ત્યાં ભારતી પણ છે, તે ભગવાનને આલિંગન કરીને મારા મોઢામાંથી નીકળે છે. તેની સાથે ભગવાન્ છે તેથી તે કોઈ દિવસ ખોટી નથી પડતી. ભાવી પદાર્થમાં પણ તે ખોટી નથી પડતી, તેમ મારા મનમાં જે આવે તે પણ ન થાય એમ ન બને. તે જ કહે છે કે મારા મનનું ખોટે રસ્તે જવું નથી. પરંપરા સંબંધમાં પણ માહાત્મ્ય કહે છેઃ એનું કારણ કે હું ભગવાન્ સાથે બંધાયો છું. મારા અભિમાનમાં મન વગેરે બંધાયાં છે, એમ બતાવવા માટે સર્વત્ર **मे** એમ કહ્યું છે. મારી ઇંદ્રિયો ખોટે માર્ગે ચાલતી નથી. વાણીના સંબંધમાં તો ભગવાન્ હૃદયમાં સ્થાપન નથી કર્યા તેથી તેનો વ્યભિચાર[2] નથી. અર્થાત્ હૃદયમાં બ્રહ્મા પણ ખોટું બોલે. ભગવાનને આલિંગન કરતી વાણી નીકળે તે જ ખોટી ન ઠરે એવું કથન તાત્પર્ય છે, તેથી વ્યભિચાર નથી એમ કહ્યું છે. હૃદયમાં ધારણ કરેલ ભગવાન્ ભલું જ કેમ કરે? ત્યાં કહે છે કે તે

૧ ઘડાને જાણ્યા પછી घटमहं जानामि એવું માન અપ્રત્યક્ષ થાય છે તે અનુ-વ્યવસાય કહેવાય.

૨ બ્રહ્મા કહે છે કે મારી ઇંદ્રિયો ખોટે માર્ગે જતી નથી. પણ બ્રહ્માએ નીતિશાસ્ત્ર કર્યું છે તેમાં હિંસાના યોગો કહ્યા છે, કામશાસ્ત્રમાં પારા વગેરેની દવા લેવાથી કામાદિ સુખ થવાનું બ્રહ્માએ કહ્યું છે તે મહાભારતમાં અને કામશાસ્ત્રમાં જોવામાં આવે છે; તેથી બ્રહ્માની વાણીનો નિંદિત માર્ગમાં પાત કેમ ન કહેવાય? ત્યાં કહે છે કે વાણીમાં ભગવાન્ હોય ત્યાંસુધી તેને ખોટો વિચાર ન આવે, પણ ભગવાન ન હોય તેવે વખતે લખાયેલું ખોટું થાય તો તે વાણીનો વ્યભિચાર ન કહેવાય. તે વાણી મનની ઉપલક્ષિકા છે. વાણી અને મન ભગવાનમાં ન હોય ત્યારે નીકળેલી વાણી ખોટી હોય; પણ તેના ધારણ સુધી તો વાણી ખોટી નથી નીકળવાની; તેથી તેમાં વ્યભિચાર નથી, એમ કહ્યું છે.

હરિ છે. ઉત્કંઠાવાળા હૃદયથી આ અર્થ કહ્યો છે. તેથી ભગવાનનો પ્રેમ ચિત્તમાં કરવો. પ્રેમવાળું ચિત્ત સર્વત્ર રહેતા ભગવાનને ખેંચી લાવશે. જેમ રસેન્દ્રિય-વાળી જિહ્વા દ્રવ્યમાં રહેલા રસોને પોતે એકઠા કરી લે છે, તે રસનું જ્ઞાન પહેલું તેને હોતું નથી, તેમ ભક્તિવાળું ચિત્ત પોતાની મેળે ભગવાન્ જ્યાં હશે ત્યાંથી તેમને ખેંચી લાવશે. જેમ મન રૂપને આંખથી ખેંચશે, જેમ મન રસને રસનાથી ખેંચશે, તેમ મન ભગવાનને પ્રેમથી ખેંચે છે. ૩૩

ભગવાન કેવળ ભક્તિથી જ મળે છે તેમાં બીજું પ્રમાણ નથી એ જણાવવા માટે કહે છેઃ

**सोऽहं समाम्नायमयस्तपोमयः प्रजापतीनामभिवन्दितः पतिः ।**
**आस्थाय योगं निपुणं समाहितस्तं नाध्यगच्छं यत आत्मसंभवः ॥३४॥**

**શબ્દાર્થ**:—તે જ હું વેદાભ્યાસ નિયમથી કરનારો, તપોમય પ્રજાપતિઓને નમસ્કરણીય પિતા, બ્રહ્મા, નિષ્કામયોગથી નિશ્ચલ ચિત્ત કરીને મેં ભગવાનને મેળવવાનો પ્રયત્ન કર્યો તોપણ તે મને મળ્યા નહિ, કેમકે હું તેનાથી જ ઉત્પન્ન થયો છું.

**ભાવાર્થ**:—ભગવાનને જાણવામાં પ્રમાણ પ્રથમ તો વેદ છે. સાધન મનન-નિદિધ્યાસનરૂપ તપ છે. અન્તરંગ સાધન યોગ છે. તેનું ફલ ચિત્તની એકાગ્રતા-તે જ્યારે થઇ ત્યારે ઉત્તમાધિકારીને ભગવત્સાક્ષાત્કાર થાય, એ વાત માનવા જેવી નથી. પુનઃ પુનઃ વેદની આવૃત્તિ કરવી તે સમામ્નાય કહેવાય. **सम्** અને **आङ्** ઉપસર્ગ સહિત **म्ना**ધાતુ અભ્યાસ અર્થમાં છે. તે અર્થવિધાન સાથે વેદાભ્યાસનો બોધ કરે છે. એવો હું થયો એટલે વારંવાર વેદ ભણ્યો; તેના અર્થ જાણીને તે રૂપ થઇ ગયો. તેના વિકારરૂપ અથવા તેથી વ્યાપ્ત થયો એવો **मयट्** પ્રત્યયનો અર્થ થયો. વળી તપોમય થયોઃ ભગવાનને મેળવવાનાં સાધનો બધાં કરી ચૂક્યો. તે તપ કામ્ય નહિ પણ સહજ હતું. પ્રજાપતિને નમન કરવા લાયક હું. તેનો પતિ હોય તે પ્રજાપતિએ નમન કરવા લાયક થાય. તેનો પતિ એટલે તેને ઉપદેશ કરનાર હું, તેથી અર્થને પણ હું જાણું છું. પ્રજાપતિ શબ્દથી મારું જ્ઞાન કેવળ વ્યુત્પત્તિજન્ય નહિ પણ પરંપરાજન્ય છે, એ પણ બતાવ્યું; તેથી તેમાં પ્રતારણાનો સંભવ નથી. પ્રજાપતિનો પતિ હોય તે પ્રજાપતિને છેતરે નહિ એમ અંગ સહિત પ્રમાણ બતાવ્યું. પ્રમાણ ભગ-વાનના સાક્ષાત્કારમાં મનને સહકાર આપે, તેથી મન પણ ભગવાનને ગ્રહણ કરે એવું હતું, કેમકે નિપુણ યોગથી તેને સિદ્ધ કર્યું હતું. નિપુણ કહ્યો તેથી સિદ્ધિ આપી ભ્રમ કરનારો યોગ મેં નહોતો કર્યો, પણ ચિત્તશોધક યોગ કર્યો હતો. ભગવાનને જાણવાનાં એટલાં મારે સાધનો હતાં છતાં હું તેને ન મેળવી શક્યો, કારણ કે હું આત્માથી ઉત્પન્ન થયો છું. એટલે એમ પણ મારો

અધિકાર ઉત્કૃષ્ટ છે. તેથી સિદ્ધ થાય છે કે ભગવાન ભક્તિથી વશ થાય છે તેમ જ જાણવામાં પણ આવે છે, બીજી રીતે તે જણાતા નથી તેમ વશ પણ થતા નથી, એ નિશ્ચય છે. (૩૪)

ત્યારે ભગવાનની ભક્તિને માટે બધાએ શું કરવું જોઈએ ? ત્યાં કહે છે:

**नतोऽस्म्यहं तच्चरणं समीयुषां भवच्छिदं स्वस्त्ययनं सुमङ्गलम् ।**
**यो ह्यात्ममायाविभवं स्म पर्यगात् यथा नभः स्वान्तमथापरे कुतः ॥३५॥**

**શબ્દાર્થઃ**—શરણે જનારના સંસારનો નાશ કરનાર, કલ્યાણ કરનાર, સારા મંગલ કરનાર એવા તેના ચરણને હું નમું છું. જે ભગવાન પોતાની માયાના વૈભવના પારને પામતા નથી, તો બીજા કેમ પામે, જેમ આકાશ પોતાના અંતને જાણતું નથી.

**ભાવાર્થઃ**—તેના ચરણને હું નમું છું. નમન સિવાય હું યે કાંઈ સાધન જાણતો નથી, તો બીજા તો તેવું સાધન કયાંથી જાણી શકે ? નમનથી શું થાય ? ત્યાં કહે છે કે તેના ચરણની પ્રાપ્તિને માટે સારી રીતે જે કાંઈ પણ ક્રિયા કરે છે, તેના સંસારને તે ચરણ દૂર કરે છે, સંસાર પાછો ન થવા માટે તેને છેદે છે. પ્રવાહ ચાલતો હોય તેને મૂળમાંથી રોકો તો આગળ પ્રવાહ બંધ થાય જ, તેથી મૂળછેદ કહ્યો. કેવળ દુઃખ જ દૂર કરે છે એટલું જ નથી પણ મંગળ પણ સારી રીતે કરે છે. આ લોકના કલ્યાણનું તે ચરણ-સ્થાન છે. આમુષ્મિક કલ્યાણનું તે સૂચક છે, એટલે સુમંગલ કહ્યું છે; માટે ચરણમાં નમન જ કરવું જોઈએ. તેનાથી જ અર્થ સિદ્ધ થશે. ભગવાન્ અથવા તેના ગુણો આવા જ છે એમ જણાતું નથી. તેમાં ગુણના જ્ઞાનમાં અશકયતા બતાવે છે. જે ભગવાન આત્માની પોતાની સાધનભૂતા માયાના વિભવને પોતે જાણતા નથી. એટલે પોતે બધા ગુણો ન જાણે એમાં અજ્ઞાનતાનો દોષ આવે તેનું નિવારણ કર્યું, કેમકે જેનો અન્ત હોય છતાં તેના અંતને ન જાણે તો સર્વજ્ઞતાની હાનિ થાય, પણ જે અનન્ત છે તેના અન્તને ન જાણે તેમાં તેની સર્વજ્ઞતાને દોષ લાગતો નથી. માયાનો વૈભવ તો ભગવાનનો આપેલો છે તેને ભગવાન કેમ ન જાણે ? ત્યાં દૃષ્ટાંત આપે છે કે જેમ આકાશ પોતાના અન્તને જાણતો નથી. સસલાને શીંગડું ન જ હોય. હવે તેના શીંગડાંને ન જાણે તેનાથી તે અજ્ઞાની ન કહેવાય, કેમકે તે વસ્તુ નથી જ; તેમ માયાના વૈભવનો અન્ત નથી. તેના અન્તને ન જાણે તો તેની સર્વજ્ઞતામાં ન્યૂનતા નથી આવતી. જેવું આકાશ તેવા ભગવાન્ સમજવા. (૩૫)

એમ ગુણનું અજ્ઞાન બતાવીને સ્વરૂપનું પણ અજ્ઞાન બતાવે છે:

**नाहं न यूयं यदृतां गतिं विदुर्न वामदेवः किमुतापरे सुराः ।**
**यन्मायया मोहितबुद्ध्यस्त्विदं विनिर्मितं चात्मसमं विचक्ष्महे ॥३६॥**

**શબ્દાર્થ**:—હું અને તમે જેની સાચી ગતિને જાણતા નથી તેમ શિવજી મોટા ખરા પણ તેની ગતિને ન જાણે તો બીજા દેવો તો તેની ગતિને ક્યાંથી જાણે? જેની માયામાં મોહિત થયેલ બુદ્ધિવાળા આપણે આ ભગવાને બનાવેલા જગતને આપણી બુદ્ધિને અનુસરીને જાણીએ છીએ.

**ભાવાર્થ**:—ભગવાનને કોઈ જાણશે એમ ન માનવું, કેમકે અમે મોટા અધિકારીઓ છતાં સર્વ પ્રકારે તેને ન જાણીએ તો બીજા તો ક્યાંથી જ જાણે? તેમાં હું બ્રહ્મા, તમે સનકાદિ મારા બધા પુત્રો જેની સત્યરૂપ ગતિને જાણતા નથી; ભગવાનનું જ્ઞાન તો દૂર રહ્યું પણ ભગવાન્ જે માર્ગે ચાલે છે તે માર્ગને પણ આપણે જાણતા નથી. જેમ દેવની ગતિને મનુષ્યો જાણતા નથી, તેમ આપણે ભગવાનની ગતિને જાણતા નથી. મહાદેવ તો ગુણના અવતાર અને સર્વના ગુરુ છે. **ईश्वराज्ज्ञानमन्विछेत्** એવું વાકય છે, તેથી તે જાણતા હશે? ત્યાં કહે છે કે **न वामदेवः** વામદેવ–મહાદેવ પણ તેની ગતિને જાણતા નથી. બીજા તો તેનાથી હીન છે. અજ્ઞાનમાં યુક્તિ કહે છે: જેની માયાથી બુદ્ધિને મોહ થાય છે. બુદ્ધિ જ્ઞાનેન્દ્રિયને ગ્રહણ કરે તો જ્ઞાન થાય. જો બુદ્ધિ મૂંઝાઈ ગઇ હોય તો જ્ઞાનની વાત જ દૂર રહી, તો ઇન્દ્રિયો વૃથા થાય! ત્યાં કહે છે કે ભગવાને કરેલા આ પ્રપંચને પોતાની બુદ્ધિને અનુસરીને કહેવા લાગે છે. આથી કાર્ય બતાવ્યું છે, તેથી ભગવાન નથી એમ તો કોઈ કહી શકશે નહિ જ, તેથી તે પક્ષ ઊડી ગયો. "આત્મસમ" એમ કહેવાથી સારી રીતે જાણતા નથી. અન્યથા વિશેષાનુમાનથી ભગવાનના બધા વિષયો જાણી શકે, કેમકે જગત ભગવાનના સર્વ ગુણોની પ્રસિદ્ધિરૂપ છે. ૩૬

એમ જ્ઞાનમાર્ગ દુર્જ્ઞેય છે એમ કહીને ભક્તિમાર્ગ જાણવો અશકય છે, એ વાત હવે કહે છે:

**यस्यावतारकर्माणि गायन्ति ह्यस्मदादयः ।**
**न यं विन्दन्ति तत्त्वेन तस्मै भगवते नमः ॥ ३७ ॥**

**શબ્દાર્થ**:—જેના અવતારો અને કર્મોને આપણ બધા ગાઈએ છીએ પણ જેને યથાર્થ રૂપમાં આપણે જાણી નથી શકતા તે ભગવાનને હું નમન કરું છું.

**ભાવાર્થ**:—સાક્ષાત્ ભક્તિ તો હાલમાં નથી જ. પરંપરાભક્તિ કોઈ રીતે કોઇએ કરવી. પરંપરાભક્તિમાં ગુણનું કીર્તન ઉત્તમ છે. તેથી આપણે બધા ભગવદવતારનાં કર્મોને ગાઇએ છીએ. અવતાર કહ્યો તેથી ભગવાનનાં કર્મોને કોઈ જાણતું નથી. "કર્મ" પદ કહ્યું તેથી ગુણ તો જાણતા જ નથી. ગુણો ઉત્કર્ષને કહેનારા છે. કયા ભગવાનના ધર્મો ભગવાનની સર્વોત્તમતા કે ઉત્કર્ષને સાધે છે તે જ્ઞાન થવું જ દુર્લભ છે. "અવતાર" પદથી શરીરથી અને

આકૃતિથી ભગવાન્ ગૂઢ છે; તેથી કાર્યના જ્ઞાનની પેઠે ભક્તિ પણ સોપાધિક છે, એમ કહ્યું. ત્યારે શામાટે કહે છે ? ત્યાં કહે છે કે ગાન કરવાથી સુખ થાય થાય છે; તેથી બીજું ગાવા કરતાં પણ ભગવદ્ગુણગાનમાં સુખ પ્રાપ્ત થાય છે એ જોયેલ છે, તેથી ગુણગાન કરાય છે. हि શબ્દ આ અર્થને કહે છે. તત્ત્વ એ રૂપ જ છે, તોપણ જ્ઞાન અને અજ્ઞાનથી જણાતા ભગવાન કોઈ છે એમ નક્કી કરીને બન્ને માર્ગમાં કર્તવ્ય ન હોવાથી તેને નમન જ કરવું, બીજું ન કરવું. નમન પણ 'જેવા હે હરે આપ છો તેવાને હું નમું છું' એમ કહીને કરવું. (૩૭)

એમ ભગવાનનું માહાત્મ્ય કહીને પહેલાં કહેલી સૃષ્ટિનો ઉપસંહાર કરતાં તત્ત્વોને પણ સમાપ્ત કરે છેઃ

**स एष आद्यः पुरुषः कल्पे कल्पे सृजत्यजः ।**
**आत्मात्मन्यात्मनात्मानं संयच्छति च पाति च ॥ ३८ ॥**

**શબ્દાર્થ**:—એ જ આદ્ય પુરુષ પોતે અજ છતાં કલ્પ કલ્પમાં આ જગતને ઉત્પન્ન કરે છે. તે પોતે આત્મા (વ્યાપ્ત) છે. તે આત્મામાં આત્માને મારે છે અને રક્ષણ કરે છે.

**ભાવાર્થ**:—જેને આપણે નથી જાણતા તે આ જ હમણાં અમારી બુદ્ધિમાં સ્થિતિ કરીને બધું કરે છે, તેને સરજવાનું કારણ કે તે આદ્ય છે. પોતે પુરુષ છે એથી સાધન કહ્યું. "કલ્પકલ્પમાં" કહેવાથી સૃષ્ટિ એકવાર કરે છે એવું નથી. પોતે જન્મતા નથી તેથી સદા એકરૂપ રહે છે. ઉપાદાન, કરણ અને કર્તા પોતે જ છે. આત્મા સ્વયં કર્તા છે. આત્મામાં એટલે સ્વરૂપ આધારમાં આત્માના પોતે કરણરૂપ થઇને आत्मानम् એટલે આ વિશ્વરૂપ કર્મને કરે છે. આથી બીજી વિભક્તિઓના અર્થો જાણી લેવા. કેવળ ઉત્પન્ન જ નથી કરતા પણ મારે પણ છે, રક્ષા કરે છે. બે चकार ભિન્નવિષયત્વને ઉડાવી દેનારા છે. જ્યારે હરે ત્યારે ત્યારે પણ ઉત્પન્ન કરે છે, એમ એકમાં બીજાનો સંબંધ કહેવા માટે वा કહ્યો છે. આમાં યુક્તિ તો મહાયોગ સિદ્ધ થાય તો પોતાની ઇચ્છાથી તે બહુરૂપ થાય છે, તે છે. ભગવાનમાં તો યોગાદિકની જરૂર નથી, કેમકે સ્વરૂપ જ તેવા સામર્થ્યવાળું છે. (૩૮)

ત્યાં કહે છે કે આ ભગવન્માર્ગ કહ્યો તે બહુ સારો નથી. એના કરતાં જ્ઞાનમાર્ગ જ બ્રહ્માત્મસ્વરૂપભૂત ઉત્તમ છે, તે જાણી શકાય તેવો છે, એવી શંકા કરી તે પક્ષનો અનુવાદ કરી તેને દૂષણ આપે છે, બે શ્લોકથીઃ

**विशुद्धं केवलं ज्ञानं प्रत्यक् सम्यगवस्थितम् ।**
**सत्यं पूर्णमनाद्यन्तं निर्गुणं नित्यमद्वयम् ॥ ३९ ॥**

**ऋषे विदन्ति मुनयः प्रशान्तात्मेन्द्रियाशयाः ।**
**यदा तदेवासत्तर्कैस्तिरोधीयेत विप्लुतम् ॥ ४० ॥**

**શબ્દાર્થ**:—તેને તત્ત્વથી જાણતા નથી. તે તત્ત્વને કહે છે કે તે વિશુદ્ધ છે, વિષયાકારશૂન્ય છે, સર્વાન્તર છે, સંદેહાદિરહિત છે, સ્થિર છે, સત્ય છે, પૂર્ણ છે, આદ્યન્તરહિત છે, નિર્ગુણ છે, નિત્ય છે, દ્વૈતભાવરહિત છે. હે ઋષે, પ્રશાંત મુનિઓ તેને જાણે છે, પણ તે શાંત ઇન્દ્રિય અંતઃકરણ મન હોય ત્યારે. જ્યારે પ્રકાશમાન જ્ઞાનને નાસ્તિકના તર્કોથી જુએ છે ત્યારે તે જ્ઞાન હૃદયમાંથી જતું રહે છે.

**ભાવાર્થ**:—તે બાર ધર્મો દેહથી આત્માને જુદો પાડનાર છે. તે જાણવાથી હું અને મારું એવો દેહાદિનો અસદ્‌ભાવ નિવૃત્ત થાય છે, કેમકે તેવું મોહથી થાય છે. એ ફલશે. તેમાં દેહ તો અત્યંત મલિન છે, મળ મૂત્રથી ભરેલો હોવાથી અશુદ્ધ પણ છે. આત્મા તો શુદ્ધ છે. શુદ્ધ અને અશુદ્ધ બન્ને એક ન ગણાય. આ કથનથી આત્માને કાંઈ સંસ્કારો જરૂરના નથી. તેમ દેહમાં ગમે તેટલા સંસ્કાર કરો તોપણ તે વ્યર્થ જ છે. એથી પહેલાં તો સર્વ સાધનોને છોડી દેવાં જોઇએ, એમ સૂચન કર્યું. આ આત્મા કેવળ છે. તે કોઈની સહાય વગરનો છે. દેહને તો સ્ત્રીપુત્રાદિ ઘણાનો પક્ષ છે. આત્માને એક જાણે તો પુત્રાદિની ચિંતા દૂર ભાગે છે. તેથી વૈરાગ્ય સિદ્ધ થાય છે. એમ પરિત્યાગ અને વૈરાગ્ય કહ્યું. વળી આ આત્મા જ્ઞાનરૂપ છે. દેહ તો જ્ઞેય છે, તેથી જ્ઞાનને માટે પણ પ્રયત્નની જરૂર નથી, કેમકે આત્મા જ્ઞેય નથી, જાણવા યોગ્ય નથી. શાસ્ત્ર તો દૂરથી આત્માનો પરિચય કરાવનારાં છે, તેથી આત્માથી સ્વયંજ્ઞાત થાય છે; તેથી જ તેની સત્તા મનાય છે. તેથી તે પોતે પ્રમાણરૂપ થઈ શાસ્ત્ર સંબંધથી આત્માને પ્રમાણરૂપ કહે છે. તેથી શાસ્ત્રો આત્માનો બોધ કરનારાં છે એમ લોકમાં કહેવામાં આવે છે. જ્યારે આત્માનો એવો ભાવ જાણ્યો તો પછી જ્ઞાનને માટે પણ યત્ન કરવાની કાંઈ જરૂર નથી, એ કહેવામાં આવ્યું. આ આત્મા પ્રત્યક્ છે, એટલે આંતરમાં જણાય છે; દેહ તો પરાક્ છે, એટલે બહારથી જણાય છે. જ્યારે આત્માને એવો જાણ્યો ત્યારે યોગ પણ વૃથા છે. તે યોગ તો પોતાની વૃત્તિમાં આત્મસ્ફૂર્તિ કરાવે છે અને તેનાથી આત્માનું અન્તસ્તત્વ બતાવે છે. જેમ લાકડામાં અગ્નિ છે, મથન કરો તો બહાર આવે. ત્યાં કહે છે કે દેહમાં છુપાયેલા આત્માને પ્રસિદ્ધિમાં લાવે છે, માટે યોગનો ઉપયોગ તો છે. ત્યાં કહે છે કે જેવો આત્મા છે તેવો જ તે સારો રહે છે, બહાર તેને પ્રકટાવવો સારો નથી, કેમકે તે દેહથી જુદી જાતનો છે; દેહ તો ખરાબ છે. જેવો છે તેવા આત્માને હૃદયમાં રહેવા દેવો એમ પણ ન કહેવું, કેમકે તેને સંસ્કારો આપીને ઉત્તમ બનાવવો જોઇએ, કેમકે તે આત્મા અચળ છે. તેને હૃદયમાં

લાવવા માટે આવાપ અને ઉદ્ધાપ-(ઉપયોગી પદાર્થ લેવો અને અનુપયોગીને છોડી દેવો)-રૂપ મનન કરવું ન જોઇએ જે ચંચળ હોય તેને યુક્તિથી સ્થિર કરવો જોઇએ. આ આત્મા તો અચળ છે, તેને આવાપોદ્ધાપ કરવાની જરૂર નથી. દેહથી જુદી જાતનો છે તે વાત તો કહેવામાં આવી ગઈ છે, કેમકે તે તો સર્વથા ચંચલ જ છે. આ કથનથી તેની નાડીના શોધનદ્વારા દેહને સિદ્ધ કરવાનો પ્રયાસ કરવો વ્યર્થ છે. વળી આ આત્મા સત્ય છે, એટલે સદ્રૂપ છે, સદા એક રૂપ છે; દેહ તો એકરૂપ રહેતો નથી એ વાત સ્પષ્ટ છે. આથી કાળાન્તરે આત્માનો અન્યથાભાવ થશે, તેથી યોગાદિથી અન્યથાભાવ મટાડવાનો પ્રયત્ન કરવો એ પક્ષ પણ નકામો છે. વળી આ આત્મા પૂર્ણ છે, દેહ તો પરિછિન્ન છે; તેથી આત્મા ન ઘટે એને માટે પ્રયત્ન કરવો પણ વૃથા છે, એમ બતાવ્યું, કેમકે આત્મા સ્વતઃ પૂર્ણ છે. ત્યાં શંકા કરે છે કે પૂર્ણ હોય, સદા એકરૂપ હોય, એવા આકાશાદિને પણ આવરણ આવે છે; તેને દૂર કરીએ ત્યારે તેની વિશાળતા જણાય છે; તેમ આત્માને પણ ઉપાધિથી મુક્ત કરવાનો યત્ન કરવો જોઇએ! એમ શંકા કરે તો તેના સમાધાનમાં કહે છે કે જેને આદિ અને અન્ત હોય, જેની ઉત્પત્તિ અને પ્રલય થતા હોય તેનો ઘટપટમાં અન્વય થાય તેવાની ઉપાધિ મટાડવી જોઇએ, અહીં તો અન્તઃકરણ કે શરીર કે બીજું કોઈ આત્માને ઢાંકનાર નથી, કેમકે આત્મા અવિકારી છે, અસંગ છે, અવ્યવહાર્ય છે, તેને આવરણ કોણ ઓઢાડી શકે વારુ? કોઈ પણ રીતે આત્માની ઉત્પત્તિ કે પ્રલય ન હોવાથી ઉપાધિ દૂર કરવા માટે પણ આત્માને માટે પ્રયત્નની જરૂર નથી. દેહાદિ તો આત્માના પ્રકાશથી પ્રકાશે છે; તે આત્માના ઉપાધિરૂપ નથી. જયારે આત્માનું સ્વરૂપ આવું જાણીએ ત્યારે દેહને જુદો કરવાનો પ્રયત્ન પણ વૃથા થાય છે. ત્યાં કહે છે કે દેહને માટે યત્ન ન કરો, પણ ગુણનો ક્ષોભ કરવાનો સ્વભાવ હોવાથી સર્વદા એક સ્થિતિમાં રહેવા માટે ગુણક્ષોભને મટાડવાનો યત્ન તો કર્તવ્ય છે. ત્યાં વળી કહે છે કે આત્મા તો નિર્ગુણ છે, આત્માને ગુણો હોતા નથી, આ સત્ત્વાદિ તો પ્રકૃતિના ગુણ છે. બીજાના ગુણો આત્માને ક્ષોભ ન કરાવી શકે, કેમકે તે ગુણોને આત્માનો સંબંધ જ થતો નથી, તેથી ગુણોના ક્ષોભને દૂર કરવાનો યત્ન પણ કર્તવ્ય નથી. વળી એ આત્મા એવા સ્વભાવનો જ છે, કોઈ દિવસ ફરતો નથી. તે કહે છે કે તે નિત્ય છે. જેટલા આત્માને ઓળખાવવાના ધર્મો કહ્યા તેની સાથે આત્મા નિત્ય છે, તેમાં તે ધર્મો પ્રકટ થતા નથી, પણ ઉત્પત્તિશિષ્ટ છે; તેથી તે ધર્મો તેમાં લાવવા માટે પણ યત્ન કરવો યોગ્ય નથી. જો આત્મા આનંદમય ન હોય તો ભગવત્સાયુજ્ય કે બ્રહ્મતાને માટે યત્ન કરવો જોઈએ; અહીં તો આત્મા જ બ્રહ્મ કે ભગવાન્

છેઃ **अयमात्मा ब्रह्म विज्ञानमयः** એમ શ્રુતિ કહે છે. **अहमात्मा गुडाकेश** હે ગુડાકેશ, હું સર્વનો આત્મા છું, એમ ગીતામાં કહ્યું છે, તેથી ભગવત્સાયુજ્ય કે બ્રહ્મભાવને માટે યત્ન કરવાનો નથી. તે અદ્વય છે. આત્મા દ્વિ-રૂપ નથી; પુરુષ અને ઈશ્વરમાં અણુ પણ વિલક્ષણુતા નથી. “જે નાનાપણું તેમાં જુએ છે તે મૃત્યુ પછી મૃત્યને પામે છે.” “હું જુદો તે જુદો” એમ બોલનારની વેદ નિંદા કરે છે. આત્મામાં ભેદ નથી, ધર્મોથી જુદાઇ તો કયાંથી જ હોય ? સર્વત્ર એકરૂપ, સર્વત્ર અક્ષોભ્ય છે, સર્વત્ર એક રૂપ, સર્વત્ર નિશ્ચલ, સર્વત્ર શ્રેષ્ઠ, સર્વત્ર હૃદયમાં જણાય તેવો સર્વત્ર, જ્ઞાનપૂર્ણ, સર્વત્ર અસંગ ઉદાસીન અને શુદ્ધ છે. એ તેનો પરિચય કરાવનારા ધર્મોથી આત્માને જાણે તો જીવ કૃતાર્થ થાય છે, પછી તેને કાંઈ કર્તવ્ય કરવાનું બાકી રહેતું નથી. એમ આત્માના જ્ઞાનનો માર્ગ બતાવીને તે પક્ષને હવે દૂષણ આપે છેઃ હે નારદ, તમે મંત્રના દ્રષ્ટા અને સર્વસિદ્ધાન્તને જાણનારા છો, તો આત્મા આવો છે એટલું જાણવું તે તમારે શું વધારે છે ? પણ દેખાતા અનર્થનો ઉપાય શોધી તેની નિવૃત્તિ તો કરવી જ જોઈએ, આવા આત્માને જો સંસાર થાય તો મોક્ષ એવી ચીજ નથી એમ સમજો. જો સંસાર ભ્રમથી થતો હોય તો તેવો ભ્રમ પણ દૂર કરવો જોઈએ. આવા ભાવનું જ્ઞાન થાય છે તો તેને નિવૃત્ત કરવાના પક્ષમાં પણ જ્ઞાન પ્રમાણુની સાથે સંપાદન કરવું જોઈએ. તે પ્રમાણુમાં વેદ ન આવી શકે. બહુવાદીઓ તેમાં એકમત થઈ શકતા નથી, પરંતુ પ્રમાણુ સહિત યોગયુક્ત મન જ આત્માનું અસંગોદાસીનત્વ બતાવી શકે તે પક્ષને સ્વીકારીને તેને પણ દૂષણ આપે છેઃ મુનિઓ જ્યારે મનન શીલવાળા થાય છે, મન અને અંતઃકરણુને શાંત રાખે છે, અન્તઃકરણુને ચોખ્ખું રાખે છે, ઇન્દ્રિયોને વશમાં રાખે છે, તે લોકો મનન કરે તેમાં આત્મા તેને ભાસે છે, તે ગુણુસ્વરૂપ ખોટા તર્કો વડે કુયુક્તિથી નાશ થાય ત્યારે આત્મા હૃદયમાં ભાસતો બંધ થાય છે. સદા તે આત્માનું અનુસંધાન રહે તો સંસાર કોઈ વખતે દેખાય નહિ, તેમ આત્માનું અનુસંધાન કરવા છતાં સંસાર દેખાયો તો તે આત્માનો કયારે પણ મોક્ષ ન થવાનો, તેમ જ શાસ્ત્ર પણ ફલ વગરનાં થઈ જાય, તે દષ્ટ અનનુપપત્તિ ન આવવા માટે આત્માનો મોક્ષ થાય છે એમ માનવું જોઈએ. જે મુનિઓ ઇન્દ્રિયો અને અંતઃકરણુને શાન્ત કરી હૃદયમાં ધ્યાન કરે છે તેને આત્માનો ભાસ હૃદયમાં થાય છે, ત્યારે તેને સંસાર થતો નથી; બીજાને હૃદયમાં આત્મા સ્ફુરતો નથી તેને સંસાર થાય છે. એમ અપરોક્ષ અને પરોક્ષ કથામાં પણ તર્કસહિત વેદાદિ પ્રમાણુ વડે સત્તર્કથી આત્મા સ્ફુરે, અસત્તર્કથી આત્માનો વિપ્લવ થઈ તિરોભાવ થાય તેમ ન થવા માટે તેનું નિયમન કરવું જોઈએ. જે કરવાથી અસત્તર્કથી પણ તેનું જ્ઞાન થાય જ. પ્રશમાદિ તો પહેલાંથી થઈ ન જ શકે, કેમકે તેનાં

સાધનોનો અભાવ છે. સાધન વગર પણ પ્રશમાદિ થાય તો તો સર્વદા થવાં જોઈએ; તેથી એક સાધન એવું શોધવું કે જે કોઈ દિવસ કામ કર્યા વગર રહે નહિ. જો તે સાધન ભક્તિ હોય તો આત્માના વિચારથી બસ છે, કેમકે ભક્તિ પોતે જ સ્વતંત્ર રીતે મોક્ષ આપનારી છે. તે જેની ભક્તિ કરીએ તે પોતે જ આત્મા છે, તેથી ભક્તિ વગરનો જ્ઞાનમાર્ગ સિદ્ધ થતો નથી. ભક્તિ થઈ તો જ્ઞાનમાર્ગની કાંઈ જરૂર નથી; તેથી ભક્તિ થાય તોપણ જ્ઞાન વૃથા છે અને ભક્તિ ન થાય તોપણ જ્ઞાન વૃથા છે, તેથી આત્મા કહ્યો. જેને બાર વિશેષણ આપ્યાં એ પણ ભગવાનનું એક સ્વરૂપ ગણાય, તેથી ભગવાનનો મહિમા વધે છે, અથવા તો આત્મા ભગવાનની વિભૂતિ છે એમ માનો, તેથી બાળકની હથેળીમાં જેમ ચંદ્ર બતાવે છે તેવી આત્મબુદ્ધિ સમજવી. તે આત્માને સાંભળવાથી કાર્ય સિદ્ધ થતું નથી એવો આ શ્લોકનો ભાવાર્થ થયો. (૩૯–૪૦)

એમ મતાંતરનો પરિહાર કર્યો, હવે અવતારનાં કર્મો ગાવાનું પ્રથમ કહ્યું છે તે અવતારો કયા એ જાણવું જરૂરી છે, ત્યાં કહે છે:

**आद्योऽवतारः पुरुषः परस्य कालः स्वभावः सदसन्मनश्च ।**
**द्रव्यं विकारो गुण इन्द्रियाणि विराट् स्वराट् स्थास्नु चरिष्णु भूम्नः ॥४१॥**

**શબ્દાર્થ:**—પર ભગવાનનો પ્રથમ અવતાર પુરુષ છે. કાલ, સ્વભાવ, સદ-સદ્‌ભાવવાળું મન, દ્રવ્ય, પાંચ ભૂત, અહંકાર, ત્રણ ગુણો, ઇન્દ્રિયો, વિરાટ્, સ્વરાટ્, સ્થાવર, જંગમ એ બધા ભગવાનના અવતાર કહેવાય છે.

**ભાવાર્થ:**—પરબ્રહ્મ પુરુષોત્તમનો પહેલો અવતાર પુરુષ પ્રકૃતિનો ભર્તા, બીજો કાલ, ત્રીજો સ્વભાવ, સદસત્ કર્મ અથવા પ્રકૃતિ અને મન. આ મન આધિદૈવિક જે સંકલ્પ વિકલ્પદ્વારા કામને ઉત્પન્ન કરી સૃષ્ટિ કરે છે. તે પછી બીજા અવતારો જેવાકે પાંચ ભૂતો, અહંકાર, સત્ત્વાદિ ત્રણ ગુણો, પાંચ વિષયો, દશ ઇન્દ્રિયો, વિરાટ્ બ્રહ્માણ્ડદેહ, સ્વરાટ્ તેનો અભિમાની, સ્થાવર, જંગમ એ સર્વ ભૂમા–અતિ સમર્થના અવતારો છે. અવતાર એટલે મૂલ સ્થાનમાંથી અહીં ઊતરવું તે. ભગવાન્ પૂર્વે એક હતા તે અહીં સર્વરૂપે પધાર્યા, તેથી સર્વ તેનાં અવતારરૂપો છે. (૪૧)

ભગવાન્ પુરુષોત્તમ છે, તે સજાતીયોથી ઉત્કર્ષવાળા હોય તો તે સજાતીયો વિશે આગળ કહેવાશે તે ગણાવે છે:

**अहं भवो यज्ञ इमे प्रजेशा दक्षादयो ये भवदादयश्च ।**
**भूर्लोकपाला भुवर्लोकपालाः स्वर्लोकपालास्तललोकपालाः ॥४२॥**

गन्धर्वविद्याधरचारणेशा ये यक्षरक्षोरगनागनाथाः ।
ये वा ऋषीणामृषभाः पितॄणां दैत्येन्द्रसिद्धेश्वरदानवेन्द्राः ।
अन्ये च ये प्रेतपिशाचभूतकूष्माण्डयादोगणपक्ष्यधीशाः ॥ ४३ ॥
यत्किंच लोके भगवन्महस्वद् ओजःसहस्वद्बलवत्क्षमावत् ।
श्रीह्रीविभूत्यात्मवदद्भुतार्णं तत्त्व परं रूपवदस्वरूपम् ॥ ४४ ॥

**શબ્દાર્થ:**—હું, શિવજી, યજ્ઞ આ પ્રજાપતિઓ દક્ષાદિ વગેરે તમે તથા તમારા ભાઇઓ સનકાદિ ભૂલોકના પાલક, અન્તરિક્ષ લોકના પાલક, સ્વર્ગલોકનાં પાલક તથા પાતાલાદિક લોકપાલો, ગંધર્વો, વિદ્યાધરો, ચારણોના ઈશો, યક્ષો, સર્પ-નાગના નાથો, ઋષિઓમાં શ્રેષ્ઠો, પિતૃઓ, દૈત્યેન્દ્રો, સિદ્ધેશ્વરો, દાનવેંદ્રો, બીજા પ્રેત પિશાચ ભૂત કૂષ્માણ્ડ જલજંતુઓ પશુઓ પક્ષીઓ જે કાંઇ બળવાળું, ઇન્દ્રિય-શક્તિવાળું, મનઃશક્તિવાળું, ક્ષમાવાળું, લાજવાળું, લક્ષ્મીવાળું, અદ્‌ભુત રૂપવાળું જે કાંઇ રૂપવાળું અરૂપવાળું આકાશાદિ તે બધું ભગવદ્રૂપ છે.

**ભાવાર્થ:**—પોતાથી હલકા પોતાના સેવકોથી ઉત્કર્ષ ઘણાનો હોય છે, તે બધા ભગવાનના અવતારો ગણાય છે. તેમાં પ્રથમ હું બ્રહ્મા, મહાદેવ, યજ્ઞ–નારાયણ, આ મરીચ્યાદિ પ્રજાના પતિઓ. તેમાં દક્ષ મુખ્ય છે, કલ્પા-ન્તરમાં દક્ષ આદિ છે. નારદને કહે છે કે તમારા જેવા ભક્તો, चकारथी સનકાદિ એ બધા સ્વભાવથી ઉત્કૃષ્ટ છે. હવે અધિકારીઓને ગણાવે છે, તેમાં ઉત્કૃષ્ટ પૃથ્વીલોકના પાલક. ભૂર્લોક એવું પાઠાંતર છે, તે પક્ષમાં ભૂઃ અવ્યય લેવું. અન્તરિક્ષ લોકપાલો, સ્વર્લોકપાલો, ઉપરના લોકના પાલકો, તળલોકપાલો, નીચેના લોકપાળો, ગંધર્વોના જે ઈશો, યક્ષોના નાથો. रक्षोरगमां સંધિ આર્ષ છે. ગાંધર્વાદિ રાજસ છે, યક્ષાદિ તામસ છે, ઋષિઓમાં શ્રેષ્ઠ સાત્ત્વિકો, પિતૃઓના સંનિપાતો દૈત્યેન્દ્રો રાજસ સાત્ત્વિક તામસો છે. હવે તમોમિશ્ર તામસોને ગણાવે છેઃ પ્રેત પિશાચાદિ તેમનું સ્વરૂપ તૃતીય સ્કન્ધમાં કહેવાશે. પ્રેતના ઉપરીઓ જે કાંઈ ઉચ્ચોધર્મભગાદિ, ભાગ્ય ઐશ્વર્ય વગેરે, તે વાળું ગમે તે વસ્તુમાત્ર અથવા પ્રાણિમાત્ર મહઃ તેજઃ ઓજઃ ઇન્દ્રિયશક્તિ સહઃ મનઃશક્તિ, ઓજસ્ સાથે સહઃ મન અને ઇન્દ્રિયો અન્યોન્ય ઉપકાર કરનારે હોય તે બન્ને શક્તિને એક કરીને કહી છે. ઓજઃસહસ્વત્ કહ્યું તેનું એ જ કારણ છે. બલ દેહાદિની શક્તિ, ક્ષમા સહિષ્ણુપણું, એ બધા ઉત્કૃષ્ટ પદાર્થો અહીં કહેવાના છે. શ્રી-શોભા, હ્રી-લજ્જા, વિભૂતિ–લક્ષ્મી, આત્મા–બુદ્ધિ એ ચાર જેમાં હોય તે અને અદ્‌ભુત વર્ણવાળું વિચિત્ર રૂપવાળું ગાય વગેરે જે કાંઈ મૂર્તરૂપ હોય, પ્રકાશવાળું હોય, તે પરમતત્ત્વ સમજવું. જે અસ્વરૂપ અમૂર્ત આકાશાદિ તે પણ તત્ત્વ છે, અસ્વરૂપ અને રૂપવત્તાથી તે પણ પ્રસિદ્ધ છે. (૪૨–૪૩–૪૪)

એમ ઉત્કૃષ્ટ ધર્મવાળું જે કાંઈ લોકમાં પ્રસિદ્ધિ પામેલું છે તે બધું ભગવાનના અવતારરૂપ છે એમ કહીને સાક્ષાત્ સચ્ચિદાનંદરૂપ-ઐશ્વર્યાદિ સર્વ ગુણ સહિત તે ભગવદવતારમાં મુખ્ય ગણાય, હવે હું તને કહું છું:

**प्राधान्यतो यानृष आमनन्ति लीलावतारान् पुरुषस्य भूम्नः ।**
**आपीयतां कर्णकषायशोषाननुक्रमिष्ये त इमान् सुपेशान् ॥४५॥**

**શબ્દાર્થ:**—હે ઋષિ, જે ભગવાનના અવતારોને લોક પ્રાધાન્ય આપે છે તે અવતારો ભૂમા, અંતર્યામિરૂપ દ્વિતીય ધ્યાનમાં કહેલ છે તેના અવતારો કહેવાય છે તે સુંદર અવતારોને હું ક્રમથી કહીશ, તે કાનના મેલનો નાશ કરનારા છે, તેનું તમે આત્રથી પાન કરો.

**ભાવાર્થ:**—ऋषे એમ નારદને સંબોધ્યા છે, તે તમારો તેવા શ્રવણમાં અધિકાર છે તેવું સૂચક સંબોધન છે. જો કે ભગવત્સૃષ્ટિમાં સર્વ અવતારરૂપ છે એ મુખ્ય પક્ષ છે, પરંતુ તેને અવતાર કહેવામાં લોકો તૈયાર નથી, લોકમાં તેની અવતારમાં ગણત્રી નથી, તેથી પ્રાધાન્યથી લોક જેને અવતાર કહે છે તેનું લીલાવતાર એવું નામ છે. તે અવતારો કોના એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે જે ભૂમા પુરુષ બ્રહ્માણ્ડથી અધિક અન્તર્યામિરૂપ દ્વિતીય અધ્યાયમાં કહેલ છે તેના આ બધા અવતારો છે. સત્, ચિત્ અને આનંદ-દેહ જીવ અને અન્તર્યામી છે તેમાં દેહ અને જીવનું વર્ણન સત્ ચિદ્રૂપે થઈ ગયું. અન્તર્યામીના આનંદમાં અવતારરૂપનું વર્ણન અમો અત્રે કહીએ છીએ તેનું પાન કરો. તે બહાર રાખવા જેવું નથી તેથી હૃદયમાં ઉતારીને રાખો. એટલે સર્વાન્તર કરવા લાયક તે અવતારો છે. તેથી શુકદેવજીએ आपीयताम् એમ કહ્યું છે. તેના શ્રવણનું વિશેષ ફલ છે કે તે કર્ણના દોષને બાળનાર છે. જોકે સર્વ ચરિત્ર ભગવાનનું છે, પરંતુ લૌકિક દોષથી કાન દોષવાળા થઈ જતાં ભગવચ્ચરિત્રમાં રુચિ થતી નથી. તેમાં આ વિશેષ ચરિત્ર કાનના દોષનું નિવારક છે, તેથી આજે સાંભળવાથી રુચિ ઉત્પન્ન થશે. માટે જ હું અનુક્રમે કહીશ. તમે અધિકારી છો તેથી તમને કહીશ. इमान् આ એટલે તે અવતારો મારી બુદ્ધિમાં છે તેને મોટા આડંબરથી કહીશ, કેમકે તે અતિસુંદર છે; તેથી પ્રતિજ્ઞા કરીને કહેવાનું તે જ કારણ છે. (૪૫)

**ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કન્ધની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં**
**છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો.**

—o—

# અધ્યાય ૭ મો

एवमात्मातिरिक्तानामुत्पत्त्या निर्णयः कृतः ।
आत्मनोऽपि हरेरत्र निर्णयो विनिरूप्यते ॥ १ ॥
सूक्ष्मध्यानं पूर्वमुक्तं तस्यात्र विवृतिः स्फुटा ।
सप्तमे क्रियते येन तद्धर्मा वस्तुतो मताः ॥ २ ॥
उपासनायां सर्वस्य हरेर्धर्मस्य निर्णयः ।
स्वरूपगुणभेदेन बोधनार्थमिहोच्यते ॥ ३ ॥
मुख्यस्य च फलं त्वत्र निर्णीतं विनिरूप्यते ।
माहात्म्यादि तदङ्गं च विशिष्टं तेन सिद्ध्यति ॥ ४ ॥

એમ આત્મા–ભગવાન સિવાયના અનિત્ય અને નિત્ય છતાં પરિચ્છિન્ન એવા ભેદથી જુદા સર્વ પદાર્થોનો જન્મ અને સમાગમથી નિર્ણય કહ્યો. પૂર્વ બે અધ્યાયથી બન્નેનો નિર્ણય કહ્યો, હવે આત્મા હરિનો પણ તેના વ્યાપક રૂપથી નિર્ણય–તેના ધર્મથી અને મૂળરૂપથી પ્રાકટયરૂપ ઉત્પત્તિનો યુક્તિ સહિત નિર્ણય આ સાતમા અધ્યાયમાં કરવામાં આવે છે. (૧) પૂર્વે ભગવાનનું સૂક્ષ્મરૂપ પ્રાદેશમાત્રાદિ કહ્યું છે તેનું અહીં વિસ્તારથી વર્ણન આ સાતમા અધ્યાયમાં કરવામાં આવે છે, તેથી તે પ્રાદેશાદિ ધર્મો ભગવાનમાં કલ્પિત નથી પણ ખરા છે તેની સાથે ધર્મીનો ભેદ છે એ કહેવા માટે અહીં કહ્યા છે. (૨) કથામાત્રથી તે ધર્મોની વિવૃતિ થઈ એમ કેમ મનાય ? ત્યાં બે કારિકાથી તેનો ઉત્તર આપે છે કે ઉપાસનામાં ભગવાનના ધર્મો સ્વરૂપથી ગુણથી જાણવા માટે અહીં કહ્યું છે. ઉપાસ્યનું સ્વરૂપ તથા તેના ધર્મો જાણીને પછી તેની ઉપાસના કરવી જોઈએ, તેથી ધર્મરૂપ અવતારનું સ્વરૂપ તથા તેના ગુણોનો નિર્ણય જાણવા માટે અહીં આ અધ્યાયમાં કર્યો છે. (૩) એમ કહેવાથી મુખ્ય ભક્તિમાર્ગમાં તો સ્નેહ પ્રયોજક છે, તેમાં ગુણાદિની અપેક્ષા નથી એ પણ સૂચવ્યું છે. અહીં અવતારનું માહાત્મ્ય કહેવાથી અવતારીનું ફળ પણ કહ્યું છે. તે અવતારીના માહાત્મ્યરૂપ ફલ કહ્યું એવો અર્થ કરવો. તે અવતારીના અંગરૂપ અવતારનું માહાત્મ્ય અહીં કહેવાય છે. તે કહેવાથી અવતારવિશિષ્ટ અવતારીનું વિશિષ્ટ માહાત્મ્ય સિદ્ધ થાય છે. (૪)

એમ જડ અને જીવનો નિર્ણય કહીને અંતર્યામીના ધર્મ સહિત ખંડથી ઉત્પત્તિ કહેવાય છે તે એક એક ધર્મનું એવું માહાત્મ્ય જાણવાથી તે ધર્મ-વિશિષ્ટ અવતારીનું માહાત્મ્ય કહેવાશે, અંતર્યામિસ્વરૂપમાં **प्रादेशमात्रं पुरुषं वसन्तम्** ઇત્યાદિ શ્લોકથી નિરૂપણ કર્યું છે તે ભગવાનના સ્વરૂપના એકેક

પદના ભિન્ન અવતારો કહે છે, તેમાં પ્રથમ પ્રાદેશમાત્ર ભગવદ્ધર્મ ઉત્પન્ન થયો તેનું જે રૂપ બન્યું તેનું વર્ણન પ્રથમ શ્લોકથી બ્રહ્માજી નારદજીને કહે છેઃ

ब्रह्मोवाच ।

**यत्रोद्यतः शितितलोद्धरणाय बिभ्रत्क्रौडीं तनुं सकलयज्ञमयीमनन्तः ।**
**अन्तर्महार्णव उपागतमादिदैत्यं तं दंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ॥१॥**

**શબ્દાર્થ:**—બ્રહ્માજી બોલ્યાઃ અનન્ત ભગવાન જ્યાં પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું વિચારવા લાગ્યા ત્યાં તેણે સકલયજ્ઞમયી વારાહ સંબંધી તનુને ધારણ કરી અને મોટા સમુદ્રમાં આદિદૈત્ય હિરણ્યાક્ષને, ઈન્દ્ર જેમ પર્વતને તોડે તેમ દાઢ વડે ચીરી નાખ્યો.

**ભાવાર્થ:**—બ્રહ્માજીને સૃષ્ટિ કરવી હતી તેના આધારરૂપ પૃથ્વી સમુદ્રમાં ચાલી ગઈ હતી તેને ઉપર લાવવાની ચિંતા મનમાં થઈ કે હું જલમાં ગયેલી પૃથ્વીને ઉપર કેમ લાવી શકીશ ? ત્યારે બ્રહ્માએ ભગવાનનું ધ્યાન કર્યું. તે ધ્યાનમાં અન્તર્યામી ભગવાન્ પ્રાદેશમાત્ર હતા તે પ્રકટ થયા. તે પ્રાદેશમાત્ર હૃદયમાં પ્રકટ્યા તે નાસિકાના છિદ્રદ્વારા અંગૂઠાના ટેરવા જેવડા થઇને બ્રહ્માની નાસિકામાંથી નીકળ્યા. બહાર નીકળ્યા પછી મોટું રૂપ કર્યું એ ભગવાનનું પ્રાદેશમાત્ર રૂપ સ્થાન સાપેક્ષ હતું, સ્વાભાવિક રૂપ ન હતું તે કહેવાઇ ગયું છે. ભગવાન્ અનન્ત છે તેને દેશ કાલથી માપી શકાતા નથી. તેણે પૃથ્વીનો ઉદ્ધાર કરવાનો ઉદ્યોગ કર્યો, એટલે જ્યારે હું ભૂમિને ઉપર લાવીશ એમ વિચાર્યું ત્યારે તેણે રૂપ ગ્રહણ કર્યું. તેને રૂપગ્રહણમાં દેશ કાલ કે વસ્તુની અપેક્ષા નથી. બ્રહ્માના અન્તઃકરણમાં પૃથ્વીના ઉદ્ધારની ઈચ્છાથી અંતઃકરણમાં જ રૂપ ધર્યું તે અન્તર્યામી હોવાથી તેને રૂપ લેવામાં કાંઈ બીજી વસ્તુની જરૂર પડતી નથી, તેથી પ્રથમ જ વરાહરૂપે થયા. જ્યાં વિચાર આવ્યો ત્યાં જ રૂપ કર્યું. પ્રયોજન પૃથ્વીને ઉપર લાવવી એ જ હતું. પૃથ્વીનું તળ કહ્યું તેથી તેને બનાવીને સરખી કરી છે. પહેલાં બ્રહ્મા કમળની પાંખડી ઉપર બેઠા હતા તેણે વરાહરૂપ કરી કેટલીક માટી એકઠી કરી કમળના પત્ર ઉપર ઢગલો કરેલો તે પૃથ્વી હતી તે જળમાં ડૂબી ગઈ. सोपश्यत् पुष्करपर्णं तिष्ठत् । सोमन्यत । अस्ति चैतत् यस्मिन्निदमधितिष्ठतीति । स वराहो रूपं कृत्वोपन्यमज्जत् । स पृथ्वीमध आर्च्छत् । तस्या उपहृत्योदमज्जत् । तत्पुष्करपर्णे प्रथयत् । यदप्रथयत् तत्पृथिव्यै पृथिवीत्वमिति श्रुतेः (तै. ब्रा. १ । १ । ३ । १९) (બ્રહ્માએ જોયું તો કમળપત્ર દીઠું. તેણે વિચાર કર્યો કે આની નીચે પૃથ્વી હોવી જોઈએ. જેની ઉપર આ કમળની પાંખડી રહી હોય, તે વરાહ થઈ જલમાં ગયા. ત્યાં નીચે પૃથ્વીને જોઈ. તેને દાઢથી હાથથી એકઠી કરી કરી કમળની પાંખડી ઉપર રાખી. તે પહોળી કરીને રાખી. તે જ પૃથ્વીનું

પૃથ્વીપણું છે) એમ શ્રુતિ કહે છે, તેથી ભગવાને પણ વરાહ સંબંધી તનુ ધર્યું. જલમાંથી બહાર લાવવાનું સામર્થ્ય તેમનામાં જ છે. તે ભૂમિ સર્વ યજ્ઞમયી હતી. યજ્ઞ મૃગ છે. તે વનવાસી હોય. સ્રુવ વગેરે પદાર્થોનો ઘાટ તેના મુખ જેવો હોય છે, તેથી પશુમાં પણ ભગવાને વરાહપણું સ્વીકાર્યું. તે મન્યુ કહેવાય છે, पशूनां वा एष मन्युर्यद्वराहः જે વરાહ નામનો પશુ છે તે પશુનો મન્યુ (ક્રોધ) છે, એ શ્રુતિ પશુનો મન્યુ હોવાથી તે સર્વયજ્ઞમયી ગણાય છે. આ સકલ યજ્ઞમયી તનુ છે તે આગળ ઉપર કહેવાશે. અહીં રૂપ ગ્રહણ કર્યું તેથી જ તેનું કાર્ય કહેવાયું, તેથી કાર્યાન્તર છે તેનું નિરૂપક કહે છેઃ યજ્ઞમાં વેદવિરોધીઓને મારવા જોઈએ, કેમકે દૈત્યો જ ભૂમિને પાતાળમાં લઈ ગયા છે, असुरा वा उत्तरतः पृथिवीं पर्याचिक्रीर्षन् इति श्रुतेः (અસુરો ઉત્તરથી પૃથ્વીને લેવાની ઇચ્છા કરતા હતા) તેથી તેનો વધ કરવો જોઈએ. તે તો ઘણા છે તેમાં કોને મારવો ? ત્યાં मुख्ये कार्यसंप्रत्ययः (મુખ્યથી કામ લેવું) એ ન્યાયથી પ્રથમ જ દૈત્યપણાને પામેલ આદિદૈત્ય હિરણ્યાક્ષને ચીરી નાખ્યો. તેને ચીરવામાં હેતુરૂપ દૃષ્ટાન્ત કહે છેઃ જેમ પર્વતોને પાંખો હતી તેથી તે બધા પૃથ્વી ઉપર પડી પૃથ્વીનો નાશ કરતા હતા તેને શત્રુ ગણી ઇન્દ્રે તેની પાંખો કાપી નાખી, તેમ ભગવાને હિરણ્યાક્ષને ભૂમિનું અનિષ્ટ કરતો હતો તેથી માર્યો. તેને સમુદ્રમાં માર્યો તે કહ્યું કે ત્યાં આવ્યો કે તરત માર્યો. દાઢથી માર્યો એટલે તેની મુક્તિ ન થાય, કેમકે દાઢ એ યમનું રૂપ છે. જે આગળ હાથથી માર્યો કહ્યું છે તે ચીરવાનું નથી. (૧)

એમ પ્રાદેશમાત્રનો અવતાર કહીને પુરુષરૂપનો અવતાર કહે છેઃ

**जातो रुचेरजनयत्सुयमान् सुयज्ञ आकूतिसूनुरमरानथ दक्षिणायाम् ।**
**लोकत्रयस्य महतीमहरद्यदार्तिं स्वायंभुवेन मनुना हरिरित्यनूक्तः ॥२॥**

**શબ્દાર્થઃ—રુચિ પ્રજાપતિથી આકૂતિ નામની સ્ત્રીમાં સુયજ્ઞ થયા. તેણે દક્ષિણા નામની પોતાની સ્ત્રીમાં સુયમ નામના દેવોને ઉત્પન્ન કર્યા. તે સુયજ્ઞે લોકની પીડાને મટાડી ત્યારે તેની માના બાપ મનુએ હરિ નામથી તેને બોલાવ્યા.**

**ભાવાર્થઃ**—ભગવાન યજ્ઞરૂપ છે. તેના ધ્યાનરૂપ કર્તાના અધિષ્ઠાતાનું એક રૂપ છે અને બીજું નામ છે. તેમાં યજ્ઞનું રૂપ વરાહમાં દેખાયું. નામ યજ્ઞનારાયણ કહેવાયું. તે યજ્ઞનારાયણ પુરુષરૂપે છે. પુરુષનાં રૂપો પોતાની રુચિથી કર્યાં, તેથી રુચિ નામના બ્રહ્માના પુત્રથી પોતે થયા. તેનો ભગવદવતાર થવામાં નિયામકરૂપ કહે છે કે બીજા જો ઉત્પન્ન થાય તો તે કાળે કરીને જુવાન થાય, સ્ત્રી પરણે તેમાં કાળે પુત્રો થાય. આ સુયજ્ઞે તો તે મન્વંતરના સુયમ નામના દેવોને તરત ઉત્પન્ન કર્યા. સ્ત્રી તો દક્ષિણા નામની તેની સાથે જ

જન્મી હતી. તેનું નામ સુયજ્ઞ હતું. સુંદર યજ્ઞ જેનાથી થાય તે સુયજ્ઞ કહેવાય. વરાહ યજ્ઞરૂપ છે. આ સુયજ્ઞ દેવતારૂપ છે. આકૂતિ મનુની મોટી દીકરી હતી. બહારની ક્રિયા આકૂતિ કહેવાય. યજ્ઞ પણ બહારની ક્રિયાથી જ દેખાય છે. પહેલાં યજ્ઞના ભોગવનાર દેવોને ઉત્પન્ન કર્યા, ફરીને અધિકારી દેવોને પણ ઉત્પન્ન કર્યા તે અથ શબ્દ કહ્યો છે તેથી જણાય છે. દક્ષિણામાં બાહ્ય દેવોને ઉત્પન્ન કર્યા. પહેલા દેવો તો સ્વતઃ ઉત્પન્ન કર્યા છે. હવે અવતારનું કારણ બતાવે છે: જગતમાં વૃષ્ટિ ન હતી; યજ્ઞો થતા ન હતા; મોટી મુશ્કેલી જગતને હતી તે સુયજ્ઞે મટાડી; એટલે વૃષ્ટિ કરી, યજ્ઞ પ્રચલિત કર્યા, વૈદિક કર્મનો પ્રચાર કર્યો. એ ત્રણ કાર્ય કરી બધાંનાં દુઃખો દૂર કર્યાં. અથવા દૈત્યોના ઉદ્બોધથી લોકોને બચાવ્યા; તેને મારીને કાયમનું સુખ કરી આપ્યું. તે મન્વંતરમાં ઇન્દ્ર અધિકારી જોઈએ, તે ન હતો, તે ઇન્દ્રનું કામ પોતે બજાવ્યું. તે સુયજ્ઞ સ્વાયંભુવ મનુની દીકરીના દીકરા, તે એવી શરતે મનુએ કન્યા રુચિ પ્રજાપતિને આપી કે અમારી કન્યામાં પુત્ર થાય તે મારો પુત્ર થાય, તે શરતે તેને પરણાવી, તેમાંથી સુયજ્ઞ થયા, તે મનુના પુત્ર કહેવાયા, એટલે તે પુત્રિકાપુત્ર, થયા. પોતે સુયજ્ઞ રુચિ બ્રહ્માના પુત્ર તેથી બ્રાહ્મણપુત્ર થાય, અને તેને પુત્ર તરીકે રાખ્યા મનુ રાજાએ, એટલે તે ક્ષત્રિય પણ થયા. ભગવાનનો અવતાર ન હોય તો એક જ માણસ બ્રાહ્મણ અને ક્ષત્રિય એક જ કાળે ન રહી શકે. તેથી બ્રહ્માના પુત્ર અને સુયજ્ઞના માતામહ મનુએ પહેલાં યજ્ઞ નામથી બોલાવેલા છતાં તેણે ઇન્દ્રનું કામ કર્યું તેથી તેને હરિ (ઇન્દ્ર) કહ્યા. એક માણસ બે અધિકાર ન કરી શકે, તેથી 'યજ્ઞ' શબ્દ અને 'હરિ' શબ્દથી તે બે પુરુષરૂપ ભગવાન થયા; અલૌકિક યજ્ઞ અને સર્વ લોકાત્મક હરિ થયા. (૨)

ભગવાનનું ધ્યાન કર્યું છે ત્યાં **वसन्तं** એવું ભગવાનને વિશેષણ આપ્યું છે, તેનો અર્થ કેવલ નિવાસ થાય છે. તે સ્વરૂપનો નિર્ધાર કરે છે. કોઇ પણ કાંઈ પણ કર્યા વગર ક્યાંય ઘડીભર પણ રહી શકતો નથી. તે ગીતાજીમાં કહ્યું છે '**नहि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्**' તેથી કેવલ સ્થિતિને માટે પોતે એવી રીતે રહીને બીજાને તેમ રહેવાની શિક્ષા આપતાં એક સાંખ્ય નામનું શાસ્ત્ર કર્યું તે હવે કહે છે.

**जज्ञे च कर्दमगृहे द्विज देवहूत्यां स्त्रीभिः समं नवभिरात्मगतिं स्वमात्रे ।**
**ऊचे ययात्मशमलं गुणसङ्गपङ्कमस्मिन् विधूय कपिलस्य गतिं प्रपेदे ॥३॥**

**શબ્દાર્થ**:—હે દ્વિજ, કર્દમમુનિની સ્ત્રી દેવહૂતિમાં નવ કન્યાઓની સાથે ભગવાન્ કપિલદેવ ઉત્પન્ન થયા. તેણે પોતાની માતાને સાંખ્યજ્ઞાન આપ્યું, તેનાથી તે પોતાનાં પાપો આ જન્મમાં જ છોડી કપિલની ગતિને પ્રાપ્ત થયાં.

**ભાવાર્થ**:—કેવલ સ્થિતિ બતાવવાને માટે થયા. જેમ સર્વ કરે છતાં

કાંઈ ન કરે એવો બોધ આપતા સર્વત્ર થયા તોપણ ન થયા જેવા કપિલ દેવજી થયા, કર્દમને ઘેર થયા. બ્રહ્માની છાયાથી કર્દમ થયા. બ્રહ્માની છાયામાંથી થયા પણ ન થયા હોય તેવાને ઘેર કપિલદેવ થયા. તે તેવું રૂપ દેખાડવા માટે તેને ઘેર પ્રકટ થયા છે. કર્દમ (કાદવ)નું ઘર જલ હોય. તેથી અતિ શુદ્ધમાં તેની ઉત્પત્તિ કહી. અથવા કમળનું પાન પાણીમાં રહે, પણ પાણી તેને લાગે નહિ, તેમ નિર્લેપ રહેવા માટે કર્દમગૃહ કહ્યું. કૃધાતુને કર્તાર્થમાં विच् प्रत्ययने ગુણ અને લોપ કર્યાથી कः થાય છે. તેનો અર્થ કૃતિકર્તા છતાં दमः દમ એવું ઇન્દ્રિય નિયમનનું નામ છે, તેથી કરે અને ન કરે એવો कर्दम શબ્દનો અર્થ, તેજ તેનું રૂપ વ્યુત્પન્ન થયું. એમ સ્વરૂપથી જે થાય તે જગતમાં સાંખ્યશાસ્ત્રને પ્રવર્તાવે. द्विज સંબોધન નારદને કહ્યું તે તમારામાં તેવું નથી તે બાબત તેને શરમાવવા કહ્યું છે. તે કર્દમથી મનુની બીજી કન્યા દેવહૂતિમાં થયા. देवानां हूतिर्यस्याम् દેવોને આહ્‌વાન જેમાં થાય; એટલે તે સર્વ દેવતામયી છે. આ નામથી તેનું સૌંદર્ય ભારી હતું એમ બતાવ્યું. ત્રણ ગુણના અભિમાની દેવો કર્તૃપણાનું નિનિત્ત સાથે લાવ્યા, તેથી પોતે અકર્તા અને તે કન્યાઓ કર્ત્રી થઈ. તે નવ કર્દમની કન્યાઓને પોતે બેન કહી. તે જેમાં સંબદ્ધ થાય તેને કર્તા ઠરાવ્યો. સંબંધ ન થાય ત્યાંસુધી તેમાં કર્તૃપણું ન આવે એવો સાંખ્યનો સિદ્ધાન્ત બતાવ્યો. હવે અવતારનું પ્રયોજન બતાવે છેઃ જેના હૃદયમાંથી સાંખ્યશાસ્ત્ર નીકળે તે જ મુખ્ય અધિકારી એ પોતે ઉત્પાદક છે એવી બુદ્ધિ ન થવા માટે આત્મસ્વરૂપ સાંખ્ય માતાને કહ્યું. આસુરિ મુનિ પણ સાંખ્ય ભણ્યા, પણ તેણે તો પ્રચાર કર્યો, તેથી તેનો તે શાસ્ત્રમાં મુખ્યાધિકાર ન ગણાય. માતા દેવહૂતિ કપિલોપદેશની મુખ્યાધિકારિણી છે. જેવો ઉપદેશ મળ્યો તે ક્ષણમાં જ ગુણના સંગરૂપી દોષને તે ક્ષણે છોડી તે કપિલ જેવી બની ગઇ, તેથી સ્ત્રી હતી પણ માતા હોવાથી આત્માનો ઉપદેશ તેને કર્યો. આત્માની ગતિ એટલે જ્ઞાન માતાને કરાવ્યું. મા હતી એટલે તેને ઉપદેશની જરૂર હતી. કપિલ ભગવાનના અવતાર હતા તે ગુરુ થઈ ઉપદેશ આપે તેમાં દોષ નથી. આ સાંખ્યજ્ઞાન નિત્યસિદ્ધ છે, પરંતુ અન્તઃકરણના દોષને લીધે તે થતું નથી. તેથી અંતઃકરણમાં મોહરૂપ પાપ ગયું કે તે જ્ઞાન દેખાયું. અથવા આ ઉપદેશ થયો કે પાપ નાઠું. કપિલની ગતિ એટલે સાંખ્યસિદ્ધાન્તસિદ્ધ અનુભવ પ્રાપ્ત થયો. (૩)

એમ ભગવાનની 'નિશ્ચલસ્થિતિરૂપ' चतुर्भुजत्वનું નિરૂપણ કરે છેઃ

**अत्रेरपत्यमभिकाङ्क्षत आह तुष्टो दत्तो मयाहमिति यद्भगवान् स दत्तः ।**
**यत्पादपङ्कजपरागपवित्रदेहा योगर्धिमापुरुभयीं यदुहैहयाद्याः ॥ ४ ॥**

**શબ્દાર્થઃ**—પ્રજાની ઈચ્છાથી અત્રિ તપ કરતા હતા ત્યાં ભગવાન પધાર્યા. હું મારું સ્વરૂપ તમને આપું છું એમ કહ્યું તેથી તે દત્ત ભગવાન્ થયા, જેના ચરણની રજના પ્રતાપે જેના દેહો પવિત્ર થયા છે એવા યદુ અને સહસ્રાર્જુન સદ્યોમુક્તિ અને કર્મમુક્તિરૂપ યોગસમૃદ્ધિને પામ્યા.

**ભાવાર્થઃ**—ત્રણ નથી જેને તે અત્રિ કહેવાય. ત્રણ પુત્રો અવશ્ય થવા જ જોઈએ તે ન હોવાથી ભગવાનની પ્રાર્થના કરી; અથવા સ્ત્રી અને સ્વયં છે પણ પુત્ર નથી તેથી અત્રિ છે તે પોતે છે અને ત્રણ પુત્રો થાય તો ચતુર્ભુજ થવાય. ચાર ક્રિયાશક્તિઓ, ઉત્પત્તિ સ્થિતિ પ્રલય અને તપ એ ચાર ભુજારૂપ ભગવાન છે, તેથી તે ચતુર્ભુજ છે. **योगस्तपश्च वंशश्च भगवद्भक्तिरेव च। एताः क्रियाश्चतस्रो हि भगवद्बाहुषु स्थिताः ॥ अथवा दातृदेयत्वमात्मनो बोधयत्यसौ। अतः आत्मप्रदः कृष्णश्चतुर्भुज इतीरितः** (યોગ તપ વંશ અને ભગવદ્ભક્તિ એ ચાર ક્રિયારૂપ ભગવાનની ચાર ભુજાઓ છે. અથવા પોતે દાતા અને દેય બન્ને છે. તે બતાવવા માટે કૃષ્ણ પોતે આપનાર હોવાથી તે ચાર ભુજા ધરનાર પોતે ચતુર્ભુજ નામધારી છે. તે જ કહે છે કે પોતાની અપગતિ ન થાય તે માટે (**अपगतिं त्याजयति इति अपत्यम्**) આકાંક્ષા કરે છે એવો 'અપત્ય' શબ્દનો અર્થ થાય છે એટલે પોતાના બાપને દુર્ગતિ ના કરાવે તે "છોકરો" કહેવાય. તેથી પુત્રાન્તરથી અથવા તેના પોતાનાથી પિતૃલોક પ્રાપ્ત કરે તો દુર્ગતિ જ થાય, કેમકે મોક્ષ ન થાય; તેથી ભગવાને વિચાર્યું કે આ અત્રિ પુત્રની ઈચ્છા કરે છે તેની સિદ્ધિ માટે હું મારો આત્મા જ તેને આપું. એમ નહિ કરું તો તેને અપત્યત્વની ઇચ્છા છે તે સિદ્ધ નહિ થાય, કેમકે લૌકિક છોકરો બાપની દુર્ગતિને રોકી ન શકે! તેની ચારે તરફથી ઇચ્છા **अभिकाङ्क्षी** એટલે અભ્યુદય અને નિઃશ્રેયસ તે બન્ને એક પાસેથી મેળવવાની અત્રિની ઈચ્છા છે; તેથી અત્રિને પ્રસન્ન થયા. ભગવાનનું દત્ત નામ કહ્યું તેનું તાત્પર્ય કહે છે કે હું તમને પુત્ર નથી આપતો, પણ આત્મા જ આપું છું, એટલે **मया अहं दत्तः** મેં મને આપ્યો. એમ કર્તા અને કર્મ ભગવાન સિવાય કોઈ એક ન હોઇ શકે. લોકમાં કર્તા હોય તે પોતાના વગરની બીજી વસ્તુ આપી શકે. ભગવાન પોતે પોતાને આપી શકે, તેથી ભગવાને કહ્યું કે **मया आत्मा दत्तः**, એથી તેમને ત્યાં ભગવાન અંશથી થયા તેનું નામ **दत्त** રાખ્યું છે. ધર્મશાસ્ત્રમાં આત્મા વગેરે **अदेय** માં ગણેલા છેઃ **धर्मदासो ज्येष्ठपुत्रो भार्या स्वात्मा तथैव च। सर्वस्वं गुरुवर्गश्च नैव देयमति स्थितिः** (ધર્મદાસ, મોટો દીકરો, સ્ત્રી, પોતાનો દેહ, સર્વસ્વ અને ગુરુવર્ગ અદેય છે એવી ધર્મની મર્યાદા છે). ભગવાને આત્મા કેમ આપ્યો? તે ભગવાન્ છે માટે આત્મા આપ્યો. પૂર્વ શ્લોકમાં જીવનો ધર્મો કહ્યા તે ભગવાનના ધર્મો નથી, ભગવાન તો આત્માનું દાન

કરનાર છે. જો તેવા ન હોય તો લોકને ભજવા લાયક તે ન રહે, તેથી ભગવાને અત્રિને આત્મા આપ્યો તે दत्त થયા. દત્તાત્રેય એવું બાપના નામ સાથે પોતાનું નામ છે. અવતારનું પ્રયોજન કહે છે કે જેના ચરણની રજથી જેના ભૂતોને સંસ્કાર થયો છે તેવા ક્ષુદ્રદેહવાળા બંને જાતની યોગસમૃદ્ધિને (સદ્યોમુક્તિ–ક્રમમુક્તિરૂપા) પામ્યા. તેમાં અણિમાદિ ક્રમમુક્તિમાં છે. અથવા ભક્તિ જ્ઞાનરૂપ બે પ્રકાર પામ્યા. કોણ પામ્યા કે યદુના ગુરુ અવધૂત અને હૈહય સહસ્રાર્જુન.—એ યાદવ હતો તેણે ઐહિક સમૃદ્ધિમાં હજાર હાથ મેળવ્યા હતા, મોક્ષ પણ મેળવ્યો હતો. તે બધા પુષ્ટિમાર્ગ[1]નિષ્ઠ હોવાથી મર્યાદાનો વિરોધ દોષરૂપ નથી. આદિ શબ્દથી પ્રહ્લાદ વગેરે લેવા. તેથી ભગવાનના બાહુની ચારની સંખ્યામાં ઉપર કહ્યો ભાવ સમજવાનો છે. (૪)

'कञ्जरथाङ्गशङ्खगदाधरम्' એ પદના અવતારને હવે કહે છે:

**तप्तं तपो विविधलोकसिसृक्षया मे**
**आदौ सनात्स्वतपसः स चतुःसनोऽभूत् ।**
**प्राक्कल्पसंप्लवविनष्टमिहात्मतत्त्वं**
**सम्यग्जगाद मुनयो यदचक्षतात्मन् ॥ ५ ॥**

**શબ્દાર્થ:—**નાના લોક સૃજવાની ઇચ્છાથી મેં પૂર્વે તપ કરેલ તે તપનું ભગવાનમાં અર્પણ કર્યું તેનાથી ચાર સન થયા (સનક સનાતન સનંદન સનત્કુમાર) તેણે પૂર્વકલ્પ પ્રલયમાં નષ્ટ થયેલ આત્મતત્ત્વને સારી રીતે કહ્યું, જેના કથનમાત્રથી મુનિઓ આત્મામાં તેનો અનુભવ કરવા લાગ્યા.

**ભાવાર્થ:—**આ સનકાદિ ચાર ભગવાનની ભુજામાં રહેલ આયુધરૂપ છે. તે આયુધ તત્ત્વરૂપ છે. તેમાં મુખ્ય તત્ત્વ ગદા, જલતત્ત્વ શંખ, તેજતત્ત્વ સુદર્શન, કાળતત્ત્વ કમળ. તેજ જળ અન્ન(પૃથ્વી) પ્રાણ એ (પૃથ્વી–અપ્ તેજ વાયુ) ચાર તત્ત્વરૂપ છે. તે સ્વરૂપથી તત્ત્વ છે તે કાળરૂપે અહીં કહ્યાં છે. કેવળ તત્ત્વતા હોય અને કાર્યાવેશ ન હોય તો તે આયુધ ન કહેવાય. તે જેનાવડે તે આયુધ થાય છે તે કહે છે. (તપ્ ભગવાનનું હૃદય છે) **तपो मे हृदयं साक्षात्** ઇત્યાદિ વાક્યોથી ભગવાનને સાધનમાં તપ છે. તે ક્રિયાથી સાથે રહી વ્યાપાર કરે છે, તેથી હાથથી કમળને ધારણ કરે છે. તે ભગવાનનું

૧. યદુરાજાએ બાપની આજ્ઞા ન માની. યયાતિએ પોતાના ભોગ માટે પુત્રની યુવાવસ્થા માગી તેનો યદુએ નિષેધ કર્યો છે, એ મર્યાદાવિરોધ. સહસ્રાર્જુન જમદગ્નિના આશ્રમમાં આવ્યા ત્યારે તેનો સેનાસહિત મુનિએ સત્કાર કર્યો તેના કારણમાં તેની હવિર્ધાનીને જાણી ત્યારે ઋષિની મરજી વિરુદ્ધ તે ગાયને બળત્કારે તે લઈ ગયો, તે મર્યાદાવિરોધ. તેનો પરિહાર ભગવત્કૃપારૂપ પુષ્ટિમાં અંગીકાર હોવાથી મર્યાદાના ભંગના દોષો તેને લાગતા નથી પણ કૃપાપાત્રોને તે દોષો ભૂષણરૂપ છે.

તપ પણ વિલક્ષણ છે. તે કહે છેઃ મેં પ્રથમ ચતુર્વિધ ભૂતનાં શરીરો ઉત્પન્ન કરવાની શકિત મેળવવા તપ કર્યું. તે સૃષ્ટિ નહોતી બની ત્યારે તપ કરેલું. તેનાથી કાંઈ ન થયું ત્યારે તે તપને મેં ભગવાનને અર્પણ કર્યું. તે તપદાનથી (सनात् દાનાત્ षणु दाने ધાતુ છે) તેનું જ્યારે દાન થયું ત્યારે તે ભગવાન્ જ ચાર સનવાળા થઈને જન્મ્યા. સનક સનંદન સનાતન સનત્કુમાર એ ચાર નામમાં સન શબ્દ છે. આવેશ પક્ષમાં પણ એ ઘટે છે. ચારે મૂર્તિમાં એક ભગવાન્ આવિષ્ટ થયા છે. અવતારનું પ્રયોજન કહે છેઃ यज्ञः सांख्यं च योगश्च ज्ञानं त्वत्र निरूप्यते (યજ્ઞ સાંખ્ય યોગ એ પૂર્વ ચાર શ્લોકમાં કહ્યા, જ્ઞાન આ શ્લોકથી કહેવાય છે). પૂર્વકલ્પમાં આત્મજ્ઞાન નાશ પામ્યું હતું તેને આ કલ્પમાં સનકાદિએ સારી રીતે કહ્યું. સમ્યક્નો અનુભવપર્યંત એવો અર્થ છે. મુનિઓ શ્રૌત્રપ્રકારથી મનન કરતાં છતાં તે માર્ગથી આત્માને જોતા ન હતા તે સનકાદિના કહેલા જ્ઞાનથી આત્માને જોવા લાગ્યા; તે જ્ઞાનથી આત્માનો સાક્ષાત્કાર કરવા લાગ્યા. आत्मन् ત્યાં દ્વિતીયા અથવા સપ્તમીનો લોપ સમજવો. ત્યારે પોતાના આત્મામાં ભગવાનને જોવા લાગ્યા, એવો અર્થ થાય. સાધારણો[1] ભકિતમાર્ગના અધિકારીઓ આ માર્ગથી યુકત થાય છે એ કહ્યું ये ये हताश्चक्रधरेण राजन् એ વાકયથી. તે પહેલાં પણ ભગવાનના વૈકુંઠમાં સ્થિતિ કરવા યોગ્ય હતા. તે કોઈ કારણથી ન ગયા તેને આયુધ-દ્વારા ત્યાં પહોંચાડ્યા. આનાથી સ્મરણાર્થ પણ કહ્યો. (૫)

प्रसन्नवक्त्रम् એ ધર્મનું ઉત્પત્તિવડે નિરૂપણ કરે છે, धर्मस्य એ બે શ્લોકોથી, કેમકે તેમાં પ્રસાદ અને વક્ત્રભેદ એ બે ભાવ છે. કેવો ભગવત્પ્રસાદ અને કેવું શ્રીમુખ, તે બન્ને આ અવતારથી જણાશેઃ

धर्मस्य दक्षदुहितर्यजनिष्ट मूर्त्यां
नारायणो नर इति स्वतपःप्रभावः ।
दृष्ट्वात्मनो भगवतो नियमावलोपं
देव्यस्त्वनङ्गपृतना घटितुं न शेकुः ॥ ६ ॥

૧. સનકાદિના અવતારરૂપ આયુધ કહ્યાં. સનકાદિ જ્ઞાનોપદેશ કરી તેમ કરે પણ શત્રુને મારવા એ આયુધનું કાર્ય કહ્યું નહિ! ત્યાં કહે છે કે साधारणाः એટલે એવા ભક્તોના દેહ છોડાવીને ભક્તિ આપે છે, તે કાર્ય આયુધ કરે છે, આયુધો શત્રુને મારે છે, આ તો ભક્તોને મારે છે, તેને તત્ત્વરૂપ કેમ કહેવાય? શત્રુ બુદ્ધિનો પ્રકાર છે. ભક્ત પણ આત્મીય બુદ્ધિરૂપ છે. તે સાધારણ હો કે શત્રુ હો તે સ્થાનથી ચૂકયા હોય તો તેને ઠેકાણે લાવવામાં તે લાકડીનું કામ કરે છે; તે તેનું આયુધપણું છે.

**શબ્દાર્થ**:—ધર્મને દક્ષની કન્યા મૂર્તિમાં સ્વતપના પ્રભાવવાળા નારાયણ અને નર નામના બે રૂપે અવતાર થયો. તેની પાસે કામની સેનારૂપ અપ્સરાઓ તપના ભેગાર્થે આવ્યાં પણ તે ભગવાનનો નિયમલોપ કરવાને સમર્થ ન થયાં; અથવા પોતાના નિયમનો સ્ત્રીઓને ગર્વ હતો તે ગર્વ ના ચાલ્યો.

**ભાવાર્થ**:—ભગવાનનો પ્રસાદ અને મુખ તે ધર્મમાં જ પ્રકટે. તેમાં પણ આપનો અંશ મુખ. તે જ કહે છે કે ધર્મની પત્ની દક્ષની પુત્રી મૂર્તિમાં અવતર્યા. તેમાં દક્ષ યજ્ઞમાં ડાહ્યા છે. તેમાં જે ક્રિયાશકિત શ્રદ્ધાદિથી જુદી સાક્ષાત્ મૂર્તિરૂપ તે જ મૂર્તિ તેમાં બે રૂપ પ્રકટયાંઃ એક નારાયણ અને બીજા નરઃ **आपो नारा इति प्रोक्ताः** એ ન્યાયે ભગવન્મુખ જળમાં રહ્યું છે. નર એ સૂત્રાત્મા જીવ જળનો પિતા. એક જ અવતારનાં બે નામ છેઃ એક જળના આધાર, બીજા જળના પિતા. મોઢું બે પ્રકારનું હોય છેઃ જળના આધારરૂપથી સર્વ રસ ગ્રહણ કરે, સૂત્રાત્માથી વાણીથી વ્યવહાર કરે. એમ બે ભેદવાળું મુખ નર નારાયણ રૂપે પ્રકટ થયું. મુખને એવી રીતે પ્રકટ થવામાં જે ગુણ જોઈએ તે કહે છેઃ તપ એ મુખનું કાર્ય છે. **तपो नानशनात् परम्** ભૂખ્યા રહ્યા જેવું બીજું તપ નથી. તેથી બીજા અવયવોથી કરેલું તપ ઉત્કૃષ્ટ નથી. વાણીનું નિયમન અને અશનનું નિયમન એ મોટું તપ છે. તે મુખનો પ્રતાપ છે. એ ગુણ તપ અને બીજો તેનો પ્રતાપ, તે સહજ દોષના અભાવરૂપ છે. તપની સાથે રહેનારો સહજદોષ ક્રોધ છે. તે ક્રોધનો અત્યંત પ્રભાવ હોય તે તપનો અનુભવ કહેવાય. સકામતા તે તપનો બહારનો દોષ કહેવાય. તેનો અભાવ એટલે નિષ્પાપ એ તપનો ગુણ કહેવાય. તે મુખનો પ્રસાદ એટલે જે આપણો દોષ કરે તેને વરદાન આપવું. તે વાત એકાદશ સ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવશે, અહીં દોષનો અભાવ માત્ર કહેવાશે. આ ભગવાન્ આત્મા છે. પોતાને પોતે જુએ તેમાં કામ થવાની રીત નથી. તેથી ભગવાન આત્મા હોવાથી તેમાં પોતાના સહજ ધર્મનો લોપ જોઈને (વિપરીત રીતે નાશ થાય તે અવલોપ કહેવાય). આત્માથી સહજ બંધક કર્મો પણ મોક્ષ આપનારાં થાય છે. તોપણ તે અપ્સરાઓ ભગવાનની સમીપમાં પોતાનામાં જ દોષો જોઈ મોહિત થઈ તેથી ક્રોધ કરવા લાગી, તેથી તેણે જે સંકલ્પ આવતી વખતે કરેલો તે સિદ્ધ ન થયો. તે કાંઈ ન કરી શકે એવી નહોતી, પણ તે દેવીઓ હતી; એનું બીજાને મોહ કરવાનું વ્રત હતું; તે વ્રતનો ભગવાન પાસે ત્યાગ થયો. તે ઉપાસના કરીને પોતાનું વ્રત સિદ્ધ કરે એ વાત તો દૂર રહી. તેની ક્રિયાશકિતને બતાવે છે કે તે કામની સેના છે. કામ અંગરહિત છે. તુ શબ્દ છે તેથી સ્ત્રીઓ અબળા નથી પણ બળવાળી છે. કામ ન કરે તેવી નથી. અંગરહિતની સેના છે તે અંગનાશથી ડરતી નથી. અમૂર્ત પ્રકારે તે ઘાત

કરનારી છે. તેવી સ્ત્રીઓ ભગવાનનો સંબંધ પણ ન કરી શકી. સ્ત્રીઓએ કરેલો કોઈ ક્ષોભ ભગવાનમાં ન થયો. (૬)

એમ બહારનો દોષ દૂર કરીને આંતરિક દોષ (માનસિક દોષ) કૈમુતિક ન્યાયથી દૂર કરે છે:

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ट्या
रोषं दहन्तमुत ते न दहन्त्यसह्यम् ।
सोऽयं यदन्तरमलं प्रविशन् बिभेति
कामः कथं नु पुनरस्य मनः श्रयेत ॥७॥

**શબ્દાર્થ**:—મહાદેવ જેવા મહાપુરુષો કામને બાળી ભસ્મ કરે છે, રોષથી કામને બાળે છે, પણ ક્રોધ પોતાને બાળનાર અસહ્ય દોષ છે તેને તે બાળી શકતા નથી. તે ક્રોધ અહીં ભગવાનના અંતઃકરણમાં આવતાં અત્યંત ભય પામે છે તો તેના મનમાં કામ તો ક્યાંથી આવી શકે?

**ભાવાર્થ**:—આ સ્ત્રીઓ દેહ પાડીએ અથવા અર્થ સિદ્ધ કરીએ એવા નિશ્ચયથી આવેલી એટલે જો દેહ પડશે તો અમે કામની સેનારૂપે સિદ્ધ થઈશું, અર્થ સિદ્ધ થશે તો સેનાપણું સિદ્ધ થશે. તે તેના બન્ને વિચારો સિદ્ધ ન થયા, તે આશ્ચર્ય કહેવાય. તેનો બ્રહ્મા પોતે વિચાર કરે છે કે કામાદિને જીતનાર બીજા નથી પણ તે કામના ષડ્વર્ગ જ છે. તેમાં જે જે નાના છે તે પૂર્વ પૂર્વને જીતનારા હોય છે, તેથી જે કામને જીતનાર છે તે રોષદૃષ્ટિથી કામને બાળે છે. રોષ એટલે ક્રોધ. ક્રોધથી કામ બળે પણ બીજી રીતે તે કામને જીતી શકતા નથી, એટલે કામને બાળે તે ક્રોધને આશ્રય આપે છે. ननु સંબોધનમાં છે. તે કામ કરતાં ક્રોધ દુષ્ટ છે. તે કહે છે કે કામ તો હૃદયમાં વ્યાપ્ત થાય છે ત્યારે ક્રોધ જ્ઞાનમાં વ્યાપ્ત થાય છે, તેથી જ્ઞાન નાશ થાય તે મોટું નુકશાન ગણાય; તેથી તેમ કરનારા કૃતી–ભાગ્યવાળા ન ગણાય. કામ અને ક્રોધમાં સમાન ધર્મ એક છે તે પરલોકના બન્ને નાશક છે તે. છતાં ક્રોધ આત્માને બાળે છે, તેથી બાળનારને (ક્રોધ)ને બાળતા નથી અને ન બાળનારને (કામને) બાળે છે, તેથી તેઓ ગાંડાં છે. ક્રોધ થોડો દાહ નથી કરતો. તે કામને જીતનારો ક્રોધ નારાયણના હૃદયમાં આવતાં ભય પામે છે: હું પણ કામની જેમ શરીર વગરનો બનીશ; ત્યારે કામ તો તેના હૃદયમાં ક્યાંથી જ આવી શકે? ક્રોધ તો મલિનમાં પ્રવેશ કરે છે. ભગવાનનું હૃદય તો અમળ નિર્મળ છે માટે પ્રવેશ કરતાં ડરે છે. 'તે મારો પણ નાશ કરશે' એ શંકાથી તેના હૃદયથી દૂર રહે છે; તેથી એમ કહ્યું કે કામક્રોધકૃત પદાર્થો ભગવન્મુખમાં પ્રવેશ કરતા નથી; તે ભગવાનને પ્રસન્નતાના કારણરૂપ બનતા

નથી. જેટલો અર્થ નર અને નારાયણનો તેટલો અર્થ સુખ અને પ્રસાદનો સમજવો. (૭)

એમ પ્રસન્નમુખના અવતાર કહીને नलिनायतेक्षणनुं નિરૂપણ કરે છેઃ

> विद्धं सपत्न्युदितपत्रिभिरन्ति राज्ञो
>
> बालोऽपि सन्नुपगतस्तपसे वनानि ।
>
> तस्मा अदाद् ध्रुवगतिं गृणते प्रसन्नो
>
> दिव्याः स्तुवन्ति मुनयो यदुपर्यधस्तात् ॥८॥

**શબ્દાર્થ**:—ઉત્તાનપાદ રાજાની પાસે ધ્રુવ ગયો ત્યારે સુરુચિના વચનરૂપી બાણથી તે વીંધાયો તેથી તે વનમાં ગયો. તેની સ્તુતિથી પ્રસન્ન થયેલ ભગવાને ધ્રુવને સ્થિર સ્થાન આપ્યું, જે સ્થાનની મુનિઓ સ્તુતિ કરે છે અને તેની ચારે તરફ ઉપર નીચે ફરે છે.

**ભાવાર્થ**:—નલિન સરખા મોટા નેત્રવાળા કહ્યા તેથી નેત્ર અને તેની મોટાઇ કહેવી જોઇએ. તેમાં ભગવાન્ વૈકુંઠમાં રહ્યા તે નેત્ર. તેની મોટાઈ જ્યોતિશ્ચક્ર છે. તે ભગવાન્ તેમાં રહી સર્વને જોઇ શકે છે. તેનું કમલની જેમ દીર્ઘત્વ વિચારણીય છે. કમળ ખીલ્યું હોય તો મોટું દેખાય. તેમાં વિકાસ તપ જેવો છે. જેમ જલમાં રહ્યું કમળ ફૂલે તેમાં સૂર્યની અપેક્ષા છે તેમ ઉત્તમાધિકારી વનમાં રહે તો ભગવાનનું નેત્ર વિકાસ પામે ત્યારે તે જોઈ શકે છે. તેમાં પણ ભગવાનની ઇચ્છાથી તેવું સકામ જ બહાર જુએ છે. કામ પણ ક્લેશથી થયો હોય, તપ પણ જગતને પ્રકાશક હોય તો એમ બને છે; માટે અહીં ધ્રુવની કથા કહે છે. માતાની સોકચના વચનથી ધ્રુવને અસહ્ય વેદના થઈ. અપર માએ રાજાની સમીપમાં વાણીરૂપી બાણો ફેંકયાં. 'બેટા, રાજાના ખોળામાં બેસવાને તું લાયક નથી.' આ વચનબાણે ધ્રુવ વીંધાયો. મર્મનો ભેદ કરનાર બાણો વીંધે છે. 'પત્રી' કહ્યા તેથી જેનો ઉપાય ન થાય તેવા ઊડીને ચોંટે છે, તેથી વિવેકાદિથી તે ઘા રુઝાય તેવો નથી એ કહ્યું. બહારનો પણ ઉપાય તેમાં નથી રહ્યો, કેમકે રાજાની પાસે તેણે કહ્યું એટલે તેની ફરિયાદ રાજા પાસે કરવા જેવું નથી, કેમકે તેણે એ બનાવ નજરે જોયો છે. તેથી ધ્રુવની દીનતા બતાવી. આ દીનતા ભગવદ્દર્શનમાં બીજ છે. બીજું બીજ કહે છે કે તે બાળક છે. તપ કરવા વનમાં નીકળી પડયો તે અધિકાર બતાવ્યો. સર્વ વનમાં તપ કરીશ એવા દૃઢ વિચારથી ગયો છે તેથી વનને બહુવચનમાં કહ્યું છે. તેને ભગવાને ફલ આપ્યું તે દૃષ્ટિનો વિકાસ કહેવાય. ધ્રુવગતિથી ફલની નિશ્ચળતા કહી. સ્તુતિથી પ્રસન્ન થયા. તે નેત્રનાં કિરણ અંદર પેઠાં. તે ભગવાન તેના તપથી પ્રસન્ન નથી પણ બાળક સ્તુતિ કરે છે

તે જોઈને પ્રસન્ન થયા. એમ ન હોય તો निवर्तयिष्ये प्रतियात स्वधाम એ વચન વ્યર્થ થાય. ભગવાન્ અન્યથા નિવૃત્ત કરતા નથી એમ નથી. શક્તિમાન્ છે. સ્તુતિથી પ્રસન્ન થઈ બાળકને ધ્રુવગતિ આપી. ત્યાં શંકા કરે છે કે સ્તુતિ અને ધ્રુવગતિ તેને શો સંબંધ છે? તપ તો ભોગરૂપ ફળવાળું હોવાથી તેમ કરી પણ શકે! ત્યાં કહે છે કે દિવ્ય લોકો તેની સ્તુતિ કરે છે. તે ધ્રુવ નિંદાના વચનથી દુઃખી થયો, તો તેથી તેણે તપ કર્યું, સ્તુતિ કરીઃ ભગવાને તેને સ્તુતિ સર્વદા થાય એવું સ્થાન આપ્યું, જે સ્થાનને સ્વર્ગમાં રહેનારા સપ્તર્ષિઓ પણ નીચે રહીને સ્તુતિ કરે છે. જો આ સ્થાન ભગવત્પ્રસાદથી ન મળ્યું હોય અને તપથી અથવા આગ્રહથી મળ્યું હોય તો તેની ભગવદીયો સ્તુતિ ન કરે. તેમાં પણ પોતે નીચે રહીને ઉપર રહેતાની સ્તુતિ કેમ કરે? ન કરે, પણ વધારામાં તેની ઇર્ષ્યા કરે. ભગવાન્ પ્રસન્ન થયા તેથી જ ધ્રુવને પશ્ચાત્તાપ થયો છે. (૮)

એમ नलिनायतेक्षणतું નિરૂપણ કરીને कदम्बकिञ्जल्कपिशङ्गवाससम्તું નિરૂપણ કરે છેઃ

**यद्वेनमुत्पथगतं द्विजवाक्यवज्र-**
**विप्लुष्टपौरुषभगं निरये पतन्तम् ।**
**त्रात्वार्थितो जगति पुत्रपदं च लेभे**
**दुग्धा वसूनि वसुधा सकलानि येन ॥९॥**

**શબ્દાર્થઃ**—વેન રાજાએ વેદવિરુદ્ધ રસ્તો લીધો ત્યારે બ્રાહ્મણોનાં વાકયરૂપી વજ્રોના પ્રહારથી તેનાં ભાગ્ય અને પુરુષાર્થ નષ્ટ થયાં અને નરકમાં પડવા લાગ્યો, તે વખતે ભગવાનની મુનિ લોકોએ પ્રાર્થના કરી તેથી ભગવાન જ તેના પુત્રપદને પામ્યા અને વસુધામાંથી બધા પદાર્થો પ્રભુએ દોહીને પેદા કર્યા.

**ભાવાર્થઃ**—અહીં પીતાંબર અને કદમ્બની તુલ્યતા નિરૂપણ કરવાની છે. કદમ્બને વર્ષાઋતુમાં કિંજલ્કો થાય છે. વરસાદ પૃથ્વીને તાપથી સંતાપ થાય ત્યારે આવે. જેમ વૃષ્ટિ સંતાપને હરનારી છે તેમ પૃથ્વીએ કરેલો દોહ સર્વ સંતાપનો હારક છે. તે પીતાંબર રૂપ છે. રાજા સ્વભાવથી પૃથ્વીને ઢાંકનારો હોય છે. તેની આજ્ઞાથી પૃથ્વી સુરક્ષિત રહે છે. તે જો સારી રીતે પૃથ્વીનો રક્ષક ન હોય તો પૃથ્વી તેજહીન થાય. તેજ તેનું પીતપણું કહેવાય. આ પૃથુ વેનનો પુત્ર થયો. पुन्नाम्नो नरकात् त्रायते पितरं सुतः પુન્નામના નરકથી પુત્ર બાપને તારે છે, તેથી તે પુત્ર કહેવાય છે. તેમાં બીજા નરકથી રક્ષા કરે છે કે નહિ તે વાત શંકાસ્પદ છે, કેમકે તેવું જોવામાં નથી આવતું. આ પુત્ર તો નરકથી બાપને બચાવે એ ચોક્કસ છે. નરકો પાયુસ્થાનો છે, તેને આચ્છાદન કરે એ પીતાંબર કહેવાય. દુઃખ આવ્યું ત્યારે રક્ષણ કહેવાય. તેના માટે આના પિતાને

દુઃખ થયું. તે કહે છે કે વેનરાજાએ અન્યાયનો માર્ગ ગ્રહણ કર્યો તેથી તે બ્રાહ્મણોનું બૂરું કરવા લાગ્યો, ત્યારે બ્રાહ્મણોનાં વાકયરૂપ વજ્રવડે જેનાં પૌરુષ અને ભાગ્ય નષ્ટ થયાં છે તેથી ભાગ્યથી કે પુરુષાર્થથી તેનો નિસ્તર થવાનો નથી, તેમ પ્રજાપાલનરૂપ ધર્મથી પણ નિસ્તાર ન થાય, કેમકે તે અવળે માર્ગે ચઢી ગયો હતો; તેથી તેમાં દોષ છે અને ગુણ નથી; તેથી તે નરકમાં પડવા તૈયાર થયો. તે વખતે તેના હાથના મથનથી પ્રકટ થઈને પ્રભુએ જગતનું પાલન કર્યું અને બ્રાહ્મણોએ પ્રાર્થના કરવાથી ભગવાન પુત્ર થયા. હવે અવતાર-ચરિત્ર કહે છે. તેણે બધા ધનને પૃથ્વીમાંથી દોહીને કાઢયું. વસુને માટે વસુધાને દોહી. જોકે બીજી વસ્તુઓ બીજાએ દોહી છે તોપણ તે આમના આશ્રયથી દોહી તેથી **सकलानि येन** કહ્યું. એમ વેદરૂપ પીતાંબર સર્વકામ-પૂરક છે એ બતાવ્યું; નરકથી પાલન કરનાર છે તે પણ બતાવ્યું. 'પડેલી' કહી તેથી સર્વદુઃખનિવૃત્તિ પ્રસંગથી કહી.[1] પ્રજનન એટલે પીતાંબર ગુહ્ય ગોપન કરનાર છે તે ગોપન તેનું સ્વાભાવિક છે. તેનું રેખાકારપણું[2] સર્વ ગુણોના સદ્ભાવથી છે. (૯)

એમ પીતાંબરનું નિરૂપણ કરીને **लसन्महारत्नहिरण्मयाङ्गदम्** એ વિશેષણના અવતારને કહે છેઃ

**नाभेरसावृषभ आस सुदेविसूनु-**
**र्यो वै चचार समदृग्जडयोगचर्याम् ।**
**यत्पारमहंस्य ऋषयः पदमामनन्ति**
**स्वस्थः प्रशान्तकरणः परिमुक्तसङ्गः ॥ १० ॥**

**શબ્દાર્થઃ—નાભિથી (મેરુદેવી) સુદેવીમાં ઋષભદેવ થયા, જે સમાનદૃષ્ટિ-વાળા બ્રહ્મદૃષ્ટિવાળા થયા અને યોગનું તેમણે આચરણ કર્યું, જેને ઋષિઓ પારમ-હંસ્ય જ્ઞાન કહે છે. તે બ્રહ્મમાં સ્થિતિવાળા, શાન્તઇન્દ્રિયોવાળા અને મુક્તસંગ હતા.**

**ભાવાર્થઃ**—નાભિ રાજાએ બ્રાહ્મણોની પ્રાર્થના કરી તેના યજ્ઞમાં પ્રકટ થયેલ ભગવાનની પ્રાર્થના કરી, તેથી ભગવાન્ તેના પુત્ર થઈને પધાર્યા. નાભિની સ્ત્રી સુદેવીના તે પુત્ર થયા. **असौ** કહ્યા તે બ્રહ્માની બુદ્ધિમાં હતા તેથી તેમ કહ્યું. તેનું નામ ઋષભ હતું. તેમના ચરિત્રમાં તો જડયોગ તેણે આચારમાં દેખાડયો. તેણે સર્વત્ર બ્રહ્મભાવ જોયો. તે જડયોગના આચારનું રૂપ કહે છેઃ જેને લોકો 'પરમહંસ' પદ કહે છે, તે પરમહંસ માર્ગમાં ચાલનારનાં આવશ્યક સાધનોને કહેતાં પોતે તેવા થયા. પહેલાં તો તેણે બધાનો સંગ છોડયો.

---

૧ જિતેન્દ્રિયરૂપ સ્વભાવથી તેણે બધાનું રક્ષણ કર્યું.

૨ કદમ્બના કિંજલ્કો રેખાકાર હોય છે તેમ અહીં રેખાકાર ગુણો છે.

તેનાથી તેની ઇન્દ્રિયો શાંત થઈ, તેનાથી તે સ્વરૂપમાં સ્થિતિ કરીને રહ્યા, તેથી તેના દોષ ગયા એ વાત કહી. ગુણ તો સમદૃક્, તેથી તે ગુણદોષથી રહિત થયા. અથવા સર્વભૂતમાં વાસુદેવદૃષ્ટિવાળા થયા. દેવતા અને ક્રિયાની વચ્ચે અંગદ (બાજૂબંધ) બંધાય છે, તેમાં પણ તે દેવતાના ભાગમાં રહે છે. કોણીની ઉપરનો ભાગ તે પ્રતર્દ કહેવાય. ઇન્દ્ર દેવતા (બલના આધાર)નો ભાગ તે છે, તેની જગ્યાએ અંગદ બંધાય છે. આ ઋષભે કર્મ છોડયાં હતાં, કેમકે તે બ્રહ્મવિદ્ હતા. નાભિના પુત્ર થયા તે હિરણ્મયરૂપે યજ્ઞમાં દેખાયા હતા તેથી હિરણ્મય[1] કહ્યા છે. મોટાં રત્નો તો તેના પુત્રો છે. તે જ્ઞાન અને કર્મની વચ્ચે રહે છે, તેથી અંગદ નામથી પ્રસિદ્ધ છે. અથવા સ્વસ્થત્વાદિ રત્નો સમદૃક્ સુવર્ણ જડયોગચર્યા આ કૃતિ આ પરમહંસનું પદ છે. રત્નો તો તે ગુણો છે. માટે ઋષભનું યત્કિંચિત્ કાર્ય તે બધું અંગદનું કાર્ય જાણવું. ત્રણ અધ્યાયથી પંચમ સ્કન્ધમાં તેનુ ચરિત્ર કહેવાશે. તેમાં પ્રથમ અધ્યાયમાં તેની શોભા, બીજામાં મહારત્નરૂપ તેનાં વાકયો અને ત્રીજામાં હિરણ્મયત્વ એટલે બ્રહ્મભાવ કહેવામાં આવશે. (૧૦)

એમ અંગદનું નિરૂપણ કરીને स्फुरन्महारत्नकिरीटकुण्डलम् એ વિશેષણના અવતારને હવે કહે છેઃ

**सत्रे ममास भगवान् हयशीर्षनामा**
**साक्षात्स यज्ञपुरुषस्तपनीयवर्णः ।**
**छन्दोमयो मखमयोऽखिलदेवतात्मा**
**वाचो बभूवुरुशतीः श्वसतोऽस्य नस्तः ॥ ११ ॥**

**શબ્દાર્થઃ**—મારા યજ્ઞમાં ભગવાન્ હયગ્રીવ નામના સાક્ષાદ્યજ્ઞપુરુષ સોના જેવી કાંતિવાળા વેદમય યજ્ઞમય સકલ દેવતામય થયા, જેની નાસિકાથી શ્વાસ લેતાં પવિત્ર વેદવાણી પ્રકટી હતી.

**ભાવાર્થઃ**—હયગ્રીવ કિરીટકુણ્ડલરૂપ છે. તેનાં બે ભેગાં રૂપો છે. તે બ્રહ્મ-વિદ્યાના પ્રવર્તાવનાર છે. કિરીટ–ઘોડાનું મસ્તક અને કુણ્ડલ બાકીનો દેહ બે મળીને હયગ્રીવ એટલે કિરીટકુંડલ ગણાય. તે બન્ને પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ છે. સાંખ્ય યોગનો આધારભૂત મનુષ્યદેહ છે તે અગ્નિસાધ્ય કર્મ(યજ્ઞ)માં પ્રકટયા છે. કુંડલાદિ પણ તેવાં જ છે. તે જ ત્રણ રૂપને કહે છેઃ તેમાં છંદોમય અને મખમય એ બે કુંડળ છે, અને અખિલ દેવતાત્મા તે મુકુટ છે. અખિલ–ન્યૂનતારહિત દેવો બ્રહ્માદિ તે ભગવાનનાં મસ્તક જે પરમેષ્ઠીનું સ્થાન કહેવાય છે ત્યાં રહે

૧ अथ तमाविष्कृतभुजयुगलद्वयं हिरण्मयं पुरुषविशेषं એમ પંચમ સ્કન્ધમાં વર્ણન છે તેને અનુસારે રત્નાદિ કહ્યા છે. બીજો પક્ષ શ્લોકોક્ત વિશેષણોથી કહ્યો છે.

છે. જે હયગ્રીવ કરે છે, તે બધું કુંડળ મુકુટનું કાર્ય છે. તેનું સ્વરૂપ બ્રહ્મા કહે છેઃ મારા યજ્ઞમાં હયગ્રીવ ભગવાન્ પ્રકટ્યા. તે હયગ્રીવ નામે પ્રસિદ્ધ ભગવાન્ થયા. દૈત્ય પણ હયગ્રીવ નામે થયો છે તે કોઈ ન સમજે, તેથી મૂળમાં હયગ્રીવને 'ભગવાન્' કહ્યા છે. યજ્ઞમાં બીજા કોઇનો આવિર્ભાવ ન થાય, તેથી હયશીર્ષ સાક્ષાત્ યજ્ઞપુરુષ પ્રકટ્યા સર્વ યજ્ઞના અધિષ્ઠાત્રી દેવતા, જેનો સુવર્ણ વર્ણ હતો. તપનીય એટલે સોનું. યજ્ઞ પણ અગ્નિસાધ્ય, તેથી તેને તપનીયવર્ણ કહ્યા. વેદાત્મક છે એમ કહેવા માટે તેને છંદોમય કહ્યા. મખમય એટલે યજ્ઞાત્મા. અખિલ દેવતાના આત્મારૂપ એટલે પ્રમાણ પ્રમેય સાધન અને ફળરૂપ એવો અર્થ થયો. બધા દેવતા સાધન છે, આત્મા ફળ છે. અવતારનું પ્રયોજન બતાવતાં કહે છે કે કલ્યાણીવાણી વેદરૂપાવાણી શ્વાસ લેતાં જેના બે નાકમાંથી નીકળે છે. ભગવાન્નાં જે રત્નો મોટાં સ્પુર્યાં તે જ વાણીરૂપ–પવિત્ર વેદવાણીરૂપ છે. (૧૧)

એમ કિરીટકુંડળના અવતારને કહીને હવે **उन्निद्रहृत्पङ्कजकर्णिकालये योगेश्वरास्थापितपादपल्लवम्**નો જે અવતાર થાય છે તે કહે છેઃ

**मत्स्यो युगान्तसमये मनुनोपलब्धः**
**क्षोणीमयो निखिलजीवनिकायकेतः ।**
**विस्रंसितानुरुभये सलिले मुखान्मे**
**आदाय तत्र विजहार ह वेदमार्गान् ॥ १२ ॥**

**શબ્દાર્થઃ**—સત્યવ્રત રાજાએ સંધ્યાનું જલ લીધું તેમાં અંજલિમાં યુગાન્તના વખતે મત્સ્ય દેખાયો તે મોટો થતાં પૃથ્વીમય થયો અને સમગ્ર જીવદેહનો આશ્રયરૂપ થયો. પ્રલયજળના ભયને લીધે મારા મુખથી પડેલા વેદને હયગ્રીવ દૈત્ય લઇ ગયો તેને મારી વેદને પોતાની પાસે રાખી પ્રલયજળમાં વિહર્યા.

**ભાવાર્થઃ**—મત્સ્ય પલ્લવરૂપ છે. સત્યવ્રતાદિ તેના શિષ્યોએ ગુરુના ચરણજ્ઞાનાત્મક પલ્લવને હૃદયમાં સ્થાપન કર્યો. જ્યારે પ્રલયનો સમય આવ્યો ત્યારે દ્રવિડેશ્વર સત્યવ્રત રાજા એ–( તે મનુની સંજ્ઞાથી પ્રસિદ્ધ થશે ) તેથી થવાનું નામ મનુ છે–હમણાં તો સત્યવ્રત છે, તે મત્સ્ય ભગવાનની કૃપાથી તે આગળ મનુ થવાના જ. તેને હાથની અંજલિમાં બારીક મત્સ્યનું બચ્ચું દેખાયું. તેની ઉત્પત્તિ અહીં નથી કહી તેથી 'જોયો' એમ કહ્યું છે. તેને પ્રાદત્વ કહેવા માટે ક્ષોણીમય કહ્યા તે આધ્યાત્મિક પૃથ્વીને ઉઠાવીને ફરશે. નૌકારૂપ પૃથ્વી થાય તો બીજાને તારે તેથી ભગવાનનો ચરણ (પૃથ્વી) નાનું વહાણ બન્યો. ભગવાનનો ચરણ બધાનો આશ્રય થાય છે તે જ કહે છે કે બધા જીવો જે વિષયથી ખંડિત થયા નથી, તેના સમુદાયને રહેવાના સ્થાન-

રૂપ છે, તેથી બધાં બીજો અને સપ્તર્ષિઓ અને સત્યવ્રત એ પૃથ્વીરૂપી નૌકામાં બેઠા. તે ચરણનું રૂપ કહ્યું. તેથી સંસાર સમુદ્રને તરવામાં એ નાનું વહાણ છે. તેના અવતારના ચરિત્રને કહે છે: પ્રલયના મોટા ભયમાં બ્રહ્માના મુખમાંથી પડી ગયેલ વેદોને હયગ્રીવ નામનો દાનવેંદ્ર પાસે હતો તે લઇ ગયો તેને મત્સ્ય ભગવાને માર્યો અને તેની પાસેથી વેદો લીધા, પછી જળવિહાર કર્યો. બીજા જ્ઞાન અને ભક્તિને કહેનારા વેદો તેની પાસેથી લીધા. હ્ અવ્યય પ્રસિદ્ધિ કે આશ્ચર્ય કહેનારું છે. શિષ્યોનાં હૃદયો વેદમાર્ગો વડે પ્રફુલ્લ થાય છે. યજ્ઞોપયોગી વેદો હયગ્રીવ ભગવાને ઉદ્ધૃત કર્યા. સર્વોપયોગી વેદોનો ઉદ્ધાર મત્સ્ય ભગવાને કર્યો એ વિશેષ સમજવો. (૧૨)

શ્રીલક્ષ્મણમ્ વિશેષણના અવતારને કહે છે:

**क्षीरोदधावमरदानवयूथपाना-**
**मुन्मथ्नताममृतलब्धय आदिदेवः ।**
**पृष्ठेन कच्छपवपुर्विदधार गोत्रं**
**निद्राक्षणोऽद्रिपरिवर्तकषाणकण्डूः ॥ १३ ॥**

**શબ્દાર્થ:**—દેવો અને દાનવો અમૃત મેળવવા માટે ક્ષીરસાગરનું મથન કરવા લાગ્યા ત્યાં આદિદેવ ભગવાન્ પ્રકટ થયા, ડૂબતા મંદરાચળને પોતાની પીઠ ઉપર ધર્યો તેને ફેરવવાથી ભગવાનની ચેળ મટવા આવી એટલે નિદ્રા આવવાનો વખત પણ થઇ ગયો.

**ભાવાર્થ:**—અમૃતને અને લક્ષ્મીને કૂર્મ ભગવાને આપ્યાં છે. જેટલું કાર્ય કૂર્મનું તેટલું શ્રીવત્સનું કાર્ય. જેમ બ્રાહ્મણના પગનો સ્પર્શ તેમ મંદર પર્વતના પાદનો સ્પર્શ. જેમ સર્વ બ્રાહ્મણોએ વિચાર કરીને ભગવાનના ચરણનો આશ્રય કર્યો તેમ દાનવોએ અને દેવોએ મંદર કૂર્મ ઉપર રાખ્યો. જેવું ઘર્ષણ છે તેવો શાસ્ત્રાર્થ નિર્ણય છે. ક્ષીરસાગરમાં અમર અને દાનવોના સેનાપતિઓ મથન કરવા લાગ્યા. તે અધિક મથન તો અમૃત મળવા માટે કરતા હતા. ત્યાં આધિદૈવિક દેવ, દેવોનો પક્ષ કરનારા કાચબાના શરીરને ધારણ કરનાર ભગવાન્ પોતાની પીઠ ઉપર મંદર પર્વતને લેવા લાગ્યા. મંદર તો મોટો ભારરૂપ તેને શા માટે ધર્યો? ત્યાં કહે છે કે તેને નિદ્રાનો સમય હતો માટે ધર્યો કે ઉપર ઘસાય તો જલદી નિદ્રા આવે. આ તો તમે વિપરીત બોલો છો; નિદ્રા આવતી હોય તેનો બધો ભાર ઉતાર્યે એકચિત્ત થાય! ત્યાં કહે છે કે ભગવાનની પીઠ ઉપર મંદર ફર્યો ત્યારે તેને ખજવાળ આવતી હતી તે શાંત થઇ, તેથી પર્વત ધર્યો. ઘસવાથી સુખ થાય તો તરત નિદ્રા આવી જાય. ભગવાને બધા દેવોને અમૃત આપવા માટે પર્વતને પીઠ ઉપર

ધારણ કર્યો, તેમ સર્વ ભ્રાન્તોના પુરુષાર્થની સિદ્ધિને માટે પરીક્ષક બ્રાહ્મણ-(ભૃગુ)ના ચરણનું ધારણ કર્યું છે. (૧૩)

कौस्तुभरत्नकन्धरम् એ વિશેષણના અવતારને કહે છે:

**त्रैविष्टपोरुभयहा स नृसिंहरूपं**
**कृत्वा भ्रमद्भ्रुकुटिदंष्ट्रकरालवक्त्रम् ।**
**दैत्येन्द्रमाशु गदयाभिपतन्तमारा-**
**दूरौ निपात्य विददार नखैः स्फुरन्तम् ॥ १४ ॥**

**શબ્દાર્થ:**—દેવના મોટા ભયને મટાડવા માટે ફરતી ભમરથી અને દાઢથી ભયંકર મુખવાળા નૃસિંહ પ્રકટ થયા. ગદા સાથે લડવા માટે સાથે આવતા હિરણ્યકશિપુને દૂરથી ખોળામાં નાખીને તેને નખોવડે ચીરી નાખ્યો.

**ભાવાર્થ:**—કૌસ્તુભ નામનું રત્ન કંઠમાં છે એવો અવતાર તો નૃસિંહનો છે. જેમ કંઠમાં પહેરેલા કૌસ્તુભનાં કિરણો કાંધ ઉપર પડે તે કેશવાળી જેવાં દેખાય છે તેમ નૃસિંહજી, ભગવાનના આભરણમાં વપરાતા કૌસ્તુભરૂપ છે. ભગવાન કૌસ્તુભને કંઠમાં પેહેરે છે તે દૈત્યોને મારવા માટે અને ભક્તોનો ઉદ્ધાર કરવા માટે ધરે છે. બધા ભગવાનના જીવોનું સમષ્ટિરૂપ કૌસ્તુભ છે: **चैत्यस्य तत्त्वममलं मणिमस्य कण्ठे** (જીવનું વિશુદ્ધતત્ત્વ તે ભગવાનના કંઠે કૌસ્તુભ મણિ છે) એવું શ્રીભાગવતનું વચન છે—તેથી ભગવાન્ જો તેમને પોતાના કંઠમાં ન સ્થાપન કરે તો મૃત્યુના સાધનરૂપ કર્મ કરતાં કરતાં તે જીવો મરી જાય; તેથી મૃત્યુરૂપી હાથીને પાછો વાળનાર નૃસિંહરૂપી કેસરી સિંહ છે. પ્રહ્લાદના રક્ષક અને તેના શત્રુ હિરણ્યકશિપુના મારક ભગવાન્ છે. દેવોનો મોટો ભય મટાડે તે તે **त्रैविष्टपोरुभयहा** કહેવાય. તે ભગવાન્ નૃસિંહરૂપ થયા. ગ્રામવાસી અને જંગલવાસી એવા બે જાતના ભક્તો. નર ગ્રામવાસી અને સિંહ વનવાસી, તે બન્નેનો ઉદ્ધાર કરવા બે જાતનું એકરૂપ ભગવાને ધર્યું. કૌસ્તુભ પણ તેવો છે. ચંચલ ભ્રુકુટીથી ભયંકર કરાલ દાઢોથી બિવરાવનાર નૃસિંહનું મુખ છે. હિરણ્યકશિપુને ખાવાને કાળ આવ્યો છે તે ભ્રુકુટીમાં બેઠો છે, તેથી ભ્રુકુટી ચંચળ થાય છે. તેની સાથે દાઢો પણ ભય આપે છે. દાઢમાં યમ અથવા દાઢ જ યમ છે તેનો પણ પરાભવ થાય છે. તે બન્નેથી યુક્ત મુખ છે એમ કહેવાથી જે કોઈ ભક્તનો દ્રોહ કરનાર છે તે બધા આવું ભયંકર મોઢું જોઇને તે ભક્તનું અહિત નહિ કરે. તેથી ભક્તનો (પ્રહ્લાદનો) શત્રુ દૈત્યેન્દ્ર કહ્યો. તે સામો જ આવે છે. પ્રહાર માટે હાથમાં ગદા લઇને આવે છે. તેને દૂરથી સાથળ ઉપર લઇને નખોવડે ચીરી નાખ્યો. તેની મુક્તિ ન થવા માટે નખથી ચીર્યો છે. સાથળ ઉપર લીધો તે કામના પ્રાકટ્ય માટે છે, એવી રીતે

કૌસ્તુભ ભક્તના શત્રુને સંસારમાં અથવા કામમાં જોડે છે. स्फुरन्तम् એટલે
આમ તેમ ફરતા તેવા દૈત્યને માર્યો. (૧૪)

अम्लानलक्ष्म्या वनमालयाश्चितम् આ વિશેષણના અવતારને अन्तःसरसि
એ બે શ્લોકથી કહે છે:

**अन्तःसरस्युरुबलेन पदे गृहीतो ग्राहेणयूथपतिरम्बुजहस्त आर्तः ।**
**आहेदमादिपुरुषाखिललोकनाथ तीर्थश्रवः श्रवणमङ्गलनामधेय ॥१५॥**
**श्रुत्वा हरिस्तमरणार्थिनमप्रमेयश्चक्रायुधः पतगराजभुजाधिरूढः ।**
**चक्रेण नक्रवदनं परिपाट्य तस्माद्धस्ते प्रगृह्य भगवान् कृपयोज्जहार ॥१६॥**

**શબ્દાર્થઃ**—તળાવની અંદર અતિ બળવાન પગથી પકડેલો યૂથપતિ ગજેન્દ્ર
હાથમાં કમલ લઈ 'હે પુરુષ, હે અખિલલોકનાથ, હે તીર્થશ્રવ, હે શ્રવણમંગળ-
નામધેય' એમ બોલ્યો. હરિ ભગવાન આર્તનાદ સાંભળી 'કોઈ શરણાર્થી મને યાદ
કરે છે' એમ વિચાર કરતા હાથમાં ચક્ર લઈ ગરુડ ઉપર સવાર થઈ આવ્યા. ચક્રથી
ગ્રાહનું મુખ ચીરી હાથીને હાથથી ખેંચી તળાવની બહાર કૃપા કરીને મૂકી દીધો.

**ભાવાર્થઃ**—જે હરિ નામના ગજેન્દ્રનો મોક્ષ કરનાર ભગવાન છે તે
વનમાળા છે. ભક્તો ગજેન્દ્રનો મોક્ષ કર્યો એ કીર્તિ સાંભળીને સર્વથા ભગવદ્-
ભજનમાં પ્રવૃત્ત થાય છે. વનમાલા પણ કીર્તિમયી છે. તેની કાંતિ ઝાંખી પડી
નથી. તેમાં દેવની સહાયતા કે વરદાન નથી. ગજેન્દ્રને કેવળ ભગવાને મોક્ષ
કર્યો છે. તેણે તેને માટે દેવોની પ્રાર્થના કરી નથી. તે હાથીના, ભગવાનને પ્રીતિ
થાય તેવા લૌકિક ગુણો પણ નથી; તેથી તેને બચાવ્યો તે કેવલ ભગવાનની
કૃપા જ; તેથી જ અમ્લાનપણું કહ્યું. ભગવાને તેની પ્રાર્થના સાંભળ્યા પછી તેમને
વિલંબ સહન ન થયો તેને માટે વિશેષણો કહે છે. તે તળાવમાં પડેલો હતો.
દેવલમુનિના શાપથી તે ગ્રાહ થયો પણ અત્યંત બળવાળો તે હતો. તેને
પગથી પકડ્યો હતો તેથી દોડી છુટાય તેવું નહોતું. તે ગ્રાહ હતો તેથી
અનિવાર્ય પ્રતિબંધરૂપ તે હતો. તે હાથી મોટા હાથણીના સમુદાયનો પતિ
હતો. તે મરતાં બધી હાથણીઓ મરી જાય. અથવા બીજાં તેને છોડાવી શકે
તેવાં નહોતાં. તે હાથમાં (સૂંઢમાં) કમળ લઈને ઊભો હતો, તેથી તેમાં એ
વખતે ક્રૂરતા નહોતી. કમળ ભગવાનને ધરવા માટે હાથમાં રાખ્યું હતું. અથવા
સન્મુખ થવા માટે ભેટ ધરવામાં કમલ હતું. ગરીબાઈ દેખાડી તેથી તેનામાં
બચવાનું સાધન કોઈ રહ્યું ન હતું. બીજા કોઈ તેવા ઉપર કૃપા ન કરે. તે
કહે છે કે હે આદિપુરુષ, એનાથી તમારે મારી રક્ષા અવશ્ય કરવી જોઈએ,
કેમકે આપ મૂળપુરુષ છો. બીજાને કહેવાય નહિ. સર્વલોકનું પાલન કરવું
તમારે હાથ છે, તેથી બીજાને કહી ન શકાય. 'દુઃખ થાય એવાં તાજા' પાપ

કૌસ્તુભ ભક્તના શત્રુને સંસારમાં અથવા કામમાં જોડે છે. **स्फुरन्तम्** એટલે આમ તેમ ફરતા તેવા દૈત્યને માર્યો. (૧૪)

**अम्लानलक्ष्म्या वनमालयाश्रितम्** આ વિશેષણના અવતારને **अन्तःसरसि** એ બે શ્લોકથી કહે છેઃ

**अन्तःसरस्युरुबलेन पदे गृहीतो ग्राहेणयूथपतिरम्बुजहस्त आर्तः ।**
**आहेदमादिपुरुषाखिललोकनाथ तीर्थश्रवः श्रवणमङ्गलनामधेय ॥१५॥**
**श्रुत्वा हरिस्तमरणार्थिनमप्रमेयश्चक्रायुधः पतगराजभुजाधिरूढः ।**
**चक्रेण नक्रवदनं परिपाट्य तस्माद्धस्ते प्रगृह्य भगवान् कृपयोज्जहार ॥१६॥**

**શબ્દાર્થઃ**—તળાવની અંદર અતિ બળવાન પગથી પકડેલો યૂથપતિ ગજેન્દ્ર હાથમાં કમલ લઈ 'હે પુરુષ, હે અખિલલોકનાથ, હે તીર્થશ્રવ, હે શ્રવણમંગળનામધેય' એમ બોલ્યો. હરિ ભગવાન આર્તનાદ સાંભળી 'કોઈ શરણાર્થી મને યાદ કરે છે' એમ વિચાર કરતા હાથમાં ચક્ર લઈ ગરુડ ઉપર સવાર થઈ આવ્યા. ચક્રથી ગ્રાહનું મુખ ચીરી હાથીને હાથથી ખેંચી તળાવની બહાર કૃપા કરીને મૂકી દીધો.

**ભાવાર્થઃ**—જે હરિ નામના ગજેન્દ્રનો મોક્ષ કરનાર ભગવાન છે તે વનમાળા છે. ભક્તો ગજેન્દ્રનો મોક્ષ કર્યો એ કીર્તિ સાંભળીને સર્વથા ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થાય છે. વનમાલા પણ કીર્તિમયી છે. તેની કાંતિ ઝાંખી પડી નથી. તેમાં દેવની સહાયતા કે વરદાન નથી. ગજેન્દ્રને કેવળ ભગવાને મોક્ષ કર્યો છે. તેણે તેને માટે દેવોની પ્રાર્થના કરી નથી. તે હાથીના, ભગવાનને પ્રીતિ થાય તેવા લૌકિક ગુણો પણ નથી; તેથી તેને બચાવ્યો તે કેવલ ભગવાનની કૃપા જ; તેથી જ અમ્લાનપણું કહ્યું. ભગવાને તેની પ્રાર્થના સાંભળ્યા પછી તેમને વિલંબ સહન ન થયો તેને માટે વિશેષણો કહે છે. તે તળાવમાં પડેલો હતો. દેવલમુનિના શાપથી તે ગ્રાહ થયો પણ અત્યંત બળવાળો તે હતો. તેને પગથી પકડ્યો હતો તેથી દોડી છુટાય તેવું નહોતું. તે ગ્રાહ હતો તેથી અનિવાર્ય પ્રતિબંધરૂપ તે હતો. તે હાથી મોટા હાથણીના સમુદાયનો પતિ હતો. તે મરતાં બધી હાથણીઓ મરી જાય. અથવા બીજાં તેને છોડાવી શકે તેવાં નહોતાં. તે હાથમાં (સૂંઢમાં) કમળ લઈને ઊભો હતો, તેથી તેમાં એ વખતે ક્રૂરતા નહોતી. કમળ ભગવાનને ધરવા માટે હાથમાં રાખ્યું હતું. અથવા સન્મુખ થવા માટે ભેટ ધરવામાં કમલ હતું. ગરીબાઈ દેખાડી તેથી તેનામાં બચવાનું સાધન કોઈ રહ્યું ન હતું. બીજા કોઈ તેવા ઉપર કૃપા ન કરે. તે કહે છે કે હે આદિપુરુષ, એનાથી તમારે મારી રક્ષા અવશ્ય કરવી જોઈએ, કેમકે આપ મૂળપુરુષ છો. બીજાને કહેવાય નહિ. સર્વલોકનું પાલન કરવું તમારે હાથ છે, તેથી બીજાને કહી ન શકાય. 'દુઃખ થાય એવાં તાજા' પાપ

તારામાં છે તો હું શું કરું ?' એમ ભગવાન કહે તો તેના ઉત્તરમાં કહે છે કે તીર્થરૂપ કીર્તિવાળા આપ છો. તમારી કીર્તિનું સ્મરણ કરતાં અમારાં બધાં પાપો ધોવાઈ જાય છે. ભગવાન છોડાવે તેમાં કેવળ પુરુષાર્થ નથી; પરંતુ વૈકુણ્ઠમાં પહોંચે એવો દેહ થવો જોઈએ, તેમાં તો સારાં કર્મો પૂર્વનાં જોઈએ; તે ન હોય તો અમે શું કરી શકીએ ? એમ ભગવાન કહે તો કહે છે કે આપનું નામ સાંભળતાં જ મંગળ કરનાર છે; તેથી તમારા નામમાત્રથી સર્વ સારું કરે એવું ભાગ્ય સિદ્ધ થાય છે. એમ ચાર પદ નિરૂપણ કર્યાં, તે વૈકુંઠમાં રહેતા ભગવાને સાંભળ્યાં, દૂરથી જ કોઈ દુઃખી મારું શરણ માગે છે. કોઈ ન જાણે તેમ ગજેન્દ્રના ઉદ્ધાર માટે ભગવાન ચાલી નીકળ્યા. તેને જાણીને કોઈ દેવ જેવો હોય તો તેને બહાર ફેંકી દે તો ? ત્યાં કહે છે કે કોઈ દેવનું સામર્થ્ય એમાં ચાલતું નથી. વળી તે હાથમાં ચક્ર રાખે છે, ચક્રથી મારીને મુક્તિ આપે છે. ગરુડની ઉપરથી ઊતરે છે, તેથી તેનો કાળ થયા પછી ગ્રાહની મુક્તિ નહિ થાય તે કહ્યું. ગજેન્દ્રે તે મર્યો એમ જાણ્યું નથી, કેમકે ગરુડ કાળરૂપ છે. આવીને ચક્રથી ઝૂડનું મોઢું ચીરી નાખ્યું, તેની સાથે તે હાથીને ભગવાને બહાર નથી કાઢ્યો, પણ હાથથી હાથીની સૂંઢ પકડી તેને બહાર કાઢ્યો. સ્પર્શમાત્રથી તે હાથી ચારભુજવાળો થઈ ગયો તેને સાથે લઈ લીધો. ભગવાને હાથથી પકડ્યો ત્યાં બ્રાહ્મણનો શાપ ચાલ્યો નહિ; તેથી જીવ કાંઈ સાધન કરી શકતો નથી, પણ ભગવાન કૃપા કરે છે. પારકા દુઃખને મટાડવાની ઇચ્છા કૃપા કહેવાય. એમ ભગવાનની કીર્તિ ભક્તોનો ઉદ્ધાર કરે છે. આ ભગવચ્ચરિત્ર જ આગળ જતાં ભક્તિનું કારણ બનશે. પ્રહ્લાદ તેનો કારણ તરીકે વિચાર કરશે, તે ઉપરથી કીર્તિથી પ્રેમ થાય છે એ વાત સિદ્ધ થશે. (૧૫-૧૬)

એમ વનમાલાનો અવતાર કહીને તેનું અચિંત્યપણું પ્રેમનું જનક છે એટલું કહ્યું. **विभूषितं मेखलया** એ વિશેષણનો અવતાર બે શ્લોકથી કહે છેઃ

> **ज्यायान् गुणैरवरजोऽप्यदितेः सुतानां**
> **लोकान् विचक्रम इमान् यद्थाधियज्ञः ।**
> **क्ष्मां वामनेन जगृहे त्रिपद्च्छलेन**
> **याच्ञामृते पथि चरन् प्रभुभिर्न चाल्यः ॥ १७ ॥**

શબ્દાર્થ:—અદિતિની પ્રજામાં નાનો પણ ગુણોમાં મોટો વામનાવતાર છે. તે યજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ છે. તેણે લોકોનું વિક્રમણ કર્યું અને બધી પૃથ્વી ૩ પગલામાં લઈ લીધી. ધર્મમાં ચાલતો હોય તેની પાસેથી યાચના કર્યા વગર ભગવાન પણ લઈ ન શકે તેથી તેમ કર્યું.

ભાવાર્થ:—વામન ભગવાનની મેખલારૂપ છે. મેખલા કટિબંધક છે.

**स जघनादसुरानसृजत इतिश्रुतेः** (તે ડૂંટીના નીચેના ભાગથી અસુરોને ઉત્પન્ન કરે છે) **जघन आत्ममुख्यान्** એવું વાક્ય છે. તે દૈત્યને બંધન કરવા માટે માયાને અંદર રાખીને શોભા ઉત્પન્ન કરે છે. તેથી આકુંચન પ્રસરણ (રબરના જેવા ધર્મવાળા) ધર્મવાળા વામનજી કટિસૂત્રરૂપ છે; તેથી તેમનું ગુણપ્રધાનભાવથી નિરૂપણ કર્યું છે. અદિતિના છોકરામાં નાના છે. અદિતિ ભૂમિરૂપ છે. જો કે તેને સર્વરૂપા કહે છે, તે વાક્ય તેની સ્તુતિપર છે; તેથી આ અદિતિ મુખ્ય છે. તેના પુત્રો તેની રક્ષા અને તેની કીર્તિને કરે છે. રક્ષા અને કીર્તિરૂપ પીતાંબર છે. તે પીતાંબરને મેખલા દૃઢ કરી દે છે. પણ તે નાનો છતાં ગુણમાં મોટો છે. ઉત્કર્ષ કહેનાર વાક્યો ગુણ કહેવાય. ભગવાન્ જગતના પ્રેરક છે, કર્તા છે, નિયન્તા છે, કાળચેષ્ટારૂપ છે. તે કયા ધર્મો છે કે જે તેનો ઉત્કર્ષ કરે છે? ત્યાં કહે છે કે વામનજીના ગુણો તેવા છે. તે મેખલાના ગુણ કહેતી વખતે કહેવામાં આવશે. ભગવાનને બ્રહ્માણ્ડરૂપ કહ્યા છે ત્યાં ઉરઃકંઠાદિરૂપે ઉપરના લોકને કહ્યા છે. તેમાં પોતે જ ચઢાઈ કરવી તે યુક્તિ સાથે બુદ્ધિમાં આવી શકતું નથી; તેથી બીજા ધર્મો બુદ્ધિમાં આવી શકે તેવા છે. સર્વરૂપ ભગવાન્ પોતાનું આક્રમણ કરે એ બુદ્ધિમાં ન આવે, તેથી બલિરાજાની પાસે પગ પ્રસારવો તે મારી ઇચ્છાથી તમે સ્વર્ગાદિ ભોગવનારા થયા છો. ખરી રીતે તો ચરણના અવયવરૂપ લોકના ભોગવનારા છો, તેને ઉપર આક્રમણ કરવું સ્વાભાવિક નથી. મેખલા ઉપરનીચેનો ભેદ બતાવનારી છે. **ऊर्ध्वं वै पुरुषस्य नाभ्यै मेध्यमवाचीनममेध्यं यन्मध्यतः सन्नह्यति मेध्यं चैवास्यामेध्यं च व्यावर्तयतीति श्रुतेः** (પુરુષની નાભિની ઉપર પવિત્ર છે, નીચેનો ભાગ અપવિત્ર છે. જે મધ્યમાંથી બાંધે છે, તેથી મેધ્ય અમેધ્યને નિવૃત્ત કરે છે.) તેથી મેખલા પવિત્ર અને અપવિત્ર ભાગનો પરિચ્છેદ બતાવે છે. તેથી દૈત્યો સ્વર્ગમાં જાય તે ઠીક નહિ, તેથી તેને ત્યાં જતા અટકાવે છે. તેથી યુક્તિથી અને ખરેખરી રીતે દૈત્યોનું ઉપર જવું સંભવિત નથી, વિશેષતાથી ફરવાનું સુતરામ્ અસંભવિત છે. વિશેષ તો એ કે ભગવાને ચરણ ઉપાડીને બીજે સ્થાપન કર્યો તેમાં કેટલાક લોક પડી ગયા તેને ત્યાં પડતા અટકાવી રાખ્યા. પાડનારી ક્રિયા પાળનારી બની તે આશ્ચર્ય કહેવાય. હવે બીજો વિશેષ કહે છે. પહેલામાં લોક અને પરમાર્થથી અલૌકિક કહ્યું. હવે પોતે યજ્ઞરૂપ થઈ યજ્ઞની સ્થાપના કરતાં યજ્ઞમાં વિઘ્ન કરે છે. એ વેદમાં પણ અલૌકિક છે. પોતે યજ્ઞના અધિદેવ છે. એમ સર્વ પ્રકારે બુદ્ધિમાં ન આવે તેવું નિરૂપણ કરીને હવે પોતાના સ્વરૂપથી અને સ્વભાવથી વિરુદ્ધ કરે છે તે કહે છેઃ પોતે વામન એટલે ઠીંગણા તે પોતે બહુ થોડી ભૂમિને પણ ટપી ન શકે. તે બધી પૃથ્વીને ટપી ગયા, તે મોટું આશ્ચર્ય. નમન કરીએ તો મેખલા કટિથી જુદી પડે, તે પણ ત્રણ ડગલાંમાં ત્રણ લોકનું

આક્રમણ કર્યું, ભગવાનને ત્રણ પગ તો નથી, છળથી ભ્રમ થાય. માન એટલે માપ લેવું હોય તો તેને અડકતું જાય તો માપ થાય. ભગવાને બુદ્ધિથી માપ કર્યું નથી. ચરણને તો બહાર કાઢયો, તેથી ચરણથી માપ્યું ન કહેવાય. તેથી ભગવાનને ત્રીજો પાદ છે એમ કલ્પના થાય છે. વામનજી બલિ સાથે વાકયો બોલ્યા તેમાં ભ્રમ કરે એવાં પદો બોલ્યા, તેથી લોકમાં બીજી રીતે સમજાય, તેથી ભૂમિની માગણી એ એક જાતનું છળ છે. માયા તે અસુરોનો ભગવાન્ છે તેથી ભગવાને સત્ય કહ્યું તે અસુરને છળ લાગ્યું, તેથી મૂળમાં 'છળ' શબ્દ કહ્યો છે. એમ ભગવાનના મોટા ગુણોનું નિરૂપણ કરીને તેમાં ભગવાને યાચના કરી તે દોષનું નિરાકરણ કરે છેઃ માગવું બે જાતનું છે—એક તો સેવક સ્વામી પાસે માગે, બીજું સ્વામી સેવક પાસે માગે. તેમાં સેવક માગે તો પ્રભુનો દોષ ગણાય, પણ પ્રભુ માગે તેમાં સેવકને દોષ ન લાગે. ખરી રીતે તો અહીં પ્રભુની યાચના છે. ખરી રીતે તો ધન પ્રભુનું છે તે બીજાની પાસે રાખ્યું છે, તે જોઈતું હોય ત્યારે તેની પાસેથી માગવું જ જોઈએ. પોતે જ તેને આપ્યું છે તો માગી લેવું એ રસ્તે ચાલવા જેવું છે. બળથી લેવું એ તો તે ન આપે તો તેમ થાય. તેમાં તેને સ્થાનથી ઉચ્ચાલિત ન કરાય. યાચના કરતાં ન આપે તો તેને ઉખેડી શકાય, તેથી ભગવાને ભૂમિ લીધી. તે ભૂમિના દૈત્યો જ સ્વામી હતા, તેથી તેને બાંધ્યો. એને ન બાંધે તો પાતાલાદિમાં તેનું સ્વામિત્વ હોવાથી તેનું ગ્રહણ ભગવાન ન કરી શકે; ન બાંધે તો બલિરાજા તેની ઉપર પોતાનો અધિકાર જમાવે; તેથી તેને બાંધ્યો છે. આથી છળનું સમર્થન કર્યું. એક અંશની યાચના કરી બે અંશ તેની પાસે ત્યાગ કરાવ્યા. ત્રણની યાચના એ છળ છે. सन्नियोगशिष्ट (સાથે હોવાથી) ત્રણની માગણી કરી છે. જો એમ ન કરે તો શેષાભ્યનુજ્ઞા થાય; અથવા બે ક્રિયા જ રહે; તેથી મેખલા (વામન) ભૂમિનું ગ્રહણ કરે તે યોગ્ય જ છે. (૧૭)

ત્યાં શંકા કરે છે કે ભગવાન્ ભક્તિમાર્ગવિરુદ્ધ કેમ વર્ત્યા? ભગવાનના ગુણો ભક્તિ કરાવનારા છે તેને ભક્તો જ ગાય છે, આદર કરે છે. ભગવાન ભક્તિ વિરુદ્ધ કરતા નથી એ શાસ્ત્રાર્થ છે, તેથી આ ચરિત્રને ગૌણપણું છે તોપણ બે પ્રકૃતોપયોગી ગુણવાળું ચરિત્ર છે તે કહે છેઃ

**नार्थो बलेरयमुरुक्रमपादशौच-**
**मम्भः शिखाधृतवतो विबुधाधिपत्यम् ।**
**यो वै प्रतिश्रुतमृते न चिकीर्षदन्य-**
**दात्मानमङ्ग शिरसा हरयेऽभिमेने ॥ १८ ॥**

**શબ્દાર્થઃ**—હે અંગ, ઉરુક્રમ ભગવાનના ચરણામૃતને પોતાના મસ્તક ઉપર

ધરનાર બલિ રાજાને ઈન્દ્રનું પદ ભાવિ તથા અત્યારે છે તે બન્ને ભગવાને આપ્યાં તે કાંઈ વધારે નથી, જેણે ત્રીજા પગને માટે ભગવાનને પોતાનું મસ્તક આપ્યું, જેને ગુરુએ રોકયો, શાપ આપ્યો તોપણ પોતાની પ્રતિજ્ઞાથી ડગ્યો નહિ તેને આ આપ્યું તે કાંઈ હિસાબમાં નથી.

**ભાવાર્થ**:—ભકિતનો વિરોધ ત્યારે આવે જ્યારે કાંઈ ભકિતથી પ્રતિકૂળ હોય. મેખલાથી કટિબંધન કરવું તે કટિસ્થાનને અનભિમત નથી. ભકતનું ધન ભગવાનના ઉપભોગમાં આવે તેનાથી ભકતને દુઃખ થતું નથી, કેમકે ભકતનું બધું ભગવાનને માટે જ છે. લોકરીતેથી તે વિરોધ જણાય તે તો દોષ નથી પણ ગુણ છે. પણ ભકત જો તેને વિરુદ્ધ માનતા હોય તો તેના મનમાં તે દોષ દૂર કરવો જોઈએ. અભિમાનવાળા ભકતોને પણ જે અભિપ્રેત હોય તે છોડાવવું એ તેના સુખને માટે છે. આ ભકત બલિરાજા પોતે જ બલિ એટલે પૂજારૂપ છે. તેને ઈંદ્રનું સ્થાન ભગવાને કૃપા કરીને આપ્યું તે તેનો પુરુષાર્થ કાંઇ ઉત્તમ ફલરૂપ ન ગણાય. પૂજા પણ સંબંધમાં ન આવે તો ભગવાનની પ્રીતિને સંપાદન કરનારી થતી નથી; તેથી દૈત્યોનો સંબંધ અહીંથી છોડાવવા માટે વિચાર કરી તેનો વિભાગ કરવો યોગ્ય છે. આ ત્રણલોક બલિરાજાના છે, પણ તેને અર્થરૂપ નથી. જો એમ હોય તો તેણે પહેલાં તે રાખ્યા કેમ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ પધારે ત્યારે તેના ચરણમાં ધરવા માટે બલિરાજાએ તેને સ્વીકાર્યા હતા. હમણાં તેણે ચરણ ધોયા અને ત્રણ લોક ચરણમાં ધરી દીધા, તેના ચરણનું જળ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું તેથી તેમાં ભગવદીયપણું આવ્યું; અથવા તેવા શરીરની પ્રાપ્તિ થવાની યોગ્યતા તેમાં આવી. ત્રણકક્ષા ઉપર પહોંચ્યો હોય તેને પહેલી કક્ષા પુરુષાર્થરૂપ ગણાતી નથી. ભગવાને તેને જબરીથી ત્રીજી કક્ષામાં લીધો નથી. આ (ભગવાન્) કાંઈ પ્રત્યાક્રમણને (પાછું લેવાને) ઇચ્છતા નથી. ભગવાન તો બલિની પાસે જ રહ્યા છે. પણ શ્રુતિના કથનનું પાલન કરવા માટે **स वै विष्णुक्रमान् क्रमेत य इमान् लोकान् भ्रातृव्यस्य संविज्य पुनरिमं लोकं प्रत्यारोहेद् इतिश्रुतेः, ये यथा मां प्रपद्यन्ते इत्यादि वाक्यात्** (તે ખરી રીતે વિષ્ણુક્રમનું આક્રમણ કરે છે જે આ લોકોને શત્રુ પાસેથી જીતી જે પોતે તે લોકથી પાછો આવે) (જે મને જેવી રીતે ભજે હું તેને તેમ ભજું છું એમ ગીતા કહે છે.) તેમ કરવાથી દાન સફલ થાય છે. પાત્રમાં દાન આપ્યું હોય તો તે અનંત ગુણવાળું થાય છે, તેથી અનન્ત બ્રહ્માણ્ડના આધાર ભગવાન બલિરાજાને સિદ્ધ થયા. તેથી પૂર્વે ત્રણ લોકનો સ્વીકાર કરેલો તે તેને ફલરૂપ નથી ગણ્યો. પ્રથમ ત્રણ લોકનું રાજ્ય મહાદેવજીને ભગવાને આપેલું, પછી તે તો ચરણોદક-(ગંગા)ને મસ્તક ઉપર સ્થાપન કરી ઐશ્વર્યાદિથી વિરકત થઈ ચરણનું જ ધ્યાન કરવા લાગ્યા. આ બલિએ પણ એમ જ કર્યું. ભગવાનના ચરણનું જળ

મહાદેવને પણ સરખું જ છે. જેમ બલિરાજાને ઇન્દ્રપદ અર્થરૂપ નથી તેમ મહાદેવને પણ નથી. તે બન્નેએ દાસ્ય માટે તેમ કર્યું છે તે ચરણોદકધારણને હેતુ કર્યો તેથી સિદ્ધ થાય છે. દાનાદિ તેને પુરુષાર્થ નથી, કારણ કે તે અન્યશેષ છે. જેણે પોતે કરેલો સંકલ્પ પાળવા માટે બહુ વિચાર કરેલો, છેલ્લે ત્રીજા પગને માટે પોતાનું માથું પણ આપ્યું, આવો માણસ ત્રિલોકની કામના ન કરે. ભગવાને એને જે કર્યું તે તેનું દૈત્યત્વ છોડાવવા માટે કર્યું. દેવોમાં સત્ય રહ્યું છે, દૈત્યોમાં ખોટું (અનૃત) રહ્યું છે, તે એના અનૃતને આણે સત્ય કર્યું ત્યારે તે સત્યમાં રહી ભગવદ્ધર્મને પ્રાપ્ત થયો. રૂપનો ભેદ પણ ન કર્યો; પોતાનો દેહ પણ ભગવાનને અર્પણ કર્યો. 'હે અંગ' એમ સંબોધન આપ્યું તેથી એમ કહ્યું કે તેની ઉપર ભગવાનનો સ્નેહ હતો. મસ્તકની સાથે આત્માનું સમર્પણ કર્યું; બ્રહ્મજ્ઞાનની સાથે દેહાર્પણ કર્યું, એમ સૂચવ્યું. આણે પોતાના દેહને મસ્તકની સાથે ભગવાનનો કર્યો. આ શરીર તો હવે ભગવાનનું કામ કરે નહિ, મારું કે બીજાનું કામ કરે, એ **अभि** શબ્દનો અર્થ કહ્યો. જેવો તેનો મનોરથ હતો તેવી તેને સિદ્ધિ થઈ, જેમ ભગવાનને આપેલું વસ્તુ બાંધીને તેને માટે રાખે છે તેમ ભગવાને બલિને બાંધીને રાખ્યો; એટલે ભક્તિમાં વિરોધ નથી. તેથી એ ગુણોને લઈને બલિને ભગવાનમાં મોટી ભક્તિ થઈ. એમ ન હોય તો જયવિજયની પેઠે તેને ભગવાન સાથે ઈર્ષ્યા થાય. તેથી એ બધા ગુણો હોવાથી વામન મેખલારૂપ છે. તે મેખલાથી વિભૂષિત સર્વત્ર તેનો ભક્તિમાં ઉપયોગ, તેથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહમાં તેનું ફલ છે. (૧૮)

હવે 'अङ्गुलीयकैर्विभूषितम् એ વિશેષણના અવતારનું કથન કરે છે:

**तुभ्यं च नारद भृशं भगवान् विवृद्ध-**
**भावेन साधु परितुष्ट उवाच योगम् ।**
**ज्ञानं च भागवतमात्मसतत्त्वदीपं**
**यद्वासुदेवशरणा विदुरञ्जसैव ॥ १९ ॥**

**શબ્દાર્થ**:—હે નારદ, તમારા વધતા ભાવથી ભગવાને તમારી ઉપર પ્રસન્ન થઈને યોગ તમને કહ્યો. ભાગવતજ્ઞાન પણ તમને ભગવાને આપ્યું, જેને ભક્તો જલદીથી જાણી જાય છે.

**ભાવાર્થ**:—અંગૂઠીઓ દસ અથવા વીશ થાય છે. આંગળીમાં પહેરવાનું ઘરેણું જેને વીંટીઓ કહે છે. જેટલાં નારદે જોયાં તેટલાં ભગવાનનાં રૂપો છે. નારદ પ્રત્યે ભગવાનના અવતારો **दर्शनं यान्ति चेतसि** એ વાક્યથી અનન્ત અવતારો છે. અંગુલીયકો ચાર હાથમાં વીશ આવે. જો ભગવાનને અનન્ત ભુજાવાળા ગણીએ તો વીંટીઓ અનંત જોઈએ. તે નારદે અને નારદ જેવા

બીજાએ જોયેલી છે. તેને અંગુલીયક કહ્યું તે અવયવના અંતમાં તેનો ઉપયોગ થાય છે. તે ભક્તો સંસારના છેડે બેઠા હોય છે. તેથી સર્વાત્મા ભગવાનના ભક્તો અંગુલીનાં ઘરેણાંરૂપ છે. તે આંગળીઓ સર્વ શરીરની ઉપકારક છે. સર્વકામ તેનાથી જ થાય છે. તે મહાધનવાળાં છે તેથી તે અંગુલીયક બહુ કીમતી છે. તે ધન શું છે તે આગળ અમે કહીશું. હે નારદ, તમારા ઉપયોગ માટે અને બીજાના ઉપયોગ માટે ભગવાને તમને યોગ કહ્યો, કારણ કે તમારી ઉપર બહુ ખુશી થયા તેથી તે યોગ પણ કીમતી છે. કોઈ રીતે રાજી ન હોય તે પોતાનું મૂલ્ય ન આપે. ચાર આંગળી અને એક અંગૂઠો તે ચાર આંગળીના સમાન વીર્યવાળો એક અંગૂઠો થાય છે. અંગૂઠાનું મૂલ્ય ભક્તિ છે. યોગ જ્ઞાન સેવા અને શારીર જ્ઞાન એ ચાર આંગળીઓનાં મૂલ્ય છે. ચારથી ભક્તનું હિત કરનાર ભક્ત પમાય છે. ભક્તિથી પણ તે જ પ્રાપ્ત થાય છે. તે નિરંતર ભાવ વધવાથી નિરંતર શ્રવણાદિમાં તે તે માર્ગથી પ્રીતિ થાય તે બધા હૃદયને પૂર્ણ કરી દે અને જયારે ઉભરાય ત્યારે બહાર તે પ્રેમનો અનુભવ થાય છે ત્યારે તે વધ્યો કહેવાય. તેનાથી ભગવાન પ્રસન્ન થાય છે. ગુણો અને ભગવાન્ ઊંડા ઊતરવાના સ્થાનરૂપ છે. તેથી સારી રીતે ભગવાન રાજી થયા. રાજી થયા પછી પણ ભક્તિનો પ્રવાહ વહેતો રહ્યો. તેથી સારીરીતે ભગવાનને સંતોષ થયો, અપરિતોષ ન રહ્યો. તે સંતોષ તો નિત્ય થયો તે એટલો વધ્યો કે તેનો અને તેના સંબંધીનો પણ તે ઉદ્ધાર કરે; ત્યારે ભગવાને તમને યોગ કહ્યો. યોગ એટલે ઉપાય. જે ઉપાયથી ભગવાનનાં દર્શન થાય. બહાર દર્શનમાં તો ભક્તિ જ કારણ છે. અંદર દર્શનનું કારણ યોગ છે. વિદ્યમાન દર્શનમાં બે કારણઃ એક તો ભગવાનનું જ્ઞાન અને જીવોને આત્મતત્ત્વનું દર્શન કરાવવું. ચકાર છે તેથી બ્રાહ્મજ્ઞાન પણ દર્શનમાં કારણરૂપ છે. બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન બ્રહ્મમીમાંસામાં કહ્યું છે. ભગવાન નિર્ધર્મક અને સર્વધર્મવિશિષ્ટ પોતાની મેળે પ્રકટ થાય છે. ભાગવતથી પુરુષોત્તમ જ્ઞાન થાય છે અથવા પુરુષોત્તમજ્ઞાન તે જ ભગવાનનું જ્ઞાન છે. જીવનું તત્ત્વ શુદ્ધ ચૈતન્યરૂપ છે. તેનો પ્રકાશ સ્વતઃ પ્રકટ થવાથી અથવા વૃત્તિજ્ઞાનથી થાય છે. તે જ્ઞાન જ દીપ છે; તેની સાથે એ આત્મસતત્ત્વ-દીપ કહેવાય; બ્રહ્માત્મજ્ઞાન કહેવાય. ચકાર છે તેનાથી ક્રિયાયોગ પણ લેવો. તેનું ફલ એમ આગળ કહેવામાં આવશે. ત્યાં શંકા કરે છે કે યોગ યજ્ઞ જ્ઞાનાદિ તો પ્રથમથી સિદ્ધ છે; બહુ લોકોએ તેનો પ્રકાશ પણ કરેલો છે; તેને માટે ભગવાનના અવતારની શી અગત્ય છે? તેના ઉત્તરમાં કહે છે કે નારદને માટે ભગવાને જે પંચરાત્રાદિ કહ્યાં તે એવાં છે કે વાસુદેવના આશ્રયવાળા ભક્તો વાસુદેવ જેના અધિષ્ઠાતા દેવ છે તેને શરણ જવા માત્રથી તપ આદિના અભાવમાં પણ તરત સુગમ માર્ગથી ભગવાનને જાણી શકે છે. આશ્રયમાત્રથી

સુગમતાથી તેને જાણવામાં આવે છે. અથવા ભગવદ્‌ભક્તો ભગવત્પરાયણ હોવાથી કર્મયોગ જ્ઞાનને માનતા નથી તેને માટે ભગવાને. તે કહ્યાં છે. ભગવાને કહ્યાં એટલે પરમશ્રદ્ધાથી તેમાં પ્રવૃત્ત થાય છે; તે માર્ગમાં ચાલતો કૃતાર્થ થાય છે. એમ ન રહે તો ગેરરસ્તે ચાલતાં ગાંડા બને છે, કેમકે ભક્તિમાં મદ કરવાનો ગુણ છે. એટલા માટે ભગવાન્ ભક્તિનાં સાધક શાસ્ત્રોને કહે છે. (૧૯)

नूपुरङ्कणादिभिर्विभूषितम् એ વિશેષણનું નિરૂપણ કરે છે, चक्रं च એ શ્લોકથી. અહીં 'આદિ'શબ્દ કહ્યો છે, તેથી બાર અંગનાં ઉપયોગી આભરણો લેવાનાં છે. તેમાં પગનાં નૂપુર અને હાથનાં કંકણોવડે ધ્યાન કરવું, તેમ કંઠનાં અને મુકુટ વગેરે મસ્તકનાં આભરણો છે તે બધાં બાર અંગને લીધે બાર ભાગમાં વહેંચાયાં છે, તે મન્વન્તરના અવતારરૂપે છે; જોકે મેખલા અને વનમાળાનું કથન આમાં આવવું જોઈતું હતું; તો જ મનુની સંખ્યા પ્રમાણે ૧૪ થાત; તોપણ તે બંનેમાં વિશેષ પ્રયોજન હોવાથી તેને જુદાં કહ્યાં છે. આને પણ महाघ्नानि એવું વિશેષણ આપ્યું છે તેથી સર્વમન્વંતરમાં ભગવાન્ યોગાદિકનો ઉપદેશ કરે છે એમ સૂચવ્યું છે. તે જ હવે કહે છે:

चक्रं च दिक्ष्ववहितं दशसु स्वतेजो
मन्वन्तरेषु मनुवंशधरो बिभर्ति ।
दुष्टेषु राजसु दमं व्यदधात्स्वकीर्तिं
सत्ये त्रिपृष्ठ उशतीं प्रथयंश्चरित्रैः ॥ २० ॥

**શબ્દાર્થ:**—મન્વંતરમાં મનુવંશને ધારણ કરીને દશ દિશામાં પોતાની આજ્ઞારૂપી ચક્રને ફેરવે છે, દુષ્ટ રાજાઓને દંડ આપે છે અને પોતાની કીર્તિને જન તપ સત્યલોક સુધી પોતાનાં ચરિત્રોથી પ્રસિદ્ધ કરીને જ પ્રજાનું પરિપાલન કરે છે.

**ભાવાર્થ:**—મન્વંતરમાં ભગવાન્ પોતાના તેજ (પાલનસામર્થ્ય)ને ધારણ કરે છે; સર્વમન્વંતર ને તેનાં અંગો છ છે તેની સાથે પાલન કરે છે. ત્યાં શંકા: કરે છે કે મનુના વંશજો તો વિદ્યમાન છે તો સર્વાંશે ભગવાનને પાલન કરવાની શી જરૂર છે? તેના ઉત્તરમાં કહે છે કે મનુના વંશને ભગવાન જ ધારણ કરે છે. મન્વન્તરમાં ૭૧ ચતુર્યુગ–કાલ જાય છે. તેમાં કલિયુગમાં શૂદ્રાદિભાવ થતાં તેનો નાશ થાય છે, તેથી ભગવાન જ તેને પાળે છે. देवापिः शंतनोरासीन्मरुश्चेक्ष्वाकुनन्दनः (ભા. ૧૨–૨–૩૭) તેમને ભગવાને પુનઃ શિક્ષા આપીને લોકરક્ષણાર્થ બેસાડયા તેમ ભગવાન જ મનુની શિથિલતામાં પૃથ્વીને પાળે છે. ઋષિ વગેરે વિદ્યમાન હોય તો ભગવાનને પાળવાનું કામ માથે કેમ આવે? તેના ઉત્તરમાં કહે છે કે તે ચાર પ્રકારના છે, મનુ–ઋષિ–દેવ–ઈન્દ્ર ભેદથી. તે પોતે સ્વરૂપથી

રહે છે પણ આજ્ઞામાં રહેતા નથી. તેથી કહે છે કે તે મુનિઓને ભગવાન્ આજ્ઞા ચક્રરૂપ ધારણ કરીને કરે છે, કેમકે **सर्वे पुरुषशासनाः** પુરુષના હુકમમાં બધાને રહેવું પડે છે. **च**કાર છે તેથી સ્વતન્ત્રતાથી પણ ભગવાન્ પાલન કરે છે. **आज्ञा** એટલે સેનાને લોકનિયમન માટે રક્ષામાં સહાયતાને માટે રાખે છે. તે આજ્ઞારૂપી ચક્ર દશદિશાઓમાં ભગવાન સ્થાપન કરે છે. જેને જ્યાં રાખવો ઘટે તેને ત્યાં રાખે છે. તેનું વિશેષ કાર્ય એ છે કે જે પાલક દોષ કરે છે તેને દંડ આપે છે; તેથી લોકની રક્ષા કહી. એમ લોક અને વેદની રક્ષા કહીને ભક્તિની રક્ષાને કહે છેઃ જેમ પૃથ્વીને પાતાળમાંથી ઉઠાવીને કમળના પત્ર ઉપર મૂકી તેમ ત્રણલોકમાં પોતાની કીર્તિ હતી તેને ત્રણલોકના પૃષ્ઠભૂત સત્યલોકમાં પહોંચાડી. અહીંથી લઈને ત્યાં પહોંચાડવાનું કારણ કે તે કીર્તિ સુંદર હતી. તે અહીં હતી ત્યાંસુધી પ્રાકૃતધર્મ અને પ્રાકૃતબુદ્ધિથી તે કીર્તિ જળમાં ડૂબી હોય તેવી હતી. જળમાં ડૂબે તે શુદ્ધ થાય, તેને સત્યલોકમાં પહોંચાડી. સત્યલોકના જીવોને ઉપકાર કરવા માટે જ્ઞાન અને ભક્તિવાળાં ભગવચ્ચરિત્રો ત્યાં ગવાય છે. ત્યાં રહેલા બધા ભગવાનને જાણે છે. તેથી ભગવાન સર્વલોકમાં વિખ્યાત છે, તે તેના અવયવના ઘરેણારૂપ થાય છે. 'આદિ'શબ્દ કહ્યો છે તેથી મન્વંતરોમાં ભગવાનના ઘણા અવતારો થાય છે, એમ પણ તેનાથી સૂચના કરવામાં આવી છે. (૨૦)

હવે **स्निग्धामलैः कुञ्चितनीलकुन्तलैः विरोचमानाननहासपेशलम्** એ વિશેષણના અવતારોને **धन्वन्तरिः** ઈત્યાદિ પાંચ શ્લોકથી કહે છે. કુંતલના ધર્મો અને કુંતલોથી શોભાયમાન મુખ છે તે મુખ હસવાથી ભગવાન્ સુંદર લાગે છે. તેમાં હાસપેશલ શ્રીરઘુનાથજી તે હાસનો અવતાર છે. સર્વને મોહ કરે તેવા સુંદર છે. તેનું કાર્ય ગુપ્ત છે તે આગળ કહેવામાં આવશે. કુંચિતનીલ-કુંતલરૂપ પરશુરામ છે. તેણે ઘણાં ચરિત્રો કર્યાં તેથી તે અનેકરૂપવાળા છે. તે કુંતલમાં રહેલો ધર્મ સ્નેહ અને શુદ્ધિ તે રૂપ ધન્વંતરિ છે. તેણે અમૃત આપ્યું અને વૈદ્યકશાસ્ત્ર આપ્યું, તેથી સર્વને સ્નેહવાળા અને શુદ્ધિવાળા કર્યા. દેવો લૂખા હતા તેને ભગવાને અમૃત આપીને સ્નેહવાળા કર્યા. વૈદ્યક શાસ્ત્રથી શરીરની શુદ્ધિ થાય છે તે વાત તો પ્રસિદ્ધ જ છે. તેમાં વિવાદને સ્થાન નથી. બન્નેનાં કાર્ય, પૃથ્વી ઉપર આવે તો થાય. તેથી તે હતા ત્યાં રઘુનાથજી પધાર્યા. તેવા મુખમાં હાસ્યરૂપ ભગવાન્ છે. જે ભગવાનના હાસ્યથી કામ થાય તે રઘુનાથજી કરે. તેમાં ભગવાનનું મુખ તો ધર્મના આધારરૂપ બ્રાહ્મણો છે. તેમાં **आरोग्ये धर्मसिद्धिः स्याद्रक्षा च धनुषो भवेत्** (શરીર નરવું હોય તો ધર્મસિદ્ધિ થાય, અને ધનુષથી રક્ષા થાય.) તેથી ધન્વંતરિ અવતર્યા તેનું ચરિત્ર કહે છેઃ

**धन्वन्तरिश्च भगवान् स्वयमेव कीर्ति-**
**नाम्ना नृणां पुरुरुजां रुजमाशु हन्ति ।**
**यज्ञे च भागममृतायुरवाप रुद्ध-**
**मायुश्च वेदमनुशास्त्यवतीर्य लोके ॥ २१ ॥**

**શબ્દાર્થ:**—મહારોગી લોકોના રોગોને નામ લેવા માત્રથી રોગમુક્ત કરે છે એવી ધન્વતરિની મોટી કીર્તિ છે. કીર્તિરૂપ જ સમજો. યજ્ઞમાં તેનો ભાગ અટકાવ્યો હતો તે તેમણે મેળવ્યો. તેમણે લોકમાં આયુર્વેદ શાસ્ત્રની પ્રવૃત્તિ કરાવી એથી લોકોને મરતા બચાવ્યા, અમૃત કર્યા.

**ભાવાર્થ:**—ધન્વન્તરિ દેખીતી રીતે ઉપકારક હોવાથી પોતે જ કીર્તિરૂપ છે. **चकार** છે તેથી તેનું સ્ત્રીરૂપ પણ છે. બન્ને ભગવાન્ છે. તેનો ધર્મ કીર્તિ થવો જ જોઈએ, તોપણ સ્વયં કીર્તિરૂપ છે. તેનો ધર્મ જ માત્ર કીર્તિરૂપ નથી. તે મોટા રોગીઓના રોગોને નામ માત્રથી જ મટાડે છે. ધન્વન્તરિ નામનું સ્મરણ કરવાથી જ બધા રોગ ચાલ્યા જાય છે. માણસને રોગ થવાનો સંભવ હોવાથી **नृणाम्** કહ્યું, અથવા નામનો ઉચ્ચાર મનુષ્ય જ કરે. ખરી રીતે તો શાસ્ત્રમાં રોગના ઉપાયો લખેલા તે કરવાથી બધાના રોગો મટે છે. તેનું નામ પણ શાસ્ત્ર છે. જે દેવો ઉપકાર કરનાર છે તે વાયુ વગેરેના યજ્ઞમાં ભાગ ઠરાવેલા છે, તેમ આણે પણ આરોગ્યરૂપ ધર્મ કર્યો તેથી તેને યજ્ઞમાં ભાગ મળ્યો. **बर्हिरनुप्रहरतीति वाचि स्वाहा** એ મંત્રથી દર્ભથી અનુપ્રહરણ કર્મ કરાય છે. તેમાં વાણીનું દેવતાત્વ 'શાંતિ'થી છે,[1] એ ફલથી સંભવતું નથી. તેથી ધન્વન્તરિએ કહેલી વાણી ભાગ માગે છે, તેથી ધન્વંતરિનો યજ્ઞમાં ભાગ થયો છે. ભાગ રોકાઈ ગયો હતો તેથી પહેલાં દર્ભનું હથિયાર બનતું નહિ હોય એમ જણાય છે. **न बर्हिरनुप्रहरेत्** એમ અગ્નિહોત્રમાં તેના અનુપ્રહારનો નિષેધ છે. મોત વખતે તેનું અનુપ્રહરણ થાય છે. સારી રીતે રહેવું તે આરોગ્ય હોય તો રહેવાય, તેથી બર્હિ જ તેનો ભાગ છે. બીજું હોય તો તે વિચારણીય છે. અથવા બીજી શાખાઓમાં તેની સ્પષ્ટતા હશે. તેમણે આયુર્વેદ કર્યો. જ્યાં મથનથી પ્રકટ થયા ત્યાં જ તિરોધાન થયું. પછી કાશીરાજાને ત્યાં અવતરીને **धन्वन्तरिर्दैर्घ्यतमः** એમ કહ્યું છે તે ત્યાં જન્મ્યા અને તેણે આયુર્વેદ કર્યો. **चकार** છે તેથી બીજા પણ ગ્રંથો કર્યા. આ અવતાર ધર્મરૂપ છે, આને ધર્મીપણું નથી. તેનો ઔષધાદિદ્વારા પરંપરાથી ઉપયોગ છે. (૨૧)

હવે કુંતલના સ્વરૂપને કહે છે:

૧ વાણી તો શાંત છે તેને ફલ કોઇ ન આપે, કેમકે બોલવા માત્રથી ફલ મળતું નથી પણ ધન્વન્તરિની વાણી બોલવા માત્રથી ફલ આપનારી હોવાથી તે માટે તેને ભાગ આપ્યો.

क्षत्रं क्षयाय विधिनोपभृतं महात्मा
ब्रह्मध्रुगुज्झितपथं नरकीर्तिलिप्सु ।
उद्धन्त्यसाववनिकण्टकमुग्रवीर्य
त्रिःसप्तकृत्व उरुधारपरश्वधेन ॥ २२ ॥

**શબ્દાર્થ**:—દૈવે ક્ષત્રિયોના ક્ષય કરવાની ઇચ્છા કરી ત્યારે તે બ્રાહ્મણોનો દ્રોહ કરવા લાગ્યાં; નરકના ભોગ ભોગવવાની ઇચ્છા કરતા થયા; વેદમાર્ગને છોડતા થયા; પૃથ્વીને કંટકરૂપ બન્યા; ત્યારે મહાત્મા પરશુરામે તે ક્ષત્રિયોનો ફરસીથી એકવીશ વાર નાશ કર્યો.

**ભાવાર્થ**:—કુંચિતનીલત્વ એ કુંતલનો ધર્મ છે. કુંચિત એટલે વાંકડિયા. નીલ એટલે શ્યામતા. ક્ષત્રિયોને મારે તે કુટિલતા. ભૂમિના કંટકનો ઉદ્ધાર કરે તે તેમાં શ્યામતા છે. અથવા ચાર વિશેષણવિશિષ્ટ કુંતલ એ ધન્વંતરિ છે, કેમકે અમૃત તે લાવ્યા. તેથી તે સ્ત્રી બન્યા; તેથી યજ્ઞભાગને ભોગવ્યો અને અવતાર ધર્યો તે ચાર વિશેષણથી તે વિશિષ્ટ છે. મથન કરતાં પ્રકટયા તેથી શ્યામતા. સ્ત્રી રૂપ ધર્યું તે કુટિલતા. યજ્ઞભાગ ભોગવ્યાથી અમલતા. આયુર્વેદ કરવાથી સર્વમાં સ્નેહ બતાવ્યો. પોતે ઘણા અવતાર લીધા તેથી બહુવચન કહ્યું છે. મુખપણું પરશુરામને છે. તે અગ્નિનો અવતાર છે, તેથી બધા ક્ષત્રિયના ભક્ષક છે. ધર્મની રક્ષા કરવાથી વિશેષ રોચમાન છે. ક્ષત્રને વિધિએ ક્ષય થવા વધાર્યું અથવા પોતાની પાસે રાખ્યું, જેમ પશુને પાસે રાખે છે તેમ. भवाय नाशाय એ શ્લોકમાં કહ્યા પ્રમાણે મારવા માટે જ ભગવાને ક્ષત્ર ઉત્પન્ન કર્યું છે, તેથી જ તેમણે બ્રાહ્મણનો દ્રોહ કર્યો. બ્રાહ્મણોનો દ્રોહ ક્ષત્રિયો કેમ કરે ? ત્યાં કહે છે કે પોતાનો માર્ગ તેઓએ છોડયો. સન્માર્ગ છોડવાથી બ્રાહ્મણનો દ્રોહ કરવાની તેની બુદ્ધિ થઈ. તેમ થયું હોય તો સન્માર્ગ બતાવી તેને પાછા ઠેકાણે લાવવા જોઈએ! તેના ઉત્તરમાં કહે છે કે એવું તો ભાગ્ય હોય તો થાય ને આ તો નરકના દુઃખોનો અનુભવ કરવાની ઇચ્છા કરે છે, પરલોકના દુઃખને કબૂલીને પણ ખરાબ માર્ગે ચાલવું છે, તેને સદ્બોધ કામનો નહિ. તેને બોધ આપવાથી તે અટકે નહિ; માટે ભગવાન તેને મારીને દૂર કરે છે. આથી જે ભાગ તેનો અપવિત્ર છે તેને શુદ્ધ કરે છે એ સૂચન કર્યું, કેમકે ભગવાન્ મહાત્મા છે. તેને થોડો દ્રોહ કાંઈ કરે તે પણ પ્રયોજન માટે કરે તો તે મહાત્માના હૃદયને બાધા કરતો નથી. મૂઢ લોકો દૃષ્ટમાં વિશ્વાસ રાખે છે; મહાત્માઓ તો છેવટમાં તેનો અંત શેમાં આવશે તે જોનારા છે. આ પરશુરામ યજ્ઞ કરનાર છે તે જ આ ક્ષત્રિયોનો નાશ કરે છે. તે મારવાલાયક જ છે, કેમકે પૃથ્વીના તે કંટકરૂપ છે. પૃથ્વી ભગવાનના ચરણરૂપ છે. બધા પોતાના

પગમાં કાંટો વાગે તેને કાઢવાનો પ્રયત્ન કરે. જો કે તે સર્વાત્મા છે તેથી કાંટાની વ્યથા તેને થાય તોપણ તે ઉગ્રવીર્ય છે. ક્રૂરતા દેખાડ્યા વગર કંટકોદ્ધાર થઈ ન શકે તેથી તે નિર્દય ન કહેવાય. સાત વાર નાશ કર્યો ત્યારે પૃથ્વી નિષ્કંટક થઈ. પુનઃ બ્રાહ્મણોથી તેમને ઉત્પન્ન કરાવી ફરીને સાતવાર માર્યા, તેવી રીતે ત્રીજી વખતે પણ માર્યા. તે પણ તીખી ધારવાળી ફરસીથી માર્યા, શસ્ત્રથી મારે તે પરલોકને માટે. પરશ્વધ એટલે ફરસો (કુવાડો). ધાર તીખી તેથી બહુધા પછાડ્યો તોપણ તેની ધાર ખરી નહિ, તેથી મારવામાં પરશુરામને પરિશ્રમ નથી પડ્યો એમ પણ કહેવામાં આવ્યું. (૨૨)

હાસપેશલત્વનું નિરૂપણ કરે છે:

> अस्मत्प्रसादसुमुखः कलया कलेश
> 　　इक्ष्वाकुवंश अवतीर्य गुरोर्निदेशे ।
> तिष्ठन् वनं सदयितानुज आविवेश
> 　　यस्मिन् विरुध्य दशकन्धर आर्तिमार्च्छत् ॥ २३ ॥

**શબ્દાર્થ**:—અમારી ઉપર કૃપા કરવામાં તત્પર એવા રામચંદ્રજી પોતાના અંશો સાથે માયાના પતિ પ્રકટ્યા; ગુરુ એટલે પિતાની આજ્ઞાથી સીતા અને લક્ષ્મણને સાથે લઇ વનમાં ગયા, જેની સાથે વિરોધ કરીને રાવણે પોતાના સર્વસ્વનો નાશ કર્યો.

**ભાવાર્થ**:—હાસના ૩ પ્રકાર છે: બીજાનો ગર્વ મટાડનાર, બીજાને મોહ કરનાર, અને ત્રીજો કૃપા કરનાર. તેમાં કૃપા કરનાર હાસને કહે છે કે રઘુનાથજીનાં ચરિત્ર અનન્ત છે, તથાપિ હાસમાં ઉપયોગી ત્રણગુણના કાર્યરૂપ ત્રણ ચરિત્ર જ ઉપલક્ષણ વિધિથી અહીં કહેવાય છે. તેમાં પ્રથમ સાત્વિક ચરિત્ર કહે છે. બ્રહ્માદિ ઉપર કૃપા કરવા પ્રસન્નમુખવાળા છે. આથી બ્રહ્માની પ્રાર્થનાથી ભગવાન્ પધાર્યા છે એ કહ્યું. કલા એટલે પરમ કાંતિ અથવા સીતાની સાથે પ્રકટ્યા. જે સર્વ કલાનિધિ વૈકુંઠવાસી તે જેની કલાથી થાય છે. હાસ તો થોડું કામ હોય ત્યાં થાય છે. તેથી લોકરક્ષા એ અલ્પકાર્ય છે. તેને માટે ભગવાનની કોઈ કળા વૈકુણ્ઠમાં રહીને સર્વનું પાલન કરે છે, તેથી ભગવાન રઘુનાથ પૂર્ણરૂપે પ્રકટ્યા છે. કલા એટલે ઋષિ વગેરે લેવા. તેમને જ્યારે સંકટ પડયું ત્યારે ભગવાન તેના પતિ હોવાથી, આ સ્વરૂપથી તે તેનો નિસ્તાર કરવો એમ ધારી પોતે પધાર્યા એ સૂચના કરી. અથવા કલા સંકર્ષણાદિ તેના ઈશ પોતે વાસુદેવ પ્રકટ્યા. સર્વ કળામાં નિપુણ લક્ષ્મીની સાથે પ્રકટ્યા છે; ત્યારે જ સુંદર દેખાયા. તે ભગવાન્ ઈક્ષ્વાકુના વંશમાં પ્રકટ્યા. ઈક્ષ્વાકુ ભક્ત હતા તે વાત નૃસિંહ પુરાણમાં પ્રસિદ્ધ છે, જેને માટે બ્રહ્માના સ્થાનમાંથી

શ્રીરંગજી પધરાવ્યા છે. તેનો ઉદ્ધાર કરવા તેના કુલમાં પ્રકટયા. દેવના હિતનું કાર્ય કરવું, ધર્મજ્ઞાનાદિ સહિત પધારવું, પોતે પધારી ભક્તોનો ઉદ્ધાર કરવો, ગુરુની આજ્ઞા માની વનવાસ કરવો, ઈત્યાદિ સાત્ત્વિક કાર્યો તેનો અનુભાવ તો રાવણે વિરોધ કર્યો તેને માર્યો તે છે. સત્ત્વનો વિરોધ આવે ત્યાં તપનો લય થાય તે યોગ્ય કહેવાય. ગુરુ દશરથ તેની આજ્ઞામાં પોતે વર્ત્યા. વ્રત પાળે તેમ આજ્ઞા પાળી. તેને વનમાં કાંઇ કામ નહોતું છતાં વનમાં તેમની આજ્ઞાથી રહ્યા, તેથી વનને કર્મ કહ્યું; એટલે વસવું એ જ કામ હતું. સીતા અને લક્ષ્મણની સાથે વનમાં રહ્યા. **कलया कलेशः** ઇત્યાદિથી જેટલા આવ્યા તેટલા વનમાં ગયા. અથવા વનમાં તેમને કોઇની સહાયની જરૂર ન પડી. બહુકાલ ત્યાં રહ્યા તેથી **आविवेश** એમ કહ્યું. આથી જ જે રઘુનાથની સાથે રાવણે નિમિત્ત માત્ર વિરોધ કર્યો તે વિરોધના કારણ ભગવાન્ ન હતા. ભગવાન્ વિરોધ કરી તેના વિરોધમાં નિમિત્ત થયા. તે વૈરના પોતે પ્રયોજક ન હતા. તે રાવણે રઘુનાથજી સાથે વિરોધ કર્યો ત્યારે તે દશમાથાવાળો હતો તોપણ મર્યો. મોટાપણું કે બહુપણું હોવાથી વિસ્તાર થતો નથી એ તેનાથી બતાવ્યું. આર્તિ એટલે પીડા અથવા શોક ચિન્તા વગેરે લેવાં. ત્રણ કાર્ય માટે વનવાસ કર્યો હતો. દેવની કામના રાવણ મારવાની હતી તેથી સીતાને સાથે લીધા; તેનું હરણ કરવાથી તેને માર્યો ઈન્દ્રજિતને જીતવા માટે લક્ષ્મણને સાથે લીધા હતા. આ બધો દેવનો સંકલ્પ પૂરો કર્યો; નહિ તો સ્ત્રી સાથે પુરુષનો વનવાસ મુખ્ય ન ગણાય. પુરુષ સાથે સ્ત્રીનો વનવાસ પૂર્ણ ન કહેવાય; તેથો ભગવાનને રાવણે વિયોગ કરાવ્યો તે વિરોધથી દેવનું કાર્ય ભગવાને કર્યું. પહેલું દુઃખ તો ખરાદિ રાક્ષસોને માર્યા ત્યારે થયું. (૨૩)

એમ ભગવાનનું સાત્ત્વિક ચરિત્ર કહીને હવે રાજસ ચરિત્ર કહે છે:

**यस्मा अदादुदधिरूढभयाङ्गवेगो**
**मार्गं सपद्यरिपुरं हरवद्दिधक्षोः ।**
**दूरे सुहृन्मथितरोषसुशोणदृष्ट्या**
**तातप्यमानमकरोरगनक्रचक्रः ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—શિવજીની પેઠે શત્રુના પુરને બાળવાને રામચંદ્ર સમુદ્ર કિનારે આવ્યા ત્યારે સ્ત્રીના વિયોગથી જેની લાલ આંખ થઈ છે તેવા રામની દૃષ્ટિ પડવાથી સમુદ્રનાં માછલાં મગર કરચલા વગેરે તપવા લાગ્યાં, એવા સમુદ્રને ભયથી અંગમાં કંપ થયો; એવી સ્થિતિમાં તેણે ભગવાનને રસ્તો આપ્યો.

**ભાવાર્થ**:—સમુદ્રે જેને માર્ગ આપ્યો. સમુદ્રના શરીરમાં ભય પેસી ગયો, તેથી અંગમાં કંપ થયો. અથવા ભય એટલે મૃત્યુ, તેનાં અંગો શોષ

વગેરે એથી તે મરવા જેવો થઈ ગયો. તે જ વખતે શત્રુના પુર લંકામાં હરની પેઠે અથવા મહાદેવ સહિત લંકાને બાળવાને ઇચ્છતા, જેના સુહૃદ્ (સીતા અથવા ભરત) દૂર છે તેનાથી ક્રોધમથનથી લાલ આંખો થઈ, તેનાથી અત્યંત તાપ પામતા મગર વગેરેનો સમુદાય જેમાં છે એવો સમુદ્ર કહ્યો. અહીં એવી વાત છે કે રાવણ જ્યારે સીતાને લઈ ગયો ત્યારે રાવણને મારવા રઘુનાથજીને લંકામાં આવવું પડે તેને સમુદ્ર વચમાં વિઘ્નરૂપ હતો. તે તો સૂર્યવંશીઓએ કરેલો તેથી તેમાં પગ ન મુકાય, તેથી સમુદ્રને કાંઠે ભગવાન્ પ્રાયોપવેશ કરી બેઠા. તેમણે વિચાર કર્યો કે અમારા વંશીઓએ સમુદ્ર કર્યો તે અમને ઊતરવાનો ઉપાય ન જાણે તો તે રાક્ષસોને ક્યાંથી મારી શકે ? માટે રામચંદ્ર અહીં જ રહે તો ઠીક એમ સમુદ્રે વિચારી કાંઈ ન કર્યું. ત્યારે ભગવાને તો બાણ ધનુષમાં સાંધ્યું. તે વખતે તેમનાં નેત્ર લાલ થઈ ગયાં, તેથી સમુદ્રને ડર લાગ્યો, તેથી તેણે માર્ગ કાંઇ પ્રીતિથી આપ્યો નથી. ભગવાનનું માહાત્મ્ય જણાવવા માટે ભયાદિક તેમાં પેઠાં ત્યારે સમુદ્રે માર્ગ આપ્યો. પોતાનો ભકત જાણી મહાદેવ જો રાવણને સહાય કરે તો મહાદેવ સાથે લંકાને બાળવી. એથી રાવણવધ તો સાધારણ છે. પુરને જ બાળવું એટલે સુધી વિચાર કર્યો, કેમકે સીતા જે નગરમાં રહ્યાં છે તે દુઃખ ભોગવે છે ત્યાં બધાંને દુઃખ થવું જોઇએ. ભગવાનને પોતાનાં સુહૃદો દૂર હતાં તેનું દુઃખ હતું. જો દહીંને મથ્યું ન હોય તો ક્યાંય ઘાટું પાણી ક્યાંય મઠો એમ રહે, પણ મથન કરીએ તો એકરૂપતા થાય. એની પરીક્ષા કરવા માટે તેનું હિત કરવા માટે અથવા પરમાર્થથી પહેલાં બહુ વિચાર કરતાં સીતાનો ઉદ્ધાર મુખ્ય કર્તવ્ય હોવાથી રોષને પ્રતિબંધ કરે એવો વિવેક રામના મનમાં ન આવ્યો. એ બતાવવા **मतिथ** પદ કહ્યું છે. રામની દૃષ્ટિ માત્રથી સમુદ્ર તપી ગયો, એથી રામનું માહાત્મ્ય બતાવ્યું. આ રાજસ ચરિત્ર છે માટે તેમાં રોષની કથા કરી છે. (૨૪)

એમ રાજસ ચરિત્ર કહીને તામસને કહે છેઃ

**वक्षस्थलस्पर्शरुग्णमहेन्द्रवाह-**
**दन्तैर्विडम्बितककुब्जयरूढहासम् ।**
**सद्योऽसुभिः सह विनेष्यति दारहर्तु-**
**र्विस्फूर्जितैर्धनुष उच्चरतोऽधिसैन्ये ॥ २५ ॥**

**શબ્દાર્થઃ**—ઇન્દ્રનો હાથી ઐરાવત રાવણની છાતીમાં દાંત મારવા ગયો, તેના દાંતના ભૂકા ઊડી ગયા, તે દિશાઓમાં પડયા, તેથી દિશાઓ ધોળી થઈ ગઈ, એવો રાવણ મનમાં માને છે કે મારા જેવો કોણ છે, તેથી હસે છે, અને સ્વપર

સૈન્યમાં ફરે છે, તેના પ્રાણની સાથે તેના ગર્વનો ભગવાન રામચંદ્ર ધનુષના ટંકારથી નાશ કરશે.

**ભાવાર્થ**:—તે રઘુનાથજી રાવણના તેના પ્રાણની સાથે ગર્વને દૂર કરશે. તેનું કારણ કે તે ભગવાનની સ્ત્રી સીતાને ઉઠાવી ગયો છે, તેથી તે આતતાયી છે. તેને મારવામાં બાણની જરૂર નથી, પણ ધનુષના ટંકાર માત્રથી તે મરી જશે. બન્ને સેનાની વચ્ચે ઉચ્ચતાથી ફરતો બાણરૂપ મળને છોડતો તેથી તેની ગતિનું નિવારણ કર્યું. ધનુષના માહાત્મ્ય માટે હાસને વિશેષણ આપે છેઃ વક્ષસ્થળનો સ્પર્શ કરતાં ઐરાવતના દાંતો ભાંગી ગયા, તેનાથી દિશાનો જય તો પ્રસિદ્ધ થયો. તેનાથી રાવણને હસવું આવ્યું. તેનાં બે સામર્થ્યઃ એક રાવણના શરીરનું સામર્થ્ય બીજું શત્રુજયરૂપ સામર્થ્ય. તેમાં અહીં શરીરના સામર્થ્યથી શત્રુંજયને હસે છે. જેની છાતીનો સ્પર્શ માત્ર થતાં ઐરાવતના દાંતોનો લોટ થઈ દિશાઓમાં ઊડી ગયો, તેથી દિશાઓ ધોળી થઇ ગઇ, તેને શત્રુ જીતવો શા હિસાબમાં છે? તેથી દિશાઓને જીતનાર કરતાં પણ આનું ઘણું સામર્થ્ય છે તેનો આને ગર્વ છે. તે ગર્વ તો અભિમાનીના પ્રાણની સાથે ગયો. તે કહે છે કે ભગવાનના હાસની આગળ કોઈ હસે નહિ તેથી રાવણને માર્યો તે યોગ્ય કર્યું છે. એમ શ્રીરઘુનાથજીનું ચરિત્ર ઉપલક્ષણ વિધિથી નિરૂપિત કર્યું. ભગવાનના હાસનો અવતાર શ્રી રામચંદ્ર છે એ વાત સિદ્ધ કરી. (૨૫)

એમ હાસપેશલનું નિરૂપણ કરીને હવે **अदीनलीलाहसितेक्षणोल्लसद्भ्रूभङ्गसंसूचितभूर्यनुग्रहम्** એ પદનિરૂપ્ય ભગવાનના અવતરણનું **भूमेः सुरेतर** ઇત્યાદિ દશ શ્લોકથી વર્ણન કરે છે. જો કે એક અવતારમાં અપરિમિત ચરિત્રો છે તોપણ વિચારમાં જે ચરિત્રનો ઉપયોગ હશે તે કહેવામાં આવશે. તેમાં ઉદ્દેશમાં દશ પદાર્થો કહ્યા છેઃ **अदीनत्व-लीलात्व-हसितत्व-ईक्षणत्व-उल्लसत्त्व-भ्रूत्व-भङ्गत्व-संसूचितत्व-भूरित्व-अनुग्रहत्त्व** આ દશ વિશેષણોની લીલા દશ પ્રકારે વર્ણન કરી છે તે એક કૃષ્ણાવતારની જ લીલા છે. તેથી **यावान्वा आत्मा तावानयमितिश्रुतेः** (આ આત્મા જેટલો છે તેટલો જ આ છે) તેથી દશવિધ લીલા એકની હોવાથી તે એક જ લીલા છે એમ સૂચવ્યું છે. તે ઉપપત્તિથી નિરૂપણ કરીશું ત્યાં તેના નામસંકીર્તનપૂર્વક કહીશું. તેમાં **अदीनत्व** એ **सर्ग** છે. દીન રહે છે તે વસ્તુના અભાવને લીધે રહે છે. ભગવાન તો યથાસુખ વસ્તુરૂપે પોતે જ પ્રકટ થઈ શકે છે તે ભગવાનમાં અદીનપણું છે. આપણી પાસે એક વસ્તુ ન હોય ત્યાંસુધી તે સંબંધે આપણા મનમાં દીનતા રહે; તે મળી એટલે દીનતા જતી રહે છે. પરાર્થસૃષ્ટિ પક્ષમાં પણ સૃષ્ટિમાં આવ્યો તેની દીનતા રહેતી નથી. **विसर्ग** તો લીલા સ્પષ્ટરૂપે છે. હસિત

સ્થાન છે તે ભગવાન નાટય જેમ પ્રહસનરૂપથી તે તે મર્યાદાવડે તે તે સ્થાનમાં તેને રાખે છે. પોતે હસવા માટે તેમ કરે છે; નહિ તો પરમાર્થથી ભગવત્સ્વરૂપમાં કોને મર્યાદા કહેવી તે ન કહી શકાય. ઈક્ષણ **पुष्टि** લીલા. ભગવાન ઈક્ષા કરે તે જ પુષ્ટ થાય છે. भ्रूरूप ऊति લીલા છે. જેવી મનમાં વાસના હોય તેમ ભ્રુકુટી ચાલે છે. भङ्ग એ સદ્ધર્મ. એ બધાને પોતાના સ્થાનથી ભગાડે છે, તે આગળ વિસ્તારથી કહીશું. ઉલ્લસત્વ **ईशानुकथा** છે. તેમાં વંશ છે તે ભગવાનનો ઉલ્લાસ છે. ક્રમ પ્રમાણે લો તો **ऊति उल्लास**, જેમ પ્રહ્લાદ અને ધર્મ તે પ્રમેય અને પ્રમાણના ઉલ્લાસો છે, તે પક્ષ સદ્ધર્મ ભ્રૂરૂપ થઈ જાય. ભઙ્ગ એટલે વંશ. આત્માનો ભંગ વંશમાં થાય છે. સંસૂચન **निरोध** છે તે આગળ કહેવામાં આવશે. ભૂરિપણુ **मुक्ति** છે. એક ભગવાન જ મુકત છે. બીજા પણ મુકત થાય છે. **अनुग्रह–आश्रय** જે સર્વથા અનુગ્રહ વગરનો હોય તેને કોઈ પોતાનામાં રાખે નહિ. આ દશ પ્રકારની લીલા કૃષ્ણની છે, તેથી આ અવતાર પણ છે અને અવતારી પણ છે; તેથી સર્ગરૂપ અદીનત્વ પ્રથમ કહે છેઃ

**भूमेः सुरेतरवरूथविमर्दितायाः**
**क्लेशव्ययाय कलया सितकृष्णकेशः ।**
**जातः करिष्यति जनानुपलक्ष्यमार्गः**
**कर्माणि चात्ममहिमोपनिबन्धनानि ॥ २६ ॥**

શબ્દાર્થઃ—અસુરોની સેનાના પાદપ્રહારથી દળાયેલી ભૂમિનો કલેશ દૂર કરવા માટે ભગવાન્ સિત કૃષ્ણ કેશ પ્રકટયા, જેના માર્ગને કોઈ જાણી શકતું નથી, તે પોતાનો મહિમા વધારનારાં કર્મો કરશે.

ભાવાર્થઃ—ભગવાન અશરીર છતાં શરીરનો સ્વીકાર કરે તે સર્ગ કહેવાય. તેમાં જેનાથી કોઈ દીન નથી એવો બીજો અર્થ કારણપણાથી પ્રવિષ્ટ થાય છે. તેમાં ત્રણ પ્રકારના ભકતો દીન ગણાય છે, તે ભગવાનને પૃથ્વી ઉપર ઉતારવામાં કારણ છે. તે કહે છે કે ભૂમિ એટલે પૃથ્વી. સુરથી ઇતર એટલે દૈત્ય-દાનવ-રાક્ષસો. સુરેતર શબ્દથી ધર્મનાશક બધા લઈ લેવા. તે ધર્મનાશકોએ પૃથ્વીને બહુ રીતે દુઃખી કરી. **प्रकटः परमानन्दो यदा भूमेस्तदैव हि । मर्दनक्लेशहानिः स्यादित्यानन्दसमागमः ॥** (પૃથ્વીને એટલી કિલષ્ટ કરી કે જ્યારે પરમાનંદ પૃથ્વી ઉપર પધારે તો જ તેનું દુઃખ દૂર થાય, તેથી પરમાનન્દ પધાર્યા છે) તે પૃથ્વીના કલેશને દૂર કરવા માટે કલાથી એટલે બલદેવની સાથે સિત અને કૃષ્ણ કેશ છે જેના તે વૈકુંઠમાં રહે છે તે પૃથ્વી

ઉપર આવ્યા એમ કોઇ કહે છે. ખરી રીતે તો જે સિતકૃષ્ણકેશ છે તે ગોવિન્દની કળા વડે છે. સંકર્ષણરૂપ તે છે, સંહારરૂપ તામસ શક્તિવડે સિતકૃષ્ણની કલાવડે પ્રકટયા. કલાવડે કૃષ્ણ કેશરૂપે પણ પ્રકટયા. કૃષ્ણકેશ પ્રકટ થાય એ પણ પ્રયોજન છે. તે પ્રયોજન ખરું પણ તેટલું જ એમ ન કહેવાય, કેમકે મર્દનકલેશ દૂર કરવાનું તેનામાં સામર્થ્ય નથી **ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ॥** (તે બન્ને ભગવાન હરિના અંશ અહીં પધાર્યા) એ વાકયનો વિરોધ આવે. **तदा वां परितुष्टोऽहममुना वपुषाऽनघे।** (આ શ્રીઅંગથી હું તમને બન્નેને પ્રસન્ન થયો) એ વાકયનો વિરોધ આવે; માટે મર્દનકલેશહાનિને માટે આનંદમય અહીં પ્રકટયા. પુત્ર થઇને વંશ વધારવા પ્રદ્યુમ્ન થયા, ધર્મની રક્ષા માટે અનિરુદ્ધ (નારાયણના અંશ) ભૂમિભાર નિરાકરણને માટે સિતકૃષ્ણકેશ અંશથી પ્રકટયા. જેના માર્ગને માણસો જાણતા નથી એવા પ્રદ્યુમ્ન વંશ કરનાર, કર્મ કરશે તે અનિરુદ્ધ. ચાર વ્યૂહનાં ચાર કાર્ય **भारव्ययाय च** એમાં ચકારથી સૂચિત કર્યાં છે. તેથી એક રૂપથી ચતુર્મૂર્તિનું ચરિત્ર વર્ણન થાય છે. એક જ ચરિત્ર મોક્ષ અને ભક્તિનું નિરૂપણ કરે છે: ભૂમિનો ભાર હરવો, વસુદેવનો કામ પૂર્ણ કરવો અને ધર્મની રક્ષા કરવી. વિસ્તાર તો પ્રકરણ ભેદથી કહેવાશે. એમ ચતુર્મૂર્તિ ભગવાન્ થયા. આથી બધાં વાકયો જેમ બોલાયાં છે તેનું સમર્થન થયું, એમ ન કરીએ તો પ્રત્યેક વાકય જેવાં કે-**तयोरेको बलभद्रो बभूव।** (તે બેમાં એક બળદેવ થયા) ઇત્યાદિ વાકયોનો વિરોધ આવે. જન્મ અને કર્મ પોતે કરશે. ત્રિવિધદુઃખ દૂર કરવા માટે કરશે. '**भूमिर्माता तथा चान्ये दुःखभाजो हरिप्रियाः। कलादेः कालतो ज्ञानात् त्रिधादुःखं च तद्गतम्**' (ભગવાનનાં પ્રિય એવાં માતા પૃથ્વી અને બીજા ભકતો, તેને કાલથી જ્ઞાન થતાં તેણે દુઃખ આપ્યું. તેની તરફનું ત્રણ પ્રકારનું દુઃખ થયું) એમ કહેશે. ભૂમિ તો કાર્યરૂપે પણ થાય છે તેથી વિચાર કરીને તે કહી છે. અદિતિ માતા છે, તેને ભૂમિપણું સ્પષ્ટ છે. બીજા પણ ભૂમિના સંબંધથી દુઃખવાળા છે. જનના લક્ષ્યમાં ન આવે એવો જેનો માર્ગ છે. અહીં **जन** શબ્દથી સાધારણ માણસ લેવાં. તે એવાં કે ભગવન્માર્ગ છે એમ અટકળે પણ ન જાણે. એ ન જાણે એવી રીતે ભગવાન્ પધારશે અને કર્મો કરશે. જ્ઞાન અને ભકિત કહેશે એ વાત પણ ચકારથી લેવી. અનિરુદ્ધના ચરિત્રને માટે કર્મોને વિશેષણ આપે છે કે પોતાનો મહિમા જેમાં (કહ્યો) હોય. આત્મા હોવાથી જ્ઞાનજનક છે. **महिमन्** પદથી ભક્તિજનકતા છે. **उप** સમીપમાં બાંધતો હોવાથી ધર્મ છે. ત્રણથી ત્રણ પ્રકારનું દુઃખ જાય છે. એમ ભગવાનનું ચરિત્ર ભગવાનનું માહાત્મ્ય સૂચવે છે. એથી બધા અદીન થશે. [૨૬]

લીલા નિરૂપી, પહેલાં કહ્યું તેનું વિચાર કરતાં કારણ કહે છે:

तोकेन जीवहरणं यदुलूकिकाया
त्रैमासिकस्य च पदा शकटोपवृत्तः ।
यद्रिङ्गतान्तरगतेन दिविस्पृशो वा
उन्मूलनं त्वितरथार्जुनयोर्न भाव्यम् ॥ २७ ॥

**શબ્દાર્થઃ**—બાલ્યાવસ્થા એટલે છ દિવસના થયા ત્યાં પૂતનાને મારી, ત્રણ માસના થતાં ગાડાને પગે ઊંધું વાળ્યું, અને ઘૂંટણે ચાલતાં આકાશમાં પહોંચે એવા અર્જુનવૃક્ષને ઉખેડી નાખ્યાં, તે કામ બધાં ભગવાન વિના બીજાથી બને તેવાં નથી.

**ભાવાર્થઃ**—જો આ ભગવાન્ ચતુર્મૂર્તિ ન હોય તો તે ચાર ચરિત્ર કર્યાં તે ન કરી શકે. પૂતનાના પ્રાણરૂપી દૂધનું પાન કરી તેનો મોક્ષ કર્યો, શકટને ઊંધો વાળ્યો, યમલાર્જુન સુધી પહોંચવું અને તેને મૂળમાંથી ઉખેડી નાંખવાં—તેમાં તે વાસુદેવ ન હોય તો પૂતનાને મોક્ષ ન આપી શકે, સંકર્ષણ વિના સ્પર્શ કરતાં માત્રથી નાશ ન કરી શકે, અનિરુદ્ધ ન હોય તો નારદના શાપથી યમલાર્જુનને મુક્ત કરવા તે વૃક્ષની પાસે આવી તે બન્નેની વચ્ચે પેસી ન શકે પ્રદ્યુમ્ન વિના તેના શાપનું મૂળ કાઢી નાખી દેવતાનો જન્મ આપી ન શકે. તે આમણે કર્યું, માટે આ ભગવાન્ ચતુર્મૂર્તિ છે. તે ગણાવે છે કે તે બાળક હતા ત્યારે પૂતનાના પ્રાણ હર્યા; જ્યાં કાર્ય થાય છે ત્યાં તેનું સાધન અવશ્ય હોય છે. જ્યાં સાધન વિના સાધ્ય થાય તે પરબ્રહ્મરૂપ ગણાય એમ માનવું જોઇએ, કેમકે પરબ્રહ્મ સર્વ થવાને સમર્થ છે. ઉલૂકની સ્ત્રી ઉલૂકિકા કહેવાય અથવા તેની દીકરી ઉલૂકિકા ગણાય. તે દિવાભીત એટલે ઘૂડ હોય. તે સન્માર્ગની શત્રુ હોય, વિરુદ્ધ હોય, તેથી પ્રમાણબળ તો તેની મુક્તિમાં મળતું નથી. તેણે જીવોનું હરણ કરી પોતાનામાં લીન કર્યા. ચોરે તે પોતાનામાં લાવે. इहैव समवनीयन्ते प्राणाः (અહીં જ પ્રાણને રાંખે છે). ભગવાને તેના જીવનું હરણ કરી જીવને સ્વસ્વરૂપમાં રાખ્યો એ તેની મુક્તિ, તેથી પ્રમાણબળ ન હોવાથી તે મુક્ત થઇ એમાં સ્વરૂપબળ જ કારણ છે. અહીં પ્રમેય શુદ્ધ પરબ્રહ્મ જ છે. તે કોઈ વાતે ન્યૂન હોય તો સન્માર્ગવિરોધીને મુકિત આપી ન શકે; તેથી સાધન ન હતું છતાં મુક્તિરૂપ સાધ્ય સિદ્ધ કર્યું, તેથી સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે એ વાત સિદ્ધ થઈ. વળી ત્રણ માસના થયા. કાળના ત્રણ અવયવ જ ભગવાનના પરિચ્છેદક થયા. તે સ્વભાવથી અસમર્થ હોવાથી મૂર્તિમાં ભેદ પાડે છે. તે કાળના અવયવોએ એક ગાડાનું સ્વરૂપ બનાવ્યું; તેમાં વિહાર કર્યો, અને તેનો નાશ કર્યો, તેથી તે ત્રિમૂર્તિ થયા. ત્રણને નાશ કરવાનું સાધન તેની પાસે ન હતું, એ કહેવા 'पदा—પગે' એમ કહ્યું. સંકર્ષણને તે યોગ્ય હતું. અપવર્ત=ઊંધું પડવું, એ મોટા બળને સાબિત કરનાર છે; તેથી ભગવાનની

ક્રિયાશક્તિ સંપૂર્ણ છે એમ બતાવ્યું. આંબાના કોમળ પત્ર જેવો ચરણ કહ્યો તેથી સાધનના અભાવમાં સાધ્યસિદ્ધિ કહી. તેનાથી પૂર્ણ ક્રિયાશક્તિ અને બાહ્યત્વ કહેવામાં આવ્યું. એમ જ્ઞાનભક્તિનું પ્રતિપાદન કરીને ભક્તિમાર્ગનું સમર્થન કરવા માટે અચિંત્ય સામર્થ્યનું પ્રતિપાદન કરે છે: ઘૂંટણથી ફરતા બે અર્જુન વૃક્ષ સુધી પહોંચ્યા, તેટલાથી જ તે આકાશને પહોંચેલાં વૃક્ષોને મૂળમાંથી ઉખેડયાં. એ ત્રણ કાર્ય પુરુષોત્તમ વિના બીજાથી બને તેવાં નથી. પૂતનામાં મુખનો સંબંધ હતો. શકટમાં ચરણનો સ્પર્શ હતો. અર્જુનમાં તો તેટલો પણ સંબંધ નથી, પણ પારંપરિક સંબંધ છે. ઊખલી વૃક્ષને અડકી છે. દોરડાને ઊખલીનો સંબંધ છે. દોરડાને ભગવાનના શ્રીઅંગનો સંબંધ છે. જો ભગવાને બળ વાપર્યું ગણીએ તો પહેલાં જ દોરડું તૂટવું જોઇએ. અલ્પબળ હોય તો તૂટે નહિ અથવા ઊખલી ભાંગવી જોઇએ. ભગવાનનો સંબંધ વિચારીએ તો બધાનો નાશ થવો જોઇએ, તેમાં પણ વૃક્ષો મૂળમાંથી ઊખડી ગયાં તે તો ન ઊખડવાં જોઇએ. વાંકું ચાલે તો મધ્યમાંથી ભાંગવું જોઇએ. આ બધું પ્રથમ કહ્યું તેમ પરબ્રહ્મસાધક છે અથવા ભગવાનની ઇચ્છાશક્તિને સિદ્ધ કરનારી બધી બાબતો છે. ભગવાનની આ લીલામાં જ્ઞાનક્રિયા અને ઇચ્છા છે. **इतरथा न भाव्यम्** આ પદોને કેટલાક બધામાં યોજે છે, ખરી રીતે તો તે પદની યોજના અહીં જ યોગ્ય છે, આગળ સંબંધનો બોધ કરનાર પદ નથી.(૨૭)

એમ લીલાનું નિરૂપણ કરી हसितનું નિરૂપણ કરે છે:

**यद्वै व्रजे व्रजपशून् विषतोयपीतान्**
**बालानजीवयदनुग्रहदृष्टिवृष्ट्या ।**
**तच्छुद्धयेतिविषवीर्यविलोलजिह्व-**
**मुच्चाटयिष्यदुरगं विहरन् ह्रदिन्याम् ॥ २८ ॥**

**શબ્દાર્થ**:—વ્રજનાં પશુઓએ કાલિંદીનું ઝેરી જલ પીધું તેથી તે મરી ગયાં. તે બધાં પશુ અને ગોપબાલોને અનુગ્રહની દૃષ્ટિમાત્રથી જિવાડ્યાં અને કાલિંદીજીને શુદ્ધ કરવા માટે મહાઝેરી સર્પને ત્યાંથા દૂર કરવા તે કાલીયહ્રદમાં વિહાર કરી તેને દૂર કરશે.

**ભાવાર્થ**:—વ્રજ-ગાયો બાંધવાની જગ્યામાં વ્રજનાં પશુઓ અને બાળકો અથવા પોતાનાં પશુઓ તેમણે ઝેરી જળનું પાન કર્યું. જેમ સોમપાનથી મરણ ધર્મવાળા અમર થાય છે તેમ વિષરૂપી જળ પીનારને પણ ભગવાને મરણથી ઉગાર્યા. પશુઓ અને બાળકોને જિવાડયા એ એક પક્ષ છે. અનુગ્રહની દૃષ્ટિની વૃષ્ટિ કરી એ સાધન કહ્યું, તે યમુનાજીને શુદ્ધ કરવા માટે. અતિ તીક્ષ્ણ ઝેર હોવાથી જેની જિહ્વા ચંચળ થાય છે તે કાલીયને વિહાર કરતાં ભગવાને

ત્યાંથી કાઢશે. અહીં इ નો લોપ છાંદસ છે. उच्चाटयिष्यति ને બદલે उच्चाटयिष्यत् કહ્યું છે. અથવા તુમનો અભાવ છે. વિહરતા ઉખેડતા જિવાડે છે એવો શ્લોકનો સંબંધ છે. અહીં પશુપાળનું જીવન અનુગ્રહદષ્ટિની વૃષ્ટિરૂપ સાધન વડે કર્યું એમ કહ્યું. એ થોડું અલૌકિક છે. વિહાર કરવો તે ગરુડ ઉપર બેસીને ફરે તો સિદ્ધ થઈ શકે. યોગીઓ પણ દૃષ્ટિ વડે જિવાડે છે. उच्चाटयिष्यत् ઉપસર્ગ અને નિપાત સાથે अट् ધાતુનો આ પ્રયોગ છે. आटयिष्यत् 'लङ्क्रियातिपत्तौ' જ્યારે તેને दूर करशे त्यारे જિવાડે અન્યથા તેને દૂર ન કરે તો જિવાડયા જેવા થાય. આ ચરિત્ર હાસ્યને માટે થાય છે. અમે કૃષ્ણને પાળીએ છીએ એવી ગોપબાલોની બુદ્ધિ છે તે આજે તેને ભગવાને પાળ્યા: પોતે કાલીયહ્રદમાં પડયા કે જોઉં છું કે તે બાળકો અથવા વ્રજસ્થો મને કેવી રીતે બચાવે છે? જ્યારે તે કાંઈ ન કરી શકયા ત્યારે તેને હસે છે. અથવા પશુ એ જ પાળા એટલે ગોપો પણ ગાયો જેવા છે. તે આધિદૈવિકો છે. તેને જિવાડયા. (પશુઓના આધિદૈવિકો તે છે) તે અપરાધી હતા તેને કાળે માર્યા. તેણે ભગવાનના ભક્તો પશુઓને ઝેરી જળ પિવરાવ્યું તે તેનો અપરાધ હતો. કાળ ભક્તનો દ્રોહ કરે તેને જ ગળે છે, અપરાધ ન કરે તેને કાળ ગળતો નથી. તે પણ પાછા ભકત હોય તેને તો ન જ ગળે. દેડકાં વગેરે મરેલાં હોય તે વૃષ્ટિથી જીવતાં થાય છે; તેથી અહીં ભગવદ્દૃષ્ટિની વૃષ્ટિ કહી છે. તેની ઉપર અનુગ્રહ કર્યો તેણે તેમાં બ્રહ્મત્વ આણ્યું. બીજો કોઇ આધિદૈવિક ઉપર અનુગ્રહ ન કરી શકે તે ન બને તેથી તેની સંભાવના થઇ છે. લૌકિક સાધનમાં મંત્રાદિથી વિષ દૂર થઈ શકે છે. પછી તે જીવે એ વાત પ્રસિદ્ધ છે. અહીં તો જીવો વિષવાળા રહ્યા છતાં તેને જીવતા કર્યા એ ભગવત્કાર્ય છે એમ કેટલાક કહે છે. હાસ્ય છે, તેમાં કાંઈ ચિંતા જેવું નથી. (૨૮)

હાસનું વર્ણન કરીને હવે ઈક્ષણનું નિરૂપણ કરે છે:

**तत्कर्म दिव्यमिव यन्निशि निःशयानं**
**दावाग्निना शुचिवने परिदह्यमाने ।**
**उन्नेष्यति व्रजमितोऽवसितान्तकालं**
**नेत्रे पिधाय्य सबलोऽनधिगम्यवीर्यः ॥ २९ ॥**

શબ્દાર્થ:—તે ભગવાનનું કર્મ અલૌકિક જેવું જણાય છે. તે કર્મ એ જ કે રાતમાં બધું વ્રજ નિદ્રામાં હતું તેવામાં વનમાં અગ્નિ પ્રકટ્યો ત્યારે તો નક્કી કાળ આવ્યા જેવું થયું, ત્યારે બધાને નેત્રો બંધ કરાવી બળભદ્ર સાથે રહેતા કૃષ્ણે તેમને આફતમાંથી મુકત કર્યા.

**ભાવાર્થ**:—ભગવાનનું કર્મ દેવોના જેવું છે. દેવલોકમાં થાય તે દિવ્ય કહેવાય; એટલે લૌકિકમાં ન બને તેવું-અલૌકિક કર્મ છે, કેમકે તે ઇન્દ્રાદિથી બને તેવું નથી, કેમકે ગ્રીષ્મઋતુમાં દાવાગ્નિ લાગ્યો વન બળવા લાગ્યું, તેની મધ્યમાં રાતમાં નિદ્રામાં સૂતેલા વ્રજને ભગવાને ત્યાંથી અન્યત્ર ખસેડયું. इतः એટલે જ્યાં સૂતા હતા ત્યાંથી બીજી જગ્યાએ પહોંચાડયું. તે લોકોએ ધાર્યું કે હવે બચવાનો કોઈ ઉપાય રહ્યો નથી, તેથી કાલ આવી ગયો છે. આ ભગવાનનું ચરિત્ર દાવાગ્નિમાંથી રક્ષા કરવારૂપ છે. બે વાર દાવાગ્નિથી વ્રજવાસીઓને ભગવાને બચાવ્યા છેઃ એક તો કાલીયને હ્રદમાંથી વિદાય કરીને વનમાં રાત રહ્યા ત્યાં વનમાં દાવ લાગ્યો તેનાથી બચાવ્યા; બીજીવાર મુંજાટવીમાં ગાયોને ચરાવતા હતા ત્યાં પણ ભગવાને બચાવ્યા છે; તેમાં એક ઠેકાણે આંખો મિચાવીને મુંજાટવીથી બહાર કાઢયા. પ્રથમ દાવાગ્નિનું તો ભગવાન્ પાન કરી ગયા અને તેમને બચાવ્યા છે. ઇક્ષણ પણ બે આંખથી થાય છે, તેથી તે લીલા ભગવાને બે વાર કરી છે. તે બંને સંકટથી છોડાવશે. એ બધાં વિશેષણો બંનેમાં સાધારણ છે. **उन्नयन** એટલે દેવને માટે જુદું કરવું. તેઓની સ્વાર્થને માટે ભગવાને રક્ષા કરી અગ્નિ પીવો અને અગ્નિને અન્યત્ર લઇ જવો અથવા અગ્નિથી અન્યત્ર લોકોને લઈ જવા એ બ્રહ્મધર્મ છે. અહીં અગ્નિ પીધો એમ કહ્યું નથી તે પુનઃ પ્રશ્ન ન કરવા માટે. જો અગ્નિ પીધો એમ કહે તો પૂછે કે ભગવાને અગ્નિ કેમ પીધો, તે અમને કહો. તેથી તે કર્મ દિવ્ય જેવું કહ્યું. તેનું સ્વરૂપ ન બતાવ્યું, કેમકે તેનું સ્વરૂપ દેવગુહ્ય છે. (૨૯)

એમ ઇક્ષણનું વર્ણન કરીને **उल्लसत्व** નું નિરૂપણ કરે છેઃ

**गृह्णीत यद्यदुपबन्धममुष्य माता**
**शुल्बं सुतस्य न तु तत्तदमुष्य माति ।**
**यज्जृम्भतोऽस्यवदने भुवनानि गोपी**
**संवीक्ष्य शङ्कितमनाः प्रतिबोधितासीत् ॥ ३० ॥**

**શબ્દાર્થ**:—આ કૃષ્ણની માતા યશોદાએ જે જે દોરડું તેને બાંધવા માટે લીધું તે તે તેને પૂરું ન થયું; વળી તે કૃષ્ણે બગાસું ખાધું તેમાં મુખ ખુલ્લું થતાં તેમાં યશોદાએ બ્રહ્માંડ જોયું; તેથી તેને શંકા થઈ ત્યારે તેનો સંદેહ ભગવાને જ દૂર કરી તેને જ્ઞાન કરાવ્યું.

**ભાવાર્થ**:—આ ચરિત્ર ભગવાનના બ્રહ્મપણાને કહેનાર છે. બીજાં તો યોગમણિ મંત્રાદિથી બને તેવાં છે તે ચોક્કસ ભગવત્સાધક ચરિત્રો ન કહેવાય; આ બે ચરિત્ર ભગવાનનું બ્રહ્મપણું સિદ્ધ કરે છે, તે અણુભાષ્યમાં બે અધિ-

કરણથી કહ્યું છે. જે સર્વાત્મ નથી તે રૂપે બંધનને યોગ્ય નથી એમ ન કહેવાય. જે બાંધવા માટે દોરડું યશોદાએ લીધું તેવાં બધાં આને બાંધવામાં ઉપયોગી થતાં નથી. ભગવાન જ તેની આદિ અને અન્તમાં વિદ્યમાન હોય છે. બહુ દોરડાં જોડી દે તેના આદિ અને અંતમાં ભગવાન હોવાથી દોરડું ભગવાનને પોતાની અંદર લઈ શકતું નથી, પણ ભગવાન દોરડાના આદિ અંતમાં આવી જાય છે. તે ભગવાનનું દેખાતું પેટ તે સર્વ વસ્તુનું સ્થાન છે, વસ્તુના સ્વરૂપભૂત છે. તે વસ્તુના આદિ અંતમાં આવી જાય છે, તેથી માપ થઈ શકતું નથી તે યોગ્ય છે. વળી ભગવાને બગાસું ખાધું તો મુખારવિંદ ખુલ્લું થયું, તેમાં યશોદાએ બધા લોક જોયા, તેથી તેને પોતાના પુત્રપણામાં શંકા થઈ; કાંઈ ભગવત્ત્વનો બોધ પણ તેને થયો. આ બે ચરિત્રોથી ભગવાન વિશ્વના આધાર છે અને અનુભવમાં મોહ કરનાર છે. જે સર્વ ભૂતમાં રહીને સર્વ ભૂતને પોતાનામાં અંદર લઈ લે છે તે અંતર કહેવાય. તે ગોકુલમાં રહીને ગોકુલને પોતાની અંદર રાખે છે. આ યશોદાએ જોયું તે માયાથી દેખાયું નથી. તે તો શ્રુતિસિદ્ધરૂપ છે. યશોદાને પણ તે રૂપનો અનુભવ થયો છે. તેણે વિચાર કર્યો તો **अथो अमुष्यैव ममार्भकस्य** એ વાકયથી બ્રહ્મધર્મની તેને સ્ફૂર્તિ થઈ છે. ત્યારે તેને શંકા થઈ અને જ્ઞાન પણ થયું. બોધમાં આ મારો પુત્ર છે એવું જ્ઞાન થયું. અનુભવ સ્મૃતિરૂપ સંસ્કારને ન ઉત્પન્ન કરે; તે તે ભગવાનની માયા વગર ન બને; આ જ ભગવાનનો ઉલ્લાસ. જૃમ્ભા (બગાસું) ભગવાને જ મોઢું ખુલ્લું કરવા બનાવી છે, તેથી બીજી રીતે મુખવિકાસ થાય તોપણ જગત્પ્રદર્શન અને તે જ વખતે પુત્રત્વનું પ્રતિબોધન છે. પ્રથમ દર્શનમાં તો વિસ્મય પામ્યાં ત્યાં અધ્યાય સમાપ્તિ થઈઃ **व्यतनोद्वैष्णवीं मायाम्** એમ ત્યાં કહ્યું છે. એમ આ ચાર શ્લોકથી ચતુર્વ્યૂહવિશિષ્ટ ચતુર્મૂર્તિનું (સંકર્ષણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન વાસુદેવજીનું) સ્વરૂપ બતાવ્યું; અથવા બધા બધામાં છે, એમ માનવું; એટલે દરેક વ્યૂહમાં ઈતર ત્રણ છે, એમ માનવું. (૩૦)

એમ ઉલ્લાસનું નિરૂપણ કરીને હવે ભ્રૂનું વર્ણન કરે છે **तद्भ्रूविजृम्भः परमेष्ठिधिष्ण्यम्** એવું વાકય છે, તેથી ભગવત્કૃત ફલને કહે છે, કેમકે ઉપર કહ્યા વાકયથી બ્રહ્મલોક પણ ફળ છે. દુઃખનો અભાવ અને સુખ છે. દુઃખની સીમા નરકાદિ અને સુખની સીમા વૈકુંઠ, તે બંને સાધનરહિતને ભગવાન્ આપે છે. તે વિચારથી તેને ભગવત્ત્વ છે. તેમાં પ્રથમ દુઃખનો અભાવ કહેવાય છે:

**नन्दं च मोक्ष्यति भयाद्वरुणस्य पाशात्-**
**गोपान् बिलेषु पिहितान् मयसूनुना च ।**

अहृद्यापृतं निशि शयानमतिश्रमेण
लोके विकुण्ठमुपनेष्यति गोकुलं स्वम् ॥ ३१ ॥

**શબ્દાર્થ:**—ભયરૂપ વરુણના બંધનથી નંદરાયજીને ભગવાન્ છોડાવશે. મયનો પુત્ર વ્યોમાસુર તે ગોપરૂપે આવી ગોપોને લઈ ગુફામાં ભરતો ગયો તે ગોપોને ભયથી ભગવાન્ મુક્ત કરશે. ગોકુલને પોતાનું કર્યું છે. તે ગોકુલવાસીઓ દિવસના ગૃહઉદ્યોગ કરી રાતનાં ખૂબ નિદ્રા લે છે. અલૌકિક સાધન કાંઈ કરતા નથી છતાં સ્વકીય હોવાથી તેને વ્યાપિ વૈકુણ્ઠમાં પોતાની પાસે લઇ જશે.

**ભાવાર્થ:**—નંદને ભયથી એટલે સર્વરૂપ ભયથી અને વરુણનો સેવક બાંધીને લઈ ગયો તે વરુણપાશથી ભગવાન પોતાના બાપ થાય છે તેથી છોડાવશે. નંદની એકાદશીવ્રતમાં અને અંબિકાની યાત્રામાં રક્ષા કરી તેથી ભગવાન સિવાય અન્ય કર્તવ્ય તે અસ્વધર્મ છે એમ કહ્યું. ભગવાનની સેવા એ જ સ્વધર્મ છે એમ કહ્યું. તે ભગવાન આત્મા તેથી તે પરબ્રહ્મ છે. नन्दं च ત્યાં ચકાર છે તેથી યશોદાજીનો ઉદ્ધાર કરીને નંદનો પણ સારી રીતે ઉદ્ધાર કરશે; અથવા નંદને બે વાર સંકટમાંથી બચાવ્યા છે, વરુણના પાશથી જે ભય આવ્યું તેનાથી બચાવ્યા. બીજાનાં પણ દુઃખ દૂર કર્યાં તે કહે છે. વ્યોમાસુર ગોવાળિયાનો વેષ કરી આવ્યો. તે રમતમાં કેટલાક બાળક ઘેટાં થયા, કેટલાક ચોર થયા. તે થઈ ઘેટા-રૂપ ગોપોને લઈ ગુફામાં રૂંધી રાખ્યા. તે ગુફામાંથી પાતાળનો માર્ગ છે, તેથી ભોણમાં પૂર્યા એમ કહ્યું છે, અથવા ભોણમાં સર્પ હોય તે ત્યાં રહે તેને પોહોંચાડી દે. ચકાર છે તેથી બીજા પણ ઉપદ્રવો તેની ઉપર થાય તે પોતે વિચારી જોવા.—એમ દુઃખનો અભાવ કહીને હવે પરમ સુખને કહે છે કે ગોકુલસ્થો દિવસે તો ધંધો કરે છે અને રાતનાં સૂએ છે, તે પણ નિર્ભર નિદ્રામાં રાત આખી કાઢે છે. એમ રાત કે દિવસે પરલોક-સાધન કરતા નથી તે બધાને પોતાના વ્યાપિ વૈકુણ્ઠમાં લઈ જશે. આ ચરિત્ર યોગથી ન બને, ન માયાથી, ન કાળથી થાય. મણિમંત્રાદિથી પણ વૈકુણ્ઠમાં ન જઈ શકાય. તેથી આ બ્રહ્મચરિત્ર છે. ગોકુલને ભગવાને પોતાનું માન્યું છે, તેથી તેને વૈકુણ્ઠમાં પોતાની પાસે રાખે. (૩૧)

એમ બ્ર નું નિરૂપણ કર્યું; હવે भक्त ને કહે છે:

गोपैर्मखे प्रतिहते व्रजविप्लवाय
देवोऽभिवर्षति पशून् कृपया रिरक्षुः ।
धर्तोच्छिलीन्ध्रमिव सप्त दिनानि सप्त-
वर्षो महीध्रमनघैककरे सलीलम् ॥ ३२ ॥

**શબ્દાર્થઃ**—હે નિષ્પાપ ! ઇન્દ્રનો યાગ બંધ કર્યો ત્યારે વ્રજનો નાશ કરવા ઈન્દ્રે વ્રજ ઉપર વૃષ્ટિ કરી, ત્યારે ભગવાને વ્રજભક્તોના રક્ષણની ઈચ્છા કરી પોતે સાત વર્ષના હતા, છતાં સાત દિવસ સુધી એક હસ્તથી ઉચ્છિલીન્ધ્ર (ચોમાસામાં ટોપા થાય છે તે)ની જેમ લીલાથી ગિરિરાજ ગોવર્ધન પર્વતને ધારણ કર્યો.

**ભાવાર્થઃ**—પૂર્વસિદ્ધ ફલનો અહીં ભંગ કહેવાય છે. યજ્ઞથી રક્ષા કરે, તે યજ્ઞનો ભંગ કરીએ તો દુઃખ દે. દેવતા પ્રસન્ન થાય તે યાગનું ફળ છે. તેનું ફળ ચોક્કસ છે તે કહ્યું. તેના પ્રતિઘાત કહે છેઃ ગોવાળો સદા ઇન્દ્રનો યજ્ઞ કરે છે, તે ગોવાળિયા પાસે ભગવાને યજ્ઞ બંધ કરાવ્યો ત્યારે તેનો રક્ષક દેવ ન રહ્યો. જ્યારે વરસાદ આવવા લાગ્યો, વ્રજનો નાશ થવા લાગ્યો. આથી દેવતાપ્રીતિ યાગનું ફલ છે એ વાત સાચી થઈ. શ્રીઆચાર્યચરણ કહે છે કે મર્યાદા મૂકવી તે ક્યાં મૂળ કે સમર્થનું અવલંબન કરીને મૂકવી; નહિ તો મર્યાદામાં રહેવું. ત્યારે ભગવાનને રક્ષા કરવાની ઈચ્છા થઈ. તે સાત વર્ષના હતા. તેણે સાત દિવસ સુધી ગોવર્ધનને એક હાથમાં ધારણ કર્યો. "હે અનઘ !" એવું સંબોધન મારા કહેવામાં તમને વિશ્વાસ છે એમ સૂચવવા માટે છે. 'ધર્ત્તા' એટલે ધારણ કરશે. ઉચ્છિલીન્ધ્ર ( ચોમાસામાં ખરાબ પદાર્થમાંથી છત્રી જેવા ટોપા થાય છે, તે ઘણા હલકા હોય છે ) તેનું દૃષ્ટાંત. હલકા હોય માટે પર્વત પણ ભગવાનને તેવો હલકો લાગ્યો. અલૌકિક વર્ષાથી અહીં અલૌકિક ઉચ્છિલીન્ધ્ર પેદા થયા છે, તેથી ઈન્દ્રને ભગવાને બોધ કર્યો. "સાત દિવસ" એમ કહે છે તે એકે સપ્તતન્તુ યજ્ઞનો બાધ કર્યો તે દુઃખ આપે છે. જ્યાં ધર્મનો બોધ હોય ત્યાં સાત દિવસ કહેવાય છે. જો દુઃખ મટાડવું હોય તો સાત દિવસ નિરંતર દુઃખ થાય. આમ સારું થાય. ન મટવાનું હોય તો સાતમે દિવસે તેનું ફલ મળે. ભગવાન ગિરિરાજ ઉઠાવ્યો ત્યારે સાત વર્ષના હતા. પ્રકારે વહેંચાયેલા કાળને પહોંચી વળ્યા. તેથી જ યજ્ઞભંગ કર્યો તેનું ફલ અન્યથા કર્યું. સાંગવેદથી મર્યાદા ઉત્પન્ન થાય છે. છ અંગ અને એક આત્મા એ સાત અંગ છે. આ સંવત્સર પ્રજાપતિ સાંગ વેદના ચાલક છે. તેનો અતિક્રમ કરીને પછી તેના યજ્ઞનો અતિક્રમ કર્યો. કાળ કાંઈ ભગવાનને માપી શકતો નથી. સાત ધર્મનાં વેષ્ટન એ જ સાત ધર્મો છે. આ ભંગાત્મક ધર્મ સમાપ્ત થયો. એક હાથમાં લીધો એટલે એક ક્રિયાશક્તિ તો રાખી લીધી છે. **तैरयं साध्यतां मखः** એવું વાક્ય ત્યાં કહ્યું છે. જો એમ ન હોય તો એમ જ ગોવર્ધનને ઠેકાણે મૂકી દે. ખરી રીતે તો યાગ કાંઇ ન કરી શકે, પણ ભગવાન જ તે કરનાર હોવાથી ઈચ્છાથી ગોવર્ધન અધ્ધર રહ્યો. હાથનો તો દેખાવ છે કે હાથ વિના અધર ન રહે એમ શાસ્ત્ર કહે છે. તે શાસ્ત્ર સાચાં કરવાં માટે હાથ ગ્રહણ કર્યો છે તોપણ બધા ભક્તો માંહે ભરાઇ

રહ્યાં, ભૂખ્યા રહ્યાં, તે ન રહેવા માટે લીલા કરી તે વેણુવાદન લીલા કરી; વેણુ સાત છિદ્રવાળી છે તેમાં અમૃત પૂરી ભક્તોના કર્ણ દ્વારા તેમાં ઉતાર્યું; તેથી તેના પ્રાણ બચ્યા. અભ્યુદય અને નિઃશ્રેયસ ફલ પણ તેને પ્રાપ્ત થયાં, તેથી નિરોધનું કે ઉપવાસનું દુઃખ તેને ન થયું. (૩૨)

એમ ભંગનું નિરૂપણ કરીને હવે સંસૂચન કહે છેઃ

**क्रीडन् वने निशि निशाकररश्मिगौर्यां**
**रासोत्सुकः कलपदायतमूर्च्छितेन ।**
**उद्दीपितस्मररुजां व्रजभृद्वधूनां**
**हर्तुर्हरिष्यति शिरो धनदानुजस्य ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—ચંદ્રનાં કિરણોથી અજવાળી રાતમાં વનમાં રાસનો ઉત્સવ કરવા માટે ક્રીડા કરતા, અને અવ્યક્ત મધુરપદવાળા વેણુના તાનથી વ્રજસીમન્તિનીના મનમાં કામના રોગને ફેલાવતા ભગવાન ગોપીજનોને હરણ કરનાર કુબેરના નોકર શંખચૂડના મસ્તકને ઉડાવી દેશે.

**ભાવાર્થ**:—આ સંસૂચન છે. એ સ્વરૂપમાં ફલનું સૂચન કરે છે. ગોપીઓ આમાં દૃષ્ટાંતરૂપ છે તેણે ભગવાનને મેળવ્યા છે. ગોપીસંબંધવાળું ભગવચ્ચરિત્ર ફલસૂચક છે. વૃન્દાવનમાં રાતના સમયે જ્યારે લૌકિક વૈદિક બધાં કામ સમાપ્ત થાય ત્યારે ભગવાન્ રમે છે. તેને નિવૃત્ત કરનારી ભકિત છે; તેથી 'નિશાકર' શબ્દ કહ્યો છે. તેનાં કિરણો ભકિતના પ્રકારો છે. આ ચન્દ્ર મનોરૂપ છે. તે મનની ઈચ્છારૂપ કિરણોએ ભકિતના પ્રકારો ને કિરણોથી રાત્રિઓ ઉજ્જવલ થઈ ગઇ છે. રંગ લાગ્યો છે તેથી સર્વનિવૃત્તિ થઈ ગઈ છે. આવી નિવૃત્તિ હોય તે સમય ભગવાનની ક્રીડાનો હેતુ કહેવાય; તેથી જ ભગવાનને રાસ કરવાની ઉત્કંઠા થઈ. રાસ એટલે રસપૂર્ણ પદાર્થ અન્યસંબંધ રહિત. એનો વિચાર કરીએ તો ઘણી ભગવત્પ્રિયાઓએ કરેલ નૃત્યવિશેષ રાસ કહેવાય; અથવા તેનો ભાગ રાસ કહેવાય. તેમાં કેવળ શૃંગારરસનો અભિનિવેશ જોઈએ, જેમ ભકતના ગુણો અને સૌન્દર્યમાં જ મનનો આગ્રહ જોઇએ; ત્યારે ભગવાને અંદર રસથી પૂર્ણ થઇ તે ભકતોને રસ પ્રકટ કરવા માટે અવ્યકતમધુરપદવાળી મૂર્છના ( તાન ) કરી. તે મૂર્છના બીજાઓના હૃદયમાં રસ રહેવાને માટે વિવર ( છિદ્ર ) કરે છે. તે છિદ્રમાં ભગવાનનો સંબંધ ન હોવાથી રસ ન ભરાયો ત્યારે ભગવાનના સ્મરણથી માંહે સ્મર પેઠો તેને વિષય ન મળ્યો તે રોગરૂપ થયો. બધા રસ પૂરનારાઓને[1] પોતાનો વિષય ન મળતાં ખાવાની

૧ રસપૂરક પદાર્થ નિત્ય સેવવા યોગ્ય છે. ખાવાની ઈચ્છા થતાં ખોરાક ન મળે તો તેને રોગ થાય છે, તેમ તે ગોપીઓને ભગવાનની ઈચ્છા થઈ પણ ભગવાન ન મળ્યા ત્યારે તેને તે ઈચ્છા રોગરૂપ થઈ, ઘણું કરીને ભ્રમરગીતમાં જે धारयन्त्यतिकृच्छ्रेण प्रायः प्राणान् कथंचन એ કહ્યું છે તે આ ગોપીઓ છે.

ઇચ્છામાં ખાવાનું ન મળવાથી તે રોગરૂપ થાય છે તેમ તે પણ રોગરૂપ થાય છે. જો રસ પૂરણ થયા કરે તો દેહનો નાશ કે મૃત્યુ ન થાય. તેથી આ ગોપીઓનો મુખ્ય અધિકાર નથી એ વાત કહી. ભગવાન્ જેના વિષય છે એવા કામમાં ભગવદ્ધર્મનો પ્રવેશ થતો નથી, તેથી એવી ગોપીઓને ભગવત્સંબંધમાં પ્રતિબંધ કરનાર કામનો અધિદેવરૂપ ધનદ (કુબેર) રૂપ અર્થાધિષ્ઠાત્રી દેવતાનો ભાઈ તે કુબેરથી નાનો હોવાથી તે પણ અર્થાધિષ્ઠાત્રીરૂપ થયો; તે એ ગોપીઓના કામમાં પ્રતિબંધક થયો; છતાં ભગવાન પોતાની ઇચ્છાથી રાસમાં પ્રવૃત્ત થયા. વ્રજવધૂના હરનાર શંખચૂડનું મસ્તક ભગવાને ઉડાવી દીધું. ત્રણ ગુણવાળાને કામ હોય તે એવા રોગ જેવો થાય; ત્યારે જ તેને પ્રતિબંધ નડે; પરન્તુ ગુણત્રયથી પર ભગવાનમાં આસક્ત હોય તેને નહિ. તેથી તેનું મસ્તક ભગવાને કાપી નાખ્યું. કલા એટલે અવ્યક્તમધુર પરમાનન્દને અભિવ્યક્ત ન કરતાં તેની પ્રતિપાદિકા. તે કલા તે શબ્દબ્રહ્મરૂપ સ્વરો છે. તેનું સ્થાન એટલે ગીત વગેરે; અથવા તેવાં તેનાં પદો. તેમાં વાક્યાર્થનું પ્રાધાન્ય નથી હોતું પણ પદનું જ પ્રાધાન્ય હોય છે. તે પદોની મૂર્છના લંબાવે છે એટલે તેનાં લાંબાં તાન મારે છે. સ્વરની મૂર્છનાઓ સંગીતમાં પ્રસિદ્ધ છે. તેનું વિસ્તૃતપણું એ સર્વના ચિત્તમાં પ્રવેશની યોગ્યતા. **મૂર્છિત** શબ્દ છે તેથી રસાન્તર અથવા અવિવેકાદિ નહિ થાય એમ સૂચવ્યું છે. તેથી સ્ત્રીભાવનો તેણે અતિક્રમ કર્યો છે, તેથી તેને પ્રતિબંધનિવૃત્તિ ન થઇ; તેથી જ શંખચૂડ ઉઠાવી ચાલતો થયો. એમ મુખ્ય અધિકારના અભાવમાં પણ ભગવાન્ સ્વરૂપાત્મક ફલ આપે છે, તેથી ગોપીઓ સંબંધી ચરિત્રો સંસૂચક થાય છે. (૩૩)

એમ સંસૂચન કહીને હવે ભૂરિભાવને કહે છે, અથવા ભૂરિ અનુગ્રહને કહે છેઃ

**ये च प्रलम्बखरदर्दुरकेश्यरिष्ट-**
**मल्लेभकंसयवनाः कुजपौण्ड्रकाद्याः ।**
**अन्ये च शाल्वकपिबल्वलदन्तवक्र-**
**सप्तोक्षशम्बरविदूरथरुक्मिमुख्याः ॥ ३४ ॥**

**શબ્દાર્થઃ**—પ્રલંબ, ખર, દર્દુર, કેશી, અરિષ્ટ, મલ્લ, કુવલયાપીડ, કંસ, યવન, ભૌમ, પૌણ્ડ્રક અને બીજા શાલ્વ, દ્વિવિદ, બલ્વલ, દંતવક્ત્ર, સાત આખલા, શંબર, વિદૂરથ, રુક્મી જેમાં મુખ્ય છે, તેને ભગવાન મારીને ફળ આપે છે, (એમ પછીના શ્લોકથી આનો સંબંધ લેવાનો છે.)

**ભાવાર્થઃ**—આ સર્વ દૈત્યો અને દૈત્યાંશ રાજાઓને ભગવાને માર્યા ત્યારે તે ભગવાનના ધામમાં ગયા. જે પ્રલંબાદિને બળભદ્રે માર્યા તેમાં પણ

ભગવાનનું મુખ જોતાં પ્રાણ છોડનારા તે છે. ધર્મયુદ્ધમાં અર્જુનના બાણથી મરાયા તે પણ વૈકુંઠ પહોંચ્યા. બીજા પ્રલંબાદિ તે દેખાયા નહિ એટલે અવ્યકત પ્રકૃતિમાં લીન થયા, અથવા પ્રથમ શ્લોકમાં કહેલા ભૂરિરૂપ પ્રકૃતિમાં પહોંચ્યા. તે વ્યાપક હોવાથી તેનું ભૂરિપણું જાણવાનું છે. બીજા શ્લોકમાં કહેલા ભગવાનને પ્રાપ્ત થયા. અથવા આ બન્ને આવેશવાળા પ્રકૃતિને પામ્યા. અભિમાનીઓ તો તેમના ઘરમાં પહોંચ્યા. ખર એટલે ધેનુક. દર્દુર કોઈ બીજો છે. જેવો બક તેવો તે છે. અથવા તો જળમાં રહેનાર બકને જ દર્દુર કહ્યો. बकदर्दुर એવો પાઠ હોય તો દર્દુરથી અઘાસુર લેવો, એમ કેટલાક કહે છે. અરિષ્ટ વૃષભાસુર, ચાણુર વગેરે મલ્લો, કુવલયાપીડ હાથી, યવન કાળ-યવન, અથવા ભગવાને મુચુકુંદ પાસેથી આવી જેને મથુરામાં માર્યા તે યવનો સમજવા. કુજ નરકાસુર, પૌંડ્રક મિથ્યા વાસુદેવ, 'આદિ' શબ્દથી કાશીરાજા વગેરે લેવા. એ સ્વભાવથી જ મરેલા હતા. તેમાં કોઈ દેવાંતરના વરથી પુષ્ટ થયેલો ન હતો. તેથી વરપુષ્ટથી તે જુદા પડે છે. હવે વરપુષ્ટોને ગણાવે છેઃ શાલ્વ; કપિ દ્વિવિદ, તે રઘુનાથજીનો ભક્ત હતો, તેના ભક્તોનો સંગી હતો, પણ દુઃસંગથી બગડેલો તેથી માર્યો. શંબર તો સો માયાનો જાણનાર હતો. અથવા અહીં બલ્વલ લેવો. તે પણ યજ્ઞમાં વિઘ્નકર્તા હોવાથી ઋષિઓથી ડરતો ન હતો તેથી વધપ્રાપ્ત હતો. આખલાઓમાં દૈત્યો પેઠેલા તે સાત આખલા હતા તે ભગવત્સ્પર્શ માત્રથી મર્યા, તેથી તેને માટે ભગવાને સાત રૂપો કર્યાં. તે એક વખતે જ મારવાના હતા ત્રિપુરની પેઠે. એમ ન કરે તો તે છૂટા મરે તેવા ન હતા. અથવા ભગવાનનાં દર્શન કરી દૈત્યો મર્યા. આખલા પાછળથી મર્યા. અથવા સાત આખલા જુદા હતા. વિદૂરથ દંતવક્ત્રનો ભાઇ. રુક્મી ભગવાનનો સાળો. તે જેમાં મુખ્ય છે એવા બિંદ અનુબિંદ વગેરે. એ એકેકને ભગવાને, તેમના ભાઇ અથવા પુત્રોએ યુદ્ધમાં મારેલા છે. (૩૪)

ભગવાન્ જેમાં સારથિ થયા હતા તે યુદ્ધમાં બીજા નિમિત્તથી મર્યા તેને કહે છેઃ

ये वा मृधे समितिशालिन आत्तचापाः
काम्बोजमत्स्यकुरुकैकयसृञ्जयार्णाः ।
यास्यन्त्यदर्शनमलं बलपार्थभीम-
व्याजाह्वयेन हरिणा निलयं तदीयम् ॥ ३५ ॥

શબ્દાર્થઃ—લડાઇમાં હથિયાર હાથમાં લઇને યુદ્ધથી શોભનારા છે, બીજા કાંબોજ મત્સ્ય કુરુ સૃંજય અર્ણદેશના રાજાઓ, બલ, અર્જુન, ભીમ, એવા નામના મિષ વડે ભગવાન જ તેને મારીને તેને પોતાના ધામમાં લઈ જશે.

**ભાવાર્થ**:—આ શ્લોકમાં ગણાવેલા બધા ભગવાન સાથે યુદ્ધ કરનાર છે. તેને ભગવાનમાં દ્વેષ છે, તેથી તેની મુક્તિ યોગ્ય છે. બીજાઓ તો નિમિત્તરથી માર્યા છે, તેથી यै वा એમ કહ્યું છે. તે બધા યુદ્ધમાં પરાક્રમ બતાવનારા છે. समिति એમ સપ્તમીનો અલુક્ છે. તે સંગ્રામમાં હાથમાં ધનુષ લઈને ઊભા રહે છે, તેથી તેની ધર્મનિષ્ઠતા કહી છે. કાંબોજથી અર્ણાન્ત સુધીના તે તે દેશના ક્ષત્રિયો સમજવા. અર્ણ શબ્દથી દશાર્ણ લો તોપણ ચાલે. સૃંજય એટલે પાંચાળદેશના રાજાઓ. सृञ्जयाद्याः એવો પાઠ હોય તો ધૃષ્ટદ્યુમ્ન વગેરે લેવા. એકે એક બન્ને પક્ષમાં મરાયા. એમ ન હોય તો પાંડવોના પક્ષમાં મર્યા તેની મુક્તિ થવી ન જોઈએ. પહેલાં તો તેનું અદર્શન થયું. પછી ભગવાન્ અહીં રહ્યા ત્યાંસુધી ગુપ્ત રહ્યા. પછી ભગવાનની સાથે તેઓ ગયા. આમાં પ્રલંબને બળભદ્રે માર્યો, ખરને પણ તેણે માર્યો છે. મલ્લ અને યવનને બળભદ્ર અને કૃષ્ણે માર્યા. શંબરને પ્રદ્યુમ્ને માર્યો. રુક્મીને બળભદ્રે માર્યો. કાંબોજ વગેરેને ભીમ વગેરેએ માર્યા. અહીં બધે બલ પાર્થ ભીમ જણાવ્યા છે, તેથી બલભદ્ર પાર્થ ભીમ પણ ભગવાનનાં જ નામ સમજો; પરંતુ નામનો મિષ કર્યો છે, તેથી બળ ભીમ પાર્થએ વ્યાજ નામ છે જેનાં એવો સમાસ કરવો. આને માર્યા એ ભગવચ્ચરિત્ર છે, કેમકે ભગવાન્ આત્મા છે. આથી જ તેને ઘેર જવાનું હનન વગેરે ન કહીને જ કહ્યું. जातः कंसवधार्थाय ત્યાં વધ શબ્દ છે, તેનું શું ? તે તો દેખાય છે, તેવું તેથી કહ્યું છે, અથવા બીજા કલ્પની તે વાત છે. (૩૫)

એમ ભૂર્યનુગ્રહનું નિરૂપણ કરીને ચિન્તામયનું નિરૂપણ કરે છેઃ

**कालेन मीलितदृशामवमृश्य नृणां**
**स्तोकायुषां स्वनिगमो बत दूरपारः ।**
**आविर्हितस्त्वनुयुगं स हि सत्यवत्यां**
**वेदद्रुमं विटपशो विभजष्यति स्म ॥ ३६ ॥**

**શબ્દાર્થ**:—કાલે કરીને જ્ઞાન નષ્ટ થતાં લોકો અલ્પ આયુષવાળા થશે; તે પોતાનો વેદ ભણી ન શકે એ વિચારથી દરેક યુગમાં સત્યવતીથી પ્રકટ થઈ વેદરૂપી વૃક્ષોની શાખાઓનો વિભાગ વ્યાસરૂપે કરશે.

**ભાવાર્થ**:—ભગવાનની ચિંતા એ જ વ્યાસરૂપા છે. વ્યાસ ચિંતન કરીને બધા વેદના અર્થનો નિશ્ચય કરીને ભગવત્સ્વરૂપનો લોકમાં ઉપદેશ કરે છે. કાલે એટલે દ્વાપરયુગ બેઠો ત્યારે લોકનું જ્ઞાન ઢંકાઈ ગયું, એવા લોકો પોતાનો વેદનો પૂરો અભ્યાસ ન કરી શકે, એટલે તેનું તાત્પર્ય એ ન સમજી શકે, એ જાણી વ્યાસજી પ્રકટ્યા. અનુયુગનો સંબંધ 'શાખામાં ભાગ પાડશે,' સાથે

છે: દરેક દ્વાપરના અંતમાં વેદનો વિભાગ વ્યાસજી કરે છે. તેથી પુરાણો પણ એક ચતુર્યુગની વ્યવસ્થાને કહેનારાં છે, એ સૂચન કર્યું. શાખા પ્રમાણે વર્હેંચ્યાં એટલે તેમાં કાંઈ બનાવટ ઘરની કરી નથી. શાખાનું સ્વરૂપ નિબંધમાં કહ્યું છે. 'એક ભગવાનના સ્વરૂપને કહેનાર વેદના સમુદાય તે શાખા' એવું લક્ષણ છે. વેદનું વૃક્ષપણું પણ પહેલાં કહેવામાં આવ્યું છે. સ્મ પ્રસિદ્ધિને કહેનાર છે; એટલે આ બાબતમાં વધારે કહેવાની કાંઈ જરૂર નથી, એવો ભાવ છે. (૩૬)

હવે બુદ્ધનું નિરૂપણ કરે છે:

देवद्विषां निगमवर्त्मनि धिष्ठितानां
पूर्भिर्मयेन विहिताभिरदृश्यमूर्भिः ।
लोकान् घ्नतां मतिविमोहमतिप्रलोभं
वेषं विधाय बहु भाष्यत औपधर्म्यम् ॥३७॥

**શબ્દાર્થ**:—દેવોના શત્રુઓ વૈદિકમાર્ગમાં નિષ્ઠા રાખી જેનો વેગ જણાતો નથી એવી મયદાનવ પાસે નગરીઓ કરાવી લોકોને મારવા લાગ્યા તેઓની મતિમાં મોહ કરાવે તેવો અને અતિ લોભ ઉત્પન્ન કરાવે તેવો પાખંડ વેષ કરી પાખંડ ધર્મનો ઉપદેશ કર્યો.

**ભાવાર્થ**:—આ બુદ્ધ કહ્યા. તેથી બ્રહ્મા નારદને કહે છે તે વખતે બુદ્ધાવતાર થયો છે. તેનું સ્વરૂપ અત્યારે જે છે તેજ સમજવું. તેથી આ બ્રહ્મા કથા કલિમાં જ કહી રહ્યા છે.

वेदमार्गविरोधेन येषां करणमण्वपि ।
ते हि पाषण्डिनो ज्ञेयाः वेदार्थस्य विनिन्दकाः ॥

"વેદમાર્ગથી અણુ માત્ર પણ વિરોધવાળી જેની કૃતિ હોય તેને પાખંડી જાણો; તે જ વેદના નિંદક છે એમ સમજો." દેવાના દ્વેષી દૈત્યો, તે જ દેવનો દ્વેષ કરે, એ કહેવાથી દેવની પ્રાર્થનાથી બુદ્ધનો અવતાર થયો એ કહેવામાં આવ્યું. તે દૈત્યો વેદમાર્ગમાં વ્યવસ્થિત રહ્યા હતા. જો કે દૈત્યોને મોહ કરાવવા વેદે ઘણા પ્રકારો કહ્યા છે, પરન્તુ સામાન્ય રીતે વેદથી વિરુદ્ધ કરવા માટે બુદ્ધાવતાર છે. તે માર્ગમાં દૃઢ રહેલા હતા. અમે જ વેદ જાણનાર છીએ એમ લોકને મોહ કરવા માટે પોતાને વૈદિક બતાવતા; તે માર્ગમાં આવે તેને મોહ કરાવતા હતા. ત્રણ ત્રણ પુર બનાવ્યાં છતાં જેની માયા કોઈ જાણી ન શકે તે મય. મૂર્ માયાનું નામ છે. તેને स्त्रियां क्तिन् એ સૂત્રથી ति સ્ત્રી પ્રત્યય લાગે તો मूर्ति થાય. જ્યાં માયા અદૃશ્ય રહે તે તે अदृश्यमूर् કહેવાય, તેના પડે, એમ ત્રીજી વિભકિતમાં अदृश्यमूर्भिः એ ત્રિપુરનું વિશેષણ બને છે. તે

માયાઓ મય નામના દાનવની કરેલી અથવા પ્રવર્તાવેલી છે, તેથી તે દૈત્યો લૌકિક વૈદિક બન્ને માર્ગોનો નાશ કરે છે. તે પાખણ્ડનો સર્વથા નાશ કરવા માટે બુદ્ધનો અવતાર થયો. કેવલ લોકને મારવારૂપ દેવદ્રોહનું તેમનું આચરણ નથી. યજ્ઞાદિ ન કરવાનો ઉપદેશ આપી પોતે જ દેવ બનવાનો તે ઉપદેશ કરે છે, તેથી તે ભગવાનની સૃષ્ટિને રૂપાન્તરમાં ફેરવી નાખે છે. તેનો સ્વરૂપથી નાશ કરે તો પાછી એની સૃષ્ટિ થાય, તેથી નહિ મારતાં તેની બુદ્ધિને બદલાવી દે છે; એટલે મોહ ઉત્પન્ન કર્યો, બુદ્ધિમાં લોભ પેદા કર્યો, થોડું સાધન કરતાં અત્યંત ફલ બતાવનારાં શાસ્ત્રો બનાવ્યાં, બુદ્ધનો વેષ કર્યો, હું સર્વજ્ઞ છું એમ લોકોને બતાવીને તેને હૃદયની વાતો કહી તેના મનમાં વિશ્વાસ ઉત્પન્ન કરીને મતિનો મોહ કર્યો; મતિમોહ સાથે મતિમાં લોભ પણ પેદા કર્યો; તેમ કરવાથી જે બુદ્ધિ છે તેને બદલવી અને જે નથી તે બુદ્ધિમાં લાવવું એ કામ તેણે કર્યું. ઉપધર્મનો ભાવ તે औपधर्म्य, એટલે પાખણ્ડ. उपधर्मस्तु पाषण्डः એ સપ્તમ સ્કન્ધમાં કહ્યું છે. (૩૭)

**यर्ह्यालयेष्वपि सतां न हरेः कथाः स्युः**
**पाषण्डिनो द्विजजना वृषला नृदेवाः ।**
**स्वाहा स्वधा वषडिति स्म गिरो न यत्र**
**शास्ता भविष्यति कलेर्भगवान् युगान्ते ॥ ३८ ॥**

**શબ્દાર્થઃ**—સત્પુરુષોનાં ઘરમાં જ્યારે ભગવાનની કથાઓ બંધ થશે, ત્રૈવર્ણિકો પાખણ્ડી થશે, રાજાઓ શૂદ્રો થશે, સ્વાહા સ્વધા અને વષટ્ શબ્દો સંભળાશે જ નહિ, ત્યારે કલિના અન્તમાં ભગવાન્ બધાને સીધા કરવા માટે પ્રકટ થશે.

**ભાવાર્થઃ**—બીજા યુગોમાં ભગવાનની કથાઓ સર્વત્ર ઘરની બહાર થતી; દ્વાપર આવ્યો ત્યારે સત્પુરુષોના ઘરમાં થવા લાગી. કલિ વધશે ત્યારે સત્પુરુષોના ઘરમાં પણ કથા નહિ થાય. ત્યારે લોકને શિક્ષણ આપનાર કલિયુગ થશે. કલિયુગના આરંભમાં જ પરીક્ષિત રાજામાં ભગવાન્ આવિષ્ટ થયા, તેથી તેણે કલિનો નિગ્રહ કર્યો, પરંતુ જેવો જોઇએ તેવો કલિ પકડાયો નહિ, કેમકે તે વખતે ભગવત્કથાનો પ્રચાર હતો; તેથી કલિમળના સમુદાયને પહોંચી વળનાર અથવા દૂર કરનાર તે વખતે બહુ હતા. કલિયુગે કેવળ ધર્મનો અભાવ કર્યો એટલું જ નથી પણ કલિના પ્રભાવથી વૈદિક ધર્મ પણ લોકમાંથી ગયો. ધર્મને ઉત્પન્ન કરનાર બ્રાહ્મણો છે, તેનું પાલન કરી ચલાવનાર ક્ષત્રિયો છે. તે બન્ને તો કલિમાં નષ્ટ થઇ ગયા. ત્રિવર્ણદ્વિજો પાખંડી થયા. તે પાખંડ ધર્મો કરે છે અને બોધ કરે છે. રાજાઓ શૂદ્ર થઈ ગયા, તેઓ પણ ધર્મનાશક થયા, તે વૃષલો કહેવાયા. વૃષલ એટલે મ્લેચ્છ એવો પણ અર્થ થાય છે. ધર્મને તેઓ

નાશ કરવા માટે ગ્રહણ કરે છે, અથવા વેદનો નાશ કરવા માટે વૈદિક કર્મો કરે છે. તે માનુષ દેવો છે, એથી પાલન યોગ્ય અને પાળનાર બન્ને દોષવાળા છે. હવે તો ધર્મનો દેખાવ હતો તે પણ ગયો છે; સર્વત્ર વિધિનાં છલ થાય છે; અનુકરણના રૂપમાં વિધિઓ થાય છે તે ધર્માભાસો થાય છે. તેમાં દેવો પ્રત્યક્ષ થતા નથી તેથી યાગ ન કહેવાય. પણ **स्वाहा** વગેરે શબ્દો સંભળાય છે તે પણ જ્યારે સંભળાતા બંધ થશે ત્યારે ભગવાન અવતરશે. એ વાત કહે છેઃ સ્વાહા એટલે દેવને આપવા માટે હોમવું; સ્વધા એટલે પિતૃઓને આપવાનું અને **वषट्** એ યાગો છે. તે રાજસ તામસ અને સાત્વિક છે. **स्म** કહ્યો તેથી એ પ્રસિદ્ધ છે એમ બતાવ્યું. તે માત્ર વાણીથી બોલાય છે માટે **गिरः** કહ્યું છે. તેનો અર્થ તે કર્મ કરનાર લોકો જાણતા નથી. ઘરમાં અથવા દેશમાં આ શબ્દો સંભળાતા બંધ થશે ત્યારે કલિનો અવતાર થશે. ધર્માભાવ, ભક્તિનો અભાવ, આભાસધર્માભાવ અને વેદનો અભાવ થશે; તે પાછો સત્યયુગ થશે ત્યારે તેમની પ્રવૃત્તિ થશે; તેથી "યુગાન્ત"માં કહ્યું; એટલે ચાર યુગ પૂરા થયા પછી તે સત્યયુગમાં બધા ભગવાનના ધર્મો પ્રકટ થશે. (૩૮)

એમ સર્વ અન્તર્યામીને સર્વધર્મસહિત ઉત્પત્તિથી વિચારીને **यावन्मनो धारणयावतिष्ठते** એ અંશનો વિચાર કરતાં ભગવાનનું માહાત્મ્ય કહે છેઃ

> **सर्गे तपोऽहमृषयो नव ये प्रजेशाः**
> **स्थानेऽथ धर्ममखमन्वमरावनीशाः ।**
> **अन्ते त्वधर्महरमन्युवशासुराद्या**
> **मायाविभूतय इमाः पुरुशक्तिभाजः ॥ ३९ ॥**

**શબ્દાર્થઃ**—અનેક શક્તિને ધારણ કરનાર ભગવાન જ્યારે સૃષ્ટિ કરે છે ત્યારે તપને અને મરીચ્યાદિ પ્રજાપતિઓને ઉત્પન્ન કરે છે; ત્યારે ધર્મને યજ્ઞને મન્વન્તરને દેવોને અને રાજાઓને ઉત્પન્ન કરે છે. જ્યારે જગતના સંહારનો વિચાર કરે છે ત્યારે મન્યુવશ દેવોના પ્રતિપક્ષી અસુરોને ઉત્પન્ન કરે છે. તે બધો તેમની માયાનો વૈભવ કહેવાય છે.

**ભાવાર્થઃ**—એવી ભગવન્મૂર્તિના ધ્યાનથી મન સ્થિર રહે તેનું કારણ ભગવાનનું માહાત્મ્ય છે. મોટાઓ ઘણી વાર ક્યાંય રહેતા નથી. સ્થિર મનથી મોટાઓનું ચિંતન થાય. સારી રીતે સ્ફૂર્તિ ન થાય તો અપરાધ પડે. મોટાઓને ધારણ કરવામાં ગભરાટ થાય. તેથી ત્રણ રીતે તેનું નિરૂપણ કરે છે. તેમાં પ્રથમ મોટાઓ સદા એક જગ્યાએ રહેતા નથી તેનું શું કારણ છે? તે સર્વ વખતે એક રૂપમાં રહેતા નથી. પોતાના ગુણો વડે કાળના ભેદથી પોતે નાના પ્રકારના રૂપવાળા થાય છે; તેથી જ તે સર્વદા એકરૂપ રહેતા નથી.

તે જ્યારે સૃષ્ટિ કરે છે ત્યારે ભગવાન્ આટલાં રૂપો કરે છે. તપ, હું બ્રહ્મા, મરીચિ પ્રભૃતિ ઋષિઓ, પ્રજાને પેદા કરવામાં જે સમર્થ હોય છે. ત્રણ ગુણોની સૃષ્ટિ તેથી ત્રણ ગણાવ્યા. ઋષિથી વેદો પણ લઈ શકાય. તે ગણીએ તો ચતુર્મૂર્તિ સૃષ્ટિ કરે છે. તેમાં તપ વાસુદેવ છે. **यस्य ज्ञानमयं तपः** (જેનું જ્ઞાનમય તપ છે). પ્રજાના ઈશો સંકર્ષણરૂપ છે. ઐશ્વર્યની પ્રતિષ્ઠા ત્યાં છે. સૃષ્ટિ કરતાં પણ સ્થિતિમાં ઘણું કાર્ય છે. તેમાં પાંચ રૂપો કહે છે. સ્થાન એટલે મર્યાદાના પાલનમાં. તે જુદું હોવાથી ત્યાં **अथ** શબ્દ કહ્યો છે. તેમાં પ્રથમ ધર્મ એટલે અનિરુદ્ધ; મખ–યજ્ઞ; ધર્મ અહીં આચારરૂપ લેવાનો છે. પ્રમાણ શબ્દ સાંભળ્યા પછીની પ્રવૃત્તિ તે ધર્મ. યજ્ઞ તો પ્રયત્નથી વ્યઞ્જિત થાય છે. તે ભગવદ્રૂપ અને અનન્ત રૂપવાળો છે. ઉત્પત્તિમાં જે વેદ ગ્રહણ કર્યો છે તેનો આ પાલનમાં સાંગ અર્થ લીધેલો છે. મનુ ધર્મને લોકમાં પ્રવર્તાવે છે, કેમકે તે અન્તઃસહૃધર્મ કહેવાય છે. દેવો સ્વર્ગની રક્ષા કરે છે. રાજાઓ પૃથ્વીની રક્ષા કરે છે. સંહારમાં તો તેના કરતાં પણ વધારેની જરૂર પડે છે તે અનાદરથી કહે છેઃ સંહાર માટે અધર્મ. શિવ યજ્ઞના નાશક છે. મન્યુવશો સર્પો વગેરે મનુના પ્રતિપક્ષીઓ છે. અસદ્રૂપ અસુરો દેવના શત્રુઓ છે. "આદિ" શબ્દથી ભૂમિ ઉપર નાશ કરનારાં પ્રાણીઓ ચોર વાઘ વગેરે લેવાં. તે બધા અસુરોનો પક્ષ કરનારા છે તે "આદિ" શબ્દથી લેવા. ભગવાન એમ અનેકરૂપ કેમ થાય છે? ત્યાં કહે છે કે તે માયાની [1]વિભૂતિ છે. માયામાં અથવા માયા વડે વિભૂતિ એમ અર્થ કરવો. માયા પ્રથમ કહી છે. આ માયા જગતના કારણરૂપ છે. ભગવાન જ્યારે જગદ્રૂપે થાય છે, ત્યારે તે ભગવાનને તેમ થવામાં નિમિત્ત થાય છે, તેવી તેવી આકૃતિ માયા બનાવી દે છે. અથવા ભગવાનની સેવા કરતાં ઊંચી જાતનાં સાધનો બનાવી આપે છે. અથવા જેનો ભગવાન્ કર્તા છે તે જગતનું તે માયા કારણ બને છે, ત્યારે તેને નિમિત્ત કરીને આટલાં રૂપો ભગવાન્ કરે છે. જો એમ ન થાય તો તે માયાનું કરણપણું ન કહેવાય.

---

૧ મૂળમાં मायाविभूतयः એ શબ્દ છે. ત્યાં मायायै विभूतियः, मायाया विभूतयः, मायायां विभूतयः, मायया विभूतयः એવા ચાર પ્રકારે સમાસ લીધો છે; તેથી કલ્પભેદથી સૃષ્ટિના ભેદો છે તે અહીં કહેવાની ઇચ્છા હોય તેથી એ સમાસ કરીને બતાવ્યા છે. તેમાં પ્રથમ પક્ષ प्रकृतिर्ह्यस्योपादानम् એ એકાદશમ સ્કંધના વાક્યથી તે માયા જગદ્રૂપે થાય છે ત્યારે मायायै સમાસ કરવો. માયાનું કાર્ય સૃષ્ટિ સ્થિતિ લય ચલાવવા માટે ઉપર ગણાવી આ વિભૂતિઓ છે. બીજા પક્ષમાં તે ઉપાદાન નહિ પણ નિમિત્ત થાય ત્યારે તે ભગવદ્વિભૂતિઓ તેને સહકાર આપે. ત્રીજા પક્ષમાં તે કર્ત્રી થાય ત્યારે કરણરૂપ વિભૂતિઓ થાય. ચતુર્થ પક્ષમાં તે કરણભૂત થાય ત્યારે વિભૂતિઓ વ્યાપારરૂપ થાય છે. એમ સૃષ્ટિ અને વિભૂતિઓને ચતુર્ધા કહી आत्मान्तं क्रीडन् करोति विकरोति च એ રાજાએ પ્રશ્ન કર્યો તે બધા પક્ષોનો આમાં ઉત્તર આપવામાં આવ્યો છે. તે બધાય પક્ષો પ્રમાણસિદ્ધ છે.

ત્યાં શંકા કરે છે કે એ બધી વિભૂતિઓ આવે તો તેનું કાર્ય ઉત્પન્ન ન થાય! તેના ઉત્તરમાં કહે છે કે માયા એવી ઘણી શક્તિઓને રાખે છે. સર્વ થવાને સમર્થ એવી તે ભગવાનની માયા છે. તેના એક કાર્યમાં પણ સર્વ સામગ્રી વિદ્યમાન છે. સર્વ કાર્ય એકકાલાવચ્છેદથી કરે છે. વિલંબમાં કારણ નથી. ભગવાનની ઇચ્છા બધાનું કારણ છે તોપણ તે ઇચ્છા દેખાતી નથી, તેનાં નિયામક આ રૂપો છે. અથવા ઇચ્છાનાં બોધક આ રૂપો છે. આ વિભૂતિઓ નિયત સામર્થ્યવાળી હોવાથી પૂર્વે કહ્યો તે દોષ સંભવતો નથી. (૩૯)

એમ ભગવાનનાં પ્રતિક્ષણ જુદાં જુદાં રૂપ થાય તેમાં એક પ્રકારની ધારણા પણ રહેતી નથી, તેથી મૂળમાં 'यावन्मनो धारणयावतिष्ठते' ભા. ૨-૨-૧૨ ત્યાં यावत् શબ્દ લખ્યો છે; એથી મોટા બહુકાલ સુધી રહેતા નથી તે કહ્યું. હવે અવ્યવસ્થિત મનથી મોટાનું ચિંતન ન કરવું એ પક્ષને વ્યક્ત કરે છે:

**विष्णोर्नु वीर्यगणनां कतमोऽर्हतीह**
**यः पार्थिवान्यपि कविर्विममे रजांसि ।**
**चस्कम्भ यः स्वरहसास्खलतात्रिपृष्ठं**
**यस्मात्त्रिसाम्यसदनादुरुकम्पयानम् ॥ ४० ॥**

**શબ્દાર્થઃ**—કોઇ ડાહ્યો પુરુષ હશે તે પૃથ્વીના રેણુને ગણશે ખરો પણ વિષ્ણુનાં પરાક્રમોની ગણના કોણ કરી શકે? કોઇથી તે ગણના થાય તેવી નથી. જે વિષ્ણુ વામનાવતારમાં પગ માંડવા લાગ્યા ત્યારે લોકસહિત સત્યાદિ સ્થાનો તેના વેગથી બહુ કમ્પવા લાગ્યાં તેને પોતે થોભી રાખ્યાં.

**ભાવાર્થઃ**—બધાનાં મન સ્થિર નથી માટે कोऽर्हति એમ કહ્યું. મનનું તેમાં સામર્થ્ય નથી. તેમાં અસામર્થ્ય હોવાથી યોગ્યતા પણ નથી. જીવને તપ યોગ વગેરે કરવાથી સામર્થ્ય વધે અથવા મનને બહુ સહાય મળે તોપણ સ્વાભાવિક ધર્મ છૂટ્યા વગર બ્રહ્મા પણ ભગવન્માહાત્મ્ય જાણવાને સમર્થ ન થાય; તેથી कतमः[1] માં તમપ્ પ્રત્યય અત્યંતાર્થમાં મૂકયો છે. જગતના પદાર્થોમાં સામર્થ્ય છતાં ભગવાનનો એક અંશ જાણવામાં પણ સામર્થ્ય

૧ અહીં તમ શબ્દના બે અર્થ કર્યા. क નો બ્રહ્મા અને તમપ્‌નો અત્યંત અર્થ એટલે અત્યંત બ્રહ્મા પણ તેના ગુણને નથી જાણતો તો બીજા કયાંથી જાણે એ કૈમુતિક ન્યાયથી સિદ્ધ કર્યું. બીજો कतम શબ્દનો અર્થ કોણ, એવો થાય, તેથી જીવ અથવા મન લેવું. તે પણ ન જાણી શકે એમ કહ્યું તેનું કારણ કે ભગવાનમાં પરિચ્છેદ કે પરિક્રમણ ન હોવાથી તેની ગણનામાં ભગવાન આવે નહિ. મન અણુ વ્યાપક છે તેના કરતાં ભગવાન્ સ્થૂળ છે, એટલે સ્થૂળ અતિ સૂક્ષ્મમાં ન આવે એ કહેવાથી સૂક્ષ્મમાંથી સ્થૂળની ઉત્પત્તિ થાય છે એ સિદ્ધાંત પણ બતાવ્યો.

નથી દેખાતું. ત્યાં કહે છે કે મન જો એમ જાણ્યા કરે તો જ્ઞાન થાય. જ્ઞાનથી નિશ્ચિત પદાર્થ જાણવામાં આવે તો ભગવાનને જાણવાનું પણ સામર્થ્ય તેમાં આવે. ત્યાં નુ કહે છે કે આવે એમ તમે તર્ક કરો, પણ નક્કી ન કહી શકો. તેથી નુ મૂકયો. સામર્થ્યનું કારણ કહે છે કે પૃથ્વીનાં રજકણને કોઇ ગણી શકે ખરો. તેને વિસ્તારથી કહે છે કે કાર્યસૃષ્ટિમાં સમર્થ જીવોની ગણનામાં બ્રહ્મા મુખ્ય છે તેને તત્ત્વોની સહાયતા મળી તેથી તે તત્ત્વોએ બ્રહ્માણ્ડ કર્યું. તે રજોગુણનો અધિષ્ઠાતા કોણ ? તેણે બ્રહ્માણ્ડમાં જીવો ઉત્પન્ન કર્યા. તેના ભોગના અદૃષ્ટથી સંસ્કારવાળા પરમાણુઓનો ઢગલો તેમાંથી જુદો પાડયો. બ્રહ્માણ્ડના ઉપાદાન કારણનું તેને પ્રત્યક્ષ જ્ઞાન હતું. ભગવાનની ઇચ્છાથી તેનામાં એવું સામર્થ્ય હતું, તેથી તેણે બ્રહ્માણ્ડ ઉત્પન્ન કર્યું. તેનામાં પરમાણુ ગણવાનું સામર્થ્ય છે. તેની સાથે વિલક્ષણતાને પણ તે જાણે છે; તેથી તે ગુણોને ગણી શકે એમ કહે તો તેનું નિરાકરણ કરે છે કે કોઈ કવિ હોય તે તેમ કરે; તેથી કવિપદ મૂકયું છે. તેના રજ તો ન ગણાય, કેમકે તે દુર્લક્ષ્ય છે. દરેકની ઉપર ધ્યાન ન આપી શકાય. તે અતિ સૂક્ષ્મ હોવાથી અશકય પણ ન થાય. તેવું સામર્થ્ય નથી તેનું કારણ કહે છે કે જેનો પરિછેદ હોય, જેને કોઇથી મપાતું હોય, તે વસ્તુના ગુણ ગણી શકાય, તેનું વર્ણન થઇ શકે; ભગવાનનો તો એક પણ ગુણ અમાપ છે; મન પણ તેની પાસે સ્થૂળ છે, નિરવયવ છે, અસંગિ છે. તે ગુણ ત્રણ લોકથી બ્રહ્મલોક સુધીમાં છે. તે પોતાના વેગથી કોઈથી જણાય નહિ એવી રીતે ચરણ ઉઠાવવાથી ચાલતાં મોટો કમ્પ થયો. એવું ત્રિપૃષ્ઠ બન્યું. ત્યાંથી ત્રણ ગુણો જયાં સમાન થયા છે એવા બ્રહ્મલોકમાં તે કમ્પ પહોંચ્યો. તે પડતાં ભગવાને તેના સ્થાન ઉપર જ સ્થિત રાખ્યું, તેથી પડતા ગુણથી રક્ષણ કર્યું; તે બીજાથી ન થઇ શકે. મનમાં એ વાત આવે નહિ તેમ તેનો છેડો પણ મળે નહિ. સંખ્યાનો પરિચ્છેદ નથી તે આગળ કહેવાશે. (૪૦)

મોટાના ગુણો મનમાં ન આવે તેથી તેની ધારણા કરવાનું કહ્યું. ધારણા તો જેમ મનમાં આવે તેવી કલ્પના કરી તે રૂપની ધારણા થાય છે. મોટાઓને ધારણાથી વિક્લવતા થાય છે, તેથી તે તેમ કરતા નથી એમ જે કહ્યું તેને માટે ભગવાનની મોટાઇનું વર્ણન કરે છે:

**नान्तं विदाम्यहममी मुनयोऽग्रजास्ते**
**मायाबलस्य पुरुषस्य कुतोऽपरे ये ।**
**गायन् गुणान् दशशतानन आदिदेवः**
**शेषोऽधुनापि समवस्यति नास्य पारम् ॥ ४१ ॥**

**શબ્દાર્થ**:—એવા ભગવાનના અંતને હું નથી પામતો, તમારા મોટાભાઇઓ

સનકાદિ નથી પામતા તેવા માયાના બળવાળા તે પુરુષ છે. તેનો બીજા તો પાર ક્યાંથી પામે? સહસ્રવદન શેષ ભગવદ્દ્ગુણ ગાય છે તોપણ તે આજ સુધી તેના ગુણના પારને પામતા નથી તો એક જીભવાળો જીવ તો શું ગાઈ શકે?

ભાવાર્થ:—હું બ્રહ્મા, સર્વદા ભગવદ્દ્ગુણને જણાવનાર જગતનો કરનાર છું ને આખો જન્મ સૃષ્ટિનું કાર્ય કરું છું; કેટલુંક કાર્ય પુત્રદ્વારા પણ કરું છું. પોતે પહોંચી જાય ત્યારે પોતે અથવા બીજા પાસેથી કામ લે, પણ તે કામનો અંત કોઈ જોઇ નથી શકતો. મુનિઓનું પણ તેમ જ જાણવું. યોગ પણ મારી અંદર રહેલા ફલનો સાધક છે. મારા પુત્રો અને તારા ભાઈઓ સનકાદિ અથવા મરીચ્યાદિ યોગથી તેટલું જ કરી શકે. તે તો મારા અંશરૂપ હોવાથી મારા કરતાં ઓછું કરી શકે. તેના ગુણો ગણાતા નથી. તેનું કારણ કહે છે કે ક્ષણ માત્ર કોટિ બ્રહ્માણ્ડને તે ઉત્પન્ન કરવામાં સમર્થ એવી માયા જે ભગવાનના બળથી તેવી શક્તિવાળી ગણાય છે, કેમકે માયાના તે ધણી છે, ભગવાન તેનામાં સ્થાપે છે તેટલા તેજને તે ઉત્પન્ન કરી શકે છે; તો તેનાથી ઓછા પરાક્રમવાળા કાલાદિ તો ક્યાંથી તેના મહિમાના પારને પામે? કાલ તો ભગવાનની ચેષ્ટારૂપ છે, આપણે તો શું કરી શકીએ? પુરુષના કરતાં અપર કાલ વગેરે, તેના કરતાં ઊતરતા અસ્મદાદિ. આપણને તો પ્રથમથી અનન્તત્વ જ્ઞાન થવાથી આપણે તેના ગુણ ગણવાનો પ્રયત્ન કર્યો, પણ શેષ તો વેદની અભિમાનિની દેવતા છે, હજાર મુખવાળા છે, એક પદાર્થને હજાર રીતે કહી શકે છે. તે આદિ દેવ છે. તેના કહેલા બધા દેવો છે. જેટલા ભગવાન્ છે તેમાંથી બાકી રહ્યું તે બધું શેષ કહેવાય. તેણે સૃષ્ટિનો આરંભ થયો ત્યારથી ગુણ ગણવાનો આરંભ કર્યો તે આજસુધી હજુ ગણ્યા જ કરે છે તોપણ તેના એક ગુણનો પણ તે પાર પામી શક્યા નથી કે આગળ હવે આ ગુણ કેટલા છે તેને જાણતા પણ નથી. તે તો અનન્ત છે. સૃષ્ટિની અગાઉ પણ તે છે જ. આ ભગવાનના અથવા તેના ગુણોના પારને પામતો નથી. બહુ ગુણ ગણવાનો સંકલ્પ હતો તેમાં એકનો પણ અંત તેણે ન જોયો. એમ ભગવાનનું સર્વ રીતે મોટાપણું કહીને તેની ધારણા કરવી પણ અશક્ય છે, તેથી यावत् કહ્યો છે. (૪૧)

ભગવાન્ એવા જ હોય તો તો ક્ષણમાત્ર પણ ધારણા ન થાય, એવી આશંકા કરીને હવે કહે છે:

येषां स एव भगवान् दययेदनन्तः
सर्वात्मनाश्रितपथो यदि निर्व्यलीकम् ।
ते दुस्तरामतितरन्त्यथ देवमायां
नैषां ममाहमितिधीः श्वशृगालभक्ष्ये ॥ ४२ ॥

**શબ્દાર્થ:**—જે સર્વાત્મ ભાવથી નિષ્કપટ થઇને અનન્તના ચરણનો આશ્રય કરે તેની ઉપર ભગવાન્ દયા વિચારે તો તે દુસ્તર એવી ભગવાનની માયાને તરી જાય. તર્યો ક્યારે જાણવો કે કૂતરાં શિયાળિયાંને ખાવા લાયક આ દેહમાં જેને હું અને મારું એવી બુદ્ધિ ન હોય તે માયા તર્યાનું લક્ષણ છે. તે જેનામાં જોવામાં આવે તે માયાને તરે છે.

**ભાવાર્થ:**—સર્વ માર્ગના પ્રવર્તક ભગવાન્ છે, મોક્ષને આપનાર છે, તેની ધારણા અવશ્ય પ્રવર્તાવવી જોઇએ. જે પુરુષોને ભગવાન્ પોતાના ગણે છે તેમાં ધારણા કરવાની યોગ્યતા છે. તે પણ સાધનબળથી કરે એમ કહેવાનું નથી; પણ તે ભગવાન દયા કરે તો તેના વડે તે ધારણા કરી શકશે. તે ભગવાન કે જે સર્વ માર્ગના પ્રવર્તક છે. તેમાં ગુરુ વગેરેની ક્રિયા પણ ભગવાન પોતાની ઈચ્છાથી જ દયા કરે છે. નિયમ વગર કરણની પ્રાપ્તિમાં તે અત્યંત દુ:ખી થાય તેથી દીનતા તેમાં આવે છે. એવાને ભગવાન્ દયાની સાથે જોડી દે છે. તેથી દયા તેમાં કરણરૂપા થાય છે. સર્વમાં એવી દયા કેમ નથી કરતા? ત્યાં કહે છે કે તે પોતે અનન્ત છે. જો બધાને દયા કરે તો બધાના ગુણો ઓછા થતાં સર્વ-મુક્તિનો પ્રસંગ આવે, તો ભગવાનનું અનન્તપણું ન રહે. એવા દયાવાળાને ધારણા શા માટે કરાવવી પોતે વગર ધારણા કર્યે તેને ફલ આપે તો? ત્યાં કહે છે કે ભગવાન્ સાધનથી કાર્ય કરે છે, તેના સાધનનો ઉપદેશ કરે છે. ભગવાનની દયાને બતાવનારી ધારણા છે. ભગવાનને હૃદયમાં ધારણ કરે તેની ઉપર ભગવાન્ દયા કરશે. ત્યારે ભગવાનની ઈચ્છા દયાને અનુકૂલ રહેવાથી બીજાં સાધનોની સિદ્ધિ એની મેળે થઇ રહેશે. તેથી સર્વ ભાવપૂર્વક ભગવત્પ્ર-પત્તિ કરવી. તે કહે છે કે સર્વાત્મ પ્રકારે જેણે ચરણનો આશ્રય કર્યો છે. તેમાં ફલની ઇચ્છા કે કોઈ જાતનું કપટ ન હોવું જોઇએ. સર્વાત્મા છે તેથી ફલાર્થ ભજન પણ તેનું જ કર્તવ્ય છે. તેથી કહ્યું કે કપટ છોડીને ભજવા. નિષ્કામ ભક્તિ કરનારને શું ફલ થાય છે તે કહે છે. આશ્રય કર્યા પછી તરત પૂર્વે માયા દુસ્તર હતી તેથી **અથ** શબ્દ વચમાં મૂકયો એટલે માયા તો દુસ્તર છે તોપણ ભગવાનની દયાવાળાને તરવામાં વાંધો નથી. તે પ્રકાર બતાવવા **અથ** શબ્દ ભિન્નપ્રક્રમાર્થ છે. અથવા તે દયાવાળો દુસ્તર માયાને તરે છે. ત્યારે ભગવદ્ભક્તિ અને જ્ઞાન સિદ્ધ થાય છે. **અથ** ત્યાર પછી. દેવમાયા દેવદ્યોતન કરનારની માયા. ક્રીડા કરવા માટે જે માયા તેને પછી તરે છે. ત્યારે ભગ-વાનના સાયુજ્યને પામે છે. તે માયાને તર્યો તેનું અભિજ્ઞાન શું તે કહે છે: તે તર્યો ત્યારે જાણો કે જ્યારે કૂતરાં શિયાળિયાંને ખાવા લાયક દેહમાં હું અને મારું એવો ભાવ ન હોય. આ તે તર્યાનું નિશાન છે. જેને હુંપણું કે મારાપણું એવું દૌર્જન્ય દેહમાં ન હોય. સર્વત્ર મોટા કામમાં સર્વ રીતે જ્ઞાન

થયા પછી તેમાં પ્રવૃત્તિ કરવી જોઇએ, તે અહીં विधान्याम् ત્યાં કહ્યું છે. કૂતરાં શિયાળને ખાવા લાયક દેહને કહ્યો તેથી તેનું છેવટમાં બીજાની તે વસ્તુ છે, તેનું છેલ્લું ફલ કૂતરાં ખાય તે જ છે. બીજાં તેનાં ફલો અવાંતર છે, તેમ દેહનો પોતે ઉપયોગ કરે તે અવાંતર ફલરૂપ છે; તેથી પોતે ઉપયોગ કરે તે પણ અવાંતર ફલ છે. માટે ફલને માટે ઉપયોગ ન કરવો એવો હેતુ પણ સૂચવ્યો છે. શ્વશૃગાલ એથી ગ્રામ આરણ્યકો ભક્ષક છે એ ઉપલક્ષણ વિધિથી કહ્યા છે; તેથી જ્યાં દેહ રહે છે ત્યાં દેહના આશ્રિત બધા લેવાય; તેથી મત્સ્યાદિ પણ લઇ શકાય. તેવાનાં અપમૃત્યુ હોતાં નથી. ગ્રામારણ્ય ભેદથી તે જ ભક્ષક છે. તેના ઉપરોધથી કાગડા વગેરેનો ત્યાં પ્રવેશ થવાનો નથી. બહુધા દેહનો વિનિયોગ સંભવે છે, તેથી અહીં ઉપલક્ષણ છે એવો નિશ્ચય છે. (૪૨)

यावन्मनो धारणयावतिष्ठते એ પદનું સારી રીતે નિરૂપણ કર્યું. एकैकशोऽङ्गानि धियानुभावयेत् એ વાક્યનું હવે નિરૂપણ કરે છે; वेदाहमङ्ग એ ચાર શ્લોકો વડે તે કહે છે:

वेदाहमङ्ग परमस्य हि योगमयां
यूयं भवश्च भगवानथ दैत्यवर्यः ।
पत्नी मनोः स च मनुश्च तदात्मजाश्च
प्राचीनबर्हिः ऋभुरङ्ग उत ध्रुवश्च ॥ ४३ ॥
इक्ष्वाकुरैलमुचुकुन्दविदेहगाधि-
रघ्वम्बरीषसगरा गयनाहुषाद्याः ।
मान्धात्रलर्कशतधन्वनुरन्तिदेव--
देवव्रतो बलिरमूर्तरयो दिलीपः ॥ ४४ ॥
सौभर्युतङ्कशिबिदेवलपिप्पलादाः
सारस्वतोद्धवपराशरभूरिषेणाः ।
येऽन्ये विभीषणहनूमदुपेन्द्रदत्त-
पार्थार्ष्टिषेणविदुरश्रुतदेववर्याः ॥ ४५ ॥
ते वै विदन्त्यतितरन्ति च देवमायां
स्त्रीशूद्रहूणशबरा अपि पापजीवाः ।
यद्यद्भुतक्रमपरायणशीलशिक्षा-
स्तिर्यग्जना अपि किमु श्रुतधारणा ये ॥ ४६ ॥

શબ્દાર્થ:—તેની યોગમાયાને હું જાણું છું. હે અઙ્ગ, તમો નારદ-સનકાદિ

પણ જાણો છો, ભગવાન્ શિવજી જાણે છે, દૈત્યશ્રેષ્ઠ પ્રહ્લાદ જાણે છે, મનુની સ્ત્રી, મનુ પોતે, તેમના પુત્રો, પ્રાચીનબર્હિષ રાજા, ઋભુ, વેનનો પિતા અંગરાજા, ધ્રુવ, ઈક્ષ્વાકુ, પુરૂરવા, મુચુકુન્દ, જનકરાજા, ગાધિરાજા, રઘુ, અંબરીષ, સગર, ગય, નહુષ વગેરે તેની યોગમાયાને જાણે છે. માન્ધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રન્તિદેવ, દેવવ્રત, ભીષ્મ, બલિ, અમૂર્તરય દિલીપ, સૌભરિ, ઉતઙ્ક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત દધીચિ, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજાઓ વિભીષણ, હનુમાન, ઉપેન્દ્ર, દત્ત, પરીક્ષિત્, પાર્થ અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે એ બધા દેવની માયાને જાણે છે અને તે માયાના પારને પામે છે. સ્ત્રી, શૂદ્ર, હૂણ, ભીલો વગેરે પાપ જીવો પણ જાણે છે. અદ્ભુતપરાક્રમ પ્રભુનાં શીલ અને શિક્ષાને પશુઓ પણ જાણે છે તો સાંભળેલું યાદ રાખનારા જાણે તેમાં તો શું કહેવાનું હોઈ શકે?

**ભાવાર્થ**:—ત્રણ પ્રકારના ભક્તો ત્રણ શ્લોકથી ગણાવ્યા. ભક્તો તો અનેક છે પણ આટલા તો ભગવાનના અંશને ધારણ કરનારા છે. એવાઓમાં એક અંશ ધારણ કરવાની સિદ્ધિ છે. પૂર્વ અધિકાર સિદ્ધ થયા પછી ઉત્તરાધિકાર સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. પ્રથમ બ્રહ્મા અને છેલ્લા શુક પક્ષી છે. તેમાં પ્રથમ શુકનો અધિકાર સિદ્ધ થાય પછી ક્રમે કરીને બ્રહ્મા સુધીના અધિકારો સિદ્ધ થાય છે એ વાત જ પગથી શરૂ કરીને કહે છે. પ્રથમ ચરણની સેવા બ્રહ્માને મળી છે. તેણે પ્રથમના ચરણને ધોયું, પૂજા કરી અને ગંગાને ઉત્પન્ન કરી છે. હાસ–શુકાદિક ભગવાનનાં ચિત્ર રૂપો છે. તેમાં પ્રથમ પરમ સાત્ત્વિકોનું નિરૂપણ કર્યું છે. તેની પછી રાજસો, છેલ્લે તામસો ગણાવ્યા છે. ભગવાનના જ્ઞાનમાં ભક્તિમાર્ગ મુખ્ય છે. તેથી ભક્તોને જ અહીં ગણાવ્યા છે. તે બધાનું ઉપર ઉપરથી સ્વરૂપ હું જાણું છું. તે પુરુષોત્તમના ભક્તો છે. જગત ઉત્પન્ન કરવાની જેને આજ્ઞા થઈ છે તે અહીં યોગમાયા લેવાની છે. તે પ્રથમ તો આજ્ઞા પ્રમાણે કરનારી છે. તેનું સ્વરૂપ જાણવાથી ભગવાન્ જણાય છે. તેની મારફત લોકમાં ભગવાન પ્રકટ થાય છે. બ્રહ્મા જાણે છે તેમાં ગુણોથી સૃષ્ટિ થાય છે તે ગુણ સિદ્ધ થવા માટે બ્રહ્મા બધું કરે છે, તે વાત હિ શબ્દથી સૂચવી છે. માયાનું આધિદૈવિકપણું બતાવવા માટે તેને યોગમાયા કહી છે. કેટલાક માયાને આધ્યાત્મિક કહે છે. નારદને તમે કહ્યા તેથી નારદ અને સનકાદિને લેવા. ભવ મહાદેવ. તે ત્રણ સાત્ત્વિકો છે. ભવને ભગવાન્ કહ્યા; તેનો આચાર ભક્તિવિરુદ્ધ છે છતાં તેને અભક્ત ન કહેવાય એ બતાવવા માટે ભગવાન્ કહ્યા છે. જ્ઞાનનિષ્ઠ સનકાદિને એક રૂપે ગણ્યા છે. પછી અથ શબ્દ કહી દૈત્યવર્ય કહ્યા એટલે સનકાદિ દૈત્યવર્ય છે એ વિચારથી ત્યાં દૈત્યવર્ય ગણાવ્યા જણાય છે, નહિ તો તેને રાજસમાં ગણ્યા હોત. દૈત્યવર્ય પ્રહ્લાદ તે મુખ્ય ભક્ત છે તેથી ભિન્ન ક્રમથી કહેવા

માટે अथ શબ્દ મૂકયો છે. મનુની સ્ત્રી શતરૂપા. कार्य ત્યાં સ્ત્રીલિઙ્ગનો પ્રથમ પ્રયોગ છે. का इयम् कोयं એ બે પ્રયોગમાં એકના વિશેષણનો અને એકના વિશેષ્યનો લોપ બતાવ્યો છે તેમાં સ્ત્રી નિર્દેશ પ્રથમ છે તે જ અહીં કહેવામાં આવ્યું છે. (તૃતીય સુબો. ૧૨-૪૯ જુઓ). અહીં સર્વત્ર ચકારો તેના સંબંધીઓને લેવા માટે કહ્યા છે. તે મનુનાં છોકરાં પ્રિયવ્રત ઉત્તાનપાદ આકૂતિ દેવહૂતિ વગેરે. ઋભુ વિષ્ણુપુરાણમાં પ્રસિદ્ધ. અંગ વેન રાજાનો બાપ. ધ્રુવને સિદ્ધિ પ્રાપ્ત થઈ એ વાત સ્પષ્ટ છે. ઇક્ષ્વાકુ વગેરે રાજસો છે. નહુષ યયાતિ રાજા. "આદિ"થી યદુ વગેરે લેવા. માન્ધાતાથી રન્તિદેવ સહિત રાજાઓની સાથે દેવવ્રત ભીષ્મ લેવા. સૌભર્યાદિક તેની પછીના તેને મત્સ્યઅંગ જોતાં ગૃહસ્થ થવું પડયું હતું. ઉત્તઙ્ક ભારતમાં પ્રસિદ્ધ છે. પિપ્પલાદ કોઈ છે. સારસ્વત દધીચિ. ઉપેંદ્ર દત્ત પરીક્ષિત. બીજા પણ તે તે પ્રસિદ્ધ છે. તેમનું ફલ કહે છેઃ તે બધા એને ભગવાનની માયા જાણીને તેને તરે છે. આપણા લોકોને માયા તરવાનો ઉપાય બતાવે છેઃ તામસોમાં સ્ત્રીઓ સાત્વિકીઓ છે. શુક રાજસ છે. હૂણ તામસ છે. શબર વગેરે તેનાથી પણ નીચ છે. પાપ કરીને જીવે છે તે પાપજીવો છે. તે માયાને જાણે છે અને તરે છે. જો તે અદ્‌ભુત કર્મવાળા ભગવાનના સેવક બને તો તરે. તેનાં શીળને શીખ્યા હોય તો જ તરે, અન્યથા નહિ. પદને ઉપાડીને બીજે રાખવો તે પાદવિક્ષેપ કહેવાય. આ અદ્‌ભુત છે. પગમાં ક્રિયાશક્તિ રહી છે. તે ભગવાન સામાન્ય રીતે કોઈને પણ વશ થઈ શકે છે. ખરા તત્પરાયણ તો તે કહેવાય કે ક્ષણ માત્ર પણ જેનું ચિત્ત ભગવાનને છોડી બીજામાં ન જાય. તે અનન્યચિત્ત કહેવાય. જો ક્ષણ માત્ર ભગવાનને છોડે તો તે અદ્‌ભુતક્રમવાળા હોવાથી ક્ષણમાં ત્યાંથી બીજે ચાલ્યા જાય. તેણે પણ વાણીથી શિક્ષણ આપ્યું હોય તે કામ દેતું નથી, પણ તેનાં શીળની સાથે શિક્ષણ આપવું જોઇએ કે જેમ તેઓ ભગવત્પરાયણ છે તેવા જ સ્વભાવથી તે ભગવત્પરાયણ થાય, તો તે ભગવદીયો બને છે. સ્ત્રીઓ ભગવદીય બને તેમાં આશ્ચર્ય માનવાનું નથી, કેમકે પશુઓ પણ ભગવાનને ભજીને મુક્ત બને છે. જેમ નામ ભણાવવાથી શુક વગેરે નામ લે છે. શ્રુત એટલે સાંભળ્યું હોય તેવું બોલી દે તે શ્રુતધારણ કહેવાય; એટલે સાંભળેલા અર્થના જ્ઞાનમાં તેનું સામર્થ્ય હોય છે. તેથી અંશથી ભગવાનના જ્ઞાનમાં તો સર્વ અધિકારીઓ છે. સર્વ રીતે જ્ઞાન તો કોઈને થતું નથી. તેમાં પણ ભગવદ્‌ભક્તનો સંગ ન હોય તો કોઈ જાણી જ ન શકે. (૪૩-૪૬)

એમ એક એક ધારણનું સ્વરૂપ ઉત્પત્તિ વડે કહેવાયું. जितंजितं स्थानमपोह्य धारयेत् (જીતેલા સ્થાનને છોડી આગળ આગળ ધારણા કરવી) એ વાકયનો અર્થ ઉત્પત્તિથી शश्वत् એ બે શ્લોકથી વિચારે છેઃ

शश्वत्प्रशान्तमभयं प्रतिबोधमात्रं
शुद्धं समं सदसतः परमात्मतत्त्वम् ।
शब्दो न यत्र पुरुकारकवान् क्रियार्थो
माया परैत्यभिमुखे च विलज्जमाना ॥ ४७ ॥
तद्वै पदं भगवतः परमस्य पुंसो
ब्रह्मेति यद्विदुरजस्रसुखं विशोकम् ।
सध्यङ्नियम्य यतयो यमकर्तहेतिं
जह्युः स्वराडिव निपानखनित्रमिन्द्रः ॥ ४८ ॥

શબ્દાર્થ:—પરમપુરુષ પરબ્રહ્મનું તે પદારવિંદ છે. પદને દશ વિશેષણોથી બતાવે છે કે તે નિત્ય છે, શાન્ત છે, જ્ઞાન માત્ર છે, શુદ્ધ, સમ, કાર્યકારણથી પર છે, આત્માનું ખરૂં સ્વરૂપ છે, જ્યાં કારકવાળો શબ્દ પણ પહોંચતો નથી, માયા તેની સામે જોતાં લજાય છે. જે પરબ્રહ્મ શોક રહિત સુખરૂપ છે. મનને નિયમમાં રાખી યતિઓનાં સાધનોને છોડે છે. જેમ ઈન્દ્ર કૂવો ગાળવાનાં સાધનો કોદાળી પાવડાને રાખતો નથી, કેમકે તે જળનો રાજા છે, તેમ યતિઓ મનને ભગવાનમાં રાખીને યોગ તપ આદિ સાધનોને છોડી દે છે.

ભાવાર્થ:—તે જ ભગવાનનો અંશ સ્વાધીન થાય જે આપણને આત્મારૂપે સ્ફુરે. જો બુદ્ધિથી આપણે નક્કી કર્યો હોય તો બુદ્ધિ જાય તેની સાથે તે જતો રહે છે. પાદાદિનું સ્વરૂપ તેવું જ છે. તેમાં જો પ્રથમ ચરણનું સ્વરૂપ વિચાર્યું તો બીજું પોતાની મેળે જણાશે. તેથી લક્ષણો વડે પ્રથમ પગના સ્વરૂપને કહે છે. તે પરમ પુરુષ ભગવાનનું પદ છે. દશ ધર્મો ભગવાનના ચરણમાં કહ્યા તે દશ લીલારૂપ છે, તેથી પ્રત્યેક અવયવમાં દશ લીલા કહેવાય છે. તેમાં ભગવાનનું ચરણ કેવું? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે જે સર્વદા (શશ્વત્) તે ચરણારવિંદ. જે (જે કાલથી મપાય છે) સર્વદા નથી તે ચરણ નથી. ગુણનો જેને ક્ષોભ નથી. સત્ત્વને પણ દયાદિથી ક્ષોભ થાય તે ન થવા માટે શાંતની પહેલાં 'प्र' મૂક્યો છે, એટલે પ્રશાન્ત કહ્યું છે. પ્રૈર્ય પણ તે છે અને પ્રેરક પણ તે જ છે; એટલે તેનો અભેદ કહ્યો છે. દ્વિત્વ નથી. અહીં કાલ સર્વનો પરિચ્છેદ કરે છે. તેનું પરિચ્છેદકપણું અહીં નથી તે કહે છે: ભગવચ્ચરણ અભય છે, તેથી તેમાં સંસારનો ભાવ ન હોવાથી દોષ પણ તેમાં નથી. તેનું સ્વરૂપ બતાવે છે કે પ્રતિબોધ માત્ર શુદ્ધ અને સમ છે. પ્રતિબોધ એટલે અનુભવ રૂપ. માત્ર શબ્દ કહેવાથી પ્રમાતા પ્રમેય અને પ્રમાણ ભાવ તેમાં નથી. ત્રણ ભાવ રહિત સ્વરૂપ છે. શુદ્ધ એટલે આનંદરૂપ, સમ એટલે સદ્રૂપ, તેથી સચ્ચિદાનંદ રૂપ ચરણનું સ્વરૂપ કહ્યું. હવે આ ચરણ સર્વ

વ્યવહારથી પર છે તેને ચાર વિશેષણોથી સિદ્ધ કરે છે. વ્યવહાર પણ ચાર
રીતે થાય છેઃ પ્રપંચત્વથી, આત્મીયત્વથી, શબ્દત્વથી, શબ્દાર્થત્વથી એમ ચાર
પ્રકારે વ્યવહારગોચર થાય. તેવું આ પદમાં નથી, કેમકે તે કાર્ય અને કારણથી
પર છે, અથવા પ્રકૃતિથી પર છે. આત્માનું ન થાય એટલે આત્મ શબ્દથી પણ
તેનો વ્યવહાર થતો નથી. આત્માનું પણ તે પરમ તત્ત્વ છે. વ્યવહાર તેનો
કરેલો તે બીજામાં તેનો વ્યવહાર થાય. આત્મા તો સિદ્ધ હોવાથી તેમાં
વ્યવહાર થતો નથી. શાબ્દિક વ્યવહારનો નિરાસ કરે છેઃ ભગવત્પદમાં કર્મ
કરણત્વાદિ ન હોવાથી તે કારક નથી; ક્રિયારૂપ કે ક્રિયાવ્યઙ્ગ્ય ન હોવાથી
ધાતુ નથી; પ્રયત્નરૂપ ન હોવાથી પ્રત્યયરૂપ નથી, તેથી શબ્દમાં પ્રધાનરૂપ
ન હોવાથી નામ કે આખ્યાત ન હોવાથી ઉપસર્ગ નિપાત તો દૂરથી જ ઊડી
ગયું. **कारकवान् क्रियार्थः** નામ અને આખ્યાત (ક્રિયા)નો સંબંધ કહેવાથી વાક્યાર્થ
પણ પદ નથી. ભગવાનની આજ્ઞારૂપ માયાથી વ્યવહાર થઇ શકે તો જીવાદિની
જેમ અજ્ઞાનની નિવૃત્તિ દ્વારા વ્યવહાર્યત્વ થાય. તે પણ અહીં નથી, કેમકે
ભગવાનથી માયા તો દૂરથી પાછી ફરે છે, કેમકે તેને લાજ આવે છે. માયા
ભગવચ્ચરણની દાસી છે. ભગવાન્ જ્ઞાનરૂપ છે. આ માયા મોહ કરનારી છે
ભગવાન તે લોકોને મોહ કરે છે, તે તે જાણે છે. જે ભગવાનની સન્મુખ છે,
ભગવાનના અનુચર છે, જ્ઞાનીઓ છે, ભક્તો છે, તે બધાથી માયાને શરમ આવે
છે. વિશેષ લાજે એ અંશ માત્ર પણ કાર્ય ન કરી શકે એમ જણાવ્યું वि ઉપસર્ગથી.
એ દશ પદોથી ભગવાનના ચરણનું લક્ષણ કહીને તેની હવે પ્રસિદ્ધિ કહે છે જે
ભગવાનના ચરણને વેદાન્તમાં ब्रह्म કહે છે. વેદાન્તનો વિચાર કરનારા તે બ્રહ્મ છે
એમ કહે છે. તેમાં કાંઈક ઈશ્વરતા દેખાય ત્યારે તે ભગવાન્ કહેવાય છે. જ્યારે
બધાને નિયમમાં રાખનાર થાય ત્યારે પરમ કહેવાય છે. તે પણ તે જ પદ છે.
તે જ્યારે ભોક્તા થાય ત્યારે પુરુષ કહેવાય છે. એમ બ્રહ્મને જાણનારા તે ચરણને
બ્રહ્મ કહે છે. એમ તેની પ્રસિદ્ધિ કહીને તેનું ફલ કહે છેઃ પરમાનંદ અને દુઃખનો
અભાવ એ ફલ છે. તે બન્નેરૂપ પણ તે પદ છે. તેનાં સાધનોને કહે છે કે સાથે
ચાલે તે મન; તે આત્માને સંસારમાં લઈ જાય છે. તે મનને નિયમમાં લઇને
તેનો સંસારમાં ખેંચવાનો ભાવ તેમાંથી છોડાવીને (આ આંતર સાધન કહ્યું)
બહારનું સાધન સંન્યાસ કરે. એમ દોષાભાવથી ફલ મળતાં સુધી પદનું નિરૂપણ
કરીને **विजितपद** નો અર્થ વિચાર્યો હવે **जितं जितं स्थानम्** એનો અર્થ કહે
છેઃ તેમાં જીતેલાં સ્વાધીન કરેલાં પદોનો ત્યાગ ન કરવો. એમ કરતાં પહેલાં
પ્રયાસ વ્યર્થ જાય માટે તેમ ન કરતાં જીતેલું સ્થાન ભગવાનના ચરણરૂપ,
તેના સાધનસમુદાયને છોડી દેવો. સસાધન પદ જિતાયું તેને (પદને) સ્થાપન
કરવું, સાધનપ્રયત્નનો ત્યાગ કરવો. ત્યાં શંકા કરે છે કે આ ત્યાગ કરવાનું

કારણ શું ? તેના ઉત્તરમાં કહે છે કે આગળ અવયવોને સ્વાધીન કરવા માટે તે પ્રયત્ન કરવો અને પૂર્વ પ્રયત્ન સિદ્ધ થયો તેને છોડવો. તેના દૃષ્ટાન્તમાં કહે છે કે જેમ ઇંદ્ર મેઘનો રાજા છે તે કૂવો ખોદવાનાં સાધનો છોડી દે છે તેમ ભગવાનના ચરણની પ્રાપ્તિને માટે કરેલાં ક્ષુદ્ર સાધનો પણ માહાત્મ્યથી કર્યાં હોય તે મહાફલ મળ્યા પછી ક્ષુદ્ર પદાર્થ સાધકને છોડી દે તેમ છોડી દેવાં. સ્વરાટ્ સાધક–સાધનને ગ્રહણ કરે છે. એમ ઉત્તરત્ર સર્વાંશમાં ફલ મળે ત્યારે ઇન્દ્ર થઈ ઐશ્વર્ય મેળવીને સર્વ છોડી દે. (૪૭–૪૮)

એમ ઉદ્દેશાધ્યાયમાં નિરૂપણ કરેલા ભગવત્સ્વરૂપનો ઉત્પત્તિ વડે વિચાર કર્યો, સાધનાધ્યાયમાં **अकामः सर्वकामो वा** એ શ્લોકમાં તે જ સ્વરૂપ ફલ-સાધકરૂપે કહ્યું છે તે અંશનો ઉત્પત્તિથી વિચાર કરે છેઃ

**स श्रेयसामपि विभुर्भगवान् यतोऽस्य**
**भावस्वभावविहितस्य सतः प्रसिद्धिः ।**
**देहे स्वधातुविगमेऽनुविशीर्यमाणे**
**व्योमेव तत्र पुरुषो न विशीर्यतेऽजः ॥ ४९ ॥**

**શબ્દાર્થઃ**—તે સમર્થ ભગવાન્ શ્રેય આપનાર છે. ભાવ અને સ્વભાવવાળા જગતની તેનાથી પ્રસિદ્ધિ થઈ છે. દેહના ધાતુઓ જ્યારે ચાલ્યા જાય ત્યારે દેહ પડે, તેમાં રહેલા આકાશની જેમ દેહમાં રહેલો આત્મા નાશ પામતો નથી.

**ભાવાર્થઃ**—તે ભગવાન્ સ્વતઃ પુરુષાર્થરૂપ છે. એવા છે છતાં કોઈ કામના કરે તો તેને સ્વર્ગાદિ પણ આપે છે, કેમકે તે બધા શ્રેયના (ફળના) દેનાર તે જ છે. વિભુ કહ્યા એટલે ઉત્પન્ન કરવાને દેવાને સ્વતંત્ર છે. તે ભગવાન્ પરમાનંદરૂપ છે તોપણ છ ગુણોને તે ધારણ કરે છે. આ જગત્ ભાવથી અને સ્વભાવથી બનાવ્યું છે તે તેના સદ્રૂપમાંથી જ બન્યું છે. સર્વ જગત્ બે પ્રકારનું છેઃ એક ભાવથી થયેલું અને બીજું સ્વભાવથી થયેલું. ભાવ એટલે ધાતુનો અર્થ ક્રિયા; અથવા ક્રિયાથી અભિવ્યક્ત થતો ભાવ; તેનાથી કેટલુંક જગત્ સિદ્ધ થાય છે. સામાન્ય ક્રિયાભાવ તેના વિકારો તે ભાવવિકાર કહેવાય. **अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते, नश्यति,** એ છ ભાવ-વિકારો છે. તે દેહાદિને છે. જે નિત્ય નિરતિશયરૂપ છે તે અક્ષય કાલાદિરૂપ છે, તે સ્વભાવ વિહિત કહેવાય, તે સ્વતઃસિદ્ધ છે. એમ ક્રિયાથી થતા અને સ્વતઃ-સિદ્ધ એવા તે બધા ભગવાનના સદ્રૂપથી થયા છે. બીજાથી સત્સંપત્તિ થતી નથી તેથી ભગવાન્ સર્વ ફલના ઉત્પાદક છે, દાતા પણ તે જ છે તે યોગ્ય છે. એમ સ્વરૂપથી લઇને ફલ પર્યન્ત ભગવત્સ્વરૂપનો વિચાર કરીને હવે ફલ દેવામાં ફલ કોનું ? તે જો ફલ ભગવાનનું હોય તો વિચાર કરવો વ્યર્થ

થાય તેથી તે જીવનનું ફલ છે એમ માનવું જોઇએ. તે વિચારતાં જીવ કે તેનો વિચાર કરવો. તેમાં દેહવાળો તે જીવ એમ લોક વેદમાં પ્રસિદ્ધ હોવા દેહના સંબંધવાળો જીવ એવો નિશ્ચય થાય છે. તે સંનિયોગશિષ્ટ ન્યાય દેહની સાથે આવે છે, દેહ જતાં ચાલ્યો જાય છે એમ માનવું જોઇએ. એ ન હોય તો દેહથી જુદો પણ દેખાવો જોઇએ તે દેખાતો નથી. अशरीरं वा व सन्तं प्रियाप्रिये न स्पृशतः (શરીર વગર પ્રિય કે અપ્રિયનો સ્પર્શ કરતે નથી), તેથી દેહવગર કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. દેહના અન્વયમાં અન્વ અને વ્યતિરેકમાં જીવનો વ્યતિરેક હોવાથી તે આત્માને આ દેહમાં જે ફ મળે તે બીજા દેહમાં ન મળે, એ મતનું ખંડન કરે છે: આ તો દેહ છે, આત્મ નથી, પણ આત્માના આવરણરૂપ છે. તેના સંબંધથી જ આત્માને સુખ દુઃ ભોગવવાનાં છે. नित्यः सर्वगतः स्थाणुः એ વાક્યથી તે સર્વમાં જનારો છે એ સંભળાય છે. તેથી જેમ ઘડો આકાશનો ભેદ પાડનાર છે તેમ દેહ જીવનો ભેદ પાડનાર છે. તેની જેમ ઉત્પત્તિ નથી તેમ દેહનાશમાં તેનો નાશ પણ નથી. તેથી જ્યારે ત્યારે તેને ફલ મળે તે તેનું ફલ કહેવાય. દેહ તો તેના આરંભક ધાતુઓ ચાલ્યા જાય ત્યારે છૂટો પડી જાય છે. તેના ઉત્પાદક ધાતુ સંસ્કૃત ભૂતોના અવયવો અન્ન વગેરે તો તેને વધારનારા છે તે ધાતુઓ સ્વ સમવેત ફલ ઉત્પન્ન કરીને કૃતાર્થ થાય છે, એટલે નિવૃત્ત થાય છે; ત્યારે તેની સાથે પ્રકટ થયેલો આત્મા જતો રહે છે. તે આત્મા દેહ સાથે થયો, દેહ ધાતુઓથી થયા, તેથી ફલમાં કાંઈ શંકા કરવા જેવું નથી. (૪૯)

હવે તે કહેલા અર્થને સમેટી લે છે:

सोऽयं तेऽभिहितस्तात भगवान् विश्वभावनः ।
समासेन हरेर्नान्यद् अन्यस्मात् सदसच्च यत् ॥ ५० ॥

**શબ્દાર્થ:**—તે ભગવાન વિશ્વનું પાલન કરનાર છે. હે તાત, તેનું સ્વરૂપ મેં તમને કહ્યું. ટૂંકામાં કહીએ તો હરિથી બીજું કાંઈ નથી, તેથી આ સર્વરૂપ છે; કારણ રૂપ એનાથી બીજું કાંઇ નથી.

**ભાવાર્થ:**—મેં અત્યાર સુધીમાં તમને જે કહ્યું તેમાં ભગવાન જ કહ્યા, તે ભગવાન્ દશવિધ લીલાવાળા છે. ભગવાન્ છ ગુણવાળા છે. સૃષ્ટિ સ્થિતિ લય અને મોક્ષ, અથવા ધર્મ અર્થ કામ મોક્ષ એ ચાર:મળી દશ થાય. તેના વડે વિશ્વને પાળે છે. એવા વિશ્વપાલક ભગવાન આટલા ગ્રંથથી મેં તમને વિસ્તારથી કહ્યા. તેથી તમારું શ્રવણ મેં સંપાદન કરાવ્યું. એમ વિસ્તારથી કહીને જલદીથી સહેલાઇથી બુદ્ધિમાં આવવા માટે સંક્ષેપથી કહે છે: મેં જે વિસ્તાર થી તમને કહ્યું તેનો સંક્ષેપથી અર્થ-તે ભગવાન્ સર્વ છે, ભગવાનથી સર્વ છે.

આ સારું લગાડવા માટે હું કહેતો નથી. તે કહે છે કે હરિ જ સર્વ છે; હરિથી જુદું કાંઈ નથી; હરિથી જ બધું થાય છે; તેના સિવાય કોઈથી કાંઈ થતું નથી; સારું નરસું ઊંચું નીચું બધું તે જ છે; ચકારથી કાલ પણ તે જ છે. यद् એટલે જે પ્રસિદ્ધ છે તે તે જ છે. (૫૦)

એમ સંક્ષેપ અને વિસ્તારથી કહીને શાસ્ત્રનો ઉપસંહાર કરે છે:

**इदं भागवतं नाम यन्मे भगवतोदितम् ।**
**संग्रहोऽयं विभूतीनां त्वमेतद्विपुलीकुरु ॥ ५१ ॥**

**શબ્દાર્થ:**—ભગવાને કહેલ તે ભાગવત નામનું આ પુરાણ મેં તમને કહ્યું. આમાં ભગવાનની વિભૂતિઓનો સંગ્રહ છે તેનો તમો વિસ્તાર કરો.

**ભાવાર્થ:**—મેં આ કહ્યું તે ભાગવત. ભગવાને કહેલું અથવા જેનું ફલ ભગવાન્ છે તેનું નામ ભાગવત છે. તૃતીયાનો અર્થ કરે છે: જે ભગવાને મને કહ્યું હતું. પોતે સ્વયં કહેલ તેથી તેનું નામ 'ભાગવત' નામ છે. ત્યાં શંકા કરે છે કે ભગવાને સ્વરૂપનું સર્વ વર્ણન કરી બતાવ્યું ત્યારે તમે કેમ કહો છો કે આટલું જ ભાગવત? આ તો વિભૂતિનો સંગ્રહ છે; સંકોચ કરીને કહ્યું છે. સંક્ષેપ અને વિસ્તાર અધિકારને અનુસાર કહેવામાં આવે છે. તેમાં તમે ઉત્તમાધિકારી હોવાથી સંક્ષેપથી તમને બધું કહ્યું છે. તમે બીજાને કહો તો આને વિસ્તારથી કહેજો. (૫૧)

વિસ્તાર કરવાનું કારણ કહે છે:

**यथा हरौ भगवति नृणां भक्तिर्भविष्यति ।**
**सर्वात्मन्यखिलाधार इति संकल्प्य वर्णय ॥ ५२ ॥**

**શબ્દાર્થ:**—સર્વાત્મા અખિલના આધાર હરિ ભગવાનમાં લોકોને ભક્તિ થાય તેવો સંકલ્પ કરીને તમે વર્ણન કરો.

**ભાવાર્થ:**—માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહનું નામ ભક્તિ કહેવાય છે. માહાત્મ્યજ્ઞાન થયા વગર તે ભક્તિનો ઉદય થતો નથી. માહાત્મ્યજ્ઞાન કરાવવામાં વિસ્તારની જરૂર છે. માહાત્મ્ય જણાવીને ભક્તિ ઉત્પન્ન કરવા માટે વિસ્તારની જરૂર છે. બીજું શું પણ લોકોને જેમ ભક્તિ થાય તેમ કહેવું. આથી અધિકારને અનુસાર પદાર્થનું વર્ણન કરવું એમ કહ્યું. ત્યાં શંકા કરે છે કે માહાત્મ્ય કહ્યા છતાં સંબંધ ન થાય ત્યાંસુધી ભક્તિ ક્યાંથી થાય? ત્યાં કહે છે કે આત્મા પરમપ્રેમનો વિષય છે. બીજે તો પ્રેમ દેખાય છે તે તેને લઈને દેખાય છે. તો ભગવાનમાં નિરુપાધિક પ્રેમ કેમ થશે? ત્યાં કહે છે કે તે સર્વાત્મા છે. આ ભગવાન્ સર્વ જગતના આત્મા છે. જેવી

રીતે તે સર્વાત્મા છે તે પૂર્વે કહ્યું છે, એમ આત્મા હોવાથી તે સ્નેહના વિષય છે એમ કહીને પુત્રાદિ સર્વ વિષય સ્નેહ પ્રતિપાદન કરવા માટે ભગવાને કરેલ ઉપકારને બતાવે છે. સર્વના આધારરૂપ ભગવાન્ સર્વ પ્રકારે છે, તેથી તેમાં સ્નેહ થવો યોગ્ય છે. જ્યારે લોકોમાં ભગવાનના ગુણ વિસ્તારથી કહેવા ત્યારે બીજા ફલનો ઉદ્દેશ મનમાં ન રાખવો, પણ ભગવદ્ભક્તિનો જ વિચાર રાખવો; તે પણ આ ગુણોના શ્રવણથી સર્વને ભક્તિ થાઓ એમ મનમાં નિશ્ચય કરી ગુણો કહેવા. તેથી એવો સંકલ્પ કરીને વર્ણન કર, એમ કહ્યું. એક એક પદાર્થને બહુ પ્રકારે વર્ણન કરી બતાવો. (૫૨)

ત્યાં કહે છે કે વિસ્તારથી કહેતાં સાંભળનારને ભક્તિ થાય, મને શો લાભ થાય? ત્યાં કહે છે:

**मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः ।**
**शृण्वतः श्रद्धया नित्यं माययात्मा न मुह्यति ॥ ५३ ॥**

**શબ્દાર્થ**:—આ ઈશ્વરની માયાનું વર્ણન કરે અથવા વર્ણન કરતા હોય તેને અનુમોદન આપે ને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો તેનો આત્મા માયાથી મોહિત નહિ થાય.

**ભાવાર્થ**:—આ ભગવાનની માયા છે, કેમકે સર્વ સામર્થ્યો જ અહીં કહેવાનાં છે. દશ પ્રકારની ભગવાનની લીલા એ પણ ભગવાનની શક્તિઓ છે. એ માયાનું વર્ણન કરે તેનો આત્મા મૂંઝાય નહિ. ત્યાં શંકા કરે છે કે માયાનું વર્ણન કરનારને આત્મામાં મોહ પેદા થાય, પણ માયા વર્ણવે અને અમોહ થાય એમ તો કહેવાય નહિ! આ તો ઈશ્વરની માયા છે તેથી મોહ નહિ કરે, એટલું જ નહિ પણ બીજો માયાનું વર્ણન કરતો હોય તેને અનુમોદન આપનારને પણ મોહ નહિ થાય. સારી રીતે નિરૂપણ કરનારને મોહ ન કરે, પણ સારી રીતે સાંભળનારને પણ મોહ નહિ થાય. જો કે અહીં મુખ્ય ફલ ભક્તિ છે. તે ન થાય તોપણ અન્તઃકરણમાં માયાનો મોહ તો નહિ જ થાય; તેથી લોકોના ઉપકારને માટે અને પોતાના સ્વાર્થને માટે શ્રવણાદિક કરવું, એ વાત સિદ્ધ થઈ. (૫૩)

**ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કંધની-શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભાચાર્યવિરચિત શ્રીસુબોધિની ટીકામાં**
**સાતમો અધ્યાય સંપૂર્ણ થયો.**

# અધ્યાય ૮ મો

एवं निर्धारभजनमुत्पत्त्या च विमर्शनम् ।
द्वयं सिद्धं विराट्ब्रह्मरूपयोस्तत्त्वनिश्चये ॥ १ ॥
उपपत्त्या विमर्शस्तु त्रिभिरद्य निरूप्यते ।
आक्षेपसिद्धान्तफलैः सोपपत्तिस्त्रिधा यतः ॥ २ ॥
अष्टमे संदिहानस्य प्रश्न आक्षेपगर्भितः ।
राज्ञो निरूप्यते प्रश्नास्तन्मूला अपरेऽपि च ॥ ३ ॥

એમ નિર્ધારપૂર્વક ભજન અને ઉત્પત્તિથી વિચાર એ બે, વિરાટ્ અને બ્રહ્મના તત્ત્વનો નિશ્ચય કરતાં સિદ્ધ થયાં (૧), હવે ઉપપત્તિથી વિચાર ત્રણ અધ્યાયથી કરાય છે. આક્ષેપ સિદ્ધાન્ત અને ફલવડે યુક્તિપૂર્વક ત્રણ પ્રકારે કહેવામાં આવે છે. (૨) આઠમા અધ્યાયમાં સંદેહ કરતા પરીક્ષિતનો પ્રશ્ન આક્ષેપગર્ભ છે. બીજા પણ રાજાના પ્રશ્નો આક્ષેપમૂલક છે, તે કહેવાય છે. (૩)

કહ્યા પ્રકારે સ્થૂલ અને સૂક્ષ્મ રૂપનો આક્ષેપ કરવાથી સર્વ સિદ્ધ નહિ થાય, એવી શંકા કરતાં રાજા કથાને માટે શુકદેવજીને છ શ્લોકથી પ્રોત્સાહન આપે છેઃ 'ब्रह्मणा चोदितः'એ શ્લોકથીઃ

राजोवाच ।

ब्रह्मणा चोदितो ब्रह्मन् गुणाख्यानेऽगुणस्य च ।
यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ॥ १ ॥

**શબ્દાર્થઃ**—રાજા પરીક્ષિત બોલ્યાઃ હે બ્રહ્મન્, દેવના જેવા દર્શનવાળા નારદજીને ગુણાતીત ભગવાનના ગુણ કહેવા માટે બ્રહ્માએ પ્રેર્યા, તેણે જેને જેને ગુણો કહ્યા તે મને કહો.

**ભાવાર્થઃ**—પૂર્વાધ્યાયના અંતમાં બ્રહ્માએ કહ્યું કે તમે આ ભગવત્સ્વરૂપને વિસ્તારથી કહો એમ નારદને કહ્યું. તે થોડું સંક્ષેપથી કહેતાં પણ મોટી ભક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે વિસ્તારથી કહેતાં તો શું થશે ? એમ થવાથી પરમ આદરથી રાજા પૂછે છેઃ હે બ્રહ્મન્, આપ સર્વજ્ઞ છો તેથી બધું જાણો છો એને માટે ब्रह्मन् સંબોધન કર્યું. બ્રહ્માએ પ્રેરેલા નારદે ગુણ કહેવા માટે જેને જેને જે પ્રકારે કહ્યું તે પ્રકારથી આપ મને કહો, એમ શ્લોકનો સંબંધ છે. તે અગુણ એટલે ગુણથી પર ભગવાનના ગુણગાન માટે તેને પ્રેર્યો છે. ભગવાનનું નાનું રૂપ અગુણ છે. ચકારથી સ્થૂલરૂપ પણ નિર્ગુણ સમજવું. તેના ગુણો એટલે તેનો

ઉત્કર્ષ કહેનાર ધર્મોને કહેવાની બ્રહ્માએ આજ્ઞા કરી. ત્યારે તેના અનેક પ્રકાર કહેવાય તે જેને જેને જેજે પ્રકાર તેણે કહ્યા તેથી **यस्मै यस्मै** બે વાર કહ્યું છે, તે કહેવાનું તેનામાં સામર્થ્ય છે, એટલે તેને "દેવદર્શન" કહ્યા છે. દેવો પણ જેનાં દર્શન કરે છે એવા નારદ છે. (૧)

શુકદેવજી રાજાને કહે કે નારદે જેને જેને કહ્યું તે તમને કહું તેનાથી તમને શો લાભ છે? એના ઉત્તરમાં કહે છે:

**एतद्वेदितुमिच्छामि तत्त्वं वेदविदांवर ।**
**हरेरद्‌भुतवीर्यस्य कथा लोकसुमङ्गलाः ॥ २ ॥**
**कथयस्व महाभाग यथाहमखिलात्मनि ।**
**कृष्णे निवेश्य निःसङ्गं मनस्त्यक्ष्ये कलेवरम् ॥ ३ ॥**

**શબ્દાર્થ**:—હે તત્ત્વજ્ઞમાં શ્રેષ્ઠ, અદ્‌ભુત વીર્યવાળા કૃષ્ણનું તત્ત્વ જાણવાની હું ઇચ્છા રાખું છું, તેથી આપ જગતનું મંગળ કરનારી કૃષ્ણકથા મને કહો કે, હે મહાભાગ, જેના વડે હું મનને નિઃસંગ બનાવી કૃષ્ણમાં લગાડીને આ દેહને છોડી દઉં.

**ભાવાર્થ**:—આ તત્ત્વ કેવા અધિકારમાં કેમ કહેવું? એ પોતાના અધિકાર અને પરમતત્ત્વને જાણવા માટે જરૂરનું છે. એમ હું કેમ જાણું? હું તો મારા અધિકાર પ્રમાણે જાણું! એવી શંકાના સમાધાનમાં કહે છે કે વેદમાં સ્વાધિકારથી અને અન્યાધિકારથી પદાર્થો કહેવાયા છે. તે બધા પદાર્થો બ્રાહ્મણોના જાણવામાં છે. વસંતાદિ કાળ, જેવા કે ઋષિઆધાનના મંત્રો, અશ્વમેધાથી યજ્ઞો, વળી સ્તોમાદિ નૈમિત્તકો કહ્યા છે તેમ આ શાસ્ત્ર પણ સર્વાધિકારથી પ્રવૃત્ત થયું છે, તે તે અધિકારને અનુસારે પદાર્થોને કહે છે. વેદને અનુસારે તે તે અધિકારને અનુસારે વ્યવસ્થા થાય છે તે સર્વ વેદને જાણનારા સમજે છે. તે સંબોધનથી બતાવે છે કે "આપ વેદજ્ઞોમાં શ્રેષ્ઠ છો." એમ પૂર્વોક્ત પદાર્થ સંબંધી પ્રશ્ન કરીને હવે પોતાને ઇચ્છિત બીજો પ્રશ્ન દોઢ શ્લોકથી કહે છે કે આપ હરિની કથા મને કહો. **कथयस्व** એ ક્રિયાપદ આત્મનેપદી હોવાથી મને પણ તે કથામાંથી લાભ થશે એમ સૂચના કરી છે. ત્યાં શંકા ઉઠાવે છે કે સર્વ દુઃખના હરનાર ભગવાનની કથા સર્વ પુરાણમાં પ્રસિદ્ધ છે, તેને અહીં વિશેષ કહેવાથી શો લાભ છે? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાનનું ચરિત્ર એટલું બધું સરળ નથી, કેમકે તે કરે છે બીજું અને થાય છે બીજું. એવું ન સમજાય તેવું છે, તેથી તે સ્વરૂપથી નાના પ્રકારનું છે. તેનું પરિણામ પણ જુદા રૂપમાં આવે છે, તેથી ભગવાનના ગુણો પૃથક્ કરીને કહેવા જોઇએ. વળી તે ભગવાનની કથા લોકનું સારી રીતે મંગળ કરે છે. કેટલીક વસ્તુ માત્ર પુરુષને મંગળરૂપ હોય છે; જેવાં કે રક્ષાબંધન અલંકાર વગેરે. કેટલાક ઘરનું મંગળ બનાવનાર હોય

છે; જેમકે ઘરનો શણગાર. કેટલાક પ્રસંગો કુલનું મંગળ કરનારા હોય છે; જેવા કે પુત્રજન્મ. કેટલાક ગામ કે દેશના મંગળસૂચક હોય છે. ગામની રક્ષા અને દેશની વૃષ્ટિ મંગળસૂચક છે. કથા તો સર્વના મંગળની સૂચિકા છે; પ્રાણીઓનાં અને લોકનાં પરમ કલ્યાણ કરનારી છે. "હે મહાભાગ!" એ સંબોધનથી શુકદેવજીને સૂચવ્યું કે આવું મોટું ભાગ્ય તો આપનું જ છે; તે બીજા કોઇથી કહી શકાય તેમ નથી. આપ જ એવા મોટા ભાગ્યથી શોભો છો કે સાક્ષાત્ ભગવત્પ્રાપિકા કથા કહેવાનો આપનો અધિકાર છે. બીજા તો તુચ્છ ફળવાળી કથાઓને કહેનારા છે. આપ મહાફળ મોક્ષ તેને આપનારી કથા કહો છો, તેથી આપના ભાગ્યનો કાંઇ પાર નથી. પહેલાં જેવો અધિકાર હોય તેમ કહેવાનું કહ્યું છે, તેથી મારો જેવો અધિકાર હોય તેવું આપ મને કહો. તેમાં મારો મનોરથ એટલો છે કે આ લોક પરલોકના સર્વ વિષયોમાંથી મનને કાઢી એકત્ર કરી ભગવાનમાં રાખીને પછી પ્રાણને છોડું. આ જન્મમાં આટલું જ કર્તવ્ય છે. આમ કરવાથી જે થશે તે આગળ કહેવાશે. ત્યાં શંકા કરે છે કે એ તો કરવું સરલ છે; તેમાં શાસ્ત્રની જરૂર નથી; કૃષ્ણને તમે જોયા છે; મન તો મોટાઓને સ્વાધીન હોય છે, તો મનને તમે કૃષ્ણમાં લગાડો; વિલંબ શા માટે કરવો જોઇએ ? તેના ઉત્તરમાં કહે છે કે શ્રીકૃષ્ણને આપણે જાણીએ છીએ તેવા તે નથી; એટલે આપણે તેનું સ્વરૂપ જાણતા જ નથી. આપણે તેને પરિચ્છિન્ન જાણીએ છીએ. તે સર્વના આત્મા છે. તેને સર્વના આત્મા જાણીએ તો તેને જાણ્યા કહેવાય. તે તો આપણે જાણી શક્યા નથી. तं यथायथोपासते એ શ્રુતિમાં છે કે જેવી ઉપાસના કરો તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય. તેથી સર્વ ફલ તો તેને સર્વરૂપ જાણીએ ત્યારે થાય. તેમ જાણવું તો સર્વાત્માપણાથી તેની ઉપાસના કરો તો જણાય. એવું ન જાણીએ ત્યાંસુધી તો તે સંપૂર્ણ જાણ્યા ન ગણાય. સર્વ પ્રકારે જાણવાથી સર્વથી રક્ષા થાય. તેથી કેવળ સાધારણ મન ભગવાનમાં જોડવાનું નથી. તેમ કરીએ તો મન અશુદ્ધ હોવાથી ફળ પણ અશુદ્ધ થાય. તેથી જેમ મન નિઃસંગ થાય, જેમ અસંભાવના વિપરીત ભાવના મટી જાય, હૃદયમાં સર્વાત્મકતા સ્ફુરે, તેવી જાતનો ઉપાય આપ મને બતાવો. (૨-૩)

મન જો ભગવાનમાં પહોંચ્યું તો આગળ બધું કાર્ય આપોઆપ સિદ્ધ થશે તે કહે છેઃ

**शृण्वतः श्रद्धया नित्यं गृणतश्च स्वचेष्टितम् ।**
**कालेन नातिदीर्घेण भगवान् विशते हृदि ॥ ४ ॥**

શબ્દાર્થઃ—જે શ્રદ્ધાથી નિત્ય તેનું શ્રવણ કરાય અને તેની લીલાઓનો ઉચ્ચાર થાય તો બહુ થોડા કાળમાં ભગવાન્ હૃદયમાં જરૂર પધારે.

**ભાવાર્થ**:—માણસનું મન જે કોઈમાં ચોટે છે, તે બે રીતે ચોટે છેઃ એક તો તેમાં ચાહના થવાથી અથવા કોઇ બતાવે કે તમો આમાં મન રાખો તો પછી તેમાં ચાહના ન હોય તોપણ મન રાખવું પડે. તે મન જ્યારે તેમાં રાખો ત્યારે તેનું તે શ્રવણ કરે. તેની વાત બીજાને કહે તે કીર્તન થયું. તેમાં શ્રદ્ધા રાખે, માટે શ્રવણાદિ બન્યા કરે. તે સારુ પહેલાં મન તેમાં રાખવું જોઇએ. શ્રદ્ધા શ્રવણ અને કીર્તનનું અંગ છે. ઘણો વખત આદરપૂર્વક શ્રવણ કરવાથી શ્રવણફળ આપનાર થાય છે. તે દીર્ઘકાળ સુધી અંતર ન પડવા દેવું. તે શબ્દો શ્રવણની નિત્યતાને બતાવનારા છે. પછી તેને મોઢથી બોલવું અને ચકાર છે તેથી સ્મરણ કરવું. ધર્મી વગર ધર્મ હૃદયમાં આવે નહિ માટે પોતાના ગુણોની સાથે ભગવાન્ જલદી હૃદયમાં પધારે છે, કેમકે ભગવાને તેવા ભક્તને પોતાનો ગણ્યો છે. આ ભક્તિશાસ્ત્ર પણ ભગવાને જ કર્યું છે. તેમાં પોતે હૃદયમાં પધારવાના આ ઉપાયો કહ્યા છે. (૪)

તે ભગવાન હૃદયમાં પધારે તો શું થાય ? તે કહે છેઃ

**प्रविष्टः कर्णरन्ध्रेण स्वानां भावसरोरुहम् ।**
**धुनोति शमलं कृष्णः सलिलस्य यथा शरत् ॥ ५ ॥**
**धौतात्मा पुरुषः कृष्णपादमूलं न मुञ्चति ।**
**मुक्तसर्वपरिक्लेशः पान्थः स्वशरणं यथा ॥ ६ ॥**

**શબ્દાર્થ**:—પોતાના ભક્તોના ભાવરૂપ તળાવમાં પ્રકટેલા કમળરૂપ કાળના છિદ્ર વાટે ભગવાન્ હૃદયમાં પ્રવેશ કરે છે. તે પ્રવિષ્ટ થયેલ કૃષ્ણ તે હૃદયમાં પધાર્યા પછી જેમ ચોમાસામાં ડોળાયેલા જલને શરદ્ શુદ્ધ કરે તેમ કૃષ્ણ પણ જે હૃદયમાં પેસે છે તેને શુદ્ધ કરે છે. જ્યારે જીવ–આત્મા ભગવાનથી શુદ્ધ થયો ત્યારે તે જીવ કૃષ્ણના ચરણના મૂળને છોડે તેમ નથી, જેમ મુસાફર ઘરમાં આવ્યો તે ઘરને છોડતો નથી.

**ભાવાર્થ**:—કીર્તનમાં પણ શ્રવણ રહ્યું છે, કેમકે મુખમાંથી ગુણો નીકળે છે. તેથી કર્ણરૂપી છિદ્ર કહ્યાં છે. "રન્ધ્ર" શબ્દ પ્રવેશના કારણમાં વપરાયો છે. એકવચન અત્યંત સાવધાનથી શ્રવણ કરવા માટે કહ્યું છે, કારણ કે લોકમાં ધ્યાનપૂર્વક સાંભળવાનું હોય ત્યાં એક કાન ધરવામાં આવે છે. ત્યારે ઇન્દ્રિય એક મુખ થાય છે. **स्वानाम्** એટલે જે લોકોએ ભગવાનને આત્માર્પણ કર્યું છે. તે "સ્વ" શબ્દથી લેવાના છે. કેવળ ભગવાન્ હૃદયમાં જ પ્રવેશ કરતા નથી પણ ભાવરૂપ કમળમાં પ્રવેશ કરે છે. કેટલાક ભાવ એટલે રતિ કહે છે. ભૂધાતુનો સામાન્ય અર્થ સત્તારૂપ છે. એ સત્તારૂપ ભગવાન્ છે. એમ ભાવથી ભગવાન્ એવો અર્થ કરવો, એમ બીજાઓ માને છે. તે કારણરૂપ અવિનાશી ભાવ છે.

તે નિરંતર સાંભળતાં હૃદયરૂપ બની જાય છે. તેનો ભક્તિ વડે જ્યારે વિકાસ થાય ત્યારે તે સરોવરરૂપ થઇ જાય છે. સાધન ભક્તિ શ્રવણસંપુટથી તો બીજરૂપ થઇને તે સરોવરમાં આવી જાય તો પ્રેમથી હૃદય તો ભર્યું રહે છે, તેમાં તે બીજભાવ પડયો પડયો વધે છે, કેમકે શ્રવણાદિ થતાં તે બીજભાવ કમળરૂપ થઈ જાય છે. તે કમળ ભગવાનને બિરાજવાનું આસન થાય છે. તે જ આસન ભગવાનનું ઘર કહો કે કે કમળ કહો. ભગવાન જ્યારે તેમાં પેસે છે ત્યારે સર્વ શમલ તે દૂર કરે છે. જો કે પાપનો ક્ષય તો થયા પછી ભગવાન હૃદયમાં પધારે છે તોપણ તેમાં શમલ રહે છે. **शं अलं यस्मात्.** **शं** શબ્દથી શમાદિ લેવા અથવા સુખ લેવું. તે છે પૂર્ણ જેમાં એટલે આ લોક પરલોકના સુખનો ભોગ તો થયો નથી તે પુણ્યમાં પણ પાપ છે. તે પાપ **नांतरीयक** કહેવાય. તે ભોગનું સાધન થાય છે તે પાપવાળું હોય છે. તે પાપ શમલરૂપ કહ્યું તેને ભગવાન હૃદયમાં પધારી દૂર કરે છે. ત્યાં શંકા કરે છે કે શમાદિ સાધક પણ રહ્યા નહિ તો જ્ઞાન નહિ થાય તો પછી કામ આગળ કેમ ચાલશે ? ત્યાં કહે છે કે હૃદયમાં જે પધાર્યા છે તે સ્વયં પુરુષાર્થરૂપ સદાનંદ છે. તેને જ્ઞાનાદિ સાધનની જરૂર નથી. તેને દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે. પ્રથમ ભાવને સર કહ્યું તે જળ અહીં લેવું. **यथा शरद्** એટલું દૃષ્ટાન્ત છે. જેમ લૌકિક જળને શરદ ઋતુ ચોખ્ખું કરે છે, વર્ષામાં જલ કોઈ રીતે શુદ્ધ થતું નથી, તેમ પ્રેમરૂપ જળને પણ ભગવાન્ શુદ્ધ કરે છે. જ્યારે અન્તઃકરણ સર્વ દોષરહિત થાય છે, ત્યારે પુરુષ નીરોગ થાય છે; તે કૃષ્ણના ચરણને છોડતો નથી. નીરોગ હોય તે માણસ સદાનંદને છોડતો નથી. તે સદાનંદનો ગ્રાહક આત્મા નીરોગ છે; જેમ ખાવાની ઇચ્છા અન્નગ્રાહિકા છે. માટે ભગવાને અન્તઃકરણનું નામ આત્મા રાખ્યું છે. તે આત્મા કૃષ્ણને જ પકડે છે. દોષને લઇને અન્યને પકડે છે, જેમ આંખોમાં દોષ હોય તો વિકૃત જોવાય છે. જ્યારે હૃદયના ધ્યાનમાં શમલને ભગવાન દૂર કરે ત્યારે ભક્તિમાર્ગને અનુસારે મન પદાર્થોનું ગ્રહણ કરે છે; તેથી **कृष्णपादमूलम्** એ પદ કહ્યું છે. "મૂલ" પદ છે તેથી ભક્તિનો આ સર્વ વિલાસ સદાનંદમૂલક છે, એ સૂચવ્યું છે. પછી વ્યાપિ વૈકુણ્ઠમાં શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં તે રસામૃતથી તૃપ્ત થઇને જીવ સદા ત્યાં રહે છે, એ ફલિત થયું. પાછા ફરવાની તો શંકા જ નથી, કેમકે તેના સર્વ કલેશ તો દૂર થયા છે. અવિદ્યાદિને વશ થઇને રોજરોજ બ્રહ્મા પાસે જાય છે છતાં પાછા સંસારમાં આવે છે. અહીં **परि** શબ્દ કહ્યો છે, તેથી કલેશની શંકા થતી નથી. **सर्व** શબ્દથી જીવનું અભીષ્ટ સર્વ સિદ્ધ થવાથી કલેશ પણ દૂર થયો છે. **पान्थ** શબ્દ કેવળ માર્ગને બતાવે છે. શરણ એટલે ઘર. "સ્વ" શબ્દથી પારકાને અધીન રહેવાથી જે કલેશ થાય તે આને થવાની સંભાવના નથી, કારણ કે તે સ્વીય

સ્વકીય બન્યો છે. ભગવાનને અધીન એ પણ કલેશ છે એ શંકાનો ઉત્તર તો દૃષ્ટાન્તથી જ અપાઇ જાય છે. (૫-૬)

એમ સ્વાર્થને માટે ભગવાનમાં મન રાખવાનો ઉપાય પરીક્ષિતે પૂછયો. સંદેહ કરે એવા બીજા સાધારણ પ્રશ્નો કરે છે. અસંભાવના વિપરીત ભાવના દૂર કરવા માટે यद्धातु० ઇત્યાદિ શ્લોકથી. અહીં પહેલાં ત્રણ પદાર્થો કહ્યાઃ ભગવાનનાં બે રૂપ ફલ માટે અને જીવ. તેમાં જીવમાં એક પ્રશ્ન કર્યો. સૂક્ષ્મ ભગવાન્‌માં નિઃસંદિગ્ધ પદાર્થો નિરૂપણ કરવાથી વિશેષ રૂપે બુદ્ધિમાં નહિ ઊતરવાથી તેમાં શંકા જ ઉત્પન્ન થતી નથી. સ્થૂળ રૂપમાં તો સર્વ પ્રશ્નો ખરેખર સંભવે છે. તેથી પ્રશ્ન બે જ છે. તેનો ઉત્તર બે અધ્યાયથી આપે છે. તેમાં પ્રથમ જીવમાં સંદેહથી પૂછે છે:

**यद्धातुमतो ब्रह्मन् देहारम्भोऽस्य धातुभिः ।**
**यदृच्छया हेतुना वा भवन्तो जानते यथा ॥ ७ ॥**

**શબ્દાર્થઃ**—હે બ્રહ્મન્, જીવમાં ધાતુઓ નથી છતાં તેને ધાતુઘટિત દેહ થાય છે તે કોઈ કારણે થાય છે વા ભગવદિચ્છાથી થાય છે તે આપ જેવું જાણતા હો તેવું કહો.

**ભાવાર્થઃ**—ખરી રીતે આ જીવ ધાતુઓવાળો નથી, ધાતુનો સંબંધ તેમને નથી. પ્રથમ દેહને ઉત્પન્ન કરનારા ધાતુઓ કહ્યા. તે ધાતુઓ સાથે આ જીવને અદૃષ્ટકારક સંબંધ નથી, કેમકે પ્રથમ સૃષ્ટિમાં ધાતુઓની વાત નથી. અનાદિ કહો તો ભગવચ્છાસ્ત્રનો વિરોધ આવે છે. असङ्गोयं पुरुषः એ શ્રુતિથી આ જીવ કોઇથી જોડાતો નથી. ભગવાનની ઇચ્છાથી તેમ થાય એમ કહો તો હિતાકરણાદિ દોષ ભગવાનને લાગશે; તેથી કોઇ રીતે જીવને ધાતુનો સંબંધ સંભવતો નથી; તેથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ब्रह्मन् એ સંબોધન ધાતુના ઉપાદનને છેદનારનું આપને જ્ઞાન હશે, એ બતાવવા માટે છે. આ જીવને દેહનો આરંભ ભગવાનની ઇચ્છાથી થાય છે અથવા અકસ્માત્ થાય છે? કોઈ કારણથી થાય છે અથવા અનાદિ અવિદ્યાથી થાય છે? એમ છ કોટિવાળો પ્રશ્ન છે. આનો નિર્ણય આપે કરવો. બહુવાદીઓ જુદી જુદી રીતે કહે છે, તેથી આપ જાણતા હો તેવું કહો. (૭)

પ્રશ્નનો અર્થ એ થયો કે જીવને દેહનો સંબંધ કેમ થયો, ઈશ્વરને પણ દેહ સંબંધ શા માટે. ઇચ્છાથી તે દેહ ગ્રહણ કરી શકે પણ તેવી ઇચ્છા કરવાનું કારણ ? એ પ્રશ્નના પ્રયોજનનો પ્રશ્ન કહેવા માટે દેહસંબંધ સ્થિર કરવા માટે કાર્યહેતુ અનુમાનને પ્રમાણરૂપપણાથી કહે છે:

**आसीद्यदुदरात्पद्मं लोकसंस्थानलक्षणम् ।**
**यावानयं वै पुरुषः इयत्तावयवैः पृथक् ॥ ८ ॥**

तावानसाविति प्रोक्तः संस्थावयववानिव ।
अजः सृजति भूतानि भूतात्मा यदनुग्रहः ॥ ९ ॥

**શબ્દાર્થ:**—જે ભગવાનના ઉદરથી પદ્મ થયું તે લોકરૂપ થયું તે પણ પુરુષમાં જેટલા અવયવ છે તેટલા અવયવવાળો પુરુષ દેહ થયો. પોતે અજન્મા રહીને ભૂતો ઉત્પન્ન કરે છે.

**ભાવાર્થ:**—આ પ્રતિષ્ઠા માત્ર તો નથી. લોકોને જેટલા અવયવાદિ હોય છે તેવા અવયવવાળો તે થયો. તેના ઉદરમાંથી લોકને રહેવા માટે કમળ થયું. લોક છે તો તેના આધારરૂપ પદ્મ સિદ્ધ થાય છે, કેમકે આધેય આધાર વગર ન રહે, તેથી પદ્મ ઉદરમાંથી થયું તો ભગવાનને પણ શરીર તો ખરું એમ કહી શકાશે. તે સાકાર બ્રહ્મ કેવળ પ્રકટ થયું છે એમ તો કહી ન શકાય. કેમ ન કહેવાય કે આ પ્રાકૃત પુરુષ જેટલા હાથ પગ વગેરે અવયવવાળો છે તેટલા પરિમાણવાળો આ પુરુષ પણ છે. જો તેનો આવિર્ભાવ માનીએ તો આ પ્રાકૃત દેહનો પણ માનવો જોઇએ. તેનો તિરોભાવ થાય તો તેનાથી કરેલા કર્મનાં ફલનો સંભવ નથી. ઇયત્તા એટલે એટલાપણું, જેમકે બે હાથ બે પગ વગેરે. પૃથક્ એટલે દેહથી જુદા અથવા બ્રહ્મના હાથ પગ જુદા એવો અર્થ કરવો. તેવો ભગવાનનો પણ દેહ તેટલો જ જેટલો તમે પૂર્વે કહ્યો છે. પહેલાં તો હજાર ભુજા હજાર મસ્તક આંખ વગેરે કહ્યાં છે, તે પ્રાકૃતવત્ કેમ કહેવાય ? ત્યાં કહે છે કે જો કે બાહુનું સહસ્રપણું કહ્યું તે બાહુ તો કહેવાય, તેથી તે પ્રાકૃત જેવું જ ગણાય. વળી આ દેહરૂપ નથી, પણ દેહથી જુદો છે; બ્રહ્માની ઉપર કૃપા કરીને પ્રસાદરૂપે થયેલ છે; તેથી કહે છે કે તે બ્રહ્મા અજ છે. તે જે ભગવાનના અનુગ્રહવાળો છે, અનુગ્રહરૂપ છે, તેથી તે ભૂતના આત્મારૂપ છે; એટલે વ્યષ્ટિ જીવોનો તે આત્મા છે. વ્યષ્ટિરૂપ ભૂતોને તે ઉત્પન્ન કરે છે. (૮-૯)

આ સામર્થ્ય બ્રહ્માનું પોતાનું હોય એ શંકાને દૂર કરે છે:

ददृशे येन तद्रूपं नाभिपद्मसमुद्भवः ।
स चापि यत्र पुरुषो विश्वस्थित्युद्भवाप्ययः ॥ १० ॥

मुक्त्वात्ममायां मायेशः शेते सर्वगुहाशयः ।
पुरुषावयवैर्लोकाः सपालाः पूर्वकल्पिताः ॥ ११ ॥

लोकैरमुष्यावयवाः सपालैरिति शुश्रुम ।
यावान् कल्पो विकल्पो वा यथाकालोऽनुमीयते ॥ १२ ॥

भूतभव्यभवच्छब्द आयुर्मानं च यत्सतः ।
कालस्यानुगतिर्या वै लक्ष्यतेऽण्वी बृहत्यपि ।
यावत्यः कर्मगतयो यादृशीर्द्विजसत्तम ॥ १३ ॥

**શબ્દાર્થ**:—નાભિકમળમાં થયેલ બ્રહ્મા જેના રૂપને જોઇ શકયા, જેમાંથી વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ લય થાય છે, તે બ્રહ્મા પોતાની માયાને છોડીને ત્યાં શયન કરે છે. સર્વના હૃદયમાં રહેનાર તે જ માયાને છોડી શયન કરે છે, કેમકે તે માયાનો ત્યાગ કરી શકે છે; તેથી તે માયાના ઇશ છે. પુરુષના અવયવથી આપે પહેલાં લોકો કહ્યા છે, તેના પાલકો પણ ભગવાનના તે તે અવયવના દેવો છે, એમ કહ્યું છે, બીજીવાર એમ કહ્યું કે લોકો વડે આ જ પુરુષના અવયવોની કલ્પના કરી છે, એમ પણ આપે પ્રથમ કહેલું અમે સાંભળ્યું છે. જેટલા સમયમાંથી કલ્પ થાય તેનું પરિણામ કહો. વિકલ્પ કોને કહેવો તે કહો. તેનો કેટલો કાળ તે પણ કહો. થયું થશે થાય છે તે કાળનું સ્વરૂપ કહો. પુરુષના આયુષનું માન કહો. કાળની સૂક્ષ્મ અને સ્થૂળ ગતિ કહો. હે દ્વિજસત્તમ, કર્મની જેટલી ગતિઓ થતી હોય તે બધી મને કહી બતાવો.

**ભાવાર્થ**:—તે બ્રહ્માના કારણરૂપ નારાયણનું સ્વરૂપ બતાવો. જેની કૃપાથી તે રૂપનું દર્શન થાય છે તે બતાવો. નારાયણના પ્રસાદથી નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે. તે બ્રહ્માની ઉત્પત્તિ અને તેની સ્થિતિ ભગવાનના અનુગ્રહથી જ છે એ વાત કહી, તે બ્રહ્માનું શયન પણ નારાયણના રૂપમાં જ થાય છે. તે દરરોજ ઊઠે છે અને શયન કરે છે. તે વડે તે ભગવાનનો અનુગ્રહ તેનામાં સ્થિર છે, તેથી બ્રહ્માના શયનને કહે છેઃ બ્રહ્મા જ્યાં શયન કરે છે તે બ્રહ્માનું માહાત્મ્ય કહે છે. વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ જેનાથી થાય છે. પહેલાં તો ભૂતોની સૃષ્ટિ કહી હવે તો પ્રલયના અંત સુધીના બધા ભાવવિકારો કહ્યા, એટલો વિશેષ કહેવાયો. આત્માની માયા એટલે (બધું કરવાનું સામર્થ્ય) રાત પડે ત્યારે તે સામર્થ્યને છોડીને સૂએ છે. તેનો ત્યાગ કરે છે ત્યારે જ નિશા થાય છે. તેમ કરવાનું કારણ કહે છે કે તે માયાના નિયંતા છે. તેને વશ રાખવા માટે જ તેને છોડે છે. ઈશ એટલે તે માયાના પોતે પતિ છે. તેથી કાર્યરૂપા માયાના કાર્યને છોડાવી તેની સાથે પોતે તદ્ભોગાર્થ શયન કરે છે. અથવા માયાને છોડવાનું તેમાં સામર્થ્ય છે તે વાત તેનાથી કહી. ત્યાં પ્રશ્ન કરે છે કે માયાનો નિયામક તો અંતર્યામી છે તો તમે તેને માયાના ઈશ કેમ કહ્યા? ત્યાં કહે છે કે સર્વના હૃદયમાં તે વાસ કરીને રહ્યા છે, તેથી તે માયાના ઈશ છે. તો તછી તેને દેહનો સંબંધ કેમ થયો? એ પ્રશ્ન છે. તે પણ નારાયણ જ કહેવાય છે. તે પ્રલયકાલમાં શયન કરે છે. ત્યાં સૂએ છે, ત્યારે પ્રાકૃતના જેવી તેની અવસ્થા થઈ, તેથી તેને દેહવાળા

સિદ્ધ થયું. એમ જીવ અને બ્રહ્મને દેહનો સંબંધ કેમ થયો તે વાત પૂછીને હવે શુકદેવજીનાં અને બ્રહ્માનાં વાકયોમાં અવાંતર વૈલક્ષણ્ય દૂર કરવા માટે પૂછે છેઃ **भूर्लोकः कल्पितः पद्भ्याम्** (બે પગથી ભૂર્લોકની કલ્પના કરી) એવી રીતે અવયવથી લોકની કલ્પના કહી છે. તમે તો કહ્યું કે **पातालमेतस्य हि पादमूलम्** (આ ભગવાનનું પાતાળ એ પાદતળ છે) એમ લોકથી અવયવો કહ્યા, તે વિરુદ્ધ જણાય છે; તેનો નિર્ણય કરી આપો. જો કે આપના કથનમાં અને બ્રહ્માના કથનમાં એકવાકયતા હશે તોપણ અમને સંદેહ થયો તે દૂર થવો જોઇએ. એવા હેતુથી 'અમે સાંભળ્યું છે' એમ **शुश्रुम** પદ કહ્યું છે. હવે તેને અનુરૂપ પદાર્થો કહે છે. કલ્પ એટલે પ્રાકૃત કલ્પ. વિકલ્પ એટલે વૈકૃત કલ્પ, જે કલ્પમાં બ્રહ્મા ઉત્પન્ન થાય છે, જેમાં બ્રહ્માને સૃષ્ટિનું જ્ઞાન થાય છે અથવા જાગ્યા પછી સાવધાન થાય છે. તેનું પ્રમાણ તથા સ્વરૂપ બતાવો. કાલના અનુમાનનું જ્ઞાન, ઘટિકાનું જ્ઞાન, **द्वादशार्धपलोन्मानम्** ઈત્યાદિથી કહેશે. **यावान् यथा** એ પદો યથાયોગ્ય સર્વત્ર યોજી લેવાં, તેથી ભૂત ભવ્ય અને ભવચ્છબ્દ **यावान् यथा** એમ વાકયની યોજવા કરવી. એ કાળનું વિશેષણ છે. ભૂત ભવ્ય અને ભવત્ શબ્દ જેનાથી થાય છે એવો કાળ કેમ અનુમાનથી લેવો, એમ પૂર્વની સાથે સંબંધ લેવો. ભૂતાદિ પદના પ્રયોગ થાય છે, તેથી કાળનું સ્વરૂપ પૂછે છે. આયુષનું પરિમાણ કહો, એમ આગળ સંબંધ લેવો. સત્ એટલે દેવ પશુ અને મનુષ્યો. **सत्** એ પદ વિદ્યમાન ધર્મને કહેનાર છે; એથી કોણ પ્રકટ કયાંસુધી રહેશે એ પ્રશ્ન પૂછવો સંગત થાય છે; નહિ તો વૈનાશિક પ્રક્રિયાનો અનંગીકાર કર્યો છે તે બધા કાલ સુધી બધાની આવરદા રહેવી જોઇએ. હવે બીજો પ્રશ્ન કરે છેઃ કાલની સૂક્ષ્મ અને સ્થૂલ ગતિ કહો. થોડો કાલ અને મોટો કાલ કેમ જણાય તે કહો. સ્વભાવથી કાલ જણાતો નથી પણ કાર્ય દ્વારા કાલનું અનુમાન થાય છે. આ કાર્ય અમુક વખતે થયું, તે જ કાલની અનુગતિ કાર્યમાં જાય છે. તે અનુવર્તન કહેવાય. તેમાં સૂક્ષ્મ સ્થૂલ કાર્યો નિત્ય હોવાથી તે કાલની અનુગતિ તમે કહો. સૂર્યની ગતિ ઉપરથી કાલ ચાલે છે તે કહેશે. ત્યાં શંકા કરે છે કે કાલમાં ભેદો જ નથી ! ત્યાં કહે છે કે કાલનો ભેદ દેખાય છે સર્વત્ર આ વખતે, એમ કાલની અનુવૃત્તિ જણાય છે; નહિ તો આકાશની પેઠે તે કોઈ રીતે વ્યવહાર્ય ન થઈ શકે. તેની સૂક્ષ્મગતિ અને સ્થૂળગતિ છે. હમણાં ગયો, ઘણા દિવસે ગયો, તે પ્રયોગોથી કાલ ચાલે છે. પણ તેનું નિયામક શું છે તે કહો. નાના પ્રકારનાં કર્મો કેમ પ્રવૃત્ત થાય છે તેના પ્રકાર બતાવો. કર્મોથી નાના પ્રકારની યોનિ પ્રાપ્ત થાય તે; તેથી કર્મની જેટલી ગતિઓ હોય તેને કહો. પરિમાણ અને પ્રકારના વિષયમાં પ્રશ્ન છે. હે "દ્વિજસત્તમ" એમ શુકદેવજીને સંબોધન કર્યું છે. આપ મોટી કર્મગતિથી ઉત્તમોત્તમ બન્યા છો એમ તેનાથી સૂચિત કર્યું છે. (૧૦-૧૩)

તે જાણવાની આવશ્યકતા છે એમ સૂચવે છેઃ

यस्मिन् कर्मसमावायो यथा येनोपगृह्यते ।
गुणानां गुणिनां चैव परिणाममभीप्सताम् ॥ १४ ॥
भूपातालककुब्व्योमग्रहनक्षत्रभूभृताम् ।
सरित्समुद्रद्वीपानां संभवश्चैतदोकसाम् ॥ १५ ॥
प्रमाणमण्डकोशस्य बाह्याभ्यन्तरभेदतः ।
महतां चानुचरितं वर्णाश्रमविनिश्चयः ॥ १६ ॥
अवतारानुचरितं यदाश्चर्यतमं हरेः ।
युगानि युगमानं च धर्मो यश्च युगेयुगे ॥ १७ ॥
नृणां साधारणो धर्मः सविशेषश्च यादृशः ।
श्रेणीनां राजर्षीणां च धर्मकृच्छ्रेषु जीविनाम् ॥ १८ ॥
तत्त्वानां परिसंख्यानं लक्षणं हेतुलक्षणम् ।
पुरुषाराधनविधिर्योगस्याध्यात्मिकस्य च ॥ १९ ॥
योगेश्वरैश्वर्यगतिर्लिङ्गभङ्गस्तु योगिनाम् ।
वेदोपवेदधर्माणामितिहासपुराणयोः ॥ २० ॥
संप्लवः सर्वभूतानां विक्रमः प्रतिसंक्रमः ।
इष्टापूर्तस्य कामानां त्रिवर्गस्य च यो विधिः ॥ २१ ॥
यो वानुशायिनां सर्गः पाषण्डस्य च संभवः ।
आत्मनो बन्धमोक्षश्च व्यवस्थानं स्वरूपतः ॥ २२ ॥
यथात्मतन्त्रो भगवान् विक्रीडत्यात्ममायया ।
विसृज्य वा यथा मायामुदास्ते साक्षिवाद्विभुः ॥ २३ ॥

શબ્દાર્થઃ—જેમાં કર્મનો સમુદાય જેવી રીતે ગ્રહણ થાય છે તેમાં ગુણો સત્ત્વાદિ અને ગુણી જીવમાં જે જે રૂપે પરિણમે છે તે કહો. પૃથ્વી પાતાળ દિશાઓ આકાશ ગ્રહો નક્ષત્રો પર્વતો સરિત્ નદીઓ સમુદ્ર અને દ્વીપોનો ઉદ્ભવ, તેનાં સ્થાનો વગેરે કહો. આંડકોશનું કેટલું પ્રમાણ છે તે કહો. બહારથી અને અંદરથી તેનું માપ કહો, મોટાઓનાં અનુચરિતો કહો. વર્ણાશ્રમના ધર્મોના શો નિશ્ચય છે? યુગો કેટલા? તેનાં માપ શાં? યુગ યુગના ધર્મો, તે તે યુગના અવતારોનાં આશ્ચર્ય કરનારાં ચરિત્રો પણ કહો. મનુષ્યોના સાધારણ ધર્મો, વિશેષ ધર્મો, તે તે શ્રેણીઓથી જીવનારના ધર્મો, રાજર્ષિઓના ધર્મો, આપત્કાળના ધર્મો, એ બધા ધર્મો વિસ્તારથી કહો. પ્રકૃત્યાદિ તત્ત્વોની સંખ્યા કહો. સ્વરૂપલક્ષણ તેના કારણથી લક્ષણો કહો.

દેવપૂજાનો પ્રકાર કહો, યોગસાધનાનો વિધિ બતાવો. યોગેશ્વરોનાં ઐશ્વર્યો, તેની અર્ચિરાદિ ગતિ કહો. લિઙ્ગશરીરની નિવૃત્તિ કેમ થાય તે કહો. વેદો ઋગાદિ, ઉપવેદો આયુર્વેદાદિ, તેના ધર્મો, ઇતિહાસ-પુરાણો કેટલાં તે કહો. સર્વ ભૂતોનો નાશ (અવાંતર પ્રલય) કેમ થાય, સ્થિતિ કેમ થાય, મહાપ્રલયમાં પાછું ભગવાનમાં જગત કેમ આવી જાય, ને કામનાથી વાવ કૂવા ધર્મશાળા યજ્ઞ યાગ કરવા તેનું શું ફળ? ધર્મ અર્થ કામનો વિધિ બતાવો. ભગવાનમાં સૂતેલા જીવો કેમ ઉત્પન્ન થાય છે, તે બતાવો. જીવના બંધ અને મોક્ષનો ક્રમ બતાવો. પોતાને સ્વાધીન એવા ભગવાન પોતાની માયા વડે કેવી ક્રીડા કરે છે, તે માયાને છોડીને ઉદાસ થઈ સાક્ષીની જેમ કેમ રહે છે તે કહો. આ મારું પૂછેલું અને જે ન પુછાયું હોય તેવું બધું તેના ખરા રૂપમાં આપ મને કહેવાને યોગ્ય છો. હે મહામુને, હું આપને શરણે આવ્યો છું.

**ભાવાર્થ**:—**यस्मिन् कर्मसमावाय**: એ પ્રશ્નાંતર છે. 'સત્ત્વાદિ ગુણોનાં પરિણામો દેવો પશુઓ મનુષ્યો વગેરે થવાની ઇચ્છા રાખતા હોય. ગુણી એટલે કાર્યો. ગુણના સમુદાયની વચ્ચે કર્મનો સમવાય એટલે શુક્લ કૃષ્ણ અને લોહિત કર્મોનું મિશ્રણ થાય છે, તે સંબંધી પ્રશ્ન છે. શુક્લ કર્મ દેવોમાં જ હોય છે. કૃષ્ણ કર્મ પાતાળવાસીઓમાં જ હોય છે, અથવા અન્તરિક્ષમાં રહેનાર કૃષ્ણ-કર્મવાળા હોય છે. સમવાય-મનુષ્યમાં કહેવામાં આવશે. તેમાં ગુણો સરખા પ્રમાણમાં મળે વા ઓછાવત્તા મળે તે કહો. વળી કર્મસમવાયનો હેતુ કહો? કર્મના પ્રેરક કોણ છે, કોણ તેનો સ્વીકાર કરે છે? જીવ ભગવાન્ કે કાલાદિ? તે કહો. ગુણીઓના પરિણામની ઇચ્છા રાખનારને કહેવા માટે ગુણ અને ગુણીનું સાથે નિરૂપણ કર્યું છે; જેમકે દેવો અવતરે, ઇન્દ્ર પણ અવતરે, પૃથ્વી પાતાળ અને તેમાં રહેતા જીવોની ઉત્પત્તિ કેમ થાય છે તે કહો. કેટલો કેમ થાય છે તે વીગત સહિત કહો. બ્રહ્માણ્ડ કેટલું લાંબું પહોળું છે, તેનું માપ આપો. કોશ કહ્યો છે તે કમળનાં પાંદડાં ખુલ્લાં થયા નથી તેથી કોશ-કળી કહી. તેના પત્રની જગ્યાએ લોકો રહ્યા છે. લોક ઉપર અને નીચે કયા ક્રમથી રહે છે તે પણ કહો. બ્રહ્માણ્ડનું બહારથી માપ કેટલું, અંદરનું માપ કેટલું, જેમકે સૂર્ય અને અંડ ગોલની વચ્ચે પચીશ કરોડ યોજનનું અંતર છે, એમ કહ્યું છે તેવું તેનું માપ આપો. બાહ્ય માપમાં પૃથ્વ્યાદિ દશ ગુણ ઉત્તરોત્તર અધિક છે એમ કહ્યું છે, તેવાં અંદર બહારનાં માપ આપો. સત્પુરુષોનું અનુચરિત એટલે ભક્તિ, અને ચકારથી જ્ઞાનીઓના ધર્મો કહો. વર્ણો અને આશ્રમોનો આચારથી અને સ્વરૂપથી નિશ્ચય કહો. અવતારોનાં ચરિત્રો કહો. તેમાં પણ આશ્ચર્યકર ચરિત્ર કાલીયદમનાદિ ગોવર્ધનોદ્ધરણાદિ કહો. યુગો કેટલા તેનાં નામો, સંવત્સરના ભેદથી યુગનું માન કેટલું તે કહો. મનુષ્યના સાધારણ ધર્મો સત્ય વંચનાદિ, સવિશેષ યાગાદિ ધર્મ, સુતાર દરજી સોની મોચી વગેરે શિલ્પોપજીવીઓના, રાજર્ષિઓના-મન્વાદિ જે રાજા હોય છતાં ઋષિરૂપ થઈ જાય છે, તેમના સાધા-

રણ-વિશેષ ધર્મો કહો. ધર્મ પાળવાનું સંકટ હોય તે વખતે કેમ વર્તવું તે (આપદ્ધર્મ) કહો. કેવળ જીવવાળા ધર્મ કરવાને સમર્થ નથી, તેને કેમ જીવવું તે કહો. તત્ત્વો કેટલાં તેની સંખ્યા કહો, એટલે સાંખ્યશાસ્ત્ર કહો. તેના વ્યાવર્તક ધર્મો એટલે લક્ષણો, તેમાં પણ તેનું હેતુપૂર્વક લક્ષણ કેવું તે કહો. ભગવાનની સેવા કરવાનો પ્રકાર કહો. યોગનો વિધિ કહો. આધ્યાત્મિક યોગનો વિધિ કહો. યોગનાં આઠ અંગ છે. આધ્યાત્મિક યોગ તો શ્રવણ મનન નિદિધ્યાસન તેમાં વધારે હોય ત્યારે બને છે. ચકાર છે તેથી રાજયોગાદિનાં લક્ષણો કહો. યોગેશ્વરનાં ઐશ્વર્ય અને ગતિ જેમ કર્દમનાં, તે કહો. યોગીઓના લિંગશરીરનો ભંગ કેમ થાય તે કહો. જેમ न देहं बुबुधे गतम् (દેહ ગયો તેનું જ્ઞાન ન રહ્યું.), देहं तु तं न चरमः स्थितमुत्थितं वा ઇત્યાદિમાં કહ્યા પ્રમાણે દેહનું ભાન નથી રહેતું તે કહો. વેદો ચાર, ઉપવેદ આયુર્વેદ ધનુર્વેદ વગેરે, ધર્મો એટલે ધર્મશાસ્ત્રો, ઇતિહાસ મહાભારતાદિ, પુરાણો બ્રાહ્મ પાદ્મ વગેરે, એ બધાનાં લક્ષણો અને પરિણામો બતાવો. સંપ્લવ એટલે આ જગતનો -બ્રહ્માણ્ડનો નાશ કેમ થાય છે તે બતાવો. પ્રતિસંક્રમ એટલે કારણમાં કાર્યનો પ્રવેશ, ઇષ્ટ યાગાદિ કર્મરૂપે થતું, પૂર્ત એટલે ખાતાદિ. તે બન્નેનું ફલ એક જ હોવાથી તે સાથે લીધાં છે. બીજા કામને માટે કામ્ય કર્મો કરવાનો પ્રકાર અથવા કામ એટલે ભોગ કરવાનો પ્રકાર, કેટલા વિષયો ભોગવવા, કેટલા ન ભોગવવા, તે કહો. ત્રિવર્ગ-ધર્મ અર્થ અને કામના વિધિઓ કહો. સ્વતંત્ર પુરુષાર્થરૂપે ત્રિવર્ગ અહીં કહ્યો છે, તેથી પુનરુક્તિ દોષ અહીં નથી. તે બધાનું સ્વરૂપ આગળ ઉપર કહેવાશે. નિત્યવિધિ નૈમિત્તિક વિધિ વગેરે કહો. અનુશાયી જીવો થાય છે તેની ઉત્પત્તિ કહો. જે ભગવાન્ પોઢચા પછી શયન કરે છે. ત્રિલોકીમાં કર્મ કરનાર દૈત્યો દાનવો જ્ઞાનીઓ તેને અનુસરનારા બીજા જીવો અનુશાયી કહેવાય છે. તે અનુશાયીનો કેટલો સર્ગ, તે કહો. વેદમાર્ગનો વિરોધી પાખંડ માર્ગ. ચકાર છે તેથી વિધર્મ ઉપધર્મ ઉપમા છળ વગેરેની ઉત્પત્તિ કેમ થઈ તે કહો. આત્મા (જીવ) અનુશાયી સિવાયના, તેમનો બંધ અને મોક્ષ બતાવો. જ્ઞાનીઓનો મોક્ષ, દૈત્યોનો બંધ થાય, અથવા બન્ને ફળ બન્નેને થાય, તે કહો. બંધ મોક્ષ વગરનો આત્મા કેમ રહે છે, કેવા રૂપમાં દેખાય છે? તે પણ કહો. આનો ઉત્તર अशरीरं वा वसन्तम् એ શ્રુતિને અનુસારે આપશે. ભગવાન્ સ્વતંત્ર છે છતાં આ બ્રહ્માણ્ડમાં આવ્યા છે. તે પોતાની આત્મામાયા વડે ક્રીડા કરે છે. ભગવાન્ અહીં અવતાર લઇ શા માટે ક્રીડા કરે છે? અથવા વૈકુણ્ઠમાં અથવા બીજે કેમ ક્રીડા કરે છે? માયાનો સંબંધ કરે ત્યારે કેવાં ચરિત્રો કરે છે? અથવા માયાને છોડીને ભગવાન્ ઉદાસ થાય છે, બધાને સાક્ષિરૂપે જુએ છે. તે ઉદાસીન સાંખ્ય સિદ્ધાન્તથી જણાય એવું એક

રૂપ છે. તેવું મૂળરૂપ છે કે બીજી જાતનું છે એ પૂછવાનો પ્રશ્ન છે. બન્ને રૂપ કરવાને સમર્થ હોવાથી આ પ્રશ્ન કરવો પડયો છે. તે આપ વિભુ છો તેથી કહેવાનું સામર્થ્ય બતાવ્યું. (૧૪-૨૩)

એમ અત્યંત ઉપયોગી પ્રશ્નો કહીને સામાન્ય બીજા પૂછતાં સમાપ્તિ કરે છેઃ

**सर्वमेतच्च भगवन् पृच्छतो मेऽनुपूर्वशः ।**
**तत्त्वतोऽर्हस्युदाहर्तुं प्रपन्नाय महामुने ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—હે મહામુનિ, હે ભગવાન, મેં આ પૂછયું છે તેના ખરાં સ્વરૂપો ક્રમથી મને કહેવાને આપ યોગ્ય છો, કેમકે હું આપને શરણે આવ્યો છું.

**ભાવાર્થ**:—એ પૂર્વે પૂછયું તે, ચકાર છે તેથી ન પૂછયું હોય તેવું, પણ કહો. "ભગવન્" એ સંબોધન છેઃ હું આપને પૂછું છું તે આપ કહો. પ્રશ્નના ક્રમથી ઉત્તર માગું છું. જેમ જેમ જાણવાની ઈચ્છા થઇ તેમ પ્રશ્નો કર્યા છે. તેના ક્રમથી ઉત્તર મળે તો મનનું સમાધાન તેવી જ રીતે થાય. તેથી પ્રશ્નના ક્રમથી કહેવાની વિનંતી કરી છે. અમારા અધિકારને અનુસારે કહેવાની જરૂર નથી, પણ તે પ્રશ્નના ખરેખરા ઉત્તર કહો. તેથી બીજા મતોને પણ ઉડાવી દીધા. જો કે આ બધું સાંભળવાનો મારો અધિકાર નથી છતાં તમે તે બધાનો ઉત્તર કહેવાને યોગ્ય છો. કદાચ શુકદેવજી કહે કે શ્રોતાનો અધિકાર જોવો જોઇએ! તેના ઉત્તરમાં કહે છે કે હું તો આપના ચરણમાં પ્રપત્તિવાળો છું. પ્રપત્તિ કરીને ચરણમાં રહ્યો હોય તેને બધું કહેવું જોઇએ. આ કાંઈ સારું લગાડવા માટે હું કહેતો નથી, તે આપ જાણો છો, કેમકે આપ મહામુનિ છો. મુનિ હોય તે અંતઃકરણમાં રહેલા વિચારને જાણે છે. મહામુનિ તો, થવાની વાત હોય તેને પ્રથમથી જાણી લે છે. મને જે તત્ત્વજ્ઞાન હવે પછી થવાનું છે, અને મારી પ્રપત્તિનું શું ફલ, તે બન્નેને આપ જાણો છો, તેથી **महामुने** એ સંબોધન આપ્યું છે. (૨૪)

અહીં તો સર્વ મુનિઓ છે. બધા સર્વજ્ઞો છે. તે બધા નાના પ્રકારથી બોલનારા છે. જેમ તેનું બોલવું પાક્ષિક પ્રમાણરૂપ છે, તેમ મારું પણ સમજો! ત્યાં કહે છેઃ આપે એવી શંકા ન કરવી. તે કહે છેઃ

**अत्र प्रमाणं भगवान् परमेष्ठी यथात्मभूः ।**
**परे चेहानुतिष्ठन्ति पूर्वेषां पूर्वजैः कृतम् ॥ २५ ॥**

**શબ્દાર્થ**:—આ વિષયમાં આપ જ પ્રમાણરૂપ છો. ભગવાનથી થયેલ બ્રહ્મા

જેમ જગતમાં પ્રમાણરૂપ ગણાય છે તેમ. બીજાઓ તો પોતાના પૂર્વજોએ કર્યું તે પ્રમાણે કરતા ચાલ્યા જાય છે.

**ભાવાર્થ**:—અહીં પ્રમાણ શબ્દ અબાધિત જ્ઞાનમાં છે, અથવા બાધયોગ્ય સિવાયના જ્ઞાનમાં મૂકયો છે. તે સંબંધી પ્રમાતા. અથવા પ્રમાનું સાધન અથવા પ્રમાનો વિષય એ બધું પ્રમાણ ગણાય છે. કેટલાક તો પ્રમાણ શબ્દના અર્થ ઘણા કરે છે. તેમાં જેના જ્ઞાનપ્રામાણ્યમાં વ્યભિચાર નથી આવતો ઉત્પત્તિથી લઇને મરણપર્યન્ત, તે પ્રમાણ કહેવાય છે. જેમ આ અર્થમાં એટલે વેદ સિવાયના પ્રમેયમાં જેમ બ્રહ્મા પ્રમાણરૂપ ગણાય. જેમ ઋષિઓના વાકયમાં પરસ્પર વિરોધ આવે છે તેવો વિરોધ બ્રહ્માના વાકયમાં જોવામાં આવતો નથી, તેથી તેનું બોલવું પરમ પ્રમાણરૂપ છે. તે કહે છે કે તે આત્માથી ઉત્પન્ન થયા છે. પરમસ્થાન બ્રહ્મલોકમાં રહે છે, તેથી પરમેષ્ઠી કહેવાય છે. તે ઉત્પત્તિથી અને સ્થિતિથી ભગવત્પર હોવાથી તેનું પરમપ્રામાણ્ય છે. એમ ભગવાન્ પણ પ્રમાણરૂપ છે. કેવળ ભગવાન્‌ના વચનને કેમ પ્રામાણ્ય ગણાય? માનો તો સર્વલોક કેમ માને? ત્યાં કહે છે કે મારાથી પણ જે મોટા છે, જે પરમાર્થને મેળવીને બેઠા છે, તેવા પણ આપના કથનમાં વિશ્વાસ રાખી આપ કહો તેમ કરે છે. આ ભક્તિમાર્ગમાં તો એમ ચાલે છે. પૂર્વે થયેલાના પૂર્વજોએ કરેલું છે, એટલે તમે કહેલું બધાએ માન્યું છે, અને તે પ્રમાણે વર્તનમાં મૂકયું છે, તેથી તમારું વાકય સર્વત્ર પ્રમાણ છે. અથવા અમારે તો સાક્ષાત્ ભગવાન્ પ્રમાણ છે. બીજાઓ તો પોતાના પૂર્વે થઈ ગયેલા પૂર્વજોએ કરેલું તે કરે છે. **च** **तु** ના અર્થમાં છે. તે લોકો પ્રમાણનો વિચાર કાંઈ પણ કરતા જ નથી. પરીક્ષિત કહે છેઃ અમને તો તમારા કથનમાં કોઈ જાતનો સંદેહ ઉત્પન્ન થતો નથી. (૨૫)

શુકદેવજીને રાજા કહે છે કે તમારા વચનથી જ જીવું છું. આપ બોલો નહિ તો મરણ જ થાય, કેમકે તક્ષક નાગનો મને મોટો ભય છે તેને મેં સાંભળ્યો છેઃ

**न मेऽसवः परायान्ति ब्रह्मन्ननशनादमी ।**
**पिबतोऽच्युतपीयूषमन्यत्र कुपिताद् द्विजात् ॥ २६ ॥**

**શબ્દાર્થ**:—હે બ્રહ્મન્! હું ખાતો નથી, છતાં મારા પ્રાણ દેહમાંથી જતા નથી, કારણ કે ભગવાનરૂપ અમૃત અથવા ભગવાનની કથારૂપ અમૃતને હું સેવું છું. તે બધાથી રક્ષા કરે, પણ કોપથી બ્રાહ્મણ તક્ષકને મારી પાસે મોકલે તેનાથી તે તે અમૃત મારી રક્ષા નહિ કરી શકે.

ભાવાર્થ:—મારા પ્રાણો ભૂખ વેઠવાથી પણ દેહમાંથી જતા રહેતા નથી. "બ્રહ્મન્" એવું સંબોધન આપ તે વાત જાણો છો એવી સૂચના માટે કહ્યું છે. ભૂખ પ્રાણનાશક છે. અમી કહીને પ્રાણને બાધા થાય છે તે બતાવે છે. પોતે રાજા છે તે તો એક ઉપવાસથી કલેશ પામે છે. પ્રાણ નથી જતા તેનું કારણ કહે છે કે તમારા તરફથી મળતું અચ્યુત ભગવાન્‌રૂપ અમૃત અથવા અચ્યુતની કથારૂપ અમૃતનું હું પાન કરું છું, તેથી પ્રાણ ટકી રહ્યા છે. તેનાથી પોતાનો ઉત્તમ અધિકાર બતાવ્યો છે. ત્યાં કહે છેઃ જેમ આ અમૃત ભૂખનું નિવારણ કરે છે તેમ શાપનું પણ નિવારણ કરશે જ! એ શંકાના ઉત્તરમાં કહે છે કે, કોપ પામેલ બ્રાહ્મણથી મારા પ્રાણનો પ્રઘાતક તક્ષક નક્કી થયો છે, તે પ્રાણ લીધા વગર જાય તેમ નથી. જો એમ ન કરે તો તે કોપ તે બ્રાહ્મણનો જ નાશ કરે. મૃત્યુની ઉપર ચઢેલો ક્રોધ એકનો જરૂર નાશ કરે. બ્રાહ્મણ મરે તે કરતાં હું ક્ષત્રિય મરું તે શ્રેષ્ઠ ગણાય; તેથી અમારી કામનાથી સર્વ નિવારક ભગવત્કથાપીયૂષ છે, તોપણ તે તક્ષકને પાછો નહિ વાળે.

આ બધું ઉપર ઉપરથી પ્રશ્નાર્થોનું નિરૂપણ કર્યું છે. આ અધ્યાય વિચારનો અધ્યાય છે, તેમાં વિચારમાં ઉપયોગી કોઈ પદાર્થ કહેવો જોઇએ. તેમાં ઉત્પત્તિવિમર્શ ગયો. હાલમાં ઉપપત્તિવિમર્શના પ્રકરણની શરૂઆત થઈ છે, તેમાં ઉપપત્તિ આક્ષેપ સિદ્ધાન્ત અને ફલના ભેદથી ત્રણ પ્રકારની છે. તેમાં પ્રથમ આક્ષેપ અહીં કહેવાય છે. તે જો સર્વાક્ષેપક થાય તો તે શ્રોતાને અધિકાર ઉપરથી પાડી દે; તેથી સાત અધ્યાયમાં જે પ્રમેય કહેવામાં આવ્યું તેમાં સંમતનું તેના છેવટ સુધી પોતાને જ્ઞાન છે, તે જ્યાં છેવટનું જ્ઞાન છે ત્યાંથી આક્ષેપ કરે છે; તેથી આ આખો અધ્યાય પૂર્વપક્ષાધ્યાય છે એમ માનવું. જો એમ ન માનીએ તો કાંતો પૂર્વાધ્યાય રદ જાય, કાંતો શ્રોતા નાલાયક ઠરે, અને આટલા પ્રશ્નોની સંગતિ ન થાય, એથી અનંત પ્રશ્નો કરવા પડે. તે બધા પ્રશ્નોનો અહીં આક્ષેપ કરે છે. બીજા એના છેવટના વિચારથી પોતાની બુદ્ધિમાં આવ્યા છે એ વાત કહે છે. એમ ન હોય તો शृण्वतः ઈત્યાદિ શ્લોકથી કહેલું પ્રમેય, શુકે કહ્યું નથી તે અપ્રામાણિક ઠરે, અથવા ગુરુમાં શંકા ઉત્પન્ન કરે; તેથી સાત અધ્યાયો અહીં પૂર્વપક્ષરૂપે વિચારાય છે. તેમાં પ્રથમ श्रोतव्यादीनि એ ત્રણ શ્લોકથી સાધારણ અધિકારનું નિવારણ કરીને અભય ઇચ્છનારને જે ઉપાય કહ્યો તે ઘટતો નથી. બ્રહ્માએ અનેક અધિકારને લઇને પ્રમેય કહેવાનો ઉપદેશ કર્યો છે. તે જ કહે છેઃ ब्रह्मणा नोदितः (શ્લો. ૧) આ જ તત્ત્વ અધિકાર-ભેદથી સર્વ નિરૂપણ કરવા યોગ્ય છે. તેમાં કોઇનો અધિકાર અને કોઇનો નહિ, એવો પક્ષ સંભવતો નથી. सर्वेऽधिकारिणो ह्यत्र विष्णुभक्तो यथा नृप એ વાક્યનો વિરોધ આવશે; તેથી જ यतद्वेदितुमिच्छामीतिवचनम्. વળી જે કહ્યું કે કેવળ ભગવાનનું

શ્રવણ કરવું, તે પણ ન ઘટે, કેમકે અદ્‌ભુતવીર્યનું જ શ્રવણ કરવાનું છે, નહિ તો કહેવાશે તે ફલ મળે નહિ. ચરિત્રમાત્રમાં ભગવાન્ સ્વતઃ સ્વભાવથી પ્રવિષ્ટ છે, તેથી કોઇને સંસાર ન થવો જોઇએ, અને ભક્તિશાસ્ત્ર ફલરહિત થાય. તે જ કહે છે-**हरेरद्भुतवीर्यस्य** (શ્લો. ૨) અદ્‌ભુતવીર્યની કથા પણ અદ્‌ભુતવીર્યવાળી હોય છે. તેમ છે તો શ્રવણાદિને દૃષ્ટદ્વારતા છે. એમ ન માનો તો અદૃષ્ટની કલ્પના કરવાનો વખત આવે. દોષો પ્રતિબંધક થાય તેથી ફલ પણ ન મળે, **गुणानुषक्तं व्यसनाय जन्तोः** એ વાકયનો વિરોધ આવે. તે જ કહે છે કે-**यथाहमखिलात्मनि** શ્રવણાદિ વડે ભગવાનમાં મનનો નિવેશ થતાં આ જન્મમાં એટલું જ ફલ થાય. જન્માન્તરમાં તો બીજું ફલ થાય. વળી કહ્યું કે થોડા વખતમાં કાર્ય સિદ્ધ થાય છે, તે બંધબેસતું નથી. દૃષ્ટોપાયમાં ભગવાનને બહુ કરવાનું રહે છે. તે જ કહે છેઃ **शृण्वतः इति** (શ્લો. ૪). સ્વાર્થને માટે તો મનનો જ નિવેશ જોઇએ. માટે જ નિર્ધાર કરીને બોલે છેઃ **त्यक्ष्ये कलेवरमिति** (શ્લો. ૩). તેણે ભગવાનને મનથી પકડયા છે તે બીજા જન્મમાં સેવોપયોગી દેહ આપશે. ત્યારે **स्वानां भावसरोरुहत्व** (શ્લો. ૫) થશે. બહાર હોય તે અંદર જાય ત્યારે કાર્ય સિદ્ધ થાય છે; અંદર હોય તેનાથી કાર્ય સિદ્ધ થતું નથી. જેમ લાકડામાં અંદર અગ્નિ રહ્યો છે પણ તે બહારથી અગ્નિ તેને ન લાગે ત્યાંસુધી અંદર રહેલો અગ્નિ તેનું કાર્ય ન કરી શકે. તે જ **विशते इति** (શ્લો. ૪) શ્લોકોથી કહેવામાં આવ્યું. જો એમ ન હોય તો બીજી પ્રક્રિયાથી રાગનો અભાવ સો જન્મે પણ ન થાય, કેમકે શરીર અને ઇન્દ્રિયો ગુણોના કાર્યરૂપ છે, આ પ્રક્રિયામાં આગ્રહથી પેઠો હોય તે દોષને દૂર કરી શકે છે, ત્યારે અવયવો શિથિલ થતાં મૂળ બંધમાંથી છૂટા થતાં ગુણથી દોષને દૂર કરી શકે છે. ત્યારે અવયવો શિથિલ થતાં મૂળબંધમાંથી છૂટાં થતાં ગુણોથી આગળ કાર્ય થાય; તેથી **धुनोति** (શ્લો. ૫) એમ કહ્યું. તે વખતે બીજું અભય થાય છે. **न भयं यस्मात्** એટલે અભયરૂપ ભગવાન મનથી પ્રાપ્ત થયેલ છે, તેથી મૃત્યુ ગ્રહણ કરે એવું શરીર રહ્યું તેથી **न विद्यते भयं यस्येति** એમ બીજું ફલ મળે છે. સિદ્ધાન્ત અને ફલથી આગળ દશમ સ્કંધનો અર્થ ભણતાં **न भयं यस्मात्** એ વિગ્રહ પ્રમાણે સ્વયં ભયનાશક થશે, તે આગળ કહેશેઃ **मृत्यवो नैव धक्ष्यन्ति मृत्यूनां मृत्युमीश्वरम् ।** નહિ તો પ્રથમ પક્ષમાં પર્યવસાન થાય તો ગુરુની કાંઈ જરૂર ન પડવી જોઇએ, તેથી એ ત્રણ અભયના પ્રકારો આને જ થાય છે. આપે કહ્યું કે જીવને સ્વભાવ અને ક્રિયા વડે અનર્થ થાય છે, તે પણ અસંગત લાગે. સ્વભાવથી જ જીવને દેહસંબંધ થાય છે કે ઈશ્વરઇચ્છાથી થાય છે? જો સ્વભાવથી દેહસંબંધ થાય તો જીવનો સંસાર કદી છૂટે નહિ; તેથી તેનો મોક્ષ કોઈ વખતે પણ થાય નહિ. જો કહો કે ઈશ્વરઇચ્છાથી

દેહનો સંબંધ થાય છે તો તેની જોખમદારી જીવને માથે રહેતી નથી, કેમકે એ દેહ તો ભગવાને આપ્યો છે. તે ભગવાન છોડાવે ત્યારે છૂટે. એ વિચારથી **यद्धातुमतो ब्रह्मन्** (શ્લો. ૭) એ શંકા કરવી પડી છે. વળી ભગવાનનાં જે ચાર વિશેષણો આપ્યાં કે આ વિશેષણવિશિષ્ટ ભગવાન્ શ્રોતવ્ય છે, તે વિશેષણો ભગવાન્ સર્વાત્મા હરિ અને ઇશ્વર કહ્યા તે પણ સંભવતું નથી, કેમકે **आसोद्यदुदरात्पद्मं** (શ્લો ૮) એ વાકયમાં જે સાંભળવા યોગ્ય કહ્યા એના પેટમાંથી કમળ થયાનું કહ્યું, તે તો પદ્મના આધાર થયા, પદ્મથી જુદા થયા, જગતનું આધાર પદ્મ થયું, તે ભગવાન્ સર્વના આત્મા ન થઈ શકે. તમે તેને ઔપચારિક પ્રયોગ કરીને સર્વાત્મા કહો તો તે ગૌણ પ્રયોગ ફલસાધક ન થાય. બીજું તો શું, તેને ભગવાન જ ન કહેવાય તે જ કહે છેઃ **यावानयं वै पुरुषः** (શ્લો. ૮) એ વાકયથી પ્રાકૃત શરીર જેવું તેનું શરીર કહ્યું છે. હરિપણું પણ તેમાં સંભવતું નથી. **अजः सृजति भूतानि** (શ્લો. ૯) બ્રહ્મા ભગવાનનો અનુગ્રહ મેળવીને સૃષ્ટિ કરે છે, કેમકે તેનો જીવની જેમ જન્મ નથી. તે મોટા કામમાં પડયો છે તેમાં મૂંઝાયો છે. તે ભૂતોનો આત્મા થાય છે. તે તે સ્વભાવને પામે છે. તે વાત આગળ **शयानो बहुचिन्तया** એ વાકયમાં કહેશે. વળી ઈશ્વરપણું પણ તેમાં સંભવતું નથી. **स चापि यत्र पुरुषः** એ વાકયથી તેને કામ ઘણાં છે, તેમાં ગૂંચવાયો છે. માયાને લેવી ને છોડવી તેનો કલેશ છે. તેને સૂવું, ગૂઢ સ્થાનમાં રહેવું એ બધું દુઃખ છે. વળી **पातालमेतस्य हि पादमूलम्** (૨-૧-૨૬) કહ્યું તે પણ સંગત થતું નથી. તે કહે છે કે **पुरुषावयवैरेते** (૨-૬-૨૬) એ પરસ્પર વિરુદ્ધ હોવાથી બન્ને અસંગત સમજો. વળી કહ્યું કે **इन्द्रादयो बाहवः** (૨-૧-૨૯) એ પણ ઘટે નહિ. કલ્પના ભેદો વિદ્યમાન છે. દરેક કલ્પમાં ઈન્દ્રાદિ ઘણા થાય છે. બાહુ પણ નિશ્ચયાત્મક કહેવાશે નહિ. અધિકારમાં પણ અધિકારી કાયમનો નથી હોતો તેથી તે દોષ પૂર્વવત્ સમજવો. ઈંદ્રત્વ ધર્મ બાહુરૂપ નથી. જે **आहुः** (૨-૧-૨૯) એ શબ્દથી પ્રમાણ કહ્યું તે પણ એના જેટલું જ અસંગત છે, કેમકે વિકલ્પો ઘણા છે. વિકલ્પો યુગભેદો છે અથવા એક બ્રહ્મકલ્પના અવાંતર કલ્પો છે, તે બન્ને દરેક કલ્પમાં જુદા હોવાથી બાહુ ઇન્દ્ર છે એમાં પ્રમાણપૂર્વક વ્યવસ્થા થતી નથી. વળી તે કહ્યું કે તે શ્લોકમાં ભગવાનના બે કાન તે દિશાઓ છે. તે દિશાઓ ચોક્કસ નથી તેથી તેને કાન કહેવાને ઘટતું નથી. દિશાઓનો કરનાર સૂર્ય છે. **सूर्येण हि विभज्यन्ते दिशः** એ વાકય છે તેથી જે દિશામાં સૂર્ય ઊગે તે પૂર્વ દિશા કહેવાય. તેથી સૂર્ય તો કાલના માનરૂપ છે. તેનો વિચાર કરીએ તો દિશાઓ જ નથી તો તેને કાન કહેવાનું કેમ બની શકે ? વ્યવહાર તો ગૌણ રીતે પણ સાધી શકાય છે. પણ પદાર્થનો નિર્ણય કરવો તેમાં ઉપચાર ચાલે નહિ. વળી ત્યાં જ કહ્યું કે શબ્દ શ્રોત્રેન્દ્રિય છે, તે પણ ઘટતું નથી. શબ્દોની પ્રવૃત્તિ તો કાળના ભેદથી થાય છે, તે જ કહ્યું **भूतभव्यभवच्छब्दः**

(૨-૮-૧૩). આ બધા શબ્દો એક કાલે સાથે પ્રવર્તતા નથી, તેથી શ્રોત્રેંદ્રિય પણ નિયત છે એમ તો ન જ કહેવાય. જો તમે શબ્દવિશેષ તે જ શ્રોત્રેન્દ્રિય કહેતા હો તો ભગવાનમાં સર્વ રૂપનો ઉપસંહાર કરો છો તે ખોટો ઠરે. વળી (૨-૧-૨૯) કહ્યું કે અશ્વિનીકુમારો તેની નાસિકા છે. તેમાં અશ્વિનીકુમારોએ આયુર્વેદ ભૂતલમાં પ્રવર્તાવ્યો છે. તે આયુષનું સ્વરૂપ વિચારવું જોઈએ. કેમ આયુષને ભગવાન્ આપે છે? તે નિયત છે કે અનિયત છે? બન્ને રીતે અશ્વિનીકુમારોને આયુષ સાથે કાંઈ લેવા દેવા નથી. તેથી આયુષનું માન વિચારીએ તો અશ્વિનીકુમારોનો જ તેમાં પત્તો નથી, તો નાસિકાની વાત જ ક્યાં કહેવી? એમ **घ्राणोऽस्य गन्धो मुखमग्निरिद्धः** (૨-૧-૨૯) ગંધ અને અગ્નિ ત્રિક્ષણાવસ્થાયી છે, તેથી કાલની સ્થૂલ વા સૂક્ષ્મ ગતિ વિચારીએ તો ગંધ અગ્નિ અને દિવ એ સંભવતાં નથી. વળી (૨-૧-૩૦) કહ્યું કે **चक्षुरभूत् पतङ्गः** સૂર્ય ઈશ્વરની આંખ છે; **पक्ष्माणि विष्णोरहनी उभे च** એ પણ એવું જ છે, કેમકે કર્મોની ગતિનો વિચાર કરીએ તો કોઈ કર્મને લીધે સૂર્યને અહીંથી પાછું ફરવું પડે તો સૂર્યો તો અનન્ત છે, દિવસ રાતની વ્યવસ્થા સૂર્યની ગતિ ઉપરથી થાય છે, તે ગતિ પણ કર્મરૂપ છે, તેથી ભગવાનની ચક્ષુરિન્દ્રિય કે બે પાંપણો સંભવે જ નહિ. **यादृशीः** (૨-૮-૧૩) એ તેનો અવાંતર ભેદ છે. વળી કહ્યું કે **तद्भ्रूविजृम्भः परमेष्ठिधिष्ण्यमिति** (૨-૧-૩૦). તે બ્રહ્માનું સ્થાન પણ કર્મસાધ્ય છે. તે જ વાત **यस्मिन् कर्मसमावायः** એ (૨-૮-૧૪) શ્લોકથી કહી છે. આ બ્રહ્માએ ગુણો અને ગુણીઓના કર્મનો સમુદાય કહ્યો છે. તેમાં ભગવાનની ભ્રુકુટિનો વિલાસ ક્યાંથી કલ્પાય? એ વાત ઉપરથી **आपोऽस्य तालू रस एव जिह्वा** (૨-૧-૩૦) એનો પણ આક્ષેપ કરી લેવો. તેથી જે કોઈ ઇન્દ્રિયો ગોલકરૂપે કહ્યાં, ઇન્દ્રિયોરૂપ પણ કહ્યાં તે બધાનો આ ન્યાયથી આક્ષેપ કરવો. વળી **आपोऽस्य तालू** ત્યાંથી આરંભીને **असुरानीकवर्यः** (૨-૧-૩૬) ત્યાંસુધી કહેલા પદાર્થો વિશેષ સામાન્ય વિચારથી અર્થ વગરના થાય છે, તેથી વિશેષ પદાર્થો જે આધાર અને આધેયરૂપ બને છે તે દશ પદાર્થોને હવે કહે છેઃ **भूपाताल** ઈત્યાદિ (૨-૮-૧૫). એ દશ પદાર્થોનો પોતાના કાર્યની સાથે વિચાર કરીએ તો સામાન્ય રીતે બ્રહ્માણ્ડ જ આવે છે; ભગવાન્ કે તેના અવયવ દેખાતા નથી. તે કોઈ રીતે બ્રહ્માંડની ભગવાનના અવયવમાં સંગતિ બેસતી નથી, તેથી સિદ્ધ બ્રહ્માણ્ડને દૂર ફેંકી તે જગ્યાએ પુરુષપણાની કલ્પના કરવી વ્યર્થ છે. હવે **असुरानीकवर्यः** એ પદનો **महतां चानुचरितम्** (૨-૮-૧૬) એ પદથી આક્ષેપ કરે છે. **ब्रह्माननं** (૨-૧-૩૭) એ વાક્યથી વર્ણાશ્રમનો વિશેષ નિશ્ચય કરે છે. વળી ત્યાં જ **नानाभिधाभिज्यगुणोपपन्नः** એ કહ્યું, તેમાં જે યજ્ઞ કહ્યો તેને ભગવત્કર્મરૂપ કહ્યો.

તે અપ્રાકૃત અને નિત્ય હોવાથી તેમાં પ્રથમ કહ્યા દોષો સંભવતા નથી. તે ઘટે છે એનો વિચાર કરીને નવ પદાર્થનો વિચાર કરતાં તેનો પણ રદિયો અપાઇ જશે, તેથી નવ પદાર્થોને પૂછે છેઃ **अवतारानुचरितम्** (૨–૮–૧૭) એ બે શ્લોકોથી યાગ એટલે દેવતાને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ કરવો. એ યાગ શબ્દનો અર્થ આ થાય છેઃ તેમાં દેવતા, દ્રવ્ય અને ક્રિયા એ ત્રણ પદાર્થો છે; દેશકાલાદિ છ અંગ મળીને નવ થાય છે. તેમાં દેવતાનો વિચાર ભગવાનના અવતારો કહેવાથી થઈ ગયો. તે અવતાર લોકમાં થાય છે માટે તે લૌકિક થયો. યુગોનો વિચાર કરવો રહ્યો. તે બધો વિચાર થતાં કવ્યનો વિચાર તેમાં દ્રવ્યનું નિરાકરણ થઈ જશે; જેમકે **यज्ञवास्त्वभ्यवाय ते पश्यन् पुरोडाशं कूर्मभूतं सर्पन्तमिति.** તે કર્મ કયારે થાય? તે યુગોમાં થાય કે યુગથી જુદા કાલમાં થાય? યુગ-વિશેષમાં થાય એમ કહો તો તે પહેલાં તો દ્રવ્ય હતું નહિ, તેથી યાગ સિદ્ધ જ નહિ થાય, એ બીજે પણ સમજી લેવું. યુગનું માન વિચારીએ તો યાગો તો અન્યથા થઈ શકે માટે ક્રિયા જ ઘટતી નથી; જેમ ત્રેતાના આરંભમાં યજ્ઞો થયા. વળી યુગનો ધર્મ તે કાલ. **नृणां साधारणो धर्मः** (૨–૮–૧૮) તેનાથી દેશ લેવો. ત્યાં જ **सविशेषो यादृशः** એ પદોથી દ્રવ્યો ગુણના ભેદથી ભિન્ન ગણાવ્યાં, તે બે પ્રકારે ગણાવ્યાં છે. **श्रेणीनां** એ શ્લોકથી કર્તાઓ કહ્યા. **राजर्षीणाम्** એ શ્લોકથી મંત્રો કહ્યા. **धर्मकृच्छ्रेषु जीविनाम्** (ત્યાં જ) એનાથી કર્મો કહ્યાં. તેથી દેશકાલાદિ છમાં ધર્મપ્રયોગ કર્માઙ્ગતા બતાવવા માટે કહ્યો છે. વળી **इयावसावीश्वरविग्रहस्य** (૨–૧–૩૮) તેનો પણ તત્ત્વથી વિચાર કરતાં તેનું ખંડન થઇ જાય છે. તત્ત્વોના એક ભાગમાંથી બ્રહ્માણ્ડ બન્યું તેમાં કહ્યું કે **न यतोऽस्ति किंचित्** (ત્યાં જ) એ ઘટતું નથી. હવે બીજા અધ્યાયનો આરંભ થયો. તેમાં પ્રથમ કહ્યું **एवं पुरा धारणयात्मयोनिः** (૨–૨–૧) તે ઘટતું નથી, કેમકે તત્ત્વનાં લક્ષણનો વિચાર કરતાં તેની અસંગતિ સ્પષ્ટ છે. તેનું લક્ષણ એટલે સૃષ્ટિ કરવાનું સામર્થ્ય, તે જ તેનો અસાધારણ ધર્મ છે. તેને જાણતાં તેના અંશો બ્રહ્મમાં પ્રવિષ્ટ થતાં કાર્ય સિદ્ધ થાય છે તો પછી જ્ઞાનાદિ વ્યર્થ છે. વળી કહ્યું કે **शाब्दस्य हि ब्रह्मण एष पन्थाः** (૨–૨–૨). એ પદ્યથી વૈરાગ્યને આગળ કરીને પોતાના હૃદયમાં વસતા ભગવાનનું ચિંતન કરવું. તે પણ તત્ત્વના હેતુપૂર્વક લક્ષણોનો વિચાર કરીએ તો પૂર્વ અસંગત ઠરાવ્યાં તેમ આનું પણ ઠરે. તેમાં ચિત્ત મહત્તત્ત્વરૂપ છે. તેમાં મહત્તત્ત્વ વિદ્યમાન હોય તો ચિત્તમાં ભગવાન્ રહે તેથી સ્વચિત્તમાં સિદ્ધ કોણ છે? આત્માની સિદ્ધિ તો ત્યાં કોઇ રીતે થઈ શકતી નથી. **चित्तं तन्महदात्मकम्** એ તેના કારણનું લક્ષણ કહ્યું છે. વળી કહ્યું કે **केचित्स्वदेहान्तर्हृदयावकाशे** (૨–૨–૮) એ પણ પુરુષની પૂજાનો વિચાર કરતાં **मनोमयी मणिमयी** એ વાકયથી માનસી મૂર્તિ તે ઠરે છે. તે

ભગવાન્ કેમ કહેવાય ? સ્થૂલ સૂક્ષ્મ ધારણાની સિદ્ધિ માટે બે યોગ કહ્યા. તે પણ યોગના સ્વરૂપનો વિચાર કરીએ તો ચિત્તની વૃત્તિઓને એકત્ર રોકવી તે યોગ કહેવાય. તેથી તે પણ અસંગત છે. વળી **स्थिरं सुखं चासनमास्थितो यतिः** એ કહ્યું, તે પણ ઘટતું નથી. જીવતો યોગી સર્વ લોકમાં જઇ શકે તે મર્યા પછી કેમ જાય ? મરવાની જરૂર જ શું રહે ? જેમ કર્દમ જીવતાં જ બધે ફરીને ઘેર આવી ગયા, તેને મરવાની કાંઇ જરૂર ન પડી. ઐશ્વર્ય પદ વડે, અર્જુન વગેરે તે જ દેહથી સ્વર્ગમાં ગયા હતા, તે લેવા. વળી કહ્યું કે **आनन्दमानन्दमयोऽवसाने** (૨–૨–૩૧) તે પણ યોગીના લિંગશરીરના નાશનો વિચાર કરીએ તો અસંગત દેખાય છે. વળી કહ્યું કે **भगवान् ब्रह्म कार्त्स्न्येन** (૨–૨–૩૪) તે પણ વેદનો વિચાર કરતાં અસંગત લાગે છે. જો ભગવાન્ સર્વના આત્મા છે તો સર્વનો પ્રેમ પણ તેમાં સિદ્ધ જ છે; તેને માટે ઉપદેશ દેવો વૃથા છે. જો બધાનો પ્રેમ તેમાં નથી તો તે બધાનો આત્મા પણ નથી. ત્યાં કહે કે ભગવાન્ આત્મા છે પણ અજ્ઞાનથી તે આત્મા જણાતા નથી, તેથી તેને આત્માપણાથી લોક જાણતા નથી; જેમ પરનો આત્મા પણ આત્મા છે છતાં અજ્ઞાનથી તેને પર જાણે છે તેમ. વળી તમે પ્રેમને માટે યત્ન કરવાનું કહ્યું તે ઘટતું નથી. વળી કામનાના ભેદથી દેવતાંતરભજન કહ્યું તે પણ વેદાદિનો વિચાર કરતાં અસંગત જણાય છે. વેદમાં એને માટે બીજું સાધન કહ્યું છે. ભક્ત માટે નિરૂપણ તો ભક્તિના નિરાકરણથી નિરાકૃત થયું. વળી ઉત્પત્તિથી વિચાર કર્યો તે પણ સંપ્લવાદિ-(પ્રલય)ના વિચારથી તેનું નિરાકરણ થઈ જશે. આ જગતનો પ્રલય થાય કે વૃદ્ધિ થાય, અથવા કારણમાં લય પામે, તો પછી ભગવાનથી ઉત્પન્ન થયું તેનો શો હેતુ સિદ્ધ થયો ? માટે તે કરતાં પોતાની મેળે થાઓ અને જાઓ, અથવા બીજી રીતે થાઓ; તેમાં કાંઇ ભગવાનથી થવામાં વિશેષ દેખાતો નથી. જ્ઞાનાદિના સ્વરૂપનો નિર્વાહ થવા માટે ભગવાનના અવયવોની કલ્પના કરી તે પણ ઇષ્ટાપૂર્તના વિચારથી ઊડી જાય છે. લૌકિક કે અલૌકિક પદાર્થથી યોગ સિદ્ધ થાય તો ભૂતસંસ્કાર ભગવત્સંસ્કાર કે આત્મસંસ્કારમાં ફલથી કોઈ વિશેષ જણાતો નથી. ભગવદીયપણાની તો અન્યથા સિદ્ધિ થાય છે. વળી કહ્યું કે ભગવાન આત્માને સરજે છે, તે અનુશાયીની સૃષ્ટિનો વિચાર કરતાં તે વાત ટકી શકતી નથી. તે ભગવાનથી વિલક્ષણ કહેવાય છે. **तत्त्वं परं रूपवदस्वरूपम्** તે પણ પાખંડ ધર્મનો વિચાર કરતાં ઘટી શકતું નથી. દૈત્યોને મોહ કરવા માટે પાષંડની ઉત્પત્તિ કહી છે. તે દૈત્યો ભગવાન્ કે કોઈ બીજા તે જાણવું જોઇએ. તે જો ભગવાન્ છે એમ કહો તો તે ભગવલ્લીલા કહેવાય, તે પાખંડ જ ન કહેવાય: ભક્તિ પણ નિરાકૃતા થાય છે. પાખંડ સ્થિર થાય તો પણ દૈત્યો ભગવાન ન થઇ શકે. વળી કહ્યું કે **कर्णकषायशोषान्** તે પણ

અસંગત જણાય છે. ચિદાત્માનો બંધ મોક્ષ વિચારાય છે. બંધ અને મોક્ષ ભગવાનની ઇચ્છાથી થાય છે. પછી કાનના દોષને શોષવાની શી જરૂર છે? ભિન્નતાથી રહેવાનું કહો તો બધાં સાધનો વ્યર્થ થાય છે, કેમકે તે બધું ભગવદ્રૂપ છે. અવતારનું વર્ણન પણ વ્યર્થ છે. ભગવાનનું માયામાં ક્રીડન તે જ અવતરણ, તેથી સર્વ જગત ભગવાનનો અવતાર ઠરે છે. તે અવતારમાં વિશેષ શું છે? માયાનો ત્યાગ કરે તે તો અવતારની લીલાને પણ છોડી દે. વળી કહ્યું છે કે તમે આને વિસ્તારથી કહો, તે પણ સંભવતું નથી. એમ કહેવું ન જોઇએ. જેમ આપ ભક્તિથી કહો છો તે શું કોઈની પ્રેરણાથી કહો છો? તમારામાં પ્રામાણ્ય સિદ્ધ છે, તે **अत्र प्रमाणम्** (૨–૮–૨૫) એ શ્લોકથી કહ્યું છે. વળી કહ્યું કે ભગવાનની માયાને વર્ણવતાં ઘણું કરીને મારા પ્રાણ જતા નથી. હું સાંભળું છું તોપણ મને તક્ષક ભક્ષી જશે એમાં ફેર નથી. (૨૬)

આવા પૂર્વપક્ષ કરી ભગવન્માહાત્મ્ય સ્થિર કર્યું ત્યારે શુકદેવજીને સંતોષ થયો પણ ક્રોધ ન થયો તે કહે છે:

सूत उवाच ॥

**स उपामन्त्रितो राज्ञा कथायामिति सत्पतेः ।**
**ब्रह्मरातो भृशं प्रीतो विष्णुरातेन संसदि ॥ २७ ॥**

**શબ્દાર્થ:—સૂત બોલ્યા: એમ જ્યારે પરીક્ષિતે શુકદેવજીની પ્રાર્થના કરી ત્યારે ભગવાનની કથામાં પ્રેરાયેલા શુકદેવજી સભામાં અત્યંત પ્રસન્નતાથી તેને કહેવા લાગ્યા.**

**ભાવાર્થ:**—તે શુકદેવજી ઉપામંત્રિત એટલે પ્રાર્થના કરી. **उपामन्त्रयन्त राज्येन पितरो यम्** ઇત્યાદિ સ્થળે એવા અર્થનો નિશ્ચય થયો છે. ઇતિનો અર્થ–એવા પ્રકારની કથામાં એવો કરવો, એટલે યુક્તિપૂર્વક ભગવાનના ગુણો નિરૂપણ કરવા. તેમ કરવાથી ભગવાનને પરમ સુખ થાય છે, કારણ કે તે સતના પતિ છે. એમ થવાથી સંદેહ વગરનો લીલાનો નિશ્ચય જણાય છે. એથી આ પ્રશ્ન સંતોષ આપનારો છે. તેમાં પણ આ શુકદેવજી "બ્રહ્મરાત" છે એટલે વેદે રક્ષિત છે. આપણને એ યુક્તિ બતાવશે, તેથી ઘણા ખુશી થયા. મારો જન્મ સફલ થયો એમ રાજાએ કહ્યું. રાજા પણ "વિષ્ણુરાત" છે. વિષ્ણુએ એટલા માટે જ તેની બ્રહ્માસ્ત્રથી રક્ષા કરી છે. તેથી તે મને સંદેહ રહિત થઇને જાણશે, તેથી તો જન્મ સફળ કરવા માટે સભામાં જ શુકદેવજીને પ્રશ્ન કર્યો. (૨૭)

એમ યુક્તિપૂર્વક કથા કહેવી તેમાં લૌકિકી યુક્તિ કારણરૂપ નથી, તેથી ઉપપત્તિરૂપ ભાગવત જ શુકદેવજીએ કહ્યું, તે કહે છે:

**प्राह भागवतं नाम पुराणं ब्रह्मसंमितम् ।**
**ब्रह्मणे भगवत्प्रोक्तं ब्रह्मकल्प उपागते ॥ २८ ॥**

**શબ્દાર્થઃ**—બ્રહ્મકલ્પમાં ભગવાને કહ્યું હતું તે ભાગવત નામનું પુરાણ વેદની તુલ્ય છે, તે ભાગવત પુરાણ શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું.

**ભાવાર્થઃ**—જેનું નામ ભાગવત છે એ પુરાણ શુકદેવજીએ પ્રસન્ન થઈ પરીક્ષિતને કહ્યું. પુરાણ નામથી પ્રમાણ બતાવ્યું. તેથી ब्रह्मसंमित યુક્તિવાળું કહ્યું. ત્યાં શંકા કરે છે કે ભાગવતો કેટલાં છે? બહુ જગ્યાએ જુદી રીતે ભાગવત કહેવાય છે, તેથી શંકા થતાં પૂછ્યું છે. તે ભગવાને બ્રહ્માને કહ્યું એ ભાગવત સમજો. ભાગવત વિષયાત્મક તો અનેકધા છે; વિચારાત્મક બે પ્રકારનું છે. તેમાં ઉત્પત્તિના પ્રકારથી કહેલું તે બ્રહ્માએ નારદને કહ્યું, ઉપપત્તિના પ્રકારથી બ્રહ્માને ભગવાને કહ્યું છે. આ સ્થૂલ ભાગવતમાં બધા પ્રકારો બતાવ્યા છે. ભાગવતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થઈ છે તે બતાવવા માટે તેમાં બીજાના પ્રકારને તો બ્રહ્મા પોતે જાણી લે તેમાં તો યુક્તિ જ બતાવવાની બાકી રહે તે કહેવા માટે કહે છેઃ બ્રહ્મકલ્પ આવ્યો ત્યારે તે કલ્પમાં શબ્દ બ્રહ્મથી સર્વની ઉત્પત્તિ થઈ છે, જે ઉત્પત્તિ ભાગવતમાં કહેવામાં આવી છે. (૨૮)

તેથી અન્યવિષયક પ્રશ્નને ભાગવતથી જુદો પાડીને પછી ભાગવતની ઉપપત્તિ કહેશે, તે વાત કહે છેઃ

**यद्यत्परीक्षिदृषभः पाण्डूनामनुपृच्छति ।**
**आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ॥ २९ ॥**

**શબ્દાર્થઃ**—પાણ્ડુમાં શ્રેષ્ઠ એવા પરીક્ષિત રાજાએ જે જે પ્રશ્નો કર્યા તે બધાને પ્રશ્નના ક્રમવડે કહેવાનો શુકદેવજીએ આરંભ કરી દીધો.

**ભાવાર્થઃ**—પાંડુના મધ્યે શ્રેષ્ઠ ભગવદ્ભક્તોમાં મુખ્ય પરીક્ષિત રાજા છે. તેમણે જે જે પ્રશ્નો શુકદેવજીને પૂછ્યા, પહેલાં કહ્યાં કારણો તેના પ્રશ્નો વગેરે પૂછ્યા તેને ક્રમથી કહેવાનો શુકદેવજીએ આરંભ કર્યો. જેટલી તેના મનની ઇચ્છા હતી તેવા તેને ઉત્તર આપવાનો આરંભ કર્યો. चकार છે તેથી નહિ પૂછેલી યુક્તિઓ વધારેમાં કહી. (૨૯)

ઇતિ શ્રીભાગવત-દ્વિતીય સ્કંધની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ
શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત શ્રીસુબોધિની ટીકામાં
આઠમો અધ્યાય સંપૂર્ણ થયો.

## અધ્યાય ૯ મો.

नवमे तूत्तरं प्राह जीवब्रह्मस्वरूपयोः ।
संदेहपूर्वकं पूर्वकथनस्यापि वस्तुताम् ॥ १ ॥
पारंपर्यकथा चास्य शुद्ध्याधिक्यवगम्यते ।
नान्यथेत्यस्य संदेहनाशनाय निरूपिता ॥ २ ॥

પહેલાં જીવ-બ્રહ્મ-સ્વરૂપમાં સંદેહ કર્યો, તેનો ઉત્તર આ નવા અધ્યાયમાં કહે છે. પૂર્વે કહેલ સ્થૂલરૂપાદિનું વાસ્તવરૂપ પણ પ્રથમ અહીં કહેવામાં આવે છે. (૧) શુક પરીક્ષિત્ નારદ વ્યાસ બ્રહ્મા વગેરેની કથા કહી એનું તાત્પર્ય એ છે કે શ્રોતા અને વક્તાની અધિક શુદ્ધિ હોય તો ભાગવત સમજાય છે; બીજી રીતે ભાગવતની કથા સમજાતી નથી. એ કથા બતાવવા પરંપરાની કથા સંદેહ ન થવા માટે કહી છે. (૨)

બીજા સંદેહ જીવબ્રહ્મસંદેહમૂલક છે; તેથી પ્રથમ જીવસંદેહનું વારણ કરે છેઃ **आत्ममायामृते** ઈત્યાદિ ત્રણ શ્લોકો વડે. વળી તેમણે શંકા કરી કે **यद्धातुमतः** (૨-૮-૭) એ શ્લોકથી આ જીવને દેહનો સંબંધ કેમ થયો ? જીવત્વ કેમ અન્ય શબ્દથી પ્રાપ્ત થયું ? તેમાં જીવત્વ થતાં ઘણા હેતુઓ દેહના સંબંધમાં થશે તેથી પ્રથમ જીવપણું સિદ્ધ કરે છેઃ

श्रीशुक उवाच ॥

**आत्ममायामृते राजन् परस्यानुभवात्मनः ।**
**न घटेतार्थसंबन्धः स्वप्नद्रष्टुरिवाञ्जसा ॥ १ ॥**

**શબ્દાર્થ**:—શ્રી શુકદેવજી બોલ્યાઃ હે રાજન્, પર અને અનુભવરૂપ આત્માવાળા આ જીવને દેહનો સંબંધ તેવી રીતે ઘટી શકતો નથી, સ્વપ્ન જોનારને જેમ માયા વગર થઈ ન શકે.

**ભાવાર્થ**:—અહીંથી શ્રીઆચાર્યચરણ ભગવત્સ્વરૂપ જીવની બુદ્ધિમાં આવવા માટે શ્રુતિપ્રતિપાદિત સૃષ્ટિપ્રક્રિયા પ્રથમ બતાવે છે. ભગવાને જ્યારે સૃષ્ટિ કરવાની ઇચ્છા કરી ત્યારે તેના સ્વરૂપાત્મક સચ્ચિદાનંદમાંથી સદાનંદ એક તરફ રહ્યા જ્યારે ચૈતન્યાંશ બીજો ભાગ બન્યો. તેની માયા બે પ્રકારની છે એ પ્રથમ કહ્યું છે. તેમાં ચિદ્રૂપની માયા વ્યામોહિકા છે. તે સ્વપુરુષને મોહમાં નાખીને તેને જીવપણું કરી આપે છે. **जीवतीति जीवः । जीव्** ધાતુ પ્રાણધારણાર્થક છે. જે પ્રાણોને ધારી રાખે, પ્રાણને રાખવાનો પ્રયત્ન કરે, તે જીવ

કહેવાય. તે માયામાં મોહીને વ્યાકુલ થયો; તે સદાનંદની કરેલી સૃષ્ટિમાં જે સૂત્રાત્મક **आसन्य** નામનો દસ પ્રકારનો પ્રાણ છે તેને અવલંબીને રહે છે, ત્યારે તે પુરુષ જીવ કહેવાય છે. આથી સમજાશે કે ઈશ્વર જીવ કેમ થયો. **जीव्** ધાતને **अच्** પ્રત્યય લાગવાથી "જીવ" શબ્દ બન્યો છે. આ ચૈતન્ય (જીવ) બોધરૂપ છે તોપણ આનંદરૂપથી જુદો પડયો ત્યારે ચૈતન્યની માયા મોહિકા છે તેણે આનંદ અપાવીશ એમ તેને સમજાવ્યો. તે મોહમાં પડયો કે મને આનાથી આનંદની પ્રાપ્તિ થશે. તેણે પ્રાણ અપાન વ્યાન ઉદાન કૃકલ દેવદત્ત ધનંજય નાગ કૂર્મ એ દશ પ્રાણ એટલે દશ ઇન્દ્રિયોને જે ટેકો આપે તે દશ પ્રાણરૂપ કહેવાય, તેવો થઇને વ્યામોહિકા માયાને અધીન થઇને રહ્યો, એટલે તે ચિદંશ જીવ કહેવાયો. આ વિભાગ શ્રુતિએ કહ્યો છે. [1]**बहु स्याम् । प्रजायेय ।** આ શ્રુતિ તૈત્તિરીયોપનિષદમાં છે. તે ભગવાનને બહુ થવાની ઇચ્છા થઈ એમ કહે છે. ભગવાનની ઇચ્છા પણ થાય છે, તેમાં **सत** અંશની ક્રિયારૂપ શક્તિ છે; ચિત્ અંશની શક્તિ મોહ કરનારી માયા છે; આનંદરૂપની શક્તિ જગત્-કારણરૂપ માયા છે. એ ત્રણ શક્તિઓ સચ્ચિદાનંદના ભાવરૂપ સમજવી; એટલે ભાવાર્થક પ્રત્યય સાથે સત્ત્વ અથવા સત્તા કહેવાય. તેમ જ ચિદાનંદનું સમજવું. તે ભગવાનનો ભાવ તો સ્વરૂપથી બનેલો સમજવો. ત્યાં કહે છે કે જો ભગવાનરૂપ ઇચ્છા કહી, ભાવ પણ ભગવત્સ્વરૂપ કહ્યો તે બધું નિત્ય હોવાથી કોઈ દિવસ જગતનો અંત નહિ આવે! ત્યાં કહે છે કે તે સર્વદા થયા કરશે એવી શંકા ન કરશો, કેમકે તે ઇચ્છા થવાનું કારણ કાલ છે. તે કાલ નહિ હોય ત્યાંસુધી તે થશે નહિ. કાલે કરી ઇચ્છા થઇ ને બહુભવન થયું તોપણ કાળ તેનો નિયામક હોવાથી સર્વને પોતાને વશ કરશે, તેથી સર્વદા તે થયા નહિ કરે. તે કાલ થયો ત્યારે ઇચ્છા વગેરે થયાં. તે બધાને એક રૂપે પોતે સ્થાપન કરે છે, તેમાંથી એક ઇચ્છારૂપ અંશ પરિગ્રહ કરે છે ત્યારે **सोऽकामयत** શ્રુતિના કહ્યા પ્રમાણે ઇચ્છા કાળરૂપ બને છે. તે સચ્ચિદાનંદને પણ પોતે સમુદાયમાંથી જુદો પાડે છે, તેમ ભગવદંશને પણ પોતે જ જુદા કરે છે. તે સચ્ચિદાનંદરૂપ ધર્મો પોતાના ધર્મીને ભેદીને

---

[1] बहु स्याम् એ ઇચ્છા થતાં સ્વરૂપના વિભાગ થયા. તે જ બૃહદારણ્યકમાં यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः ઇત્યાદિથી વિભાગ બતાવ્યો છે. અને प्रजायेय એ બીજી શ્રુતિ કહી તેથી પોતે જ ઉચ્ચ નીચ ભાવે પ્રકટવાની વાત કરી છે, એમ ન માનીએ તો બહુભવન તો પ્રથમ કહ્યું છે, તો પછી આ શ્રુતિમાં प्र ઉપસર્ગ મૂકવાની કાંઇ જરૂર ન રહે. પુરુષવિધ બ્રાહ્મણમાં બ્રહ્મક્ષત્રાદિરૂપતા કહી છે તે અહીં પ્રકર્ષ પદાર્થથી લેવામાં આવે તો કાંઇ ખોટું નથી. તેથી ઇચ્છા કરવામાં અને ઉચ્ચ નીચ ભાવથી લીલા કરવામાં વેદ પ્રમાણરૂપે કહ્યો છે. એથી આ પ્રક્રિયા સપ્રમાણ છે એ વાત સિદ્ધ થઇ.

જુદા થાય છે, ત્યારે ભગવાન્ સર્વત્ર પાણિપાદાન્ત થાય છે. તેનો આકાર બંધાય છે. તે પોતાની માયાથી જુદો થયો છતાં તેનાથી એકત્રિત હોય તેમ અખંડ દેખાય છે, કેમકે તેના કરતાં કાર્યરૂપ અલ્પ છે. તે ત્રણ રૂપો પૂર્ણ શબ્દથી વ્યવહાર્ય છે; તેથી સદ્રૂપનું દરેક કાર્યમાં પર્યવસાન દેખાય છે. **પ્રજાયેય** એ ઇચ્છાથી ઉચ્ચ નીચ ભાવે થતાં તેમાં **આનંદ** શ્રેષ્ઠ હોવાથી સચ્ચિત તે આનંદના સેવક બનીને તેની સેવા કરવા લાગ્યા. તે બન્નેના ધર્મો જ્ઞાન અને ક્રિયા તે ભગવાનની શક્તિરૂપે થયા ત્યારે આનંદ પોતે જ્ઞાન-ક્રિયા-શક્તિમાન થયો. તેમાં ચિદંશની શક્તિ આનંદમાં થઈ તે જ્ઞાન ધર્મને મોહ કરે છે, ત્યારે તે ભગવદંશ જીવ થઈ જાય છે. સદંશ તો તેની ક્રિયા નામની શક્તિ જતાં અવ્યક્તરૂપ થઇ ગયો, એટલે તે પ્રકૃતિરૂપે થઇ જાય છે. મૂળભૂત સદંશની ક્રિયાના અંશરૂપ ક્રિયાથી તે બધા પ્રકટ થાય છે. તે ક્રિયાઓના તિરોભાવમાં તેનો તિરોભાવ થાય છે, એટલે તે નિરંતર થયા કરતા નથી. ત્યારે તેમાં મૂળ ઇચ્છાથી થયેલ શબ્દ પણ રહે છે, તેથી વ્યવહારનો ઉચ્છેદ થતો નથી. આ સદંશની વાત થઈ. એમ ચિદ્રૂપ જ્ઞાનશક્તિના અંશરૂપ જ્ઞાન વડે પ્રકટ થાય છે અને તિરોધાન થાય છે, તેનો પ્રયત્ન તો અપરાધીન છે તેથી તેનો મોક્ષ થતો નથી પણ જીવને છોડાવવાનો ભગવાન્ જ્યારે વિચાર કરે છે ત્યારે તેને પૂર્ણ જ્ઞાનશક્તિનું દાન કરે છે તેનાથી મોહિકા માયા તેનાથી છૂટી પડે છે, તેથી તેનો પ્રયત્ન પણ છૂટી જાય છે, સ્વરૂપમાં નિષ્ઠા રાખીને રહે છે. તે માયાને અધીન હતો તેમ અધીન રહેતો નથી છતાં તે પોતે જગતનો કર્તા તો થતો નથી. તેની તે માયા શક્તિ નથી. તેનો ઉત્કર્ષ પણ થતો નથી. આનંદ જ ઉત્કૃષ્ટ છે; હીનતા તો ઉપરથી દેખાય છે. આનંદની સાથે તે મળે છે ત્યારે આનંદ પણ થાય છે. તે આનંદ સ્વધર્મરૂપે જો તેને સ્વીકારે તો તે આનંદમાં મળી શકે. આ પ્રક્રિયા સર્વ શ્રુતિવાક્યોને અનુકૂળ અને શ્રુતાર્થાપત્તિથી સિદ્ધ છે. તેનો સર્વત્ર ઉપયોગ થાય છે. બીજી પ્રક્રિયાઓમાં વાક્યોનો બાધ થાય છે. જીવના ભેદોને આગળ કહીશું. તે જ વાત આ શ્લોકમાં કહી કે આત્મા એટલે ચિદ્રૂપની માયા મોહ કરનારી છે. તેના વિના આને દેહનો સંબંધ નહોય. "રાજન્" એવું સંબોધન રાજસ છો તે તમને સ્વરૂપનું જ્ઞાન કયાંથી હોય! એવી દયાથી સંબોધ્યા છે. એટલે ચૈતન્યને મોહ થયો કે દેહનો સંબંધ થયો, કેમકે તેનો અનુભવાત્મા છે; પરંતુ સામર્થ્ય તો ભગવાનમાં ગયું છે, તેથી મોહ થયો છે. એમ થયું હોત તો જેમ દેહ ન થાત તેમ મોહ પણ ન થાત. મોહ ન થાય ત્યાંસુધી શક્તિ ભલે ગઇ હોય પણ દેહનો સંબંધ ન થઇ શકે. તે મોહ થયો કે તરત દેહસંબંધ થાય. એ શક્તિ સહજ છે. તેને દોષમાં પર્યવસાન થયું તે તેના હીન ભાવને લઇને થયું છે. જીવને સામર્થ્યનો લાભ થાય

તોપણ તે જ્યાંસુધી જુદી રહે ત્યાંસુધી તેનો હીન ભાવ મટે નહિ. તે જ્યારે વ્યામોહ કરે ત્યારે દેહ પ્રાપ્ત થયા વગર ન રહે. મોહિતને અર્થસંબંધ થાય તે વાત દૃષ્ટાન્તથી બતાવે છેઃ લોક નિદ્રામાં મોહિત થાય ત્યારે ભગવાને કરેલી માયિકી સ્વપ્નસૃષ્ટિને જુએ છે અને તેનું અભિમાન પણ કરે છે. નિદ્રા સર્વ પ્રકારે પ્રકટ થતી નથી. મૂળ ભગવાનની માયા વડે જલદી તિરોધાન પામે છે, ત્યારે તે જીવ નિદ્રામાંથી જાગે છે. એમ સ્વપ્નદૃષ્ટાન્તથી તેનો વ્યામોહ કહીને પ્રકૃત દાર્ષ્ટાન્તિકમાં વિશેષ કહે છે કે अञ्जसा. એવાં સ્વપ્ન જન્મમાં કરોડો થાય છે. આ સ્વપ્ન તો કરોડો જન્મમાં એકનું એક ચાલ્યા કરે છે એ આમાં વિશેષ છે. (૧)

એમ તેનો સંબંધ બતાવીને તે માયાનું કાર્ય બતાવે છેઃ

**बहुरूप इवाभाति मायया बहुरूपया ।**
**रममाणो गुणेष्वस्या ममाहमिति मन्यते ॥ २ ॥**

**શબ્દાર્થઃ**—બહુ રૂપવાળી માયા વડે પોતે બહુ રૂપવાળો દેખાય છે. આ માયાના ગુણોમાં રમતો પોતે હું અને મારું એમ માને છે.

**ભાવાર્થઃ**—તે આભાસરૂપ મૂળ માયા ઘણા રૂપોવાળી થાય છે, તેની સાથે સંબંધમાં આવતો જીવ પણ ઘણા રૂપવાળો થાય છે. इव શબ્દ કહ્યો છે તેથી તે સારી રીતે સ્વરૂપ કરી શકતી નથી તેથી "બહુરૂપા જેવી કહી છે." ત્યારે જીવ આનંદ પ્રાપ્ત કરવા માટે તેના ગુણોમાં રમવા લાગે છે. તેના ગુણોનો પોતે સ્વીકાર કરે છે, તેથી દેહમાં હું એવો ભાવ કરે છેઃ તેના ગુણોમાં **મમતા** બતાવે છે. માયામાં અહંભાવ બતાવે છે. આ બે શબ્દો સંબંધ બતાવનારા છે, તે તેના સ્વરૂપમાં અર્થનું સમર્પણ કરે છે. (૨)

એમ વ્યામોહિકા માયાનું કાર્ય બતાવીને તે માયાને છોડવાનો ઉપાય હવે બતાવે છેઃ

**यर्हि वाव महिम्नि स्वे परस्मिन् कालमाययोः ।**
**रमते गतसंमोहस्त्यक्त्वोदास्ते तदोभयम् ॥ ३ ॥**

**શબ્દાર્થઃ**—જ્યારે કાલ અને માયાથી પર એવા ભગવાનમાં સંદેહ રહિત બનીને રમે છે ત્યારે હું અને મારું છોડી દેહાદિ અને તેને આપનારી માયાને પણ છોડી ઉદાસ થઈને રહે છે.

**ભાવાર્થઃ**—જ્યારે એટલે મૂળ ભગવાનને એ માયાથી છોડાવવાની ઇચ્છા થાય ત્યારે—**वाव** એ નિશ્ચયાર્થક અવ્યય છે—પોતાના મહિમારૂપ ભગવાન આનંદમાં કાળ અને મોહિકા માયાના નિયામક તે બન્નેના કાર્યથી પોતાની ઇચ્છાથી જીવને છોડાવે છે; ત્યારે તે જીવ આનંદરૂપ ભગવાનમાં પ્રસન્નતાથી

રમે છે. તેમાં પણ ભગવાન્ એને પોતાનું માહાત્મ્ય બતાવતા નથી, તેથી તે ભગવાનના સ્વામિત્વમાં સંદેહ ન આવે તો તેને પછી સંદેહ થતા નથી પણ કાળ અને મોહિકા માયાના સંબંધને છોડી દે છે. તેના ગુણો તેના કાર્ય દેહાદિને પણ છોડે છે અથવા હું અને મારું એવો ભાવ છોડી દેહગેહાદિમાં ઉદાસીન રહે છે. એમ જ્યારે આસક્તિ છોડી દે ત્યારે તેનો તેમાંથી નિસ્તાર થાય છે. (૩)

એમ જીવસંદેહ દૂર કરીને હવે બ્રહ્મસંદેહનું आत्मतत्त्वविशुद्ध्यर्थम् (૨-૯-૪) ત્યાંથી લઈને न विमुह्यति कर्हिचित् (૨-૯-૩૬) ત્યાં સુધીમાં તેનું વારણ કરે છે:

**आत्मतत्त्वविशुद्ध्यर्थं यदाह भगवानृतम् ।**
**ब्रह्मणे दर्शयन् रूपमव्यलीकव्रतादृतः ॥ ४ ॥**

**શબ્દાર્થ**:—આત્મતત્ત્વની શુદ્ધિ માટે ભગવાને જે સત્યસ્વરૂપ બ્રહ્મને બતાવ્યું તે તેના ખરા વ્રતથી પ્રસન્ન થઇને બતાવ્યું છે.

**ભાવાર્થ**:—અહીં પણ મુક્તિ તો અમે સૃષ્ટિપ્રક્રિયામાં કહી ગયા છીએ; આગળ તો સ્વરૂપ જ કહેવાનું છે. તેમાં પ્રથમ બ્રહ્મને પણ દેહનો સંબંધ થાય તો તે જીવ જેવો થઈ જાય એવું દૂષણ કહ્યું. અથવા દેહસંબંધ થતાં પરિછિન્નતામાં સર્વાત્મતાની અનુપપત્તિ થાય તેનું અહીં નિરાકરણ કરે છે. આત્માનું તત્ત્વ એટલે ખરું સ્વરૂપ, તેની શુદ્ધિને માટે લૌકિકના જ્ઞાનથી લૌકિક ભાવ થતાં અન્યથાપ્રતિભાન લક્ષણ બુદ્ધિ થાય. તેને દૂર કરીને સારા જ્ઞાનરૂપ વિશેષ બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે બ્રહ્માને ભગવાને જે કહ્યું એટલે કેવળ વાણી કહી, એટલું જ નહિ પણ ખરું પોતાનું આનંદસ્વરૂપ બ્રહ્માને બતાવીને કહ્યું, તે સ્વરૂપદર્શન સાથે કહેવાનું કારણ તો એટલું જ કે ભગવાન્ બ્રહ્માના નિષ્કપટ વ્રતથી પ્રસન્ન થયા હતા, અથવા સેવા કરી હતી અથવા તેમનો ઉપચાર કર્યો હતો. (૪)

એમ ભગવાનનું વચન વક્તવ્યતાથી કહીને સંતોષને માટે બ્રહ્માનું નિષ્કપટ વ્રત બતાવે છે:

**स आदिदेवो जगतां परो गुरुः**
**स्वधिष्ण्यमास्थाय सिसृक्षयैक्षत ।**
**तां नाध्यगच्छद् दृशमत्र संमतां**
**प्रपञ्चनिर्माणविधिर्यया भवेत् ॥ ५ ॥**

**શબ્દાર્થ**:—જગતના પરમ ગુરુ તે આદિદેવ બ્રહ્મા પોતાના બ્રહ્મલોકમાં બેસીને સૃષ્ટિ કરવાની ઈચ્છાથી જોવા લાગ્યા, પણ જેનાથી પ્રપંચનું નિર્માણ થાય એવી બુદ્ધિ તેને સૂઝી નહિ.

**ભાવાર્થ**:—'વ્રત' શબ્દ કોઈ નિયમવિશેષમાં વપરાય છે, અહીં તો તે 'વ્રત' શબ્દ સર્વ ઇન્દ્રિયોના અને પ્રાણના વિષયોને છોડાવવામાં અને તેમ કરીને નિરોધ કરવામાં વાપર્યો છે. તે જો સ્વરૂપથી અને ફલથી એકરૂપ હોય તો તે નિષ્કપટ કહેવાય. બ્રહ્મા તો 'હું ભગવાનને માટે સૃષ્ટિ કરીશ' એમ સંકલ્પ કરીને પછી સાધનોમાં પ્રવૃત્ત થયા. તે સાધનો ભગવદ્રૂપ હોઈને તેમની ઈચ્છાનુરૂપ કાર્ય કરે તેથી બ્રહ્માને સૃષ્ટિ કરવાની ઈચ્છા છે તેવું ભગવાનને કરવું નથી. તેથી બ્રહ્માને તે સૃષ્ટિના પદાર્થો બુદ્ધિમાં સ્ફુર્યા જ નહિં ત્યારે તે નજીક ન હોવાથી તેનો સાક્ષાત્કાર ન થયો. તે જ કહે છે કે તે બ્રહ્મા પ્રસિદ્ધ છે. તેના જેવો બીજો ન હોવાથી તેના સંદેહને મટાડનાર કોઈ ન હોવાથી તે સંદેહ રહી ગયો. પોતે જ આદિદેવ હોઈને દેવાંતરોપાસના પણ નથી થઈ શકી. ગુરુ પણ બીજો નથી કે તેના ઉપદેશથી બ્રહ્માનું કાર્ય સિદ્ધ થાય, કેમકે આખા જગતના પોતે જ ગુરુ છે. કોઈ તીર્થ પણ એવું નથી કે જ્યાં રહેતાં બુદ્ધિવિકાસ પામે. તે કહે છે કે પોતાના સ્થાનમાં બેસીને વિચાર્યું કે બધામાં મોટો તો હું છું માટે આ સાધનો શા માટે જોઈએ. તેથી મંગળ કર્યા વગર જ સૃષ્ટિ કરવા સાધનો જોવા લાગ્યા. ત્યારે ભગવાનની વિરુદ્ધ ઈચ્છા હોવાથી સાધનો ઉપસ્થિત ન થતાં તેને માટે અનુમાનાદિનો ઉપયોગ કરી ન શકયા. તે જ કહે છે કે જેનાથી પ્રપંચ થાય તેવું તેણે કાંઈ જોયું નહિ, કેમકે ઉપાદાનવિષયક અપરોક્ષ જ્ઞાન જ તેમાં સાધન હોઈ શકે; તેવું સાધન મળ્યું નહિ. (૫)

બધા પ્રકાર તો જ્ઞાનથી સિદ્ધ થાય. ત્યારે બ્રહ્મા જ્ઞાનને માટે ચિંતન કરવા લાગ્યા. જેમ ભગવાનનું ચિંતન કરતાં ભગવાન્ પ્રત્યક્ષ થાય તેમ સાધનના ચિંતનથી સાધન પણ પ્રત્યક્ષ થાય. એથી એમ બતાવ્યું કે જે સાધનનું ચિંતન કરે છે અને સાધનના સાધનને વિચારતો નથી તે ગાંડો છે. એ વાત સિદ્ધ કરી. ત્યારે ભગવાને વિચાર્યું ક બ્રહ્મા મારે માટે પ્રયાસ કરે છે; એમ ધારી ભગવાને તેને સાધનાનો ઉપદેશ કર્યો. તે ભગવાનના શ્રીમુખથી નીકળેલું વાકય મંત્રરૂપ ગણાય તે મંત્રોદ્ધારના પ્રકારથી બતાવે છેઃ

स चिन्तयन् द्वयक्षरमेकदाम्भ-
स्युपाशृणोद् द्विर्गदितं वचो विभुः ।
स्पर्शेषु यत्षोडशमेकविंशं
निष्किञ्चनानां नृप यद्धनं विदुः ॥ ६ ॥
निशम्य तद्वक्त्रदिदृक्षया दिशो
विलोक्य तत्रान्यदपश्यमानः ।

**स्वधिष्ण्यमास्थाय विमृश्य तद्धितं**
**तपस्युपादिष्ट इवादधे मनः ॥ ७ ॥**

**શબ્દાર્થ:**—હે રાજન્, તે બ્રહ્મા એક દિવસ ચિંતન કરતા હતા તેટલામાં સ્પર્શનો ૧૬ મો અને ૨૧ મો એ બે અક્ષર બે વાર બોલાયા તે પોતે વિભુ હોવાથી સાંભળ્યા. જે બે અક્ષરો સાંભળ્યા તે નિષ્કિંચનોના ધનરૂપ ગણાય છે. બ્રહ્માએ તે સાંભળ્યા પણ તે બોલનાર કોણ? એ વિચાર મનમાં આવતાં ચારે તરફ જોયું તેમાં બીજું કોઈ દેખાયું નહિ ત્યારે પોતાના સ્થાનમાં આવી પોતાના હિતનું તે છે એવો વિચાર કરી 'મને તપ કરવાનો આમાં ઉપદેશ છે' એમ નક્કી કરી તપ કરવાનું બ્રહ્માએ મન કર્યું.

**ભાવાર્થ:**—પ્રથમ કહ્યા પ્રકાર વડે બ્રહ્મા ચિંતન કરવા લાગ્યા. જેમ કોઈ માણસ જલની અંદર રહીને બોલતો હોય તેના વાકય જેવા બે અક્ષરો બ્રહ્માના સાંભળવામાં આવ્યા. બે અક્ષરો જેમાં છે એવું એક પદ તેણે સાંભળ્યું. તે પણ બે વાર બોલેલું સાંભળવામાં આવ્યું. આ કહેવાથી પદમાં ભેદ નથી તેમ પદ નિત્ય છે એ વાત કહી. તે બે વાર બોલેલું પદ બે વાર બોલાયાથી વાકયરૂપ થયું; તેથી **वचः** કહ્યું. બ્રહ્મા તો વ્યાકુલ અને ચિંતાવાળા હતા. તેણે પાણીમાં બોલાયેલું વાકય કેમ સાંભળ્યુ? તેનો નિર્ધાર કેમ કરી શકયા? તેના ઉત્તરમાં કહે છે કે બ્રહ્મા વિભુ છે. તે બે અક્ષરોનો ઉદ્ધાર કરે છે. સ્પર્શમાં જે સોળમો અને એકવીસમો અક્ષર કહેવાય છે. સ્વર–સ્વતંત્ર અને વ્યંજન સહિત એમ બે રીતે કહેવાય છે. તેમાં બે અક્ષર સ્વતંત્ર કહ્યા તેથી સાંગ સ્પર્શદ્વય થયું. તેમાં પણ પ્રથમ છોડવાનું કારણ ન હોવાથી તે સ્પર્શો અકાર સાથે સ્પર્શોચ્ચારથી થયા. તેમાં **क** થી **म** સુધીના અક્ષરો **स्पर्श** કહેવાય છે. તે પચીશ છે. કુ ચુ ટુ તુ પુ એવા પાંચ તેના વર્ગ છે; એટલે ક ખ ગ ઘ ઙ્ એ **कु** કહેવાય, એમ સ્પર્શના પાંચ વર્ગ મળી ૨૫ અક્ષરો થાય છે. તેમાં ચોથા વર્ગનો પહેલો વર્ણ **त** અને પાંચમા વર્ગનો પહેલો તે **प** તે પ્રથમ 'ક'થી ગણતાં સોળમો અને એકવીશમો થાય. બે મળવાથી **तप** થાય છે. તે બે અક્ષરનો અર્થ કહે છે કે તે નિષ્કિચનનું ધન છે. અદૃષ્ટ ઉત્પન્ન કરનાર તાપને ઉત્પન્ન કરતું કૃચ્છ્રાદિ એ **तप्** ધાતુનો અર્થ છે. તેને બનાવનાર **अस्** પ્રત્યય અહીં નથી છતાં ધાતુ માત્ર લક્ષણાથી સંતાપાર્થક અહીં લીધો છે. તે જ કહે છે કે જેને કાંઈ નથી તે **अकिंचन** કહેવાય. કિંચન એટલે તાપને મટાડે એવું કાંઈ ન હોય તે તપના કરનારા **अकिंचन** હોય છે. તેનું તે બે અક્ષરો (**तप**) ધન છે. 'હે નૃપ' એમ સંબોધન તેના ધનના માહાત્મ્યને બતાવવા માટે છે. સર્વ પ્રકારે તેનું રક્ષણ યોગ્ય હોવાથી તેને નિષ્કિંચનનું ધન કહ્યું છે. અથવા તે ધનનું કાર્ય કરે છે માટે તપને ધન કહ્યું છે.

તેથી લોકમાં તપોધનની જાત પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધિ વિદુઃ એ ક્રિયા કહ્યા ઉપરથી પ્રસિદ્ધિ કરી તપ નામનું પદ સ્પષ્ટ વર્ણવાળું બોલાયું એટલે વાયુજલની અથડામણથી 'તપ' શબ્દનો ભાસ થયો એમ માનવાનું નથી, પણ કોઇ બોલનાર 'તપ' એમ બોલ્યો તે કાનથી શબ્દ ગ્રહણ થયો. તે બોલનારને જોવાની ઇચ્છા થતાં દિશાઓમાં જોયું પણ કોઈ બીજી વ્યક્તિ જોવામાં ન આવતાં પોતે મોઢેથી બોલ્યા નથી એ પણ ખાત્રી કરી તે બોલનારને શોધી કાઢવા માટે સ્થળાંતરમાં ભ્રમણ પણ કર્યું, પણ ન જણાતાં પોતાના આસન ઉપર બ્રહ્મા આવ્યા, બોલનારની ચિંતા છોડી તે પદના અર્થનો વિચાર કરવા લાગ્યા. તેમાં ચાર જાતના (નામ આખ્યાત નિપાત ઉપસર્ગ) પદમાં એ આખ્યાત (ક્રિયાપદ) છે એ ચોક્કસ કર્યું. બીજાનું એવું રૂપ ન થાય તેથી લોટ્ લકાર પરસ્મૈપદ મધ્યમ પુરુષનું એકવચન બેવાર બોલાયું એમ નિશ્ચય કર્યો. લોડર્થ વિચારતાં વિધિનિમંત્રણાદિ અર્થમાં હોઈને પ્રથમ અર્થને છોડવાનું કારણ ન હોવાથી તે વિધિના અર્થમાં એટલે 'મને તપ કરવાની મારા કર્તાએ આજ્ઞા કરી' એવો નિશ્ચય કરીને તે પરોક્ષ અને અપરોક્ષમાં લિઙ્ અને લોટ્નું વિધાન થાય છે, પ્રૈષ પરોક્ષ કે અપરોક્ષ હોય તેમાં પ્રથમ પુરુષ અને મધ્યમ પુરુષમાં પ્રયોગ થાય છે, ભવચ્છબ્દમાં પરોક્ષમાં આજ્ઞા થાય છે, પ્રત્યક્ષમાં મને જોઇને મને 'તપ કર' એમ આજ્ઞા કરી એ ઉપદેશ પોતે ગ્રહણ કર્યો, અને તપ કરવાનું બ્રહ્માએ મન કર્યું. (૬–૭)

તે બ્રહ્માએ ત્યારે તપ કર્યું એ વાત કરે છે:

**दिव्यं सहस्राब्दममोघदर्शनो**
**जितानिलात्मा विजितोभयेन्द्रियः ।**
**अतप्यत स्माखिललोकतापनं**
**तपस्तपीयांस्तपतां समाहितः ॥ ८ ॥**

**શબ્દાર્થઃ**—સફલ દર્શનવાળા બ્રહ્માજીએ સમાધિ કરી વાયુ અને મનને જીત્યાં. જ્ઞાન ક્રિયારૂપ બન્ને ઇન્દ્રિય વર્ગોને વિશેષ રૂપે વશ કરીને તપ કરનારના મધ્યે શ્રેષ્ઠ એવા તે બ્રહ્મા દેવતાનાં હજાર વર્ષ સુધી બધા લોકોની જડતા દૂર કરવા માટે ઉગ્ર તપ કરવા લાગ્યા, એટલે બ્રહ્માએ અનશનપૂર્વક એવું તપ કર્યું કે તેનાથી બીજા લોકો તપી ઊઠયા.

**ભાવાર્થઃ**—સંતાપ કરનાર યોગ, પ્રાણ અને જ્ઞાન છે. બ્રહ્માને એ ત્રણે સિદ્ધ થયાં છે. તે ત્રણને વિશેષણરૂપે કહે છે. તેમાં 'અમોઘદર્શન' વિશેષણથી જ્ઞાન કહ્યું અથવા જે તેણે પદાર્થનિર્ધાર કર્યો તે એ જ્ઞાનને લીધે કર્યો એ નિરૂપણ કરે છે. जितानिलात्मा એ વિશેષણથી યોગથી જનિત તપઃશુદ્ધિ

કરી. **विजितोभयेन्द्रिय** એ વિશેષણ ઇન્દ્રિયોની શુદ્ધિને કહે છે. જીત્યા છે વાયુ અને અંતઃકરણ જેણે–વિશેષ જીત્યાં છે જ્ઞાન અને કર્મેન્દ્રિયો જેણે એવા થઇને બ્રહ્માજીએ આહાર છોડી દીધો; પ્રાણનો નિરોધ કરી આત્માને સંતપ્ત કર્યો; ત્યારે તેમાં રહેલા લોકો તપી ગયા. જેમ ઘણો તાપ પડવાથી લૂગડાની આર્દ્રતા ઊડી જાય અને ગરમ થાય તેમ લોકોની જડતા ગઈ અને તે પણ તપી ગયા. તે જ કહ્યું કે તેણે એવું તપ કર્યું કે સમગ્ર લોકો તપી ગયાં. તપમાં જે સહજ દોષ ક્રોધ ગ્લાનિ ઉદ્વેગ વગેરે તે બ્રહ્માને ન થયા. તેનું કારણ કે તે તપસ્વીઓમાં અતિ તપ કરનાર બ્રહ્મા છે. ફલમાં સાવધાન છે જેમ રસોઇઓ રસ પ્રકટ થયો જાણે ત્યારે તેમાં મહેનત પડી હોય તેનો વિચાર કરતો નથી, પણ તેની નજર રસ પેદા કરવામાં હોય છે, તેમ બ્રહ્માનું પણ સમજવાનું છે. (૮)

એમ કર્યું ત્યારે ફલ થયું તે કહે છેઃ

**तस्मै स्वलोकं भगवान् समाहितः**
**संदर्शयामास परं न यत्परम् ।**
**व्यपेतसंक्लेशविमोहसाध्वसं**
**स्वदृष्टवद्भिर्विबुधैरभिष्टुतम् ॥ ९ ॥**

**શબ્દાર્થઃ**—જેનાથી કોઈ ઉત્તમ નથી, જેમાં કલેશ મોહ કે ભય નથી, જ્યાં બ્રહ્મજ્ઞાની દેવો સ્તુતિ કરી રહ્યા છે એવો ભગવત્લોક ભગવાને બ્રહ્માને બતાવ્યો.

**ભાવાર્થઃ**—તે બ્રહ્મા ભગવાનને માટે સૃષ્ટિ કરવાનો વિચાર રાખે છે. ભગવાન્ તો એવા લોકમાં રહે છે કે તે બ્રહ્માથી ન બની શકે, તેથી તેનો ગર્વ મટાડવાથી તેને પોતાનો લોક બતાવ્યો. એમ ન હોય તો પોતે સ્વરૂપ જ બતાવે પણ લોક ન બતાવે. કૃત્રિમ વૈકુણ્ઠમાં લક્ષ્મીનો અધિકાર છે, તેથી સ્વલોકથી વ્યાપિ વૈકુણ્ઠ જ ગ્રહણ કરવું. જો કે ભગવાન્ પોતાનો લોક બ્રહ્માને બતાવે છે તેમાં પોતાનું કાંઇ કામ થતું નથી, પણ તેનાથી બ્રહ્માને ભક્તિ થશે. તે જ કહે છે કે ભગવાન્ હોવાથી તે પોતાનો લોક બતાવવાને સમર્થ છે, નહિ તો તે અદૃશ્ય છે તે દૃશ્ય કેમ થાય? તે ભગવાન્ પોતાની દૃષ્ટિ બ્રહ્માની દૃષ્ટિમાં જોડીને લોક બતાવે છે. પોતાની દૃષ્ટિ પાછી ખેંચવી છે તેથી તેની સાથે એકરૂપ ન થવા માટે ભગવાન્ સાવધાન રહે છે. અથવા લોક તિરોધાન સ્વભાવવાળા હોવાથી બ્રહ્માની દૃષ્ટિ પડતાં લોકનો તિરોભાવ ન થવા માટે સાવધાનતા રાખે છે. તે વ્યાપિ વૈકુણ્ઠ રમાવૈકુણ્ઠથી પર છે, બ્રહ્મસ્વરૂપ છે. "પ્રભુ ભગવાન્ થાય ત્યારે અક્ષર તેનો લોક થાય છે," એ વાક્યથી તે લોક અક્ષરરૂપ પણ છે. જેનાથી શ્રેષ્ઠ કોઈ નથી. અક્ષર પણ અનેક રીતે દેખાડે છે એ સંભાવનાથી

न यत्परम् કહ્યું છે. તે લોક ગુણાતીત છે એમ કહેવા માટે ગુણના અસાધારણ ધર્મોનું તેમાંથી નિવારણ કરે છે. વિશેષે કરીને નિવૃત્ત થયા છે ક્લેશાદિ જેનાથી. સારા ક્લેશોથી અવિદ્યા વગેરે તમોગુણનાં કાર્યો. વિશેષ મોહ રજોગુણનું કાર્ય છે. ભય સત્ત્વનું કાર્ય છે, કેમકે સાધુ–અસૂ એથી સાધ્વસ શબ્દ બન્યો છે. બધા અકાર્યને છોડે તે સાધુ. તે અકાર્યથી ભય પામે છે. વ્યવહારથી પણ તેમાં સગુણતા નથી. આત્મજ્ઞાનવાળા તે સ્વદ્રષ્ટા કહેવાય; અર્થાત્ બ્રહ્મજ્ઞાની તે લોકો સ્તુતિ કરે છે. તેનાથી તેનું બ્રહ્મત્વ ઓછું નથી થતું. તે દ્વારા બીજા વ્યવહાર થતા હશે એ શંકાના સમાધાનમાં કહે છે કે વિશેષે કરીને દેવો છે. બધા સ્તુતિ કરે છે, એટલે બધો પરિકર ત્યાં એવો જ છે. (૯)

એમ ગુણના કાર્યનું નિવારણ કરીને તે ગુણો પણ ત્યાં નથી એ કહે છે:

**प्रवर्तते यत्र रजस्तमस्तयोः**
**सत्त्वं च मिश्रं न च कालविक्रमः ।**
**न यत्र माया किमुतापरे हरे-**
**रनुव्रता यत्र सुरासुरार्चिताः ॥ १० ॥**

**શબ્દાર્થ**:—જે વૈકુણ્ઠમાં રજોગુણ ને તમોગુણ નથી તેમ જ તેનાથી મળેલ સત્ત્વ પણ નથી, કાંઈ કે માયા પણ ત્યાં નથી, જ્યાં ભગવાનના સેવકો દેવો દૈત્યોએ પૂજેલા રહે છે.

**ભાવાર્થ**:—જે લોકમાં રજોગુણ–તમોગુણની પ્રવૃત્તિ દેખાતી નથી, તેનાથી મળેલું સત્ત્વ પણ નથી. મિશ્ર સત્ત્વ ન હોવાનું કહેવાથી ત્યાં શુદ્ધ સત્ત્વ છે એ કહેવામાં આવ્યું. તે પણ બ્રહ્મત્વનું બાધક તો ગણાય! ત્યાં કહે છે કે વાસુદેવની જેમ અક્ષરની પણ ઉત્પત્તિ થાય ત્યારે તેના આધારરૂપે શુદ્ધ સત્ત્વની જરૂર પડે છે. એમ ન માનીએ તો નિરાકારની સાકારતા ન બની શકે. તેટલાથી તેમાં ગુણનો સંબંધ આવતો નથી. તે સત્ત્વ તો આકારસમર્પણ માટે જ છે. જેમ પિત્તળ વગેરેને પ્રતિકૃતિનો સંબંધ થાય છે. પિત્તળમાં તેના ઘાટ સિવાય બીજી વસ્તુ હોતી નથી. તે મૂર્તિની અંદર બહાર જુઓ તો પિત્તળ સિવાય કાંઇ વસ્તુ તમે નહિ દેખો; માત્ર સ્ત્રીપુરુષનો આકાર તેમાં દેખાશે. તેવું શુદ્ધ સત્ત્વ તેમાં આકાર આપે છે, તેથી તેમાં બ્રહ્મત્વનો વિરોધ નથી. ભગવાનની ઇચ્છાથી સંબંધ થાય છે તેમાં કાંઇ દોષ નથી. અક્ષરનું સ્વરૂપ તત્ત્વદીપ નિબંધમાં કહેવામાં આવ્યું છે. વળી ગુણો તો ત્યાં જ હોય જ્યાં તેનો ક્ષોભક કાળ હોય છે. જો એમ ન હોય તો તે ગુણોની સ્થિતિ વ્યર્થ થઈ જાય. કાર્ય માટે ગુણોનો અંગીકાર છે, એ અભિપ્રાયથી કહે કે ત્યાં કાળનું પરાક્રમ ચાલતું નથી. કાળ પણ સત્ત્વની જેમ રહે છે. તે કોઇને દબાવી શકતો નથી.

જો ન રહેતો હોય તો કવચિત્ દેખાય છે તે કયાંથી આવે ? 'आनन्दांशतिरोभावः सत्त्वमात्रेण तत्र हि' ત્યાં સત્ત્વમાત્રથી આનંદ-અંશનો તિરોભાવ થાય છે. તેથી તે ચૈતન્યરૂપ છે. તેમાં ગણિત આનંદ પણ છે. તેથી તો ત્યાં મોહિકા માયાનો સંભવ ખરો ! એવી શંકા કોઇને થાય ત્યાં કહે છે કે ત્યાં માયા નથી. માયાનો પરિગ્રહ તો આનંદને માટે કરે છે. અક્ષરનું સામર્થ્ય ભગવાને લઇ લીધું નથી. આ અક્ષરની આજ્ઞામાં બધું રહ્યું છે, એમ શ્રુતિ કહે છે. તે સો પ્રજાપતિના આનંદો તે એક બ્રહ્માનો આનંદ, તેથી આને તો સાલોકચરૂપ બ્રહ્મભાવ છે. તેથી તે અક્ષર અને તેમાં રહેનાર લોકોને પરાધીનતાને લીધે બંધ થાય તેનો નિષેધ કેમ કરો છો ? તે વૈકુણ્ઠમાં તો હરિની પાછળ જેનું વ્રત છે એવા લોકો રહે છે, અર્થાત બધા લોકો ભગવદ્રૂપ છે. અનશનતા અને શરણાગત-પાલકતા તેનાં વ્રતો છે. જેમ ભગવાન્ સર્વનો ઉદ્ધાર કરવા નીકળી પડે છે તેમ તે પણ લોકોને ભક્તિનો ઉપદેશ કરવા માટે પોતાના આવેશથી તેમાં ભક્તિ પેદા કરવા માટે પ્રકટ થાય છે. તે વૈકુણ્ઠમાં રહ્યા છતાં દેવ અસુરો તેમનું પૂજન કરે છે. સત્ત્વરજના પરિણામરૂપ તે છે. તમનો તેમાં લેશ પણ નથી. તે જો રાજસ કે તામસ હોય તો દેવાસુરો તેમને પૂજે નહિં. ઉત્કર્ષ ન હોય તો સમાન લોકો તેમની પૂજા ન કરે. અસુરો પણ પ્રકટ થયેલ ભગવાનની સાથે યુદ્ધ કરવા આવેલા તે કેટલોક વખત ભગવાનના સંબંધનું પરમ સુખ ભોગવ્યા પછી પોતે હારે છે તોપણ તે ભગવત્સુખનો અનુભવ ન થવાથી જેને ભગવાનનો નિત્ય સંબંધ છે એવા ભક્તોની સ્તુતિ કરે છે કે ધન્ય છે તે ભક્તોને કે જે ભગવાનનું નિત્ય સુખ ભોગવે છે. પ્રહ્લાદ વગેરે તો ભગવાનનું સાક્ષાત્ પૂજન પણ કરે છે. સુરો તો આવરણથી તેની પૂજા કરે છે જ. (૧૦)

તે ભગવાનની બરોબર રૂપવાળા છે એમ કહેવા માટે તેમનું વર્ણન કરે છે:

श्यामावदाताः शतपत्रलोचनाः
पिशङ्गवस्त्राः सुरुचः सुपेशसः ।
सर्वे चतुर्बाहव उन्मिषन्मणि-
प्रवेकनिष्काभरणाः सुवर्चसः ।
प्रवालवैडूर्यमृणालवर्चसः
परिस्फुरत्कुण्डलमौलिमालिनः ॥ ११ ॥

**શબ્દાર્થ**:—તે ભગવાનના બધા સેવકો ભગવાનની જેમ શ્યામ અને શુદ્ધ છે, કમળદલ સરખા નેત્રવાળા છે, પીતાંબર-ધારીઓ, સારી કાંતિવાળા,

અતિ કોમળ, પ્રવાલ વૈડૂર્યમણિ અને કમળના તન્તુના જેવી કાંતિવાળા છે. કાનમાં કુણ્ડળ અને મસ્તક ઉપર મુકુટથી શોભાયમાન તે બધા ભક્તો દેખાય છે.

**ભાવાર્થ**:—ભગવાનના ષોડશ ગુણ પ્રસિદ્ધ છે. સત્ ચિત્ અને આનંદના પાંચ પાંચ ગુણો અને એક ગુણ મિશ્ર મળીને સોળ ગુણો છે. તેમાં ભગવાનના સેવકના દશ ગુણ છે, કેમકે અક્ષર સચ્ચિદ્રૂપ છે. તે એના દશ ગુણો થયા તેનું નિરૂપણ કરે છેઃ શ્યામ છે અને અવદાત એટલે શુદ્ધ છે. અક્ષરનો અહીં લોકરૂપે ઉદ્યમ છે, તેથી શ્યામાદિમાં યુક્તિ કહેવાની કાંઇ જરૂર નથી. "શ્યામાવદાત" એટલે ઈન્દ્રનીલ મણિ જેવા છે. મધ્ય દિવસના સૂર્ય મંડળની મધ્ય જેવા છે. જેમ અગ્નિનો પ્રકાશ ઓછો થતો હોય ત્યારે કાળી કાન્તિ તેની દેખાય છે તેવા ભકતોના શ્યામ અને શુદ્ધ વર્ણો છે. એમ તેની શુદ્ધતા કહીને સૌંદર્ય કહે છે કે તે કમળના જેવા નેત્રવાળા છે. તેથી ભગવાનના જેવું સ્વરૂપ ભકતોનું કહ્યું. હવે સામગ્રી પણ તુલ્ય છે તે કહે છે કે તે પીતાંબરધારીઓ છે. સૂર્યમંડળ શ્યામાવદાત છે પણ તેની કાંતિ ગરમ છે તેવું અહીં નથી, તેમ ચંદ્રની જેમ થોડી કાંતિ પણ નથી, પણ સારી કાંતિ છે. તે સ્વરૂપને જોવામાં વિષયને સંસ્કાર કરે એવા તેજની અપેક્ષા નથી. પણ આ કાન્તિ તો અતિ કોમળ છે.रूपं गन्धश्च शब्दश्च रसश्च स्पर्श एव च । सत्त्वस्यैते पञ्च गुणाः सर्वोत्कृष्टा निरूपिता ॥ चिदंशस्यापरे पञ्च सर्वोत्कृष्टा भुजादयः' એ બધાને ચાર ભુજાઓ છે. ધર્મ અર્થ કામ અને મોક્ષ તેના હાથમાં આવી ગયા છે. એ કહેવા માટે "ચતુર્બાહુ" કહ્યા છે. ઝળકતા ઉત્તમ મણિઓ પદકાદિ આભરણોમાં જેને છે. જો કે ઘરમાં પણ ઘરેણાં હોય છે તોપણ પદક વગેરે ઘરેણાં ચેતનને જ હોય છે. તે સારી કાંતિવાળાં છે. જેમ મહાપુરુષની કે દિવ્ય સ્ત્રીની કાંતિ દેખાય તેવી કાંતિવાળા છે. તે કાંતિ वर्चस् શબ્દથી કહેવાય છે. વર્ચસ્ એ ચેતનકાંતિ છે. સર્વોત્તમ દેહ કાંતિવાળા છે. બધાને અત્યારસુધી એકરૂપતા પ્રાપ્ત થઇ તેનું નિવારણ કરે છેઃ પ્રવાલ-વૈડૂર્ય અને મૃણાલની કાંતિ જેવી કાન્તિવાળા છે. પ્રવાલમાંથી અંદરથી સ્નિગ્ધ અને ઉજ્જવળ કાંતિ નીકળે છે. ભગવદ્ભક્તો પણ બહુ પ્રકારે ભગવાનની ભક્તિ કરનારા હોવાથી તેવી તેનામાંથી અનેક સ્નિગ્ધ કાન્તિઓ નીકળે છે. ભક્તો શ્યામાવદાત છે છતાં તેમાંથી ગૌર કાંતિ નીકળે છે. તે અનેક વિષયક ભક્તિવાળા થઈ ભક્તિ કરે છે. એવી એ કાંતિઓથી તેનામાં સૂચના કરી છે. તેમ જ વૈડૂર્યમણિની કાંતિ ચીકણી દેખાય છે પણ અરધી શ્યામ અને અરધી પીળી કાંતિ હોય છે. વ્રત અને તીર્થાદિમાં ફરીને સેવા કરનાર જે ભક્તો બને છે તે જ્ઞાનથી ભક્તો થાય છે તેનું તેજ કમળના તંતુઓના જેવું હોય છે. એમ એકરૂપ છે છતાં પહેલાં ભક્તિઓ જુદી જુદી કરી છે તેનાં તેજ પણ જુદાં નિરૂપણ કર્યાં છે. તે અત્યન્ત

ઉત્સાહવાળા છે. તેના અંતઃકરણનો ધર્મ બતાવવા માટે તેને બીજું વિશેષણ આપે છેઃ ચોતરફ પ્રકાશતાં કુંડળો અને મુકુટોની માળાઓ જેને દેખાય છે. કુંડળ અને મુકુટનું પરિભ્રમણ થતાં સેવા કરતા ફરવું પડે તેમ મુકુટ કુંડળની કાંતિ વધારે દેખાતાં તેને સેવામાં આનંદ આવે છે. એમ તેમાં ભજનાનંદનું નિરૂપણ કર્યું. (૧૧)

એમ ત્યાં રહેલા ભગવત્સેવકોની નિર્દોષતા કહીને હવે વૈકુણ્ઠના ગુણોને કહે છે. બે શ્લોકથી તેને કહે છેઃ भ्राजिष्णुभिः ઇત્યાદિ શ્લોકો વડેઃ

**भ्राजिष्णुभिर्यः परितो विराजते**
**लसद्विमानावलिभिर्महात्मनाम् ।**
**विद्योतमानः प्रमदोत्तमाद्युभिः**
**सविद्युदभ्रावलिभिर्यथा नभः ॥ १२ ॥**

**શબ્દાર્થઃ**—મહાપુરુષોનાં શોભા આપતાં વિમાનોથી તે દેદીપ્યમાન લોક દેખાય છે પણ જેમ વાદળાં અને વીજળીઓ આકાશને શોભાવે તેમ ઉત્તમ સ્ત્રીઓની કાંતિઓ તેની શોભામાં વધારો કરે છે.

**ભાવાર્થઃ**—સેવકોના અને ભગવાનના ક્રમથી હવે વિષયાનંદ કહેવાય છે. તેમાં પણ ભગવાન પહેલાં સેવકોને આનંદવાળા કરે છે, તેથી તેના વિષયાનંદનું નિરૂપણ કરે છે. વિષયોમાં સ્ત્રીઓ મુખ્ય છે. તેનો આધાર વિમાનો છે. તેનું ભગવાનને જ્ઞાન છે એટલે ભગવાનનો તેને ભય નથી. ચાર ગુણોથી વિષયોનો ઉત્કર્ષ છે. અન્નાદિ તો દોષોના અભાવમાં આવી જાય છે. રસાદિ તો આ વિષયોના અંગ છે. તે કહે છે કે કાંતિવાળી વિમાનની શ્રેણીથી જે લોક ચોતરફથી શોભી રહ્યો છે. વૈકુણ્ઠને શોભા આપે એવાં વિમાનો ભગવાને જ આસપાસ રાખ્યાં છે તેમાં કાંઈ શંકા કરવાનું કારણ નથી. એ વિમાનો અત્યંત શોભા આપનાર છે. તેથી लसन्ती શબ્દ કહ્યો છે. તે મહાત્માઓ એટલે સર્વજ્ઞોનાં છે. એટલે જેમાંથી પરિચ્છેદ ગયો છે અને પૂર્ણતા આવી છે એવા મહાત્માઓ તે વિમાનમાં છે. તે એક જ્ઞાનથી પણ પ્રમદાઓમાં ઉત્તમાઓ ભોગને માટે તેમાં રહ્યાં છે. એ ન હોય તો ભોગ અને રાગ ન થાય. વિષયકૃત રાગથીજ રંગ જામે છે. તે ભગવાને જ એમ વિચાર્યું હોવાથી તેવાં બન્યાં છે. તેની કાંતિથી આ વૈકુણ્ઠ લોક શોભે છે. લોક કરતાં સ્ત્રીઓની કાંતિ વધી જાય છે. આમ કહેવાનું તાત્પર્ય ઉત્તમ ભોગમાં છે. તે સ્ત્રીઓની કાંતિ પુરુષની સાથે છે તેથી તે એકલી સ્ત્રીઓમાં કાંતિ હોતી નથી. તેમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ વીજળીની સાથે મેઘની પંક્તિઓ આકાશમાં ફરતાં આકાશ શોભે તેમ વૈકુણ્ઠ શોભે છે. મેઘથી આકાશ ચારે બાજૂથી વ્યાપી

જાય છે તેમ સ્ત્રીવાળાં વિમાનો મહાત્માઓ લઇને ચારે તરફ વ્યાપી ગયા છે; તેથી વૈકુણ્ઠની શોભામાં પણ વધારો થાય છે. (૧૨)

એમ સેવકોનો મહાભોગ કહીને ભગવાનનો મહાભોગ કહેવા માટે પ્રથમથી લક્ષ્મીનું વર્ણન કરે છેઃ

**श्रीर्यत्र रूपिण्युरुगायपादयोः**
**करोति मानं बहुधा विभूतिभिः ।**
**प्रेङ्खं श्रिता या कुसुमाकरानुगै-**
**र्विगीयमाना प्रियकर्म गायती ॥ १३ ॥**

**શબ્દાર્થ**:—જ્યાં સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ ધરીને નાના વૈભવ વડે અનેક રીતે ઉરુગાય ભગવાનને માન આપે છે, તે જ્યારે હિંડોળામાં બેસીને પ્રિયનું કર્મ ગાય છે ત્યારે વસન્તઋતુના ગાયક ભ્રમરો તે લક્ષ્મીનું ગાન કરે છે.

**ભાવાર્થ**:—જયારે ભગવાન પોતાની શક્તિરૂપે પ્રકટ થાય છે ત્યારે શક્તિમાં મુખ્ય લક્ષ્મી તે પ્રહેલાં ભગવાનના શ્રી અંગમાં જ શક્તિરૂપે રહી હતી, જ્યારે પ્રભુપણાથી ભગવાન્ પ્રકટયા ત્યારે પોતે લક્ષ્મી તેના ભોગ્યરૂપ પ્રકટ થઈ; જેમ સ્ત્રી સાથે આવે તેમ. તે પોતે લક્ષ્મી સ્વાર્થને માટે સચ્ચિદ્રૂપ છે. તેનું શરીર તો બ્રહ્માનંદરૂપ છે. માટે ઉરુગાય ભગવાનના ચરણમાં વિભૂતિ વડે માન કરે છે. તે અક્ષરાનંદરૂપા છે. અક્ષરરૂપ ભગવાનના ચરણો છે; તેથી તે પોતાના ચરણોને આનંદયુક્ત કરે છે, એ જ તેનું સન્માન કર્યું કહેવાય. ભગવાન્ તો જેનું મોટાઓ ગાન કરે છે એવા છે. तद्विष्णोः परमं पदम् તે વિષ્ણુનું પરમપદ છે, विष्णोर्नु कं वीर्याणि ઇત્યાદિ, त्रेधोरुगाय ઈત્યાદિ સર્વ શ્રુતિઓ પુરુષોત્તમને ઉરુગાય કહે છે. તે પુરુષોત્તમના બે ચરણો તે અક્ષર છે. बहुधा બહુ રીતે એટલે પાંચ ગુણોવડે અને ભક્તિવડે ગાય છે. એમ તેનું ભગવદર્થ આનંદરૂપ કહીને હવે સ્વાર્થ માટે ચિદ્રૂપ થાય છે તેનું પ્રયોજન કહે છે કે જે લક્ષ્મી હિંડોળામાં બેસીને સર્વથા ચિત્તની નિવૃત્તિ માટે વસંતસેવક ભ્રમરો વડે ગવાય છે; એટલે સર્વ લક્ષ્મીના અવયવોમાં પુષ્પોનો સુગન્ધ આવે છે, તે લાભ લેવા માટે ભ્રમરો, પાસે વધારે વાર રહેવાય એ હેતુથી લક્ષ્મીનું ગાન કરે છે, છતાં લક્ષ્મી તો ભગવાનની લીલાનું ગાન કરે છે. જો ભજન ન કરે તો તે અક્ષરમાં લીન થાય; તેથી સાક્ષાત્ સંબંધ ન થવા માટે હિંડોળા ઉપર અધર બેઠી છે. તે લય ન પામવા પોતે ભગવદ્ગુણગાન કરી રહી છે. ત્યાં કુસુમાકર ફલની પૂર્વાવસ્થારૂપ છે, પરમનિવૃત્તાત્મા છે, તે તેની અધિષ્ઠાત્રી દેવતાઓ ભ્રમરો આનંદરૂપ લક્ષ્મીનું સ્તવન કરી રહ્યાં છે, કેમકે લક્ષ્મી જ તેને ફલરૂપ છે. આથી અક્ષરકૃત ભય તે ભ્રમરોને નથી. લક્ષ્મીને

જ્યારે માનાવસ્થા નથી ત્યારે પોતાની રક્ષા માટે પ્રિયનાં કર્મોનું તે ગાન કરે છે. એક વચન તો પોતાનો એકનો ઉદ્ધાર થાય એવો અભિપ્રાય બતાવનાર છે, એમ સમજવું. (૧૩)

એમ ભોગ્યરૂપા લક્ષ્મીનું નિરૂપણ કરીને તેના ભોક્તા ભગવાનનું વર્ણન કરે છેઃ

दद‍र्श तत्राखिलसात्त्वतां पतिं
श्रियः पतिं यज्ञपतिं जगत्पतिम् ।
सुनन्दनन्दप्रबलार्हणादिभिः
स्वपार्षदमुख्यैः परिसेवितुं विभुम् ॥ १४ ॥
भृत्यप्रसादाभिमुखं दृगासवं
प्रसन्नहासारुणचारुलोचनम् ।
किरीटिनं कुण्डलिनं चतुर्भुजं
पीताम्बरं वक्षसि लक्षितं श्रियाः ॥ १५ ॥

**શબ્દાર્થઃ**—તે વ્યાપિ વૈકુંઠમાં સર્વ ભક્તના પતિ, યજ્ઞના પતિ, જગતના પતિ, સુનંદનંદ પ્રબળ અર્હણ વગેરે મુખ્ય પાર્ષદોથી સેવાયેલા ભગવાનને બ્રહ્માએ જોયા. તેનું વર્ણન કરે છે કે દાસ ઉપર કૃપાવાળા, માદકદષ્ટિવાળા, પ્રસન્નહાસ અને સુંદર લોચનવાળા, કિરીટવાળા, કુંડળવાળા, ચાર ભુજાયુક્ત, પીતાંબર ધરનાર અને વક્ષઃસ્થળમાં લક્ષ્મીને રાખનાર ભગવાનને બ્રહ્માએ જોયા.

**ભાવાર્થઃ**—પહેલાં કહ્યું તે બધું બ્રહ્માએ જોયું, કેમકે પેલો તેમને લોક બતાવ્યો છે તે લોકમાં વિરાજતા ભગવાનને સર્વ સામગ્રી સાથે બ્રહ્માએ જોયા. તેનું વર્ણન કરે છે કે જે વ્યાપિ વૈકુણ્ઠમાં સચ્ચિદાનંદ ભગવાન્ પ્રકટ થયા તે, બ્રહ્માને પોતાનો વિષય જાણવો હતો તે માટે પ્રકટયા છે, પ્રથમ તો સર્વ સાત્ત્વતો દેવો ધર્મપરાયણ અને સાત્ત્વિકો તે ત્રણેના ભગવાન્ પતિ છે; એથી જયારે પણ કદાચિત્ ભગવાન્ ભૂતલ ઉપર પધારે છે, ત્યારે આ લોકનાં કાર્ય કરવા અવતાર ધરે છે એ વાત કહી. વળી તે લક્ષ્મીના પતિ છે. જયારે ભગવાન્ સ્વભોગને માટે જગત કરે ને ત્યારે બધું લક્ષ્મીરૂપ જ કરે છે. તેથી અવતારમાં ભોગ્ય લક્ષ્મીરૂપા હોય છે. તે સ્વરૂપથી હો કે આવેશથી હો પણ લક્ષ્મીરૂપ વગર ભગવદ્ભોગ ન હોય. વળી યજ્ઞના પતિ ભગવાન્ છે. જ્યારે ભગવાન્ વેદોને કરે છે ત્યારે પોતાના ભોગને માટે કરે છે. બધાય યજ્ઞો ભગવાનને માટે જ છે. ભગવાન્ જગતના પતિ છે. ભગવાન્ જગત કરે છે, તે પોતે ક્રીડા કરવા કરે છે. તે જગતના પતિ છે. તે વેદો વૈકુણ્ઠમાં મૂર્તિવાળા છે, સચ્ચિદ્રૂપ છે એ તેનાથી બતાવ્યું. બધા સાત્ત્વતો

લક્ષ્મી યજ્ઞ અને જગત્ એ ચાર ભગવદ્ભોગ્ય છે. એનો અનુપ્રવેશ થાય તો જ ભગવાન્નો સંબંધ થાય, એમ સર્વત્ર સમજવું, માટે નિરોધમાં જગત સાત્વત યજ્ઞ અને લક્ષ્મીરૂપ પૂર્વ લીલા સમસંખ્યાથી ચાર અધ્યાય ભગવદ્ભોગને માટે ઉપયોગી કહ્યા. તે ચારનો ભગવાને પરિગ્રહ કર્યો તે બ્રહ્માને બતાવ્યા. વળી સુનંદનંદાદિ ભગવાનની ભક્તિરૂપ છે તે સખ્યની સાથે આઠ પ્રકારના તે શ્રવણ કીર્તન સ્મરણાદિના અધિષ્ઠાતા છે. તે બધા ભગવાનની પાસે રહે છે તે ભકિતના અધિષ્ઠાતા થઇને રહે છે. તેમાં ચાર તો નામથી ગણાવ્યા છેઃ લોકમાં તે પ્રભાવ બતાવે છે. તેમાં સુનંદ નંદ પ્રબળ કીર્તન શ્રવણ અને સ્મરણ રૂપ છે. અથવા શ્રવણાદિનો વિપર્યય લેવો. ચોથો અર્હણરૂપ છે. નામ સામાન્યથી તે અર્હણરૂપ ગ્રહણ કરાય છે. "આદિ" શબ્દથી બીજા લેવા. આ સિદ્ધ થાય અને વૈકુણ્ઠમાં જાય તો બીજી સિદ્ધિઓ થાય એમ બતાવ્યું. વિભુ એટલે પ્રભુરૂપ છે. એમ ભગવાન સર્વથી વેષ્ટિત છે છતાં ભૃત્યની ઉપર પ્રસાદ કરે છે, એટલે સર્વ કરતાં તેને પોતાના દાસો વધારે પ્રિય છે. તેથી ભગવાનની સહજ કૃપા ભૃત્યો ઉપર છે. બીજા ધર્માર્થ કામ મોક્ષમાં ક્રમથી પ્રસાદ કરે છે તેમાં ધર્મ યજ્ઞ, અર્થ જગત, કામ લક્ષ્મી, સત્પુરુષો ભૃત્યા ભકિત, એ પાંચ પુરુષાર્થો કહ્યા. તે પાંચનો ભોગ અને તેનું નિયામકપણું ભગવાનનું છે, છતાં વિશેષ તો ભૃત્યની ઉપર પ્રાસાદ કરે છે. બીજા ચારમાં દૃષ્ટિરૂપી માદક પદાર્થ આપે છે. એટલે ભગવાન્ તેને દૃષ્ટિથી જુએ છે. તેને તેનો મદ છતાં તે કોઇને ગણતા નથી. આત્માને ગણુતા નથી તેથી જ્ઞાન પ્રપંચ ભુલાવે છે એમ કહે છે. તે ભગવાનની દૃષ્ટિરૂપ જ્ઞાન તેવું છે. બીજું જ્ઞાન પ્રપંચને ભુલાવી શકતું નથી એ સૂચવ્યું. આ પદાર્થો બ્રહ્માને જ્ઞાન થવા માટે કહ્યા છે. મૂળ યુકિત એવી જ છે. અથવા ભકતમાં પ્રસાદ છે; કામીઓમાં માદ છે. પ્રસન્ન હાસયુકત અરુણવર્ણ સુંદર લોચન જેનાં છે. ભગવાનમાં હાસ પ્રસન્ન હોય છે. હાસ મનુષ્યને મદ કરનારી માયા છે. આ આગન્તુક શકિત જુદી જ છે. તે પ્રસન્ન રહીને પોતાના કાર્યમાં અતિ સામર્થ્યવાળી છે. તે ભગવાનની માયા વડે ઉન્મત્ત થઈ જાય છે. સત્પુરુષો બ્રહ્માના કાર્યરૂપ થઈ જશે એ સૂચવ્યું છે. અરુણ એટલે થોડુંક રાતું એટલે થોડો પ્રકાશ તે જ મનને હરનાર ગણાય છે. જગત પણ ઉપર ઉપરથી જોઇએ તો સુખ આપનાર છે. બહુ વધારે જાણવાથી અથવા સુદ્દલ ન જાણવાથી તે સુખરૂપ થતું નથી. જાણવું અને ઉત્તમપણું એ ભગવન્નેત્રનિષ્ઠ છે. કાલ વશથી જણાય તો સારું થાય. સર્વથ ન જણાય તેમાં સારું નથી, એમ સૂચન પણ કર્યું છે. વળી ભગવાન્ આધારરૂપ છે અને આધેયરૂપ પણ છે, તેમાં ઉપર ગણાવેલા પાંચના ભગવાન્ આધાર છે, બીજાના પોતે આધેય છે, તેમાં આધારરૂપ પાંચ ગણાવે છેઃ કિરીટ કુંડળ ચતુર્ભુજ પીતાંબર, વક્ષઃસ્થળમાં

લક્ષ્મીના તે ભગવાન્ આધાર છે. કિરીટ મસ્તક ઉપર ધરાય છે. કુંડળ એ કાનમાં ધરાય છે. તેની નીચે ચાર ભુજાઓ છે, તેની નીચે પીતાંબર છે, એમ ભગવાનને અવયવરૂપ લોક છે. તે ચતુર્મૂર્તિ ભગવાનનો આશ્રય કરનારા છે. તેટલાથી બધું કાર્ય ભગવાનને આશ્રયે છે એમ બતાવ્યું. એથી બ્રહ્માને વિરાટ્નો બોધ કર્યો. (૧૫)

હવે આધેય નિરૂપણ કરે છેઃ

**अध्यर्हणीयासनमास्थितं परं**
**वृतं चतुःषोडशपञ्चशक्तिभिः ।**
**युक्तं भगैः स्वैरितरत्र चाध्रुवैः**
**स्व एव धामन् रममाणमीश्वरम् ॥ १६ ॥**
**तद्दर्शनाह्लादपरिप्लुतान्तरो**
**हृष्यत्तनुः प्रेमभराश्रुलोचनः ।**
**ननाम पादाम्बुजमस्य विश्वसृक्**
**यत्पारमहंस्येन पथाऽधिगम्यते ॥ १७ ॥**

**શબ્દાર્થઃ**—અત્યંત પૂજ્ય આસન ઉપર બેઠેલા, ચાર સોળ અને પાંચ શક્તિઓથી વીંટાયેલા પોતાના યોગ્ય ભોગો જે બીજે ઠેકાણે કાયમ રહેતાં નથી તે ઐશ્વર્યાદિથી યુક્ત છતાં સ્વસ્વરૂપમાં રમનાર ઇશ્વરને બ્રહ્માજીએ જોયા. તેના દર્શનનો એટલો હર્ષ થયો તેનું અન્તઃકરણ આર્દ્ર થઇ ગયું રોમાંચ થઈ ગયાં, પ્રેમનાં અશ્રુઓ નેત્રમાં આવી ગયાં. જે બ્રહ્મવિદ્યાના માર્ગથી મળે એવાં તેનાં ચરણકમળમાં વિશ્વસૃજ્ બ્રહ્મા નમ્યા.

**ભાવાર્થઃ**—અધિક પૂજવા લાયક એટલે ધર્માદિ પણ જેનું પૂજન કરે એવા અથવા ભગવાનના સંબંધથી પૂજ્ય તેવા આસન ઉપર બેઠેલા છે-આસનના અધિષ્ઠાતા છે એમ માનવાનું નથી, કેમકે તે તેનાથી પણ પર છે. બધાનું નિયામક રૂપ છે તે અક્ષરાત્મક મુખ્ય છે. અક્ષર લોકાત્મક ચરણાત્મક અને આસનાત્મક છે, આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિકરૂપ છે. તેના અંશો ૨૫ તત્ત્વો છે. તેને આગળ પીઠના અંશ તરીકે કહેશે. તેમાં પહેલાં તો ચાર—પ્રકૃતિ પુરુષ મહતત્ત્વ અને અહંકાર એ પ્રથમ આવરણરૂપ રહ્યાં છે. ચાર પાંખડીના કમળની જેમ રહ્યા છે. પછી ૨૧ ઇન્દ્રિયો અને પાંચ વિષયો મળીને સોળ પાંખડીના કમળ જેવું બીજું આવરણ છે. પછી મહાભૂતોથી વીંટાયેલું છે એમ તેને ત્રણ તો આવરણ છે. તે ત્રણને ઉલ્લંઘન કરીને ભગવાનની પાસે જે પહોંચે તે તેને મળે. એમ સર્વ તત્ત્વ સહિત અક્ષરરૂપ ભગવાનનું આસન કહ્યું. ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગ કહેવાય છે. તે સ્વરૂપ ગ્રહણ કરી

ભગવાનને વીંટાઇને રહે છે. તે કેવળ ભગવાનમાં જ રહે છે, બીજે જતા નથી. પાર્ષદાદિમાં રહે છે પણ તે કાયમ રહેતા નથી. ચકારથી રાજાઓ વગેરેમાં પણ થોડીવાર રહે છે, એથી ભગવત્ શબ્દ બધે વપરાય છે તોપણ નિત્ય ઐશ્વર્યાદિ ધર્મો ભગવાનમાં રહે, અનિત્ય ધર્મો અન્યત્ર રહે છે; તેથી બીજાનું ભગવાનપણું નાનું મોટું ગણાય, એક સરખું તો ભગવાનનું જ ભગવત્ત્વ સમજવું. આનાથી ब्रह्म वेद ब्रह्मैव भवति। यो यच्छ्रद्धः स एव सः। स आत्मानं यच्छति ઇત્યાદિ પદાર્થોનું વ્યાખ્યાન થઈ ગયું સમજવું. તેથી અસાધારણ ઐશ્વર્ય ભગવાન્‌માં છે, તેથી મુક્ત કરતાં પણ ભગવાન્ મોટા એ કહ્યું. તે જ વખતે કૃપાથી આપેલાં ઐશ્વર્યાદિ નિત્ય થતાં નથી. એમ બધી સામગ્રી ત્યાં વિદ્યમાન છે છતાં તે પોતાના સ્વરૂપમાં જ રમણ કરી રહ્યાં છે, કેમકે આનંદમય સ્વરૂપ છે. ત્યાં શંકા કરે છે કે સુખ ભોગવવું તે ફલ છે; પોતે આનંદ ભલે હોય પણ તેનો અનુભવ ન હોય તો તે ફલ કેમ કહેવાય? તેના ઉત્તરમાં કહે છે કે તે આનંદ છે અને આનંદનું ધામ પણ છે. તે પોતે જ તેજરૂપ એટલે પ્રકાશક છે. અપ્રકાશમાં જ્ઞાન પ્રકાશ માટે જોઇએ. પ્રકાશક પોતે જ હોય તેને પ્રકાશ જોઇએ; આથી જીવના ભોગ્ય ભગવાન્ છે એ પક્ષ ઊડી જાય છે. એવા છે છતાં તે સર્વના નિયન્તા છે. જો કે પોતાને કયાંય પણ રમવાની ઇચ્છા નથી છતાં તે બધાને નિયમન કરનારા તો છે. એમ સર્વ સંદેહ દૂર કરનાર ભગવત્સ્વરૂપને જોઇને જે આનંદનો અનુભવ થયો, જે હર્ષ અને સંતોષ થયો, તેનાથી અન્તઃકરણ ભરાઈ ગયું; તેથી ભગવાનને બ્રહ્માએ નમસ્કાર કર્યા. તપ તો કોઇ કામનાને માટે કરે છે. તે કામનાથી હૃદય અપૂર્ણ રહે છે. અહીં બ્રહ્માને આનંદનો અનુભવ થયો તેથી અન્તઃકરણ ભરાઈ ગયું. જેમ મોટું પૂર આવે તે બધાં ખાડા ખાબોચિયાંને ભરી દે, ઉપરથી પાણી ચાલી નીકળે, તેવું બ્રહ્માનું ચિત્ત થઈ ગયું; તેથી આગળ વચન બોલવાનું તેનામાં સામર્થ્ય રહ્યું નહિ. અન્તરમાં આનંદ વધ્યો તે બહાર પણ દેખાયો. તે રોમ તેનાં ઊભાં થઈ ગયાં. જ્ઞાનશક્તિ પણ આનંદમાં ડૂબવાથી બીજા ફલને બોધ કરતાં તેમાં પ્રેમનાં અશ્રુઓ આંખમાં આવી ગયાં. પહેલાં ભગવાનમાં બ્રહ્માને પ્રેમ હતો, પણ જયારે તે પ્રેમની જગ્યા આનંદથી ભરાઈ ગઈ ત્યારે પ્રેમ આંખ વાટે બહાર નીકળ્યો, જળરૂપે નીકળ્યો. ભાર ઉઠાવે તેને પસીનો થાય. તે પ્રેમના ભારથી જળરૂપે પ્રેમ બહાર ચાલ્યો. ભક્તિના પ્રકારથી ભગવાનના પગમાં નમન કર્યું. પ્રેમના ભારથી અશ્રુ આવ્યાં. સ્વભાવથી ન સ્રવે તે અશ્રુ કહેવાય. તેને જોયા પછી બીજું કર્તવ્ય ન સૂઝતાં નમન કર્યું. આ બ્રહ્માને અપેક્ષિતરૂપ હતું તેને જોઈ બ્રહ્મા નમ્યા, કેમકે તેણે જગત્ બનાવ્યું હતું. ત્યાં કહે છે કે એવા રૂપને નમન શા માટે કર્યું? તેમાં પણ મળી કાં ન ગયા? તે શંકાનો

વિશ્વ કરવું છે એ કહેવાથી જ નિરાસ થાય છે, કેમકે કાંઇ કરવું બાકી હોય ત્યાંસુધી સાયુજ્ય સંભવે નહિ તે તો અધિકારી છે, તેથી સાયુજ્યને ન પામ્યા. ચરણારવિંદ તો તુલ્ય છે. સમર્થ છે તો સાયુજ્ય કેમ ન થાય ? તે ચરણ પરમહંસના માર્ગ વડે જોયું હોય તો સાયુજ્ય થાય. આ તો લોક બનાવવા માટે જોયું છે તેનાથી સાયુજ્ય થવા સંભવ નથી. (૧૭)

એમ નમન કરીને બ્રહ્મા બોલ્યા નહિ; એમ કાંઈ બોલી ન શક્યા ત્યારે ભગવાન તેના મનમાં છે તે બોલ્યા, તે કહે છે:

**तं प्रीयमाणं समवस्थितं तदा**
**प्रजाविसर्गे निजशासनार्हणम् ।**
**बभाष ईषत्स्मितशोचिषा गिरा**
**प्रियः प्रियं प्रीतमनाः करे स्पृशन् ॥ १८ ॥**

**શબ્દાર્થ:**—પ્રજાના વિસર્ગમાં પોતાની આજ્ઞાને યોગ્ય એવા બ્રહ્માને પ્રસન્ન જોઇને કાંઈક સ્મિતના પ્રકાશથી ઉજ્જવળ વાણી વડે હાથમાં હાથ લઇને ભગવાન બ્રહ્માને કહેવા લાગ્યા.

**ભાવાર્થ:**—જ્યાં સાધન અને ફલ બન્ને ઇચ્છિત હોય ત્યાં પ્રકારાંતરની નિવૃત્તિને માટે, પ્રારબ્ધ ફલની સિદ્ધિને માટે તેને પ્રોત્સાહન દેવું જોઇએ. એવું જ્યાં ન કરવું હોય ત્યાં ભગવાન કાંઈ બોલતા નથી. પ્રસન્ન થાય તો ઇચ્છિત-નું દાન આપે. અહીં તો સાધન પણ પોતે ઉપદેશથી કહેવાના છે, માટે બ્રહ્માની પાસે વર માગવાનું કરાવશે. જો એમ ન કરે અને પોતાને કરવાનું હોય તે જ આગ્રહથી તેની પાસે કરાવે તો પદાર્થજ્ઞાનમાં પણ અવળું પડી જાય; તેથી ભગવાનને પોતાની ઇચ્છા છે તેથી બ્રહ્માની ઇચ્છા ઉત્પન્ન કરાવીને તે બ્રહ્મા દ્વારા આપણે કરવું છે તે કરીશું એમ ધારી ભગવાનની ઇચ્છાથી બ્રહ્મા અત્યાર સુધી બોલ્યા નથી. ભગવાન્ પ્રકટ દેખાયા ત્યારે વસ્તુના માહાત્મ્યથી કે ભગવાનનો સંબંધ થવાથી અથવા ઇચ્છિત અર્થ થવાનો વખત આવી જવાથી ભગવાનનાં દર્શન થતાં જ બ્રહ્મા પ્રસન્ન થઇ ગયા, અને સારી રીતે પોતે ત્યાં રહ્યા પણ તપનો કલેશ કર્યો નહિ. જો કલેશમાં રહે તો ભગવાન્ તેને આજ્ઞા ન કરે. પહેલાં તેને કલેશ હતો પણ અત્યારે તે પ્રસન્ન છે, તેથી જ પ્રજા કરવાની આજ્ઞા કરવાને સમર્થ થયા. આવી બ્રહ્માની સ્વરૂપ-યોગ્યતા ભગવાને જોઈ ત્યારે તેને સહકારી યોગ્યતા આપવા માટે પ્રથમ તેની સાથે પોતે વાત કરી. ભાષણની જરૂર નથી તેથી વાણીને કરણ બનાવી. ભગવાનનાં દર્શન થયાં, બ્રહ્માનો અધિકાર ઉત્તમ થયો, તેને હવે તત્ત્વજ્ઞાન જ થવું જોઈએ ! ત્યાં કહે છે કે ભગવાન્ થોડુ હસીને બોલ્યા; એટલે સર્વ વસ્તુનું

ખરું સ્વરૂપ ન જણાવવા માટે મોહ કરવા થોડું હસીને બોલ્યા. જો કે એ પણ મોટી વાત છે કે ભગવાન્ બોલે. એટલાથી પણ બ્રહ્માની ઇચ્છા પાર પાડશે, કેમકે બ્રહ્માને કરવાનું છે તે ભગવાનની દૃષ્ટિથી અતિ અલ્પ છે. સ્મિત એટલે મંદહાસ, તેનું પણ જ્ઞાન થાય છે. તે જ્ઞાનનું ફલ હમણાં નહિ મળે. ભગવાને વિચાર્યું કે તેને જ્ઞાન ભલે થાય પણ ફલ ન થાય. એટલા માટે સ્મિત કર્યું. ફલમાં પણ મોક્ષરૂપ ફલ હાલમાં ન થાઓ. તેનું અલૌકિક તેજ થાઓ. તે સર્વજ્ઞ ભલે થાય. એ બતાવવા માટે શોચિષ્ કહી. સ્મિતમાં જ તે શોચિષ્ થઇ અથવા તે પ્રકાશ જ સ્મિત જેવો બ્રહ્માને લાગ્યો. જે અસાધારણ કરવાનું છે તે બીજો ન કરે, તે પણ પ્રિય કરે; તેથી બ્રહ્માને પ્રિય કહ્યા. તેને પ્રિયપણું ભગવાનના સંબંધથી થયું. જો સ્વભાવથી થાય તો શાસ્ત્રનો વિરોધ આવે; માટે બ્રહ્મામાં રહેલો સ્નેહ પોતાના સ્નેહનું કારણ બન્યો. તે કહે છેઃ તે ભગવાન્ પ્રિય છે. **ये यथा मां प्रपद्यन्ते** એ અર્થની અહીં સૂચના કરી. ભગવાનનું મન ભગવાનના વાકયને ઉત્પન્ન કરે. જો ભગવાનનું મન પ્રસન્ન ન હોય તો વાણી પણ તેવી જ નીકળે; તેથી **उत त्वः पश्यन्** એ ન્યાયથી બ્રહ્માના સમજવામાં તે વાણી ન આવે. માટે કહે છે કે ભગવાનનું મન પણ પ્રસન્ન છે. બ્રહ્મા પોતાનું કાર્ય કરો એવું ભગવાનની પ્રસન્નતામાં છે. તેનો વળી હાથમાં હાથ લીધો એટલે પોતાની ક્રિયાશક્તિ બ્રહ્મામાં દાખલ કરી છે. જ્ઞાનશક્તિ તો તેની સાથે વાકય બોલ્યા તેથી જ આવી. એમ જયારે જ્ઞાનક્રિયાશક્તિ બ્રહ્મામાં ગઈ ત્યારે તે ભગવાનની ઈચ્છા પ્રમાણે સૃષ્ટિને ઉત્પન્ન કરશે, એ વાત આટલા ઉપરથી નક્કી થઈ. (૧૮)

મન બહાર સ્વતંત્ર નથી તેથી વાકય બોલે છેઃ

**श्रीभगवानुवाच ।**

**त्वयाहं तोषितः सम्यग् वेदगर्भ सिसृक्षया ।**
**चिरं भृतेन तपसा दुस्तोषः कूटयोगिनाम् ॥१९॥**

**શબ્દાર્થ**:—ભગવાન બોલ્યાઃ હે વેદગર્ભ, સૃષ્ટિની ઈચ્છાથી તમે ઘણા કાલ તપ કરી મને સારી રીતે સંતોષ આપ્યો, કેમકે કપટથી યોગ કરનારને હું પ્રસન્ન થતો નથી.

**ભાવાર્થ**:—સૃષ્ટિને માટે બ્રહ્માએ તપ કર્યું એમાં ભગવાનનું વરદાન શા કામનું? એવી શંકાના ઉત્તરમાં કહે છે કે તેના તપથી ભગવાન્ કહે છે કે હું પ્રસન્ન થયો છું. આ જ આ ભક્તિશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાન્ત છે કે જે મોટા પ્રયત્નથી ભગવાનનું કર્તવ્ય કરે તે મુખ્ય ગણાય, જે ભગવાનની સેવા કરે તે મધ્યમ ગણાય અને જે સ્વાર્થને માટે ભગવાનને સેવે તે અધમ ગણાય છે. ભગ-

વાનનું કર્તવ્ય બ્રહ્માએ કર્યું એટલે તેણે મુખ્ય પક્ષ લીધો, તેથી ભગવાન્ તેની ઉપર પ્રસન્ન વધારે થયા. બ્રહ્માએ આ અર્થ કેમ જાણ્યો? ત્યાં કહે છે કે તેના ઉદરમાં વેદો રહ્યા છે. વેદનું તાત્પર્ય એવું છે કે ભગવાનનું કાર્ય કરવું; માટે સર્વત્ર 'प्रजापतिरकामयत प्रजाः सृजेय' इति। ऋतवो वै प्रजाकामाः प्रजां नाविन्दत तेऽकामयन्त प्रजां सृजेमहि प्रजामवरुन्धीमहि प्रजां विन्देमहि प्रजावन्तः स्यामिति'। 'अग्निहोत्रं जुहोति' 'यदेव किंच यजमानस्य स्वं तस्यैव तद्रेतः सिञ्चति प्रजनने' આ વાકયો લૌકિકાર્થપર હોય તો વેદ અનુવાદક થઇને અપ્રમાણરૂપ થઈ જાય; તેથી જે ઉપર ઉપરથી વેદને જાણનારા છે તે આ અર્થને જાણતા નથી; તે બતાવવા માટે "વેદગર્ભ" શબ્દ આ શ્લોકમાં પ્રયુક્ત કર્યો છે. બ્રહ્માના હ્રદયમાં વેદો સ્થિર છે; બહાર તો ત્રિક્ષણાવસ્થાયી છે. સૃષ્ટિ કરવાની ઇચ્છાથી મને સંતોષ આપ્યો, તેણે તેમાં મોટો કલેશ ઉઠાવ્યો, તેથી હું તેની ઉપર વધારે પ્રસન્ન થયો છું. વધારે પ્રસન્નતાનું બીજું પણ કારણ કહે છે કે ઘણા દિવસ તેણે તપ કર્યું, તેથી હું પણ પ્રસન્ન છું. જો કે **સિસૃક્ષા** સિવાયના તપથી હું પ્રસન્ન ન થાઉં, કેમકે કેવલ તપમાં સિસૃક્ષા તો તેનું અંગ થાય, પણ અહીં તો સિસૃક્ષા મુખ્ય છે. તપ તો સંતાપાત્મક એક જ વાર થાય તેને જતું અટકાવે પ્રયત્નથી, તો તે તપનો ઉત્કર્ષ કહેવાય. થોડી થોડી વારે આરંભ કરે તે તો પ્રથમ તુલ્ય ગણાય. અભ્યાસથી સંસ્કાર વધે છે, ફલમાં વધારો થતો નથી. તેની નિવૃત્તિને માટે કહે છે કે એક જ તપ મધ્યમાં બીજો પ્રયત્ન ન કરતાં સંઘાતનો શોષ કરીને અધિકાર સંપાદન કરી આપે, તેનાથી ભગવાન્ પ્રસન્ન થાય છે. અથવા તે તપથી વિશેષ સામર્થ્ય પ્રાપ્ત થાય છે; માટે ઝાઝા કાળ સુધી તપ કરવાનાં વચનો તપમાં યોગ્ય છે. કેવળ ભગવાનને તપથી સંતોષ થયો છે. બાકીનાં વચનો મને સારું લગાડવા બોલે છે એમ બ્રહ્માને થાય તે ન થવા માટે કહે છે કે હું તપ કરવાથી પ્રસન્ન થતો નથી. પણ તપને ધારણ કરવામાં યોગ જોઇએ. તપનું સ્વરૂપ આગળ કહેવાશે. તેથી જે ભગવાનનું કાર્ય નથી કરતા તો તપસ્વીઓ નથી. તેના યોગમાં તપ નથી હોતું. તેનો યોગ તેથી શૂન્ય છે, અને તે તપ સહિત છે તે ભ્રમથી કહેવાય છે; તેથી તેઓ કૂટ યોગી કહેવાય છે. તેને ભગવાન્ પ્રસન્ન થતા નથી. યોગ તેને આગ્રહરૂપ થતાં તે આત્માને દુઃખ દેનાર થાય છે. તેની ઉપર દયા આવે તેથી પરાણે પ્રસન્ન થવું પડે છે. જેમ પ્રાયોપવેશ કરનાર ઉપર પ્રસન્ન થાય તેવું તે છે. (૧૯)

એમ પોતાનો સંતોષ પ્રકટ કરી બ્રહ્માને વર માગવાની પ્રેરણા કરે છેઃ

**वरं वरय भद्रं ते वरेशमभिवाञ्छितम् ।**
**ब्रह्मन् श्रेयःपरिश्रामः पुंसां मद्दर्शनावधिः ॥ २० ॥**

**શબ્દાર્થઃ**—હે બ્રહ્મન્! તમારું કલ્યાણ થાઓ. ઇચ્છિત વરદાન માગો. શ્રેયને માટે પરિશ્રમ ઉઠાવવો તે કયાંસુધી કે મારું દર્શન થયા પછી શ્રમની જરૂર નથી.

**ભાવાર્થ:**—ભગવાનની ઇચ્છા એવી છે કે બીજીની કામનાથી આપણે કામ કરવું. વર તો પોતાનો ઇચ્છિત પદાર્થ છે. કામના કરવાથી નાશ થાય એમ તમારે સમજવાનું નથી. તમે વરદાન લેશો પણ તેનો ઉપયોગ તો મારે માટે કરશો. એટલે તેથી તમારું ભલું જ થશે. વળી હું વરદાન આપનારમાં ઈશ્વર છું. વરદાન કયાં સુધી માગવું કે ભગવત્સ્વરૂપનું દર્શન ન થાય ત્યાં સુધી. તે મારાં દર્શન બીજાથી ન થાય; તેથી હું જ વરેશ છું; બીજા તો વરાભાસેશ છે, કૂટ યોગીની પેઠે; તેથી કહ્યું કે ચારે તરફથી જે ઇચ્છા હોય તે માગો. જે સર્વથા વરથી જ પ્રાપ્ત થાય તેવું માગો. ત્યાં શંકા કરે કે પહેલાં તપથી આપ પ્રસન્ન થયા તો હજુ તપ કરીશ તેથી બધું કામ થઇ જશે, માટે વર શા માટે માગું ? ત્યાં કહે છે કે હે બ્રહ્મન્, તમે જાણો છો કે શ્રેયને માટે જે શ્રમ ઉઠાવવો તે મારું દર્શન થાય ત્યાંસુધી. मत् શબ્દથી અહીં પુરુષોત્તમ લેવા, નહિ કે અવતારાદિ; તેથી તૃતીય સ્કંધમાં भूयस्त्वं तप आतिष्ठ એ કહેનાર પુરુષાવતાર છે. એમ અન્યત્ર સમજો. (૨૦)

જયાંસુધી બીજી રીતે અર્થ સિદ્ધ થાય ત્યાંસુધી ઇશ્વરપ્રાર્થના કરવી. લોકો મહેનત કરીને પદાર્થો મેળવે છે તે ભગવાનને તેને માટે પ્રાર્થના કરતા નથી! એ શંકાના ઉત્તરમાં કહે છે કે આ અર્થ બીજી રીતે તમને મળે તેમ નથી. તે કહેવા માટે કહે છે કે તપથી અત્યાર સુધી જે મળ્યા છે તે પદાર્થો તપના પ્રતાપે તમને નથી મળ્યા પણ મારી પ્રસન્નતાથી મળ્યા છે. તે જ કહે છેઃ

**मनीषितानुभावोऽयं मम लोकावलोकनम् ।**
**यदुपश्रुत्य रहसि चकर्थ परमं तपः ॥ २१ ॥**

**શબ્દાર્થ:**—તમને મારા લોકનું દર્શન થયું તે તમારા તપનું ફલ નથી પણ મારી ઇચ્છાનો તે પ્રતાપ સમજો. વળી તમે એકાંતમાં 'તપ' એ શબ્દ સાંભળીને તપ કર્યું તે પણ મારી ઇચ્છાનો જ પ્રતાપ સમજો. રખેને તેમાં તમારા તપનો પ્રતાપ સમજતા !

**ભાવાર્થ:**—મારા મનની ઇચ્છાનો તે પ્રભાવ. એટલે મારી ઇચ્છા થઈ કે બ્રહ્મા ભલે મારા લોકને જુઓ. આ હું ઇચ્છા ન કરું તો મારા અક્ષરાત્મક લોકને હજાર ઉપાય કરો તોપણ આંખથી દેખવાનું બની જ ન શકે. पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः એમ શ્રુતિ કહે છે. બહારનો પદાર્થ પણ યોગ્ય હોય તે ઇન્દ્રિયગ્રાહ્ય થાય; અયોગ્યને ઇન્દ્રિયો ગ્રહણ ન કરે. યોગીઓ પણ આંખથી આકાશને જોઈ શકતા નથી. સામર્થ્ય પણ પાછલા પદાર્થોમાં આવી શકે, પણ અક્ષરમાં સામર્થ્યાધાન પણ કામ ન કરે. ત્યારે તમે મન કર્યું તેથી કેમ એ સામર્થ્ય આવ્યું ? તપ અને ઇચ્છા એ બન્ને તુલ્ય છે, કેમકે તે બન્ને ભગ-

વાનની શક્તિઓ છે. કેવળ બુદ્ધિથી પણ આ કાર્ય નથી થયું, કેવળ આ તો અનુભાવને લીધે થયું છે. સર્વ શક્તિઓમાં ઈચ્છા શક્તિ ઉત્કૃષ્ટ છે. તે સર્વ શક્તિઓનું મૂળ છે. અન્ય શક્તિઓ તો ઇચ્છાસાધ્ય છે. તે ઈચ્છાશક્તિનો આ અનુભાવ છે, જેને લીધે તમે વ્યાપિ વૈકુંઠનાં દર્શન કર્યાં. તેમ જ કરો તો તપ વ્યર્થ ગયું તો પછી તપ કર્યાં પહેલાં કાં આપે ઇચ્છાથી દર્શન ન આપ્યાં? માટે ઇચ્છાને ઉત્પન્ન કરવામાં અથવા સાક્ષાત્ દર્શનના કારણમાં તપને કહેવું પડશે જ! ત્યાં કહે છે કે તપનો ઉપદેશ પણ મેં જ કર્યો હતો, કારણ કે મેં બે વાર "તપ તપ" એમ કહ્યું. તે તમે એકાંતમાં સાંભળ્યું અને તમે તે કર્યું. બે વાર 'તપ' કહ્યું તે એકાન્તમાં કહ્યું કે જેથી તમને વિશ્વાસ આવે. બીજી રીતે કહ્યું તે ગુપ્તતાથી. તે તપ કીર્તનથી ખરી ન જાય તેટલો માટે તે તપ સ્વરૂપફલથી ઉત્કૃષ્ટ છે. આ બધું મારા મનનો અનુભાવ છે એમ જાણો. (૨૧)

તપ કર્યા પછી દર્શન થયાં તેથી આપની પ્રતિજ્ઞા નકામી અને તપ ખરું એમ કહે તો ત્યાં હવે કહે છે:

**प्रत्यादिष्टं मया तत्र त्वयि कर्मविमोहिते ।**
**तपो मे हृदयं साक्षादात्माहं तपसोऽनघ ॥ २२ ॥**

**શબ્દાર્થ**:—હે અનઘ, તમે કર્મમાં ગૂંચવાઈ ગયા ત્યારે મેં તમને તપ બતાવ્યું, કેમકે તપ એ મારું સાક્ષાત્ હૃદય છે; તપનો આત્મા હું પોતે છું.

**ભાવાર્થ**:—કર્મમાં મૂંઝાયા તે કર્મમોહિત કહેવાય. સૃષ્ટિ કરવા જતાં બ્રહ્મા પ્રયોજનમાં સંદેહ પડતાં મૂંઝાયા: આ સ્વાર્થ માટે કરવું કે પારકા માટે કરવું? આ મોહ થયો ત્યારે મેં કર્મજનિત મોહ મટાડવા માટે તમને તપ કરવાનું કહ્યું. તે સૃષ્ટિ કરવા માટે તપ કહ્યું નહોતું. કાર્યમાં વિલંબ તો મોહ મટવા માટે થયો. એમ તપનું પ્રયોજન કહીને તપનું સ્વરૂપ હવે બતાવે છે: જેમ ભગવાન્ છ ગુણવાળા છે તેમ તપ પણ છ ગુણવાળું છે. તેના છ ગુણો જાણ્યા હોય તો તપથી પણ કાર્ય સિદ્ધ થાય, તો પછી ભગવાનથી શું પ્રયોજન છે? એ શંકા નિવૃત્ત થવા માટે તપના છ ગુણો બતાવે છે: તપ એ મારી અંતરંગા શક્તિ છે તેથી તેને હૃદય કહ્યું છે. આમાં કાંઇ તપનાં વખાણ નથી પણ ખરી વાત કહી છે. **यस्य ज्ञानमयं तपः** એમ શ્રુતિ કહે છે. હૃદય એ જ્ઞાનરૂપ છે. મારું હૃદય એ મારું ઐશ્વર્ય થયું. હું તે તપનો આત્મા છું. મારારૂપ તેનું વીર્ય છે. જો કે ભગવાન બધાના આત્મા છે તોપણ અહીં સ્વરૂપાત્મપણું કહેવાને ઇષ્ટ નથી, પણ કાર્યાત્મત્વ કથનીય છે; તેથી જે કાંઈ હું કરી શકું તે તપ કરી શકે; તેથી અવતાર જેવું તપ પણ મારું રૂપાન્તર છે. (૨૨)

તોપણ ભગવાનની બરોબર તપ ન કહેવાય. તપ તો જગત્ કરે છે!

ત્યાં કહે છે કે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનાર પણ તપ છે. એ सृजामि એ શ્લોકથી કહે છે:

सृजामि तपसैवेदं ग्रसामि तपसा पुनः ।
बिभर्मि तपसा विश्वं वीर्यं मे दुःसहं तपः ॥ २३ ॥

શબ્દાર્થ:—આ જગતને હું તપ વડે ઉત્પન્ન કરું છું, તપ વડે તેનો નાશ કરું છું અને તપવડે હું તેને ધારણ કરું છું દુઃસહ તપ એ જ મારું પરાક્રમ છે.

ભાવાર્થ:—જો કે સૃષ્ટિના આદિમાં કરણપણું છે, તોપણ स्वव्यापारे हि कर्तृत्वं सर्वत्रैवास्ति कारके એ ન્યાયથી ભગવાનને કર્તૃત્વ પણ છે. એમ તેનાં સ્વરૂપ ગુણ અને કાર્યો નિરૂપણ કરવામાં આવ્યાં તો પછી ભગવાન્ અથવા તપ એક જ રહે એ નકામું થાય. તપ તો મારું ધર્મરૂપ પરાક્રમ છે, વીર્ય છે, કાર્યસાધક ધર્મવડે ધર્મી અથવા ધર્મ અન્યથા સિદ્ધ નથી થતો, આશ્રય અને પ્રયોજક તરીકે તેની જરૂર રહેશે જ, તેથી તપ મારું રૂપ હોવાથી પહેલાં પણ તમને સ્વસ્વરૂપ જ બતાવ્યું છે. તેમાં આટલો વિશેષ છે: મારું કાંઈક સ્વરૂપ ક્રિયાથી અભિવ્યક્ત થાય છે, કાંઈક સ્વરૂપ જ્ઞાનથી પ્રકટ થાય છે. તેમાં તપ એ ક્રિયાભિવ્યંગ્ય મારું રૂપ છે, તેથી મારા ઉપદેશ કરેલા તપથી જે થાય તે મારાથી થાય છે. તેથી તેની વિલક્ષણતા માટે વધારે આગ્રહ કરવાની જરૂર નથી. (૨૩)

એમ યુક્તિપૂર્વક વરની પ્રાર્થનામાં આજ્ઞા પામેલા બ્રહ્મા પોતે દોષને છોડીને વર માગે છે:

ब्रह्मोवाच ।

भगवन् सर्वभूतानामध्यक्षोऽवस्थितो गुहाम् ।
वेद ह्यप्रतिरुद्धेन प्रज्ञानेन चिकीर्षितम् ॥ २४ ॥
तथापि नाथमानस्य नाथ नाथय नाथितम् ।
परावरे यथारूपे जानीयां ते त्वरूपिणः ॥ २५ ॥
यथात्ममायायोगेन नानाशक्त्युपबृंहितम् ।
विलुम्पन् विसृजन् गृह्णन् बिभ्रदात्मानमात्मना ॥ २६ ॥
क्रीडस्यमोघसंकल्पः ऊर्णनाभिर्यथोर्णुते ॥
तथा तद्विषयां धेहि मनीषां मयि माधव ॥ २७ ॥
भगवच्छिक्षितमहं करवाणि ह्यतन्द्रितः ।
नेहमानः प्रजासर्गं बध्येयं यदनुग्रहात् ॥ २८ ॥

શબ્દાર્થ:—બ્રહ્માજી બોલ્યા : હે ભગવાન્, આપ સર્વ ભૂતના હૃદયાકાશમાં

રહીને કોઈ રોકી ન શકે એવા જ્ઞાન વડે તેમના ઈચ્છિત કર્તવ્યને જાણો છો. હે નાથ, આપની પાસે હું એટલું માગું છું કે આપના પર અને અપર એટલે કાર્યકારણ-રૂપને હું જાણું એવી દયા કરો, કેમકે આપ અરૂપને એ રૂપો ક્યાંથી આવ્યાં, એ મને જણાવો, એમ હું ઈચ્છું છું. નાના પ્રકારની શક્તિ વડે વધારેલા આ પ્રપંચને આત્મમાયાના યોગ વડે ઉત્પન્ન કરો છો, રક્ષણ કરો છો અને સંહાર કરો છો, આત્મા વડે આત્માને આપ ધારણ કરો છો. કરોળિયો પોતાના મુખમાંથી લાળ કાઢી રમે તેમ સફળ સંકલ્પ વાળા આપ આ જગતમાં ક્રીડા કરો છો. હે માધવ, એ આપના વિષયમાં મારી બુદ્ધિ પ્રવેશ કરે એવી બુદ્ધિ મને આપો. આપે શીખવ્યા પ્રમાણે હું આ જગતને બનાવું, તેમાં આળસ ન કરું અને જે પ્રજા-સર્ગ કરું એમાં હું બંધાઉં નહિ એવો મારી ઉપર આપ અનુગ્રહ કરો.

**ભાવાર્થ:**—બ્રહ્માને ચાર અર્થની પ્રાર્થના કરવી છે. તેમાં દોષ ન લાગવા માટે પ્રથમ પ્રાર્થના છે: હે ભગવન્, પ્રથમ તો એકદમ ભગવાનનાં દર્શન થવાથી ભય લાગતાં હું બોલી ન શક્યો; હમણાં તો આપનાં વાક્યો સાંભ-ળ્યાં, આપનો સ્પર્શ કર્યો, તેથી હું સાવધાન થયો; તેથી યુક્તિપૂર્વક બોલે છે. આપ ભગવાન્ છો એ હું જાણું છું એ બતાવવા માટે 'હે ભગવન્' એમ ભગવાનને સંબોધે છે. તમે બધાના અંદર આત્મારૂપે રહો છો, તે બધાના વિચારોને તમો જાણો છો; માટે જે જોઈએ તે પણ તમારા જાણવામાં જ છે. જાણતો હોય તેને તે વાત કહેવા બેસવું તે દળેલને દળવા જેવું ગણાય, તો-પણ માગું તો જ આપ આપવાના હો તો હું માગું, અથવા આનું તત્ત્વ જણાતું નથી તેથી કહે છે: આપ ભગવાન્ છો. તે પક્ષમાં ભગવાનની આજ્ઞા કરવી જ જોઈએ. તેથી પ્રાર્થના પણ જરૂરી છે. તેથી કહે છે કે બધા પ્રાણીના આપ અધ્યક્ષ છો. તેથી ભગવાનની આજ્ઞા વિના કોઇનો અંદર કે બહારનો કોઈ ધર્મ સિદ્ધ થતો નથી. સર્વ કાર્યમાં પ્રેરક અથવા આપ નિયામક છો. જેમ લોકમાં કર્મ કરાવનાર કર્માધ્યક્ષ કહેવાય તેમ ભગવાન્ સર્વાધ્યક્ષ છે. તેથી કામના ઉત્પન્ન થાય તેના પણ ઉત્પાદક આપ જ છો. તે કામના-પૂર્તિ પણ આપે જ કરવી જોઈએ, તેથી તે ભાર મારી ઉપર નથી. પોતાનાં છોકરાંને બધા પોષણ આપે જ. વળી આપ સર્વના હૃદયાકાશમાં બિરાજો છો, તેથી બધાના હૃદયમાં શું છે તે આપ જાણો છો. કરવાની શી ઇચ્છા છે તે પણ આપ જાણો છો, કેમકે આપને જાણવામાં કામાદિ પ્રતિરોધ નથી કરી શકતા. કાર્યના જ્ઞાનમાં કે કાર્ય કરવામાં તેની પ્રત્યાસત્તિમાં કોઈ રીતે પ્રતિબંધ આવતો નથી. તેથી આપનું તે જાણેલ છે. જ્ઞાનની ઉત્પત્તિના સ્થાન-માં આપ રહો છો; ઇચ્છાના ઉત્પાદક પણ આપ છો; તેથી કોઇને પૂછવાનું કે કહેવાનું કામ નથી, તોપણ આપની આજ્ઞા થઈ કે વર માગ તો હું તે આજ્ઞાના પાલન માટે કહીશ. તેમાં પણ એક જ પ્રાર્થના છે કે હું માગું તે

આપો. તેમાં યોગ્યાયોગ્યનો વિચાર કરવાનો નથી. તેથી કહે છે કે **નાથિતં નાથય** માગ્યું આપો. **નાથૃ યાચ્ઞાયામ્** ધાતુ છે, કારણ કે આપ મારા નાથ છો. સ્વામી સેવકને જરૂર આપે, કેમકે એની બીજી કોઇ ગતિ નથી. એમ માગણી કરીને પ્રથમ બે વાત માગે છેઃ મને એક મોટો સંદેહ છેઃ તમે પર શું અને અપર શું, અથવા આપનું પુરુષોત્તમ રૂપ છે અથવા આ હું જોઉં છું તે રૂપ છે? એ પર અને અવર રૂપો ક્યાં? પુરુષોત્તમ અને અક્ષરરૂપ કે આવિર્ભૂત અનાવિર્ભૂતરૂપ કે અવતાર અવતારી–રૂપ? હું તે રૂપ નિઃસંદેહ જાણું એવો વર મને આપો. ત્યાં શંકા કરે છે કે એ બધાં રૂપો વેદમાં પ્રસિદ્ધ છે, વેદનું અનુંસંધાન કરીને જાણી લો, તેમાં વરપણાથી પ્રાર્થના કરવાની શી જરૂર છે? ત્યાં કહે છે કે આપને તો રૂપ જ ન સંભવે, કેમકે આપ રૂપરહિત છો. તે રૂપ ઇશ્વરનું નથી જે વેદમાં ન કહ્યું હોય. તે એક ઈશ્વરનાં અનેક રૂપો વેદ પ્રતિપાદન કરે છે. બીજાં વીર્ય વગેરે પાંચ છે. ભગવાન્ તો કાંઈ કહેતા નથી અને રહે છે, તેથી તે છ રૂપો હમણાં બ્રહ્માજી પૂછતા નથી; પરંતુ મૂળ રૂપનું ધર્મરૂપે, પણ નહિ પ્રકટેલું રૂપ જે પરરૂપ કહેવાય છે, અથવા સર્વરૂપે ભગવાન્ થાય તેમાં છેલ્લું રૂપ તે અવર રૂપ કહેવાય, તે બે રૂપ જાણવાની હું પ્રાર્થના કરું છું. તેથી પહેલું છેલ્લું રૂપ જણાય. તેના પછી આ કરવું તે જણાય. તે જ્ઞાન પાછું કર્મનું અંગ થવું જોઇએ. પછી મધ્યસ્થ સર્વરૂપ જાણવાની પ્રાર્થના કરે છે. તે જણાય તો તે તેના ઉપયોગથી સૃષ્ટિ કરવાની સુગમતા થાય. સૃષ્ટિજ્ઞાન તો પહેલેથી છે તેથી તેની પ્રાર્થના નથી કરી. અથવા સૃજવાની ઇચ્છામાં અંશ ભેદથી પ્રાર્થના કરશે. હવે કહે છે કે પુરુષોત્તમની માયા કાર્યકારણરૂપિણી અનન્તા છે. તેનો સર્વત્ર યોગ થતાં તે ત્રણ ગુણવાળી છે; તેથી તેના સંબંધથી ઉત્પત્ત્યાદિના નિભાવો ઉત્પત્ત્યાદિરૂપ કે શક્ત્યાદિરૂપ તેનાથી પુષ્ટ આત્માને કરે છે, ધારણ કરે છે, છોડે છે, ઉત્પન્ન થયેલને પોતાને અધીન કરે છે, આત્માને ભારરૂપે ધારણ કરે છે. જ્યારે ભાર ઉપાડવાની ઇચ્છા નથી કરતા ત્યારે તેને વિશેષે કરીને લોપ કરે છે. પોતે જ કર્તૃ કર્મ કરણરૂપે ક્રીડા કરે છે. તે ક્રીડાનું જ્ઞાન મને થાઓ એવી પ્રાર્થના છે. તેમ થાય તો મારે જે કરવું છે તે સુગમ થઇ જાય. જો એ બધું ભગવાન કરે તો બ્રહ્માએ શું કરવું? ત્યાં કહે છે કે ભગવાન તો સંકલ્પ માત્રથી કરે છે; કૃતિ તો મારી પાસે કરાવે છે. તે એક જ અનેક રૂપ કેમ કરી શકે? તેથી તે બ્રહ્માદિરૂપને કરે છે એમ માનવું જોઇએ. ત્યાં દૃષ્ટાન્તથી સમજાવે છે કે કરોળિયા પોતાના શરીર સિવાયમાં નિરપેક્ષ રહી સ્વરૂપાત્મક ઊર્ણા(બાલથી)થી ક્રીડા કરે છે. ઊર્ણાનું ઉત્પાદન કરે છે, સ્થાપન કરે છે, ગળી પણ જાય છે, તેમ ભગવાન પણ આત્માને કરે છે. કૃતિમાત્રમાં આ દૃષ્ટાન્ત છે. તેનું સ્વરૂપ તો અજ્ઞાત જ રહે છે. દૃષ્ટાન્તમાં તો ઊર્ણારૂપ સૃજ્યભાવને પ્રાપ્ત થાય છે, ઊર્ણનાભિ નથી થતો. આશ્રય તો તેને જોઇએ.

અને ઉત્પાદિત દોષવાળું થાય છે; માટે તેનું સ્વરૂપ જાણવું જોઇએ. બીજાની અપેક્ષા ન પડે એટલા પૂરતો દૃષ્ટાન્ત છે. તે બધાની અનપેક્ષા નથી. તેને દેશાદિની અપેક્ષા રહે છે, તેથી દૃષ્ટાન્ત માત્રથી જ્ઞાન ન થાય માટે આપ તે જ્ઞાન મને વરથી કરાવો. તેમાં ભગવાન્ કરે છે તેમાં તો સંદેહ નથી. શ્રુતિ પણ ભગવાનની કૃતિને કહે છે, તે સ્વરૂપને કહેતી નથી; તેથી તમે જ એવી બુદ્ધિ મારામાં ધરો. તે ઉપદેશ કરવાથી આવે તેમ નથી. તમે મારા બાપ છો તેથી હું કહું તે બાપે કરવું જોઇએ. તેથી સંબોધન કરે છે કે તમે લક્ષ્મીના પતિ છો. "માધવ" મા એટલે લક્ષ્મી, તેના ધવ એટલે ધણી, તે "માધવ" કહેવાય. જેમ લક્ષ્મીપતિ સ્ત્રીનું કહ્યું કરે છે તેમ તેણે પુત્રનું કહ્યું પણ કરવું જોઇએ. એમ જ્ઞાનમાં બે વરની પ્રાર્થના કરી તે ક્રિયામાં પણ બે વરની પ્રાર્થના કરે છે. તેમાં શિક્ષા અને ગર્વનો અભાવ એમ પ્રાર્થે છે. તેમાં પ્રથમ શિક્ષાની પ્રાર્થના કરે છે. ભગવાને મને 'આવી રીતે સૃષ્ટિ કર' એમ શીખવવું જોઇએ. શિક્ષા એટલે જ્ઞાન કરાવે તેવી ક્રિયા. બીજા વિષયોને છોડીને આપણને ઇચ્છિત વિષયપરા ક્રિયા લેવી. તે શિક્ષા આપનાર શિક્ષક કહેવાય. શિક્ષિત તો ક્રિયાનો આશ્રય થયો. તેમાં ક્રિયા ગૌણ હોય તોપણ કર્મત્વની વિવક્ષામાં કર્મને છોડી આશ્રયભાવને અવલંબે તે ક્રિયા કહેવાય. તેનો આશ્રય તો કર્મભાવને અવલંબે છે. પઠન દેવદત્ત શીખ્યો, લખવાનું દેવદત્ત શીખ્યો. ચાલતા પ્રસંગમાં તો ક્રિયા જ કર્મરૂપ વિવક્ષિત છે. તેનો વિષય જ આશ્રયતાને પ્રાપ્ત થાય છે. તેનો આશ્રય બ્રહ્મા થતા નથી. તેનો વિષય જગદ્રૂપ છે, તેથી તે જગતમાં જેવી શિક્ષા યોગ્ય હોય તેવી શિક્ષા આપો. તમારી તરફથી શિક્ષા મળ્યા પછી હું મારે કરવાનું યોગ્ય હોય તે કરું. જેમ અતિ બાળકને ગુરુ ભણાવવા બેસે તો પાટિયા ઉપર પ્રથમ અક્ષરો લખે છે; તેની ઉપર બાળક પોતાની આંગળી ચલાવે છે. હાથમાં આંગળી પકડી ગુરુ તેની આંગળી અક્ષર ઉપર ફેરવે તેમાં પ્રયાસ વધારે પડે છે; પણ પાટિયા ઉપર લખેલા અક્ષર ઉપર આંગળી ફેરવવી તેમાં ગુરુને પ્રયાસ ઓછો છે. સંસ્કારથી હૃદયમાં તે જડાઇ જાય તેના કરતાં જગતમાં તેનો ઉલ્લેખ થાય તે સહેલું પડે. અને મારું હિત કરનાર તે થાય. આજે પણ માનથી પદાર્થને રચનારા બંધાતા નથી, તેમ હું પણ ભગવાને જેમ કર્યું છે તે જગતને તેવી ક્રિયાથી કરીશ, આગળ શિક્ષા માટે હું પણ તે પ્રમાણે કરીશ. ત્યાં શંકા કરે છે કે એમ કરતાં આળસ થશે; જાણીને કરવામાં આળસ ન થાય ! ત્યાં કહે છે કે હું આળસ છાંડીને કરીશ. આ અર્થ યોગ્ય છે, કેમકે ભગવાને શીખવ્યું તેમાં કોઇને આળસ થતું નથી. ત્યાં કહે છે કે ભગવાન પાસે એવી પ્રાર્થના કેમ થાય ? તેના ઉત્તરમાં કહે છે કે પ્રજાની સૃષ્ટિ કરવાને ઇચ્છતો હું જે ભગવાનના અનુગ્રહથી તે પ્રજામાં બંધાઉં નહિ. ભગવાને કહ્યું તેનાથી

જુદી રીતે વર્તીએ તો બંધ થાય. પ્રજાની સૃષ્ટિમાં વિષમતા કે નિર્દયતા થાય તો બંધ થાય. શિક્ષામાં તો ભગવાનને વિષમતા કે નિર્દયતાનો દોષ લાગવાનો નથી. (૨૪–૨૮)

એમ ક્રિયામાં શિક્ષાની પ્રાર્થના કરીને તેમ કરવામાં દોષ થાય તે ન થવાની પ્રાર્થના હવે કરે છે:

यावत्सखा सख्युरिवेश ते कृतः
प्रजाविसर्गे विभजामि भोजनम् ।
अविक्लवस्ते परिकर्मणि स्थितो
मा मे समुन्नद्धमदोऽजमानिनः ॥ २९ ॥

**શબ્દાર્થ**:—મિત્ર જેમ મિત્રનું કૃત્ય કરે તેમ આપે મારી ઉપર કૃપા કરી છે તો હવે હું જ્યાંસુધી પ્રજાની સૃષ્ટિ કરું, તેના ભોગોના ભાગ પાડી દઉં અને આપના કાર્યમાં સાવધાન થઇને પ્રવર્તું એવી મને શક્તિ આપો; અને એ બધાં કામ કરતાં હું અજન્મા છું એ બાબતનો મને મદ ન થવો જોઇએ એટલી પણ તેની સાથે કૃપા કરો.

**ભાવાર્થ**:—મિત્ર મિત્રનું જેટલું કરે તેટલું ભગવાને મારું કર્યું અથવા મારો સત્કાર કર્યો. જ્યારે મિત્ર પોતાના મિત્રને સમાન ગણે છે ત્યારે પોતાના જેવો તેને બનાવી દે છે. ખરી રીતે જોઇએ તો અહીં ચિદાનંદને સમાનતા છે. તેમાં ભગવાન્ આનંદ છે, બ્રહ્મા ચિત્ છે; તેથી તેના સ્વરૂપથી બંન્નેને સખ્ય છે, છતાં ક્રિયા જ્ઞાન શક્તિ તો ભગવાનમાં જ રહી છે. તે પોતાની ક્રિયા જ્ઞાન શક્તિ ભગવાને મને આપી પોતાની બરોબર મને કર્યો છે, ત્યારે હવે હું વિવિધ શક્તિથી સંપન્ન થઇને નાના પ્રકારની પ્રજાનો વિભાગ કરી શકીશ; સત્ત્વ રજ અને તમના ભેદથી ઐશ્વર્યાદિ ધર્મોમાં ઊંચા નીચા ભેદ ધર્માદિ પુરુષાર્થોપયોગી પ્રજાને હું વહેંચીશ; તેને ભોગ્ય વસ્તુઓનો પણ વિભાગ પાડીશ; અથવા પ્રજાને પેદા કરવા સાથે તેના ભોગ ભોગવવાના પણ તેની સાથે તેને આપીશ. જો કે આ બધું ભગવાને તમને આપીને તમને મિત્ર કર્યા છે એવું નથી તોપણ 'સખા સખાનું કરે' એવા શબ્દો મૂળમાં છે તેથી ભગવાને તમારું કર્યું એમ પ્રાપ્ત થાય છે. તે વાત इव પદથી પણ પ્રાપ્ત થાય છે. માટે એ બાબતમાં કાંઈ તમારાથી ન્યૂનતા નથી. કેટલાક ટીકાકારો તો જ્યાંસુધી विभजामि એટલે વિભાગ પાડું ત્યાંસુધી મને મદ ન થાય એવો સંબંધ લે છે. તેમાં પણ तावत् અધ્યાહાર તો તુલ્ય છે. કાલના અવચ્છેદથી મદ ન થાય એટલે 'અમુક કાર્યથી મને મદ ન થાય' એમ માગવું અયોગ્ય ગણાય; તેથી તમારા કાર્યમાં મને ગ્લાનિ ન થાય, તેમ તમારી સેવારૂપ અથવા આજ્ઞારૂપ કાર્યમાં હું રહું. ત્રણ પદાર્થો ભગવાન

પાસે બ્રહ્માએ માગ્યા: આપ મિત્રતા કરો એટલે તે શક્તિઓનો મને લાભ થાય; તેનાથી પ્રજાનો વિભાગ કરવાનું સામર્થ્ય મારામાં આવે; તમારી સેવામાં મને થાક ન લાગે. તે ત્રણ માગવાનું પણ ગૌણ છે, તોપણ હું તુચ્છ છું તેને તે દોષરૂપ થાય. એ ત્રણ મારામાં દોષરૂપે આવે તેનાથી હું જન્મ્યો નથી એવું મને માન થાય; તેથી ભગવાનથી ગુણ મળ્યા તે તો દૂર રહે પણ દોષ વધી જાય. ભગવાનથી હું થયો છું એ પણ મારા મનમાં ન આવે ત્યારે મને સારી રીતે મદ વધી જાય. તે ન થવા માટે મારી પ્રાર્થના છે. (૨૯)

એમ પરાવરજ્ઞાન, ક્રીડાજ્ઞાન, શિક્ષા અને ગર્વાભાવ એ ચાર વસ્તુની ભગવાન પાસે બ્રહ્માએ પ્રાર્થના કરી. તેમાં પરાવરજ્ઞાનમાં બે શ્લોક, શિક્ષામાં ચાર શ્લોક અને આનાથી ગર્વ નહિ થાય તે છેલ્લા શ્લોકમાં કહેશે. એમ સાત શ્લોકથી ચારનો ઉત્તર ભગવાન્ આપે છે. તેમાં પહેલા બે જાતના જ્ઞાનનો ઉત્તર બે શ્લોકથી આપે છે:

श्रीभगवानुवाच ।

**ज्ञानं परमगुह्यं मे यद्विज्ञानसमन्वितम् ।**
**सरहस्यं तदङ्गं च गृहाण गदितं मया ॥ ३० ॥**

**શબ્દાર્થ:**—શ્રી ભગવાને કહ્યું કે મારું પુરુષોત્તમનું જ્ઞાન પરમ ગુહ્ય છે, તે વિજ્ઞાન સહિત છે, તેના રહસ્ય અને અંગ સહિત હું તને આપું છું તેને તું ગ્રહણ કર.

**ભાવાર્થ:**—મારું (પુરુષોત્તમનું જે) જ્ઞાન તે તો પરમ ગુહ્ય છે એટલે કોઇને કહેવાય તેવું નથી. જેવો મને તમે જુઓ છો તેવો જ હું પુરુષોત્તમ છું. આ જ મારું પહેલું અને છેલ્લું રૂપ છે. આ રૂપને મારા વગર કોઈ જાણતો નથી; તેથી હું કહું તો જ તમને તે મળે; તેથી હું સામાન્ય રીતે કહું છું તેને તમે ગ્રહણ કરો. ભગવાનની બુદ્ધિમાં તે સિદ્ધ છે. ભગવદ્‌ગુણ અને જ્ઞાનના અવતાર રૂપ તે જ્ઞાન તમે લો. ભગવાનનું જ્ઞાન તો કોઈ કહે તોપણ તેની કૃપા વગર હૃદયમાં આવતું નથી; તેથી સિદ્ધની જેમ આપે છે કે તમે લો. એટલે ઉપદેશરૂપે બ્રહ્માને પોતાનું જ્ઞાન આપ્યું. તે જ્ઞાનનો પરિકર બતાવે છે: તે જ્ઞાન વિજ્ઞાન સાથે છે. વિવિધ જ્ઞાનનું નામ "વિજ્ઞાન" કહેવાય છે. આનો તમને અનુભવ થયો છે. આ જ જ્ઞાન છે તેથી વિજ્ઞાનનો અનુભવ અર્થ કરવો વાજબી નથી. પણ પ્રથમ **अखिलसात्त्वतां पतिम्** એ શ્લોકમાં ચાર જાતના પતિનું જ્ઞાન કરાવ્યું છે તે જ્ઞાનનું નામ વિજ્ઞાન છે. તે વિજ્ઞાનની સાથે તમે મારું ગુપ્ત જ્ઞાન ગ્રહણ કરો. તે જ્ઞાનમાં રહસ્ય શું છે કે તે સુનંદનંદાદિવેષ્ટિત છે; એટલે રહસ્યનો અર્થ ભક્તિ છે. તેનું અંગ એટલે ભૃત્ય ઉપર પ્રસન્નતા બતાવનાર છે. ચાકર ન

કહેલાનો સમુચ્ચાયક છે. વધારે શું કહેવું પણ તમે જે કાંઈ વૈકુણ્ઠમાં જોયું તે બધાનું જ્ઞાન તમને મારા વરદાનથી થાઓ, એ કહેવાનું તાત્પર્ય છે. (૩૦)

બીજું જ્ઞાન હવે કહે છે:

**यावानहं यथाभावो यद्रूपगुणकर्मकः ।**
**तथैव तत्त्वविज्ञानमस्तु ते मदनुग्रहात् ॥ ३१ ॥**

**શબ્દાર્થઃ**—હું જેવડો છું, મારો જેવો ભાવ છે, મારાં ગુણ રૂપો અને કર્મો જેવાં છે તેવાનું તત્ત્વનું વિજ્ઞાન મારા અનુગ્રહથી તમને થાઓ.

**ભાવાર્થઃ**—પ્રમાણથી હું જેટલો છું, મારું પરિમાણ જેટલું છે, જેવો મારો કારણરૂપ ભાવ છે, સર્વ કાર્ય કરવાને માટે સર્વશક્તિરૂપ જે મારો ભાવ છે તે ભાવ તથા જેટલાં રૂપો, જેટલા ગુણો, જેટલાં મારાં કર્મો, બીજા પણ જે ગુણો વગેરે તેનું તત્ત્વનું જ્ઞાન મારા અનુગ્રહથી તમને થાઓ. તત્ત્વથી વિશેષ જ્ઞાન એટલે જેવું યથાર્થ સ્વરૂપ, જેવું તેવું તેનું જ્ઞાન તમારા હૃદયમાં સ્ફુરો. તેમાં શીખવાનો પ્રયાસ કે બુદ્ધિની કસોટીની જરૂર નથી. (૩૧)

એ બે જ્ઞાન કહી પણ શકાય તેવાં નથી; કદાચ કહીએ તો બ્રહ્માના હૃદયમાં તે ઠરે તેવાં ન હોવાથી તે ભગવાને જ તેને વર તરીકે આપ્યાં. હવે ચાર શ્લોકથી તેને શિક્ષા આપે છે: (એ ચતુઃશ્લોકી ભાગવત કહેવાય છે)

**अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम् ।**
**पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥ ३२ ॥**

**શબ્દાર્થઃ**—હું પૂર્વે હતો જ. બીજું કાર્ય કારણાત્મક અથવા તેથી પર કાંઇ નહોતું. પછીથી પણ હું જ છું. આ જે દેખાય છે તે હું છું. પ્રલયથી જે બાકી રહેશે તે પણ હું જ છું.

**ભાવાર્થઃ**—જેવું રૂપ જગત્ કરે છે, તે શિક્ષામાં બ્રહ્માએ ભગવાન્ પાસે પ્રાર્થ્યું છે. તેનો જવાબ ભગવાન્ આપે છે: હું જ જગદ્રૂપ થયો છું. બીજું કાંઇ તેમાં નથી. જે મારા સિવાય તેમાં દેખાય છે તે મારી માયાથી દેખાય છે. જડ દેહાદિમાં વચ્ચે જીવની પ્રતીતિ થાય છે ઘડાની પોલમાં આકાશ દેખાય છે તેમ. તેમાં આધાર આધેય ભાવ બાહ્યાભ્યંતર ભેદનું કારણ હું પોતે જ છું. સ્વરૂપથી મૂળરૂપ જગત છે તેમાં પ્રતીતિથી માયારૂપ છે. પાછળથી તેમાં પ્રવેશ કરનાર જીવ છે. એ સર્વ જગત્ સર્વ પ્રકારે હું છું તેને મદ્રૂપ જાણી પોતાનું સ્વરૂપ પણ એવું સમજવું. આ ભગવાને બ્રહ્માને શિક્ષા આપી. એમ મારારૂપ જેવો થઈ મદ્રૂપ જગત જો તું કહે તો તને જગત કરું છું એવો ગર્વ ન થાય અને તે જગતમાં મોહ પણ ન થાય; એ આ પાંચ શ્લોકનો અર્થ છે. તેમાં બધું જગત્ કેમ ભગવાન્? એ જાણવાની ઇચ્છા થાય

ત્યાં **तज्जलान्** એ હેતુ વિસ્તારથી ભગવાન્ કહે છે કે સૃષ્ટિની પહેલાં હું જ હતોઃ **एको नारायण आसीन्न ब्रह्मा न च शंकरः। वासुदेवो वा इदमग्र आसीद् ब्रह्मा न च शंकरः** (એક નારાયણ પહેલાં હતા, બ્રહ્મા કે શંકર નહોતા. આ બધું પહેલાં વાસુદેવ જ હતું, બ્રહ્મા કે શંકર નહોતા) એ શ્રુતિથી સૃષ્ટિ થયા પહેલાં હું જ હતો. વળી મારાથી પહેલાં શું ? એવી શંકા ન કરવી. જેમ જગતની પહેલાં હું તેમ મારાથી પૂર્વે બીજું એમ ક્યારે કહેવાય કે હું કોઇ વખતે ન હોઉં, પણ હું કોઈ વખતે ન હોઉં એ તો બને જ નહિ; હું તો સદ્રૂપે છું જ. **सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयमितिश्रुतेः** ( હે સોમ્ય, આ બધું આગળ સદ્રૂપે હતું. શ્રુતિ પણ એક જ બ્રહ્મને અદ્વિતીય કહે છે ) એથી હું તો છું જ. **अग्रे** નો અર્થ સૃષ્ટિની પહેલાં એવો કરવો. **असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत** ( આ પ્રથમ અસત્ હતું તેમાંથી સત્ થયું ) ઈત્યાદિ શ્રુતિઓ, જગત્ પછીથી થયું, તેના પહેલાં આવું વ્યવસ્થિત ન હતું એમ કહે છે. એમ ન માનીએ તો અસત્‌ની સત્તા માનવામાં વિરોધ આવે. ગીતામાં ભગવાન્ કહે છે કે **नासतो विद्यते भावः** અસતમાંથી ભાવ ઉત્પન્ન થતો નથી. **नासदासीन्नो सदासीत तदानीम्** ( ત્યારે સત્ અસત્ નહોતું.) એ શ્રુતિ તો સ્થૂલ સૂક્ષ્મ કાર્ય નહોતું તેને કહેનારી છે. **आपो वा इदमग्रे सलिलमासीत्** (એ આ બધું જળ હતું) એ તો અવાંતર કલ્પના અભિપ્રાયને લઇને શ્રુતિએ કહેલ છે. **आप्** શબ્દથી અનેક પ્રકારનાં જળ લેવાનાં છે. આ અને તેનું કાર્ય બધું જગત્ પ્રથમ જળ-મય હતું, પ્રલયના સમયમાં બધું જળમય દેખાયું હતું. **अव्यक्तादीनि भूतानि** ઈત્યાદિ વાકયોમાં **अव्यक्त** શબ્દથી બ્રહ્મ સમજવાનું છે. અવ્યક્તમાં લીન તો પછી થાય, તેથી પહેલું હતું તે પાછું તેમાં લીન થયું એ પ્રથમ જ લીન ન હોઇ શકે. તો **प्रकृतिं पुरुषं** એ વાકય મતાંતરનું હોવાથી અહીં લેવામાં નથી આવતું. **आसीज्ज्ञानमथो ह्यर्थः** એ વાકયનો પ્રકૃતિ પુરુષને પ્રથમ લઇએ તો વિરોધ આવે; તેથી સાંખ્ય મતનું વાકય અત્ર પ્રમાણ નથી. **तम आसीत्** એ શ્રુતિમાં તમ શબ્દથી પણ બ્રહ્મ લેવાનું છે. સર્વત્ર સુપ્તની સમાનતા તમમાં જણાય છે; તેથી તમ શબ્દથી પ્રકૃતિ લેવાતી નથી. **किमावरीवः कुहकस्य शर्मन्** (કેને આવૃત્ત કરે, કોના સુખને માટે કરે ? ) ઇત્યાદિમાં પ્રકૃતિનો નિષેધ પૂર્વ મંત્રમાં જ કહ્યો છે. કાર્ય તેના આશ્રયનું અહીં પ્રયોજન નથી. પ્રકૃતિ તો કાર્યથી અનુમિત થાય છે; તેથી તે અહીં લેવાની નથી. એમ બીજાં વાકયો પણ તે તે ભાવનાપ્રકારનું જ્ઞાન કરાવનારાં છે તે બધાં એકરૂપ ભગવાનમાં બાધ કરનારાં થતાં નથી; તેથી શ્રુતિસિદ્ધ ભગવદ્રૂપ જગત હોવાથી તે કાલે બીજાનો નિષેધ શ્રુતિ કરે છે. **नान्यत्** (બીજું નથી) ઇત્યાદિ શ્રુતિઓ ભગવાન સિવાય બીજું નથી એમ કહે છે. **सत्** અને **असत्** પહેલાં કહ્યાં છે, પણ તે તો બ્રહ્મથી

જુદાં નથી. नान्यद्यत्सदसत्परम् ત્યાં સત્ અને અસચ્છબ્દથી બ્રહ્મ જ કહેવામાં આવ્યું છે, બીજું નથી કહ્યું. योऽस्मात्परस्माच्च परः એ વાક્યમાં પર શબ્દથી કાળાદિ નથી કહ્યા, પણ 'પર' શબ્દવાચ્ય હું છું, તેથી સર્વથી પહેલે હું હતો એ વાત સિદ્ધ થઇ. અમારા મતમાં અભાવો તો તિરોભાવથી જુદા ગણ્યા નથી. તે આવિર્ભાવ તિરોભાવ ભગવાનની શક્તિ છે. पूर्ववद्वा એ વ્યાસસૂત્રથી શક્તિધર્મો પણ ત્યારે પ્રકટ થયા નહિ હોવાથી કાળના નિરૂપણ વખતે તેવું વચન કહેવાથી તે પ્રકૃતિ તુલ્ય ગણાય, તેથી તે ભગવાનથી જુદાં નથી; એટલે તે વિષયમાં કાંઈ વિવાદ નથી. પછી પણ હું જ છું. મારું સ્વરૂપ જ સર્વભવનસમર્થ છે, તેમાંથી પાછળથી ચેષ્ટાવાળો કાળ ઉત્પન્ન થયો. પછી ગુણરૂપે, પછી શક્તિરૂપે અને પછી કાર્યરૂપે પોતે જ થાય છે. स आत्मानं स्वयमकुरुत इतिश्रुतेः (તે પોતે પોતાના સ્વરૂપને કરે છે.) એ શ્રુતિમાં અસત્‌ની સત્તા માની નથી; પાછળથી જે દેખાય છે તે સર્વ चકારથી નહિ દેખાતું બધું અપ્રસિદ્ધ હોય તે હું છું તેમાં જીવો પણ આવી જાય. त्वमेतच्च એવો પાઠ હોય તો જડ જીવાત્મક સર્વ હું છું. આ શુદ્ધ બ્રહ્મવાદ કહ્યો. ત્યાં શંકા કરે છે કે જ્યાં પદાર્થવિરોધ દેખાતો હોય ત્યાં શબ્દ પ્રમાણરૂપ નથી ગણાતો. ભગવાન્ સર્વ દોષરહિત છે. વિકારાદિ દોષો છે. "સર્વ" શબ્દમાં સંકોચ ન કરીએ તો ઉપદેશ કરવા યોગ્ય જ કોઇ ન રહે, કેમકે બધા શુદ્ધ બ્રહ્મ હોય ત્યાં ઉપદેશ કોને કરવો? ત્યારે શાસ્ત્રો પણ કોઇને કામનાં ન રહેઃ તેનો પણ ઉચ્છેદ થાય, કેમકે શાસ્ત્ર કોનું શાસન કરે? અને હિત કરવાનો પ્રસંગ પણ કોઇને ન આવે; કોઈ પુરુષોત્તમ પણ નહિ રહે. આવા અનેક દોષથી બ્રહ્મવાદ દુષ્ટ હોવાથી બ્રહ્મરૂપ સર્વ કહેવું એ યોગ્ય લાગતું નથી! એવી શંકા ન કરવી, કેમકેઃ—

प्रत्यक्षादृष्टविषये पदार्थाः श्रुतिबोधिताः
परस्परं विरुद्धास्ते नैकशेषं भजन्ति हि ॥ १ ॥
उभयोर्वैदिकत्वेन कः स्यादत्र नियामकः ।
विचारकाणां बुद्धिस्तु सोपजीव्या श्रुतेः सदा ॥ २ ॥
क्रियाविद्यापरत्वे तु विकल्पेनैकवाक्यता ।
दुष्टोऽप्याश्रीयते पक्षो विकल्पाख्यः श्रुतेर्बलात् ॥ ३ ॥
तथैव भगवद्रूपं यथा हस्तादयः पृथक् ।
यथा सर्वाविरोधः स्यात्तथैवात्र विचारणम् ॥ ४ ॥
सर्वरूपसमर्थत्वमतो ब्रह्मणि गीयते ।
अन्यथा मतिमान्नं यदुच्चनीचादिभेदतः ॥ ५ ॥

तज्ज्ञानं तस्य कर्ता च हरिरेव तथाविधः ।
यत्किंचिद् दूषणं त्वत्र दूष्यं चापि हरिः स्वयम् ॥ ६ ॥
विरुद्धपक्षाः सर्वेऽपि सर्वमत्रैव शोभते ।
योऽवशिष्येत सोऽस्म्यहमिति ॥ ७ ॥

મણિ વગેરેની પરીક્ષામાં ઝવેરી કહે તે માનવું જોઈએ, તેમ જ્યાં પ્રત્યક્ષ ન હોય એવી વસ્તુમાં શ્રુતિએ કહેલા પરસ્પર વિરુદ્ધ ધર્મો એક ધર્મીમાં માનવા જોઈએ. તેમાં એક મુખ્ય અને બીજો ગૌણ એમ માની નિર્ણય ન કરી શકાય, (૧) કેમકે તે બન્ને વેદબોધિત ધર્મો છે. તેનો નિયામક કોણ થાય કે તેમાં પોતાની બુદ્ધિથી ગૌણ મુખ્યપણાની કલ્પના કરે? માટે વેદ જ બ્રહ્મને વિરુદ્ધ ધર્મના આશ્રયરૂપ કહે છે. તેમાં એક ધર્મ ગૌણ છે અને બીજો મુખ્ય છે એમ કહી ન શકાય, કેમકે બન્ને ધર્મો વેદે કહેલા છે તે બન્ને તેમાં રહે છે. (૨) તેમાંથી એકને ઉડાવાય તેવું નથી, કેમકે વેદથી ઉત્કૃષ્ટ કોઈ પ્રમાણ નથી કે જેના બળથી એક ધર્મને ગૌણ માની શકીએ. વિચાર કરનારની બુદ્ધિ તો શ્રુતિની ઉપજીવ્ય છે, શ્રુતિ તો બન્ને વિરુદ્ધ ધર્મો બ્રહ્મમાં કહે છે. તે બુદ્ધિને અવલંબન તો શ્રુતિનું છે. બન્ને વાક્યો શ્રુતિ કહે ત્યાં બુદ્ધિ એકને ઉડાવી દે તો તે બુદ્ધિ જ અપ્રામાણિક ઠરે; તેથી વિરુદ્ધ ધર્માધાર બ્રહ્મ છે એમ શ્રુતિના બળથી માનવું. (૩) ત્યાં શંકા કરે છે કે વેદમાં કહે છે કે **उदिते जुहोति** એમાં ઉદય થયા પછી હોમ કરવાનું વિધાન કરતાં **अनुदितहोम**ની નિંદા કરે છે. **अनुदिते जुहोति** એ વિધાનમાં ઉદિત હોમની નિંદા છે. બન્ને વૈદિક હોવાથી એકતર બાધનો સંભવ ન હોવાથી શાખાન્તર–વ્યવસ્થાથી તેની વ્યવસ્થા કરી છે, તેમ અહીં એક ધર્મને ઉપાસનાપર લો, બીજા ધર્મોને જ્ઞાન પર લો તો બન્ને ધર્મોનો બાધ ન થતાં તેની વ્યવસ્થા થશે. તેમાં ઉપાસનામાં તો કલ્પિત ધર્મો પણ ચાલશે. જ્ઞાનમાં તો **योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते किं तेन न कृतं पापं चोरेणात्मापहारिणा** એ શ્લોકથી નિંદા થશે, માટે વિચારક બુદ્ધિને નિયામક માનીને વિરુદ્ધધર્માશ્રય બ્રહ્મ ન માનવું જોઈએ, પણ ઉપાસનાજ્ઞાન–પરત્વ બ્રહ્મની વ્યવસ્થા કરતાં ઉદિત અનુદિત હોમની જેમ અહીં આકાંક્ષા નહિ રહે, તેથી જ્ઞાનક્રિયા મુખ્ય થશે, બ્રહ્મ અમુખ્ય થશે, તેથી વાક્યભેદ થઈ જશે તો **सर्वे वेदा यत् पदमामनन्ति** ઇત્યાદિ શ્રુતિનો વિરોધ આવશે તો સર્વ શ્રુતિની એકવાક્યતા બાધિત થશે! ત્યાં કહે છે કે અમે જ્ઞાન કર્મની મુખ્યતા નથી માનતા, પણ બ્રહ્મને મુખ્ય માનીએ છીએ. તેમાં તે ધર્મોનો આરોપ કરી અપવાદ કરો તો એકવાક્યતા સુખેથી થશે. ત્યાં કહે છે કે ઉપાસના માટે કલ્પનોપદેશ કરતાં તે ધર્મો ક્વચિત્ વાસ્તવરૂપે માનવા જોઈએ. તેની તેમ ન હોય તો કલ્પના પણ ન થઈ શકે. આરોપ્ય ધર્મો એકત્ર ખરા હોય

તેનો બીજામાં આરોપ કરાય એવો મધુવિદ્યામાં નિર્ણય છે, તો આનું વાસ્તવત્વ ઉપાધિમાં માનવું જોઇએ. ઉપાધિને માનો તો દ્વૈતવાદ થઈ જાય. એમ ન માનો તો તે ધર્મો ન હોવાથી તેનો તેમાં આરોપ નહિ થાય; તો કલ્પનોપદેશનો અસંભવ થશે; તેથી જો મુખ્યતાથી બ્રહ્મને ગણો તો તો તેની સંગતિ મળતી નથી, તેથી વાક્યભેદ મટશે નહિ; તેથી **अतिरात्रे षोडशिनं गृह्णाति** અને **नातिरात्रे षोडशिनं गृह्णाति** એ બે વાક્યના બળથી અષ્ટ દોષવાળો વિકલ્પ પક્ષનો આશ્રય લેવો પડે છે તેમ અહીં માનવાનું નથી, પણ **तदेजति, तन्नैजति** એ બે વિરુદ્ધ શ્રુતિઓના બળથી બન્નેને બ્રહ્મલિંગ માનવાં જોઇશે, તેથી જેમ હાથ પગ પુરુષથી જુદા છે છતાં તે પુરુષરૂપ ગણાય છે તેમ બ્રહ્મથી જુદું દેખાતું જગત્ બ્રહ્મરૂપ છે. ભગવાન જગદ્રૂપ છે છતાં જુદા પુરુષોત્તમરૂપે છે. વધારે શું કહેવું પણ જેમ બધી શ્રુતિનો વિરોધ ન આવે તેમ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવાનો છે, પણ એમાંથી એક વાક્યનો બાધ આવે તેમ વિચારવું નહિ, તેથી અસ્થૂલાદિમાં નિષેધમુખ છે તેમ **सर्वतः पाणिपादान्तम्** ઇત્યાદિમાં વિધિમુખથી બ્રહ્મસ્વરૂપ બતાવ્યું છે. (૪) તેથી બન્ને શ્રુતિઓ તુલ્ય બલવાલી હોવાથી બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય માનવું ઇષ્ટ છે. ઉચ્ચ નીચ ભેદથી જે ભગવાનમાં અન્યથા પ્રતિભાન થાય છે તેનું ભાન તેનો કર્તા એ બધું ભગવાન છે એમ સમજો. ભગવાન્ તે તે રૂપે તેમ કરવાને સમર્થ છે. વળી જે કાંઈ લોકમાં ન ઘટે એવા દેખાવો, જેમકે મત્સ્યાવતારમાં એક દિવસ સો યોજન વધવું, વરાહને એક ક્ષણમાં પર્વત જેવા દેખાવું, કૃષ્ણે સાત વર્ષે ગોવર્ધન ધર્યો ઇત્યાદિ ભગવલ્લીલા તે વખતના ભક્તોએ જોઇ છે તે બધું દૂષણ અને દૂષ્ય પણ સ્વયં હરિ જ છે. (૫-૬) બધા વિરુદ્ધ પક્ષો ભગવાનમાં શોભે છે. ભગવાન્ કહે છે કે છેલ્લે જે બાકી રહે તે હું છું. (૭) ઉત્પન્ન થયું તે તિરોધાન થતાં જે તિરોધાન ન થાય એ વસ્તુ હું છું. અથવા તિરોભાવનો જે આશ્રય તે હું છું. અંશભેદથી જે જતાં બચે તે હું છું. તેથી ક્રિયા અને તેનો વિષય હું છું, એમ બતાવ્યું. (૩૨)

**बहु स्याम् प्रजायेय** એ ઇચ્છાથી પોતે જ એક આત્મા છે અથવા પોતે શ્રેષ્ઠ છે એ વાત તો રહી નહિ, ત્યારે જીવો પ્રપંચમાં આસક્ત થશે. તેમાં રાગ પ્રવૃત્ત થતાં તેનો મોક્ષ નહિ થાય. એથી પ્રવૃત્તિસંકોચને માટે **लोके व्यवायामिषमद्यसेवा** એ ન્યાયે પ્રવૃત્તિ ઓછી કરવા માટે વેદની જરૂર છે. સંકોચ થયો કે ઉત્તરકાંડદ્વારા ગુણ દોષરૂપ દૃષ્ટ અને આનુશ્રવિકમાં ગુણ જોવાશે. એ આસક્તિને કરનારી પણ માયા છે. તે કાંડદ્વયાત્મક વેદને સાર્થક કરે છે તે ભગવાનની એક લીલા છે; તેથી પ્રમાણને સાર્થક કરવા માયાને કહે છે, તે અહીં ઉપોદ્‌ઘાતથી કહેવાય છેઃ

**ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।**
**तद्विद्यादात्मनो मायां यथाभासो यथा तमः ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—અર્થ વગર જેની પ્રતીતિ થાય છે, આત્મામાં જે દેખાતું નથી, જેવાં તમ અને આભાસ દેખાય છે તેવી તેને આત્માની માયા જાણો.

**ભાવાર્થ**:—આ ભગવદ્રૂપ પ્રપંચમાં જે જગતપણું દેખાય છે તે જીવને મોહ કરનારી માયાનું આ કાર્ય છે. જે માયાને પહેલાં કહી છે, તે માયા જીવને મોહ કરીને તેના સંબંધી અન્તઃકરણ અને બુદ્ધિને પણ મોહિત કરે છે. તેનાથી મોહિત થયેલી બુદ્ધિ પદાર્થોને બ્રહ્મરૂપ ન માનતાં જગદ્રૂપે જુએ છે, તેથી પદાર્થો અન્યથા થાય છે એમ માનવાનું નથી. અહીં સાધન અને પ્રમાણ બુદ્ધિને માટે છે. કેટલાંક સાધનો બુદ્ધિના દોષને દૂર કરનારાં છે જ્યારે બીજાં બુદ્ધિમાં ગુણનું આધાન કરે છે. માયા બે રીતે ભ્રમ કરે છે: જે છે તેનો પ્રકાશ કરતી નથી; જે નથી તે દેખાડે છે. તે પણ દેશ કાળના ફેરફારથી દેખાડે છે. તે જ મૂળમાં કહે છે કે અર્થ વગર પ્રતીત થાય છે અને અર્થને છુપાવે છે. અર્થ પ્રતીત થતો નથી, જ્યારે અર્થ નથી ત્યારે તે દેખાય છે. તેથી પદાર્થનું ખરું સ્વરૂપ જાણવા માટે પ્રમાણની જરૂર છે, એમ આટલા ગ્રંથથી કહ્યું. ત્યાં શંકા ઉઠાવે છે કે વસ્તુ જ એવી કાં ન માનીએ ? કેટલાક વાદીઓ જગતને માયિક કહે છે! તેના ઉત્તરમાં કહે છે કે જો જગત વિચાર કરતાં માયિક લાગતું હોય તો માયિક માનીએ પણ પ્રમાણરૂપ વેદ તો सर्वं खल्विदं ब्रह्म (આ બધું બ્રહ્મ છે) એમ બોલે છે. બ્રહ્મને જાણનાર પણ પ્રપંચને બ્રહ્મરૂપ જુએ છે. ભ્રાન્ત લોકોને દેખાય તો તે અર્થને નિયમિત કરનાર ન ગણાય. ભ્રમદૃષ્ટિથી ગ્રહણ કરેલું જગત્ ભ્રમરૂપ ગણાવું જોઇએ. માટે વિષયમાં કોઈ વિષયતા માનવી જોઇએ જેનાથી દૃષ્ટિ સવિષયા થાય છે. એમ ન માનો તો પદાર્થો તો સ્થિર છે, તેથી ભ્રમનો વિષય કોઈ નહિ થાય. તેથી અન્યત્ર ભ્રમ છે તેને માયા ખેંચી લાવી આગળ રહેલા વિષયમાં દેખાડે છે, કેમકે દૃષ્ટિનો અનુરોધ કરનારી તે માયા છે. તેથી અધિકાર પ્રમાણે જીવસૃષ્ટિને આગળ કરીને વ્યામોહ કરનારી માયા પદાર્થોને જુદી રીતે બતાવે છે. એમ સર્વ જગતમાં તે માયા બુદ્ધિમાં ભ્રમ પેદા કરે છે. એકને બીજા રૂપે બતાવે છે. તેમાં વિષયતા માયાથી ઉત્પન્ન થાય છે. વિષય ભગવદ્રૂપ છે. માયામાં વિષયતારૂપ ભગવાનનું સ્વરૂપ પેદા થયું. તે પ્રકટેલું રૂપ સ્વભાવરહિત નહિ, તેમ માયા પણ ભગવાનની શક્તિ હોવાથી નિઃસ્વભાવા નથી. બુદ્ધિ ચૈતન્યનો વિલાસ છે તેને તે મોહ કરે છે તે જ્યાંસુધી એ બુદ્ધિમાં બ્રહ્મભાવ થતો નથી ત્યાંસુધી. તે માયા ભગવાનના બધા પદાર્થોથી વિરુદ્ધ પડે છે. ભગવદીય પદાર્થો ભગવદ્વિષયક જ્ઞાનને ઉત્પન્ન કરે છે; તેથી વિષયતાએ

જ્ઞાન ઉત્પન્ન કર્યું તે જ્ઞાન ભ્રમવાળું હોય છે, જયારે વિષયજનિત જ્ઞાન યથાર્થ ગણાય છે. એમ જેમ જગતમાં છે તેવું આત્મામાં પણ સમજવાનું છે. આત્મામાં છે તેને માયા બતાવતી નથી અને જે નથી તેને બતાવે છે. ત્યાં શંકા કરે છે કે સર્વ જનની પ્રતીતિનો વિષય આ જગત્ બ્રહ્મથી જુદું છે એમ કાં નથી માનતા ? એના ઉત્તરમાં કહે છે કે છે તે નથી બતાવતી અને નથી તેને બતાવે છે, તેથી તે માયા છે. વિષય હો કે નેત્ર હો, તે જડ હો કે ચોક્કસ સ્વભાવવાળું હો તેને જુદું ન બતાવે. તેમાં દૃષ્ટાન્ત બતાવે છે કે જેમ આભાસ, જેમ અંધકાર. જેમ ચંદ્ર એક છે છતાં તેને બે બતાવે છે, તે એકને નથી દેખાડતી અને બે નથી તેને બતાવે છે, તે માયા છે. પ્રતીતિને અનુસરીને બે ચંદ્રોની ત્યાં કોઈ કલ્પના કરતું નથી. એમ વિષયતાને માયા ઉત્પન્ન કરે છે. બુદ્ધિ તો ચૈતન્યનો વિલાસ છે, તે માયાથી ઉત્પન્ન થતી નથી. જો એમ ન માનો તો બ્રહ્મજ્ઞાનીની બુદ્ધિ પણ માયાજન્ય માનવી પડશે, તો સર્વનો નાશ થશે. એ વિષયતાના પ્રકાર બે છેઃ એક વિષયતા વિષયના રૂપને ઢાંકી દે છે; બીજી વિષયતા રૂપાંતરને બતાવે છે. તે બન્ને પ્રકારની વિષયતાને માયા ઉત્પન્ન કરે છે કે જેમ આભાસ. ત્યાં શંકા કરે છે કે માયા એમ નવો પદાર્થ કેમ ઉત્પન્ન કરી શકે ? તે તો મોહ કરનારી જ છે; વિષય વગરની વિષયતા કયાંય પણ જોવામાં આવતી નથી ! એ શંકાના ઉત્તરમાં કહે છે કે જેમ અંધારું, જેમ અન્ધકાર નામનો પદાર્થ તેજ ન હોય ત્યાં પેદા થાય છે. જ્યાં તેજ નથી ત્યાં માયા અન્ધારાને પેદા કરે છે. આ મોહ કરનારી માયા છે, તેથી તે ઘૂવડને અંધકાર પેદા કરતી નથી. તે ઘૂવડ તો અત્યારે અહીં તેજ નથી એમ માને છે. તેની દૃષ્ટિ તો બહુ કોમલ હોવાથી સૂર્યનું બળવાન્ તેજ તેની આંખને બંધ કરી દે છે. સૂર્યનો પ્રકાશ ન હોય ત્યાંસુધી તે સુખેથી વિષયોને ગ્રહણ કરી શકે છે. આપણને તો વિષયને કે આંખને સંસ્કાર કરનાર તેજ નથી. તેજના અભાવમાં માયા તમને ઉત્પન્ન કરે છે. તે તે નેત્રનો વિષય તે તેજ કરે છે, પણ વિષયને ગ્રહણ કરતી નથી. તમની નિવૃત્તિ માટે તેજ જોઇએ. લોકમાં એવું સર્વત્ર દેખાય છે. એ વિષયતાને આંખ ગ્રહણ કરે છે. વિષયથી જુદી પોતે સ્વીકારે છે. પરિભ્રમણમાં એ વાત સિદ્ધ દેખાય છે. **यथा हि भानोरुदयो नृचक्षुषां तमो निहन्यान्न तु सद्विधत्ते** (૧૧-૨૯-૩૫)માં તમને દૂર કરે છે પણ સદ્વિધાન કરે છે એમ કહ્યું નથી. તેમાં સ્વભાવથી કોઇ વસ્તુ તમ છે એમ નથી કહ્યું. જો તમ કોઇ પદાર્થ હોય તો સ્પર્શથી જ્ઞાન અંધકારમાં થાય છે તેનો પણ તે પ્રતિબંધ કરે અથવા તો સ્પર્શથી તે તમનું ગ્રહણ થઇ શકે. તમ તો ઉપલક્ષણ માત્ર સમજો. દર્પણમાં મુખને ઉત્પન્ન કરે છે, આપણી આંખ કાચને અથડાઇને પાછી ફરે છે તે મુખ જુએ છે એમ માનવાનું નથી. એમ હોય તો

બીજા દર્પણમાં તેનો આભાસ પ્રતીત થાય છે તે ન થવો જોઇએ. આ મુખ જ બે જગ્યાએ દેખાય છે એમ ન મનાય. એક દિશામાં મુખ ન હોય તેનું પણ પ્રતિબિંબ પડે છે. આનું નામ જ આભાસ. તેથી એ વાત સિદ્ધ થઈ કે દર્પણમાં મુખને ઉત્પન્ન કરે છે, તેજના અભાવમાં અંધકારને ઉત્પન્ન કરે છે, તેમ માયા મોહિત પુરુષની બુદ્ધિમાં બે જાતની વિષયતા ઉત્પન્ન કરે છે. તેમાં એક વિષયતા આ પ્રપંચની બ્રહ્મતાનું આચ્છાદન કરે છે જ્યારે બીજી વિષયતા બ્રહ્મરૂપ પ્રપંચને જગદ્રૂપે બતાવે છે. એ બે વિષયતા દૂર કરવા માટે વેદાદિ સર્વ પ્રમાણોની જરૂર છે. (૩૩)

એમ પ્રમેય અને પ્રમાણને બે શ્લોકથી કહીને હવે વિષયને બતાવે છે:

**यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु ।**
**प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥ ३४ ॥**

**શબ્દાર્થ:**—જેમ મહાભૂતો પાછળથી ભૂતોમાં પ્રવેશ કરે છે છતાં તેથી જુદાં રહે છે તેમ તેમાં હું રહું છુ છતાં નથી પણ રહેતો: કારણરૂપ છું છતાં જુદો છું.

**ભાવાર્થ:**—વેદમાં બે પ્રકારે પદાર્થો નિરૂપણ કર્યા છે. સાકાર નિરાકાર, સાવયવ નિરવયવ, પૂર્ણ–પરિચ્છિન્ન એવા પ્રકારો રાખ્યા છે. તે બન્ને વિષય થાય એટલા માટે પુનઃ પ્રમેય કહે છે. એમ ન કહો તો એક પક્ષ વિષયતા થઈ જાય, તો તે પક્ષમાં વેદ પ્રમાણરૂપ ન ગણાય; તેથી સર્વ વેદ પ્રમાણરૂપ છે એ સિદ્ધ કરવા માટે બન્ને પ્રકારની વિષયતા અહીં કહેવાય છે. જેમ મોટાં ભૂતો આકાશ વાયુ તેજ જળ પૃથ્વી એ ઘડો વગેરે નાની મોટી વસ્તુઓમાં સ્થૂળ સૂક્ષ્મ લાંબું ટૂંકું વાંકું સરલ એ રૂપે કારણરૂપે બધામાં રહ્યાં છે, છતાં તેમાં પાછાં પ્રવેશ કરે છે, તેમાં પ્રવેશ કર્યા વગર પણ રહે છે, તેમ હું સર્વત્ર કારણરૂપ છું, સર્વત્ર પ્રવેશ કરું છું, છતાં તેના કારણરૂપ કે અનુપ્રવિષ્ટ નથી. બીજીવાર **तेषु** પદ કહ્યું તે બે વાર બોધ કરવા માટે છે, નહિ તો નકાર વાક્ય સાથે જોડાય. કારણ કાર્યમાં અનુપ્રવેશ કરે છે. કાર્ય કારણની સાથે ઉત્પન્ન થાય છે. એમ ન હોય તો કપડું તન્તુના આધાર વગર થવું જોઇએ, તેમ થાય તો ન થવું જોઇએ, ઉત્પન્ન થાય તો બધે ઉત્પન્ન થવું જોઇએ કે જેમ ઘડો આનંદરૂપ ભગવાન્ છે. ત્યાં શંકા કરે છે કે ઘડાને તો કુંભાર બનાવે છે. જેમ માયા વિષયતાને બનાવે છે તેવો છે. તે ઘડો ભગવદ્રૂપ છે, સિદ્ધ છે. શબ્દ પણ તાળવા અને હોઠમાં અથડાતો કાનમાં આવી જ્ઞાન ઉત્પન્ન કરે છે. એમ આધાર વગરનું કપડું પણ બનવું જોઇએ. તેમ થાય તો તન્તુને લઇને તેના આધારરૂપ કપડું બને છે તેમ તેમાં જો તન્તુઓ ન હોય તો

લૂગડામાં તાંતણા દેખાવા ન જોઈએ, અને દેખાય તો તે ભ્રાન્ત એટલે માયાથી દેખાય છે. પરંતુ તે તો ચિરકાળ દેખાયા કરે છે તેથી ભ્રમરૂપ નથી. શુષ્ક યુક્તિ કયાંય સ્થાન ન મળતાં પોતે જ ખોટી ઠરે છે. તેથી એક જ વસ્તુ કારણમાં અને કાર્યમાં કારણ અને કાર્યના કાળમાં વ્યવસ્થિત રહે છે. એમ મહાભૂતોમાં આધારપણું આધેયપણું અને વિશેષ આધેયતા એ ત્રણ છે. અથવા મહાભૂતમાં પાંચ પ્રકારે કારણપણાએ, પ્રથમથી તેમાં હોવાથી અને મહાભૂતપણાથી એમ અપ્રવેશ ત્રણ રીતે કહ્યો. કારણની જેમ પ્રવેશરૂપે અને જુદા પ્રવેશરૂપે એમ બે પ્રકારનો પ્રવેશ છે; તે રીતે પણ પાંચ પ્રકારનો પ્રવેશ છે. **ન તેષુ** કહ્યું છે તેથી ફરી પાંચ પ્રકારે પ્રવેશ, એમ ભગવાન્ દશધા સર્વમાં પ્રવિષ્ટ છે; તેથી સર્વ જગતમાં ભગવાન્ દશ પ્રકારની લીલાથી દશ પ્રકારે જાણવા. (૩૪)

એમ પ્રમેય પ્રમાણ અને વિષયને કહીને હવે અંદરની શંકાને દૂર કરતાં તે ત્રણમાં યુક્તિ બતાવે છે:

**एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनात्मनः ।**
**अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात् सर्वत्र सर्वदा ॥ ३५ ॥**

**શબ્દાર્થઃ**—તત્ત્વજિજ્ઞાસુએ આત્મા સંબંધી એટલું જ જાણવું બસ છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે. તે જાણવાથી બધું જણાય.

**ભાવાર્થઃ**—જિજ્ઞાસાને અનુરોધે નિરૂપણ કરવું જોઇએ. અહીં જાણવાની તો ત્રણ વસ્તુ છે, બીજાં શાસ્ત્રોની જેમ સોળ પદાર્થો જાણવાના નથી, કેમકે તેવા પદાર્થોનો આત્મામાં ઉપયોગ થતો નથી. આત્માને માટે જાણવાની ઇચ્છા થાય છે, કેમકે આત્માનું તત્ત્વ જાણવાનું છે. પ્રમેય જ્ઞાન, પ્રમાણ વૈરાગ્ય, વિષય દશવિધ લીલાની ભક્તિ; આત્મામાં આટલાનો ઉપયોગ છે. બાકીનું બધું દેહના વિયોગનું છે. એમ નિરૂપણ કરી આંતરનું નિરાકરણ કરી ત્રણ જાણવાનાં કહ્યાં તેમાં યુક્તિ બતાવે છે. અન્વય અને વ્યતિરેકથી જે સર્વદા હોય તે યુક્તિ કહી. यद् શબ્દથી ત્રણનો ઉદ્દેશ છે. તેમાં બધું ભગવાન્ કેમ? એ સવાલનો જવાબ એ કે અન્વય અને વ્યતિરેકથી સર્વ ભગવાન્ છે. સર્વત્ર ભગવાનનો અન્વય છે. ઘડો છે, ભાસે છે, પ્રિય છે, એમાં સત્તાનો અન્વય છે. એમ જો તેમાં ભગવાનનો અન્વય ન હોય તો એક શબ્દની અનુવૃત્તિ અને પ્રતીતિની અનુવૃત્તિ ન હોય. વિશેષતાથી જુદું પડે તે વ્યતિરેક કહેવાય. ઘડાદિથી જુદું શું પડે છે? ઘડો તો ઘડાથી જુદો નથી. તેમ જ કપડું કપડાથી જુદું નથી. પણ સત્ પદાર્થ ઘડાથી જુદો પડે છે. કપડાથી પણ સત્ જુદો પડે. એમ બધે સમજવું. જે સર્વરૂપ થઇને સર્વથી જુદું પડે તે બ્રહ્મ જ હોય.

ત્યાં શંકા કરે છે કે બ્રહ્મત્વ સિદ્ધ કરવામાં એકજ સાધન માનો એની શી જરૂર છે ! એના ઉત્તરમાં કહે છે કે અન્વય એકલો લઇએ તો તેનાથી બ્રહ્મતા સિદ્ધ થતી નથી. જગતમાં જગતનો પણ અન્વય છે. જો કે જગત્ ઘટાદિ પદાર્થથી વ્યતિરિક્ત છે છતાં ઘડો જગતથી જુદો નથી પડતો. આકાશકુસુમ તો જગતથી જુદું પડે છે. તેનો જગત્‌માં અન્વય નથી. સત્ જગતથી જુદું પડે છે. ભગવાન્ પણ સત્ છે; કારણ પણ સત્ છે; માટે જેના અન્વય અને વ્યતિરેક હોય તે સર્વરૂપ સમજવું. વળી જે સર્વત્ર હોય અથવા સર્વદા હોય, દેશકાલ જેનો પરિચ્છેદ ન કરી શકે, તેમાં અન્વય વ્યતિરેકથી જે રહે તે બ્રહ્મ. માયા તો અન્વયથી પરિચ્છેદને પામે છે. માયાના વિષયરૂપ આભાસ સત્‌નો અન્વય નથી, આભાસ સત્‌થી વ્યતિરિક્ત નથી એમ ન કહેવાય, કેમકે તે પોતે અસત્ છે. ભગવાન તો માયામાં પણ છે, માયાતિરિક્તમાં પણ છે. એમ કાલમાં પણ ભગવાન્ છે. વિષયરૂપ ઘટમાં સત્કારણ છે, સત્કાર્ય છે, સદાધાર છે, સત્ આધેય છે. સત્ છતાં ઘડો તેનાથી અતિરિક્ત પણ છે. મૃત્તિકા ઘડો ન કહેવાય. જો માટી ઘડો કહેવાતો હોય તો માટીના ઢગલામાં ઘડો દેખાવો જોઇએ, અને તેને કહેવા માટે ઘડો શબ્દ વાપરવો જોઇએ. એમ કાર્યમાં સર્વદા પાંચ પ્રકારે ભગવાનનો અન્વય છે. પાંચ પ્રકારે ભગવાનનો કાર્યમાં વ્યતિરેક છે. ઘટ પટથી વ્યતિરિક્ત છે, કારણથી પણ વ્યતિરેક છે, બીજા ઘડાથી પણ વ્યતિરેક છે, આવિર્ભાવ તિરોભાવથી પણ વ્યતિરેક છે. ઘડાનો આવિર્ભાવ થાય છે, તિરોભાવ થાય છે. એથી એક ઘડામાં આવિર્ભાવ તિરોભાવથી દશ પ્રકારે ભગવાન્ રહે છે. એમ સર્વત્ર દશ લીલાયુક્ત ભગવાન્ છે. આથી સ્વરૂપ એ ભગવાન્ છે. દેશની પ્રતીતિ તો માયિકી છે. કાલની પ્રતીતિ તો લીલા ઉપરથી છે. એમ દેશકાલ વસ્તુના પરિચ્છેદ રહિત અને દેશકાલ વસ્તુરૂપ તે હું છું. આટલું જ સમજવાનું છે. આ યુક્તિથી વિચાર્યું અને ઉત્પત્તિથી પણ વિચારી લીધું. **पुरुष एवेदं सर्वम्** (આ સર્વ પુરુષ છે) **वितस्तिमधितिष्ठति** (એક વેંત બ્રહ્માણ્ડ કરતાં વધારે છે.) એ ઉદ્દેશમાં તો **न यतोऽस्ति किंचित् । प्रादेशमात्रं पुरुषं वसन्तम्** (જેનાથી બીજું કાંઈ નથી) (પ્રાદેશ માત્ર પુરુષ હૃદયમાં વસે છે) એમ બ્રહ્માને ભગવાને શિક્ષા આપી તે કહી બ્રહ્મરૂપ જગત્‌ને જાણવું. જગત્‌થી જુદું બ્રહ્મ છે તેથી જગત્‌માં આસક્તિ ન કરવી. એક પદાર્થમાં પણ સર્વ લીલા સહિત ભગવાન છે, તે દેશકાલ વસ્તુરૂપ છે, છતાં તેનાથી જુદા પણ છે. (૩૫)

એમ શિક્ષા કહીને ગર્વ ન થવા માટે આનું અનુસંધાન કારણરૂપે કહે છે:

**एतन्मतं समातिष्ठ परमेण समाधिना ।**
**भवान् कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् ॥ ३६ ॥**

શબ્દાર્થ:—આ મારો મત તમે પરમ સમાધિથી હૃદયમાં ધારણ કરો તો તમે કલ્પવિકલ્પમાં કોઇ કાલે મોહમાં નહિ પડો.

ભાવાર્થ:—સર્વ ભગવાન્ છે. અન્યથા દેખાય છે તે માયા છે. સર્વત્ર સર્વ લીલા સહિત ભગવાન્ સર્વ દોષ રહિત છે. આ મારું પોતાનું મન્તવ્ય છે. આ મારું ભગવચ્છાસ્ત્ર છે તેમાં નિશ્ચલ રહો. જેમ તે તે મતવાળા પોતે પોતાના સિદ્ધાન્તમાં પ્રતિષ્ઠિત હોય છે તેમ તમે ભગવચ્છાસ્ત્રમાં પ્રતિષ્ઠિત થાઓ. એથી કુતર્કો ઘણા પેદા થશે તે બધા અનુભવથી દૂર કરવા. ચિત્તની એકાગ્રતાથી વિચાર કરવો. સૂક્ષ્મ દૃષ્ટિથી ઉપર કહ્યું તે જાણી લેવું. ઉપર ઉપરથી જોઇ લેશો તો આ મત બુદ્ધિમાં નહિ આવે. જો આ મારો મત તમે જાણી લેશો તો આ મહાકલ્પ અને અવાંતર કલ્પોમાં સૃષ્ટિ પ્રલયમાં તમને મોહ નહિ થાય. કોઇ કાલે મોહ નહિ થાય. કદાચિત્ પણ માયા તેને મોહ ન કરી શકે. આ મતને અને માયાને વિરોધ છે. ત્યાં જ માયા છે જ્યાં આ મત નથી. (૩૬)

એમ ઉપદેશ આપીને જે કર્યું તે કહે છે:

श्रीशुक उवाच ।

**संप्रदिश्यैवमजनो जनानां परमेष्ठिनम् ।**
**पश्यतस्तस्य तद्रूपमात्मनो न्यरुणद्धरिः ॥ ३७ ॥**

શબ્દાર્થ:—શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું કે ભગવાને એવી રીતે સારી રીતે પરમ ધામમાં વિરાજતા બ્રહ્માજીને સમજાવીને તેના દેખતાં જ તે રૂપને હરિભગવાને તિરોહિત કરી દીધું.

ભાવાર્થ:—એમ સારી રીતે અનુભવમાં ચોંટી જાય એવી રીતે પોતાના ભગવન્મતનો ઉપદેશ કરીને બહાર દેખાતા હતા તે પોતે તિરોહિત થઇ ગયા. ત્યાં શંકા કરે છે કે સર્વરૂપ ભગવાન્ સર્વના ચિત્રરૂપે તેને સ્થાપન કરવા જોઇએ તે ન રાખ્યા? તેમને રાખ્યા હોત તો બ્રહ્માને સૃષ્ટિ કરવામાં સરલતા થાત! ત્યાં કહે છે કે તે **અજન** છે, જન્મ લેનાર કરતાં જુદા છે. અહીં જે રૂપ ભગવાને બતાવ્યું તે વિશ્વરૂપ નહોતું પણ તે તો તેનું પણ આધિદૈવિક રૂપ હતું, તેનાથી વિલક્ષણ હતું. તેના ધ્યાનથી બધું થાય. તેને જોઇને કાર્ય ન કરી શકાય, કેમકે તે સૃષ્ટિના ફોટારૂપ નહોતું. માણસ તો માણસના ચિત્ર જેવો છે, તે કાંઇ અજન નથી. ત્યારે બ્રહ્મા જનસૃષ્ટિને કેમ જાણશે? જે ઉત્પન્ન થાય તે જન કહેવાય. તેના નિયામક બ્રહ્મા છે. એટલે જે ઉત્પન્ન થાય છે તે તેને અધીન થાય છે. તે પરમ પદમાં બ્રહ્મા રહે છે, તેથી તે 'પરમેષ્ઠી' કહેવાય છે. માણસને ઉત્પન્ન કરવાનો તેનો અધિકાર છે. તેને આ ભગવાનનું રૂપ ધ્યાન કરવામાં ઉપયોગી છે, સાક્ષાત્ તેનો ઉપયોગ નથી. ભગવાનના જેવું રૂપ કરવાનું

તો બ્રહ્માનું સામર્થ્ય નથી. તે બ્રહ્માના દેખતાં જ તે રૂપ ભગવાને દેખાતું બંધ કર્યું. ત્યાં કહે છે કે ભગવાન તો પરમ કૃપાલુ છે. તેનું સુંદર સ્વરૂપ દેખાતું હતું તેને શા માટે દેખાવા ન દીધું? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ હરિ છે, બ્રહ્મા તથા બધા લોકોના સર્વ દુઃખને હરનાર છે; તેથી તેને આગ્રહથી આ રૂપમાં દૃષ્ટિ ન રોકવી પડે તે હેતુથી તે રૂપને દેખાતું બંધ કરી દીધું.(૩૭)

તે પછી જે થયું તે કહે છે:

**अन्तर्हितेन्द्रियार्थाय हरये विहिताञ्जलिः ।**
**सर्वभूतमयो विश्वं ससर्जेदं स पूर्ववत् ॥ ३८ ॥**

**શબ્દાર્થ:**—ભગવાન્ ઇન્દ્રિયાતીત છે તે હરિ ભગવાનને બ્રહ્માએ બે હાથ જોડી દંડવત્ પ્રણામ કર્યા. પછી પોતે બ્રહ્માએ સર્વ ભૂતમય થઇને જેમ પ્રથમ સૃષ્ટિ કરી હતી તેમ આ જગતને બનાવ્યું.

**ભાવાર્થ:**—ઇન્દ્રિયોના અર્થો તે ઇન્દ્રિયાર્થ કહેવાય. અન્તર્હિત એવો ઇન્દ્રિયાર્થ–એવા ભગવાન્–એટલે બધાના ઇન્દ્રિયોથી ન દેખાય તેવા ભગવાન્ છે, છતાં પોતાની ઇચ્છાથી ભક્તની ઇન્દ્રિયોના અર્થરૂપ બન્યા. સર્વના અર્થરૂપ ભગવાન્ છે તો ભક્તનો આશ્રય કરનારી ઇન્દ્રિયોના અર્થરૂપ બન્યા. ચેતન સૃષ્ટિ પક્ષમાં તે ઇન્દ્રિયોની મુક્તિને માટે તેના અર્થરૂપ થયા. ઇન્દ્રિયોને જડ માનો તો તેના અધિષ્ઠાતા દેવને કૃતાર્થ કરવા માટે ભગવાન્ ઇન્દ્રિયોના અર્થરૂપ બન્યા, એટલે ભગવાન ઇન્દ્રિયો વડે પ્રત્યક્ષ થયા. એમ થતાં તો બ્રહ્મા બધાના સમષ્ટિરૂપ છે તેથી તે અને તેનાં વ્યષ્ટિરૂપો નિરિન્દ્રિય થઈ જાય; તેથી તેનાં દુઃખ દૂર કરવા માટે પહેલાં ઇન્દ્રિયોના અર્થરૂપ થયા હતા છતાં અત્યારે અંતર્હિત થયા, એટલે ઇન્દ્રિયના અવિષય બની ગયા. આ કરવામાં બ્રહ્મા ઉપર ઉપકાર જ થયો. તેથી કહે છે કે ભગવાન્ હરિ થયા એટલે બ્રહ્માના દુઃખને દૂર કરનાર થયા. ત્યારે બ્રહ્માએ વિશેષ હિતરૂપ બે હાથ જોડ્યા. ભગવાનની સેવા અથવા બીજો કોઈ તેનો ઉપકાર જીવ કરી શકતો નથી. ભગવાન્ જો જીવ ઉપર ઉપકાર કરે તો જીવે તે ઉપકાર અંજલિ વડે ગ્રહણ કરવો. આ જીવને માટે વિધાન કહેલ છે. જીવ બીજું કાંઈ ભગવાનનું કરી શકે તેમ નથી. ભગવાનનું સ્વરૂપ તો જોઈ લીધું છે. જીવને એટલું પણ ઘણું કહેવાય કે જે ભગવાન્ કરે તેનો નિષેધ ન કરે. શાસ્ત્રમાં જે વિધિ કહ્યો છે તે બ્રહ્માએ કહી બતાવ્યો, તેથી विहिताञ्जलिः એમ બ્રહ્માને વિશેષણ આપ્યું છે. ભગવાને કહ્યું તેનું બ્રહ્માએ અનુસંધાન રાખ્યું; તેથી તે સર્વમય થઈ ગયા. ભગવાને તેનો તેવો ભાવ વરદાનથી બનાવ્યો છે. 'ભૂત' શબ્દથી જે પ્રકટ થાય તે બધું લેવાનું છે, અથવા ભગવાનની આજ્ઞાથી જે પ્રાદુર્ભૂત થયું તે સર્વ બ્રહ્મામાં

પેસી ગયું. ત્યાર પછી બ્રહ્માએ જગતની રચના કરવાનો આરંભ કર્યો. એમ કરે તો જ પોતાની સૃષ્ટિમાં વિષમતા ન આવે. તેથી જ બ્રહ્મા પૂર્વવત્ થયાઃ જગત્ પ્રથમ કર્યું હતું તેમ કરવા લાગ્યા. જેવું ભગવાને સરજ્યું તેવું બ્રહ્માએ પણ બનાવ્યું. (૩૮)

એમ ઉપદેશ અને તેનું કાર્યમાં પર્યવસાન આવ્યું તે બતાવીને હવે તે ઉપદેશનો પ્રચાર કર્યો તે કહે છેઃ

**प्रजापतिर्धर्मपतिरेकदा नियमान् यमान् ।**
**भद्रं प्रजानामन्विच्छन् आतिष्ठत् स्वार्थकाम्यया ॥ ३९ ॥**

**શબ્દાર્થઃ**—એક દિવસે ધર્મના પતિ પ્રજાપતિ-બ્રહ્મા પોતાના સ્વાર્થને માટે પ્રજાનું કલ્યાણ ઇચ્છતા યમ અને નિયમોનું અનુષ્ઠાન કરવા લાગ્યા.

**ભાવાર્થઃ**—ભગવાનના ઉપદેશથી બ્રહ્મા કૃતાર્થ થયા તેમ બધા કૃતાર્થ થાઓ એવી પ્રજાની કૃતાર્થતા માટે બ્રહ્માએ વિચાર કર્યો. તેમાં તે પ્રજાઓ પોતાનું કલ્યાણ કરી શકે તેવો તેનો અધિકાર નથી એ પણ જોયું; અધિકાર મેળવવાની તેમનામાં શક્તિ નથી એ પણ જાણ્યું; ત્યારે બાપનું કરેલું દીકરાને ઉપયોગી થાય છે એ વાત यस्मिन् जाते एतामिष्टिं निर्वपति (જે છોકરો થતાં આ ઇષ્ટિ કરવામાં આવે છે) ઇત્યાદિ વેદવાકયોથી સિદ્ધ છે, તેથી પોતાની પ્રજા માટે બ્રહ્માએ યમ નિયમો કરવાનો આરંભ કર્યો. તેમાં કહ્યો હોય તેટલો અર્થ પુત્રને માટે કરાય એવો વેદનો વિધિ હોવાથી બીજો પ્રકાર તેણે કર્યો. જેમ ધણી કરે તે સ્રીને મળે તેમ પ્રજાને પણ મળશે એ વિચારથી બ્રહ્મા યમ નિયમ કરવા લાગ્યા. ત્યાં કહે છે કે એ પણ સ્રીને માટે જ નિયમ છે, બીજા માટે નથી ! તે શંકાના ઉત્તરમાં કહે છે કે જેમ ધર્મના નિયામક હોય તે ધર્મની પ્રેરણાથી ધર્મ કરે છે તો ધર્મ થાય છે તેવી રીતે પોતે જે કરે છે તે પ્રજાને માટે કરે છે; એ બતાવવા માટે તેને ધર્મપતિ કહ્યા છે. એક વખતે એટલે કોઈ જાતની ચિંતા નહોતી તેવા સમયમાં એમણે આ ભાવનો વિચાર કર્યો અથવા તેનો લોકમાં પ્રચાર કરવાનો વિચાર કર્યો. તે સમયે યમ એટલે અહિંસા અસ્તેય વગેરે, નિયમ એટલે આચમન લેવું વગેરે, એટલે ઇન્દ્રિયો અને અન્તઃકરણને નિયમમાં લેવાં તે યમ નિયમાત્મક કર્મથી આવી શકે. જેમ ઇન્દ્રિયો લૌકિક કર્મ કરતાં હોય તેને તે કર્મ છોડાવી વૈદિક કર્મમાં જોડવાં તેવું અન્તઃકરણનું પણ કરવું; અર્થાત્ તેનું લૌકિક જ્ઞાન છોડાવી અન્તઃકરણને વૈદિક જ્ઞાનમાં જોડવું એ બન્ને વાત બ્રહ્માએ પોતાની પ્રજાને માટે કરી. ત્યાં કહે છે કે બ્રહ્માને એવો આગ્રહ રાખી કરવાની શી જરૂર પડી ? તેના ઉત્તરમાં

કહે છે કે બ્રહ્માએ તેમ કર્યું તેમાં તેનો સ્વાર્થ છે. ભગવાને તેને કહેલું કે **एतन्मतं मयातिष्ठ** (અમારા મતમાં તું દૃઢ રહે). એમ ભગવાનની આજ્ઞા પ્રમાણે બ્રહ્માએ વર્તવું જોઇએ તે તો ક્યારે વર્તનમાં આવે કે તે મતનો લોકમાં પ્રચાર થાય ત્યારે. પ્રચાર તો પોતે તેમ કરે તો થાય; તેથી બ્રહ્માએ મતપ્રચાર માટે યમનિયમનું પાલન કર્યું. વળી કહ્યું છે કે **न पतिश्च स स्यात्** (૫-૫-૧૮) જે મૃત્યુથી ન છોડાવે તે પતિ ન કહેવાય, એવું વાક્ય છે તેથી પ્રજા કૃતાર્થ ન થાય ત્યાંસુધી તે પ્રજાનો પતિ થયો તોપણ વ્યર્થ થાય; તેથી તેણે પોતાની પ્રજાની કૃતાર્થતા માટે ભગવન્મતનો પ્રચાર કર્યો તે સ્વાર્થની કામનાથી કર્યો એમ કહ્યું. (૩૯)

તેમ કર્યું તે બ્રહ્માને ફળ્યું તે કહે છે:

**तं नारदः प्रियतमो रिक्थादानामनुव्रतः ।**
**शुश्रूषमाणः शीलेन प्रश्रयेण दमेन च ॥ ४० ॥**

**શબ્દાર્થઃ**—બ્રહ્માજી પ્રચાર કરવા તૈયાર થયા તેની તેનો પ્રિય પુત્ર નારદ શીલ ઇન્દ્રિયદમન અને વિનયથી સેવા કરવા લાગ્યો.

**ભાવાર્થઃ**—પૂર્વે કહેલ ધર્મવાળા બ્રહ્માજીને તેનો પુત્ર મળ્યો. નારદ શબ્દની વ્યુત્પત્તિ કરે છે કે '**नारं द्यति खण्डयतीति नारदः**' જીવભાવને દૂર કરે તે નારદ, એવો તેનો અર્થ છે. મનુષ્યનો સમુદાય તે 'નાર', તેને આપે અથવા દૂર કરે તે 'નારદ'. નારદનું કામ એ છે કે તે બધાના જીવભાવને દૂર કરે છે, અથવા નારાયણના આધારરૂપ હૃદયને બનાવી દે છે. માટે આ સંપ્રદાયરૂપ દોલત લેવાનો અધિકાર નારદનો છે. વળી બાપ પોતાને વહાલો પુત્ર હોય તેને સારી મિલ્કત આપે, તેથી બ્રહ્માના દશ પુત્રોમાં નારદ અતિ પ્રિય પુત્ર છે. બાપનું રિક્થ-ધન લે તે 'રિક્થાદ' કહેવાય. રિક્થાદ એટલે બાપની મિલ્કત લેનાર પુત્રો. રિક્થ પણ ઘણી જાતનું હોય છે તેમાં અરિક્થ તો 'મતરૂપ' છે. એ અત્યંત ઊંચી મિલ્કત છે. તે વધારે વહાલા પુત્રને આપવા યોગ્ય છે. જેવો નારદ વહાલો તેવું રિક્થ પણ બ્રહ્માને વહાલું છે. કેવલ બ્રહ્માને પ્રીતિનો વિષય છે એમ જ નહિ પણ નારદ બ્રહ્માને અનુવ્રત છે. તેને પ્રસન્ન કરવાનું નારદે વ્રત લીધું છે. 'અનુવ્રત' એટલે સેવા કરનાર સેવક. સેવક જેવું સ્વામી કરે તેને લાયક બધું કરે. તેથી બ્રહ્માના કર્તવ્યને સિદ્ધ કરનાર આ છે. વળી નારદ બ્રહ્માની સેવા કરે છે. સેવા કરવાનું આસક્તિવાળાને આપવું જોઇએ. તેને જ તે ફળે છે. સેવા પણ મન આવે તેમ ન કરવી, પણ શીલ વડે કરવી જોઈએ. જેવો સ્વામીનો સ્વભાવ હોય તેમ કરવું તેનું નામ 'સેવા' કહેવાય. તેને જે કરવાથી સારું લાગે, પોતાના સ્વભાવને પણ તે કરવાનું ઇષ્ટ હોય, તે પણ

અહંકારથી નહિ પણ વિનયથી કરવું જોઇએ. વિનયવાળાને જ સેવા ફલ આપનારી થાય છે. તેમાં ઇન્દ્રિયોને પણ વશ રાખવી જોઇએ. ઇન્દ્રિયોમાં લુબ્ધ હોય તેની સેવામાં શંકા પડે છે, તેથી તેની ઉપર સ્વામી પ્રસન્ન થતો નથી. બીજાં પણ બ્રહ્માને રાજી કરે તેવાં સ્તોત્રો નારદે કર્યાં તે નારદ ધર્મરૂપે નથી કરતા, પણ બીજાને માટે કરે છે; એટલે ભગવાનની માયા જાણવા માટે કરે છે. (૪૦)

તે વાત હવે કહે છે:

**मायां विविदिषुर्विष्णोर्मायेशस्य महामुनिः ।**
**महाभागवतो राजन् पितरं पर्यतोषयत् ॥ ४१ ॥**

**શબ્દાર્થ:**—હે રાજન્, મહાભગવદ્ભક્ત અને મોટા મહામુનિ નારદજીએ માયાના ઈશ્વર એવા ભગવાન્ વિષ્ણુની માયા જાણવા માટે પોતાના બાપ બ્રહ્માને સેવા કરીને પ્રસન્ન કર્યા.

**ભાવાર્થ:**—માયાના ઈશ એમ સંબંધનો નિર્દેશ કર્યો છે તેથી આ માયા જગતના કારણરૂપ છે એમ સમજવું. મોહિકા માયા આ નથી. તે નારદે પહેલાં એવું જાણ્યું છે કે માયા વડે જ ભગવાન્ જગદ્રૂપ થાય છે. પ્રથમ કલ્પમાં એમ બનેલું પણ હતું. આ કલ્પમાં એટલો વિશેષ છે કે કવચિત્ ક્યારેક તે માયાને કારણપણાથી સ્વીકારે છે, કોઈ વખતે તેનો અંગીકાર નથી પણ કરતા. બન્ને રીતે પદાર્થમાં કાંઈ ફેર પડતો નથી. માયા બુદ્ધિગમ્ય છે. તેને પૂછવું હોય તો પૂછી શકાય છે. કેવળ ઈશ્વરમાં વ્યવહાર તો અયોગ્ય ગણાય, અશક્ય પણ ગણાય, કેમકે તે વિષ્ણુ (વ્યાપક) છે, ત્રણ પરિચ્છેદથી વિષ્ણુ પર છે. માયા તો દેશકાલ વસ્તુના પરિચ્છેદવાળી છે, સર્વત્ર કારણરૂપા છે, પોતાના અંશરૂપ મોહિકા માયાથી મોહ કરનારી છે. તે દશ પ્રકારની છે. તે વાત કહે છે કે માયાના ઈશની તે માયા છે. સૃષ્ટિ કરવામાં ભગવાનને તે સાધનરૂપે ઉપયોગી છે. નારદ તો મનનશીલ છે. તે બીજી માયાને જાણે છે. તે મોહ કરનારી માયાને છોડવાને ઈચ્છે છે. મુનિ પોતાનું ઇષ્ટ શેમાં છે તે જાણે છે. મહામુનિ તો પારકા હિતને પણ જાણે છે. તે નારદ ભગવદ્ભક્તમાં પણ મોટા છે. દશ પ્રકારની ભગવલ્લીલાને સાંભળવાના અધિકારી છે. 'રાજન્' એમ સંબોધન કરીને બતાવ્યું કે તમે પણ નારદની પેઠે સર્વ લીલા સાંભળવાના અધિકારી છો. પિતા બ્રહ્મા તેને સારી રીતે નારદે પ્રસન્ન કર્યા. સંતોષ આવે તો જ સેવાનું ફળ મળે છે. (૪૧)

તે પછી શું થયું તે કહે છે:

**तुष्टं निशम्य पितरं लोकानां प्रपितामहम् ।**
**देवर्षिः परिपप्रच्छ भवान् यन्मानुपृच्छति ॥ ४२ ॥**

**શબ્દાર્થઃ**—લોકના પિતામહ અને પોતાના પિતા બ્રહ્માને પ્રસન્ન થયા જાણીને દેવમાં ઋષિરૂપ નારદે બ્રહ્માને પૂછ્યું. જે તમે મને પૂછો છો તે જ બ્રહ્માને નારદે પૂછ્યું.

**ભાવાર્થઃ**—**निशम्य** એટલે જાણીને એવો અર્થ છે. અહીં **शम्**ધાતુ જ્ઞાનાર્થમાં લીધો છે. તેનું સારી રીતે જ્ઞાન થાય તો તે ઉત્કૃષ્ટ જ્ઞાન કહેવાય; તે માટે બ્રહ્માને પ્રશ્ન કર્યો છે, કેમકે પુત્રે પિતાને પૂછીને જાણવું જોઇએ. તે કેવળ સ્વાર્થ માટે પૂછતા નથી પણ સર્વને માટે પૂછે છે, કેમકે તે લોકના પ્રપિતામહ છે. પિતાએ પુત્રને બધું શીખવી હોશિયાર બનાવવો જોઇએ. માટે મને જો મારા બાપ સારી રીતે શીખવે તો હું મારા પુત્રરૂપ લોકોને શિક્ષા આપું. બ્રહ્મા મને કહેશે એમ પણ નારદ જાણી ગયા. તે દેવના ઉપાસ્ય મન્ત્રને જાણે છે, તે બ્રહ્માના હૃદયને જાણે તેમાં શંકા જેવું નથી. ચોતરફથી પ્રશ્ન કર્યો એટલે તેનાં સાધનોનો પણ તેમાં વિચાર આવી ગયો. જેમ તમે મને પૂર્વપક્ષથી પૂછ્યું તેમ નારદે બ્રહ્માને પૂછ્યું ને કહ્યું કે આપ જેમ મને પૂછો છો તેમ નારદે બ્રહ્માજીને પૂછ્યું છે. (૪૨)

તેના ત્રણ અર્થ (જ્ઞાન વૈરાગ્ય અને વિચાર) તો પ્રથમથી જાણ્યા છે, તેથી સર્વસંદેહનિવારક ત્રીજો અર્થ (ભક્તિરૂપ) બ્રહ્માએ નારદને કહ્યો. તે વાત આગળના શ્લોકમાં કહે છેઃ

**तस्मा इदं भागवतं पुराणं दशलक्षणम् ।**
**प्रोक्तं भगवता प्राह प्रीतः पुत्राय भूतकृत् ॥ ४३ ॥**

**શબ્દાર્થઃ**—ભૂતકૃત બ્રહ્માને ભગવાને જે પ્રસન્ન થઇને ભાગવત કહેલું તે દશ લક્ષણવાળું ભાગવત પુરાણ બ્રહ્માએ પ્રસન્નતાથી પોતાના પુત્ર નારદને કહ્યું.

**ભાવાર્થઃ**—બીજાં દશ લક્ષણો પુરાણોનાં કહ્યાં છે. તે લક્ષણો લોકમાં પ્રસિદ્ધ છે. તે ન સમજી લે માટે કહ્યું કે બ્રહ્માએ નારદને બીજું પુરાણ નથી કહ્યું, પણ ભાગવત કહ્યું છે. જે ભગવાને કહ્યું છે; જેમાં ભગવાનનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે. આનાથી પ્રથમ સિદ્ધાન્ત પણ (સર્વ ભગવાન્ એ) કહ્યો છે. પુરાણ કહેવાથી લોકપ્રતીતિસિદ્ધ બીજો સિદ્ધાન્ત (માયાથી અન્યથા હોય છે) પણ કહ્યો. ચતુઃશ્લોકીના ચાર શ્લોકમાં પ્રમેય પ્રમાણ વિષય અને તેની ઉપપત્તિ કહ્યાં છે. તેમાં ભાગવત કહ્યું એટલે ભગવાનનું સ્વરૂપ કહ્યું, એટલે પ્રથમ શ્લોકનો સિદ્ધાન્ત નારદને કહ્યો. પુરાણથી લોકપ્રતીતિ સિદ્ધ હોવાથી બીજા શ્લોકનો

સિદ્ધાન્ત પણ ભગવન્માયાથી તે પ્રતીતિ અન્યથા થાય છે એ સિદ્ધાન્ત પણ કહ્યો. इदम् શબ્દથી આંગળી ચીંધીને બતાવ્યું, તેથી ચોથું ફળ પણ તેમાંથી બતાવ્યું. આથી ચતુઃશ્લોકીમાં કહેલ ચાર સિદ્ધાન્તો બ્રહ્માએ નારદને કહ્યા. તેને પ્રમાણરૂપ ગણવા માટે ભાગવત સિદ્ધાન્તની પરંપરા કહે છે કે તે ભગવાને મને કહ્યું, મેં તમને કહ્યું, એટલે તે સિદ્ધાન્ત ભગવાનનો કહેલો છે, માણસનો ઉપજાવેલો નથી. આ સિદ્ધાન્ત તો પરમસમાધિગમ્ય હોવાથી તે નારદને કેમ કહ્યો? ત્યાં કહે છે કે નારદ ઉપર એની પ્રીતિ છે, તેથી તેમ કર્યું. પુત્રને સદુપદેશ પણ જરૂર દેવો જોઇએ. નારદ તો માયાના જ્ઞાન માટે આવ્યો હતો, તેને માયા ન કહેતાં ભગવત્સ્વરૂપ બતાવવાનું શું કારણ? ત્યાં કહે છે કે પુત્ર માર્ગે ન ચાલતો હોય તોપણ તેને અમાર્ગથી નિવારણ કરી સન્માર્ગનો ઉપદેશ બાપે કરવો જોઇએ. આ બ્રહ્મા સર્વ ભૂતને પેદા કરનાર છે. તે સર્વનો ઉપકાર થવા માટે તેણે નારદને આ મતરૂપ ધન સોંપ્યું છે. તેનો વિસ્તાર થતાં જગતનું કલ્યાણ થશે. (૪૩)

નારદે બ્રહ્માની ઇચ્છા પ્રમાણે કર્યું તે કહે છે:

**नारदः प्राह मुनये सरस्वत्यास्तटे नृप ।**
**ध्यायते ब्रह्म परमं व्यासायामिततेजसे ॥ ४४ ॥**

**શબ્દાર્થ:**—હે રાજન્! નારદજીએ બ્રહ્માની પાસેથી ભાગવતસિદ્ધાન્ત લીધો તે સિદ્ધાન્તનો ઉપદેશ-સરસ્વતીના કિનારા ઉપર પરબ્રહ્મનું ધ્યાન કરતા અતુલ તેજવાળા વ્યાસ મુનિને કર્યો.

**ભાવાર્થ:**—વ્યાસ એ સિદ્ધાન્ત સાંભળવાને લાયક છે, તેથી તેને ચાર વિશેષણો આપ્યાં છે. તેમાં પ્રથમ ચોથાની યોગ્યતા બતાવે છે. મુનિ પોતાના સ્વરૂપને ભગવદ્રૂપે ધ્યાન કરે છે. તેને ભગવાનની દશ લીલા જાણવી હતી, તેથી તે પરબ્રહ્મનું ધ્યાન કરતા હતા. જે પુરુષોત્તમનું ધ્યાન કરે તે તેની દશ પ્રકારની લીલાને જાણે. પોતે વ્યાસ છે, વેદનો વિસ્તાર કર્યો છે, તે સર્વની બુદ્ધિને સમજીને કહે છે. વ્યામોહવાળી માયાને જાણવાને સમર્થ છે. અમિત તેજવાળા વ્યાસને કહ્યા તેથી તે ભગવત્સ્વરૂપ જાણવાની શક્તિવાળા છે. અલૌકિક તેજ બ્રહ્મજ્ઞાનમાં પ્રયોજક થાય છે. બ્રહ્મજ્ઞાનવાળાનું તેવું તેજ દેખાય છે, તેવું તેજ ભગવદ્જ્ઞાનમાં ઉપયોગી છે. (૪૪)

એમ પરંપરા કહીને સામાન્ય રીતે સર્વ દૂષણને દૂર કરીને પ્રશ્ન કરેલા અર્થોને હવે કહે છે:

**यदुताहं त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् ।**
**यथासीत्तदुपाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—તમે મને કહ્યું કે વિરાટ્પુરુષથી આ જગત કેમ થયું ? તે તથા બીજા પ્રશ્નો કહ્યા તે બધા પ્રશ્નોના ઉત્તર હું તમને અનેક પ્રકારે સમજાય તેમ આપીશ.

**ભાવાર્થ**:—દૂષણ વગર કેવળ પ્રશ્નરૂપે તમે કહ્યું તે પણ હું તમને કહીશ. એ કહેવા માટે उत અવ્યય કહ્યું. તેના ઉપાખ્યાનથી હું તમારા હૃદયમાં બેસે તેમ કહીશ. તેમાં પ્રશ્નમાં સામાન્ય અને વિશેષ એવા બે ભેદ છે. તેમાં સામાન્ય તમારો પ્રશ્ન એ જ કે વિરાજથી આ બધું જગત કેમ થયું ? વિશેષમાં તો તેના અવાંતર ભેદો જાણવાની જરૂર છે. બીજા પ્રશ્નો એટલે તેને લગતા તેને ઉપયોગી વિષયો જે તમે પૂછ્યા હોય તે તે બધા, ચકાર છે તેથી સમજવાના છે. તમારા વગરના બીજાએ જે પ્રશ્નો કર્યા હોય તેનો ઉત્તર પણ હું તમને કહીશ. એક એક પ્રશ્નને બહુ પ્રકારે હું તમને કહીશ. (૪૫)

**ઇતિશ્રીભાગવત દ્વિતીયસ્કન્ધની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ**
**શ્રીવલ્લભદીક્ષિત-વિરચિત સુબોધિની ટીકામાં**
**નવમો અધ્યાય[1] સંપૂર્ણ થયો.**

---

૧ આ આખા દ્વિતીયસ્કન્ધનો સાર શ્રીપુરુષોત્તમજી ૨-૯-૪૩ના પ્રકાશના અંતમાં આ પ્રમાણે આપે છે. ब्रह्मणा नोदितः ૨।૮।૧ એ દોઢ શ્લોકથી કેટલાકને અધિકાર હોય, અને કેટલાકને ન હોય. એ પક્ષ ભક્તિમાર્ગમાં ન હોય, કેમકે અહીં તો सर्वेऽधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप એ વાક્યનો વિરોધ આવે એવો પરીક્ષિતનો પ્રશ્ન છે. તેને માટે श्रोतव्यादीनि ૨।૧।૨ એ ચાર શ્લોકથી સાધારણના અધિકારના નિવારણપૂર્વક અભયને ઇચ્છનાર ભગવાનનું શ્રવણાદિ કરે એ પ્રમેય-આક્ષેપ પરીક્ષિતે કર્યો તેનો नारदः प्राह मुनये ૨।૬।૪૪ એ શ્લોકથી ઉત્તર શુકદેવજીએ આપ્યો. તેથી નાના પ્રકારથી કહેવાનો ઉપદેશ પણ તેવા અધિકારીઓને માટે છે એ ફલિત થાય છે; નહિ તો નારદે બધાને કહ્યું હોત. વળી सर्वेऽधिकारिणः એ વાક્યથી વિષ્ણુભક્તિનો અધિકાર અતિદેશથી સર્વને કહ્યો તે देवो सुरो मनुष्यो वा એ વાક્યથી સાત્ત્વિક, રાજસ અને મિશ્રને જ નિયમથી તે અધિકાર છે એમ જણાય છે, નહિ તો તામસોને પણ ભક્તિ કરવાનું કહ્યું હોત. તેથી એવો નિશ્ચય થયો કે તામસાતિરિક્તને ભક્તિનો અધિકાર ખરો પણ તે ભજન કરતા દેખાતા નથી, તેથી લૌકિક રાગ તેની ભક્તિનો પ્રતિબંધક છે એમ માનવું જોઈએ. તે ફળ પ્રતિબંધક હોવાથી તેના અધિકારનો જ લોપ કરનારું છે, તેથી શુકદેવ અને બ્રહ્માજીનાં વાક્યોમાં વિરોધ નથી. એમ સ્વાર્થને માટે ભગવાનમાં મન રાખવાને માટે ચાર શ્લોક કહ્યા તેમાં हरेरद्भुतवीर्यस्य ૨।૮।૨ દોઢ શ્લોકથી तस्माद्भारतથી લઇને બે અધ્યાયથી સ્થૂળ સૂક્ષ્મ બે રૂપ કહ્યાં તેની વચમાં अथो अनन्तस्य ૨।૨।૨૬ એ પદ્યથી પ્રલય કહ્યો. તે ઉત્પન્ન થયો હોય તેનો પ્રલય થાય, બીજાનો ન થાય. जातस्य हि ध्रुवो मृत्युः એમ ગીતા કહે છે. તે પ્રલયના કર્તા ભગવાન્ છે. સર્વાત્મક ભગવાન્ સાંભળવા એ તો ઉપચાર માત્ર છે, પણ ખરી રીતે વીર્ય શ્રવણીય છે, તેથી ઉત્પત્ત્યાદિ કરનારનો પ્રશ્ન કર્યો તેનો ઉત્તર શુકદેવજીએ

इत्याक्षेपसमाधाने निरूप्य हरिजीवयोः ।
उपपत्त्या तयोरेव रूपदेहाविहोदितौ ॥ १ ॥
दशधा ज्ञायते रूपं हरेरन्यत् त्रिधा मतम् ।
आध्यात्मिकादिभेदेन गुणतः कर्मतोऽपि हि ॥ २ ॥

ભગવાન્ અને જીવના આક્ષેપ અને સમાધાનનું પૂર્વાધ્યાયમાં નિરૂપણ કર્યું. તે હરિ અને જીવનાં રૂપ અને દેહ યુક્તિથી કહેવામાં આવ્યાં. (૧) તેમાં ભગવાનનું રૂપ દશ પ્રકારનું જણાય છે. બીજી જગ્યાએ આધ્યાત્મિકાદિ ભેદ વડે ત્રણ પ્રકારનું પણ કહ્યું છે. ગુણ અને કર્મવડે (બે પ્રકારે) પણ કહેલું છે. (૨)

એમ પૂર્વ અધ્યાયમાં ભગવાને બ્રહ્માને ઉપદેશ કર્યો, તેમાં ચાર પદાર્થો કહ્યા. ત્રણ સિવાયના પક્ષો તો શ્રુતિમાં પ્રસિદ્ધ હોવાથી તેનો વિસ્તાર અહીં ન કરતાં એક પદાર્થમાં દશ લીલા છે, તે સ્વરૂપથી અને લક્ષણથી બતાવે છે. જોકે તે દશ પદાર્થો બહિર્મુખતાથી બીજાં પુરાણોમાં કહ્યા છે, પણ તે ભાગવતમાં નથી, પણ તે આ છે, તે કહે છે:

श्रीशुक उवाच ।
अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ १ ॥

**શબ્દાર્થઃ**—શુકદેવજી બોલ્યાઃ આ ભાગવતમાં સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય એ દશ પદાર્થ કહ્યા છે.

**ભાવાર્થઃ**—આ ભાગવતમાં આશ્રય છેલ્લો અને સર્ગ પહેલો એ મળીને દશ પદાર્થો કહ્યા છે. આ સિદ્ધાન્તમાં કહ્યા છે, એવો અર્થ પણ કરીએ તો

---

નારદબ્રહ્મ-સંવાદરૂપે આપ્યો. તેમાં સર્વાત્મકપણું અને મુખ્ય વૃત્તિથી સર્વકર્તૃત્વ એ માયાથી કહ્યું. એમ દ્વૈત થાય તો यदुक्तथी લઈને जन्मान्तरे त्वन्यत् એ સુબોધિની (સંસ્કૃત દ્વિતીય સ્કંધ પૃ. ૧૪૦, લીટી ૨૬થી ૩૨ સુધી)માં કહ્યા પ્રમાણે રાજપ્રશ્નથી એ અધ્યાયનો પ્રમેયનો આક્ષેપ કર્યો તેનો ઉત્તર નારદબ્રહ્મા અને બ્રહ્મા-ભગવાનના સંવાદરૂપે પૂર્વોત્તર સમર્થનાર્થ અને દુર્જ્ઞેયત્વજ્ઞાપન કરવા માટે ચતુઃશ્લોકીથી માયાવીર્યાદિ પણ ભગવાન્ છે એમ કહીને ઉત્તર આપ્યો. शृण्वतः ૨।૮।૪ ઈત્યાદિ ત્રણ શ્લોકથી ભગવાનને માટે બહુ કર્તવ્ય કહીને किं प्रमत्तस्य ૨।૧।૧૨ એ ત્રણ શ્લોકના પ્રમેયનો આક્ષેપ કર્યો તેનો ઉત્તર यर्हि वाव महिम्नि स्वे ૨।૯।૯ ઈત્યાદિ પદ્યથી આપ્યો. તેમાં કહ્યું કે જ્યારે જીવ ભગવાનમાં રમે ત્યારે માયાને છોડી ઉદાસ થાય, તેથી જીવકૃત કાલવિલંબ નથી, પણ ભગવાનની ઈચ્છા સમજવી. પણ ભગવાનમાં રતિ જો થઈ હોય તો કાંઈ દોષ ન થાય એ તેમાંથી દિગ્દર્શન કરાવ્યું છે.

ચાલે. એ [1]દશ લીલાના અર્થો તે તે સ્કન્ધમાં વિસ્તારથી કહેવામાં આવશે, તોપણ અહીં સામાન્ય રીતે તેનું નિરૂપણ કરવામાં આવે છે. તેમાં શરીર વગરના

---

૧ અહીં નવ લીલામાં ગુણનો સંબંધ રહે છે. તે રાજસ, સાત્ત્વિક, તામસ એમના ત્રણ ત્રણ ભેદ છે, તેમાં એક ત્રિકમાં ક્રમથી, ઉત્પાદકત્વ સ્થાપકત્વ અને વિલાપકત્વ આગળ કહેવામાં આવશે. પહેલાં ત્રણ પ્રકારે પ્રવેશ કર્યો. બે પ્રકારે વિરાજમાં પ્રવેશ કર્યો, એ વાત કહી ગયા છે. તે બેથી વ્યતિરિક્ત રીતે એમ ગણી દશ પ્રકાર પ્રથમ બતાવ્યા છે. તે પછી બીજી વાત કહી તેથી તેનું અનુસંધાન ન રહે તેથી તેનું જ્ઞાન પણ ન થાય, તેથી તેને સ્પષ્ટ કરવા માટે આ શ્લોકનું વ્યાખ્યાન સુબોધિનીરૂપે કરે છે તે तत्रथी આરંભ કરીને निर्वाहकम् ત્યાંસુધી આ વાત સ્પષ્ટ કરવામાં આવે છે. પ્રકાશકાર લખે છે કે તેનો અર્થ પ્રભુની દયાથી આમ ભાસે છે. સર્ગ એ ભગવાનનો અદીનત્વરૂપ ધર્મ. અદીનત્વ એટલે યથાસુખ વસ્તુરૂપે ભગવાનનો પોતાનો પ્રાદુર્ભાવ થવો. એવું સામર્થ્ય તે અદીનત્વ એમ ફલિત થાય છે. પ્રકૃતમાં વિષ્ણુ તો વ્યાપક હોય તે પુરુષોત્તમ પુરુષ–શરીરાકારે પોતે ક્રીડા કરવા માટે અનિત્ય અવ્યાપક સ્વરૂપ ગ્રહણ કરે તે પૂર્વ કહ્યા સામર્થ્યરૂપ થાય છે. विशुद्धं सत्त्वमूर्जितम् એવું વાકય પણ છે. સદંશાત્મકની શક્તિરૂપ ક્રિયા પુરુષોત્તમમાં જતાં તે સદંશ અવ્યક્તરૂપ થઈ ગયો. 'એ જ નાના અવતારનું નિધાન અને અવ્યય બીજ છે' એ વાકયથી તે સત્ત્વ જગતનું બીજ છે. બીજમાં વૃક્ષ છે પણ તે પ્રતીત થતું નથી. એમ પ્રત્યેક પદાર્થ ઘટાદિરૂપમાં કારણપણાથી અવ્યક્તસદ્રૂપે ભગવાનની સ્થિતિ તે સર્ગ. આ બધાના સમવાયરૂપ હોવાથી તે ઉત્પત્તિરૂપ છે. અપ્રવેશરૂપપણું તેમાં સ્પષ્ટ છે. આ સર્ગરૂપ પરિણામ સ્વભાવનું કાર્ય છે. એવી રીતે વિસર્ગ પણ લીલા–દશ લીલામાં બીજી લીલા (અનાયાસથી કરાતું કર્મ) તે પુરુષથી બ્રહ્માદિની ઉત્પતિરૂપ સ્પષ્ટ છે. આ સૃષ્ટિપ્રક્રિયામાં पश्चात् ત્યાંથી લઈને अभिव्यज्यते સુધીના ગ્રંથથી કહ્યું છે. આ જીવને દેહના સંબંધરૂપ જન્મકર્મનું કાર્ય છે. એથી પ્રત્યેક પ્રદાર્થમાં કાર્યત્વે પૂર્વથી જ વિદ્યમાન રહેવું છે. ફલથી તે કાર્યનું અનુમાન થાય છે. તે વિશિષ્ટ સર્ગરૂપ હોવાથી તે લીલા વિસર્ગરૂપ કહેવાય. તેમાં દૃષ્ટાન્ત કહે છે કે પટરૂપ કાર્યમાં તન્તુઓ ઘટરૂપે અવ્યક્ત હતા. તે બધા તન્તુઓને લાંબા કર્યા ત્યારે થોડો પટ વ્યક્ત દેખાયો, કેમકે લૂગડામાં તન્તુઓ અવયવરૂપે પ્રતીત થાય છે. તે થોડાં લૂગડાં જેવા દેખાય એ દશા વિસર્ગ કહી શકાય. તે તન્તુઓ જ લૂગડાના રૂપે પરિણમે છે. તે અપ્રવેશાન્તરરૂપ છે. તેને આદ્ય ક્ષણનો સંબંધ હોવાથી તેને ઉત્પત્તિરૂપપણું છે. ચેતન દેહમાંનો જીવનો સમાગમ મનાય છે. જડ વ્યક્તિ અને તેમાં ચેતન મળવાથી સમાગમ બે વસ્તુનો થયો. તેમાંથી એક અથવા બન્ને પણ વિસર્ગ કહેવાય. એવી જ રીતે તે તે મર્યાદામાં રહે તેવી રીતે પાલન કરવું તેનું નામ સ્થાન લીલા. તેને હસિત પણ કહે છે. બીજા અધ્યાયમાં અદીન–લીલા–હસિત–એ દશ ભેદ કહ્યા છે, ત્યાં તે હસિત એટલે સ્થાનરૂપ ત્રીજી લીલા છે. ૨–૭–૨૬ના આભાસમાં પોતે જ આજ્ઞા કરે છે કે परमार्थरूपे का मर्यादा એમ આપે જ સ્પષ્ટ કર્યું છે. પ્રત્યેક પદાર્થમાં સર્વ ઘટાદિમાં વસ્તુમાં વસ્તુના સ્વરૂપપણાથી મૂળરૂપથી એટલે વસ્તુસ્વરૂપાત્મક મૂળરૂપ–કારણથી પૂર્વનું રૂપ, તેની સાથે જેજે મર્યાદા, વસ્તુના સ્વરૂપની મર્યાદા, જેમ કારણરૂપ તંતુ થયા પહેલાં કપાસ હતો તે પટનું રૂપ છે તેવું સ્થાનલીલાનું સ્વરૂપ સમજવું. એટલે ઘટપટાદિના કારણની પણ પૂર્વની સ્થિતિ તે મૂળરૂપ તેની મર્યાદા તેને હસિત કહો કે સ્થાનલીલા કહો. મૂળની મર્યાદાને અનુસારે પાલન.

વિષ્ણુ પુરુષ-શરીરનો સ્વીકાર કરે તે સર્ગ કહેવાય. પુરુષથી બ્રહ્માદિની ઉત્પત્તિ

અહીં ઉત્પન્ન થયા પછી ઘણો કાળ સ્થિતિ હોવાથી પાલન કરવાનો અભિપ્રાય છે. આ પણ લીલા અપ્રવેશરૂપા સ્પષ્ટ છે. મૂળરૂપની મર્યાદા બહારથી નથી આવતી, કેમકે તે નૈસર્ગિક છે (સ્વભાવસિદ્ધ છે). આ લીલા સ્થિતિરૂપ છતાં ઉત્પત્તિરૂપા છે, મૂળ રૂપોપત્તિની તે સ્મારિકા છે. એમ સ્થિતિની અભિવૃદ્ધિરૂપ પોષણને અનુગ્રહરૂપતા સ્પષ્ટ છે. ઈશ્વરી લીલા પણ કહે- વાય, કેમકે 'અદીનલીલાહસિતેક્ષણ'માં ચતુર્થ લીલા ઈક્ષણ છે. તે પોષણ અનુગ્રહ સમજો. પ્રત્યેક પદાર્થ કાર્યસિદ્ધચર્થ છે. જેમ ઘડો તો બહારથી જળ લાવી આપે. પટ તો શરીરને ઢાંકે. તે કામ માટે તંતુઓ જેમ લૂગડામાં પ્રવેશે છે તેમ તે તે કાર્ય માટે પદાર્થમાં ભગ- વાનનો પ્રવેશ કાર્ય કારણને દઢ કરે છે. કોઈ આનુપૂર્વીથી વધતું જતું કારણ જ કાર્યરૂપ થાય છે તે પોષણ કહેવાય. આને કારણમાં પ્રવેશવાપણું છે, કારણથી અતિરિક્તપણું પણ છે. અનિત્યની સ્થિતિને સ્થાપકપણું સ્પષ્ટ છે. એમ ભ્રૂરૂપ કે તેના ઉલ્લાસરૂપ ઊતિને આચારપણું પહેલાં જ સ્પષ્ટ કર્યું છે. દરેક પદાર્થમાં બ્રહ્મજ્ઞાનીને પ્રતીતિ સિદ્ધ થવા માટે એટલે ઘટરૂપ પણ ભગવાન્ છે એવી પ્રતીતિ સિદ્ધ થવા સારુ તે ઘડા વગેરેમાં ભગવલ્લીલાનું પ્રદર્શન તેજ ભગવાનના કાર્યની તેમાં પ્રતીતિ કરાવનાર થાય છે; તે લીલાનું નામ ઊતિ છે. તેને લીધે અવયવીમાં ઘટ એવો પ્રયોગ થાય છે. ભગવાન જો તેમાં તેવી લીલા ન બતાવે તો બ્રહ્મ- જ્ઞાનીઓ તે તે નામથી તે પદાર્થનો વ્યવહાર ન કરે, તેથી જ જડભરતે રહુગણ રાજાને કહ્યું છે કે न सूरयो हि व्यवहारमेनं तत्त्वावमर्शेन सहामनन्ति એ વાકયમાં एनंપદથી અવિદ્વદ્વ્યવહારને અપ્રામાણિક કહ્યો. એટલું વિવેચન કરીને પાંચ પ્રકારની **અન્વય લીલાનો** ઉપસંહાર કરે છે, एवम् ઈત્યાદિથી. હવે વ્યતિરેકના પ્રકારને કહે છે: भङ्गरूप અથવા ભ્રૂરૂપ સદ્ધર્મને જેનું મન્વંતર બીજું નામ છે. જગતને ઉત્તંભન કરનાર હોવાથી સ્થાપકતા સ્પષ્ટ છે. પ્રત્યેક પદાર્થમાં કારણ (જે મૃદાદિ)થી ભિન્નપણું पुरुषावयवैरेतैः એ વાકયથી પુરુષના અવયવરૂપપણું તે રૂપ જે ઘટરૂપ ધર્મ **ભાવ** એટલે ઘટાદિરૂપત્વ, તે રૂપે વૈદિકોના ધર્મનું તે કારણ થાય છે. સંસ્કારદ્વારા અદૃષ્ટજનક અથવા પૂજ્ય દેવતાની પ્રીતિનો જનક પ્રાપંચિક ઘટાદિ પદાર્થ વિધિનો વિષય થતાં પ્રાપંચિક સ્વરૂપથી **વ્યતિરિક્ત** વૈદિક વિષય થાય તે **મન્વન્તર** કહેવાય. એમ ઉલ્લાસરૂપ અથવા ભઙ્ગરૂપ જે ઈશાનુકથા તે મર્યાદાભક્તિરૂપ હોઈને સંસારની નાશક છે. તેથી તે પ્રલયરૂપ પણ ગણાય. પ્રત્યેક પદાર્થ લૌકિક રૂપમાંથી વૈદિક રૂપ થઈને પુનઃ ભક્તિનો વિષય થાય એ પૂર્વવત્ સમજો. માટે જ અન્તર્ગૃહગતાઓના સંઘાતનો ત્યાગ થયો. રાસમંડલમણ્ડનાઓ અને બીજીઓના વહ્નચયોગોલક ન્યાયે પ્રપંચ કહ્યો તે પણ સંગત થાય છે. પ્રત્યેક પદાર્થમાં તે ઘટપટાદિ ફરીને બીજા પ્રકારે લૌકિક વૈદિક ભક્તોને સ્વરૂપના દર્શનની ઈચ્છાવાળા ભગવાનમાં એકનિષ્ઠાવાળાને પરિત્યાગરૂપે કરીને લૌકિકવૈદિક ભક્તિમાર્ગીય ધર્મોને રોકે અથવા આચ્છાદન કરે ભુલાવે તે નિરોધરૂપ અથવા આવરકરૂપ થાય તે નિરોધ કહેવાય. એમ ભૂરિરૂપ મુક્તિ એટલે સ્વરૂપલાભાત્મક મુક્તિત્વ. પોતે આધ્યા- ત્મિકાદિ ભાવથી જુદો થઈ प्रमुत्वेन हरेः स्फूर्तौ लोकत्वेन तदुद्भवः ઈત્યાકારક લીલાતદ્રૂપ લાભ તે મુક્તિ કહેવાય છે. એમ છતાં પ્રત્યેક પદાર્થનાં ત્રણરૂપ લૌકિક વૈદિક ભક્તિરૂપ ભાવ- ને આવરણ કરનાર છતાં પોતાના આવરક આત્માને છોડીને સ્વયં અતિરિક્ત ત્યાગરૂપ થાય છે એથી તેને મુક્તિરૂપ ભાવ નામ આપ્યું છે. અહીં સ્વરૂપ લાભરૂપ થાય છે તે સ્વરૂપ કોઈ

તે વિસર્ગ. ઉત્પન્ન થયેલાંઓનું મર્યાદા વડે પાલન તે સ્થાન. સ્થિતિ કરી રહેલાંઓની અભિવૃદ્ધિનું કાર્ય તે પોષણ. પોષણ પામેલાઓનું આચરણ તે ઊતિ. તેમાં પણ જે સદાચાર છે તે મન્વન્તર. તેમાં પણ વિષ્ણુ ભગવાનની જે ભક્તિ તે ઈશાનુકથા. ભકતોને પ્રપંચ–જગતનો ભાવ ન રહે તે નિરોધ. જેને પ્રપંચનો અભાવ સિદ્ધ થયો છે તેવાઓને સ્વરૂપનો જે લાભ તે મુક્તિ. મુકતોનું બ્રહ્મના સ્વરૂપમાં રહેવું તે આશ્રય. પ્રત્યેક પદાર્થમાં સર્ગ એટલે કારણપણાથી ભગવાનની કાર્યમાં સ્થિતિ વિસર્ગ; એટલે કાર્યપણાથી પહેલાંથી તેમાં ભગવાનનું રહેવું. પટ તન્તુથી બને તેથી તો તન્તુ તેમાં દેખાય છે. સ્થાન એટલે સર્વ વસ્તુમાં વસ્તુસ્વરૂપે અને મૂળરૂપે તે તે મર્યાદારૂપપણું. કાર્યસિદ્ધિ માટે સર્વ સમર્થ ભગવાનનો તેમાં પ્રવેશ તે પુષ્ટિ. બ્રહ્મજ્ઞાનીને પ્રતીતિ સિદ્ધ કરાવવા ત્યાં તેવી લીલા ભગવાન કરે તે ઊતિલીલા. એમ પાંચ પ્રકારે અન્વયરૂપે સર્વ વસ્તુમાં ભગવાનની લીલા, એવી જ વ્યતિરેકરૂપે દરેક પદાર્થમાં ભગવાનની પાંચ પ્રકારે લીલાને કહે છે, તેમાં કારણથી જુદી રીતે ઘટનારૂપથી જુદા ભાવથી સત્પુરુષના ધર્મનું કારણ પ્રાપંચિક હોવા છતાં વેદના વિધિનો વિષય થાય તે ભગવત્સ્વરૂપથી જુદો પડે તે મન્વંતર. તે જ ભક્તિનો વિષય થાય. ભગવત્સેવારૂપ ધર્મવડે લોક અને વેદથી જુદો પડી જાય ત્યારે ઈશાનુકથારૂપ થાય. તે જ જ્યારે લૌકિકવૈદિક ભક્તોને સ્વરૂપની ઇચ્છા કરનારને પરિત્યાગરૂપ એક વસ્તુમાં રોકે ત્યારે તે ભગવાન્ નિરોધરૂપ થાય છે. એવો નિરોધરૂપ છતાં આત્મા દેહને છોડાવીને પોતે પણ પરિત્યાગરૂપ થાય તે મુક્તિરૂપ થાય છે. ઘડા વગેરેમાં ભગવાનની અસંગોદાસીનતા તેનું નામ મુક્તિ. આશ્રય તો નવ પ્રકારના સ્વરૂપનો આધાર થાય છે. આના અજ્ઞાનમાં સર્વ શાસ્ત્રો વ્યાકુળ થાય છે, માટે ભાગવતશાસ્ત્ર સર્વનું ઉદ્ધારક અને સર્વ શાસ્ત્રવચનોનું નિર્વાહક છે. (૧)

બહારથી આવવું નથી પણ 'આ મારું છે' એવો ભાવ એ મુક્તિ અહીં લેવાની છે. એટલે ભગવાનની લીલામાં ઉપયોગી પૂર્વથી અતિરિક્ત સત્ત્વ એ મુક્તિ. આ સત્ત્વને પ્રભુચરણે मत्तोत्तमश्लोकजनेषु सख्यम् એ વૃત્રાસુર ચતુઃશ્લોકીના વ્યાખ્યાનમાં વિસ્તારથી पुष्टिस्तु तद्विपरीता ઈત્યાદિ વ્યાખ્યાન કરી કહ્યું છે. વિશેષ જિજ્ઞાસુએ ત્યાં જોવું. ત્યાં શંકા કરે કે આ પુષ્ટિમાર્ગની મુક્તિનું લક્ષણ મર્યાદામાં ઘટી ન શકે તેનું કેમ? તેના ઉત્તરમાં કહે છે કે ઘટપટાદિ પદાર્થમાં ભગવાનનું અસંગ ઉદાસીનરૂપ તે મુક્તિ. તેથી બન્ને ધર્મો હોવાથી દોષ નથી. આશ્રયરૂપ તો સર્વત્ર સાધારણ છે. તેના વ્યાખ્યાનની જરૂર નથી. ત્યાં શંકા કરે છે કે, ભાગવતશાસ્ત્રમાં આવા રૂપનું વર્ણન કેમ આપ્યું છે? તેના ઉત્તરમાં કહેવાનું કે આવું સ્વરૂપ ન જાણવામાં આવે ત્યાંસુધી બધાં શાસ્ત્રવચનોનો બાધ આવે, તેથી શાસ્ત્રોને સ્થિર કરવા માટે આવું ભગવત્સ્વરૂપ માન્યું છે; તેથી સર્વત્ર ભગવદાત્મકતા એમાં તરતમભાવનો સંકોચ માની યથાયોગ્ય જાણી લેવું.

અહીં દશ પદાર્થો કેમ કહેવાય છે? એમ કહેવાથી તો શાસ્ત્રભેદનો પ્રસંગ આવે. એક શાસ્ત્રમાં એક જ વસ્તુનું પ્રતિપાદન કરવું જોઇએ, પણ સમભાવ અને પ્રધાનભાવથી વધારે વસ્તુ કહેવો ન જોઇએ! ત્યાં કહે છે કે:

**दशमस्य विशुद्धयर्थं नवानामिह लक्षणम् ।**
**वर्णयन्ति महात्मानः श्रुतेनार्थेन चाञ्जसा ॥ २ ॥**

**શબ્દાર્થઃ**—દશ લીલામાં દશમી લીલા આશ્રય છે તેની શુદ્ધિ એટલે તત્ત્વજ્ઞાન માટે નવ લીલાનાં લક્ષણો કહ્યાં છે એમ શ્રુતિથી અને અર્થ વડે સાક્ષાત્ મહાત્માઓ કહે છે.

**ભાવાર્થઃ**—દશમો અહીં આશ્રય છે. તેની વિશેષરૂપ શુદ્ધિ એટલે સર્વ પદાર્થમાં ભગવદ્રૂપ દશ ધર્મો રહ્યા છે, તેમાંથી એક ગ્રહણ કરવો, બીજા ધર્મો છોડી દેવા. તે નવ ધર્મોનું સ્વરૂપ ન બતાવે તો કયા છોડવા અને કયા ગ્રહણ કરવા તેનો વિવેક ન રહે; માટે જેટલે દૂર સુધી ગુણસંબંધ હોય તેનો ત્યાગ કરવો, કેમકે તે સંબંધ રાખો તો ભગવદાશ્રયમાં તે વ્યભિચાર કરે, અનન્યાશ્રયનો ભંગ થાય; તેથી આ ધર્મો એક પછી એક આવે છે. જે છેવટમાં રહે તેને પકડવો; તેથી જેમ ચોખા ઉપરથી ફોતરાં કાઢી નાખીએ ત્યારે ચોખો નિરાવરણ થાય તેમ તે આશ્રયના આવરકો છે તેને છોડવાથી આશ્રય શુદ્ધ થાય છે; તેથી તેનાં સ્વરૂપ જાણવા માટે લક્ષણો નિરૂપણ કરવાં જોઇએ. તે જ કહે છેઃ જેમ ગાયનું લક્ષણ ગલકમ્બલ (સાસ્ના–ગળે ગોદડી) એ તેનો અસાધારણ ધર્મ છે તેમ અહીં સર્ગાદિનાં લક્ષણ કહે છે, સ્વરૂપ કહેતા નથી; સ્વરૂપ તો આગલા સ્કન્ધોથી કહેવાશે. તેનું લક્ષણ આ છે. તેમાં પ્રમાણ તો તેનું વર્ણન કરે છે તે જ છે. તે ભગવદ્રૂપ છે. તેનું લક્ષણ સાધારણ તો કહી ન શકે; તેથી કહ્યું કે જેનો આત્મા મોટો છે, તે મહાત્માઓ મોટા અન્તઃકરણવાળા તેઓ તેનું વર્ણન કરી શકે. અન્તઃકરણમાં ભગવાનનું ચરણ પરાક્રમ સાથે સ્થિર થાય ત્યારે તેમાં મહત્તા આવે, ત્યારે તેના જાણવામાં ભગવાનનમાં સ્વરૂપો આવે. ભગવાન્ તો પ્રમેય છે; તે તેના સામર્થ્યથી જણાય તે પ્રમેયબળ કહેવાય; તે પ્રમાણનું બળ ન કહેવાય! ત્યાં કહે છે કે જે સર્વત્ર વેદાદિમાં પદાર્થ સાંભળ્યો તે બધો ભગવત્સંબંધી હોય; જેમકે-**सर्वे वेदा यत्पदमामनन्ति** (સર્વે વેદ જેના ચરણનો અભ્યાસ કરીને જાણે છે), **शतं शुक्राणि यत्रैकं भवन्ति । सर्वे होतारो यत्रैकं भवन्ति** (સર્વ બીજ ચૈતન્યો જ્યાં એકત્ર થાય છે; સર્વ હોમનારા જીવો જ્યાં એકત્ર થાય છે.). અનુગ્રાહક પ્રમાણ અને પ્રમેયનું જ્યાં એકમાં પર્યવસાન કહ્યું છે, જેમાં તે ત્રણનું પર્યવસાન છે તે આશ્રય છે. એ ત્રણે ગુણો અન્યોન્ય મળવાથી નવ ભેદ થાય છે. તે નવ સર્ગ વિસર્ગાદિનાં લક્ષણરૂપ થાય છે.

તેમાં સર્ગાદિમાં પ્રમેય લક્ષણ છે, કેમકે તેમાં કારણનું પ્રાધાન્ય છે. પુષ્ટયાદિમાં પ્રમાણ લક્ષણરૂપ છે. ઈશાનુકથાદિમાં જ્યોતિષ્ લક્ષણરૂપ છે. એ જ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ થાય છે. તેમાં ઉત્પત્તિ કારણથી કાર્યથી અને આધારથી, સ્થિતિ પોષણથી વિલાસથી અને ધર્મથી, પ્રલય પણ અહંતામમતારૂપ ઇશાનુકથાવડે લક્ષણરૂપ થાય છે. સંઘાતનો પ્રલય નિરોધ ગણાય છે. મુક્ત જીવોનો બ્રહ્મમાં પ્રવેશ થાય છે તેવો નિરોધ નથી, તેથી શ્રુત અર્થથી, ચકાર છે, તેથી તેના સાધનની યુક્તિથી મહાત્માઓ વર્ણન કરે છે. કિલષ્ટ કલ્પનાથી નથી કરતા પણસરલતાથી વર્ણન કરે છે. (૨)

હવે તે સર્ગાદિ દશ લીલાઓનાં લક્ષણો કહે છેઃ

**भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः ।**
**ब्रह्मणो गुणवैषम्याद्विसर्गः पौरुषः स्मृतः ॥ ३ ॥**
**स्थितिर्वैकुण्ठविजयः पोषणं तदनुग्रहः ।**
**मन्वन्तराणि सद्धर्मः ऊतयः कर्मवासनाः ॥ ४ ॥**

**શબ્દાર્થઃ**—પાંચ ભૂતો, પાંચ વિષયો, દશ ઈન્દ્રિયો, ચાર અન્તઃકરણરૂપ બુદ્ધિ, તેમનો જન્મ તે સર્ગ કહેવાય. એટલે ગુણો ત્રણ, મહદ્દહંકાર અને પ્રકૃતિ તે બધાનો બ્રહ્મથી વિરાટ્રૂપે જન્મ થાય તે સર્ગ કહેવાય. પુરુષ (બ્રહ્મા)થી જે સર્ગ થાય તે વિસર્ગ કહેવાય. ભગવાનનો વિજય તે સ્થિતિ લીલા કહેવાય. તેનો અનુગ્રહ પોષણ કહેવાય. સદ્ધર્મ તે મન્વન્તર અને કર્મની વાસના તે ઊતિલીલા કહેવાય.

**ભાવાર્થઃ**—ભૂત એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. પાંચ તન્માત્રા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ. પાંચ કર્મેન્દ્રિયો પાંચ જ્ઞાનેન્દ્રિયો મળી દશ ઇન્દ્રિયો. બુદ્ધિ અન્તઃકરણથી ચાર ભેદવાળી. એમ ચોવીસ તત્ત્વ કહ્યાં. તે તત્ત્વનું કારણ ત્રણ ગુણો. તેમના વિષમપણાથી ગુણતા તેમાં આવી. તેનું કારણ બ્રહ્મ લઈએ તો પરંપરાથી ૨૮ તત્ત્વો થાય. તેના જન્મનું નામ સર્ગલીલા. તે સર્ગ પ્રત્યેકનો અને સમુદાયનો એમ તેના બે ભેદો. ગુણોનું વૈષમ્ય ચાર પ્રકારનું છે, તે પ્રત્યેક વિષમ છે, સમુદાયથી પણ વિષમ છે, અથવા તે ત્રણ પ્રકારના છે, એમ સર્ગ ૩૩ કે ૩૪ ભેદથી ભિન્ન થાય છે. તેટલા એટલે ૩૩ અધ્યાય તે સર્ગલીલા (તૃતીયસ્કન્ધ)ના છે. विसर्गः पौरुषः स्मृतः એટલે જે પુરુષથી થયા તે વિસર્ગ શબ્દથી કહેવાય છે. તેમાં પ્રમાણ મોટાઓની સ્મૃતિ છે. પુરુષથી ત્રણ લોકના ભેદથી તેના ૩૧ ભેદ થાય છે. ૮ વસુઓ, ૧૧ રુદ્રો, ૧૨ આદિત્યો એ મળી ૩૧ થાય છે. તેટલા અધ્યાય વિસર્ગલીલા (ચતુર્થ સ્કંધ)ના છે. વૈકુણ્ઠનો વિશિષ્ટ જય જ્યાં હોય તે સ્થિતિ પ્રાકૃતમાં ૨૪ પ્રકારે છે. આત્મામાં બે-જીવ બ્રહ્મભેદથી પ્રકાર છે. એ છવીશ સ્થાનલીલા (પંચમ સ્કંધ)ના અધ્યાય

છે. હવે પુષ્ટિનું લક્ષણ કહે છે. જીતેલાઓની ઉપર પુરુષોત્તમનો અનુગ્રહ તે પુષ્ટિ. તેમાંથી મર્યાદાને માટે છને જુદા કરીને બાકીનાની ઉપર અનુગ્રહ છે. પાંચભૂત અને બે આત્મામાં અનુગ્રહ નથી. બાકી રહ્યા ૧૯. તેટલા અધ્યાય પુષ્ટિલીલા (ષષ્ઠસ્કન્ધ)ના સમજવા. હવે ઊતિ વાસનાપણું છે. સદ્ધર્મને ધર્મપણું છે. ધર્મજનિત વાસના હોય તેથી વિપરીતતાથી બતાવે છે. મન્વન્તર એટલે સત્પુરુષોનો ધર્મ. તે કાયા વાણી અને મનથી કરેલો ત્રણ પ્રકારનો હોય. કાયિક દશ પ્રકારનો, વાચિક દશ પ્રકારનો, માનસ ચાર પ્રકારનો, કેમકે અન્તઃકરણ મન બુદ્ધિ ચિત્ત અને અહંકારના ભેદથી ચાર પ્રકારનું છે. ઇષ્ટનું ચિન્તન આવાપ અને ઉદ્વાપથી થાય. ઇષ્ટ આશંસા કરે; હું કરીશ એવા ભાવથી વિચારે. એમ અન્તઃકરણમાં ચાર પ્રકારે ધર્મ સર્વ ઇન્દ્રિયોથી પણ સદ્ધર્મ કરવાનું રેતોપાનના નિરોધથી (વીર્ય તેના સ્થાનથી બહાર ન જવા દેતાં તેને ત્યાં જ રોકવું તે રેતોપાનનિરોધ કહેવાય) તે લિંગ અને પાયુને ધર્મનું કારણપણું છે. [1]આશ્રય(પાદ), આદાન (પાણી), તૃપ્તિ (વાક્), પ્રજનન (શિશ્ન), જાડ્ય (પાયુ), તાપ, નિર્બંધના દૂરીકરણ અને શબ્દાદિદાનથી જ શરીરમાં સદ્ધર્મ દશ પ્રકારે રહે છે. એમ ઇન્દ્રિયોમાં દશ પ્રકાર, અન્તઃકરણમાં ચાર પ્રકારથી ૨૪ ભેદ થયા, તેટલા અધ્યાય અષ્ટમસ્કન્ધ-મન્વન્તરલીલાના છે. કર્મે ઉત્પન્ન કરેલી વાસના કર્મેન્દ્રિયોના અને શરીરના ધર્મો વાસનાજનક થાય છે. જ્ઞાનેન્દ્રિયોના ધર્મો તથા અન્તઃકરણના ધર્મો વાસનાજનક નથી હોતા, તેથી શરીરના ધર્મો દશ તથા કર્મેન્દ્રિયના પાંચ મળી પંદર થયા; તેટલા અધ્યાય ઊતિલીલા (સપ્તમ સ્કંધ)ના સમજવા. (૩-૪)

હવે ઈશાનુકથાનું લક્ષણ કહે છેઃ

**अवतारानुचरितं हरेश्चास्यानुवर्तिनाम् ।**
**पुंसामीशकथाः प्रोक्ता नानाख्यानोपबृंहिताः ॥ ५ ॥**

**શબ્દાર્થઃ**—ભગવાનના અવતારાદિનાં ચરિત્રો તથા ભગવાનના ભક્તોનાં ચરિત્રોનાં અનેક આખ્યાનોથી વૃદ્ધિગત થયેલી ઈશાનુચરિત લીલા કહેવાય છે.

**ભાવાર્થઃ**—ઈશાનુકથા બે પ્રકારની છેઃ ઈશ્વરની અને તેના ભક્તોની કથા. તે બન્ને ઈશાનુકથા કહેવાય. આ ભગવાનને અનુસરનાર ભક્તોની કથા બીજા લક્ષણમાં એનો સમાવેશ થાય છે. જેમ ભગવાન્ સર્વદુઃખનિવારક છે, તેમ જે દુઃખ મટાડનાર હોય તે તદનુવર્તી કહેવાય. તેમાં ઈશને 'હરિ' એવું વિશેષણ આપ્યું છે. તેથી દુઃખ દૂર કરવું અને સુખ આપવું એવા બે અર્થો થાય છે. દુઃખનું નિવારણ કરવામાં ગુણના ભેદથી નવ પ્રકાર થાય. ઈશાનુચરિત

[1] દશ ઇન્દ્રિયોનાં કાર્ય છે તે યથાયોગ્ય કાર્યનો ક્રમ ગોઠવી લેવો.

પણ કર્મ જ્ઞાન અને ભક્તિથી ત્રણ પ્રકારનું હોય છે. તેમ તદનુવર્તી ભક્તોમાં પણ જ્ઞાનીઓ એક પ્રકારના હોય છે. એમ દુઃખ દૂર કરવામાં તેર ભેદ થયા; સુખ આપવાના પ્રકાર દશ છે, કેમકે દશ ઇન્દ્રિયોથી સુખ અપાય છે. અને ભગવાન્ એક છે તે મળી ૧૧ થયા. પ્રથમ ૧૩ કહ્યા તે બન્ને મળી ૨૪ થયા. તે ઈશાનુકથા લીલા (નવમસ્કન્ધ)ના અધ્યાય સમજવા. તેમનું પ્રત્યેકનું નિરૂપણ આમાં છે તે બતાવવા માટે નાના આખ્યાનથી ઉપબૃંહિતં ઈશાનુકથા કહી છે.(૫)

હવે નિરોધનું લક્ષણ કહે છેઃ

**निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः ।**
**मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ॥ ६ ॥**

**શબ્દાર્થઃ**—પોતાની શક્તિઓની સાથે આ ભગવાનનું પાછળથી પોઢવું તેનું નામ નિરોધ લીલા કહેવાય. અન્યથારૂપને છોડીને સ્વસ્વરૂપમાં આવી જવું એ મુક્તિલીલા કહેવાય.

**ભાવાર્થઃ**—આ ભગવાનનું પાછળથી શયન એટલે શક્તિઓને સુવરાવીને તેના ભોગને માટે પોતે પાછળથી તેની સાથે સૂએ છે. આ એટલે આગળ ઊભેલો દેહ બતાવે છે. દેહની શક્તિઓ ૭૨ નાડીઓના ભેદો છે. ભગવાનની श्रिया कीर्त्या गिरा कान्त्या इत्यादि ૧૨ શક્તિઓ છે. જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિ નામનું ત્રણ પ્રકારનું શયન. એમ ૮૭ ભેદ થયા. તેટલા અધ્યાયની સંખ્યા નિરોધ લીલા (દશમ સ્કન્ધ)ની સમજવી. હવે મુક્તિનું લક્ષણ કહે છે કે અન્યથારૂપને છોડીને સ્વરૂપમાં રહેવું. અન્યથારૂપ તત્ત્વરૂપને છોડવાં. અવસ્થા બે જાતની સામાન્ય અને વિશેષ ભેદવાળી અને ૨૮ તત્ત્વો મળીને ૩૧ થયા. તેટલી એકાદશસ્કન્ધના અધ્યાયની સંખ્યા સમજવી. એ મુક્તિ-લીલા એકાદશસ્કન્ધ કહેવાય. (૬)

આશ્રયનું લક્ષણ બાંધે છેઃ

**आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते ।**
**स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥ ७ ॥**

**શબ્દાર્થઃ**—ઉત્પત્તિ અને પ્રલય જેનાથી થાય, જેનાથી પ્રકાશે છે તે આશ્રય. તે જ પરબ્રહ્મ અને તે જ પરમાત્મા નામથી કહેવામાં આવે છે.

**ભાવાર્થઃ**—આશ્રય બે જાતનો છેઃ શાસ્ત્રમાર્ગથી પ્રપત્તિથી આશ્રય થાય છે, જ્ઞાનમાર્ગમાં સાયુજ્યથી આશ્રય થાય છે. અથવા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયથી આશ્રય સિદ્ધ થાય છે. તેમાં ક્રિયાથી આશ્રય પાંચ પ્રકારનો છે, જ્ઞાનથી આશ્રય આઠ પ્રકારનો છે. મન તો દ્વિઃસ્વભાવ છે; તેથી તેનો સંબંધ

ક્રિયા જ્ઞાન બન્નેમાં છે. અન્તઃકરણની અંદર અહંકારને આશ્રય નથી; તેથી તે તેર થાય છે. છતાં તે બે રૂપમાં વહેંચાય છેઃ એક ક્રિયારૂપ અને બીજો જ્ઞાનરૂપ થાય છે. તેમાં પહેલાં ક્રિયાવડે આશ્રયનું પ્રતિપાદન કરે છે. આભાસ ઉત્પત્તિ, ચકાર છે તેથી તમઃ લેવું. 'આભાસ' શબ્દથી ઉત્પત્તિ આદિ બધા લેવા. વસ્તુગતિએ માયિકોના પણ આશ્રય છે; તેથી વિષયતાને આશ્રયતાનો બોધ કરે છે. તે બે વિષયતાનો નિરોધ છે. આ આશ્રયપણું કર્તૃપણાથી છે. ત્યારે જે ક્રિયાવડે આશ્રયત્વ ગણાય છે, 'આભાસ' અને 'નિરોધ' શબ્દથી ઉત્પત્તિ અને પ્રલય લેવાના છે. બીજા વિકારો તેની અંદર ભાવી સમજવા. 'पूर्वरूपपरित्यागो द्वितीयस्यादिमस्तथा । उभावेकीकृतौ लोके वृद्धयादिभिरुदीरितौ' इति–પૂર્વરૂપનો પરિત્યાગ તે દ્વિતીયનો આરંભ કહેવાય. બન્ને લોકમાં એક થાય ત્યારે વૃદ્ધિ પરિણામ વગેરેથી બોલાય છે. આ વિકારો કેવળ ભગવાનથી થતા જ નથી પણ પ્રકાશ પણ પામે છે. તેમાં સ્વભાવ પણ ભગવાન્ ઉત્પન્ન કરે છે; માટે અસ્તિ ભાતિ અને પ્રિય એ ત્રણ ભગવાનનાં કાર્ય, તેના કારણપણાથી ભગવાન્ આશ્રય છે, કેમકે ભગવાન્ સત્ ચિત્ અને આનંદ છે. તેનાથી અસ્તિ ભાતિ અને પ્રિય એ ત્રણ ધર્મો થાય છે. આ ભગવાનનું બીજાં શાસ્ત્રોમાં બીજું નામ કહેવાય છે. તે સર્વનો સમન્વય થવા માટે નામાન્તરને કહે છેઃ વેદમાં તેને પરબ્રહ્મ કહે છે; સ્મૃતિ (ગીતા વગેરેમાં) તેને પરમાત્મા કહે છે. शब्द्यते એટલે શબ્દથી બોલાય છે; એથી શબ્દનો ભેદ છે. અર્થ તો એક છે. વેદ, ચતુર્મુખ અને વર્ણ ન માની લેવાય માટે पर શબ્દ વાપર્યો છે. परमात्मामां 'પર,' શબ્દ કહ્યો તેથી બ્રહ્મા વેદ અને અક્ષરનો બોધ નહિ થાય પણ ભગવાનને જ બોધ થશે. જીવના વ્યુદાસ માટે 'બ્રહ્મ' શબ્દ કહ્યો છે. (૭)

એમ ક્રિયાશ્રયનું નિરૂપણ કરી જ્ઞાનાશ્રયને સમજાવે છે, બે શ્લોકોથીઃ

**योऽध्यात्मिकोऽयं पुरुषः सोऽसावेवाधिदैविकः ।**
**यस्तत्रोभयविच्छेदः स स्मृतो ह्याधिभौतिकः ॥ ८ ॥**

**શબ્દાર્થઃ**—જે આધ્યાત્મિક પુરુષ છે, એટલે નેત્ર વગેરે ઇન્દ્રિયોનો અભિમાની જીવ તે જ અધિદૈવ એટલે ઇન્દ્રિયોના દેવો સૂર્યાદિના નિયામક છે. તે બન્નેનો વિભેદ કરનાર તે આધિભૌતિક. દેહસ્થિત ગોલાકાદિરૂપ તે આધિભૌતિક છે; તેને લીધે આધ્યાત્મિકાદિ બે ભેદ થાય છે.

**ભાવાર્થઃ**—જ્ઞાન આગળ કહેવાશે; અહીં તો જ્ઞેય કહે છે. જ્ઞેયના ત્રણ આધ્યાત્મિકાદિ ભેદ છે. આત્મામાં રહ્યા એ અધ્યાત્મ કહેવાયા. દેહને લઇને જે રહે ઇન્દ્રિયો અન્તઃકરણો અને પ્રાણો, તેને લઇને જે શારીર આત્મા વ્યાપાર કરે છે તે આધ્યાત્મિક કહેવાય. તે તે જ કે જે અહીં શ્રોતા અને વક્તા બનીને

કથા કહે છે. એનો અંતર્યામી તે આધિદૈવિક કહેવાય. અધિદેવ એટલે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ. તેનો નિયામક તેને આધિદૈવિક કહે છે. તે પણ તે જ છે. એક જ ઇન્દ્રિયો અને તેના દેવની ઉપર રહીને એ આધ્યાત્મિક આધિદૈવિક શબ્દથી બોલાય છે. તેથી દેવના અધિષ્ઠાતાનું સામર્થ્ય અન્તર્યામીમાં છે. તે દેવોનો પણ અન્તર્યામી પૂજ્ય છે. તે બે શબ્દની પ્રવૃત્તિના નિમિત્તરૂપ તે આધિભૌતિક કહેવાય. ભૂતની ઉપર જે સત્તા ચલાવે તે આધિભૌતિક કહેવાય. તે આધિભૌતિક સમુદાય તે દેહ. દેહથી વિદ્યમાન હોય તો ઇન્દ્રિયાભિમાનિત્વના પ્રેરકત્વને પામે. દેહ ન હોય તો તે બન્ને ન બને. એ બન્નેનો વિચ્છેદ કરનાર તે આધિભૌતિક. તેમાં મોટાઓની સ્મૃતિ પ્રમાણરૂપે કહે છે. સ્મૃતઃ એ શબ્દથી પ્રમાણ કહ્યું. (૮)

એમ જ્ઞેયનું નિરૂપણ કરી તદ્વિષયક જ્ઞાનના આધારપણાથી આત્માને કહે છેઃ

एकमेकतराभावाद्यदा नोपलभामहे ।
त्रितयं तत्र यो वेद स आत्मा स्वाश्रयाश्रयः ॥ ९ ॥

**શબ્દાર્થઃ—તે ત્રણમાં બેમાંથી એક ન હોય તો તે જણાતા નથી, જેમકે અધિદૈવ વિના બન્ને નકામાં, કારણ વિના દેવ અને ભૂત નકામાં, તેને જે જાણે તે સ્વાશ્રયવાળો આશ્રય સમજવો.**

**ભાવાર્થ:**—જીવ પણ ત્રણને જાણે છે અને અન્તર્યામી પણ આધ્યાત્મિકાદિ ત્રણને જાણે છે તો તે આશ્રયનું લક્ષણ અતિવ્યાપક ગણાશે ! ત્યાં કહે છેઃ ત્રણની[1] અંદર એક ન હોય તો જે દેખાતું નથી. બે હોય છતાં એક ન હોય તો તે નકામાં છે. એક પણ બે સાથે હોય તો દેખાય, અન્યથા ન દેખાય. ત્યારે તો **सापेक्षमसमर्थं भवतीति** (બીજાની અપેક્ષા કરે તે અસમર્થ ગણાય) એ ન્યાયથી ત્રણ ભેદને જાણી શકતો નથી. અન્તર્યામી પણ

---

૧. તે ત્રણમાં એક ન હોય તો તેનો અભાવ ગણાય છે. તેથી તે આક્ષેપ હોવાથી તે અનાત્મ વસ્તુ છે, એમ બતાવે છે. જેમકે દશ્ય વગર તેની પ્રતીતિથી અનુમાનિત થતી ઇન્દ્રિય સિદ્ધ થતી નથી. દ્રષ્ટા વગર પણ કરણ પ્રવૃત્તિથી અનુમાન કરાતો સૂર્ય સિદ્ધ ન થાય. અધિદેવ વગર ઇન્દ્રિય કામ ન કરે, ઇન્દ્રિય વગર દશ્ય નકામું ગણાય, તે ત્રણમાં એક ન હોય તો બે નકામાં થાય છે. તે ત્રણને સાક્ષીપણાથી જે સ્વતઃજ્ઞાનથી જાણે છે તે ખરો આશ્રય. તે જ પરમાત્મા કહેવાય. તેમને પણ પરસ્પર આશ્રયત્વ છે. તેના વ્યવચ્છેદને માટે તેને વિશેષણ આપે છે કે તે સ્વાશ્રય એટલે અનન્યાશ્રય છે, છતાં બીજાનો તે આશ્રય છે. પોતાને બીજાના આશ્રયની જરૂર નથી, તે જ ભગવાન્ કહેશે.

दृग्रूपमार्कं वपुरत्र रन्ध्रे परस्परं सिद्धयति यः स्वतः खे ।
आत्मा यदेषामपरो य आद्यः स्वयानुभूत्याखिलसिद्धसिद्धिः ॥

પોતાના વ્યાપારમાં રહીને ત્રણને જાણી શકતો નથી, કેમકે એ પણ ત્રણની અંદર રહી જાય છે. જેમ દેહ અને જીવ ત્રણને ન જાણે એ સર્વકોઈ જાણે છે તેમ અન્તર્યામીનું પણ જાણવું. એમ છે તો જે ત્રણને જાણે તે આશ્રય કહેવાય. તે આશ્રયનાં બીજાં નામ પણ કહે છે. તે आत्मा. જે સર્વમાં વ્યાપીને રહે તે આત્મા કહેવાય. માટે જ આની લીલા હોવાથી આત્માને વિભૂતિરૂપે ગણ્યો છે. ગીતાના વિભૂતિ અધ્યાયમાં अहमात्मा गुडाकेश (હે અર્જુન, હું સર્વનો આત્મા છું) એમ કહ્યું છે. આ જ આત્મા જ ભગવાનનું એકરૂપ છે. અથવા ભગવાન જ જ્ઞાનના આશ્રયપણાથી આત્મારૂપે કહેલા છે. તે આત્માને પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી, પોતાના અધિષ્ઠાતાનું જ્ઞાન ન હોવાથી તેનો આશ્રય કોઇ બીજો હોવો જોઇએ ! એ શંકા ન થવા માટે કહે છે કે તે સ્વાશ્રય છે: પોતાના આત્માનો આશ્રય કરીને તે રહે છે. તેને બીજાના આશ્રયની જરૂર નથી. આથી તે આત્મા પોતે સ્વપ્રકાશ છે એમ નિશ્ચય થાય છે. (૯)

એમ દશ લક્ષણનું નિરૂપણ કરીને ત્રણ આધ્યાત્મિકાદિ ભેદ બતાવવા માટે પ્રથમ કહ્યા વિરાજનું યુક્તિપૂર્વક હવે નિરૂપણ કરે છે:

**पुरुषोऽण्डं विनिर्भिद्य यदासौ स विनिर्गतः ।**
**आत्मनोऽयनमन्विच्छन् अपोऽस्राक्षीच्छुचिः शुचीः ॥१०॥**
**तास्ववात्सीत्स्वसृष्टासु सहस्रपरिवत्सरान् ।**
**तेन नारायणो नाम यदापः पुरुषोद्भवः ॥ ११ ॥**

**શબ્દાર્થ:**—વિરાટ્ પુરુષ અણ્ડનો ભેદ કરીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે પોતાને રહેવાનું સ્થાન જોઇએ તેની ઇચ્છા કરતાં પોતે પવિત્ર થઇને પવિત્ર જલને ઉત્પન્ન કર્યું. તે પોતે બનાવેલા જલમાં તે હજારો વર્ષ રહ્યા, તેથી તેનું નારાયણ એવું નામ થયું, કેમકે નરથી ઉત્પન્ન થાય તે નાર-જલ કહેવાય; તે જેનું સ્થાન તે નારાયણ કહેવાય, કેમકે પુરુષથી પ્રથમ જલ થયું છે.

**ભાવાર્થ:**—यावानयं वै पुरुषः ૨।૮।૮ (જેટલો હાથ પગવાળો આ પુરુષ છે) એ અમોએ વિરાટપુરુષને જીવ જેવો ગણી તેના નામરૂપનો આક્ષેપ કરેલો છે, તે જીવથી વિલક્ષણતા બતાવવા માટે સ્વેચ્છાથી તેનાં નામ અને ઇન્દ્રિયો થયાં એમ કહી જીવતુલ્યતાનું વારણ કરે છે. તેમાં પ્રથમ, નામની નિરુક્તિ કરે છે: પુરુષ એટલે વિરાટ બ્રહ્માણ્ડને ભેદીને જ્યારે નાળિયેરના કાચલાને ફોડીને ગોટો બહાર નીકળે તેમ બહાર આવ્યા અને પોતાનું કામ કરવાને સમર્થ બન્યા અથવા પ્રથમ ઈંડુ થયેલ તેને ફોડીને બહાર નીકળ્યા, જ્યારે ઇંડામાં હતા ત્યારે તેને જલાદિ આવરણની વ્યવસ્થા નહોતી. પુરાણાન્તરના કહેવાથી

તે ઈંડામાં હતા એમ બધાં કહે છે. ખરી રીતે તો તેના કટાહને તોડીને પોતે બહાર નીકળ્યા છે. પહેલાં કટાહનો આશ્રય હતો હવે તેને તોડીને ફેંકયો ત્યારે આશ્રય તો જોઇએ તેને માટે જળ ઉત્પન્ન કર્યું. પોતે શુદ્ધ છે, જ્ઞાનથી પૂર્ણ છે, ભગવાનનો અવતાર છે તેથી પોતાના આશ્રયરૂપ જળને પણ શુદ્ધ બનાવ્યું. બધાની શુદ્ધિ જલથી થાય છે તેથી શુદ્ધિ કરનાર જળને પ્રથમ બનાવ્યું. જલ પણ ફીણ પરપોટા વગેરે ન હોય તો શુદ્ધ ગણાય છે. તે શુદ્ધ જળ પોતે ઉત્પન્ન કરીને તેમાં રહેવા લાગ્યા. બીજો કોઇ જળ બનાવી કે તેમાં ઝાઝો વખત રહી ન શકે. **स्वसृष्टासु** એ પદથી જલ ઘણું ઉત્પન્ન કર્યું તેથી પોતાની પણ મોટાઇ કહી. પણ તેમાં બુદ્‌બુદે નહોતાં. જીવ થાય તો તેનો ભય થાય, ન થાય તો જળ અશુદ્ધ બને. તેના નિવારણ માટે કહે છે કે તે નારાયણ અવતાર બ્રહ્માના વર્ષના હિસાબે હજાર વર્ષ સુધી રહે છે એમ જણાય છે. અથવા તે જળમાં સૂએ છે. હજાર વર્ષ સુધી નારાયણ તેમાં સૂતા અને પછી સૃષ્ટિ કરવા લાગ્યા. એટલા વખતમાં પોતાના દેહમાં થતા જીવો અને પોતાનો નિર્વાહ કરવા જળમાં રહ્યા, તેથી તેનું 'નારાયણ' નામ પાડયું. જળમાં સૂતા તેથી નારાયણ કેમ કહેવાયા ? ત્યાં કહે છે કે નરથી થાય તે 'નાર' કહેવાય; એટલે પ્રથમ નરથી જળ થયું તે સ્થાન હોય જેનું તે 'નારાયણ' કહેવાય, કેમકે પુરુષથી પ્રથમ જળ થયું છે. પુરુષ એટલે **નર** તેનાથી થઇને **નાર**-જળ કહેવાય. પ્રથમ પુરુષ થયો તે નારાયણની પહેલાં થયો તે નર કહેવાયો. તેમાં ભગવાનનો આવેશ હતો તેનાથી જળ થયું તેનું નામ 'નાર' થયું. તે નાર રહેવાનું ઠેકાણું તે નારાયણ. એમ પોતે કાર્ય કરે તેનાથી તેનાં નામો પડે છે, તેથી તે પ્રાકૃત લૌકિક મનુષ્ય જેવા નથી. (૧૦-૧૧)

આ કારણથી પણ ભગવાન્ પ્રાકૃત તુલ્ય નથી તે કહે છેઃ

**द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च ।**
**यदनुग्रहतः सन्ति न सन्ति यदुपेक्षया ॥ १२ ॥**

**શબ્દાર્થઃ**—દ્રવ્ય કર્મ કાળ સ્વભાવ અને જીવ એ પાંચ પદાર્થ જેના અનુગ્રહથી થાય છે; જેની ઉદાસીનતામાં તેની ઉત્પત્તિ થતી નથી.

**ભાવાર્થઃ**—દ્રવ્ય એટલે અધિભૂત મહાભૂતાદિ, કર્મ અધ્યાત્મ-અદૃષ્ટાદિ, કાળ આધિદૈવિક નિયન્તા સર્વ પદાર્થના નિમિત્તરૂપ, સ્વભાવ પરિણામનો હેતુ, જીવ ભોક્તા **उपदानं निमित्तं च क्षोभको हेतुरेव च । भोक्ता चेति समस्तार्थे समर्थाः कृपया हरेः ॥१॥**(ઉપાદાન કારણ નિમિત્ત કારણ તેને ક્ષોભક કાલાદિ હેતુ અને જીવ એ ભગવાનની કૃપાથી બધા પદાર્થોના કારણરૂપ છે.) એવકારથી જીવ ઘણી રીતે

ઈશ્વરની કૃપાને અધીન છે એમ બતાવ્યું. ચકાર છે તેથી બીજાં પણ સાધનો જેવાં કે ઘડામે દંડ વગેરે તે ભગવત્કૃપાથી પ્રકટ થઈને તે કાર્યને માટે તૈયાર રહે છે. કાર્ય કરવાને સમર્થ પણ થાય છે. જો એમ ન હોય તો અવ્યક્ત તેમે ખેંચી લે છે, જેમ વાઘ પશુને ખેંચે છે. આમાં પ્રભુને ક્રોધ કરવાની પણ કાંઈ જરૂર નથી. પણ ભગવાન્ તેને મનમાંથી કાઢી નાખે કે તરત અવ્યક્ત તેને દેખાતો બંધ કરી દે છે. આથી यावान् कल्पः એ વગેરે શ્લોકમાં કાલાદિનો આક્ષેપ કર્યો તેનું પણ સમાધાન થયું. (૧૨)

અહીં શંકા કરે છે કે ભગવાન તો અનન્ત છે તે વળી સૃષ્ટિ શા માટે કરે છે? એવી શંકા ન કરવી. તેને માટે હવે સૃષ્ટિનો પ્રકાર કહે છે :

**एको नानात्वमन्विच्छन् योगतल्पात्समुत्थितः ।**
**वीर्यं हिरणमयं देवो मायया व्यसृजत् त्रिधा ॥ १३ ॥**

**શબ્દાર્થ**:—ભગવાન્ યોગશય્યામાંથી બેઠા થઈને પોતે અનેકરૂપ કરવાની ઈચ્છા કરી તેથી પોતાની માયામાં પોતાનું સુવર્ણરૂપ વીર્યને ત્રણ ભાગમાં વહેંચ્યું.

**ભાવાર્થ**:—ભગવાન્ એકલા જલમાં સૂતા હતા તેણે અનેક રૂપ ધારણ કરું એવી ઈચ્છા કરી તેથી સૂતા હતા તે શય્યામાંથી ઊઠીને જેમ પુરુષ શય્યામાંથી ઊઠે છે તેમ ઊઠીને બહુધા થયું છે તેથી ઊઠ્યા; તેથી વાસુદેવની માયા પોતાની સ્ત્રીને પાસે રાખવા માત્રથી પોતાની અંદર રહેલું વીર્યરૂપ બીજ સચ્ચિદાનંદરૂપ ભેદ વડે ત્રણ રૂપે ઉત્પન્ન કર્યું. (૧૩)

હવે એ ત્રણ ભેદ થયા તેને ગણાવે છેઃ

**अधिदैवमथाध्यात्ममधिभूतमिति प्रभुः ।**
**यथैकं पौरुषं वीर्यं त्रिधाभिद्यत तच्छृणु ॥ १४ ॥**

**શબ્દાર્થ**:—પુરુષનું એક જ વીર્ય ત્રણ ભાગમાં વહેંચાયું તે અધિદૈવ અધ્યાત્મ અને અધિભૂતરૂપે થયું. તેના ભેદને હું કહું છું તે હવે સાંભળો.

**ભાવાર્થ**:—પહેલું તો અધિદૈવ એટલે આનંદાંશરૂપ થયું. ત્યાર પછી ચિદ્રૂપ થયું. કેમ કર્યું એમ સવાલ થાય તેના જવાબમાં કહેવાનું કે તે પ્રભુ છે. સમર્થ હોય તે બધું કરી શકે. इति શબ્દ અહીં પ્રકારમાં મૂક્યો છે. જેમ આ ત્રણ કર્યાં તેમ બીજા પ્રકારો પણ બનાવ્યા. તેથી બધા ત્રણ પ્રકારના બનાવ્યા. બીજે પ્રકારે પણ ત્રણ પ્રકાર કહે છે. બનાવટ નથી કરતા પણ ઇચ્છાથી જ ત્રણ પ્રકાર બની જાય છે. તોપણ અહીં તો પ્રકારનું નિરૂપણ કરે છે. એક હતા તેમાં ભેદ પડ્યો એ વાત હવે કહે છે તેને સાંભળો. (૧૪)

તે જ બતાવે છેઃ

अन्तःशरीर आकाशात् पुरुषस्य विचेष्टतः ।
ओजः सहो बलं जज्ञे ततः प्राणो महानसुः ॥ १५ ॥

શબ્દાર્થ:—શરીરના અંદરમાં રહેલા આકાશને લીધે પુરુષે ચેષ્ટા કરી તેમાંથી ઓજ બળ (ઇન્દ્રિયોનું બળ ઓજ, અન્તઃકરણનું બળ સહ, અને શરીરનું બળ) એ ત્રણે થયાં. ત્યાર પછી પ્રાણ થયા. તે મોટો થયો.

ભાવાર્થ:—શરીરમાં અંદર હૃદય સ્થાનરૂપ આકાશ છે, માટે પુરુષ-ચેષ્ટા કરી શકે. જો અવકાશ ન હોય તો આમ તેમ ફરી ન શકાય. તેથી આકાશ ચેષ્ટાનું અધિકરણ થયો. પુરુષ નારાયણની એ ચેષ્ટા સમજવી. અંદરના ભાગમાં ચેષ્ટા કરવી એ નારાયણ જ કરી શકે. ત્યારે તે ચેષ્ટામાંથી ઇન્દ્રિય અન્તઃકરણ અને દેહમાં સામર્થ્ય પેદા થયું. તે જ ઓજ(ઇન્દ્રિય સામર્થ્ય),સહ (માનસિક સામર્થ્ય) અને બળ (શારીરિક સામર્થ્ય) થયાં. પછી પ્રાણ થયો. તે પ્રાણ એટલે પવન નહિ, પણ મહાન્ પ્રાણ–મહત્તત્ત્વના અંશભૂત સૂત્રાત્મા. ભૌતિક વાયુ નહિ. બીજા પ્રાણો પણ થયા. તે કહે છે કે असु,–सु–એ અનુકરણ શબ્દ છે તે ન થાય તે असु કહેવાય; એટલે પ્રાણ-વાયુ. ભૌતિક વાયુથી પ્રાણવાયુ જુદો છે. (૧૫)

ભગવાને ચેષ્ટા કરી ત્યાં ઇન્દ્રિયાદિ શક્તિ અને પ્રાણ થયા. તે પ્રાણનું માહાત્મ્ય કહે છે:

अनुप्राणन्ति यं प्राणाः प्राणन्तं सर्वजन्तुषु ।
अपानन्तमपानन्ति नरदेवमिवानुगाः ॥ १६ ॥

શબ્દાર્થ:—જેમ રાજાની પાછળ તેના નોકરો જાય તેમ જેની ઇન્દ્રિયો કામમાં જોડાય કે જગતની ઇન્દ્રિયો કામ કરવા લાગે, જેની ઇન્દ્રિયો નિવૃત્ત થાય તે જગ્યાએથી જગતની ઇન્દ્રિયો પણ નિવૃત્ત થાય છે.

ભાવાર્થ:—પ્રથમ રાજસાહંકારથી પ્રાણાદિની ઉત્પત્તિ કહી છે. તે આધિદૈવિક પ્રાણ સમજવા. આ પ્રાણ આધ્યાત્મિકરૂપ છે. જે પ્રાણ–ઇન્દ્રિયો કામ કરે ત્યારે બધાની ઇન્દ્રિયો પાછળથી કામ કરવા લાગે છે. અહીં પ્રાણ શબ્દથી ઇન્દ્રિયો લેવાની છે. તેમાં પણ સ્વરૂપમાં રહ્યા તે જ કરે એમ નહિ પણ પ્રાણ ચાલે કે તરત બીજાના પ્રાણો ચાલે છે. એટલે ક્રિયાને પણ ક્રિયાની અપેક્ષા રહે છે એમ આ ઉપરથી સૂચન થાય છે. ભગવાનની ઇન્દ્રિયો ચાલી કે બ્રહ્માથી ઘાસનાં થૂંબડાં સુધીની ઇન્દ્રિયો કામે લાગી ગઈ. જ્યારે ભગવાનની ઇન્દ્રિયો વિષયથી દૂર થઈ ત્યારે જગતના બધા જીવોની ઇન્દ્રિયોએ વિષયો છોડી દીધા. એમ ક્યારેક બનતું હશે એમ સમજવાનું નથી તેને માટે દૃષ્ટાન્ત કહે છે કે રાજાની પાછળ સેવકો ચાલે છે તેમ; રાજા પાછો ફરે તો સેવકો તેની પાછળ ફરે છે. (૧૬)

એમ તેનું માહાત્મ્ય કહીને આગળ તેની સૃષ્ટિને કહે છેઃ

**प्राणेन क्षिपता क्षुत्तृडन्तरा जायते प्रभोः ।**
**पिपासतो जक्षतश्च प्राङ्मुखं निरभिद्यत ॥ १७ ॥**
**मुखतस्तालु निर्भिन्नं जिह्वा तत्रोपजायत ।**
**ततो नानारसो जज्ञे जिह्वया योऽधिगम्यते ॥ १८ ॥**

**શબ્દાર્થઃ**—પ્રાણે મળાદિને આમતેમ ફેંકયા તેનાથી અંદરથી ભૂખ અને તૃષા ઉત્પન્ન થઈ. ત્યારે તેને પાણી પીવાનું અને ખોરાક ખાવાનું મન થયું, ત્યારે પ્રથમ મોઢું નીકળ્યું. મોઢામાં તાળવું થયું. તેમાં મોઢામાં જીભ થઈ. પછી અનેક રસ થયા જે જિહ્વાથી જાણી શકાય છે.

**ભાવાર્થઃ**—પ્રાણ કરણ છે. **क्षिपता** એટલે ક્ષેપયુક્ત પ્રાણ, અંદર રહેલી વસ્તુઓને (મળ વગેરેને) બહાર ફેંકતા તેનાવડે ભૂખ તરસ થયાં–એ એક જાતના અગ્નિ છે એમ કેટલાક કહે છે. કોઈ કહે છે કે તે મૃત્યુરૂપ છે. બીજા કહે છે કે ઊની વસ્તુ છે. ખરી રીતે તો અગ્નિરૂપ ભગવાન્ જ છે. તે ભૂખ અને તરસ નામની બેવૃત્તિવાળા છે. ઉદરની અંદર ભૂખ અને તરસ પેદા થાય છે. તેને લીધે પાણી પીવાની ઇચ્છા અને ખાવાની ઇચ્છા થાય છે; તેથી બહાર રહેલા પદાર્થો જળ અન્નરૂપને પીવાની ખાવાની ઇચ્છા જીવ કરે છે. પીવાની ઈચ્છા પીપાસા અને ખાવાની ઇચ્છા જીઘૃક્ષા પ્રથમ થાય છે. પુરુષ જ દિશાઓનો વિભાગ કરી શકે છે. મોઢું વિવરાત્મક છે તે મુખમાંથી તાળવું થાય છે. લોકમાં જેને જીભ કહે છે, તે જીભ મુખની પોલમાં થાય છે. ઉપર નીચે અંશથી હેવો એકત્ર થઇ પદાર્થ ગ્રહણ કરવા માટે તાળવારૂપે નીકળે છે, તેમાં જિહ્વા નામની ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે તેને નિમિત્ત કરીને મધુરાદિ રસની ખબર પડે છે. **'सर्वोऽपि विषयस्तत्र जायते कारणात्मतः।बहिःस्थितो वा तस्येच्छावशतो जायते रसः'।** (તેમાં કારણપણાથી બધા વિષય રહ્યા છે. બહાર તેને લીધે રસ જણાય છે) આ ઉપરથી અન્નાદિની વ્યવસ્થા સમજી લેવી. અંદર સ્થિતિના પક્ષમાં પણ તાળવાના વ્યાપારથી ભૂખ તરસની નિવૃત્તિ થાય છે. તેથી મોઢું બનાવ્યું છે. ઉપદીકા—ઊધઈની જેમ—ઊધઇ કોઈ બહારથી લાવતી નથી પણ બધું અંદરથી પેદા કરે છે. બહાર વિષયના પક્ષમાં તો સંદેહ નથી. શૃંગારાદિ પણ રસ કહેવાય છે. તેની નિવૃત્તિને માટે કહે છે કે જે રસ જિહ્વાથી લેવાય છે. જિહ્વાથી વિષય બને છે એથી છ રસ જિહ્વાવેદ્ય કહ્યા. (૧૭–૧૮)

પછી તે જ સ્થાનમાં બીજી ઇન્દ્રિય ઉત્પન્ન થઈ તેને કહે છેઃ

**विवक्षोर्मुखतो भूम्नोर्वह्निर्वाग्व्याहृतं तयोः ।**
**जले वै तस्य सुचिरं निरोधः समजायत ॥ १९ ॥**

**नासिके निरभिद्येतां दोधूयति नभस्वति ।**
**तत्र वायुर्गन्धवहो घ्राणो नसि जिघृक्षतः ॥ २० ॥**

**શબ્દાર્થઃ**—બોલવાની ભગવાને ઇચ્છા કરી ત્યારે મુખમાં અગ્નિદેવ થયા, વાક્ઇન્દ્રિય થઈ અને બોલવું એ નિયમ થયો. તે પહેલાં ઘણા વખત સુધી તે જળમાં બોલી શકયા હતા. વાયુ જ્યારે વધ્યો ત્યારે નાસિકા ઇન્દ્રિય થઈ તેમાં ગંધને વહન કરનાર વાયુ થયો. ગંધગ્રહણ કરવા માટે ઘ્રાણઇન્દ્રિય થઈ. ગંધ તેનો વિષય છે.

**ભાવાર્થઃ**—તે ભગવાનને વેદરૂપ વાણી બોલાવાની ઇચ્છા થઈ ત્યારે વિવરાત્મક મુખમાંથી વાણી થઇ. ભૂમા એટલે વ્યાપકરૂપ ભગવાન્. તે આકાશરૂપ સમજવા અથવા તેને મુખનું વિશેષણ કરવું, કારણ કે આકાશમાંથી જ શબ્દ થાય છે. જેમ તાળવામાં જિહ્વા છે તેમ મુખમાં આકાશ છે. તેમાં વાણીરૂપી ઇન્દ્રિય રહે છે. તેમાં પ્રથમ અગ્નિ દેવતા થયા. વાણી સ્ત્રી છે તેના ધણી વગર તે રહે નહિ, તેથી દેવતા પહેલી કહી. પછી વાક્ ઇન્દ્રિય થઈ અને બોલવું તેનો વિષય થયો. અન્યત્ર પણ પહેલાં દેવતા પછી ઇન્દ્રિય અને છેલ્લે વિષય સમજવો. ઇન્દ્રિય અને દેવતાથી થયેલો વાણીનો વ્યાપાર તે વ્યાહાર કહેવાય. તે દેવતા એ અધિષ્ઠિત ઇન્દ્રિયસાધ્ય છે, કેવળ ઇન્દ્રિયસાધ્ય નથી. એમ સર્વત્ર સમજવું. તેના ચાલવાથી અંદર વાયુ ઊપડયો તે અંદર બધું વાયુથી ભરાઈ ગયું, ત્યારે તેમાં તેને બહાર નીકળવા માટે નાસિકાના બેભાગ થયા. તેમાં બહારનો વિષય ગ્રહણ કરવો પડતો નથી, પણ અંદર વાયુ તેનું નિમિત્ત થાય છે. જયારે વાયુ અત્યંત ડોલવા લાગ્યો ત્યારે. અથવા નાસિકામાં ચલનાત્મક વાયુ જ ગોલકરૂપ છે, તેમાં વાયુ દેવતા છે. ગંધને વહન કરનાર વાયુ અથવા ઘ્રાણઇન્દ્રિય છે. ગંધ તેનો વિષય છે. વાયુ અને ઘ્રાણ એ બેની વચ્ચે ગંધવહ શબ્દ મૂળ શ્લોકમાં મૂકયો છે, એ તેના વિષયને કહેનાર છે. ઘ્રાણ ઇન્દ્રિય છે. ભગવાનને સુગંધ લેવાની ઇચ્છા થઈ ત્યારે તે ઇન્દ્રિય ઉત્પન્ન થઇ. તેમાં યથાયોગ્ય ક્રિયાપદનું અનુસંધાન કરી લેવું. (૧૯–૨૦)

એમ મુખ અને નાસિકા કહીને હવે બે ચક્ષુને કહે છેઃ

**यदात्मनि निरालोकमात्मानं च दिदृक्षतः ।**
**निर्भिन्ने अक्षिणी तस्य ज्योतिश्चक्षुर्गुणग्रहः ॥ २१ ॥**
**बोध्यमानस्य ऋषिभिरात्मनस्तज्जिघृक्षतः ।**
**कर्णौ च निरभिद्येतां दिशः श्रोत्रं गुणग्रहः ॥ २२ ॥**

**શબ્દાર્થઃ**—જ્યારે તેણે જોવાની ઇચ્છા કરી, ત્યારે તેને બે નેત્ર થયાં, તેમાં સૂર્યદેવતા થયા, ચક્ષુ ઇન્દ્રિય થઈ, રૂપ વિષય થયો. ઋષિલોકોની સ્તુતિ સાંભળવાની ઇચ્છા થતાં બે કાન થયા. તેમાં શ્રોત્ર ઇન્દ્રિય, દિશા દેવતા અને શ્રવણ તેનો વિષય થયો.

ભાવાર્થ:—આત્મામાં જ્યારે પ્રકાશ નહોતો ત્યારે. આત્મા એટલે દેહ લેવો. જ્યારે હું કેવો છું એ જાણવાની ઇચ્છા થઈ, કેવા સ્થાનમાં હું રહ્યો છું, બીજું પણ પોતાનું જોવાની ઇચ્છા કરી ત્યારે બે નેત્ર નીકળ્યાં. તેમના ચક્ષુને અજવાળાની અપેક્ષા નથી એ પ્રથમ કહેવાઇ ગયું છે. તેને માયાનો મોહ નથી. અંધારું તો માયા બનાવે છે. તેને માયાકૃત પ્રતિબંધ નથી. દેખતા કેમ નહોતા ? તેના ઉત્તરમાં કહે છે કે તેને જોવાની પરવા નહોતી. તેમાં જ્યોતિર્દૈવતા છે. સૂર્ય જ્યોતિ છે. સૂર્યનું જ્યોતિરૂપ આધિદૈવિક છે. તેથી જ્યોતિઃપદનો પ્રયોગ કર્યો છે ઇન્દ્રિય ચક્ષુ છે, ગુણ તેનું રૂપ છે. પાંચમાં રૂપ પ્રસિદ્ધ છે. દેવતા અને ઇન્દ્રિયથી ગુણનું જ્ઞાન થાય. ત્યાર પછી ભગવાનની ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા ત્યારે ઋષિઓની સ્તુતિ સાંભળવાની તેની ઇચ્છા થઈ, તેથી કાન બે પેદા થયા. તે ગોલકરૂપ થયા. તેમાં દિશાઓ દેવતારૂપ છે. શ્રોત્ર ઇન્દ્રિય કહી. શબ્દનું ગ્રહણ કરવું તે કાનનો ગુણ કહો કે વિષય કહો. શબ્દ તો પ્રથમથી સિદ્ધ છે. (૨૧-૨૨)

નાક બે, આંખ બે, અને કાન બે એમ ત્રણ બે ગોલકવાળી ઇન્દ્રિયો કહી. હવે વ્યાપક ઇન્દ્રિયને કહે છે:

> वस्तुनो मृदुकाठिन्यं लघुगुर्वुष्णशीतताम् ।
> जिघृक्षतस्त्वङ् निर्भिन्ना तस्यां लोममहीरुहाः ॥
> तत्र चान्तर्बहिर्वायुस्त्वचालब्धगुणो वृतः ॥ २३ ॥

શબ્દાર્થ:—વસ્તુની કોમળતા કઠિનતા હલકાઈ ગૌરવ ઉષ્ણત્વ શીતત્વ વગેરે જાણવા માટે વિરાટ્પુરુષને ત્વચા નીકળી તેમાં લોમ ઇન્દ્રિય અને વૃક્ષો દેવો થયા તે ત્વક્ઇન્દ્રિયમાં અંદર અને બહાર વાયુ રહ્યો છે તેનાથી ઉપર ગણાવ્યાં તે જણાય છે. [ત્વક્ઇન્દ્રિય બાહાર ખજવાળ સહિત સ્પર્શને ગ્રહણ કરે તો તે રોમ કહેવાય છે. તેમાં વૃક્ષોને દેવતાપણું છે. અંદર અને બહારના સ્પર્શને ગ્રહણ કરે તે ત્વક્ કહેવાય છે, તેમાં વાયુ દેવતા છે. त्वचमस्य विनिर्भिन्नां विविशुर्धिष्ण्यमोषधिः । अंशेन रोमभिः कण्डूयैरसौ प્રतिपद्यते। निर्भिन्नान्यस्य चर्माणि लोकपालोऽनिलोऽविशत्। प्राणेनांशेन संस्पर्शं येनासौ प्रतिपद्यते ॥ ([1]ત્વક્ નીકળી તેમાં ઓષધિ દેવતા થયા તે અંશથી કંડૂને ભોગવે છે. તેને ચર્મ નીકળ્યું તેમાં વાયુદેવતા તે પ્રાણરૂપ અંશવડે સ્પર્શને ભોગવે છે) એમ તૃતીયસ્કંધમાં ૩-૬ ૧૬ કહ્યું છે.]

૧ ત્વક્ અને ચર્મ એ બે આ ઇન્દ્રિયનાં ગોલકો છે. પ્રાણ અને રોમ નામની બે ઇન્દ્રિયો છે. ચર્મની ઉપરનો ભાગ તે ત્વક્ કહેવાય છે. નીચેનો સૂક્ષ્માંશ તે રોમ છે. त्वक्चर्ममांसरुधिरमेदोमज्जास्थिधातवः भूम्यप्तेजोमयाः सप्त એમ કહ્યું છે, તે ક્રમ અહીં લીધો છે. પ્રાણને ઇન્દ્રિયતા કેવી રીતે ત્યાં કહ્યું છે કે प्राणो व्योमाम्बुवायुभिः તે આખ્યાયક અને સર્વત્ર વ્યાપક હોવાથી ઇન્દ્રિયરૂપ છે.

**ભાવાર્થ:**—વસ્તુના લાઘવ ગૌરવને ગ્રહણ કરવાને ઈચ્છતા ભગવાનને ત્વક્ ઇન્દ્રિય જુદી પડી તેમાં લોમ ઇન્દ્રિય થઈ. વૃક્ષો તેના દેહો થયા. લઘુ એટલે હલકું. લઘુ શબ્દ ધર્મને કહેનાર છે છતાં ધર્મીનો પણ બોધક થાય છે, કારણ કે તેના પ્રયોગ ઘણા થાય છે. તેવા મતલબથી લાઘવાદિ શબ્દો બોલાય છે, તેથી ચાતુર્યાદિ કહેવું હોય ત્યાં લાઘવ શબ્દ કહે છે. અહીં લઘુ શબ્દ સ્પર્શ વિશેષનો વાચક છે જેમ સૂક્ષ્મ વાયુનો સ્પર્શ થાય છે. કોમળતા ગાઢ સ્પર્શમાં જણાતી નથી. સર્વત્ર સ્પર્શનો વિધિ કહ્યો હોય ત્યાં લઘુ સ્પર્શનું જે વિધાન થાય છે. કાન વગેરેમાં પવનનો લઘુ સ્પર્શ જ થાય છે. કાઠિન્ય એટલે કઠિન સ્પર્શ તે પાષાણને સ્પર્શ કરવાથી અનુભવાય છે. મૃદુ તો કોમળ કહેવાય છે. ચીકણાઈ પણ તેનો ભેદ છે. પટ્ટવસ્ત્રનો સ્પર્શ કરતાં પિચ્છલતાનો અનુભવ થાય છે. ભારેપણું તે પણ સ્પર્શ જ છે. જો કે ભારને બીજા શાસ્ત્રમાં ધર્માન્તરરૂપે કહ્યો છે. તેના ભારનો અનુભવ તેને ઉંચું લેવાથી થાય છે, તોપણ તે આ ભાગવત શાસ્ત્રમાં સ્પર્શ જ ગણાય છે. સ્પર્શ સાથે તોળવાથી ગૌરવ જણાય છે. સ્પર્શ કર્યા વગરનું તોલ કરવું તેને અનુમાન કહે છે. નહિ તો કારણમાં ગુરુ ન હોય તો કાર્યમાં તે ગૌરવ ક્યાંથી આવી શકે ? બહુત્વ મહત્ત્વને કહેનાર છે, ગુરુત્વનું બોધક નથી. કેટલાક તો શિથિલાવયવના યોગથી લઘુત્વ અને ગાઢાવયવના યોગથી ગૌરવને ગણે છે, તે સંગત થતું નથી. સ્પર્શ સિવાયનો સંયોગ નિરૂપણ થઈ શકતો જ નથી. લોકમાં સ્પર્શ થતો હોય તેને સંયુક્ત કહેવામાં આવે છે. જો સ્પર્શ થતો ન હોય તો ચાંડાલાદિના સંયોગથી પ્રાયશ્ચિત્ત જુદું થાય. તેથી શિથિલાવયવથી કહો કે સંશ્લિષ્ટાવયવથી કહો, પણ લઘુત્વ ગુરુત્વ તો સ્પર્શવેદ્ય જ છે. વિભાગનો અભાવ તે શ્લેષ કહેવાય છે. આથી સંયોગ કોઈ બીજી ચીજ નથી. સંયુક્ત આંગળીઓ પણ ચાર જ હોય છે. મળેલી આંગળીઓ હોય તેવી સંશ્લેષમાં હોતી નથી. તેથી સ્પર્શ સિવાય સંયોગ ભિન્ન નથી. ગુરુત્વાદિ પણ સ્પર્શથી જુદાં નથી. ઉષ્ણ થોડું ઊનું લેવાનું છે. અતિ ઉષ્ણનો સ્પર્શ થઈ શકતો નથી. ચામડીને તે બાળી નાખે છે. શીતતાને શીત સ્પર્શ છે. અથવા લઘુકાઠિન્ય તે લઘુકઠણનો ભાવ તે લાઘવ-કાઠિન્ય કહેવાય. મૃદ્વાદિને અન્તે 'ત્વ' પ્રત્યય આપ્યો છે, તે સર્વત્ર સંભવે છે, કેમકે દ્વન્દ્વને અન્તે પ્રત્યય હોય તે સર્વની સાથે સંબંધ રાખે છે, તેથી મૃદુત્વ ગુરુત્વ ઉષ્ણત્વ શીતત્વ એમ લેવું. જે શબ્દ જે ધર્મને આગળ કરીને ધર્મીમાં પ્રવર્તે તેનો ભાવ તે ધર્મ કહેવાય. તેથી શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત ભાવ છે એમ કેટલાક કહે છે. સર્વત્ર અનુસ્યૂત રહે, જેને સત્તા કહે છે તે જ ભાવ છે, એ શાસ્ત્રાર્થ છે. અભાવમાં પણ નિષેધપૂર્વક ભાવની પ્રવૃત્તિ છે. અન્યથા અભાવ એ નિઃસ્વભાવ થઈ જાય. આ ત્વગિન્દ્રિયમાં બે ભેદ છે. કણ્ડૂ અને સ્પર્શ તેના વિષયો છે.

બહાર સ્પર્શ થાય તે (ચળ) કણ્ડૂ કહેવાય છે. અંદર તો સ્પર્શ પણ થાય છે. એ સ્પર્શ અંદર થાય છે તેને લોમ કહે છે. તે કણ્ડૂનો ગ્રાહક છે, તેના દેવો વૃક્ષો છે. બન્નેનું અધિષ્ઠાન એક છે. બીજું કહે છેઃ તેમાં અંદર અને બહાર વાયુ છે. **चकार** છે વથી ત્વચામાં લોમ સિવાયનું સ્થળ પણ છે એમ સૂચવ્યું. તેમાં વાયુ દેવતા છે. પૂર્વ દેવતા કરતાં આ અંદર અને બહાર છે તેટલી આમાં અધિકતા છે. ત્વગિન્દ્રિયથી સ્પર્શનું ગ્રહણ થાય છે. અહીં દેવતાનું પ્રાધાન્ય છે. એમ ન હોય તો વાયુના ગ્રહણથી તેનું ગ્રહણ ન થાય. અંદર અને બહાર વાયુ વીંટાઇને રહે છે; તેથી બહારનો વાયુ તેનો દેવતા નથી એ પણ કહ્યું. (૨૩)

એમ ત્વચાની સમાપ્તિ કરતાં જ્ઞાનેન્દ્રિયો કહી હવે કર્મેન્દ્રિયોને કહે છેઃ

**हस्तौ रुरुहतुस्तस्य नानाकर्मचिकीर्षया ।**
**तयोस्तु बलवानिन्द्र आदानमुभयाश्रयम् ॥ २४ ॥**
**गतिं जिगीषतः पादौ रुरुहातेऽभिकामिकाम् ।**
**पद्भ्यां यज्ञः स्वयं हव्यं कर्मभिः क्रियते नृभिः ॥ २५ ॥**

**શબ્દાર્થ**:—નાના પ્રકારનાં કાર્ય કરવાની ઇચ્છા કરતાં તેમાંથી બે હાથ ઊગ્યા. તે બન્નેમાં ઇન્દ્ર બળવાન્ દેવ થયા. બન્નેનો વિષય ગ્રહણ કરવાનો થયો. ઇચ્છા હોય ત્યાં જવાનું મન થતાં બે પગ ઊગ્યા. તે બન્નેના યજ્ઞ (વિષ્ણુ) દેવતા થયા. માણસો પોતે પગવડે આવી હોમદ્રવ્ય તૈયાર કરવાની ક્રિયા કરે છે.

**ભાવાર્થ**:—અનેક કર્મો કરવાં એવી ઇચ્છા થતાં હાથ પ્રકટ્યા. ઝાડમાં ડાળ ફૂટે તેમ હાથ ઊગ્યા એમ કહેવાથી હાથ દેહવૃક્ષમાં શાખારૂપ છે. એ બન્ને ગોલકરૂપ છે. તે બન્નેમાં બળરૂપ ઇન્દ્રિય છે. ઈન્દ્ર તેના દેવતા છે. બન્નેમાં ગ્રહણ કરવારૂપ કર્મ તેનો વિષય છે. તે દેવતા અને ઇન્દ્રિયને અધીન છે. પહેલાંની પેઠે દેવતાનું પ્રાધાન્ય અહીં નથી. ઇચ્છામાં આવે ત્યાં જવાનું મન થતાં પગ બે ઊગ્યા. પગ કહેવાથી ઇન્દ્રિય કહી. દેવતા સ્વયં વિષ્ણુ થયા. નાનાદેશમાં ગમનેચ્છા વિષય થયો. તેના પગ પણ હાથની પેઠે શાખારૂપે ઊગ્યા. પગ ન હોય તે પણ ચાલે છે. ચાર પગવાળા પણ ચાલે છે, તોપણ બે પગવાળા જેમ બધે જઈ શકે છે તેમ બીજાઓને તે સુખ આવતું નથી, તેથી બે પગની કામના કરી છે. ત્યાં કહે છે કે વિરાટ્ પુરુષ તો સ્થિર છે. તેને પગ લઇને કયાં જવાનું છે તેથી એવી કામના કેમ થઈ? જો તે સ્થિર થાય તો લોકમાં પ્રકોપ થાય. બીજા રૂપની કલ્પના કરો તો ક્રમમાં વિરોધ આવે. માણસો પોતે કર્મ કરીને હવ્ય કરે છે, તે પગનું કાર્ય છે. હવ્ય એટલે પુરોડાશાદિ. તે ભગવદ્રૂપ થાય છે. તેનો હોમ કરે ત્યારે તે ફલ આપનાર થાય છે. મનુષ્ય કર્મ કરીને તે હવ્યને તૈયાર કરે છે. તે જ પુરોડાશાદિ દેવ-

તાના ઉદ્દેશથી અગ્નિમાં હોમે ત્યારે તે યાગ કહેવાય. તે યાગ કરનાર જીવને લઇને તે હવિષ બીજા લોકમાં જાય છે. ત્યાં જવામાં પગની આવશ્યકતા છે. એમ ન હોય તો જીવને જવામાં કર્મરૂપતાને સાધન માનો તોપણ ક્યાંક જવાનું તો ખરું જ તેનું બીજું રૂપ ન થાય, કેમકે આ વિષ્ણુ તેમાં આવિષ્ટ છે. તેમ જ યજ્ઞ જ સ્વર્ગમાં લઈ જનાર છે. **सृती विचक्रमे** ૨ । ૬ । ૨૦ । એમાં ભગવાન્ બે માર્ગેથી ગતિ કરે છે એમ કહ્યું છે. પૃથ્વી ઉપર જ યાગ થાય છે. **हविष्** પણ અહીં જ થાય છે. પગ ન હોય તો ભૂમિની પણ જરૂર નથી; સ્વર્ગાદિમાં જવાનું પણ ન થાય; તેથી પોતે જ યજ્ઞ પોતે હવિષ્રૂપ થાય છે. તેથી પશુ પત્રાદિ ભાવને માટે પગની જરૂર છે. યજ્ઞ પગના અધિષ્ઠાતા દેવ છે. તે યજ્ઞ જ પગ ન હોય તો તેના અધિષ્ઠાતા દેવ ક્યાંથી હોય. તે તો લોકમાં પ્રસિદ્ધ છે. તે પોતે અલૌકિક છે પણ તેને માટે પુરોડાશાદિ કરવા જોઇએ, કેમકે પ્રત્યક્ષ સિદ્ધને છુપાવી ન શકાય. માટે લોકમાં લોકો દ્રવ્યાત્મક યાગ કરે છે. તે અન્યથા અનુપપત્તિથી ભગવાનને પગ અવશ્ય જોઇએ, એ વાત સિદ્ધ થાય છે. (૨૪–૨૫)

પ્રથમ વાણીરૂપ એક ઇન્દ્રિય (કર્મેન્દ્રિય) કહી, હાથ પગ હમણાં કહ્યા, તે કર્મેન્દ્રિયમાં બાકી રહેલીનું હવે નિરૂપણ કરે છેઃ

**निरभिद्यत शिश्नो वै प्रजानन्दामृतार्थिनः ।**
**उपस्थ आसीत्कामानां प्रियं तदुभयाश्रयम् ॥ २६ ॥**

**શબ્દાર્થ**:—પ્રજા અને આનંદરૂપ અમૃતની ઇચ્છા થતાં જનનેન્દ્રિય ઉદ્ભવી. તેમાં ઉપસ્થ ઇન્દ્રિય થઈ. પ્રજાપતિ તેના દેવતા થયા, કામજન્ય સુખ તે બન્નેને (ઇન્દ્રિય દેવતાને) અધીન છે.

**ભાવાર્થ**:—શિશ્ન ગોલક છે. પણ વિરાટ્‌ને સ્ત્રી નથી તેથી તેની જરૂર તેને ન હોય એવી શંકા કરીને કહે છે કે તે જરૂર જોઇએ, તેથી મૂળ શ્લોકમાં **वै** નિશ્ચયાત્મક અવ્યય કહ્યો છે. કારણમાં તે ઈન્દ્રિય ન હોય તો તેનું કાર્ય લોકમાં ક્યાંથી આવે ? માટે એમાં સંદેહ ન કરવો. પ્રજારૂપ આનંદ અને સંભોગનું સુખ અથવા પ્રજા આનંદ અને અમૃત **प्रजामनु प्रजायन्ते तदु ते मर्त्यामृतमितिश्रुतेः** અમૃત એટલે મોક્ષ એ ત્રણ ઋણ છોડતાં સિદ્ધ થાય છે. **नापुत्रस्य लोकोऽस्ति** (છોકરાં વગરનાને લોક મળતા નથી) **'अष्टाशीति सहस्राणि'** ઇત્યાદિ વાક્યો બ્રહ્મચારીની પ્રશંસા કરનારાં છે. ત્રૈવિદ્યવૃદ્ધોને તો વેદ પ્રમાણરૂપ છે. માટે મોક્ષ અથવા અમૃત લેવું. પ્રજા આનન્દ અને મોક્ષને માટે એ ઇન્દ્રિય પ્રકટી તે **उपस्थ** ઇન્દ્રિય છે. કામની પ્રિયતા એટલે સ્ત્રી ભોગવવાનું જે સુખ તે ઇન્દ્રિય અને અધિષ્ઠતાને અધીન છે. અથવા તે કામનું

સ્થાન પહેલું હતું. તે પક્ષમાં કામ દેવતા છે. કેટલાક કહે છે કે તે કામનો અભિમાની દેવતા. પણ મુખ્ય સિદ્ધાન્તમાં કામ જ દેવ છે, તે ન હોય તો કેવળ ઇન્દ્રિયથી સુખ નથી પ્રાપ્ત થતું એ વાત પ્રસિદ્ધ છે, પ્રત્યક્ષ છે. (૨૬)

બાકી રહ્યું તેને કહે છે:

उत्सिसृक्षोर्धातुमलं निराभिद्यत वै गुदम् ।
ततः पायुस्ततो मित्र उत्सर्ग उभयाश्रयः॥ २७ ॥

**શબ્દાર્થ**:—ધાતુઓના મેલ બહાર કાઢવા માટે ગુદા નામની ઇન્દ્રિય નીકળી, તેમાં પાયુ નામની ઇન્દ્રિય થઇ, મિત્ર તેના અધિષ્ઠાતા થયા. બન્ને મળીને મેલ બહાર કાઢે છે તે વિષય છે.

**ભાવાર્થ**:—ધાતુઓ ત્વચાથી મજ્જા સુધીની સાત છે. તે કાળાદિ વડે હમેશાં પાકે છે. અન્નાદિક તો ધાતુઓનું પોષણ કરે છે. જ્યારે અન્નાદિ ત્વચાદિ સાતનું પોષણ કરે ત્યારે રસ તો તેમાં રહે, પણ જે અસાર પદાર્થ બાકી રહે તે મળ કહેવાય તેને બહાર કાઢવો જોઇએ. એ મળ અન્નનો નહિ પણ ધાતુઓનો જ સમજવો. તેને બહાર કાઢવા માટે ગુદા થઇ. તેમાં પાયુ ઇન્દ્રિય છે. રોગાદિથી તે પાયુ બહાર નીકળે છે, ત્યારે પ્રત્યક્ષ થાય છે. તે જગ્યાએ પાયુ ઇન્દ્રિય છે, મિત્ર તેનો દેવ છે. સર્વનો મિત્ર ન હોય તે તેવા સ્થાનમાં દેવ ન થાય. કાઢવું એ તેનો વિષય કહો કે કર્મ કહો. બન્નેના આશ્રયથી તે કામ થાય છે તે પૂર્વવત્ કહ્યું. (૨૭)

એમ નવ દ્વાર કહ્યાં. દશ ઇન્દ્રિયોમાં ત્રણને તો દ્વાર નથી; બેનું એક દ્વાર છે; ત્રણ બબ્બે છે, એમ ઇન્દ્રિયો અને દ્વારોની સમસંખ્યા નથી, બીજું દ્વાર કહે છે. પ્રાણાદિનું નિયામક તે દ્વાર છે. તે પ્રાણના નિયમનને માટે કહે છે:

आसिसृक्षोः पुरः पुर्या नाभिद्वारमपानतः ।
तत्रापानस्ततो मृत्युः पृथक्त्वमुभयाश्रयम् ॥ २८ ॥
आदित्सोरन्नपानानामासन् कुक्ष्यन्त्रनाडयः ।
नद्यः समुद्राश्च तयोस्तुष्टिः पुष्टिस्तदाश्रये ॥ २९ ॥
निदिध्यासोरात्ममायां हृदयं निरभिद्यत ।
ततो मनश्चन्द्र इति संकल्पः काम एव च ॥ ३० ॥

**શબ્દાર્થ**:—આ દેહથી જુદા પડવાની ઇચ્છા કરતાં નાભિદ્વાર થયું. તેમાં અપાન અને મૃત્યુદેવતા મરણ એ પ્રાણાપાનનો વિશ્લેષ થતાં થાય છે, તે બન્નેને અધીન કહ્યું છે. અન્ન અને પાનને લેવાની ઇચ્છા થતાં પેટ અને આંતરડાં થયાં,

નદી અને સમુદ્રો તેના દેવ થયા, તેને આશ્રયમાં તુષ્ટિ અને પુષ્ટિ થયાં. આત્મમાયાનું ધ્યાન કરતાં હૃદય થયું, તેનાથી મન અને ચંદ્ર થયાં. સંકલ્પ અને કામ તેનાથી ઉત્પન્ન થયા છે.

**ભાવાર્થ**:—મળ બે જાતના થાય છે: એક તો દરેક દિવસે થાય છે; બીજો મળ દરેક જન્મે થાય છે. તેમાં જે હમેશ થનાર મળ છે તેનો ત્યાગ કરવા માટે પાયુ ઇન્દ્રિય કહી. સંપૂર્ણ જન્મમાં જે મળ થયો તે દેહરૂપ થયો. તે દેહના પરિત્યાગને માટે નાભિ દ્વાર છે. પુર એટલે શરીરો. આ શરીરમાંથી જીવને નીકળવા માટે નાભિદ્વાર થયું. જેમ મરતાં સુધી ધાતુઓ ચાલ્યા કરે છે તેને પોષક અન્નાદિ છે. મળ તો પ્રસિદ્ધ છે. એમ **बहु स्याम्** એ ભગવાનની ઇચ્છા થઈ ત્યાંથી લઇને ભગવાનમાં આ જીવ પ્રવેશ કરે ત્યાંસુધી ભગવાનના ચૈતન્યાંશરૂપ જીવને એક જ શરીર ચાલ્યા કરે છે. તેનાં પોષક બીજાં શરીરો અન્નની પેઠે તે અન્નમય હોય છે. તેને ભોજનની પેઠે ઉત્પત્તિમાં ગ્રહણ કરાય છે. મળનો ત્યાગ કરે છે તેમ મરણ વખતે છોડી દે છે. તેનો ઉત્પાદક પ્રાણ છે. અપાન મારક છે. તે પ્રાણાપાનને આશ્રયે આ શરીર છે. તેમાં અપાન ઇન્દ્રિય છે, મૃત્યુ દેવતા છે. પ્રાણાપાનનો વિશ્લેષ મરણરૂપ તે બન્નેના હાથની વાત છે એમ પૂર્વની પેઠે જાણી લેવાનું છે. નાભિદ્વારથી તે શરીર જાય છે. તે નાભિદ્વારના પ્રયત્નથી મળરૂપ આ શરીર છોડી દેવાય છે. જેમ આ શરીર ઘણો વખત રહે છે, તેમ પુષ્ટ પણ થાય છે. તેમ અન્નપાન પણ કેટલાક દિવસ લેવાયા કરે તો ધાતુઓને પુષ્ટ કરે છે. એ અન્નપાનને આ શરીરમાં સ્થાપન કરવાની ભગવાને ઇચ્છા કરી ત્યારે તેને પેટ, તેમાં આંતરડાં અને નાડીઓ થઈ. તેમાં કુક્ષિ-ગોલક છે. ઉદરની અંદર તો આકાશ. અન્ત્રો અન્નને રાખવા માટે ઇન્દ્રિયો છે. નાડીઓ જળને સાંચવવા માટે છે. નદીઓ અને સમુદ્રો તે બન્નેના દેવતા છે. નાડીની દેવતા નદીઓ; પેટ અને આંતરડાના સમુદ્ર દેવતા છે. ચકાર બે અર્થને કહેવા માટે કહ્યો છે. **नाडीर्नद्यो लोहितेन। क्षुत्तृड्भ्यामुदरं सिन्धुः** એવાં વાક્યો છે. તુષ્ટિથી સંતોષ થાય છે, પુષ્ટિથી વૃદ્ધિ થાય છે. અન્નથી પુષ્ટિ થાય છે. તુષ્ટિ અને પુષ્ટિ તે દેવતા અને ઇન્દ્રિયોને હાથ છે. જગતને કરનારી આત્મમાયાને જાણવા માટે એટલે તે માયા કેવી હશે, હું તેની પ્રતિકૃતિરૂપ થઈશ ? એમ જાણવાની ઇચ્છા થતાં હૃદય નામનું ગોલક થયું. તેમાં મન નામની ઇન્દ્રિય થઈ. ચંદ્ર તેનો અધિદેવ થયો. સંકલ્પ જ્ઞાનરૂપ; કામ ક્રિયારૂપ; મન તો જ્ઞાન કાર્યરૂપ છે; તેથી બે તેનાં કાર્ય બતાવ્યાં. સંકલ્પ કામરૂપ કાર્યો. સંકલ્પનું કાર્ય કામ એવો અર્થ કરીએ તો જ્ઞાનને ક્રિયાનું કારણપણું છે. તેથી જ નિર્ધારણાર્થક **च** શબ્દ મૂકયો છે. ચકારથી કામમાં ઇન્દ્રિયનો અનુરોધ કહ્યો. (૨૯–૩૦)

એમ સર્વત્ર ત્રૈવિધ્ય કહીને ગોલકો આધિભૌતિક, ઇન્દ્રિયો આધ્યાત્મિક અને તેના દેવો આધિદૈવિક, એ સમુદાયથી ત્રણ પ્રકાર છે. ત્વચાદિ કેવળ અન્નમય હોવાથી તેમાં ત્રિવિધતા નહિ હોય એવી શંકા થાય, તેથી તેની ત્રિવિધતા કહે છે:

**त्वक्चर्ममांसरुधिरमेदोमज्जास्थिधातवः ।**
**भूम्यप्तेजोमयाः सप्त प्राणो व्योमाम्बुवायुभिः ॥ ३१ ॥**

**શબ્દાર્થ:**—ત્વક્ (અંદરની ચામડી), ચર્મ (બહારની ચામડી), માંસ, રુધિર, મેદ, મજ્જા અને અસ્થિ એ સાત ધાતુઓ ભૂમિ, જળ અને તેજરૂપ છે. પ્રાણ આકાશ, જળ અને વાયુ એ ત્રણમય છે.

**ભાવાર્થ:**—ત્વક્ ઉપરથી; ચર્મ જાડું ચામડું. રુધિર પહેલું થયા પછી માંસ થાય તોપણ અહીં પ્રથમ જ માંસ કહ્યું છે. મેદ વૃદ્ધયાદિમાં પ્રસિદ્ધ છે. મજ્જા અસ્થિની અંદરનો ભાગ છે. અસ્થિ સૌ જાણે તેમ પ્રસિદ્ધ છે. સ્નાયુ અપ્રસિદ્ધ છે. તેનો મેદની અંદર અંતર્ભાવ થાય છે. તે અસ્થિના આવરણરૂપ છે. તે બધા તેજ જળ અને અન્નમય છે. ભૂમિ જળ અને તેજ-રૂપ છે. તેમાં ભૂમિ અગ્નિને ઠેકાણે છે. પાંચભૌતિક છે તોપણ તે ત્રણરૂપ છે. ભૂમિ તેજ અને જળરૂપ છે. પ્રાણ પણ ત્રણ પ્રકારનો છે. આકાશ વાયુ અને જળરૂપ છે. સર્વ દેહમાં વ્યાપક હોવાથી, સર્વનો પોષક હોવાથી અને વાયુ-સ્વરૂપ હોવાથી પ્રાણ આકાશ અને વાયુરૂપ છે. (૩૧)

ઇન્દ્રિયોના ત્રણ પ્રકાર છે તે કહે છે:

**गुणात्मकानीन्द्रियाणि भूतादिप्रभवा गुणाः ।**
**मनः सर्वविकारात्मा बुद्धिर्विज्ञानरूपिणी ॥ ३२ ॥**

**શબ્દાર્થ:**—ઇન્દ્રિયો બધી ત્રણ ગુણવાળી છે. અહંકારથી ગુણો ઉત્પન્ન થયા છે. મન સર્વ વિકારરૂપ છે, અને બુદ્ધિ વિજ્ઞાનસ્વરૂપા છે.

**ભાવાર્થ:**—ત્રણ ગુણમય સર્વ ઇન્દ્રિયો છે જ; માટે જ લૌકિકી ધર્મ અને જ્ઞાન ભક્તિને ઉત્પન્ન કરે છે. અહંકાર પણ ત્રણ પ્રકારનો છે. ભૂતાદિ એટલે અહંકાર. ભૂત વગેરેની જેનાથી ઉત્પત્તિ છે તે ભૂતાદિ કહેવાય. અહંકારને ત્રિવિધપણું સ્પષ્ટ છે, કેમકે તે ભૂતાદિને ઉત્પન્ન કરે છે. તેથી ત્રણ ગુણની ઉત્પત્તિ સ્પષ્ટ છે. ગુણ જનક હોવાથી તેમાં ત્રણ ગુણવાળાપણું સ્પષ્ટ છે. મનના પણ ત્રણ પ્રકારો કહે છે. બધા વિકારો ત્રણ પ્રકારના હોય છે. તે વિકારમય હોવાથી મન પણ ત્રણ પ્રકારનું કહ્યું છે. બુદ્ધિ વિજ્ઞાનરૂપિણી છે. નાના પ્રકારનું જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય. તે ત્રણ પ્રકારનું છે, તેથી બુદ્ધિ પણ ત્રણ પ્રકારની સમજવી. (૩૨)

એમ સર્વના ત્રણ પ્રકારે કહીને હવે તે વાતને સમાપ્ત કરે છે:

**एतद्भगवतो रूपं स्थूलं ते व्याहृतं मया ।**
**मह्यादिभिश्चावरणैरष्टभिर्बहिरावृतम् ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—મેં જે આ રૂપ તમને ભગવાનનું કહ્યું તે ભગવાનનું સ્થૂલરૂપ છે. તેને ૧ પૃથ્વી, ૨ જળ, ૩ તેજ, ૪ વાયુ, ૫ આકાશ, ૬ અહંકાર, ૭ મહત્તત્ત્વ અને ૮ પ્રકૃતિ એ આઠ તેની બહારનાં આવરણ છે.

**ભાવાર્થ**:—પહેલાં કહ્યું તે બધું ત્રણ પ્રકારનું કહ્યું તે ભગવાનનું રૂપ એટલે ભગવાનનો સ્થૂળ દેહ કહ્યો તે તમને જાણવા માટે મેં કહ્યું છે. ત્રણ ગુણવાળું ભગવાનનું રૂપ કહ્યું તે તમારા અધિકારને લઇને કહ્યું છે. ભગવાનનું સ્વરૂપ સર્વને પોતપોતાના અધિકાર પ્રમાણે દેખાય છે. શ્રુતિ પણ તે જ વાત કહે છે કે **तं यथायथोपासते** (તેની જેવી જેવી રીતે ઉપાસના કરે છે તેવું તેને તેનું દર્શન થાય છે), કેમકે ભગવાન્ સર્વાત્મા સર્વરૂપ છે. (૩૩)

એમ પરીક્ષિતને ત્રિવિધ ભગવદ્રૂપ કહીને તેનાથી ઉત્તમાધિકારીને માટે અવ્યક્તરૂપનું નિરૂપણ કરે છે:

**अतः परं सूक्ष्मतममव्यक्तं निर्विशेषणम् ।**
**अनादिमध्यनिधनं नित्यं वाङ्मनसः परम् ॥ ३४ ॥**

**શબ્દાર્થ**:—આ સ્થૂલ રૂપ કહ્યું તેનાથી બીજું એક અતિસૂક્ષ્મરૂપ ભગવાનનું છે. તે વ્યક્ત દેખાતું નથી પણ અવ્યક્ત છે, કોઇ વિશેષણથી તેને જુદું પાડી શકાય તેવું નથી. તેના આદિ મધ્ય કે અન્ત નથી. તે નિત્ય છે, વાણી અને મનથી પણ તે પર એટલે આગળ છે.

**ભાવાર્થ**:—પૃથ્વ્યાદિ સાત આવરણવાળા સ્થૂલરૂપથી જુદું અને તેનાથી ઉત્કૃષ્ટરૂપ ને તેનું નિયમન કરનાર રૂપ તે અતિસૂક્ષ્મ છે. આકાશ કરતાં પણ અતિ સૂક્ષ્મ એ રૂપ છે. તે રૂપનું વિશેષ નિરૂપણ કરવા જેવું નથી, કેમકે તે અવ્યક્ત છે. કોઈ ધર્મથી તે પ્રકટ નથી. તેના કોઈ વિશેષ પ્રકટ હોય તો તેનું વર્ણન થાય, પણ આ તો નિર્વિશેષણ છે. સર્વ જુદા પાડનારા ધર્મોથી પોતે જ જુદું છે. તેની ઉત્પત્તિ વગેરે કાંઇ નથી, એટલે આદિ મધ્ય કે અન્ત એને નથી; સદા એકરૂપ છે. વાણી અને મનથી સર્વ વ્યવહાર થાય. તે તો વાણી મનથી પર હોવાથી સર્વાતીત છે. (૩૪)

જેવું સ્થૂલ એવું સર્વપ્રકારે સૂક્ષ્મ કહ્યું. તે બન્નેને સમાપ્ત કરે છે:

**अमुनी भगवद्रूपे मया ते ह्यनुवर्णिते ।**
**उभे अपि न गृह्णन्ति मायासृष्टे विपश्चितः ॥ ३५ ॥**

**શબ્દાર્થ:**—મેં આ સ્થૂળ અને સૂક્ષ્મ બે રૂપો તમને વર્ણન કરીને બતાવ્યાં તે માયાની સૃષ્ટિ છે, એમ જાણી વિદ્વાન્ લોકો તે બન્નેને ગ્રહણ કરતા નથી.

**ભાવાર્થ:**—મેં તમારે માટે જ આ બે રૂપનું વર્ણન કરીને કહ્યાં. અમારે તો, શુકદેવજી કહે છે, આનો ઉપયોગ નથી. ભગવાન્ માયાના કાર્ય-કારણરૂપ સંબંધથી એવા રૂપે થયા તેથી સાક્ષાત્સ્વરૂપ જાણનારાઓ તે બન્ને રૂપને ગ્રહણ કરતા નથી. (૩૫)

ત્યારે ભગવાન્ એવાં રૂપો કેમ કરે છે? એમ શંકા કરીને કહે છે:

**स वाच्यवाचकतया भगवान् ब्रह्मरूपधृक् ।**
**नामरूपक्रिया धत्ते सकर्माकर्मकः परः ॥ ३६ ॥**

**શબ્દાર્થ:**—તે ભગવાન્ અનામરૂપ હતા, તે વાચ્યવાચકરૂપ થયા. તે નામ-રૂપ ક્રિયાને ધરે છે, તે સકર્મક અને અકર્મક અને સર્વના નિયામક તેનાથી જુદા પણ થાય છે.

**ભાવાર્થ:**—તે ભગવાન્ વાચ્ય અને વાચક થયા. રૂપ નામ ન હતાં ત્યાં નામરૂપવાળા થયા. તેવા જ થઇને જગતનું પાલન કરે છે. વાચ્ય વાચક છતાં સ્વરૂપથી ચ્યુત થતા નથી. સચ્ચિદાનંદને ધારણ કરે છે. સર્વ જીવને નામરૂપ ક્રિયા ધરે છે. નામરૂપ ક્રિયાવડે પોતાના જેવા બધાને કરે છે. પોતે સકર્મા થાય છે તે તેવા જ રહેતા નથી, કારણ કે ખરી રીતે તે અકર્મા છે. સર્વ કર્મરહિત અને સર્વના નિમાયક છે. એવા છે છતાં સર્વને ઉત્પન્ન કરવા માટે અવ્યક્ત રૂપને કરે છે. (૩૬)

એ કોણ છે જેને માટે ભગવાન્ ત્રણ પ્રકારે થાય છે? ત્યાં કહે છે ત્રણ શ્લોકથી:

**प्रजापतीन् मनून् देवान् ऋषीन् पितृगणान् पृथक् ।**
**सिद्धचारणगन्धर्वविद्याध्रसुरगुह्यकान् ॥ ३७ ॥**
**किन्नराप्सरसो नागान् सर्पान् किंपुरुषानपि ।**
**मातृरक्षःपिशाचांश्च प्रेतभूतविनायकान् ॥ ३८ ॥**
**कूष्माण्डोन्मादवेतालान् यातुधानान् ग्रहानपि ।**
**खगान् मृगान् पशून् वृक्षान् गिरीन्नृप सरीसृपान् ।**
**द्विविधाश्चतुर्विधा येऽन्ये जलस्थलनभौकसः ॥ ३९ ॥**

**શબ્દાર્થ:**—પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, પિતૃગણો, સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, સુરો, ગુહ્યકો, કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો, કિંપુરુષો, માતૃકાઓ, રક્ષ, પિશાચ, પ્રેત, ભૂતવિનાયક, કૂષ્માણ્ડ, ઉન્માદ, વેતાળ, યાતુધાનો,

ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, વૃક્ષો, પર્વતો, પેટે ચાલનારાં, બીજા બે પ્રકાર અને ચાર પ્રકારવાળા જળ, સ્થળ અને આકાશમાં રહેનારને માટે ભગવાન્ ત્રણ ગુણ ધારણ કરે છે.

**ભાવાર્થ**:—કેટલાક પ્રત્યેક ગુણપ્રધાનવાળા છે. કેટલાક મિશ્રણ ગુણવાળા પણ છે. તેમાં પ્રત્યેકને ત્રણ શ્લોકથી ગણાવે છે. તેમાં પણ ઉત્તરોત્તર હીનતા છે. પહેલા પ્રજાપતિઓ મરીચ્યાદિ ગુહ્યક સુધીના એ સત્ત્વના અપકર્ષરૂપ છે. કિન્નરોથી વિનાયક સુધીના રાજસો છે. કૂષ્માંડથી સરીસૃપ સુધીના તામસો છે. બીજા તે તે ભેદમાં મિશ્ર છે તેમને એક શ્લોકથી ગણાવે છે. બે પ્રકાર કહ્યા તે જરાયુજ સ્વેદજ અણ્ડજ અને ઉદ્ભિજ્જ એ ભેદથી ચાર જાણવાના છે. જે પહેલાં કહ્યા તેથી જુદા છે તે સંકરજાતિવાળા છે, તોપણ સ્થાનથી તે ત્રણ ગુણવાળા છે. જલ સ્થળ અને આકાશ સ્થાન છે જેનાં. તેમાં જળમાં રહેનાર રાજસ, સ્થળમાં રહેનાર સાત્ત્વિક અને આકાશમાં રહેનાર તામસો છે. (૩૭-૩૯)

એમ સ્વરૂપથી અને સ્થાનથી સર્વને ત્રણ પ્રકારના કહીને ફલમાં પણ ત્રણ પ્રકારો હવે કહે છેઃ

**कुशलाकुशला मिश्राः कर्मणां गतयस्त्विमाः ।**
**सत्त्वं रजस्तम इति तिस्रः सुरनृनारकाः ॥ ४० ॥**

**શબ્દાર્થ**:—કર્મની ગતિ ત્રણ પ્રકારની તેનાં નામ કુશળ, અકુશળ અને મિશ્રરૂપ છે. સત્ત્વ કુશળ, તામસ અકુશળ અને રાજસ મિશ્રગતિરૂપ છે. દેવો, મનુષ્યો અને નારકરૂપે તે કર્મો પરિણત થાય છે.

**ભાવાર્થ**:—કર્મોની સાત્ત્વિકાદિ ભેદથી ત્રણ પ્રકારની ગતિ છે. સાત્ત્વિક કર્મનું સારું ફલ કુશળ કહેવાય છે. તામસ ફલ અકુશળ કહેવાય છે. રાજસ કર્મ કુશલાકુશલરૂપ છે. એમ કર્મની ગતિઓ-કર્મરૂપ સાધનનાં ફલ ત્રણ પ્રકારનાં કુશલ અને અકુશળ એ કુશલાકુશલ કહેવાય. અને મિશ્ર તે બન્ને કર્મ મળેલાં હોય તે. આ કર્મની ત્રણ ગતિઓ છે. તેનાં મૂળ નામ સત્ત્વ રજ અને તમ. કુશળઅકુશળ મિશ્રનાં મૂળ નામઃ સત્ત્વ કુશળનું નામ, તમ અકુશળનું નામ, રજઃ મિશ્રનામ. તેના બનેલા દેહો પણ ત્રણ જાતના સુર-નૃ-અને નારક સત્ત્વ રજ અને તમ એનું અનુવર્તન સર્વત્ર સમજવું. સુરો સત્ત્વવાળા, મનુષ્યો રજોગુણવાળા, નારકો તમોગુણવાળા. પશુ વગેરે નારકમાં ગણવાં. (૪૦)

ત્રણ પ્રકારની ગતિ કહી, પણ તેના પ્રકાર તો કરોડો થાય છે, તેને બતાવે છેઃ

**तत्राप्येकैकशो राजन् भिद्यन्ते गतयस्त्रिधा ।**
**यदैवैकतरोऽन्याभ्यां स्वभाव उपहन्यते ॥ ४१ ॥**

**શબ્દાર્થ**:—હે રાજન્! તે ત્રણ પ્રકારની ગતિ પણ અનેક ભેદવાળી થાય છે. જ્યારે એક બીજા બેથી ઉપહણાય છે, ત્યારે તેમાંથી કરોડો ભેદ થાય છે. સત્ત્વનો રજોગુણ તમોગુણ પરાજય કરે તો તેના અનેક ભેદો થાય તેમ આ ભેદો છે.

**ભાવાર્થ**:—મેં ઘણા એક એકરૂપે ગણાવ્યા છે. તે બધાના ત્રણ ભેદ કહ્યા. તેમાં એકકને ત્રણ પ્રકારે પ્રજાપતિ વગેરેને ગણાવ્યા. તે પણ ત્રણ પ્રકારના છે. જે સરીસૃપને તામસ કહ્યા તેના પણ ભેદ ત્રણ છે. राजन् એમ સંબોધન આપ્યું તે પુરુષના અનેક પ્રકાર સમજાવવા આપ્યું છે. ત્યાં શંકા કરે કે એક અનેકધા કેમ થાય? જ્યારે સાત્ત્વિકાદિ સ્વભાવને પોતાનાથી બીજા રાજસ અને તામસ બળવાન થઈને પરાભવ કરે ત્યારે તે અભિભવના તારતમ્યથી તેનાં અનેક રૂપો થાય છે. (૪૧)

એમ કાર્યત્રૈવિધ્ય કહીને ભગવાનની પાલનરૂપ સાત્ત્વિક લીલાને કહે છે.

**स एवेदं जगद्धाता भगवान् धर्मरूपधृक् ।**
**पुष्णाति स्थापयन्निंत्यं तिर्यङ्नरसुरात्मभिः ॥ ४२ ॥**

**શબ્દાર્થ**:—તે જ ધર્મના રૂપને ધારણ કરનાર, જગતનો ધારણ કરનાર ભગવાન્ પશુ મનુષ્ય અને દેવરૂપે આ જગતને પોષ્યા કરે છે.

**ભાવાર્થ**:—તે જગતનો કર્તા તે જગતને માટે ત્રિવિધ થાય છે. આ ઉત્પન્ન કરેલા જગતને ભગવાન્ પોતાના ગુણોનાપાલનમાં સમર્થ છે તેનાવડે પાળે છે. તે ગુણોને ધર્મમાં સ્થાપન કરી તેને પોષણ આપે છે, ઉત્પત્તિથી અન્તસુધી ક્ષણક્ષણમાં પોષણ થયા કરે છે. તેનો ઘાત કરનાર અસુરનો આવિર્ભાવ થતાં તિર્યઙ્ નર અને દેવરૂપ એટલે મત્સ્યાદિરૂપ ધારણ કરી રામ-વામનાદિરૂપ ધરીને તેનું પાલન કરે છે. (૪૨)

ત્રીજી લીલા કહે છે:

**ततः कालाग्निरुद्रात्मा यत्सृष्टमिदमात्मनः ।**
**सन्नियच्छति कालेन घनानीकमिवानिलः ॥ ४३ ॥**

**શબ્દાર્થ**:—પછી ભગવાન્ પ્રલય કાલના અગ્નિરૂપ રુદ્રરૂપ કરીને પોતે બનાવેલા જગતનો નાશ કરે છે, જેમ વાદળાંના દળોને પવન ક્ષણવારમાં ઉડાવી દે છે.

**ભાવાર્થ**:—કાલ-પ્રલયનો સમય, તેનો સાધક અગ્નિ સંકર્ષણના મુખમાંથી નીકળેલો, જે રુદ્ર ત્રણ આંખો અને ત્રણ શિખાવાળો શૂળ ઉગામીનો ઊભો થાય છે, પોતે કરોળિયાની જેમ સરજેલા જગતને સંકેલી લે છે; કાળને કરણ બનાવે છે. જેમ ઉત્પાદનમાં માયાને સાધન બનાવે છે, પાલનમાં અવતારોને સાધન બનાવે છે તેમ સંહારમાં કાળને સાધન બનાવે

છે. ઉત્પત્તિથી સંહાર સુધી થાય છે, છતાં તેના આધારમાં કાંઈ વિકાર થતો નથી. તેમાં દૃષ્ટાન્ત કહે છે કે આકાશમાં વાદળાં થયાં હોય તેને પવન ઉડાવી દે છે તેથી આકાશને કાંઈ નથી થતું, મેઘો ક્યાં ગયા તેનો પત્તો લાગતો નથી, તેમ કાળ સર્વ નાશ કરે છે. (૪૩)

એમ ભગવાને કરેલા ઉત્પત્તિ સ્થિતિ અને લયને કહીને આ ભગવત્કૃત જગતની ઉત્પત્તિ વગેરે બ્રહ્મવાદીને સંમત તે તે કહે છેઃ

**इत्थंभावेन कथितो भगवान् भगवत्तमाः ।**
**नेत्थंभावेन हि परं द्रष्टुमर्हन्ति सूरयः ॥ ४४ ॥**
**नास्य कर्माणि जन्मादौ परस्यानुविधीयते ।**
**कर्तृत्वप्रतिषेधार्थं माययारोपितं हि तत् ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—હે ભગવત્તમો, ભક્તો ! રાજાને સમજાવવા માટે અમે ભગવાનને આવી રીતે કહ્યા, પણ વિદ્વાન્ લોકો ભગવાનને એવી રીતે જોવાને યોગ્ય નથી. ભગવાન્ જન્મ લઈને કર્માદિ કરે છે એ તો અનુવાદ માત્ર છે. તે પણ કર્તાપણાના નિષેધને માટે છે, કેમકે તે કર્તૃપણું ભગવાનમાં માયાએ આરોપ્યું છે.

**ભાવાર્થ**:—હે ભગવદીયો, રાજાને બોધ કરવા માટે અમે જગતના ઉત્પત્તિ સ્થિતિ સંહાર કરનાર ભગવાન્ છે એમ કહ્યું. **इत्थंभाव** એટલે પૂર્વે કહેલ પ્રકાર. ભગવાન્ છે તેથી તેમ કહો તોપણ કાંઈ દોષ નથી. એનું તો સર્વને પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાન થાય છે. તે બીજાને પણ સ્વાધિકારાનુસાર ભગવાનનું સ્વરૂપ કહી શકે છે. તમે ભગવત્તમ છો, એટલે તમારો અધિકાર ઉત્તમ છે. તમારે માટે તો આગળ અમે કહીશું. પરંતુ માયાથી પર ભગવાન્‌ને તો બ્રહ્મને જાણનાર પોતાની મેળે જાણે છે. તેને પૂર્વોક્તપ્રકારે જોવા ન જોઈએ. તેનું કારણ બતાવે છેઃ આ ભગવાનના જન્મમાં કર્મો ભગવાન્ કરે છે તે માયાના નિયંતા પર પુરુષનાં કર્મો છે. એમ તેનું અનુવિધાન નથી કરાતું, કેમકે માયાએ તેમાં કર્તૃપણાનો આરોપ કર્યો છે. જગત ભાવરૂપ વ્યામોહિકા માયાના વિષમતારૂપ ભાવો છે. તે ભગવત્કાર્યરૂપ નથી. તેના કર્તાપણામાં ભગવાનનું અનુસંધાન નથી. ત્યારે કેમ કર્તૃપણું ભગવાનમાં કહેવામાં આવે છે? ત્યાં કહે છે કે તે પ્રતીત થતું કર્તૃપણું ભગવાનમાં પ્રતિષેધ્ય છે; ભગવાને તો સ્વરૂપ કહ્યું કે પાછળથી હું રહું છું. ત્યાં કહેતા નથી કે મેં કર્યું છે. હું જગદ્રૂપે થયો છું એમ પણ કહેતા નથી. બુદ્ધિસૌકર્ય માટે તેમ નિરૂપણ કર્યું છે, માયાથી કરે છે એટલે કે પોતે જ થાય છે. **तज्जत्वात्** હેતુ કહ્યો છે તેમાં પણ તે જ થાય છે. પણ તેનાથી થાય છે એમ નથી. માટે ઉત્પત્યાદિ કલ્પનારહિત સર્વ બ્રહ્મ છે એમ બ્રહ્મવાદીએ જાણવાનું છે, કલ્પનાયુક્ત જાણવાનું નથી, કેમકે તે કલ્પના તો માયાએ ભગવાનમાં આરોપી છે. (૪૪–૪૫)

એમ બ્રહ્મવાદ અને કર્તૃવાદનું નિરૂપણ કરીને આ રૂપ ભગવાનનું કયા કલ્પમાં હતું તેનો ઉત્તર કહે છે:

**अयं तु ब्रह्मणः कल्पः सविकल्प उदाहृतः ।**
**विधिः साधारणो यत्र सर्गाः प्राकृतवैकृताः ॥ ४६ ॥**

**શબ્દાર્થ**:—વિકલ્પ સહિત આ બ્રહ્મકલ્પ કહ્યો, જેમાં પ્રાકૃત અને વૈકૃત સર્ગો થયા. અવાંતર કલ્પ વિકલ્પ કહેવાય. બ્રહ્મકલ્પ મહાકલ્પ કહ્યો. મહાકલ્પમાં પ્રાકૃત સર્ગાદિ થાય છે, અવાંતરમાં વૈકૃત થાય છે. એ વિધિ બીજાઓની સાથે સાધારણ છે.

**ભાવાર્થ**:—ભગવાન કયારેક જગદ્રૂપે પોતે જ થાય છે, એ આ બ્રહ્મ-કલ્પમાં સમજવું. વિકલ્પ એટલે બ્રહ્મકલ્પના અવાંતર કલ્પમાં તો માયાવડે સર્વરૂપ થાય છે. એ બન્ને વાત અહીં કહી દીધી, તેથી બ્રહ્મનો કલ્પ સવિકલ્પ કહ્યો; એટલે ભગવદ્રૂપ પણ અને માયારૂપ પણ બધું, એ બન્ને કહેવાયું. તુ શબ્દથી બીજા પ્રાકૃત કલ્પોની વ્યાવૃત્તિ કરી. માટે જ અહીં દશવિધ લીલા બરોબર છે; કલ્પાંતરમાં વિષમ છે. તે જ કહે છે કે અહીં વિધિ સાધારણ છે. આ બ્રહ્મકલ્પમાં પ્રાકૃત વૈકૃત સર્ગની ઉત્પત્તિનો વિધિ સાધારણ છે. પ્રાકૃતમાં અને વૈકૃતમાં જે ઉત્પન્ન થાય છે તે તુલ્ય છે. કલ્પાંતરની પેઠે ત્રણ પ્રકારના પ્રાકૃત નથી. વૈકૃત જુદા છે. ઉભયાત્મક સર્ગ કુમારોનો છે. એ વિશેષ છે. તે વિશેષ અહીં નથી. "સાધારણ વિધિ જયાં" એ એક વાકય છે, "પ્રાકૃત વૈકૃત સર્ગો" એ બીજું વાકય છે. તેમાં પ્રાકૃત જ વૈકૃત છે, બીજા નથી, એવો તેનો અર્થ કરવાનો છે. (૪૬)

એટલાથી સર્વ પ્રશ્નના ઉત્તરો કહ્યા. કાળ અને કલ્પનો ઉત્તર ન આપ્યો તે આગળ કહીશ એ કહે છે:

**परिमाणं च कालस्य कल्पलक्षणविग्रहम् ।**
**यथा पुरस्ताद्व्याख्यास्ये पाद्मं कल्पमथो शृणु ॥ ४७ ॥**

**શબ્દાર્થ**:—કાળનું પરિમાણ અને કલ્પનું લક્ષણ તથા તેનું સ્વરૂપ તે આગળ કહીશ, હમણાં તો પાદ્મ કલ્પ સાંભળો.

**ભાવાર્થ**:—પરમાણુથી લઇને બે પરાર્ધ સુધીનો કાળ તેનું પરિમાણ સૂર્યની ગતિ વગેરે બધું આગળ કહેવામાં આવશે. ચકાર છે તેથી તેનું કાર્ય પણ આગળ ઉપર કહેવાશે. કલ્પનાં લક્ષણ એટલે તેના ધર્મોની વ્યવસ્થા, કૃતયુગમાં આવો ધર્મ હોય, આવી લોકોમાં પ્રવૃત્તિ હોય તે લક્ષણ કહેવાય. વિગ્રહ એટલે શરીર, જેમકે કૃતયુગ ચાર હજાર વર્ષનો એ સ્વરૂપ, અને લક્ષણ

કહ્યાં તે આગળ ઉપર તમને કહેવાશે. જેવાં પ્રથમ કલ્પમાં હતાં તેવું તેનું રૂપ હું તમને કહીશ. એમ વિસ્તારથી કહેવા માટે બીજા કલ્પને કહે છે. પાદ્મ કલ્પમાં સર્ગાદિના વિશેષ હોય છે તેથી હવે તમે પાદ્મ કલ્પને સાંભળો. તેમાં ભગવાનની દશ લીલા વિસ્તારથી કહેવાની છે તેથી अथो શબ્દથી ક્રમનો ભેદ બતાવ્યો છે. સાવધાનતાથી શ્રવણને માટે ઉપદેશ કરે છે, એથી અહીં કહેતાં એક દિવસ પૂરો થયો લાગે છે. તેથી ભિન્ન ક્રમથી શ્રવણ કરવાને માટે શુકદેવજી પરીક્ષિતને ઉપદેશ કરે છે. (૪૭)

એમ શુક અને પરીક્ષિતનો સંવાદ પૂરો થતાં શૌનકને ભગવાનની કથા સાંભળવામાં વ્યગ્રતા થઈ, તે પૂર્વે કહેલી કથાને શૌનક સૂતને પૂછે છે, તે પ્રશ્નના કેટલાક જ્ઞાનમાં પણ પરમ પ્રીતિ થાય એવું છે. એવું જ સાંભળવું જોઈએ, તે જ સૂત કહે છે, विदुरस्तीर्थयात्रायाम् १ । १३ । १ એ શ્લોકમાં.

यावतः कृतवान् प्रश्नान् क्षत्ता कौषारवाग्रतः ।
जातैकभक्तिर्गोविन्दे तेभ्यश्चोपरराम ह ॥ १ । १३ । २ ।

( મૈત્રેયની પાસે વિદુરે જેટલા પ્રશ્નો કર્યા તે સાંભળીને મૈત્રેયને ભગવાનમાં ભક્તિ વધતાં તે ચૂપ રહી ગયા) એ ઉપરથી સૂતે 'ભાગવત સંભળાવીશ' એમ કહ્યું છે, પણ તે વિદુર મૈત્રેય સંવાદરૂપ ભાગવત સંભળાવે તો તે જલદી ફલ આપનાર થાય એ વાત શૌનક જાણે છે તે વાત કઢાવવા માટે શૌનક સૂતને પ્રોત્સાહન આપે છે; यदाह भगवान् એ ત્રણ શ્લોકથી તે કહે છે:

शौनक उवाच

**यदाह भगवान् सूत क्षत्ता भागवतोत्तमः ।**
**चचार तीर्थानि भुवस्त्यक्त्वा बन्धून् सुदुस्त्यजान् ॥ ४८ ॥**
**कुत्र कौषारवेस्तस्य संवादोऽध्यात्मसंज्ञितः ।**
**यद्वा स भगवांस्तस्मै पृष्टस्तत्त्वमुवाच ह ॥ ४९ ॥**
**ब्रूहि नस्तादिदं सौम्य विदुरस्य विचेष्टितम् ।**
**बन्धुत्यागनिमित्तं च तथैवागतवान् पुनः ॥ ५० ॥**

**શબ્દાર્થ:**—શૌનક બોલ્યા: ભગવાન્ મૈત્રેયે, હે સૂત, વિદુરને જે કથા કહી તે વિદુર બન્ધુને છોડીને પૃથ્વીનાં તીર્થો કરતા તેને મળ્યા તે કયાં મળ્યા? તેનો આધ્યાત્મિક કથા સંવાદ કયાં થયો? તેણે પૂછવાથી મૈત્રેયે તેને કહ્યું તે પણ આપ કહો. હે સૌમ્ય, વિદુરની વિશેષ ચેષ્ટાઓ તથા તેને જે મૈત્રેયે કહ્યું તે બધું આપ અમને કહો. તેની સાથે તેને બંધુનો ત્યાગ કેમ કરવો પડયો તેનું કારણ પણ કહો. તે મૈત્રેયને મળ્યા તે કયાં કેવી રીતે તે બધી વાત કહો.

**ભાવાર્થ**:-ભગવાન્ કહ્યા તેથી મૈત્રેયની સર્વજ્ઞતા કહી દીધી. **यदाह भगवान्** એ વાકય જુદું લેવું **भगवान्** એ મૈત્રેયનું વિશેષણ કરવું. અથવા વિદુર મૈત્રેયના સંવાદમાં ભગવાને જે કહ્યું તે મને કહો. તે ભગવાનનું બન્નેએ જે વાકય કહ્યું હોય તે કહો. **यदाह नो भवान्** એ સ્પષ્ટ પાઠ છે. **सूत** એ સંબોધન છે. કયાં કહ્યું શું કહ્યું એવી અપેક્ષામાં કહે છે. क्षत्ता ભગવદ્ભક્તમાં ઉત્તમ છે તે બન્ધુઓને છોડીને ભૂમિમાં તીર્થોમાં ફરવા લાગ્યા. તેવા પવિત્ર વિદુરને કૌષારવિ સાથે સંવાદ કયાં થયો, કયા વિષયને માટે થયો, જે ભગવાનના વાકયના અર્થને માટે તે બન્નેને બોલવું થયું હોય તે વિચારાત્મક સંવાદ તમે અમને કહો. એમ કહેવું છે તોપણ ભગવાનના વાકયની તેમાં મુખ્યતા બતાવવા માટે તે ભગવાનના વાકયવિશેષમાં સંવાદ થયો હશે, એ જાણે છે તોપણ વિશેષ જાણવા માટે કયે ઠેકાણે સંવાદ થયો તે પૂછે છે. દેશનો પ્રશ્ન તો કયા દેશમાં તે સંવાદ થયો એમ પૂછે. એનો ભાવાર્થ એવો છે કે તમે કહેશો તોપણ તે જગ્યાએ જઇને અમારે તે સાંભળવાની ઇચ્છા છે. પાઠાંતર હોય તો **इति** શબ્દનો અધ્યાહાર કરવો. બન્ધુનો ત્યાગ દુસ્ત્યજ છે, તેથી તેને કોણે રજા આપી, તેને કોણે ઉપદેશ કર્યો, તે કયાં વિચર્યા, એ બધી વાત આપ અમને કહો, કારણ કે ભગવદ્ભકતોમાં તે શ્રેષ્ઠ છે, આપત્તિકાળમાં પણ જેના મનમાં ભ્રાંતિ થતી નથી. પૃથ્વીનાં તીર્થો જાણી શકાય અને જઇ શકાય તેવાં છે, તેને પણ તમે કહો. જે તીર્થો કરવાથી સારી રીતે શુદ્ધિ થતાં તેને ભગવાનમાં ભક્તિ પ્રાપ્ત થઈ, તેના પહેલાં પણ તેના ચિત્તની શુદ્ધિ ઉત્કૃષ્ટ હતી, જેણે પ્રથમથી જ ત્યાગ ન થઇ શકે એવા બાંધવોનો ત્યાગ કર્યો હતો, એટલે બહારથી છોડયાં હતાં, તેને તીર્થ કર્યા પછી અંતઃકરણથી પણ છોડી દીધાં, એમ કહેવાથી પરીક્ષિત કરતાં પણ આ વિદુરનો અધિકાર મોટો છે, તેથી તે ભાગવતનો મુખ્ય શ્રોતા ગણાય. કુષારુના પુત્ર તે કૌષારવિ, અથવા કૌષારવ રૂપ થાય. પ્રથમપક્ષમાં **बाह्वादित्वादिञ्** એથી 'ઇ' પ્રત્યય થયો છે. તે વિદુરને. એમ બન્ને બરોબરિયા છે તેથી બન્નેને ષષ્ઠી વિભક્તિથી કહ્યા છે, તેથી તે બન્નેનો સંવાદ પણ શેનાકે પૂછયો, અન્યથા કેવળ સ્થાન પૂછવાનું કાંઇ પ્રયોજન વગરનું ગણાય. તે સંવાદ સાંભળનારનું કામ સિદ્ધ કરે એવો છે તેથી તેને **अध्यात्मसंज्ञित** કહ્યો છે. જો તે સાંભળતાં જ્ઞાન ન થતું હોય તો **अध्यात्म** વિશેષણ આપ્યું છે તે ફોકટ જાય. 'અધ્યાત્મ' શબ્દથી સંજ્ઞાપન કર્યું છે. આ સંવાદ પરસ્પર કહેવારૂપ છે, તેનાથી તેને ભક્તિ ઉત્પન્ન થઇ છે, તેથી સંવાદનું માહાત્મ્ય કહેવાયું. **यद्वा** શબ્દથી પક્ષાંતર કહ્યું. **वा** શબ્દથી પૂર્વપક્ષની નિવૃત્તિ કરે છે. કોઇ સ્થાનના સંબંધને લઇને તેને ભક્તિ થઈ, એમ અહીં સ્થાનનું માહાત્મ્ય સમજવાનું

નથી, પણ ઉપદેશથી ભક્તિ થઇ છે, માટે તે ઉપદેશ અમને કહો. અથવા सभगवान् એ સમસ્ત પદ લેવું એટલે મૈત્રેયના હૃદયમાં ભગવાન્ હતા તેણે વિદુરને ઉપદેશ કર્યો; નહિ તો કેવળ માણસનું કહેલું હૃદય કેમ સ્થિર થઇ શકે? तस्मै એટલે તેના હૃદયમાં રહીને વિદુરને માટે જ તેણે કહેલ છે, બીજાને માટે નથી. તે વિદુરે પણ જ્યારે પૂછયું ત્યારે કહ્યું છે. વિદુર જેવો માણસ જેવા તેવાને પૂછે નહિં, તેમાં વક્તા એટલે મૈત્રેયે જે તત્ત્વ કહ્યું તે તમે કહો. ह आश्चर्य કહેનાર છે. વિદુરનું ચરિત પણ કહો. તત્ત્વનો ઉપદેશ વિદુરને અયોગ્ય ગણાય તેથી આશ્ચર્ય થાય છે; તોપણ ઉપદેશ તો થયો તેથી તેમાં કાંઈ વિશેષ ચેષ્ટિત છે એવું જ્ઞાન થાય છે જેના વડે એવો (શૂદ્ર) વિદુર તેવા ઉપદેશને લાયક થયો છે. બન્ધુત્યાગનું પણ નિમિત્ત કહો. નહિ તો શૂદ્રયોનિમાં ઉત્પન્ન થયો તેને સંન્યાસ લેવો અયોગ્ય ગણાય. चकार છે તેથી તેને આવું જ્ઞાન કેમ થયું તેનું પણ કારણ બતાવો. તે જ્ઞાન સર્વથા ઉત્તમ છે. જે જ્ઞાન થતાં પહેલાં ઉદાસીનતા હતી તેને છોડીને દેહથી શરમ લાગે તેને પણ છોડીને તેવી જ રીતે પુનઃ ત્યાં આવ્યા છે. તેથી સાક્ષાત્ સર્વ મોહનિવર્તક ઉત્તમાધિકારનિરૂપક જ્ઞાન તેને થયું છે. જ્ઞાન ભગવાનનું કહેલું જ હોય, માટે તે જ્ઞાન પણ આપ અમને કહો. (૪૮–૪૯–૫૦)

એમ શૌનકાદિ ઋષિઓએ પૂછયું તેનો ઉત્તર તો શુકદેવજીએ પરીક્ષિતને કહ્યો તે જ છે. તેમાં સરસ્વતીનો સંવાદ છે. જેમ વિદુરાદિને ભક્તિ થઇ તેવી તમને પણ ભક્તિ થશે, એમ સૂત કહેતા કહેતા, તમારું વાકય પણ મારે જે કહેવું છે તેને સંવાદી બન્યું એમ કહે છે:

राज्ञा परीक्षिता पृष्टो यद्वोचन् महामुनिः ।
तद्वोऽभिधास्ये श्रृणुत राज्ञः प्रश्नानुसारतः ॥ ५१ ॥

**શબ્દાર્થ:**—પરીક્ષિત રાજાએ પૂછવાથી મહામુનિ શુકદેવજીએ જે ઉત્તર આપ્યો છે તે હું આપ લોકોને કહીશ, તે રાજાના પ્રશ્નના અનુસારે તમો સાંભળો.

**ભાવાર્થ:**—આ જ અર્થ પરીક્ષિતે પણ શુકદેવજીને પૂછયો હતો. શુકદેવજીએ જ્યારે एवमेतत्पुरा पृष्टः ૩ । ૧ । ૧ । ઇત્યાદિથી કથા કહેવાનો આરંભ કર્યો ત્યારે તેનું સ્વરૂપ અને તેનું છેવટ જાણીને શુકદેવજીએ તેને ઉત્તર આપ્યો છે, તે જ ઉત્તર હું તમને કહીશ. એથી પહેલાં જે આપે મને પૂછયું કે ભગવાન્ શુકે જે પરીક્ષિતને કહ્યું તે કહો, ત્યારે પણ મે કહ્યું હતું सोऽहं वः श्रावयिष्यामि અને હમણાં પણ કહું છું તેમાં વિશેષ નથી; તેથી હું શુકદેવજીની યુક્તિ તમને કહીશ, પણ તે તમે ચિત્તની સાવધાનતાથી સાંભળો,

એટલી તમોને મારી વિનંતી છે. શુકદેવજી તો સભામાં બેસીને બોલ્યા છે. ત્યાં ઘણા પૂછનારા ઘણાને ઘણી રીતે સમજાવવામાં યુક્તિપ્રયુક્તિમાં ઘણું બોલાય, તે મુખ્ય શ્રોતાની બુદ્ધિને અનુસારીને ન કહેવાય; તે બધું આપણી કથામાં કહેવાની જરૂર નથી; તેથી હું તમને રાજાના પ્રશ્નને અનુસારે શુકદેવજીએ જે ઉત્તર આપ્યો તે કહીશ. (૫૧)

द्वितीयस्कन्धविवृतिः श्रीकृष्णचरणाम्बुजे ।
निवेदितातियत्नेन युक्तिपुष्पाञ्जलिः स्फुटा ॥ १ ॥

આ દ્વિતીય સ્કન્ધની વિવૃતિ અત્યંત યત્નથી અને યુક્તિરૂપ પુષ્પાંજલિ-રૂપે સ્ફુટ રીતે શ્રીકૃષ્ણના ચરણકમળમાં મે અર્પણ કરી છે.

भक्तेषु शास्त्रहृदयेषु निवेदयामि
शास्त्रार्थतो यदि हरिर्भवतामभीष्टः ।
तत्पश्यतात्र विवृतिं भगवद्गुणानां
संदेहवारणविचारणतः प्रसन्नाम् ॥ २ ॥

શાસ્ત્ર જેના હૃદયમાં છે એવા ભક્તોને હું નિવેદન કરું છું કે જો તમને શાસ્ત્રાર્થથી ભગવાન્ ઇચ્છિત હોય તો તમે આ ભગવદ્ગુણના વિસ્તારરૂપ વિવૃતિને જુઓ, જે વિવૃતિ સંદેહને દૂર કરે છે અને વિચારથી મનને પ્રસન્ન કરે છે.

**ઇતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધરૂપ સાધનલીલાની શ્રીલક્ષ્મણ-ભટ્ટાત્મજ શ્રીવલ્લભાચાર્યકૃત શ્રીસુબોધિની નામની ટીકામાં દશમો અધ્યાય સંપૂર્ણ થયો.**

# श्रीमद्भागवतद्वितीयस्कन्धश्लोकानामकारादिवर्णानुक्रमः ।


| श्लोक | पृष्ठ |
|---|---|
| **अ** | |
| अकामः सर्वकामो वा | ७१ |
| अतः कविर्नामसु | ४० |
| अतः परं सूक्ष्मतमं | ३१७ |
| अत्र प्रमाणं भगवान् | २३७ |
| अत्र सर्गो विसर्गश्च | २९४ |
| अत्रेरपत्यमभिकाङ्क्षत | १६७ |
| अथाऽभिधेह्यङ्ग मनो | ८२ |
| अथो अनन्तस्य मुखा | ५६ |
| अदीनलीलाहसिते | ४७ |
| अधिदैवमथाऽध्यात्मं | ३०६ |
| अध्यर्हणीयासनमा | २६४ |
| अनुप्राणन्ति यं प्राणाः | ३०७ |
| अन्तकाले तु पुरुष | १९ |
| अन्तर्हितेन्द्रियार्थाय | २८७ |
| अन्तःशरीर आकाशात् | ३०७ |
| अन्तःसरस्युरुबलेन | १८० |
| अन्नाद्यकामस्त्वदितिं | ६५ |
| अन्ये च विविधा जीवाः | १४० |
| अपां वीर्यस्य सर्गस्य | १३९ |
| अभ्यसेन्मनसा शुद्धं | १९ |
| अमुनी भगवद्रूपे | ३१७ |
| अयं तु ब्रह्मणः कल्पः | ३२२ |
| अवतारानुचरितं | २३४, ३०० |
| अव्यक्तरससिन्धूनां | १४० |
| अस्मत्प्रसादसुमुखः | १९१ |
| अहं भवान् भवश्चैव | १४० |
| अहं भवो यज्ञ इमे | १६० |
| अहमेवाऽऽसमेवाऽग्रे | २७६ |
| **आ** | |
| आण्डकोशे शरीरेऽस्मिन् | २६ |
| आत्मजायासुतागार | ८४ |
| आत्मतत्त्वविशुद्ध्यर्थं | २५१ |
| आत्मन् भावयसे तान्ये | १११ |
| आत्ममायामृते राजन् | २४७ |
| आदित्सोरन्नपानानां | ३१४ |
| आद्योऽवतारः पुरुषः | १६० |
| आभासश्च निरोधश्च | ३०१ |
| आयुःकामोऽश्विनौ देवौ | ६५ |
| आयुर्हरति वै पुंसां | ७५ |
| आसिसृक्षोः पुरः पुर्या | ३१४ |
| आसीद्यदुदरात्पद्मं | ३३० |
| **इ** | |
| इक्ष्वाकुरैलमुचुकुन्द | २१६ |
| इति तेऽभिहितं तात | १५१ |
| इति संभृतसंभारः | १४९ |
| इत्थम्भावेन कथितो | ३३१ |
| इत्थं मुनिस्तूपरमेत् | ५३ |
| इत्यभिव्याहृतं राजा | ७३ |
| इत्युपामन्त्रितो राज्ञा | ८८ |
| इदं भागवतं नाम | १४ |
| इदं भागवतं नाम | २२३ |
| इन्द्रादयो बाहव आहु | २९ |
| इयानसावीश्वर | ३४ |
| **ई** | |
| ईशस्य केशान्विदुरम्बु | ३० |
| **उ** | |
| उत्सिसृक्षोर्धातुमलं | ३१४ |
| उन्निद्रहृत्पङ्कजकर्णिका | ४७ |
| उरःस्थलं ज्योतिरनीक | २७ |
| **ऋ** | |
| ऋतेऽर्थं यत्प्रतीयेत | २८१ |
| ऋषे विदन्ति मुनयः | १५७ |
| **ए** | |
| एकमेकतराभावात् | ३०३ |
| एकैकशोऽङ्गानि धिया | ४७ |
| एको नानात्वमन्विच्छन् | ३०६ |
| एतच्छुश्रूषतां ब्रह्मन् | ७४ |
| एतदेवात्मभू राजन् | १०६ |
| एतद्वेदितुमिच्छामि | २२६ |
| एतद्भगवतो रूपम् | ३१७ |
| एतन्निर्विद्यमानानां | १७ |
| एतन्मतं समातिष्ठ | २८५ |
| एतन्मे पृच्छतः सर्वं | ११२ |
| एतावदेव जिज्ञास्यं | २८४ |
| एतावानेव यजतां | ७२ |
| एतावान्साङ्ख्ययोगाभ्यां | १३ |
| एते सृती ते नृप | ६० |
| एवं पुरा धारणया | ३८ |
| एवमेतन्निगदितं | ६५ |
| एवं स्वचित्ते स्वत एव | ४५ |
| **क** | |
| कथयस्व महाभाग | २२६ |
| कस्तां त्वनादृत्य परा | ४७ |
| कामं दहन्ति कृतिनो | १७२ |
| कार्यकारणकर्तृत्वे | १२२ |
| कालं कर्म स्वभावं च | १२४ |
| कालाद् गुणव्यतिकरः | १२५ |
| कालेन मीलितदृशां | २०७ |
| किन्नरानप्सरो नागान् | ३१८ |
| किं प्रमत्तस्य बहुभिः | १९ |
| किरातहूणान्ध्रपुलिन्द | ९८ |
| क्रीडन् वने निशि निशा | २०४ |
| क्रीडस्यमोघसङ्कल्प | २७० |
| कुत्र कौषारवेस्तस्य | ३२३ |

| श्लोक | पृष्ठ |
|---|---|
| कुशलाकुशला मिश्रा | ३१९ |
| कूष्माण्डोन्मादवेतालान् | ३१८ |
| केचित्स्वदेहान्तर्हृदया | ४७ |
| क्षत्रं क्षयाय विधिनो | १९० |
| क्षीरोदधावमरदानव | १७८ |
| **ख** | |
| खट्वाङ्गो नाम राजर्षिः | १८ |
| **ग** | |
| गतयो मतयश्चैव | १४७ |
| गतिं जिगीषतः पादौ | ३१२ |
| गन्धर्वविद्याधरचारणे | १६१ |
| गन्धर्वाप्सरसो यक्षा | १४० |
| गुणात्मकानीन्द्रियाणि | ३१६ |
| गृहात्प्रव्रजितो धीरः | १९ |
| गृहीत यद्यदुपबन्धन | २०० |
| गोपैर्मखे प्रतिहते | २०२ |
| ग्रीवायां जनलोकश्च | १३३ |
| **घ** | |
| घ्राणेन गन्धं रसनेन | ५९ |
| **च** | |
| चक्रं च दिक्ष्वविहतं | १८७ |
| चीराणि किं पथि न | ४४ |
| **छ** | |
| छन्दांस्यनन्तस्य यशो | २९ |
| **ज** | |
| जज्ञे च कर्दमगृहे | १६६ |
| जातो रुचेरजनयत् | १६५ |
| जितासनो जितश्वासो | २४ |
| जीवच्छवो भागवता | ७९ |
| ज्यायान् गुणैरवरजो | १८१ |
| ज्ञानं परमगुह्यं मे | २७५ |
| ज्ञानं यदा प्रतिनिवृत्त | ७२ |
| **त** | |
| ततः कालाग्निरुद्रात्मा | ३२० |

| श्लोक | पृष्ठ |
|---|---|
| ततश्च मनवः काले | १५० |
| ततस्ते भ्रातर इमे | १५० |
| ततो विशेषं प्रतिपद्य | ५८ |
| तत्कट्यां चातलं क्लृप्तं | १३३ |
| तत्कर्म दिव्यमिव यत् | १९९ |
| तत्र चान्तर्बहिर्वायुः | ३१० |
| तत्राप्येकैकशो राजन् | ३१९ |
| तत्रैकावयवं ध्यायेत् | २२ |
| तत्त्वानां परिसङ्ख्यानं | २३४ |
| तथा गुणांस्तु प्रकृतेः | ८७ |
| तथापि नाथमानस्य | २७० |
| तदश्मसारं हृदयं | ८१ |
| तदहं तेऽभिधास्यामि | १६ |
| तदा संहत्य चाऽन्योन्यं | १३१ |
| तद्गात्रं वस्तुसाराणां | १३६ |
| तद्दर्शनाह्लादपरि | २६३ |
| तद् विश्वनाभिं त्वति | ५६ |
| तद्वै पदं भगवतः | २१९ |
| तपस्विनो दानपरा | ९५ |
| तप्तं तपो विविधलोक | १६९ |
| तरवः किं न जीवन्ति | ७६ |
| तवाऽप्येतर्हि कौरव्य | १९ |
| तस्मा इदं भागवतं | २९१ |
| तस्मात्सर्वात्मना राजन् | ६३ |
| तस्मादण्डं विराट् जज्ञे | १४६ |
| तस्माद्भारत सर्वात्मा | ६ |
| तस्माद्भ्रुवोरन्तरमुन्न | ५३ |
| तस्मै नमो भगवते | ११५ |
| तस्मै स्वलोकं भगवान् | २५५ |
| तस्याऽपि द्रष्टुरीशस्य | १२१ |
| तामसादपि भूतादेः | १२७ |
| तावानसाविति प्रोक्तः | २३१ |
| तास्ववात्सीत्स्वसृष्टासु | ३०४ |
| तुभ्यं च नारद भृशं | १८५ |
| तुष्टं निशम्य पितरं | २९१ |

| श्लोक | पृष्ठ |
|---|---|
| तेजसस्तु विकुर्वाणात् | १२८ |
| तेनाऽऽत्मनाऽऽत्मान | ६० |
| ते वै विदन्त्यतितरन्ति | २१६ |
| तेषु यज्ञस्य पशवः | १४७ |
| तैजसात्तु विकुर्वाणात् | १२९ |
| तोकेन जीवहरणं | १९७ |
| तं नारदः प्रियतमो | २८९ |
| तं प्रीयमाणं समव | २६५ |
| त्रैविष्टपोरुभयहा स | १७९ |
| त्वक्चर्ममांसरुधिर | ३१६ |
| त्वयाहं तोषितः सम्यक् | २६६ |
| **द** | |
| ददर्श तत्राखिलसात्वतां | २६१ |
| ददर्श येन तद्रूपं | २३१ |
| दशमस्य विशुद्ध्यर्थं | २९८ |
| दिव्यं सहस्राब्दममोघ | २५४ |
| देवदेव नमस्तेऽस्तु | १०८ |
| देवद्विषां निगमवर्त्म | २०८ |
| देवीं मायां तु श्रीकामः | ६५ |
| देहापत्यकलत्रादि | ५ |
| द्यौरक्षिणी चक्षुरभूत् | २९ |
| द्रव्यं कर्म च कालश्च | ११६ |
| द्रव्यं कर्म च कालश्च | ३०५ |
| द्वे जानुनी सुतलं | २७ |
| **ध** | |
| धन्वन्तरिश्च भगवान् | १८९ |
| धर्मस्य मम तुभ्यं च | १४० |
| धर्मस्य दक्षदुहितर्यज | १७० |
| धर्मार्थमुत्तमश्लोकं | ६५ |
| धौतात्मा पुरुषः कृष्ण | २२८ |
| **न** | |
| नतोऽस्म्यहं तच्चरणं | १५४ |
| नद्योऽस्य नाड्योऽथ | ३० |

| | पृष्ठ |
|---|---|
| नन्दं च मोक्ष्यति भयात् | २०१ |
| नभसोऽथ विकुर्वाणात् | १२८ |
| न भारती ऽङ्ग मेमृषा | १५२ |
| नमस्तस्मै भगवते | १०५ |
| नमः परस्मै पुरुषाय | ८९ |
| न मेऽसवः परायान्ति | २३८ |
| नमो नमस्तेऽस्त्वृषभाय | ९१ |
| न यत्र कालोऽनिमिषां | ५२ |
| न यत्र शोको न जरा | ५८ |
| न ह्यतोऽन्यः शिवः पन्था | ६१ |
| नाऽनृतं तव तच्चापि | ११४ |
| नान्तं विदाम्यहममी | २१३ |
| नाभेरसावृषभ आस | १७५ |
| नाभ्यां स्थितं हृदयि | ५३ |
| नामधेयानि मन्त्राश्च | १४७ |
| नारदः प्राह मुनये | २९२ |
| नारायणपरा योगा | ११७ |
| नारायणपरा वेदा | ११७ |
| नारायणे भगवति | १५० |
| नार्थो बलेरयमुरु | १८३ |
| नासिके निरभिद्येताम् | ३०९ |
| नाऽस्य कर्मणि जन्मादौ | ३२१ |
| नाहं न यूयं यदृतां | १५४ |
| नाहं वेद परं त्वस्मिन् | १११ |
| निदिध्यासोरात्ममायां | ३१४ |
| निद्रया ह्रियते नक्तं | ४ |
| नियच्छेद्विषयेभ्योऽक्षान् | २१ |
| निरभिद्यत शिश्नो वै | ३१३ |
| निरोधोऽस्याऽनुशयनं | ३०१ |
| निशम्य तद्वक्त्रदिदृक्षया | २५२ |
| नूनं भगवतो ब्रह्मन् | ८७ |
| नृणां साधारणो धर्मः | २३४ |
| **प** | |
| पदं तत्परमं विष्णोः | २२ |
| पप्रच्छ चेममेवार्थं | ८५ |
| परं पदं वैष्णवमाम | ५२ |
| पराभूतेरधर्मस्य | १३९ |

| | पृष्ठ |
|---|---|
| परिमाणं च कालस्य | ३२२ |
| परिनिष्ठितोऽपि नैर्गुण्य | १५ |
| पातालमेतस्य हि | २७ |
| पादास्त्रयो बहिश्चासन् | १४५ |
| पादेषु सर्वभूतानि | १४४ |
| पायुर्यमस्य मित्रस्य | १३९ |
| पिबन्ति ये भगवत | ६३ |
| पुरुषोऽण्डं विनिर्भिद्य | ३०४ |
| पुरुषस्य मुखं ब्रह्म | १३२ |
| प्रचोदिता येन पुरा | १०३ |
| प्रजापतिर्धर्मपतिः | २८८ |
| प्रजापतीन्मनून्देवान् | ३१८ |
| प्रत्यादिष्टं मया तत्र | २६९ |
| प्रमाणमण्डकोशस्य | २३४ |
| प्रवर्तते यत्र रजस्तमः | २५६ |
| प्रविष्टः कर्णरन्ध्रेण | २८८ |
| प्रसन्नवक्त्रं नलिनायते | ४७ |
| प्राणेन क्षिपता क्षुत्तृट् | ३०८ |
| प्राधान्यतो यानृष | १६२ |
| प्रायेण मुनयो | १३ |
| प्राह भागवतं नाम | २४६ |
| **ब** | |
| बर्हायिते ते नयने | ७९ |
| बहुरूप इवाभाति | २५० |
| बिले बतोरुक्रम | ७९ |
| बोध्यमानस्य ऋषिभि | ३०९ |
| ब्रह्मणा चोदितो ब्रह्मन् | २२५ |
| ब्रह्मवर्चसकामस्तु | ६५ |
| ब्रह्माननं क्षत्रभुजो | ३० |
| ब्रूहि नस्तदिदं सौम्य | ३२३ |
| **भ** | |
| भगवच्छिक्षितमहं | २७० |
| भगवान्ब्रह्म कार्त्स्न्येन | ६१ |
| भगवन् सर्वभूतानां | २७० |
| भगवान् सर्वभूतेषु | ६२ |
| भारः परं पट्टकिरीट | २१ |
| भूतभव्यभवच्छब्द | २३२ |

| | पृष्ठ |
|---|---|
| भूतमात्रेन्द्रियधियां | २९९ |
| भूतैर्महद्भिर्य इमाः | १०४ |
| भूपातालककुब्व्योम | २३४ |
| भूमेः सुरेतरवरूथ | १९५ |
| भूय एव विवित्सामि | ८६ |
| भूयो नमः सद्वृजिन | ९० |
| भूर्लोकः कल्पितः पद्भ्यां | १३३ |
| भूर्लोकः कल्पितः पद्भ्यां | १३४ |
| भृत्यप्रसादाभिमुखं | २६१ |
| भ्राजिष्णुभिर्यः परितो | २५९ |
| **म** | |
| मत्स्यो युगान्तसमये | १७७ |
| मनः स्वबुद्ध्याऽमलया | ५० |
| मनीषितानुभावोऽयं | २६८ |
| महतस्तु विकुर्वाणात् | १२६ |
| महातलं तु गुल्फाभ्यां | १३३ |
| मायां वर्णयतोऽमुष्य | २२४ |
| मायां विविदिषुर्विष्णोः | २९० |
| मुक्त्वात्ममायां मायेशः | २३१ |
| मुखतस्तालु निर्भिन्नं | ३०८ |
| **य** | |
| यज्ञं यजेद्यशस्कामः | ६५ |
| यत्किञ्च लोके भगवत् | १६१ |
| यत्कीर्तनं यत्स्मरणं | ९३ |
| यत्र सन्धार्यमाणायां | २३ |
| यत्रोद्यतः क्षितितलो | १६४ |
| यथात्मतन्त्रो भगवान् | २३४ |
| यथाऽऽत्ममायायोगेन | २७० |
| यथा महान्ति भूतानि | २८३ |
| यथा सन्धार्यते ब्रह्मन् | २३ |
| यथा हरौ भगवति | २२३ |
| यदङ्घ्रयनुध्यानसमा | १०१ |
| यद्धातुमतो ब्रह्मन् | २३० |
| यदात्मनि निरालोकं | ३०९ |
| यदाऽस्य नाभ्यान्नलिनात् | १४७ |
| यदाह भगवान्भूत | ३२३ |
| यदि प्रयास्यन्नृप | ५५ |

पृष्ठ

यदुताऽहं त्वया पृष्टो २९२
यदैतेऽसंहता भावाः १३१
यद्यत्परीक्षिदृषभः २४६
यद्रूपं यदधिष्ठानं १८९
यद्विज्ञानो यदाधारो ११०
यद्वेनमुत्पथगतं १७४
यद्वै व्रजे व्रजपशून् १९८
यस्मा अदादुदधिरूढ १९२
यस्मिन्कर्मसमावायः २३४
यस्याऽवतारकर्माणि १५५
यस्येहाऽवयवैर्लोकान् १३२
यर्हि वाव महिम्नि स्वे २५०
यर्ह्यालयेष्वपि सतां २०९
यां यां शक्तिमुपाश्रित्य ८६
यावत्सखा सख्युरिवेश २७४
यावन्न जायेत परो ५०
यावानहं यथाभावो २७६
ये च प्रलम्बखरदर्दुर २०५
येन स्वरोचिषा विश्वं ११४
ये वा मृधे समिति २०६
येषां स एव भगवान् २१४
योगेश्वराणां गतिमाहु ५५
योगेश्वरैश्वर्यगतिः २३४
योऽध्यात्मिकोऽयं पुरुषः ३०२
यो वाऽनुशायिनां सर्गः २३४

र

राज्यकामो मनून् देवान् ६५
राज्ञा परीक्षिता पृष्टः ३२५
रूपाणां तेजसां चक्षुः १३६
रूपाभिकामो गन्धर्वान् ६५

ल

लोकैरमुष्यावयवाः २३१
लोमान्युद्भिज्जजातीनां १३८

व

वक्षस्थलस्पर्शरुग्ण १९३

पृष्ठ

वयांसि तद्व्याकरणं ३०
वरं वरय भद्रं ते २६७
वरीयानेष ते प्रश्नः ३
वर्षपूगसहस्रान्ते १३१
वस्तुनो मृदुकाठिन्यं ३१०
वस्तून्योषधयः स्नेहा १४७
वाचां वह्नेर्मुखं क्षत्रं १३६
वायोरपि विकुर्वाणात् १२८
विक्रमो भूर्भुवः स्वश्च १३८
विचक्षणा यच्चरणा ९४
विचिकित्सितमेतन्मे ८८
विज्ञानशक्तिं महिमा ३०
विद्धं सपत्न्युदित १७३
विभूषितं मेखलया ४७
विलज्जमानया यस्य ११६
विवक्षोर्मुखतो भूम्नो ३०८
विशुद्धं केवलं ज्ञानं १५६
विशेषस्तस्य देहोऽयं २४
विशेषस्तु विकुर्वाणात् १२८
विष्णोर्नु वीर्यगणनां २१२
वेदाहमङ्ग परमस्य २१६
वैकारिकान्मनो जज्ञे १२९
वैयासकिश्च भगवान् ७५
वैयासकेरिति वचः ८४
वैश्वानरं याति विहा ५६
व्रीडोत्तरोष्ठोऽधर एव २९

श

शश्वत्प्रशान्तमभयं २१९
शाब्दस्य हि ब्रह्मण ४०
शृण्वतः श्रद्धया नित्यं ३२७
श्यामावदाताः शतपत्र २५७
श्रियः पतिर्यज्ञपतिः १००
श्रीर्यत्र रूपिण्युरुगाय २६०
श्रुत्वा हरिस्तमरणा १८०
श्रोतव्यादीनि राजेन्द्र ३
श्वविड्वराहोष्ट्रखरैः ७७

स

स आदिदेवो जगतां २५१

पृष्ठ

स उपामन्त्रितो राज्ञा २४५
स एव पुरुषस्तस्मात् १३१
स एवेदं जगद्धाता ३२०
स एष आत्मात्मवता ९८
स एष आद्यः पुरुषः १५६
स एष भगवाँल्लिङ्गैः १२४
स चिन्तयन् द्व्यक्षर २५२
सत्यां क्षितौ किं कशिपोः ४३
सत्रे समास भगवान् १७६
सत्त्वं रजस्तम इति १२२
स भवानचरद्घोरं ११२
स भूतसूक्ष्मेन्द्रिय ५९
समीचीनं वचो ब्रह्मन् ८६
सम्यक् कारुणिकस्येदं ११३
सर्गे तपोऽहमृषयो २१०
सर्वमेतच्च भगवन् २३७
सर्वं पुरुष एवेदं १८१
सर्वं ह्येतद्भवान्वेद ११०
सर्वासूनां च वायोश्च १३६
स वाच्यवाचकतया ३१८
स वै भगवतो राजा ७४
स श्रेयसामपि विभुः २२१
स सर्वधीवृत्त्यनु ३०
सम्प्रदश्यैवमजनो २८६
सम्प्लवः सर्वभूतानां २३४
संस्थां विज्ञाय संन्यस्य ८५
सृजामि तन्नियुक्तोऽहं १५१
सृजामि तपसैवेदं २७०
सृती विचक्रमे विष्वङ् १४
सोऽयं तेऽभिहितस्तात २२२
सोऽमृतस्याभय– १४३
सोऽहङ्कार इति प्रोक्तो १२६
सोऽहं समाम्नायमयः १५३
सौभर्युतङ्कशिबि २१६
स्वधिष्ण्यं प्रतपन्प्राणो १४२
स्थितिर्वैकुण्ठविजयः २९९
स्थिरं सुखञ्चासन ५०

ह

हस्तौ रुरुहतुस्तस्य ३१२